ગીલ્ટ નામવાળા પુંઠાની

કિંમ્મત રૂ. ૨-૦-૦

शशिवर्मा.

પુર્વાર્ધ.

રચી પ્રસિદ્ધ કરનાર

ભાઈલાલભાઈ લલ્લુભાઈ પટેલ.

ગિતિ.

અધિકપ્રસંગોઆણી, નવનવિવાતે ઉદાસિહરનારી;
અવકાશે એકાંતે, સુખ દે એવી કથા તથા નારી.

અમદાવાદ.

યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલએજન્સિ
કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૫-૯૬.

કિમ્મત.

કાચા પુઠાની રૂ.૧-૪-૦ પાકા પુઠાની રૂ ૧-૮-૦

અર્પણ પત્રિકા.

સુપુસ્તક એ કવિ કુળથી ઉત્પન્ન થયેલી વાણીરૂપ સુકન્યકા છે, તે કુમારિકા છે. એટલા માટે એ કન્યાનો કવિરૂપ જનક એને સાથે લેઇનેજ [1]રૂપ (ચિત્ર) [2]ગુણ (જોડણી અથવા અલંકાર), [3]ચાતુર્ય, [4]ગાંભિર્ય, [5]વિવેક, [6]મર્યાદા, [7]માધુર્યતા ઇત્યાદિ ગુણવાળી કન્યાનો ઉદય ઈચ્છીને તેને માટે વર (આશ્રય) શોધવા દિગાન્તરમાં ફરે છે. જેમ સપ્ત ગુણવાળી એ કન્યા છે તેમ એનાથી એક અધિક ગુણવાળો યોગ્ય વર તે શોધે છે. જેના હસ્તકમળનો એને સ્પર્શ કરાવવાનો છે એ વર [1]ધીર, [2]વીર, [3]ઔદાર્યવાન, [4]સાહસિક, [5]ક્ષમાવાન, [6]શીળવાન, [7]રસજ્ઞ, અને [8]પ્રેમી એ આઠ ગુણ આદિ સકળ ગુણ સંપન્ન ચતુર પુરૂષને પસંદ કરીને એ સુકન્યા તેજ તકે અર્પણ કરે છે. જો તેવા ગુણવાળો વર ન સાંપડે તો બહેતર છે કે તે કુમારી કન્યા જનકના ખોળામાં ઉદ્ધાર પામી જગતમાં પોતાના સદ્ગુણે પ્રકાશી પોતાને પસંદ પડતો યોગ્ય પતિ સ્વઇચ્છાવડે કરીને મેળવી લે.

સર્જ્જન કવિ એ કન્યાને એક અગ્ન રજવાડાની પેઠે એક ખુણામાં પાણિગ્રહણ કરીને એને ગોંધી મુકનાર પુરૂષને અર્પણ કરી એવા અયોગ્ય પુરૂષના હસ્તમાં સોંપવા રાજી થશે નહિજ.

જો એને યોગ્ય ગુણવાળો વર મળશે તો એ એક પતિવ્રતા તરીકેની ફરજ બજાવવા પછાત પડશે નહિ. કેમકે તે સદ્બોધ આપીને પ્રતિનિધિ (સુમંત્રી) ની ફરજ બજાવસે. વળી તે પોતાના આખા દૃષ્ટાંત અને રૂપક (રૂપ, સ્વરૂપ) વડે કરીને પોતાના રૂપથી રંજન કરનારી છે,

અને જોડણી ગુણ અલંકાર (શબ્દ રચના) વડે કરીને સારાસાર ગુણ બતાવનારી છે. ચાતુર્યવડે કરીને પ્રેમ ઉત્પન્ન કરનારી છે, ગાંભીર્યવડે કરીને નીતિને શિખવનારી છે, માધુર્યતાવડે કરીને રસ ઉત્પન્ન કરનારી છે, અને બીજા અનેક ગુણે કરીને તે સંતોષ અપાવનારી છે. એવી જે સદ્કવિ કુળથી ઉત્પન્ન થયેલી વાણીરૂપ કન્યકા એના ગુણને જાણનાર સર્જન ભર્તાની ભુજ લતામાં અંકિત થાય એજ સદ્ કવિઓનો હેતુ હોય છે.

એમ જાણીને હું મારો પોતાનો મનોરથ સિદ્ધ કરવાને ઉપર કહ્યા તેવા આઠ ગુણ ધારણ કરનાર સર્જન પુરૂષ, કે જેમનાં કૃત્યો અને ચરિત્ર હમેશાં પરોપકારાર્થે નિર્માણ થયેલાં હોય છે, અને જેઓ ગુણજ્ઞ છે, એવા જનસમૂહનું હિત ઇચ્છનારા પુરૂષની ભુજલતામાં અંકિત થવા માટે આ ગદ્યપદ્યાત્મક લઘુ ગુણવાળી પણ મમ આત્મજાનું કલ્યાણ ઇચ્છીને એમનેજ અર્પણ કરીને સંતોષ પામું છું. એમાં અલ્પ ગુણ હોય તોપણ એ એમના પ્રસંગમાં આવીને એમના ઉદાર ગુણવડે કરીને શાન્તિ ભરેલો શુભ આશ્રય મેળવો, અને સત્પુરૂષોના મહાત્મ ભરેલા આશ્રયે કરીને સારા સંસ્કારની યોગ્યતા પામો !

ભ૦ લ.

કર્તા.

પ્રસ્તાવના.

આ જગતમાં સર્વ પ્રાણીમાત્રમાં સર્વથી ઉત્તમમાં ઉત્તમ મનુષ્ય જન્મ છે. આ મનુષ્ય જાતમાં અવતાર ધારણ કરીને માણસનું મુખ્ય અને અગત્યનું કર્તવ્ય જ્ઞાન સંપાદન કરીને પરમઆનંદ નિર્મળ સ્વરૂપ જગત નિયંતા પરમાત્મા પ્રતિ આપણો ભાવ એકાગ્રચિત્તે સદોદિત સ્થાયીપણે પરમાત્મા સ્વરૂપજ બનાવી રાખવો એજ છે, એટલે સુધી માણસને જાણવાની અને જાણીને ફરજ અદા કરવાની આવશ્યકતા છે. વળી આ વાત પણ કોઇથી અજાણી નહિ હશે કે આ મનુષ્ય જન્મ અનેક જન્માંતરનાં સંચિત સુકૃત્યોના તેમજ સંસ્કારોના પરિણામરૂપ થયો છે. એવડે કરીને પ્રારબ્ધવશાત્ નિર્માણ થયેલા ભોગ ભોગવવાના છે. પરંતુ વિશેષમાં માત્ર પરમાત્મા સાથેનો સંબંધ વધારે દ્રઢીભૂત કરીને પરમાત્માના સ્વરૂપમાં લીન થઈ જવાય એટલે સુધી પ્રયત્ન કરવાની તક આ મનુષ્ય જન્મ ધરીનેજ સાધવાની છે. માણસ એ કામ સાધવાને જોકે પોતાની બુદ્ધિ અનુસાર મથે છે અને પરમાત્માના ધામનું દ્વાર શોધે છે. પરંતુ જય પામેલા પુરૂષો વિરલ જણાશે. ઘણા માણસો તો અજ્ઞાનરૂપી અંધતાને લીધે એ દ્વાર જોઇ શકતા નથી. પરંતુ મોહરૂપી સંસાર કિલ્લામાં પુરાયેલો જાણીને બંધનમાંથી છૂટા થવાની ઇચ્છા સ્વભાવિક રીતે તે કરેછે. તેથી આ જગતરૂપી મોહમયી કિલ્લાને બાથોટતો બાથોટતો એ મોક્ષ થવા માટે દ્વાર શોધે છે. બાથોટવાનો માણસનો અભિપ્રાય એવો હોય છે કે તેમ કરતાં કદાચ દ્વાર પ્રાપ્ત થઇ શકે એવું દ્વાર બતાવનાર કોઇ સદ્દગુરૂરૂપી ભોમિઆ મળી આવેથી તેને જ્ઞાનરૂપી દિવ્ય ચક્ષુવડે અનુભવ કરાવી શકે છે ખરા. એવા સદ્દગુરૂ કોઇકના સદ્‌ભાગ્યેજ મળી આવે છે, પરંતુ એવા સદ્દગુરૂ શોધવાના પ્રયત્નમાં સફળ થતા પહેલાં તો માણસનું મન અનેક જન્મના સંસ્કાર અને ભોગવેલા ભોગ અને વાસનાથી બંધાયેલું હોવાને લીધે એવા સદ્દગુરૂ ભોમિયા મેળવવા જતાં પણ આ સંસારના વિષયો તરફ સમુદ્રના મોજાની પેઠે એક પછી એક એવા અથવા સામટી રીતે અનેક વિષયો ભોગવવા તત્પર થાય છે. એ વિષયરૂપી અનિત્ય ખંજવાળને લીધે પોતાની ફરજ ભૂલીને ભક્તિરૂપી દ્વાર તજી બેસતાં વળી પાછો અમુક વિષયોથી છૂટા

થવાનું દ્વાર હાથ લાગે એમ જાણી તે બાથોટવા મંડી પડે છે. એક વિષયથી નમળે તો અમુક બીજા, ત્રીજા, ચોથા એવા એવા અનેક વિષયમાં તે ભટક્યાં કરે છે. પરંતુ ખરૂં દ્વાર બતાવનાર ભોમિયા ક્યાંઇ હાથ ન લાગે ત્યાં સુધી એમને એમ ભટક્યાજ કરે છે. અને તેની રાહ પુછે છે. (એ રાહ તે જ્ઞાનરૂપી રસ્તો) રાહ કોને પુછે છે? પોતાના જેવાજ વિષયમાં અંધ થયેલા અનેક અથડાતા અંધ પુરૂષોનેજ તેઓએ પોતે જે જે અનુભવ્યું હોય તે તે વિષયનું જ્ઞાન તેઓ એકબીજાને પ્રગટ કરે છે. એવા અંધે અંધના જ્ઞાનથી માણસે પામવા ઇચ્છેલું જે મોક્ષનું દ્વાર તે મેળવી શકાવું નથી, પરંતુ એમ કરતાં પણ કવચિત એવો કોઇ ભોમિયો મળી આવશે એવો સંતોષ માનીને પોત પોતાના પ્રયત્નમાં કેટલાએક જીજ્ઞાસુ સમજુ માણસો મંડ્યા રહે છે અને કેટલાએક અંધ તો નિરાશ થઇને કિંવા જડતાને લીધે અન્ય ઇચ્છાવાળા થઈ વિષયોની કડાકૂટમાંજ પોતાનું આયુષ્ય વ્યર્થ ખુએ છે અને પછી અનેક અન્ય પ્રાણીની યોનિમાં અવતાર લેઈ લક્ષ ચોરાશી અવતારો રૂપ મહાઅર્ણવમાં અફળાયા કરે છે. જે સત્પુરૂષો એ ખરા મોક્ષજ્ઞાન સંપાદન કરવાના કામમાં ઉત્સુકતાથી મચ્યા રહે છે. તેઓને ભોમિયા કોઇ સદ્‌ગુરૂ ન મળે ત્યાંસુધી પણ વિષયોના સમૂહોમાંથી, એક બીજા પાસેથી અને જગતના દૃષ્ટાંતો, ગ્રહો, ઉપગ્રહો, પ્રાણી, વનસ્પતિ ઇત્યાદિના ક્રમથી તથા કૃત્યથી અને પૂર્વે થઈ ગયેલા દેવતાઓ, દાનવો, મનુષ્યો અને બીજા લોક માત્રના વૃત્તાંતથી સાર શોધીને જ્ઞાનનો સમૂહ સંપાદન કરવા મથે છે. તેમાંથી કેટલોક શ્રમ ફળીભૂત થાય છે. માણસને સદ્‌ગુરૂ મળતા નથી ત્યાં સુધી તેને મન અમુક રસ્તો ખરો છે, એવી શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. તેથી કરીને ઘડી ઘડી તેના વિચારો સદ્‌વિચારનો રસ્તો છોડીને અસદ્‌વિચારના રસ્તા તરફ વળે છે. તેને વળી રસ્તે પાડવાના ઉદ્દેશે અનેક સિધાન્ત દૃષ્ટાંત વાર્તાવિનોદ રૂપક વિગેરેથી નવીન કલ્પનાએ યોજીને પણ ડાહ્યા પુરૂષો જગતને ઉપકાર કરી શકે છે.

જ્યારે માણસો રાહ ભૂલીને જુદે જુદે રસ્તે અજ્ઞાનતા રૂપી અરણ્ય પંથે પળે છે, ત્યારે જાણે એજ રસ્તે પસાર થઇ જઈ શાન્તિ રૂપ શીતળ છાયાવાળું વૃક્ષ તેમજ સદ્‌વ્યવહાર રૂપ સ્વચ્છ જગ્યા મેળવવાના હેતુથી તે દોડે જાય છે. પણ હું રસ્તો ભૂલ્યો છુ તેનું ભાન ન હોવાને

લીધે અસદ્ વ્યવહારરૂપી અગોચર જગ્યા અને અશાન્તીરૂપ કાંટાવાળી ઝાડીરૂપ રસ્તો પ્રાપ્ત થતાં ગતિમાન થયેલા પુરૂષને ખોટે પંથે વિચરતો માણસ જાણી પોકારીપોકારીને દયાવાન સાધુ વૃત્તિવાળા પુરૂષો, ભાઈ આમ આવ, કહીને સાદ કરેછે. પણ તેતો દૂર શ્રવણતાને લીધે એમનેએમ વહ્યો જતો જોઇને એવા મહાપુરૂષો કેવળ પરમાર્થનેજ પોતાનું કર્તવ્ય સમજીને પોતાની મહાનુભાવતાને લીધે એવા રાહ ભૂલેલા વટેમાર્ગુઓની રાહ વચ્ચે જઇ બેસીને પણ તેને પોતાની મીઠી અને રસિક વાણીથી પોતાનો સરળ રસ્તો બતાવવા પ્રથમ સ્નેહ યુક્ત તેને પૂછે છેઃ—ભાઈ, તમે કયાંથી આવો છો ? જરા અહીં બેસો. આપણે થાક ખાઇ આગળ જઇએ છીએ. હુ પણ તમારા જેવોજ વટેમાર્ગુ છું, અને તમારી સાથેજ આ-વનાર છું. એમ કહીને એકવાર તો તે પોતાની જોડે બેસવાનો સમાગ-મરૂપ લાભ મેળવે છે. પછી તે રાહ ભૂલેલા પંથીને પૂછેછેઃ- ભાઈ, તમે આવ્યા તે રસ્તો કેવો છે અને કેવી રીતે તમે તે રસ્તો પસાર કરી આવ્યા? તે સાંભળી વાટ ભૂલેલો પંથી પોતાની વિગત કહેવા લાગે છેઃ—અમેતો અનેક કાંટાવાળી ઝાડીમાં થઈ મહા મહા દુઃખે અહીં આવ્યા છીએ. આવું ને આવું હજુ કયાં સુધી ચાલશે ! (મતલબ કે અહીં સંસારનાં દુઃખ રૂપી ઝાંખરાંમાં ચાલી ચાલીને વ્યતીત થયેલો પંથી, બીજા પંથી પાસે બેશી, અજ્ઞાનરૂપી કાંટાના ભોકાવાથી જે દુઃખ થયેલું તેનું અનુભવસિદ્ધ વૃત્તાંત તેને કહી બતાવી પોતાના દુઃખનો ઉભરો કાઢે છે.) એટલે આ સત્પુરૂષ તેને તેનાજ રૂપ થઇને કહે છેઃ—ભાઇ, હું પણ તમારા જેવે રસ્તે થઇ આવતો હતો. તેવામાં એક ભોમિયા સાધુ પુરૂષે મને દયા લાવી આ સદ્વ્યવહાર રૂપ ઉત્તમ રસ્તો બતાવ્યો, તે રસ્તે હું ચાલતો હતો. ત્યાં રહી વેગળેથી તમારૂં આ રસ્તે જવું જોઈ મેં જાણ્યું કે મારા સ્વજાતીય બંધુને મારી જોડે આવવા આ સુગમ રસ્તે પડવા બોલાવું. એમ ધારી મેં ઘણાએ સાદ કર્યા, પણ તમે તો તમારે પંથે એમના એમ શ્વા-સભર્યા વહ્યા જતા હતા. તેથી હું અહીં મારે જવાને સીધે અને સુગમ માર્ગે આપને લઇ જવા આવ્યો છું. એમ કહી આ પંથીને દુઃખથી કંટાળેલો આરતવાન જાણીને તેની રૂચતી ભાષામાં સમજાવીને પોતાને પંથે વાળી લાવે છે.

હમેશા માણસને પોતાની રૂચિ શિવાયનો કોઇ બોધ હૃદયમાં ઠસતો નથી, તેમ રસિકતા શિવાયની વાણી સાંભળવા ઇચ્છા થતી નથી. તેટલા માટે જ્યારે માણસનું વલણ અસદ્વ્યવહાર તરફ વળેલું હોય છે, ત્યારે તેને આપણે એમ કહીએ કે:—આ તમે સ્વીકારો છો તે રસ્તો ખોટો છે, અથવા ભૂલ ભરેલો છે. તે વાત તેના તુરત માનવામાં આવશે નહિ. પણ જો તેને વાર્તાના રૂપમાં કે ટુંકા સરખા દૃષ્ટાંતમાં પણ મનને અસર કરે તેવી અલંકારિક રસિક વાણીમાં કહેવામાં આવે, તો તે માણસ લક્ષ પૂર્વક સાંભળે છે. એ રસિકતાને લીધે વધારે ધ્યાનપૂર્વક સાંભળવાની ઇચ્છા થાય છે, અને અથથી ઇતિ સુધી સાંભળીને વાર્તાનું કે રૂપકનું રહસ્ય માણસ સમજી લેઇ સદ્બોધ ગ્રહણ કરે છે. સદ્બોધ ગ્રહણ કરીને સદ્વ્યવહારને આદરે છે. સદ્વ્યવહારને લીધે માણસ સત્સંગની સ્પૃહા કરે છે. સત્સંગવડે કરીને સદ્વિદ્યા તે પ્રાપ્ત કરે છે. સદ્વિદ્યાવડે કરીને માણસ સદ્ગુરૂને પારખી શકે છે. તેમ કરીને સદ્ગુરૂની કૃપા મેળવી શકે છે. સદ્ગુરૂની કૃપાવડે મોક્ષપદ મેળવવાને માણસ પાત્ર થાય છે. એટલા માટે સદ્વાર્તાઓ કિંવા પુરાતન કથાઓ અથવા નવલ કથાઓ લખીને માણસ જગત્‌ની સેવા બજાવવા તેમની નજર આગળ ધરે છે. અને એવું કૃત્ય કરીને માણસ પોતાના મનમાં યોજેલા વિચારો પ્રગટ કરીને પોતાના જન બંધુઓના હિતને અર્થે પોતાની ફરજ અદા કરે છે, એમને એમજ આ જગત્‌માં, અનેક ભાષાઓમાં, અનેક વાર્તાઓ, શાસ્ત્રો ઉપશાસ્ત્રો, ગણિત, ભૂગોળ, ઇતિહાસ, કથા, કથાનકો, અને નાટકો ઇત્યાદિ અનેક પુસ્તકો, તાડપત્રો, તામ્રપત્રો, અને યુક્તિવાળા લેખો લખાયા છે, અને લખાશે. અને તેથીજ માણસો જ્ઞાનનો ભંડાર કરી શક્યા છે, કરે છે અને કરશે. એ પુસ્તકો ઇત્યાદિ લેખોજ માણસને જ્ઞાન સંપાદન કરવાનો આધાર છે. એજ માણસનો વિષય છે. અને એવાં મહાપુરૂષોને હાથે લખાએલાં પુસ્તકો તથા એવા પુસ્તકોના જાણ પુરૂષો, તથા એવાં પુસ્તક લખનારા પુરૂષો, અને એવાં જાણભેદુ સદ્ગુરૂઓ માણસને સંસારરૂપ સમુદ્ર તરીપાર ઉતરવાને નાવરૂપ છે, તથા પરમાત્માનું પદ મેળવવા જ્ઞાનનો રસ્તો બતાવનાર ભોમિયા છે.

એમ જાણીને આ પુસ્તક પ્રગટ કરવાનો મારો હેતુ ઉપર કહ્યાં તેવાં પુસ્તકોમાં ગણાવા અર્થે નહિ પણ મારી અલ્પ મતિ પ્રમાણે કાંઇક સુ-

બોધ સંજ્ઞાવાચક લખીને દુનિયામાં જન સમૂહની સેવામાં કંઈ ધરવાના હેતુથી, મારી વધી ગયેલી જીજ્ઞાસાને લીધે, પૂર્વે થઈ ગયેલા સુજ્ઞ લેખકો, સુકવિઓ અને સત્‌પુરૂષોની વાણીરૂપ અમૃત ઝરણના સ્ત્રાવમાંથી તેઓએ પાન કરતાં ટપકેલાં જે બિંદુ તેમનું ઉચ્છિષ્ટ શબ્દજ્ઞાન સંચિત કરીને આ વાર્તા લખવાનો મેં આરંભ કીધો છે. એમાં શબ્દો તેમજ વાક્યો ગોઠવવામાં તથા વાર્તાના સંબંધની ગુંથણીમાં મારી ચરણે ચરણે ખામી અને ભૂલ વાચક વર્ગને જણાય, તો પણ મારા ઉપર તેઓ અનુગ્રહ કરીને આ વાર્તામાં કાંઇક તેઓને રસ અને સદ્‌બોધ મળ્યા જેવું જણાય તો અથથી ઇતિ સુધી વાંચી જઈ વાર્તાની સરળતા કે ક્લિષ્ટતા વિષે પોતાના મત જાહેરમાં મૂકી જનસમૂહ આ પુસ્તક તરફ સંતોષની નજરથી નિહાળી જોશે, ત્યારેજ હું આ વાર્તાના લેખ માટે મારા મનને કૃતાર્થ માનીશ. ત્યાંસુધી તો સુજન વાચકવર્ગના અભિપ્રાય માટે આ લેખ વાર્તાના રૂપમાં લખી તેઓના હસ્તકમાં ધરીને પ્રથમ તો મારા સુજન બંધુ જનોને મેહેનતના બોજામાં નાખુછું. જો કે આ વાર્તામાં શબ્દોની ગોઠવણી કાંઇ નવીન નથી, શબ્દોનું જ્ઞાન શબ્દવડેજ કરાવવું પડે છે. મેં તો આગળના તેમજ હાલના મહાપુરૂષો, મહાકવિઓ, અને સદ્‌વક્તાનું અનુકરણ કરીને ફક્ત શબ્દોની ખતવણી કરીને ખાતા વહી બનાવી આ વહી મારા સુજન બંધુ વાચકવર્ગની સેવામાં મૂકી છે.

હવે આ વાર્તા સંબંધે મારા સુજન અને સદ્‌ગુણગ્રાહક બંધુઓને એટલી વિનતિ કરૂં છું કે એમાં લખાણમાં, શબ્દ—સંદર્ભતામાં તેમજ માધુર્યતામાં, અને રસિકતામાં, અપૂર્ણતા ઘણીજ જણાશે, તો પણ તેમાંથી કાંઇ સાર રૂપ સદ્‌બોધ મળે છે એવું કાંઇ જણાય તો તે દૂધ પાણી ભેગું થયેલું ગણીને તેમાંથી હંસની પેઠે ફક્ત ક્ષીર રૂપ સારજ પસંદ કરી લેશો. એ પ્રમાણે વાચકવર્ગ આ પુસ્તકને કાંઇક અંશે માન્ય ગણે છે, એવું જણાયાથી હું મને પોતાને મારી મહેનતમાં ફળીભૂત થયેલો સમજીશ.

ભ૦ લ૦

કર્તા.

મારે એ વાત પણ જણાવવી જોઇએ કે આ વાર્તા લખવામાં મને વખતો વખત વાંચી તપાસી અને પ્રસંગોપાત્ત સૂચના આપવામાં અમારા પ્રિતિપાત્ર રા. રા. ડાહ્યાભાઈ લલ્લુભાઇ પુરોહિત એમણે સંપૂર્ણ ધ્યાન આપ્યું છે. તેથી અને તેમની સાથે મારા ગાઢ સંબંધને લીધે અને મારા ઉપર તેમના થયેલા ઉપકારને લીધે, આ વાર્તાની સાથે કર્તાની જોડે તેમનું નામ હમેશાં જોડાઇ રહે એવા હેતુથી તેમનો આભાર જાહેર કરી, અત્રે હું નોંધ લઉં છું, તેમજ મારા મિત્ર રા. રા. મગનલાલ પુરૂષોત્તમભાઈ એમણે યોગ્ય વખતે સહજ સૂચના કરી છે, તેથી એમનો પણ મારા ઉપર ઉપકાર થયો છે.

ભ૦ લ૦
કર્તા.

સુચના.

પૃષ્ટ ૧૧૦ લીટી ૧૫, ૨૧, ૩૦ માં જ્યાં મચ્છગંધા લખાયું છે ત્યાં, માનવીરૂપે, માનવીરૂપ, માનવીરૂપ ગંગા એમ સુધારીને વાંચવાનું છે.

६४६१

शशिवर्मा.

पूर्वार्ध.

આદ્યે મંગળાચરણ પ્રાર્થનાષ્ટક.

દોહરો.

જય જય જન સંકટ હરણુ, હર ખળ ખંડન માન;
જગત કરણુ અશરણુ શરણુ, ભયભંજન ભગવાન. ૧

છંદ ત્રોટક.

ભયભંજન ગંજન ગર્વઅરી. ખળ ખંડન મંડન ધર્મ હરી;
જગ વંદ્ય અમંદ અગાધ ગતી, જયહો જન રંજન જક્તપતી. ૨
અકલંક અશંક અકામ પ્રભૂ, જગ કારણુ તારણુ ધારણભૂ;
ક્ષિતિપાળ કૃપાળ વિશાળ કૃતિ, જયહો જન રંજન જક્તપતી. ૩
ગુણગાન નિરંતર માન વિના, અજશેષ મહેશ ગણે ગણુના;
ગણીપાર લહે ન થકીત્તમતી, જયહો જન રંજન જક્તપતી. ૪
નભમાં નગમાં નિધિના જળમાં, મહિમાં સરિતા સરમાં થળમાં,
સચરાચર વ્યાપ્ત ન ખાલિ રતી, જયહો જન રંજન જક્તપતી. ૫
વિધિ વિશ્નુ તણા કરતા હરતા, અખિલેશ્વર બ્રહ્મ નમો ભરતા;
સુખકંદ અખંડ વિભૂ જયતી, જયહો જન રંજન જક્તપતી. ૬
લઘુ મુખ કહું મહિમાં શું ઠરી, મતિમંદ અરે લઘુ છંદ કરી;
દિન વત્સલ દ્યો ભગતિ જુગતિ, જયહો જન રંજન જક્તપતી. ૭

છપ્પો.

ચતુરાનન સમબુદ્ધિ, કોટિ ધડ એવાં કહિએ;
એક એક ધડ પ્રતી, કોટિ કોટિક શીર લહિએ.
શીશ શીશ પ્રતિ કોટિ, વદન કિરતાર કરેજો;
વદન વદન પ્રતિ કોટિ, રસન ધરણીશ ધરેજો.
રસના પ્રતિ કોટિક શારદા, વિમળ વાણિ બેઠી બકે;
પણ જન અનાથના નાથનો, મહિમા તે ન કહી શકે. ૮

અષ્ટદળ કમળ બંધ.

માલિનિ વૃત.

સકળ ભુવન ધારી, ગોપ કાન્તા વિહારી;
તદપિ નિર વિકારી, મુક્તિ દાતા મુરારી.
સ્વજન ભય પ્રહારી, ભક્તના ભીડહારી;
અકળિત કૃતિ તારી, ઈશ આનંદકારી. ૧

શ્રી
શશિવર્મા.

વાર્તા મુખ.

સમરધઢનો ધણી વીરમુકુટ શિરોમણિ પૃથિરાજ મહારાજ એ કાળના આ આર્ય ભૂમિના રાજાઓમાં પોતાના સ્વપરાક્રમવડે કરીને કીર્તિના કિરણોવડે પ્રકાશમાન દીપી નીકળેલ છે, એ વાત કોઇથી અજાણી નહિ હોય. તે મહારાજ કોઇ એક સમયને વિષે શંખ તથા દુંદુભિના શબ્દ જેમાં થતા હતા, અને રથ ચક્રોના અવાજ તથા હાથી ઘોડાઓના શબ્દ પણ જેમાં ગાજી રહ્યા હતા અને જેમાં ખડગ, શક્તિ, ગદા, મુશળ, તોમર, પ્રાસ, ધનુષ, ઈત્યાદિ આયુધ ધારણ કરનાર તથા સિંહ સરખા શબ્દ કરનાર હજારો યોદ્ધાઓ હતા, એવી ચતુરંગિણી સેના લઇને શિકાર કરવા વાસ્તે વનમાં ગયો. તે વખતે શહેરમાંથી નીકળતાં પોતપોતાના ઘરો ઉપરથી બારી, અટારી, છજાં, જરૂખાં, અને અગાસીઓમાં રહી જોનારી શહેરની સ્રીઓ જાણે સુવર્ણલતાઓ ઠામઠામ છવાઇ રહેલી અને નેત્રરૂપી હજારો કમળદળ વિકાસતી હોય તેની પેઠે અનિમિષ નજરે જોતી થકી હાથમાં પુષ્પો ધારણ કરીને ઉંચેથી તે રાજાના ઉપર ફુલોનો વરસાદ વરસાવતી હતી, અને માંહોમાંહી વાત કરતી કે ઇંદ્ર જેવો પ્રતાપી આ રાજા સંગ્રામમાં અર્જુન જેવો પરાક્રમી છે, જેના બાહુબળને લીધે તેના શત્રુઓ રાજી ન થતાં હમેશાં તેના બળની ઈર્ષા કરતા-

જ રહેછે. એ પ્રમાણે અભિવંદન પામતો થકો રાજા વનમાં જઇને પોતાના સૈનિકો સહિત અનેક તેરેહના શસ્ત્રોવડે કરીને તે વનમાં રહેનાર મૃગો, વ્યાઘ્રો, મદોન્મત્ત જંગલના મહિષો ઇત્યાદિ પ્રાણિઓનો સંહાર કરવા માંડ્યો. તેણે કરીને તે વનચર પ્રાણિઓ મરવાની બીકથી ભય પામીને ચારે તરફ દોડવા લાગ્યાં. એ પ્રમાણે દોડતાં દોડતાં થાકી જવાથી કેટલાંએક પ્રાણીઓ પડતાની સાથે ત્યાંને ત્યાંજ મરણ પામતાં હતાં. તેઓનું ગાંસ પકાવ્યા વગર સેનાના ભુખ્યા મનુષ્યો સિંહની પેઠે કાચુને કાચુ ખાતા હતા, તેમ કેટલાએક પકાવીને પણ ખાતા હતા. તે વખતે રાજાએ હણેલા સિંહો અને મૃગોએ કરી વ્યાપ્ત એવું તે વન બાણરૂપી જેની ધારાઓ છે, એવા સેનારૂપી મેઘવડે કરીને શોભતું હતું. એ પ્રમાણે એક વનથી બીજું વન એમ આગળને આગળ શિકારની ઉત્સુકતામાં હજારો મૃગોઆદિ વનપશુઓ મારતાં મારતાં વધારે શિકાર કરવા નિમિત્તે સમતપંચક નામના વનમાં એ રાજા આવી લાગ્યો. તેણે વનમાં શિકાર પાછળ દોડતાં દોડતાં સેનાને ઘણી પાછળ મૂકી દીધી. અહીં પોતાના સાથીઓમાંના એકને મૂકી વદાર કરી કહ્યું કેઃ—તે વદાર પ્રમાણે અમે ના આવી પહોચીએ, તો સર્વ સેના સાથે રાજનગર તરફ કુચ કરી જવું. એ પ્રમાણે સંકેત કરીને રાજા પોતે પોતાના અંગીભૂત ચંદઆદિ ચાર સામંતો સાથમાં રહ્યા હતા, તેઓ સાથે આગળ વધ્યો. ત્યાં વૃક્ષો વગરની ઉજ્જડ જમીન તેમના જોવામાં આવી, તોપણ એમને એમ આગળ શિકારી જાનવરો પછવાડે દોડતા ચાલ્યા. પછી ઘણા શ્રમથી થાકી જવાને લીધે તથા ભૂખ ને તૃષા લાગવાથી તેઓ ફળ તથા જળની સ્પૃહા કરીને ચારે તરફ નજર કરી આહારની સંભાવના કરવા લાગ્યા. તોપણ તેમને કાંઈ ફળ કે જળ પ્રાપ્ત થયું નહિ. તેથી તેઓ અતિ આકુળ વ્યાકુળ થવા લાગ્યા. અને મનમાં વિચારવા લાગ્યા કે અહીં કોઈ આ વનનો નિવાસી માણસજાત મળી આવે તો તેને પણ પૂછીએ કે જેથી તે ફળ જળ મેળવવાનો કોઇ રસ્તો બતાવે. એમ ચિંતવન કરતા હતા એટલામાં માથે જટા ધારણ કરેલી છે, અંગે શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં છે, ખભા ઉપર ઉપવીત આવી રેહેલાં છે, કમળ–પાંખડી સમાન મોટી

અણિઆળી આંખોમાં કેવળ શાન્તિ પ્રસરેલી જણાય છે, તેમના દેખાવથી બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલું છે, એવા તેજસ્વી કાન્તિવાળા બે ગૌરવર્ણના દિવ્ય પુરૂષોને તેમણે દીઠા. તેઓની પાસે જઈ નમન કરીને પોતે ભૂખ તરસથી પીડાયેલા અતિથિ છે, એમ વિનંતિ કરીને કહ્યું કેઃ– પ્રભો, અહીં આટલામાં ફળ જળ મળે એમ હોય તો એવું કોઈ સ્થળ બતાવશો કે જેથી આપનો અમારા ઉપર મોટો અનુગ્રહ થશે. એ સાંભળી આ દિવ્ય કાન્તિવાન મનુષ્યો બોલ્યા કેઃ–તમારી ઇચ્છા પ્રમાણે ફળ જળ મેળવવા ઉપરાંત જો તમને કાંઇ વધુ જીજ્ઞાસા ન હોય તો ચાલો અમારી સાથે. અહીં થોડાજ અંતરમાં તે તમને મળી રહેશે. આ દિવ્ય પુરૂષોનાં વચન સાંભળીને પ્રતાપી રાજા પોતાના સાથી સામંતો સહિત ચાલો કહેવાની સાથે એ મહાશયોની સાથે સાથે ચાલ્યો.

અહીં મન તથા દૃષ્ટિને આનંદ આપનાર શીતળ પવને કરી યુક્ત અને અનેક પુષ્પવાળા વૃક્ષો તથા હરિઆળી જમીનથી શોભિતું, ઘણા વિસ્તારવાળું, જેમાં મધુર કંઠવાળાં કોકિલાદિ પક્ષીઓના શબ્દ તથા તમરાંના અવાજ અને ભમરોના ગુંજાર સંભળાતા હતા, તથા સુખદાયક જેની છાયાઓ છે એવી મોટી શાખાવાળા વૃક્ષોથી વીંટાએલું, તેમજ જેમાં કાંટાવાળાં તથા ફળ વગરનાં વૃક્ષોતો હતાંજ નહિ, જેમાં એક બીજાને મળી ગએલાં પુષ્પોથી ભરપૂર વૃક્ષો વાયુથી હાલવાને લીધે વારંવાર પુષ્પની વૃષ્ટિ થયા કરતી હતી, અને તેથી કરી પ્રસરતી સુવાસિત હવા મનને આનંદ આપતી હતી, એવું એક વન આવ્યું. અહીં મદોન્મત્ત વાનરો તથા કિન્નરો રહેતા હતા. અને તેમાં પવિત્ર જળવાળી નદીઓ તથા બીજાં ઘણાંક જળાશયો આવી રહેલાં હતાં. એવા આ એકાન્ત મનોહર વનમાં પોતાના સામંતો સહિત રાજાએ આ દિવ્ય પુરૂષોની સાથે પ્રવેશ કીધો. આ વખતે દિવસ બે ઘડી શેષ રહેલો હતો. આ દિવ્ય પુરૂષોએ રાજાઆદિ સર્વને કહ્યું કેઃ–આ વનમાંથી તમને ગમે તે ઝાડોનાં તમને રૂચે તે ફળ લઇને આહાર કરો, અને આ નદીનું પવિત્ર જળ પીને સંતોષ પામો. અને તૃપ્ત થઈ વિસામો લ્યો, ત્યાં સુધી અમે પણ અહીંજ બેઠા છીએ; કેમકે આ પાસે આવેલો ઘીચલતાવાળો આશ્રમ દેખાય છે ત્યાં અમારે જવાનું છે.

માટે તમારી સાથે થોભવામાં અમે કંઈ હરકત જોતા નથી. આ રાજા-આદિ સર્વે તેઓના બતાવ્યા મુજબ ફળ જળ મેળવી તૃપ્ત થઇને વનની ચારૂતા નિહાળતા બેઠા, એટલે આ દિવ્યપુરૂષોએ જવાની તૈયારી કરી. તે જોઇ તેમને આ રાજાએ બે હાથ જોડી વિનંતિ કરીકેઃ—ઓ પરોપકારી પુરૂષો, જો તમે અમારા ઉપર આવડો બધો અનુગ્રહ કીધો છે, તો અમને એટલું પણ જણાવશો કે આપ જે આશ્રમમાંજવાનું કહો છો તે આશ્રમ કોનો છે. વળી આ સમયમાંઆશ્રમ વાસી ઋષિઓ છે!!! એ સાંભળીને અમારા આનંદનો અને ભાગ્યોદયનો કંઇ પારજ રહ્યો નથી. તો પછી દર્શનનો અપૂર્વ લાભ એતો બેહદ આનંદનો વિષય છે. માટે આ રસ્તો ભૂલેલા અતિથિઓને રાત્રે નિવાસ કરવા માટે અન્ય સુખદાયક સ્થાન બીજે કયાં મળવાનું છે એતો આપ પણ જાણોજ છો. રાજાનાં આરત વચન સાંભળી બે દિવ્ય પુરૂષો બોલ્યા કેઃ—એતો અમે પહેલેથીજ જાણતા હતા કે તમે જો આ આશ્રમના વૃક્ષોનાં વેગળેથી પણ દર્શન કરશો તો તેમાં પ્રવેશ કરવાની ઇચ્છા કર્યા વિના રહેશો નહિ એટલા માટે પહેલેથી તમને સૂચવી રાખ્યું હતું. માટે તમારે જાણવું જોઇએ કે આ વન કોઇના પણ જોવા કે જાણવામાં નથી. તેમજ આ આશ્રમ પણ તેવો અગમ્યજ છે. અને તે કોઇને પણ જાણવા દેવાની અમારા ગુરૂવર્ય મહાત્માની મનાઇ છે. હવે જો તમારે જાણીને તેમાં પ્રવેશ કરવાની તેમજ નિવાસ કરવાની જીજ્ઞાસા છે તો ચાલો આશ્રમમુખ સુધી. અમારા ગુરૂશ્રી આજ્ઞા કરે, તો સુખે પ્રવેશ કરજો. એમ કહેવાથી રાજા-આદિ સર્વ તેમની સાથે ચાલ્યા, ને આશ્રમમુખ આગળ જઇ ઉભા રહ્યા.આ બે દિવ્યપુરૂષો તેમને થોભવાનું કહી આશ્રમની અંદર સિધાવી ગયા. અહીં આ રાજા આદિ સર્વે જુએછે તો જાણે કંઈ આ આશ્રમની પવિત્રતાને લીધે અને એ પવિત્ર ભૂમિના સ્પર્શથી તેમનાં મનથી પણ જાણે પવિત્ર થઇ મનુષ્ય લોકથી ચઢતા વર્ગના દેવલોકમાં વસવા જતા હોયની શું એ પ્રમાણે તેમની આધીવ્યાધિ, ઉપાધિ, પલાયન કરી ગઈ, અને જાણે કેવળ નિરાવરણ થઈ રહ્યા હોય એમ તેમને જણાયું. પેલા દિવ્ય પુરૂષોએ અંદર જઇ ગુરૂ માહાત્માને વિનંતિ કરી કહ્યું કેઃ—કૃપાનિધિ દેવ, આપણા આશ્રમદ્વારે પાંચ અતિથિઓને રસ્તો ભૂલવાથી ભૂખ તરસથી પીડાતા જાણી તેમને

આપણા વનમાં પ્રવેશ કરાવી સંતોષ્યાછે. પરંતુ તેઓ દિવસ અસ્ત થએલો જાણીને તેમજ આપના પવિત્ર ચરણાર્વિંદના સ્પર્શની આશા કરતા થકા આવી ઉભા છે. તેઓ મધ્યે એક રાજબીજ છે. બીજા ચાર નિર્મળ અંતઃકરણ વાળા તેમના સાથી છે, એમ સમાગમથી જણાયુંછે. આજ્ઞા હોય તો આશ્રમમાં બોલાવીએ. એ સાંભળી ઋષિ માહાત્માએ આજ્ઞા કરી કે:—ભલે, રસ્તો ભૂલેલા અતિથિઓને સુખે અહીં વસવા દ્યો. એમને બોલાવી લાવો. એ આજ્ઞા સાંભળી એમાંના એક દિવ્યપુરૂષે આ રાજાઆદિ સર્વેને લેવા આશ્રમાંથી બહાર આવી તેમને કહ્યું કેઃ— ચાલો, ગુરૂમહાત્માની તમારા ઉપર અનુકંપા થઇછે. આ પ્રમાણેની આજ્ઞા મળતાં તેઓ આ દિવ્યપુરૂષની સાથે આશ્રમમાં પ્રવેશ કરતાં જુએ છે તો તેમાં નાના પ્રકારના વૃક્ષોએ કરી શોભાયમાન અને પ્રજ્વલિત જેમાં અગ્નિછે એવો આ ઋષિ મહાત્માનો આશ્રમ દીઠો. તેની અંદર અગ્નિહોત્રની આસપાસ કેટલાએક સંન્યાસીઓ તથા મુનિઓ તપ કરતા હતા. તથા કેટલાકએક બ્રાહ્મણો દિવ્ય મૂર્તિમાન હતા. તેઓ ઋક, યજુઃ, સામ અને અથર્વ વેદોના મંત્રો ભણતા હતા. એવા આ આશ્રમની વચમાં થઇને પવિત્ર એવી મંદાકિની નામે નદી વહેતી હતી. તેનું જળ ઘણું સુંદર હતું, અને તેના કિનારા ઉપર ચક્રવાકાદિ ઘણાં પક્ષીઓ, વાનરો, કિન્નરો, રીંછો, હાથીઓ, સિંહો, મયુરો, સર્પો, અને મૃગો એક બીજા ઉપરનાં પૂર્વવૈર ત્યજી દઇ શાન્ત થઈ વસતાં હતાં. એવી પવિત્ર જળવાળી નદીએ કરીને આ આશ્રમ ગંગાજીથી જેમ બદ્રીકાશ્રમ શોભેછે, તેમ શોભતો હતો. એવા આશ્રમમાં પ્રવેશ કરીને એમણે આ શિવાય વળી એક વિશેષ મહાત્મ એ જોયું કે આશ્રમની માંહે એક બાજુ કેળોના રોપથી એક મંડપની રચના કરીને, તેની આજુબાજુ સુંદર પુષ્પવાળી નાના પ્રકારની વેલો ચઢાવીને, એક હિમગૃહ જેવી રચના રચી રાખેલી હતી. તેની અંદર તેમણે એવી સ્વચ્છતા જોઇ કે એવું ક્યાંય પણ જોએલું નહોતું. એ મંડપની વચમાં એક ગૌમાતા બિરાજતી હતી. તેનું તેજ તથા રૂપ કાંઈ અલૌકિકજ હતું. તેની સેવા બરદાસ પણ તેવાજ પ્રકારની થતી તેમના જોવામાં આવી, તેના ગળામાં ફુલનાહાર પહેરાવી વિધિવડે ત્રિકાલ પૂજા કરવામાં આવતી હતી. તે ગૌમાતાને જોઈ તેને તેઓ નમ્યા.

એ ગૌમાતાનું મહાત્મ જણાવતાં આદિત્ય પુરૂષ અહીં સર્વેને કહેવા લાગ્યો કેઃ- એ ગૌમાતા નંદિની નામની કામદુઘા જાતની ગૌવંશમાં ઉત્પન્ન થએલી છે. તેથી કરી ઇચ્છામાં આવે તે વખતે અને માગે તેટલું દૂધ દોહોવાના પ્રયાસ વગર તેના થાન નીચે પવિત્ર સ્વચ્છ માંજેલું પાત્ર આશ્રમની માતા કિંવા ઋષિ મહાત્માની આજ્ઞાથી પવિત્ર અંતઃકરણવાન શિષ્ય વર્ગમાંને કોઇ પણ લાવીને મૂકે તો તુરત તે પાત્રમાં તે ગૌમાતા દૂધની ધારાઓ શ્રવવા લાગે છે. થોડીજ વારમાં મૂકેલું પાત્ર દૂધથી ભરાઇ જાય છે. એ પ્રમાણે જ્યારે જ્યારે દૂધ જોઇએ, ત્યારે ત્યારે આ ગૌમાતા પૂરેપુરૂં આપતી રહેછે. વળી તેમાં એ ખૂબી રહેલી છે કે જે મનુષ્ય એના દૂધનું હમેશાં નિયમિત પાન કરે, તે મનુષ્યનું આયુષ્ય જરા રહિત એક હજાર વર્ષ પર્યંત ટકી શકે છે. આ તેના દૂધની શક્તિનો મહિમા છે. આ ગૌમાતાની કેટલીક પહેડી ઉપર એજ નામથી ઓળખાતી એની વડીલ ગૌમાતા અમારા ગુરૂવર્ય મહાત્મા જે આ આશ્રમના પિતા આપવઋષિ છે એમનીજ પાસે હતી. એને આશ્રમની બહાર એક વખત સહેજ થોડીવાર ફરવા છોડી મૂકવામાં આવી હતી. તે આ વનમાં સુખે ફરતી હતી. એ વખતે આ વનમાં અષ્ટવસુઓ પોતાની સ્ત્રીઓ સાથે લઇને વિહાર કરવા આવી વસેલા હતા. તેઓ પણ વનમાં ફરતા હતા. તે અષ્ટવસુઓમાંના એક ધ્યૌ નામના વસુની સ્ત્રીએ ઋષિ મહાત્માની એ ગાય દીઠી. એ સ્ત્રી પોતાના પતિના કહેવાથી એ ગાયનો મહિમા જાણીને પોતાના સ્વામીને કહેવા લાગી કેઃ—મનુષ્ય લોકમાં બુદ્ધિમાન અને સાચી પ્રતિજ્ઞાવાળા ઊશીનર રાજાની પુત્રી જીતવતી નામે ઘણી રૂપાળી કન્યા છે, તેને મેં મારી પ્રિય સખી કરી છે. તેને વાસ્તે વત્સસહિત આ ગાયને હું લઇ જવા ઇચ્છુંછું. માટે એને લઇ આવો; કારણ એનું દૂધ પીને તે મારી સખી મનુષ્ય લોકમાં જરા રહિત થઈ ફરશે. એટલું મારૂ પ્રિય તમે કરો. એ સાંભળી સ્ત્રીમાં પ્રીતિમાન ધ્યૌવસુએ પોતાના ભાઇઓ સહિત તે ગાયને હરણ કરી હતી. તેથી તેમનું અકર્મ જાણીને ઋષિ મહાત્માએ તેઓને મનુષ્ય જન્મ લે એવો શ્રાપ આપ્યો હતો. એ જાણીને વસુઓ ગાય તથા વત્સને લઈ આશ્રમમાં મૂકી ગયા. તો પણ એ-

ટલું તો તેમણે કહ્યું કેઃ—આઠ વસુઓ પૈકી સાતનો થોડો અપરાધ જાણી થોડાજ કાળમાં શ્રાપ નિવારણ થશે. અને ધ્યૌ નામના વસુએ સ્ત્રીના પ્રેમને લીધે ચોરી રૂપ અકર્મ કરવામાં આ યત્ન કર્યો હતો માટે તેને ઘણો કાળ મનુષ્ય અવતાર ભોગવવો પડશે. પણ તે ધર્મિષ્ટ અને જીતેંદ્રિય બ્રહ્મચર્યવ્રત પાળતો થકો સ્ત્રી ભોગમાં ન જોડાતાં મહા પરાક્રમી થઇ એકજ અવતારમાં મનુષ્યપણાથી મૂકાશે. એ દેવવ્રત અથવા ભીષ્મ નામથી જગતમાં ગંગાને પેટે અવતાર ધારણ કરી વિખ્યાતિને પામ્યો હતો. ત્યાર પછી એજ ગાયના વંશમાં ઉત્પન્ન થએલી આ ગાય છે. પૂર્વની વાત કાળે કરીને વિસારે પડી, તેથી કરી સેહેજ આશ્રમ બહાર આ ગાયને છોડી મૂકવામાં આવતી હતી. તે ચારો ચરીને વખતસર આશ્રમમાં આવતી હતી. એક દિવસ આ ગાય આશ્રમના નંદીનો સંયોગ ઇચ્છીને નંદીની ઇચ્છાનુસાર એકાંત સ્થળ શોધતાં કેટલેક દૂર આ વનની હદ બહાર વટી ગઈ. તેવામાં કનોજના રાજાની ફોજમાં મ્લેચ્છ સેના રાખવામાં આવી હતી. એ મ્લેચ્છ સેનાનો નાયક કોઈ કારણસર એ વનમાં આવી લાગ્યો. તે આ અનુપમ ગૌ નંદીનું જોડું જોઇ તેને પકડીને કનોજ લઇ જતો હતો. તેમની પાસેથી આર્ય ધર્મનું રહસ્ય જાળવી રાખનાર (આ આશ્રમમાં આમની પાસે ઉભેલી એક અતિ સ્વરૂપવાન મહિલાને આંગળીવડે રાજાઆદિ સર્વેને આ દિવ્યપુરૂષે બતાવીને) આ સ્વતંત્રતા નામની મહિલાએ પોતાના પ્રતાપ બળવડે કરીને છોડાવી લઈ અહીં આવી ઋષિ મહાત્માને પગે લાગી ને ગદગદ કંઠે વિનંતિ કરી કહેવા લાગી કેઃ—હું અનાથ થએલી છું, પૃથ્વી ઉપર ધર્મનો લોપ થવાનો સંભવ જણાય છે, એટલે હું આપને શરણ છું. ઋષિ મહાત્માએ આ વિદુષી બાઇના ભવિષ્ય માટે ધ્યાનમાં જોઇને જણાવ્યું કેઃ—અહો ! તું તો આર્ય ભૂમિની પટરાણી જણાય છે ! ! ભરત કુળના રાજાઓના પછીના કાળમાં વિક્રમ, ભોજ, આદિ રાજાઓએ તારૂં સનમાન કીધું દેખાય છે. ત્યાર પછી તું અનાથજ જણાય છે. પણ હવે થોડો વખત તારે આ આશ્રમમાં રહીનેજ સમયની વાટ જોવાની છે. (એ સ્ત્રી હાલ પૃથિરાજ સામે ઉભેલી આ દિવ્યપુરૂષે બતાવી તેજ છે.) એને જોતાંજ પૃથિરાજના મનમાં કાંઇ તેના વિષે ઉચ્ચ અભિલાષા બંધાઇ. તેમ આ સ્ત્રીની પણ તેના તરફ મમતા જણાઈ. આ પ્રમાણેનો વ્યવહાર અને

આશ્રમની શોભા જોતાં જોતાં ઋષિ મહાત્મા આપવઋષિ પાસે એમને તેડી ગયા. એ મહાત્માને જોતાં પૃથિરાજ આદિ સામંતોને એમ લાગ્યું કે ખરેખર આપણે પૂર્વ પુન્યના ઉદયે કરી આ સત્ય લોકમાં કિંવા સાક્ષાત્ બ્રહ્મલોકમાં આવી વસ્યા છીએ. એ પ્રમાણે ચિંતવન કરતા તુરતજ તેઓ ઋષિ મહાત્માને ચરણે મસ્તક મૂકીને સર્વેએ નમન કીધું. ઋષિ મહાત્માએ આશિર્વાદ આપી કુશળ સમાચાર પૂછી કહ્યું કે, વત્સ તમે અહીં સુખે રહો. તેમના આવતા વેતજ ઋષિ મહાત્માએ જ્ઞાન દૃષ્ટિવડે જાણી લીધું હતું કે જેને માટે આશ્રમમાં રહેલી અનાથ સ્ત્રીને વખતની રાહ જોતાં બેસવાનું કહ્યું છે તે પ્રસંગ હાલને માટેજ હતો; એવું જાણીનેજ તેઓને નિવાસ કરવા કહ્યું છે. અહીં રહ્યાં એકાદ બે દીવસ થયાં છે. આશ્રમમાં સુખે ગમે ત્યાં હરે છે ફરે છે. તેવામાં આશ્રમમાંની નદીના તટ ઉપર પૃથિરાજ એકલો ફરે છે એવું જાણી લઇને પેલી દેવાંગના સ્ત્રીએ રાજાની પાસે આવી વિનયથી નમ્રતાવાન્ અને જાણે શરમાતી હોય એવો ભાવ બતાવતી ઉભી રહી પૃથિરાજે પ્રશ્ન કરવાથી પોતાનું વૃત્તાંત તેણી અથ ઇતિ કહી ગઇ. (પોતાનો ઉદ્દેશ મનમાં ધારીને તેણે વિચાર્યું કે જ્યારે કનોજના રાજાએ મ્લેચ્છોને આશ્રમ આપવાથી અધર્મની પ્રવૃત્તિ થવા લાગી છે ત્યારે તેનું ફળ તેણે મેળવવું જોઇએ) એ સાંભળીને પૃથિરાજે કહ્યું કે, હે સુંદર અંગવાળી મનોહર સ્ત્રી, હું તને વરવા ઈચ્છું છું. જો તારી ઈચ્છા હોય તો તારૂં સન્માન હું સંપૂર્ણ ભાવથી બજાવીશ. એ સાંભળી આ તરૂણીએ કહ્યું:—રાજા, તમે મારો અભિપ્રાય જાણવા ઇચ્છો છો, તો જણાવું છું કે હું આ આર્યભૂમિ ઉપર મારૂં માન રાખે એવા મહા પુરૂષોની ગાદીની પટરાણી થાઉં છું. પણ એકના એક દેહવડે કરીને તેમ કરી શકતી નથી. એક દેહ જેના નિમિત્ત નિર્માણ કરયો હોય છે. તે દેહવડે કરીને તેમનેજ નાના પ્રકારના વિલાસે કરી રંજન કરીને ફરીથી નવો દેહ ધારણ કરીને જેને માટે મારૂં પાણિ ગ્રહણ અંકિત થવું યોગ્ય છે તેને માટે બીજો દેહ ધારણ કરૂં છું. જો તમારી ઇચ્છા છે તો આ દેહને અગ્નિ સંસ્કાર કરાવીને પવિત્ર થઇ તમો અહીંથી પધારશો, તે પછીના થોડાજ કાળમાં કનોજના રાજાને ત્યાં પુત્રી અવતરશે, તે આ વખતનો તમારો અને

મારો સંયોગ તમને યાદ દેવડાવવા માટે સંયોક્તા નામ ધારણ કરશે. એ હુંજ છું એ વાત તમારે પોતાના મન સાથે નક્કી વસાવી રાખવી, પણ તમારી સાથે છે એ પુરૂષોને કિંવા બીજા કોઇને પણ આ વાતનો સંકેત કે ભેદ જણાવવો નહીં; વિશ્વાસ રાખજો મારા વચનમાં, અને એથી તમારી ખાત્રી રાખજો કે એ કનોજના રાજા જયચંદની ગમે તેવી દૃઢ પ્રતિજ્ઞા આપણા સંકેત વિરૂદ્ધની હશે, તોયપણ મારૂં તમારૂં પાણિગ્રહણ વિધાતાના અંકથી લખાયેલુંછે એમ નક્કી સમજજો. આ સાંકેતિક વાતચિત થયા બાદ બંને પોત પોતાને મુકામે આશ્રમમાં આવી વસ્યાં, સાયંકાળે ઋષિ મહાત્મા પાસે આવી પૃથિરાજ આદિ સર્વ સામંતો બેઠા. ને ઋષિ મહાત્માના દર્શનનું અપૂર્વ સુખ ભોગવવા લાગ્યા. આ રાજાનુ અતિ પ્રસન્ન વદન જોઇ ઋષિ મહાત્મા જ્ઞાન દૃષ્ટિથી એમના સંકેતને જાણી મનમાં સંતોષ પામ્યા આ રૂષિ મહાત્માનો આશ્રમ ચારે બાજુ ગિરિકડણો ગગન મંડળને સ્પર્શ કરતી હોયની જાણે, એવી ઉંચાઇમાં આવી રહેલી તેથી દિશાઓનાં દ્વાર જાણે બંધ કાધેલાં હોય એવો અગોચર સ્થીતિમાં અપૂર્વ સુંદરતા અને શાન્તીને પ્રસવનાર તરીકે એકાન્તમાં આવી રહેલો હતો, અહીં આ વખતે દિવસ અસ્ત થવાની તૈયારીમાં હતો. પરસ્પર આનંદમાં મગ્ન રહી પ્રશ્ન ઉત્તરનું સમાધાન ચાલતું હતું. એ વખતે ઋષિ મહાત્માને સંધ્યાવંદન કરવા ઉઠવાની તૈયારી હતી, એવું જાણીને ચંદ સામંત પૃથિરાજના પ્રતિનિધિ પદને સ્વીકારતો હતો, તેણે ઋષિ મહાત્માને વિનતિ કરી કે આપ સંધ્યાવંદન કરવા પધારશો, તે દરમ્યાનમાં અને જ્યારે જ્યારે આપ ધ્યાનમાં બિરાજો એ વખતના પ્રસંગમાં પૂર્વે થઇ ગયેલા રાજાઓનું ચરિત્ર અદ્ભુતઆદિ રસમાં વર્ણન કરી મનને આનંદ ઉપજાવે એવું કોઇ વૃતાંત કહી સંભળાવે એવો આપના આશ્રમવાસી આપના કોઈ શિષ્ય વર્ગમાંનો પુરૂષ કે જે ઇતિહાસ અને કલ્પનામાં શ્રેષ્ટ શક્તિ ધરાવતો હોય એવા કોઇ શિષ્ય કિંવા દાસાનુદાસને આજ્ઞા કરશો. એ સાંભળી ઋષિ મહાત્માએ પોતાના વીરભદ્ર નામના શિષ્યને આજ્ઞા કરી કે:—વત્સ, એમના મનને સંતોષ આપે એવી કોઇ કથા અથથીઇતિ સુધી એ સાંભળવા માગે છે, તે તે વખતમાં તેમને સંભળાવો, એમ ક-

હીને પોત સંધ્યાવંદન કરવાને પધાર્યા. અહીં ગુરૂ મહાત્માની આજ્ઞા મળતાં વીરભદ્ર બોલ્યા કેઃ—હે રાજા પૃથિરાજ અને સામંતો, જો તમને કોઇ કથા સાંભળવાની ઇચ્છા છે તો હું તમને એક અપૂર્વ કથા સંભળાવું કે જે ઇતિહાસમાં નોંધાએલી નથી, પણ ઐતિહાસિક ભાષ કરાવનારી છે. તેમ કોઇ પુરાણમાંની નથી પણ પુરણ પ્રેમ ઉત્પન્ન કરે તેવી છે. અને તેમજ કોઇ શાસ્ત્રમાંની નથી પણ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા કરાવનારી છે, અને તે વ્યાસ વાણીમાં ગવાયેલી નથી પણ કોઇ બુદ્ધિમાન પુરૂષે કહેલી ચાલતી આવેલી દંત કથાથી ગવાતી સદ્બોધને આપનારી ક્રમે ક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પંથને કિંચિત્ કિંચિત્ ભાષ કરાવનારી છે. તે સાંભળો જે બાળકને જુવાનને અને વૃદ્ધોને સાંભળવા યોગ્યજ છે.

પ્રકરણ ૧ લું.

હસ્તિનાપુરના રાજા રાણીનું વૃત્તાંત, રાણીનો રાજાથી વિયોગ પુત્રનો જન્મ અને તેનું લાલન પાલન.

વીરભદ્ર કહે છે.— છપ્પો.

કહાં શ્રાવણ જળ ભરે, કહાં દશરથ શર સંધે;
કહાં રાવન સિય હરે, કહાં રઘુપતિ દધિ બંધે;
કહા પાંડવ ડગ ભગે, કહાં કૌરવ પગ મંડે;
કહાં દ્રૌપદિ દિન ભરે, કહાં કૈચક વ્રત ખંડે;
યૌં ભવત હોત ભવ તેં બની, કોટિક લપ સુર નર હટેં;
કરતાર કલમ શીર કર ગહેં, લિખ્યો અંકસો ના મિટેં. ૧

પૂર્વે આર્ય ભૂમંડળ માંહે વિખ્યાતિ પામેલી હસ્તિનાપુર નામે નગરી હતી અને તે મહા પ્રતાપી સુહૃદય નામે રાજાની અધિરાજ્ય ભૂમિ હોવાથી રાજ્ય વૈભવ તેમજ ત્યાંની પ્રજાની મહત્ ઉન્નતિને લીધે એ નગરીનો પણ મહાન્ પ્રતાપ દીસી આવતો હતો. આ નગરીની પશ્ચિમ દિશાએ યમુના નદીનો વિસ્તીર્ણ પ્રદેશ આવેલો હોવાથી અને તેમાં મહદ્ જળ ભરપૂર છતાં પણ ગંભીર રૂપે ધીમી ધીમી ગતિએ વહ્યાં કરતું જ-

ણાતું હતું. તે સાથે પશ્ચિમ અને દક્ષિણનો મંદ મંદ વાયુ જળને સ્પર્શી શીતળતા ફેલાવતો, હવામાં તરંગો ઉઠાવતો મનોહર લહેરોને પ્રસરાવતો હતો, તેથી સર્વે નગરનિવાસી જનોને સુખરૂપ હવા મળી જતી હતી. વળી ત્યાંની પ્રજાને વસવાનાં ધામ રાજ્યના ખરચે બંધાવેલાં એક સરખી હારમાં સરખી ઉંચાઇમાં ગગન મંડળને સ્પર્શ કરવાની સ્પર્દ્ધા કરતાં હોય તેમ જણાતાં હતાં, અને તે ચૂનેથી ધોળેલા તેથી અને ઘરોઘર કુંજ વાટિકાઓમાં પુષ્પ સમૂહ વિકાસમાં રહેતો તે જાણે રાજ્ય કરતાની તેમજ નગર જનોના હૃદયની નિર્મળતા અવકાશમાં મૂકાઈ હોયની શું ! એમ જોનારને સૂચવતું હતું અને તેજ પ્રમાણે રાજા પોતે પણ પ્રજાનું પોતાની ઔરસ પ્રજા તરીકે સંરક્ષણ કરતો હતો તેથી પ્રજામાં તેમજ રાજ્યમહાલયમાં સુખ છે, શાન્તિ છે, વૈભવ છે, વિલાસ છે, આનંદની પરિસીમા છે, એ સઘળાનો યોગ છે. તેની સાથે જોવામાં આવતાં સર્વનાં સહર્ષ મન પણ છે. આ પ્રમાણે હમેશની વિભૂતિ છતાં એક દિવસે શરદ ચાંદનીનો પૂર્ણ પ્રકાશ જામેલો છે. સ્ત્રી પુરૂષનાં દિલ આકર્ષણ કરી લે એવો સમય છે. તેવા વખતે યમુના નદીના તટ ઉપર આવેલા રાજ્ય મહાલયના એક સુંદર આવાસના ચતુર્થ માળ ઉપર શૃંગારની સર્વ વિભૂતિ સાથે કામકળામાં પ્રવીણ અને સ્વભાવે કરી યુક્ત એવો મહા પ્રતાપી આનંદે સુહૃદય રાજા અને તેની પ્રિય રાણી દંપતી–સખ્યભાવે કામક્રીડાના આનંદ તરંગમાં ઉચ્ચ અભિલાષાથી તરતાં હતાં. અહીં કામકેલી ક્રીડાથી વિરક્ત થઇ તેઓ એક સુંદર અગાશીને વિષે બહાર આવી એક સુવર્ણમય રત્નજડિત આસન ઉપર બંને જણાં બેસી આનંદની વાતો કરતાં હતાં તે વખતે આ રસિક અને પ્રવીણ દંપતીનું જોડું સુખના મહાસાગરના મોજાં ઉપર તરતું નજર આવેછે એમ તો વાંચનાર તમે જાણી લીધું પણ વિધિનું કર્તવ્ય આગલમાં મૂકાયા પહેલાં કોઇપણ દેવતા વા મનુષ્ય ઈત્યાદિ પ્રાણીઓના જાણવામાં આવતું નથી તો પછી આ આનંદી અને સુખમયી જોડાંને તેમજ આપણને તેમના ભવિષ્યમાં શું બનવાનું છે તે જણાયજ કેમ ?

હવે આપણે વિધિ કર્તવ્યની અદભૂત અસાધારણ કૃતિ તરફ નજર કરીએ. અહીં અદ્દ્ભૂત અને કરૂણા ઉત્પન્ન કરે એવું કૌતુક થયું તે જેમ

વિધાતાનું વકતત્વપણું આપણે જેને તે વાતમાં વિધાનમાં અને પરમાણુના સમૂહમાં જોઇએ છીએ તેમ સંપૂર્ણ ઐશ્વર્ય કે સંપૂર્ણ ઉદય કિંવા જુગતે જોડું સદામત કાયમ રહે એતો તેના ક્રમ વિરૂદ્ધ તેમજ તેની નિવૃત્તિ મનાય. જુઓ કે તેતો પ્રવૃત્તિમાંજ મગ્ન છે તેનો ઘડી ઘડીનો બદલાતો રંગ કંઇ જૂદોજ છે. જેમ બીજમાં વૃક્ષ, વૃક્ષમાં પત્ર, પત્રમાં પુષ્પ, પુષ્પમાં ફળ, ફળમાં રસ, રસમાં સ્વાદ, સ્વાદમાં સુખ, સુખમાં શાન્તિ, શાન્તિમાં સર્વ જક્ત, એ પ્રમાણે ઘડી ઘડી બદલાતા એના ક્રમના નિયમે અહીં પણ બનાવ એવો બન્યો કે આ રાજ્ય મહાલયને લગતો બગિચો અને તે મૂકી પાસે જંગલ હતું એ તરફથી એક ગાય અને તેની પછવાડે લાગેલો એક વાઘ આ રાજા રાણીના જોવામાં આવ્યો તેથી આ રાજા પોતે ક્ષત્રિના ધર્મ પ્રમાણે ગાયની વહારે ચઢવા અને તેને ભયથી મુક્ત કરવા અર્થે એકાએક તુરતજ હાથમાં શસ્ત્ર લઈ જલદી જલદી શિકારચાહી પોશાક સજી લઈ, જવાને માટે મેહેલથી નીચે ઉતરી પડે છે. તેટલામાં તો તેની પાસે કોઈ હજુરી અંગરક્ષક નહોતો એમ જાણીને તેની રાણી પોતેજ તે કામ બજાવવાને તૈયાર થઈ ગઈ સ્વામીને વિનંતિ કરી ઉભી રહી અને કહેવા લાગી કે પ્રભુ વાદવિવાદ કરવાનો કિંવા ના હા કરવાનો હાલ સમય નથી એમ જાણીને મને સાથે આવવાની આજ્ઞા કરો રાજાએ રાણીનું વચન માન્ય કરી આવવાની હા કહી બંને જણ તુરતજ પોતપોતાના ઘોડા ઉપરનાં સાજ ત્વરાથી સજી લઇ સ્વાર થઈ જંગલ તરફ જલદીથી ગતિ કરી ગયાં. જોત જોતામાં તે જાનવરોની ભેટ લીધી રાજાએ હુંકારો કર્યો કે હાં ખબડદાર આ શબ્દ સાંભળી વાઘ એકાએક ચમત્કારી અવાજથી ખમચ્યો, એટલે ગાયને જવાનો લાગ ગળ્યો. પણ જુવે છે શું, વાઘતો એકદમ તલપ મારતો રાજા ઉપર જેવો આવે છે, તેવામાં રાણીએ પડખેથી એક ખંજરનો ઘા વાઘના ઉપર કર્યો; તેમજ રાજાએ પણ સાંમે મોંએ એક બરછી એવાતો નિશાનથી તેના મોંઢામાં ભોંકી કે તે પ્રાણીની આરપાર વહી ગઇ તેથી જાણે તે બરછી સાથે વાઘ જડાઇ ગયો હોય એવી રીતે સચોટ ઘા લાગવાથી તેણે પ્રાણ તજી દીધા, બંને સ્ત્રી પુરૂષ એક વીશાળ મેદાનમાં યમુના નદીના કિનારા ઉપર ઘોડા ઉપરને ઉપર બેઠે છતે જરાવાર થોભીને વિસામો લેતાં થોભીને જુએ છે

તો નદીને સામે કિનારે વડના વૃક્ષ ઉપર બેઠેલું એક પક્ષીનુ વિચિત્ર પ્રકારનું જોડું જોઇને રાજાએ તેને ઉદ્દેશી રાણીને પૂછ્યું પ્રિયા ! પેલા વૃક્ષ ઉપર જે પક્ષીનું જોડું નજર આવે છે તે શું હશે? રાણીએ હસ્તે વદને ઉત્તર આપ્યો પ્રભુ એ પક્ષી હંસ નરમાદાનું જોડું છે એમ મને લાગે છે. રાજા કહે છે કે ના મને તો એ બગલાનું જોડું ભાસે છે. રાણી કહે છે આપ કહો છો તેમજ હશે એમ મલકાતે મુખે જણાવી નમન કીધું. ક્ષત્રિય રાજવંશી કોઈપણ સાહસ તરફ પગ ધરે છે તે પ્રસંગનો પાર મેલવવા ઉત્સુકતા ધરાવતાજ રહે છે તેમાં ભય કિંવા જોખમ ખેડવાનું હોય તોપણ પાછો પગ ધરતા નથી તે ધોરણને ઉદ્દેશી રાજા કહે છેઃ—પ્રિયા! મારૂં માન રાખવાને તું હમેશાં સરળ હૃદયી તેમજ વિનયવાન રહે છે તેજ પ્રમાણે આજ પણ આર્જવ બતાવે છે. પણ એ પક્ષી શું છે એ આપણે નક્કી તો કરવું જોઇએ. સેવકને અભાવે બંને જણ પોતેજ નદી પાર જવાને ઘોડા નદી અંદર નાંખ્યા નદીને તરી પાર લીધો. બેઠેલાં પક્ષીઓવાળા ઝાડ તરફ માણસો આવતાં જોઇ તેમાંની માદા બોલી નાથ હવે આપણી પ્રતિજ્ઞા આપણાથી શી રીતે પાળી શકાશે? જો કે અહીંયાં માણસો આવે છે તેઓ આપણા મકાનને અપવિત્ર કરશે કેમકે માણસ જાત કૃતઘ્ન હોય છે. ધન કિંવા સ્વાર્થને વાસ્તે તેઓ વિશ્વાસઘાત જેવાં મહા પાતક કરવાને પાછી પાની ધરતાં નથી અને તેઓ પ્રાણીઓને‌ા ઘાત કરે છે માટે હવે આપણી શી ગતી થશે. એ સાંભળી નર બોલ્યો તું ડરીશ નહીં પ્રિયા, આ ક્ષત્રિય રાજા રાણી તું કહે છે તેવાં માણસ નથી એતો પરમ ધર્મીષ્ટ મનુષ્યો છે એમ તે પ્રાણીઓ વાત કરે છે. એટલામાં તેઓ ત્યાં આવી જુએ છે તો હંસ નરમાદાનું જોડું બંને જણાએ પારખ્યું રાણીનો વાદ માન્ય થયો એટલે તેના પ્રીતમે તેની પાસે જઇ મમતાથી હાથે હાથ મેળવી લેઇ હાથને ચુંબન કરીને પ્રેમ ભરિત હૃદય સાથે હસ્તે મુખે પરમ સ્નેહ ભરી મુદ્રાથી મનનો ઉમળકો બતાવી નદીના તટ ઉપર એજ વડના ઝાડ તરફ બંને દંપતી જોતાં હતાં તો તે વૃક્ષની શોભા જાણે તે ઘણા વરસોનું હોવાથી અને તેને લાગેલી વડવાઇએ કરીને તેમજ તેનાં પત્ર વીગેરે વિભૂતિ તજી ગએલી તથા શાખાઓ સૂકાઇ ગએલી તેથી કોઇ જટાધારી તપસ્વી મુનિ હઠયોગ સાધવાને તપશ્ચર્યા લેઇ યોગ સાધવા

બેઠા હોયની શું, તેમ જણાતું હતું. અને સર્વ અંગે શુષ્કપણું આવવાથી જાણે અનેક કાળની શીત વર્ષા અને ગ્રીષ્મ રૂતુના અનુક્રમે અનેક કષ્ટો વેઠી વેઠીને કાયા કૃશ થઇ ગઈ હોય તેવી રીતે મુનિની પેઠે દ્રઢ આસનવાન તે વૃક્ષ જણાતું હતું તેની લાંબી લાંબી શાખાઓ જાણે દિશાઓનું માપ કાઢવા સારૂં હસ્ત પહોળા કરી માપ લેતી હોય તેમ વિસ્તારને પામેલી હતી એ શાખાઓના એક કક્ષા ભાગમાં આ હંસ નરમાદાનું જોડું ઉંચી ડોક કરીને આ બે રાજવંશી મનુષ્યો તરફ ચિકિત્સાની નજરથી જોતું હતું તેથી તેમનો દેખાવ આ મુનિ વેશ ધારણ કરેલા વૃક્ષ યોગીના આશ્રય કરી રહેલાં મુનિની વિભૂતિ રૂપ જાણે બે કમંડળ હોયની શું તેમ સત્ય પ્રતિજ્ઞા કરી તે પક્ષીઓ એજ વૃક્ષનાં આશ્રમ વાસી થઇ રહેલાં હતાં. આ વૃક્ષની અર્ધ ઉપરાંત શાખાઓ નદીના જળ ઉપર જળને પૂર વખતે સ્પર્શ કરતી હોય એવી નમેલી હતી અહીં મધ્ય રાત્રિનો સમય છે. પૂર્ણ ચંદ્રનો પ્રકાશ જામેલો છે તેના યોગે આ બે પક્ષીનું જોડું અતિ મનોહર જણાયાથી તેને પકડી લઈ સોનાના પિંજરામાં રાખી મૂકયાંથી રાજ્ય ભુવનમાં શોભાનો વધારો થશે એવું ધારીને તેઓને ગ્રહણ કરવાનો સંકેત કરીને બંને જણાં પોત પોતાના ઘોડા વડની મૂળી સાથ બાંધી તે વૃક્ષ ઉપર તેઓ ચઢયાં તો જાણે રાજ્ય ભુવનના માળપર ચઢવાને સીડીઓ રાખેલી હોય તેની પેઠે એ વૃક્ષનાં ડાળાં થડથી આરંભી થોડે થોડે અંતરે ફુટેલાં હોવાથી સેહેલાઇથી ચઢી શકયાં માણસોને વિહંગમ પતિએ પોતાની પાસે આવેલા જાણી પોતાની જગ્યાએથી ઉડી નદીના જળ તરફ પ્રસરેલી શાખા ઉપર જઇને હંસ બેઠો તે જોઇ ઉત્સુક છે મન જેનું અને પતિની સાથે પક્ષીઓને પકડવાની હરીફાઇમાં દિલ લાગી રહ્યું છે એવી તે રાણી જે તરફ હંસ બેઠો તે શાખા તરફ હળવે હળવે ગતિ કરવા લાગી. બરોબર પક્ષીની નજીક જઇ પોતાના હસ્તમાં પોતાના કંઠાભૂષણ મોતીનો હાર હથેળીમાં રાખી યુક્તિથી તે હંસની સનમુખ ધરતાં મોતી દેખી તે મુક્તાહારને આહાર નિમિત્તે હંસ તે ગ્રહણ કરવા જતાં તુરતજ રાણીએ તેને પકડી લીધો તે દેખી સામી ડાળે બેઠેલી હંસીએ વિલાપ કરી આક્રંદ કરવા માંડયું ને તેને દૈવ ઇચ્છાથી મનુષ્ય વાણી રૂપે વાચા થઈ.

તે કહેવા લાગી કે હે મનુષ્યો અમે કોઈપણ પ્રાણીને ઉપદ્રવ ન કરતાં છતાં તેમ કોઇ પણ પ્રાણી અમને ઉપદ્રવ ન કરી શકે એવી સાધુ વૃત્તિ ધારણ કરી જન્મથી આરંભી આ એકજ અને એકાંત આશ્રમ વાસી થઇ કોઇનો પણ સંસર્ગ ન ઇચ્છતાં આ વૃક્ષ એકલાનોજ આશ્રય કરી રહેલાં છીએ તેમને હરકત કે ઉપદ્રવ કરવો એ હે ઉત્તમ મનુષ્યો તમને ઉચિત નથી. કેમકે અમે જો અન્ય આશ્રયી બનવાનું મન ઉપર લીધું હોત તો તમારો સંસર્ગ થતાંજ પ્રથમથીજ ગતિ કરી જાત પણ અમારી એકજ ટેકની શ્રદ્ધા ભક્તિની વાત તમે સાંભળો જ્યારે આ વૃક્ષ પત્ર શાખાએ અને સર્વ રીતે વિભૂતિવાન્ હતું ત્યારથી અમે તેનોજ આશ્રય કરી રહેલાં છતાં કાળે કરી તેની સર્વ વિભૂતિ આજે નષ્ટ થએલી છે. એવા સંકટના વખતે તેનો આશ્રય તજી પલાયન કરી જઇએ તે અમને ઉચિત નથી એવું કૃતઘ્ન અને સ્વાર્થીપણું તો અમે મનુષ્યોને માટે સાંભળ્યું છે, તેથીજ અમે અહીં આ વનમાં એકાન્ત અને એકનાંજ આશ્રયી બની એકજ આશ્રમવાસી તપસ્વીઓનું અનુકરણ કરતાં અહીંજ નિવાસ કર્યો છે. માટે હે કોમલાંગી, સુકોમળ હૃદયી બાળા મારા સ્વામીને તું છોડ એજ મારૂ પરમ ધન અને દૈવત છે એજ મારૂ શાન્તિ સદન છે એમ તું જાણ એ વાણી સાંભળી રાજા પોતે એ હંસીની તરફ જાય છે તેને પણ હંસીની કહેવા લાગી કે મનુષ્યમાં ઉત્તમ એવા હે રાજા તમે જુઓ કે અમે અમારા સ્થાનકથી ભ્રષ્ટ ન થયા છતાં પક્ષીઓને વસવા યોગ્ય જે વ્યોમ જગામાં ગ્રહ બાંધી અમે અમારે ધર્મે વર્તીએ છીએ છતાં અમારા આશ્રમમાં આવી અમને ભય ઉપજાવી સખેદ કરીને તમારી નજીવી મોજ મેળવવા માગતાં હશો પણ ન્યાય પરાયણ દ્રષ્ટિથી "आत्म वत् सर्व भूतेषु" તમારૂં આ કૃત્ય ઘટીત લાગશે નહીં. એ મહા વાક્યને અનુસરી જોશો તો નિરપરાધી પ્રાણીઓને સંકટમાં ફસાવવાનો તમારો ઉદ્યોગ નિષ્ફળ જવાનો એટલુંજ નહીં પણ તમે ન ધારેલા સંકટમાં ઉતરશો માટે મારા પરમગતિ રૂપ સ્વામીને છોડી દ્યો, અને અમને નિરાંતે વસવા દ્યો. માણસો પોતાની મોજ માણવા નિમિત્તે અન્ય પ્રાણીની દુઃખી લાગણીની દરકાર કરતાં નથી તો હવે જુઓ કે જો અમે સત્યવ્રત ધારી એકજ

આશ્રય કરી રહેલાં, અમારી પ્રતિજ્ઞા પાળવાની સાચી ટેક નિભાવવા ઇશ્વર અમારી મદદ કરવા ચાહાશે તો જેમ તમો અમારો પતિ પત્નીનો વિયોગ કરવા માગો છો તેમ તમારા વચ્ચે પણ તેવો ન ધારેલો વિયોગ પડો.

હંસિનીના એમ કહેવાની સાથે તેના મનક્રમ વચનના પ્રભાવે નિકળેલા ઉદ્દગારને લીધે, કિંવા કાંઈ રાણીની અસાવધતાને લીધે, અથવા તો વિધિ કર્તવ્યની પ્રાબલ્યતાને લીધે આ કોમલાંગી વિધુવદની રાણી જે શાખા ઉપર હતી, તે શાખા એકાએક ભાગી પડી. તેથી રાણી અસ્વસ્થપણું ધારણ કરતાં બે હાથ વિખૂટા થતાં હાથમાં પકડેલો હંસ નર ઉડી જઇ હંસિનીને મળ્યો. તે અરસામાં રાણી હાથમાં એક ભાગેલી ડાળી આવતાં નદીના મહા જળમાં પડી. તે જેમ માતા પોતાને ખોળે પુત્રીને લે તેવી રીતે છતી જળમાં પડી તણાતી ચાલી. રાજા તો પોતે હજુ પણ પક્ષીઓને પકડવાની લેહમાં લાગેલો છે. પક્ષીઓ આ ડાળ પેલી ડાળ આમ તેમ બેસી ઉડી ચાપલ્યતાથી ફરીને બેસતાં. તેથી રાજા ફરી ફરીને થાકયો ત્યારે હવે પોતાની રાણીને ઉદ્દેશી તેને સાદ કરી કહેવા લાગ્યો કેઃ—હે વિધુમુખી કાન્તા, આપણે ચાલો હવે ઘર તરફ કુચ કરીએ. પણ તેનો ઉત્તર ન મળતાં એતો વિમાસણમાં પડયો. મનથી ગભરાવા લાગ્યો. જેમ જેમ જીજ્ઞાસા પૂર્વક જોતાં જોતાં બોલવા લાગ્યો અને તેનો પ્રત્યુત્તર ન મળવાથી વિશેષ અંદેશો ઉત્પન્ન થતો ગયો, તેમ તેમ રાજા વધારેને વધારે દિલગીર તેમજ અધીરો બનતો ગયો. નિશાસાના ઉદ્દગાર કાઢવા લાગ્યો કે આ એકાન્ત અરણ્યમાં તેમજ રાત્રિના સમયે આવી ઉદ્ધતમતિ મને કયાં સૂઝી કે જેનું પરિણામ અતિ અનિષ્ટ નિવડવાનો સંભવ પ્રાપ્ત થયો. સવાર સુધી તેજ ઝાડ નીચે ખુલ્લી આંખે બેઠો રહ્યો. છેવટ વડની શાખાએ શાખા તપાસ કરી કયાંઈ પત્તો ન લાગ્યો, એટલે તે નિરાશાથી જળમાં પડી ગયાનું અનુમાન કરી, રાણીનો ઘોડો તેની તે જગ્યાએ નિશાનિ માટે બાંધેલો રાખી, જલદી ઘર તરફ રવાને થયો. ઘેર જઇ તુરતજ પ્રવીણ અને પાવરધા ઢીંમરોને મોકલી નદીના જળમાં ઘણે દૂર સુધી શોધ કરાવી પણ કંઈ પત્તો લાગ્યો નહિ.

હવે આપણે રાણી કઈ સ્થિતિએ પહોંચે છે, તે તરફ આપણું ધ્યાન ખેંચીએ. હજુ નદીના અગાધ જળમાં પડીને પડતાની સાથે તેના હાથમાં જે વૃક્ષની સૂકી ડાળી આવેલી છે તેનેજ વળગીને અને તેનાજ આશ્રયે કરીને તે બુડવા પામી નહિ. પણ વાસ્તવિક આધાર મળ્યો તેથી કરીને જો કે તેને તરતાં આવડતું નહોતું, તોપણ તે જળની સપાટી ઉપર તરતી અને તણાતી ચાલી. કેટલેક દૂર ગયા પછી એક બેટ આવ્યો. નદીનું પાણી ઢીંચણપૂર ઉતળુ આવ્યું, એટલે તે રાણી પોતાના મનમાં શોક કરતી અણચિંતવ્યા વિયોગને સંભારતી તે બેટમાં નિકળી. ત્યાં એ અતિમનોહર રૂપવંતી નારી પોતાના ભાગ્યનો પશ્ચાત્તાપ કરતી, ચંદનીના વખતમાં, તેમજ એકાન્ત અરણ્ય વાસમાં, બેટમાં નિકળી બહાર આવી લમણે હાથ દઇ વિચાર કરતી બેઠી છે, એવામાં આકાશમાંથી એક વિજળીના પ્રકાશ જેવું અજવાળું દિશાઓને પૂરતું તેને જણાયું. થોડીજવારમાં તે અજવાળું પોતાના તરફ આવતું જણાયું. જુએ છે તો તે અજવાળું બીજું કાંઇ નહિ, પણ એતો અતિ સ્વરૂપવાન, તેજોમયી, અને મનોહર કાન્તિવાન મૂર્ત્તિરૂપે અદ્ભુત, અને અંતરિક્ષ છે ગતિ જેની, એવી એક અપ્સરા કિશોરવયની બાળા આકાશમાંથી વિમાન સાથે ઉતરી તેની પાસે આવી ઉભી. પ્રથમ તો તે રાણી આ ચમત્કાર દેખી બી'ની ખરી, પણ મનમાં હિંમત રાખી ધીરજથી વિચાર કરવા લાગી કે, સુંદર કાન્તિ એજ અભય આપનારો પ્રસંગ છે. અનુભવ મેળે જોતાં સુંદર કાન્તિવાળાં મનુષ્યો કિંવા દેવતાઓથી કોઇને પણ ઉપદ્રવ થએલો જણાયો કે સંભળાયો નથી.

દોહરો.

જે જનરૂપે આગળાં, તે જન નગણુ ન હોય;
કંચન કેરે પાંજરે, કાગ ન ઘાલે કોય. ૧

એમજ વિચારીને પોતે શાન્તપણે બેઠી હતી તે ઉભી થઈ, વિનય પૂર્વક આ દેવાંગનાને નમન કરી, પોતાની દીન અવસ્થા સૂચવતી, પ્રશ્ન કર્યા વગરજ ઉભી રહી. દેવ કન્યાએ પૂછ્યું:—અહો! આ અરણ્યને વિષે અને તેમાં વળી રાત્રિને પ્રસંગે જે વખતે મનુષ્યનો વ્યવહાર બંધ પડે-

સો હોયછે, તે વખતે આ અમારી હદમાં મનુષ્ય પ્રાણી ક્યાંથી! હે મનુષ્ય, તુ કોણ છે? અને અહીં આવવાનું તને પ્રયોજન શું, તે કંઇપણ ભય પામ્યા વગર ખરે ખરૂં હોય તે કહી દે.

આ પ્રશ્ન સાંભળી રાણીએ નમ્રતાથી ઉત્તર વાળ્યો કે, તમારા લાવણ્યમય અને અતિ સુંદર મુખારવિંદને જોતાંજ પ્રથમથી મને તમારા વિષે પૂજ્યભાવ અને અભયનો વિશ્વાસ ઉત્પન્ન થએલો છે, છતાં તેમાં વળી તમારૂં મમતા ભર્યું સંભાષણ મને રક્ષણની આશા આપનારૂં છે. હું હાલ તમો ભાગ્યશીલ બેહેનનો સમાગમ થયા અગાઉ આશ્રય વગરની અને પતિથકી વિમુખ થએલી ભાવિને આધીન થઇ છું. વર્તમાન તમારા શરણની યોગ્યતા પામીછું. મેં સાંભળ્યું છે કે ગાંધર્વ લોકના વૈભવ ઘણા ઉંચા છે, તેમ તમો અપ્સરાઓના વિહાર અતિ રમ્ય હોયછે. અને તમારા લોકો ઘણા માયાળુ હોયછે, એટલે તમારો સમાગમ અનુભવ ઉપરથી મને તો વરદાનરૂપ ફળવાનો એમ ભાસે છે. બેસો બેન, કાંઈ ફિકર નહિ, એમ દેવ કન્યા બોલી. (તુરત તે અદૃશ્ય થઈ ગઈ.) વળી આ સુંદરી એકલી પડી, તેથી પોતાના નસીબને ધિક્કારી, અફસોસ કરતી ત્યાંને ત્યાંજ બેઠી. દશ વીશ પળવાર થઈ નહિ હોય એટલા વખતમાં તો પોતાની જોડે પોતાના સમાન રૂપવાળી એક બીજી ગાંધર્વ કન્યાને લઈ વિમાનમાં બેસી તે સ્ત્રી ઉતરી આવી બંને કુમારિકાઓ રાણીની સન્મુખ ઉભી રહી. તેમાંની એકે આ રાણીની અથઇતિ પોતાની વડી બેનને વિદિત કરી. બંને જણીઓ ઉદારતા પૂર્વક બોલી કેઃ—હે મનુષ્ય, અમે તારા ઉપર પ્રસન્ન થયાં છીએ. તારા સ્વરૂપની કાન્તિ અમને પણ મોહ ઉપજાવે તેવીછે. તેથી તું મનુષ્ય લોકમાં ઉત્તમ વૈભવ ભોગવનારી અને પદ્મની સ્ત્રીછે એવું ભાસે છે. તારાથી મનુષ્ય લોકની સજ્જનતા, તેમજ વ્યવહાર વૈભવ, અને મનુષ્ય પ્રકૃતિનો અનુભવ મેળવવા તથા જાણવાની અમને ઇચ્છા થઇછે. તેથી ભલે તું અમારાજ મંડળમાં રહી અમારા અપ્સરા લોકના સુખ વૈભવનો અનુભવ લે. એ સાંભળી રાણીએ ઉત્તર વાળ્યો કેઃ—હા, મારી માયાળુ બેહેનો, ભલે તેમ થવા દ્યો. તમારી આજ્ઞાને તાબેછું. વળી તમારૂં શરણ લીધું છે, એટલે હું અનાથને તમારા

વગર કોનો આશ્રય છે? આ ઉત્તર સાંભળી દેવકન્યા બોલી:—ચાલો બેહેન, એમ કહી ત્રણે જણાં વિમાનમાં આરૂઢ થઈ, આકાશ માર્ગે મહીતળને જોતાં જોતાં ગમન કરતાં ચાલ્યાં. અહીં પોતાના વિનોદનાં સ્થળો તેમજ પોતાના લોકનાં નગર અને જંગલ વિગેરે વર્ણન સાથે બતાવતાં બતાવતાં પોતાના વિહાર સ્થળને ઉદ્દેશી નાની બેહેન વિદ્યુતપ્રભા બોલી:— આ રહ્યું અમારૂં વસંત અને ગ્રીષ્મ નિવાસ. આ રહ્યાં ચોપાસ પર્વતોના મધ્યમાં આવેલાં દીલ—આરામ કુંજ, વાટિકાને ઉપવન. મનોહર મુક્તમાળા તે ધ્યાન પૂર્વક જોતી જોતી, પહેલાંની ગુજરેલી આફતને વિસારે પાડતી, સખીના બતાવ્યા પ્રમાણે જુએછે તો તેને જણાયું કે આ રહ્યું, એક બાજુ આવેલું યમુના અને ગંગાના સંગમનું પ્રયાગરાજ નામનું તીર્થ; જ્યાં ભારદ્વાજ મુનિનો આશ્રમ પૂર્વે હતો, અને જ્યાં મુનિમંડળ ભરાઇને સભાની મધ્યમાં શ્રી રામચંદ્રજીના ગુણનું કથન કરવામાં આવતું હતું. આ રહ્યો, ઉત્તરમાં હિમાલય પર્વતનો પ્રદેશ.. આ રહ્યો, દક્ષિણ દિશા તરફ આવેલો વિંધ્યા પર્વતનો પ્રદેશ. આ સર્વની મધ્યમાં આવેલી આ મનોહર ઉપવન તરીકે અરણ્ય ભૂમિછે. તે એક મધ્ય દેશનું આભૂષણ છે. પૃથ્વીને ફરતી ચોમેર ઘટારૂપ વૃક્ષોની તેણે જાણે કટિબંધ મેખળા ધારણ કરેલી છે. અને અનેક પુષ્પોવાળી વૃક્ષવેલીથી તે શ્વેતરૂપ ધારણ કરી રહેલી છે. જો આ નવીન વલ્લીનાં પુષ્પ વિકાસપણાને ધારણ કરે છે. તે જાણે મિત્રના ઉદયથી તેમજ આવતા અતિથિના આગમન નિમિત્ત મનની પ્રફુલ્લતાની હાસ્ય છબીનો પ્રભાવ બતાવતી હોય તેમ જણાય છે. જો આ ચમરીના છોડનાં પત્રોને મત્ત થએલાં કુરર પક્ષીઓ કરડે છે. જો આ તમાલ વૃક્ષનાં પત્રોને મદોન્મત્ત હસ્તિઓએ પોતાની સુંઢોથી તોડી પાડેલાં અને તે પગ તળે વટાએલાં હોવાથી પવનને યોગે તેની સુગંધ અહીં વહ્યાં કરે છે. જો આ પક્ષીઓના ચુંચુ પ્રહારથી આહારને અર્થે ફાડેલાં દાડમ ઇત્યાદિ ફળોના રસવડે કરીને આ વનની ભૂમિ ભીંજાઈ રહેલી છે. જો આ વિહારને અર્થે લીલાં નવપલ્લવની શય્યાઓ રચેલી છે. અને તેની આજુબાજુ આમ્રઘટા અને કેવડાઓની ઘીચ લતાઓ ઝૂકી રહેલી છે. તેથી હિમાલય પર્વતના

ગર્ભસ્થલની પેઠે તેમાં ઠંડી હવાની સાથે દિવસે પણ અંધકાર વ્યાપી રહેલો હોય છે. જેથી તે ગરમીના દિવસોમાં સુખ વૈભવના અભિલાષી ભોગી એવા દૈવી વિભૂતિવાન લોકને કાળ નિર્ગમન કરવાની જગ્યા મનાએલી છે. અને જો આ આમતેમ કૂદાકૂદ કરતા વાનરોના હલાવવાથી હચહચી રહેલાં વૃક્ષોનાં પત્રો ગરી ગયેલાં હોવાથી અને તેના ઉપર પુષ્પ રજ ચોંટવાથી સુગંધીમય પવનની લહેરો આવતી રહે છે. અને તે સાથે તેની શોભા કંઈ જૂદાજ પ્રકારની જણાય છે. નાળિએરીનાં પુષ્કળ વૃક્ષોથી જો આ વન શોભી રહેલું છે. જો આ કદલીના વનમાં વિહાર કરવા આવેલા ગાંધર્વ લોકોના વિમાન થોભેલાં છે. તેથી તે જાણે એક માયાવી નગરની શોભા ધરાવતું હોય તેની પેઠે શોભે છે. વળી જો આ શ્યામ ઘટાદાર આંબાના વૃક્ષને સુંદર ગુલાબી રંગના પુષ્પવાળી વેલ વળગી રહેલી છે. તેણે કરીને જાણે શૃંગારી સ્ત્રી પુરૂષોનાં મન ઉદ્દીપન કરવાને અર્થે શૃંગાર કળામાં પ્રવીણ રાધાકૃષ્ણનો પરસ્પર અંકિત થએલો વિહાર પૂર્વે આ વૃક્ષોએ જોએલો, તેનું અનુકરણ કરી બતાવતાં હોય તે પ્રમાણે તેઓ જોનારનું દીલ પોતાના તરફ આકર્ષણ કરી લેછે. જો આ અશોક પલ્લવ તેમજ બકુલનાં વૃક્ષોની કુંજલતાઓ બાઝી રહી છે. તેથી અને બકુલનો પુષ્પ સમૂહ ખીલી નિકળેલો હોવાથી તેમજ તેની વચ્ચે વચ્ચેના ભૂમિ તળ ઉપર સ્વાભાવિકપણે આવી રહેલી ચોરસ આરસની શિલાઓ એકએક ગુહાની પેઠે શોભી રહેલી છે અને તેની વચ્ચે વચ્ચે સુંદર ચળકતાં સ્વચ્છ જળનાં ઝરણોનો પ્રવાહ વહ્યાં કરે છે. તેથી જાણે વન દેવતાની સુખ શૈય્યાનું સ્થાન હોય તેવી રમણ્ય તે જગ્યા લાગે છે. આ ઉપવનની બાજુ ઉપર આવેલું આ એક જળક્રીડા કરવાનું સુંદર સરોવર છે. જો તેમાં સુંદર કમળો ખીલી રહેલાં છે. જો આ ચોતરફથી આવતાં ઝરણોનો પ્રવાહ એ સરોવરને મળે છે. તેથી તે એક સમુદ્રની પેઠે ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. તે અનેક કાળનું પુરાતન હોવાથી, મહદ્ જળ ભરપુર હોવાને લીધે અનેક જાતનાં જળચર પ્રાણીઓનું ભવસાગરની પેઠે નિવાસ સ્થાન છે. તેની આરસ પાહાણથી પાળીઓ બાંધેલી છે. આ, જો, નાના પ્રકારના સુંદર ઘાટ બાંધેલા જોવામાં આવે છે. એ

પેલી શિલાતળ ઉપર જળમાંથી બહાર નિસરી જળ મનુષ્યો બેઠેલાં દીસે છે. આ સરોવરમાં એક જાતનાં મત્સો સારા પાણીદાર મોતીનો ઉદ્ભવ કરે છે. તેથી આહારને અર્થે મોતીનો ચારો કરવા આવતા અનેક હંસો એમાં પ્રવેશ કરે છે અને બાહાર નિકળે છે. તેથી જળના સ્પર્શથી ભીંજાએલી પાંખોના ફફડાટથી ઉડતા ઝીણાઝીણા જળકણને લીધે બાજુના પ્રદેશમાં વણ વાદળે પણ વરસાદની સંભવના કરાવે છે. એવી રીતે અન્ય અન્ય પ્રકારે આ ઉપવન એક શીતળતા, શોભા, અને સુંગધી પદાર્થની જન્મ ભૂમિછે. તેમજ જન સમૂહનું આહ્લાદકારી સ્થાન છે. એ પ્રમાણે નાના પ્રકારના ઘાટ, પર્વતોનાં શિખરો, અને વિહારનાં સ્થળો જોતાં જોતાં અંતરિક્ષ રહી ધીમે ધીમે ગતિ કરતાં પશ્ચિમ દિશા તરફ ચાલ્યાં. તેમ આગળ ચાલતાં અંતરિક્ષ રહી દેખાતા ગંધર્વ નગરની રચના તેમના જોવામાં આવી, તો તેના રાજ્ય રસ્તાઓ આરસપહાણથી બાંધેલા શોભી રહેલાછે. બાજુ ઉપર રહેલાં હારબંધ સપ્તમાળનાં ભુવનોની ભીંતોમાં સોનાના કિંમતી પ્રવાહી રસથી નાના પ્રકારનાં ચિત્રો યોગ્ય જગ્યાએ યથાક્રમ આલેખન કરેલાં છે. તેમજ અનેક જાતના મિશ્રણ કિંવા સ્વતઃ રંગોથી કુંજલાટિકાઓના તથા વૃક્ષવેલીના તથા ૠતુ ૠતુના ભાવો બતાવનારાં ચિત્રો ચિતરેલાં હોવાથી જોનારના મનમાં જીજ્ઞાસા ઉત્પન્ન કરી જોનારનું ધ્યાન તે ભુવનો પોતાના તરફ આકર્ષણ કરાવતાં રહેછે. એ ભુવનોની સામસામી હારોની વચમાં રસ્તાઓની બાજુ ઉપર થોડે થોડે અંતરે સુંદર આકૃતિવાળી સુરૂપ સુંદરીઓના વેશમાં જળ યંત્રો ગોઠવાયેલાં અને તેના હસ્તમાં ગ્રહણ કરાવેલી ડાંડીના આકારમાં અનેક ઝીણા છિદ્રોવાળી નળીમાંથી નિકળતી જળધારાઓ જાણે શ્વેત ચામર ગ્રહણ કરીને મૂર્ત્તિમાન અપ્સરાઓ વટેમાર્ગુઓની સેવાને અર્થે ઉભેલી હોય તેમ દીસતું હતું. એ જળયંત્રોની બાજુ ઉપર સુંદર પુષ્પ સમૂહ ભરિત વૃક્ષોની હારો આવી રહેલી હતી. તે જાણે વાસક શય્યા નાયિકાઓની પેઠે પુષ્પથી વધાવી લેવાને આવતા પોતાના પ્રિયતમ (વટેમાર્ગુઓ) ને અભિવંદન આપવા સજ્જ થઈ રહેલી હોય તે પ્રમાણે એક સરખી હારમાં વાટ જોતી ઉભી રહેલી હતી. તે વૃક્ષોના વચ્ચે વચ્ચેના ભાગમાં

થઈ નગરના એક બીજા અવાસમાં જા આવ કરવાના નાના માર્ગ બાં-ધેલા હતા. જળયંત્રથી ચાલતી ધારાઓવડે વૃક્ષોનાં પાત્રો ઉપર જળ સિંચાતું હતું. તેથી કરીને હમેશાં તે વૃક્ષો નવપલ્લવ રહેતાં. નવાંકુરની શોભાથી ભરપુર રાખવા માટે તેની લાંબી ટુંકી શાખા, ટીશી, અને પુષ્પો, યોગ્ય જગ્યાએ ચિત્રની કુંજ લતાની માફક શોભતી રાખી, બાકીની કાપી ખુંટીને દુરસ્ત કરવાનો ફરજીયાત ધારો હોવાને લીધે, તે માટે ખાસ અનુચરો ફરતા જોવામાં આવતા હતા. એ વૃક્ષોની બીજી બાજુ રસ્તાઓ ઉપર જળયંત્રોથી પડતા બિંદુઓવડે જળ પથરાતું હતું. તેથી કરી અતિસ્વચ્છ આરસની શિલાતળની સફેતી સાથ જળના ભીંજા-વાથી ચકચકિત ચળકાટ મારતા રસ્તાઓ શોભી રહેલા હતા. તે નગરના અવાસોનાં દ્વાર હાથીદાંતનાં બનાવેલા હતાં. તેમજ તેને સુવર્ણ ચાંદી ઇત્યાદિ ધાતુનાં નકશીદાર પત્રાંથી અલંકૃત કરવામાં કંઇપણ ખામી જ-ણાતી નહતી. એમ નાના પ્રકારનાં ચિત્રોથી શોભી રહેલાં ભુવનોમાં છજાં, જરૂખાં, મેડી, અગાસી, અને જ્યાં જોઇએ ત્યાં સુંદર શણગા-રથી અલંકૃત થઈ રહેલી હાલન માલન કરતી તેમજ અનેક વ્યાપારમાં પરાવર્તન થએલી સુંદરીઓ દેખાતી હતી. તેથી જાણે સુરત વ્યાપારનું માયાવી બનેલું નગર હોય તેમજ સઘળે ઠેકાણે જોવામાં આવતુ હતુ. અહીંઆ દંતોપચાર પાનની બીડી કરડવામાં થતો હતો. અને ફુલની કળીઓ હાથેવતી વીણવી એતો મહા આયાસકારી કામ થઈ પડતું હતું. તેમજ ફુલનાહાર પરોવવા એતો અસુકુમાર સ્ત્રીઓનું કામ ગણાતું હતું. હાથનો ઉપયોગ વીણા સિતાર, આદિ સંગીત વાદ્ય બજાવવામાં થતો જોવામાં આવતો હતો. અને તેમનો ઉદ્યોગ જોઇએતો બધો સમય આભૂષણ સજવાં, નાના પ્રકારનાં વસ્ત્રો અલંકૃત કરવાં, એમ વારંવાર સમય સમયના પોશાકો સજવાનો હતો. તેમનાં બધાં સાહિત્યો કેવળ વૈભવને અર્થે નિમાએલાં જણાતાં હતાં. તેમના વ્યાપાર પણ કેવળ સુખ ઉપભોગ અર્થેજ ચાલતા હતા. કોઈ પોતાના આંગણામાં કેળની વાટિ-કામાં ફરતાં ફરતાં પવનનો ધક્કો લાગવાથી ક્ષોભ પામેલી કેળના સ્થંભનો ટેકો લઈ સુંદર લતા મંડપમાં ઝુલતા ગુચ્છને પકડી ઉભેલી ખંજન પ-

ક્ષીના સમાન અણીઆળી આંખથી કટાક્ષ પૂર્વક કોઈ પ્રિય વસ્તુ તરફ અવલોકન કરતી જણાતી હતી. અને ત્યારે કોઈ બીજા મંદિરમાં કેતકી પરાગની ઉડેલી રજ સુવર્ણમય ભૂમિ ઉપર પથરાએલી હોવાથી તેને વાળી સ્વચ્છ કરવામાં આવતી હતી. ત્યારે વળી કોઈ બીજા અવાસમાં કુંજવાટિકાઓના રોપાઓને સુવાસિત ચંદનના ભૂકાનું ખાતર પૂરવામાં આવતું, અને તેને ગુલાબજળ ઇત્યાદિ સુવાસિત જળ સિંચાતું હતું. તો કોઈ ઠેકાણે ઘરના આંગણામાં મેના પોપટનાં પિંજર શોભી રહેલાં હતાં. અને તેમને નાના પ્રકારના રસિકવાદ શિખવવામાં આવતા હતા. તો કોઈ ઠેકાણે દાડમના છોડને આવેલાં ફળ પક્ષીઓ તોડી ખાય નહિ એ-ટલા સારૂ મોતીની જાળથી તેને ગુંથી લેવામાં આવતાં હતાં. તો કોઈ ઠેકાણે ઘરના આંગણામાં કુંજવાટિકાની વચ્ચે આવેલા સુંદર મણિ-મય હોજની અંદર નિર્મળ કાચ સમાન સ્વચ્છ જળમાં જળક્રીડા કરતી સમાન વયની કિશોરી સુંદરીઓ કામક્રીડાના પરિહાસ વચન યુ-ક્ત અનેક યુક્તિ સાથની ક્રીડાઓ કરતી જણાતી હતી. ફુલના દડાઓ હાથમાં લઈ તાકી તાકીને એક સખીના સ્તન ભાગ ઉપર ફેંકીને ચેષ્ટા કરતી હતી કેઃ—અલી, તારી ચોળીને કેતકીના કાંટા ભરાયાથી તંતુ તણાયા છે, કિંવા તેની ખજુળી લાગવાથી તારે હાથે કુચ મરદન થવાથી તે ચોળાઈ ગઇછે. અથવા તારા પ્રિયતમના સુંરત સમાગમ વખતે તેના હસ્ત—કમળે કુચ ગ્રહણ થવાના સબબથી તેમ થયુંછે. ત્યારે એ વિધુવ-દની મૃગાક્ષિ સુંદરી પોતાની સખીએ આરંભેલી ચેષ્ટાનો મર્મ સમજી સ્મિત હાસ્ય કરી વ્યંગમાં યુક્તિ પુરઃસર જોતાં કાને પહેરેલી રત્ન જડાવ અકોટિનાં ગોળાકૃતિ કિરણ એજ પોતાની સખીના ગાલ ઉપર પડતાં, પ્રત્યેક નંગનું પ્રતિકિરણ જાણે તાજા દાંત બેઠેલા હોય એવી શંકા ઉત્પન્ન થવાને લીધે, તે પ્રશ્ન કરતાં કહેવા લાગી કેઃ—હા, એતો ઠીકજ છે. પણ અલી, તારા ગાલ ઉપર આ કાંઈ વિચિત્ર અલંકાર ધા-રણ કર્યોછે, કિંવા રતિસમાગમ વખતે તારા પ્રિયતમના દંતોપચાર વિ-ધિનું આ લેખન કરી રાખ્યુંછે કે શું? એમ પરસ્પર ક્રીડાના છળમાં વિનોદ થતો જોવામાં આવ્યો, અને ત્યારે અન્ય કોઈ સ્થળે રૂડા પોશાક

સજીને કેટલીએક સ્ત્રીઓ સાથે મળીને નાના પ્રકારના વાદ્યની સાથે આલાપ કરતી તેમજ નૃત્યારંભ કરતી જણાતી હતી. એ પ્રમાણે અનેક પ્રકારના ગાંધર્વ લોકના વિહાર તેણે જોયા.

વીરભદ્ર કહેછે:—પછી આગળ ધીમે ધીમે ગતિ કરતું વિમાન એક મોટા શિખરવાળા પર્વતના પ્રાંત ભાગમાં વિશાળ મેદાનના મધ્યમાં આવેલા એક અતિ રમણ્ય અને સુંદરતાથી ભરેલા બાગને વિષે એક મોટા મેહેલના ચોગાનમાં દ્વારદેશ નજીક ઉતારવામાં આવ્યું. ત્રણે સુંદર બાળાઓ વિમાનમાંથી નીચે ઉતરી. એક બીજીનો હાથ પકડી મહેલમાં પ્રવેશ કરતાં મનોહરમુક્તમાળાએ જોયું તો પ્રથમ દરવાજાના અંતર ભાગમાં એક ઘટાદાર વેલીનો લતા મંડપ ઝૂકી રહેલો છે. દ્વારદેશની પાસે બે અતિ સૌંદર્યવાન સ્ત્રીઓ હાથમાં છડી પકડીને યોજેલા શબ્દોમાં પોકાર કરી આવકાર વાચક મંગળ શબ્દોથી આવાગમન સૂચક અભિનંદન આપવા ઉભી થઈ નમન કરતી જણાઈ. વેત્રધારીના સંકેતથી પોત પોતાનાં સાહિત્યો હસ્તમાં ગ્રહણ કરીને હજારો સ્ત્રીઓ કાન્તિમાન સ્વરૂપમાં એક એકથી અધિક અને ઠાઠ માઠથી ભરપુર અવસર આ મેહેલની રવેશમાં બંને બાજુ વચ્ચે માર્ગનો વ્યાસ રાખી સીધી હારબંધ એક શેરીના આકારમાં સજ્જ થઈ ઉભી રહેલી, તેમના મુખને ચંદ્રની ઉપમા ઘટતી હોવાથી જાણે હજારો ચંદ્ર એકજ વખતે અહીં ઉદય થયા હોય તે પ્રમાણે જણાયું. તેથી તેને લાગ્યું કે આ નારીમય નવો સંસાર રચી કૃતાર્થપણું બતાવવાની અભિલાષાથી સૌંદર્યતા અને સુકોમળતાના કોશરૂપી નારીમય સત્ત્વ અહીંઆંજ પ્રજાપતિએ સંચય કરી રાખેલું છે કે શું? હજારો સ્ત્રીઓના સમુદાયની વચ્ચે ચાલતાં એ ચોક મધ્યે આવી પહોંચ્યાં. અને ત્યાં મનોહર બગીચો રચેલો હતો તેને નિહાળતી નિહાળતી મહેલના અંતર્ભાગ પર્યંત મણિ માણિક્ય અને સુવર્ણમય ગૃહશણગારની અનેક રચના અને વ્યવસ્થા જોતાં જોતાં એક સુંદર દીવાનખાનામાં જઇને ત્રણે જણીઓએ નિવાસ કીધો. બાહારનો અને અંદરનો દેખાવ બહુ વિચિત્ર પ્રકારનો તેમજ અતિ રમ્ય લાગતો હતો. અનેક શિખરોવાળા આ મેહેલ ને ઠેકાણે ઠેકાણે ધજા, પતાકા, વાવટા, અને તોરણો વડે માંગલિક

સુચિન્હો દર્શક શણગારેલો હોવાથી તે આનંદમય લાગતો હતો. અહીંયાં તે સ્થિતિ કરીને કાળ નિર્ગમન કરવા લાગી. દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. સુખ ઉપભોગમાં તેને કોઈ વાતે ઉણું પડતું નહોતું. ગાંન્ધર્વ લોક વિહારના અનુરાગી છે, પણ તેમને ગર્ભસ્થિતિનું અવલોકન અને રક્ષણ તે અહીં આજથી આરંભી તેઓને પહેલ વહેલું અનુભવવાનુંછે.

હવે જેમ પારિજાતકથી ઇંદ્રના નંદન વનની ઘટા શોભે છે, તેમ ગર્ભને લીધે રાણી મનોહરમુક્તમાળાની શોભા વધવા લાગી. દિવસે દિવસે જે પ્રમાણે શરદથી આરંભી સમુદ્રનું જળ પાન કરતાં, ધીમી ધીમી ગતિએ મૃગશરનાં વાદળ ચાલે છે, તે પ્રમાણે આ સગર્ભા તરૂણીની ગતિ ગર્ભને લીધે મંદ થતી ચાલી, અને વખતે વખત બગાસાં સાથે આંખો જરા મીંચીને તે નિશ્વાસ નાંખવા લાગી. આવી તેની અવસ્થા અને પાન ભોજન ઉપર અરૂચિ થતી જોઇને તથા શરીરનો વર્ણ પીળો થતો જોઇને ગાંધર્વ રાજપુત્રી વિદ્યુતપ્રભા તેમજ તેની મોટી બેન પ્રતાપવિજયાએ પ્રશ્ન કીધો કેઃ–બેન, અમારા તરફથી તમને કશી વાતે ઉણપ પડવા દેતાં નથી, છતાં તમારૂ શરીર આવી સ્થિતિ કેમ ધારણ કરે છે? વળી બેન, નિશાસાના ઉદ્દ્ગાર શા માટે કહાડો છો? મનોહરમુક્તમાળા પોતાના ઉપર ભારે ઉપકારનો બોજો છે એમ સૂચવતી બોલી કેઃ–બેન, મને કશી વાતની ખામી નથી. પણ તમે જાણતાં હશો, અને હું પણ જણાવવાની જરૂર ધારૂં છું કે બેનો તમે દેવલોક છો, અને અમે મનુષ્ય લોક છઇએ. તમારી ઇચ્છામાં આવે તે સુખ ભોગવવાને તમારે નિર્માણ થએલું છે. અને સુખદુઃખ મિશ્ર અને વ્યાધિ ઉપાધિ ગ્રસ્ત મનુષ્ય લોક હર્ષ શોક ભોગવવા અમે નિર્માયેલાં છીએ. જો તેમ નહોત તો મને મારા પતિ થકી વિમુખ રહી વિયોગ દશાનો સંભવ ક્યાં, અને એવા વિપરીત નસીબને આધીન એવી અબળાને સુખાવહ બધાં સાધનો અનુકુળ ક્યાંથી! વળી તમે મારાથી જાણીતાં થશો કે મનુષ્યને બાળકનો જન્મ પ્રસંગ એ એક મહા વિકટ દુઃખકારી અને મરણની ઘાંટીનો સમય છે. તેવે પ્રસંગે તમો ભાગ્યશીલ બેહેનોનો સમાગમ છતાં પણ તમો તે ક્રિયામાં કેવળ અજાણ હોવાથી મને પોતાને એકલીનેજ

એ દુઃખ સહન કરવું પડશે. નથી આ સમયમાં મારી માતા પાસે, કિંવા નથી કોઈ ઉત્તમ સુયાણી કે તેની સઘળી યોજનાઓ તે ઘડી રાખે, તે માટે બેહેનો હું ચિંતાતુર છું. રાણીનો આ પ્રકારનો ખુલાસો સાંભળી દિલાસો આપતાં વિદ્યુત્પ્રભા બોલી કેઃ—તમો કહોછો તેવી સ્ત્રી ક્યાં મળી શકે તે અમને કહો. એ સાંભળી મનોહરમુક્તમાળા કહેવા લાગીઃ—

એતો હસ્તિનાપુરમાં રાજ્યગૃહ સુયાણીના નામથી પ્રસિદ્ધ છે. અને તે ત્યાંના રાજાના ગૃહ સિવાય બીજે કોઈ ઠેકાણે જવાને ના પાડશે. તેથી તેની સાથે કાંઇ યુક્તિથી વર્તવું પડશે. એવી યુક્તિ રમવામાં તમો બાઇની સમયોચિત બાહોશી વિશેષપણામાં છે. તેમજ ચાતુર્યતામાં દીર્ઘદર્શી છો. તેથી તમને યોગ્ય લાગે તેમ કરશો. સુયાણીનું નામ પામી તુરતજ વિદ્યુત્પ્રભા અને પ્રતાપવિજયા બંને બેહેનોએ વિમાનપર સવાર થઇ થોડીકજ ઘડીમાં હસ્તિનાપુરના પાદરે એક બગીચાની મધ્યમાં આવેલા એક મેહેલની ગચ્છીમાં વિમાન ઉતાર્યું. આ મેહેલ ત્યાંના રાજાની સહેલઘા માટે હોવાને લીધે હાલ તે નિર્જન હતો, તેથી ત્યાં તેમણે સુખે વિસામો કીધો. વિદ્યુત્પ્રભાએ એક સુંદર પુરૂષનો વેશ ધારણ કર્યો. એના ઉચ્ચકુળ તેમ સુખી વૈભવની સ્થિતિનો ખ્યાલ તેના કોમળ અવયવોને લીધે જણાવા લાગ્યો. એવો સ્વાંગ ધારણ કરીને તે રાજ્યગૃહ સુયાણીનું ગૃહ પૂછતાં પૂછતાં તેના ઘર આગળ જઇ પૂછ્યું તો, તે સુયાણી પોતેજ તેનો પતિ પુત્ર ઘેર ન હોવાથી એકલી ઘરના દ્વાર વચ્ચે બેઠેલી હતી. તેની પાસે જઈ તે એજ છે એવી વાતની ખાત્રી કરી આ અજાણ્યા પુરૂષે કહ્યું કેઃ—તમારી ખ્યાતિ અમે સાંભળી છે. અને તમારી સાથે અમારે કાંઇ કામ છે. માટે અમે અહીં આવ્યા છીએ. અમે એક સુખી ઘરના ફરજંદ છીએ. અમારૂં અહીં દેશાટન અર્થે આવવું થયેલું છે. અમારી સ્ત્રીને ગર્ભપ્રસૂતિ આવવાના દિવસો નજીક આવતા જાય છે. તેથી અને રાજ્યવિગ્રહ કરી અમે નિકળેલા છીએ, તેથી અમારો એકાંત વાસ આ શેહેરની ભાગોળે કીધેલો છે. માટે બાઇ તમો ત્યાં આવશો તો થોડા દિવસ રહી અમારૂં કામ કરી પાછાં ઘેર આવજો. તે સુયાણી ના કહે તે પહેલાં તો આ વેશધારી પુરૂષે એક હજાર સોના મહોરની થેલી તેના હસ્તમાં

આપી. "દ્રવ્ય દેખી મોટા મુનિવર ચળે" તો પછી એક અનિશ્ચિત વૃત્તિની તેમજ હલકા કુળમાં ઉત્પન્ન થએલી એવી આ સુયાણી પોતાનો ટેક શી રીતે જાળવી શકે? ચાલો સાહેબ, તમારી સાથે આવવા તત્પરછું, એમ કહી સોના મ્હોરની થેલીએક ગુપ્ત જગ્યામાં રાખી તે આ પુરૂષની સાથે આવવાને તત્પર થઇ. પુરૂષના આકારમાં રહેલી વિદ્યુત્પ્રભાએ કહ્યું:—અમારી સાથે આવતાં તમારે એટલી શરત બજાવવી પડશે કે આંખે પાટા બાંધી હું લઇ જઉં તે ગૃહમાં જવાનું છે. કેમકે આગળ તમને જણાવ્યું છે, તેમ રાજ્ય લોકના અમે વિગ્રહી છઇએ. તેથી તેમ કરવાની જરૂર છે. પૈસાને લોભે તે તેમ કરવાને કબુલ થઇ. આંખે પાટા બાંધી તે પુરૂષની સાથે સાથે તે ભાગોળે આવી. પેલા મેહેલની અગાશીમાં જઇ ત્રણે જણ વિમાનમાં આરૂઢ થઈ પેલી સુયાણી બુમ પાડે તે અગાઉ જલદીથી ગતિ કરી ગયાં. સુયાણીને ભયપ્રદ દબાણથી કહ્યું કે:—અમે કહીએ તેથી વિરૂદ્ધ ચાલવામાં તું તારા જીવનું જોખમ વ્હોરશે. જેમ તમે કહેશો તેમ કરીશું એમ સુયાણીએ જવાબ આપ્યો. થોડીવારમાં તે પોતાને મુકામે આવી ઉતરી પડ્યાં. સુયાણીને મનોહરમુક્તમાળાને સ્વાધીન કરી કહ્યું કે:—ખબરદાર આનો એક વાળ સુદ્ધાંને પણ ઇજા પહોચશે તો તને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે.

ચતુર સુયાણી માવજતથી તેની દેખરેખ રાખવા લાગી. જેષ્ટ માસની પૂર્ણિમાને દિવસે મનોહરમુક્તતમાળાને પુત્ર પ્રસવ થયો. તેનું અતિ સુંદર મનોહર મુખ હજારો ચંદ્રની પરંપરા ભેગી કરી હોય તેવું શોભતું હતું. તેનું સામુદ્રિક અતિ ભવ્યતા સૂચવતું હતું. આ સુયાણીએ જાણ્યું કે આ રૂપવંતા કુવરને તે જોશે તો હર્ષ ઘેલી થઇ જવાનો સંભવ છે. એમ જાણી તેણે મીણ કિંવા તેવા કોઇ પદાર્થથી બનાવેલું કૃત્રિમ કુબડું બાળક બતાવી કહ્યું:—બાઈ, તમને આ અપશુકન તરીકેનો પ્રસવ થયો છે. તે જોઇ પોતાના મનથી કાંઇક વિચાર કરતી પોતાના નસીબનો દોષ સ્વીકારી અપસોસ કરતી તેણે રાત્રિ ગુજાર્યાબાદ સુયાણીએ જોયું કે હવે તેની પ્રકૃતિ સુધરી છે. વળી જો તે ખેદ કરતી રહેશે તો કાંઇ અન્ય વ્યથા થવાનો પણ સંભવ છે. એમ જાણીને તેણે પેલા ચં-

દ્રવદન કુંવરનું તે રાણીને મુખાવલોકન કરાવ્યું. અને કહ્યું કે:–દેવી આમ કરવાનું પ્રયોજન તમે વાજબી ધારશો. તેણે કહ્યું:—અરે મુરખ, તે અધીરી અને અપાત્ર સ્ત્રીનું કામ છે. પણ હું તો સુખ દુઃખ સમાન દૈવાધીન ગણી વર્તું છું. મને તે તો સમાનજ છે. એવી હું છાલકી નથી કે અતિ સુખથી છલકાઈ જઉં, કિંવા અતિ દુઃખથી ગભરાઇ જઉં. એતો ગ્રામ્ય હોય તેનેજ માટે એ વિચારવું ઘટિત હતું. એક માસ પર્યંત સુવાવડ કરી સુયાણીને રજા માગી. અને જેમ તેને અહીં લાવવામાં આવી હતી તેવીજ સ્થિતિએ તેને આંખે પાટા બાંધી તેના ગામને પાદરે મૂકી. આ બાબતનો ભેદ કોઇપણ માણસને મોંઢે ન ખોલવા માટે ભય આપી તેમજ પ્રતિજ્ઞા લેઈ તેને જવા દીધી. તેનો સારો સત્કાર કીધાથી તે ન્યાલ થઇ ગઇ હતી.

હવે અહીં ગંધર્વ રાજ્ય કન્યાઓને તો કોઈ દિવસ બાળકનો પ્રસંગ તેમજ ઉદ્યોગ નહિ હોવાથી આ કોમળ બાળકને આમતેમ ફુલના દડાની માફક કોમળ સુહસ્તે કોમળ વદનથી ચંચળ આંખથી અને ચંદ્ર જેવા તેના મુખારવિંદને લીધે સહસા પ્રિય લાગવાથી તેઓ લેતી, મૂકતી, ચુમ્બન કરતી અને રમાડતી હતી. તેથી તેઓનેતો તે એક આનંદનું સદન અને રમતગમતનું સાહિત્ય કિંવા પાત્ર થઇ પડ્યું. મનોહરમુક્તમાળા–કુંવરની માતા–તેણે પોતાના આપ્તજન તરીકે આ ગંધર્વ રાજકુમારિકાઓનો અભિપ્રાય લઈ કુંવરનું નામ શશિવર્મા પાડ્યું. અહીં તેના હિતને અર્થે તથા તેના લાલનપાલનને અર્થે તેમજ નાના પ્રકારની ઉત્તમ નિતિના શિક્ષણને અર્થે અને પોતાની સખીના સુખને અર્થે આ ગંધર્વ રાજ્યકન્યાઓએ અનેક સાહિત્યો કરાવી રાખ્યાં.

હવે મનોહરમુકતમાળા પણ પુત્રસ્નેહામૃતનું પાન કરતાં અને માતા તરીકે પુત્ર વાત્સલ્ય પ્રેમનું તે પુત્રને અવલંબન કરાવતાં પોતાના રૂડા આચરણની છાપ તેના કુમળા હૃદયપર પાડવામાં બહુ સંકટ અને નિત્ય નિયમ પાળતાં તેનું લાલનપાલન કરવા લાગી. તે પોતે ચતુર વિવેકી અને માતાનો અધિકાર પામેલી ઉત્તમ કુળની સુહૃદયી માતા હતી. અને પોતે પોતાના સઘળા ધર્મ અને ફરજોને સમજતી હતી. તેથી

પોતે જેવાં જેવાં આચરણ, સ્વભાવ, પ્રકૃતિ, હર્ષ, ઉત્સાહ, ધૈર્ય, સહનશીલતા, સાહસ, ઔદાર્યવૃત્તિ, અને અહિંસા તેમજ સત્યવાણી એવી એવી સદ્ વૃત્તિઓ વિગેરે સદ્વ્યવહાર પોતાના ચરિત્રોથી કરી બતાવવા લાગી. તેજ પ્રમાણે બાળક માતાના પ્રેમને લીધે ગ્રહણ કરીલે માટે તેણે તથા તેની ઉપકારી બેહેનો, જે અપ્સરાઓ, તેમણે એવાંતો ચરિત્રો અવલંબન કરાવવા માંડયાં કે બાળકની નજરે જન્મથી આરંભી ત્યાં રહ્યા પર્યંત કોઇપણ દિવસ તેને ગ્લાનિ પહોચે તેવું કોઇ કૃત્ય આદરવામાં આવ્યું નહોતું. પુત્રને વાસ્તે નાના પ્રકારની નાની નાની શય્યાઓ તથા સ્વચ્છ વસ્ત્રો, ઘોડીયું તથા પારણું કરાવી રાખવામાં આવેલું હતું. દરરોજ માતા નિયમિત વખતે ખડીને ખડી રહી વખતસર તેને પયપાન કરાવતી હતી. તેથી બાળક આનંદમાં રહી સુખે રમતું હસતું, અને ઉત્સાહથી પગ હાથ હલાવી ખેલતું હતું. અને તેને વખતસર સુવાડી હિંદોળવામાં બાળકો રાગને ઉત્કંઠાથી સાંભળે છે, તેથી તેના કાનને મધુર લાગે તેવા સ્વરથી તેની માતા તેમજ ગાંધર્વ રાજ્યકન્યાઓ ગાયનકળા આલાપની અવધિએ પહોચેલી હોવાથી નાના પ્રકારનાં સત્પુરૂષોનાં ચરિત્ર તથા એવા મહાપુરૂષોની માતાઓના પ્રેમનું વર્ણન એવાતો મધુર આલાપથી ગાતી હતીકે બાળક તેમાં તલ્લીન થઇ શ્રવણ કરતું કરતું ઊંઘી જતું હતું, અને ઉંઘમાં પણ તેનો તે ધ્વનિ તેના કર્ણમાં રમી રહેલો તેથી પ્રસન્ન મુખથી હસતું પણ હતું અને તે જાગૃત થતાં ખમા ખમાના શબ્દથી તેને ઉપાડી લઈ હસતે મુખે તેની માતા તેમજ ગાંધર્વ રાજ્યકન્યાઓ તેને બોલાવતી હતી. પણ અન્ય કોઈ હજારો ચાકરીમાં હાજર રહેલી પરિજન સ્ત્રીઓને સ્વતંત્રપણે ખેલાવવા આપતી નહોતી. જો કોઈ લેતું તો કંઈ યુક્તિ કાઢી પાસે લેઈ ચુંબન કરતી. તેમ કરવામાં કોઇનો તિરસ્કાર કિંવા મન દુઃખાય તેવું ન થવાને તેઓ પૂરતી સંભાળ અને મોટાઇને છાજતી ગંભિરાઈ બતાવી બાલકપરની મમતા કોઇની ઓછી થવા દેતી નહિ. ખરૂંછે કે જ્યાં માતાનો તેમજ ઇષ્ટ વાલીઓનો આવો પ્રેમ અને રક્ષણ છે તેવાં બાળકો વિશ્વાસથી સુખે ઉંઘે, તેમાં શી નવાઈ! અને તે બાળકોનાં ચરિત્ર આ-

નંદમય, પ્રેમમય, ઉત્સાહમય, રહી માતા પિતા તેમજ અન્ય પરિજનોને આહ્લાદકારી અને સુખાવહ નીવડે તેમાં શી નવાઈ! શશિવર્મા એ પ્રમાણે દિનપરદિન સુરક્ષિતપણે છ માસ પર્યંતનો થયો ત્યારે ઈષ્ટજનોએ પરિજન સહિત મંગળકારી ઉત્સાહ નિમિત્ત ઉજાણી કીધી. અને તેને પ્રભુની કૃપાનો ક્ષીર પ્રસાદ બોટણુ કરાવ્યું. અને ગાંધર્વ રાજપુત્રીએ તે પુત્રને હાથે તથા કેહેડે રક્ષાબંધન કાળોન્દોરો બાંધ્યો, જેથી તેને ઘાતકી પ્રાણી મારે નહિ, ઉલટાં તેનાપર વહાલ કરે, સ્નેહથી વર્તે, તેમજ એ બાળક જળમાં ડૂબે પણ નહિ, અને પિશાચ વિગેરે કાંઈ ઉપાધિ કરે નહિ. (હાલ ઘણીખરી માતાઓ તેમ કરેછે, પણ ખરો હેતુ જોતાં તે માતાઓનો વાત્સલ્ય પ્રેમજ છે.)

હવે દરરોજ બાળકને કુદરતની લીલાનો અનુભવ કરાવવાને અર્થે કુંજવાટિકાઓમાં તેને ફેરવતાં, નાના પ્રકારનાં પુષ્પો ફળોના જૂદા જૂદા પ્રકારના રસનો સ્વાદ અને કોમળ કઠીણપણાનું જ્ઞાન થવા સારૂ નવી નવી વસ્તુનું અવલોકન કરાવતાં, પ્રજ્ઞા શક્તિને વધારવાનાં સાહિત્યોના નમુના તેની નજર આગળ ધરવામાં આવતા હતા. એ પ્રમાણે સુખમાં દિવસો નિર્ગમન કરતાં તે બાળક બે વર્ષની વયે પાહોચ્યો. ત્યારે તેને માટે નાના પ્રકારનાં ખેલવણાં તથા એક હરણનું બચ્ચું તેના આનંદી મનને રમાડવા સારૂ રાખવામાં આવ્યું હતું. તે બચ્ચાને એ બાળક દરરોજ હાથેવતી કોમળ દુર્વાનાં લીલાં તરણાં ખવરાવતો, અને કાલુ કાલુ બોલી પ્રશ્ન કરતો કે આ શું છે, એ કયાંથી આવ્યુંછે, એની માતા કયાંછે, તેની માતાને છોડીને તે અહીં કેમ રહ્યું છે તેને દૂધ કોણ પાયછે, એવા એવા અને બીજી જેજે નવીન વસ્તુ તેની નજરે પડે તે તે વિષે અનેક પ્રશ્નો પૂછતો. એ બાબત તેની માતા મનોહર-મુક્તમાળા તેમજ ગાંધર્વ રાજ્યકન્યાઓ તે કુંવરની જીજ્ઞાસાનું પરિપૂર્ણ રીતે અર્થ, ઉત્પત્તિ, મહાત્મ, હેતુ, અને ઉપક્રમ સમજાવી સમાધાન કરતી હતી. એથી કરીને તે બાળકને નાનપણથીજ ગમતની સાથે ગર્ભિત જ્ઞાન મળે જતું હતું. એવી રીતે ઉત્તમ શિક્ષણ મેળવતાં એ બાળકની ઉમ્મર સાત વરસની થઈ, એટલામાંતો તેને આખી ઉમ્મરમાં જે કંઈ

શિખવાનું હતું અને અનુભવવાનું હતું તે તે વિષયનાં સઘળાં અંકુરો તેની બુદ્ધિમાં પરાવર્તન થઈ ગયાં હતાં. હવે માત્ર તે દૃઢ કરવાને માટે યોગ્ય શિક્ષા ગુરૂના હાથ નીચે શિષ્યતરીકે પોતાના સ્થળથી થોડેક અંતરે આવેલી ગાંધર્વ નગરની રાજ્યકુળશાળાના અધ્યક્ષને સોંપ્યો. આ ઉત્સાહી કુંવરને જવા આવવા માટે એક દરિઆઈ ઘોડો આપ્યો. તેપર સ્વાર થઈ દરરોજ નિશાળે જવા આવવાનું જારી રાખતાં તે કુંવર અનેક વિષયોમાં કુશળ થઈ ગયો.

એક દિવસે એવું બન્યું કે એ રાજ્યકુળશાળામાં આ કુમાર અને તેની સમાન વયના બીજા કુમારોને શિક્ષાગુરૂ પાઠ આપતા હતા. તે વખતે એક બીજો રાજકુમાર દુરલક્ષ આપતાં આમ તેમ રમતો હતો. તે જોઈ તેના ગુરૂ જે આ કુમારના પણ ગુરૂજછે તેમણે આ શશિવર્માની તીવ્ર બુદ્ધિની પરીક્ષા કરવા આજ્ઞા કરી કે:–આ રમત કરતા બીજા કુમારને તેમજ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને બોધ દર્શક ઉપયોગી થઈ પડે તેવું અને આ કુંવરને ઉપાલંભ તરીકેના વિષયનું સમયોચિત વિશેષણવાળું ભાષણ કર. ગુરૂની આજ્ઞા મળતાં એ રમતીયાળ કુંવરને ઉદ્દેશી તે બોલ્યો—મારા સજ્જન બંધુકુમારો, તમે જુઓછો કે આ કુંવરને આપણા પૂજ્યગુરૂ ગુરૂપણાના ભારને વહન કરતાં વિનય, વિવેક અને સદ્‌વિદ્યારૂપી ભારવડે નમ્ર થઈ, દ્રવિત થઈ, શિખામણ તરીકે, બોધપાઠ આપેછે તે આમતેમ રમતાં ધ્યાન ન આપવાથી તે બાળક જાણે એમ સૂચવેછે કે હું મોટા કુળનો અથવા શ્રીમંતનો ફરજંદ છું તેથી હું નમતો નથી. એવું અભિમાન ધારતો હોય એમ તેની કૃતિ તેમજ હાલની વર્તણુક ઉપરથી તમને પણ જણાયુંતો હશેજ. પણ એના અને આપણા ઉપર તેમની વાત્સલ્ય મમતા છે. તેથી એ આપણા તથા તેના હૃદયક્ષેત્ર ઉપર સરસ્વતી અભ્યાસ પ્રવાહરૂપી જળને સિંચે છે, સંતોષની નજરરૂપી હવા સર્વેના હૃદયને આનંદકારી થાય તે પ્રમાણે દે છે, અને રોજ પાઠરૂપી ખાતર તથા પાછલા શીખેલા પાઠરૂપી ગોડવાનું (ગોખવાનું) તે જારી રાખે છે. અને તાપરૂપી દેખીતી ધાક (કરપ) પણ અમલસર તેઓ રાખે છે. ફક્ત શિખ-

વવાના વખતેજ સદાકાળ એક સરખી રીતે સખત ધાક રાખતા નથી. અર્થાત સૂર્ય જેમ સદાકાળ આકરો તાપ ન આપતાં રોપાઓને પ્રકૃતિ અનુરૂપ હિતાવહ નીવડે છે, તેમ આ રીતે નવપલ્લવ વેલને ખેડ, ખાતર, હવા પાણી અને તાપ એ રીતે પંચ પ્રકૃતિએ અનુકુળતા હોય, એ સાથે. સારા ક્ષેત્રમાં ઉગેલી હોય, તે જે પ્રમાણે વૃદ્ધિ પામે છે, તે પ્રમાણે બાળકના હૃદયરૂપી ક્ષેત્રમાં સદ્‌વિદ્યા રૂપી વેલની, સ્થાન કરતાં ગુરૂની ઉપર કહી તે મુજબની અનુકુળતાથી દિન દિન અધિક વૃદ્ધિ થાય, તોજ પ્રમાણુ થઈ શકે કે આનું હૃદયક્ષેત્ર અને ગુરૂની ઉપર કહી, તે પંચ પ્રકૃતિ અનુકુળ છે. તે વિરૂદ્ધ જે બાળક અભ્યાસ ન વધારતાં આમતેમ રમે છે, તેને ગુરૂ તરફનું સઘળું, સર્વે વિદ્યાર્થીઓની માફક એકસરખી રીતે, જ્ઞાન, માન, મળે છે છતાં સારૂં ફળ પ્રાપ્ત થતું નથી, તો ફક્ત તે ક્ષેત્રજ રાશીછે, એમ કહેવાશે. આ રાજ્યકુંવર પોતાના ગુમાની સ્વભાવથી મોટાઇનો ગેરઉપયોગ કરવા ધારેછે. તે નીતિ અને સભ્યતાના કાનુનથી વિરૂદ્ધ વાતછે.

સારા વિદ્યાર્થીએ પોતાની વર્તણુક એવી રાખવી જોઇએ કે આપણા પોતાના હૃદયને ક્ષેત્ર સમજવું. ગુરૂ જે કંઈ સદ્‌વિદ્યા આપે તે બીજ રૂપે ગણીને એ હૃદયક્ષેત્રમાં આરોપણ કરવી (ઠસાવવી સમજી લેવી). અને અભ્યાસરૂપી તેની વૃદ્ધિ કરવાનો ગુણ ધારણ કરવો. ગુરૂ હરકોઈ શબ્દનો અર્થ અને વ્યાખ્યા વિધિવડે કરી સમજાવે તે રૂપી જલનો તેના હૃદયરૂપી ક્ષેત્રની જમીનને સ્પર્શ કરાવવો. એટલે બુદ્ધિરૂપી મૂળ મજબૂત થઈ તે બુદ્ધિપ્રેરક કર્મરૂપી પત્રશાખા મજબૂતપણે વિસ્તાર પામી વધવા લાગશે. એવી રીતે લક્ષપૂર્વક શ્રવણ મનનને નિદિધ્યાસ કરી વિદ્યા સંપાદન કરવાની ટેવથી ગુરૂના પ્રેમ અને સંતોષરૂપી સારી સુખરૂપ હવા મળતી રહેશે, એમ માની આપણો પાઠ સારી રીતે શીખવો, અને ગુરૂ તરફ ભક્તિભાવ રાખી સારી વર્તણુક બતાવવી કે જેથી આનો પાઠ બરોબર થયો છે, તેમ એની વર્તણુક પણ સારી છે, એ પ્રમાણે ગુરૂની ખાત્રી થશે. એટલે તેમનો પ્રેમ અને સંતોષરૂપી હવા સ્વાભાવિકપણે તમને મળતી રહેછે, એમ સમજવું. હવે રોજ નવો પાઠ આપવામાં આવે તે રૂપી ખાતર ગણીને તે હૃદય ક્ષેત્રમાં પુરતા રહેજો. એથી કરીને

અજ્ઞાનતારૂપી ઉધઈ (મુર્ખાઈ) જતાં જ્ઞાનરૂપી મૂળની વૃદ્ધિ થશે. અને પાછલો અભ્યાસ ગુરૂ માગશે એટલા માટે શીખેલું (હૃદયક્ષેત્રમાં રોપેલું) જ્ઞાન તાજુ કરવા ફરીથી તેને ગોખતા (ગોડતા)–ઉથલાવતા રહેજો. તેથી પણ જ્ઞાનરૂપી મૂળ ઊંડાં જશે. હવે ગુરૂનો તાપ (કરપ, બીક, ભાર) સૂર્યના તાપ સમાન ગણી તે જે કંઈ અભ્યાસ આપે તેનો વેલની પેઠે હિસાબ આપવાની ગણુના કરતા રહેજો. કેમકે જો તેમનો તાપ ન ગણોતો આજ તમારા કુમળા હૃદયની શક્તિ કેટલી છે કે તમે નાનપણથીજ અભ્યાસ કરવાની કે વધારવાની ફરજ સમજશો ? માટે તેમના ધાકરૂપી તાપને લીધે સઘળી રીતે વેલની માફક તમને પણ ફાયદા ભરેલું છે. તેમ તમારા હિતને વાસ્તેજ છે. કદાચ મધ્યાને વેલ ઉપર સૂર્ય આકરો તપેછે તે વખતે વેલ પત્રશાખાઓ નરમ થઈ કરમાય છે. અને મધ્યાન વીત્યા બાદ તે પુનઃ પ્રફુલ્લ થાયછે. તે પ્રમાણે તમારા ઉપર કદાચ ગુરૂ કોઈ વખત તપે (વાસ્તવિક ઠપકો આપે) તે વખતે તમે પણ વેલની માફક નરમ થઇ સંકોચાજો. એટલે ગુરૂનો ઠપકો શરમની લાગણી સાથ સ્વીકારીને તે જે ભુલ માટે તમને કહેતા હોય તેવી ભૂલ સુધારવા ધ્યાન આપજો. અને ગુરૂનો ગુસ્સો (તાપ) નરમ થાય કે તુરત વેલની માફક તમારૂં હૃદય પ્રફુલ્લ કરજો. મતલબ કે તેમણે જે કંઈ કહ્યું હોય તે તમારા હિતનું માનીને ખેદ ન પામતાં શીખામણ તરીકે સ્વીકારીને વર્તજો. એવી રીતે સુહૃદય પ્રીતિથી વર્તી, ગુરૂની પંચ પ્રકૃતિરૂપ કૃપા મેળવી, તમારી વિદ્યાજ્ઞાન રૂપી વેલને હૃદયક્ષેત્રમાં વૃદ્ધિ પમાડી, વ્યવહારાવકાશમાં આગળ વધી, વેલને જેમ ફુલ અને ફળની પ્રાપ્તિ અવશ્ય છે, તેમ સદ્વિદ્યાથી સદ્કીર્તિરૂપી વાસનામય સુવાસિત પુષ્પ અને છેવટ મોક્ષરૂપી ફળ પણ પ્રાપ્ત કરશો, એમ નક્કી સમજવું. આમ વિદ્યા અને વેલની સરખામણી કરીને આ વિષય પરિપૂર્ણ કરતાં મારી ગુરૂ તરફની ભક્તિભાવને સતેજ કરી, વિનય પૂર્વક ગુરૂને ચરણે શિર નમાવી, તેમણે આપેલી સદ્વિદ્યા મને હમેશાં યાદ રહી ફળીભૂત થાઓ, એવો વર મળવા પ્રસાદ માગું છું. અને સજ્જન બંધુઓને વહાલો થવા, તથા હું સ્વાર્થનો ત્યાગ કરી સ્વાત્માર્પણ પરોપકારી કામો કરવાની હોંશ રાખીને

સર્વવ્યાપક પ્રભુનો તેમજ તે પ્રભુના સર્જેલા લોક માત્રના આશિર્વાદ રૂપ લોકપ્રીતિની સ્પૃહા કરૂછું. હું આ વિષય બંધ કરૂછું, અને બેસવાની રજા લઉછું.

આ શાણા અને સરળ સ્વભાવના કુંવરનું આ વાખ્યાન સાંભળી સર્વે વિદ્યાર્થીઓ તેમજ ગુરૂ તરફથી તેને વખાણરૂપ સારો સત્કાર મળ્યો. રોજના કરતાં આજ તેનો હસતો ચેહેરો સર્વને પ્રિય લાગે તેવો બન્યો. શાળાનો વખત પૂરો થયા બાદ ગુરૂની આજ્ઞા મળતાં તે પોતાના મુકામે આવ્યો. માતાની સાથે હસતે વદને તેને પ્રિય લાગે એવાં સ્નેહ ભર્યા વચનોથી વાતચીત કરતાં રાત્રિ પડતાં સાંજ સમયનું ભોજન કરી સુતો. આવાં પુત્ર રત્ન નીપજવાં એ કોનો પ્રભાવ છે? જોવાથી જણાયું છે કે સુશિક્ષિત માતાના ખોળામાં જે બાળક જન્મથી આરંભી સદાકાળ યોગ્ય સંભાળથી ઉછરતું આવ્યું છે તેનાં ચરિત્રો જનમંડળમાં ઉચ્ચભાવ પ્રગટ કરનારાં અને મહાન્ રસ્તારૂપ નિવડે છે.

આ આર્યખંડની બાળાઓ, તરૂણીઓ અને યુવતિઓ આવા મહાનુભવની યોગ્યતાવાળી માતા થતા અગાઉ પોતાની ફરજને સમજે, તેજ તેમના ઉદયની આવશ્યક્તા છે. માતાના ગર્ભમાં જીવનો સંચાર થવાના વખતે માતા પિતાની જેવી પ્રકૃતિ હોય છે તેવી પ્રકૃતિના અંશો તેમના રજપ્રસારથી ઉત્પન્ન થએલું બાળક ધારણ કરે છે. કામ સંચારની વખતે સ્ત્રી પુરૂષની ઉચ્ચ ભાવના પ્રફુલ્લિત અને મનોવૃત્તિ આનંદી હોય, તેવા સમયનો સંયોગ, એક ઉત્તમ પુત્રરત્ન, જનમંડળને નમુનાદાર મહાપુરૂષ, કિંવા એક સ્ત્રીરત્ન, વીરનારી સતીસ્ત્રી એવાં સાધુભાવવાળાં ફરજંદની પ્રાપ્તિ કરાવે છે. જક્તનું તેમજ પોતાનું કલ્યાણ ઇચ્છિનારાં સ્ત્રી પુરૂષોએ આવી વૃત્તિ રાખી ગૃહ વ્યવહાર ચલાવવાની જીજ્ઞાસા રાખવી જરૂરની છે.

માણસની એક પળની વિકૃતિ બાળકના જીવન સંચારના વખતે સચવાય નહિ તો તે પોતાના ભવિષ્યમાં થનાર ફરજંદને તેમજ કોઈ વખત આખા ભૂમંડળને હાનિકારક નિવડે છે. તેમ ન થાય માટે માતાપિતાના અધિકારની ઇચ્છા રાખનાર મનુષ્યોએ એટલી પળવાર પણ સંભાળ રાખવાની છે. તો પછી બાળકના જન્મ પછી જન્મથી આરંભી તેને માણસાઈમાં લાવ-

વાને કેટલી સંભાળથી પોતાનું વર્તન ચલાવવું જોઇએ તે સર્વને જણાયા વગર નહિ રહ્યું હોય. ખરેખર મનની વિકૃતિવાળો સંયોગ અને તેમાં ગર્ભનો જીવનસંચાર આપણું પોતાનું અકલ્યાણ કરનારો વિષય છે એટલુંજ નહિ, પણ આપણાથી ઉત્પન્ન થનારા બાળકનો એના જીવનમાં રોગ, ઉન્માદ, અનુત્સાહ, ભય, દીલગીરી એવી અનેક દુર્દશા ભોગવવાને નિર્માણ થનારો દેહ બંધાયછે. જો તેવાં નાલાયક દરિદ્ર પશુવત્ મનુષ્યો જકતના તેમજ આપણા અકલ્યાણનું કારણ નિવડતું નથી એમ કોઈ કહેશે ખરૂ? એવી દુર્દશા યુક્ત પરિણામનો હેતુ ફક્ત માતાપિતાના ક્ષણિક વિલાસ સુખમાં સંભાળ નહિ રાખવાથી થતી વિકૃતિ ભાવના એજ હોયછે. માટે સ્રીસમાગમસુખ તે કાંઈ ઇંદ્રિય તૃપ્તિને અર્થે ભોગવવું નહિ, પણ ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરવાને અર્થેછે, એવી માબાપ તરીકેની ફરજ સમજનાર સ્રી પુરૂષે, સદાકાળ ધર્મ, આસ્થા, ઉચ્ચ ભાવના, સ્નેહ, મમતા, શૃંગારની યોગ્ય અનુકુળતા જોઇને બાળકના જીવન સંચારની પ્રાપ્તિ ઇચ્છવી. એજ રૂપાળાં તથા દ્દઢ શરીર, સંપત્તિ, અને મહાનુભાવ વાળાં ફરજંદો પ્રકટ કરવાનો મંત્ર છે. અને એથી ઉલટી રીત નઠારાં, ચીઢીઆં, રોગી, અને જક્તને તેમજ પોતાને ભારરૂપ બાળકોની પ્રાપ્તિનો હેતુ છે. કહેવત છે કે.

દહોરો.

જનુની જણેતો ત્રહો જણે, દાતા, ભક્ત, કે શુર;
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવે નુર.

આ મહાવાકય જક્તનું કલ્યાણ ઇચ્છનાર સાધુ પુરૂષનું છે. તે ખોટું નથી. એમાં એજ વ્યંજના રહેલી છે કે વાંઝીયાપણું ભોગવવું શ્રેષ્ટ છે, પરંતુ ઇંદ્રિયસુખ તૃપ્તિની અભિલાષાથી જે સંયોગ કરવો તે અનિષ્ટ છે.

પરાક્રમી પ્રજા ઉત્પન્ન થવા માટેતો આપણે આ વાર્તામાં જેમ જોયુંછે, તેમ આ શશિવર્માના જીવન સંચારની વખતે, સમયનું તેમજ શૃંગારની યોગ્યતાનું વર્ણન કર્યા મુજબ સઘળી અનુકુળતા હતી. તે વખતના તેના માતાપિતાનો વિનોદ સંયોગના પરિણામરૂપ આ બાળકના

જીવનનો સંચાર છે. તેવા બાળકનું ચરિત્ર આપણે આટલે સુધી જોયુ છે. અને હવે શું બનેછે, તે જોઇએ.

પ્રકરણ ૨ જું.

વિરહ અવસ્થા.

દોહરો.

મિલન ભલો બિછુરન બુરો, મિલિ બિછુરો જીન કોય;
સફરી* બિછુરત તોયસેં,‡ કહા અવસ્થા હોય. ૧

વસન્તઋતુના સમયમાં એક દિવસ મનોહરમુક્તમાળા બેઠી બેઠી ગંભિર ચેહેરે પતિના ભાવમાં નિમગ્ન થઇ વિચાર કરતી હતી. ઉદાસીનતાનો આવિર્ભાવે પ્રગટ થયો હતો. અને ત્યારે એ અરસામાં તેના પ્રીતમ સુહ્રદય રાજાની સ્થિતિ કેવે પ્રકારે ગુજરેલી હતી, તે હવે આ પ્રસંગે તપાસવાની જરૂર થાય છે. જ્યારે સરિતાના જળમાં શોધ કરાવતાં પોતાની પ્રાણવલ્લભા મનોહરમુક્તમાળાનો પત્તો ન મળ્યો, ત્યારે તેને મહા પશ્ચાતાપ થવા લાગ્યો. એકવાર થવાનું તે થઇ ગયા પછી હવે તેનાજ ગુણનું અવલોકન થવા લાગ્યું. હવે તેના વિરહથી અતિ વ્યાકુળતા થવા લાગી. હાથે કરી વહોરેલા સાહસનો પરિતાપ આ રાજાને થવા લાગ્યો. રાત દિવસ વિરહતાપ ભોગવતાં સુખના ઉપભોગ તેને તુચ્છ લાગવા માંડ્યા. દિવસપર દિવસ, કાળની સરખી ગતિ છતાં, તેને એક એકથી અધિક લાંબા લાગવા લાગ્યા. હવે તે પરદેશી મુસાફરોને પોતાને ત્યાં એક બે દિવસ રાખી, ખાનપાનાદિથી તેમનું પોષણ કરી, તેમની જાતે મુલાકાત લઇ, મુસાફરીની સર્વ હકિકતથી વાકેફગારી મેળવતો, કે જેથી તેઓએ દીઠેલી વા સાંભળેલી વાતથી તેની પરમપ્રિય સ્ત્રીનું ક્યાંઇ ઠેકાણું જડી આવે. એવો નિયમ પાળતાં અને દેશ દેશાંતર શોધ કરાવી જોયાં કરતાં કેટલાંએક વર્ષો વ્યતીત થઈ ગયાં. હાલ વસન્તઋતુનો સમય પેખી જેમ મનોહરમુક્તમાળા વિચાર કરતી બેઠી છે, તેમજ અહીં તેનો પ્રીતમ સુહ્રદય રાજા પણ પોતાની પ્રિયપત્નીના સ્વરૂપનું અને ગુણનું સ્મરણ કરતો,

---

* માછલી. ‡ પાણી.

મન્મથે પ્રેરેલી વૃત્તિવાળો વિચારમાળાને ગુંથતો બેઠો હતો. તેને લીધે તેની વિરહ વ્યાકુળતા વધી ગઈ. તેથી પોતે કુંજવાટિકામાં ફરતાં ફરતાં પ્રિયાના પૂર્વ સમાગમ સુખનાં વિહારી સ્થળોને, તેમજ લતામંડપોમાં પ્રવેશ કરીને પ્રત્યેક સ્થળને ઉદ્દેશી, અહીંલતા મંડપમાં પુષ્પના હારથી શોભિતા હિંદોળા ઉપર હું અને તે આવીજ ઋતુમાં વિહાર કરતાં હતાં; અહીં આ બીજા સ્થળમાં અનેક શિશિરોપચારનાં સાધન સાથે આ શયનગૃહમાં બપોરના સમયે આરામ લેતાં હતાં; એમને એમ દરેક સ્થળના વૈભવ સુખનો અનુભવ વર્ણવી વર્ણવીને ગત સુખોને સંભારતો પ્રિયાની પ્રીતિમાં રત થયેલો હતો. અને તેના સમાગમ સુખને ઉદ્દેશી તેના મિષે પોતાની સ્ત્રીના ગુણયુક્ત તેમજ પોતાને ઉપાલંભયુક્ત અને શ્લેષ અને દ્વાશયયુક્ત વસન્તવર્ણન તેણે ત્યાંને ત્યાં લખી રાખ્યું. અને તે પત્ર લખી પૂરો કર્યા બાદ છેવટ એમ લખ્યું કે આ નદીના પ્રવાહમાં તરતું અને તણાતું પાત્ર કેવા અવિચારી પુરૂષે જતું કર્યું હશે? આ પત્રના પૃષ્ઠ ઉપર પણ એજ શબ્દો લખીને તેણે પોતાના પુરોહિતને બોલાવી પત્ર આપીને કહ્યું કે:—લ્યો, આ પત્રમાં લખેલું વસન્તવર્ણન તમારે હરેક દેશ દેશાંતરમાં ફરી ફરીને મનુષ્યોનાં મેહેલ્લાઓ, જાહેર સભાઓ, તેમજ સ્ત્રીયોના સમાજમાં વાંચી વંચાવીને છેવટની લીંટી બોલી ટેક નાંખવી. તેનો જે કોઇ મનુષ્ય જે કોઇ સ્થળમાં રહી ઉત્તર આપે, તે મનુષ્ય અને તેમજ તેના બોલેલા કિંવા લખેલા શબ્દોની નોંધ રાખીને તે મને પોતાનેજ લાવી આપવી. વાટ ખર્ચ જોઇએ તે કરતાં અધિક આપીને તેને વિદાય કીધો. આ પત્ર લઇને તે બ્રાહ્મણ મુસાફરી કરતો નાશક ત્ર્યંબક પાસેનો બ્રહ્મગિરિ પર્વત કે જ્યાં ગોદાવરી નદીનું મૂળ ઉત્પત્તિ સ્થાન છે, ત્યાં આવ્યો. આવીને જ્યાં ગોદાવરી નદીનું મૂળમાં અવતરણ થાય છે, તે જગ્યાએ એક સુંદર હ્રદ છે. તેમાં પર્વતના શિખર ભાગમાંથી ટપકતાં જળબિંદુ જેમ પદ્મિનિ સ્ત્રીના સ્નાન કરી છૂટા મૂકેલા કેશમાંથી જળબિંદુઓ ટપકયાં કરે છે, તેમ ટપકીને તે નદીનો ઉત્પત્તિપ્રવાહ શરૂ થાય છે. તે જળબિંદુનો સમૂહ આ હ્રદમાં ભેગો થઇ આગળ ગતિ કરે છે. તેમાં સ્નાન કરી તે

સ્થળ આલ્હાદકારી લાગવાથી ત્યાં રસોઈ જમીને થાકેલો હોવાથી એક છાયાવાળા આંબાના વૃક્ષ નીચે વેહેતા ઝરણની એક બાજુ ઉપર આવતી લેહેરને લીધે આરામ લેઈ સુતો. મીઠા પવનની લેહેરોથી તે નિંદ્રાવશ થયો. પોતાની બંડીના ગજવામાં અર્ધ દેખાતો પત્ર રાખેલો છે. તવીને તેવી સ્થિતિમાં તે હાથ છાતીપર રાખી ચત્તો સુતેલો પરમશાંતિથી ઉંઘે છે. એ વખતે આ વિદ્યુતપ્રભા અને પ્રતાપવિજયા બે ગંધર્વ રાજકુમારિકાઓ તેમજ રાણી મનોહરમુક્તમાળા કુંવરને લેઈ પર્વણીનો દિવસ હોવાથી તિર્થયાત્રા નિમિત્તે ત્યાં આવેલાં છે. ત્રીજા પ્રહરના વખતે તેઓ અહીં ફરવા નિકળ્યાં છે. અને ફરતાં ફરતાં જુએ છે, તો અહીં એક પરદેશી મુસાફર એક નિર્મનુષ્ય જગ્યામાં નિરાંતે ઉંઘતો જોયો. તેના પોશાક ઉપર મનોહરમુક્તમાળાની નજર પડતાં અર્ધ દેખાતો પેલો પત્ર અને તેના ઉપર કાંઈ લખેલું નજરે પડ્યાં. તેના ઉપર સહેજ ધ્યાન જવાથી મનોહરમુક્તમાળાને તે જોવાની સહેજ જીજ્ઞાસા થઈ. એથી કરી એણે વિચાર્યું કે મુસાફરના ગજવામાં આ કાંઈ પત્ર છે તે શું હશે? એ પ્રમાણે સ્વાભાવિકપણે જોવાની થએલી ઉત્કંઠાથી તે પત્રમાંના, જેનાપર પત્ર લીધા પહેલાં પ્રથમ દર્શનેજ એવું લખેલુ વાંચ્યું હતું કે આ નદીના પ્રવાહમાં તરતું અને તણાતું પાત્ર કેવા અવિચારી પુરૂષે જતું કર્યું હશે, આ માર્મિક શબ્દો વિચાર્યાથી પોતાના ભાવિને લગતું શ્લેષ લખાણ જણાયાથી, તે પત્ર અંદર વધુ કંઇ બિના હોય તો જાણવું જોઈએ, એમ ધારીને તે લેખને અંદર વાંચી જોયું. તો વસન્તવર્ણન, જેમાં સ્વાભાવિકપણે જોતાં ઉપરનો ભાવ વસન્તને ઉદ્દેશીનેજ હતો, પરંતુ એમાં બીજો શ્લેષ બધો પોતાને લાગુ પડતો હતો, તે આ પ્રમાણે હતું.

વસન્ત વર્ણન (દ્વાશય)

કવિત.

વરસમે[1] શ્રેષ્ટ ઋતુ—[2]વરતુ વસંત[3] રતુ.

૧—૧ (સવત્સરમાં) ૨ (પતિ સાથે).

૨—૧ (ઋતુઓમાં શ્રેષ્ટ) ૨ અટકાવ (વાળી) ધારણ કરનારી.

૩—૧ (૭ ઋતુમાંની એક). ૨ (વસ્+અંતર+તુ)

અંગો અંગ આભૂષણ[1] સહવર્તમાન છે;
તેથી તું પ્રાણી માત્રને સ્વાભાવાનુગત પ્રિયે,
પણ રસભોગી[2] તેને તારૂં મોટું માન છે.
તેજ સારી રીતે સુખ શાન્તિને અનુભવશે,
તેજ અર્થે તારી સારી વિભૂતિ વિધાન છે;
તારી ભારી સમર્ધીનો વ્યય કરતી વિલાસે,
ભાસે એવું ભોગીને[3] તારામાં તુષ્ટ માન છે. ૧
ઔદાર્ય પણાની સ્વાભાવિક તારી વૃત્તિ તેથી,
સ્થાવર જંગમ વસી વિભૂતિ વસાવે છે;
માટે તું વસંતરતુ[4] ઉપમાની અધિકારી,
બની કુંજવાડી વૃક્ષ વેલીને શોભાવે છે.
જંગમ પ્રાણીને તારા સુગમ સ્વભાવે કરી,
વિવિધ પ્રકારે સુખ શાન્તિથી વધાવે છે;
તેમાં સૌથી અધિક આનંદ તારો અભિલાષી,
ભોગી નરને તું પ્રિયકર રસ લાવે છે. ૨
અન્યઋતુને[5] તું સહગામી તેથી પામી સુપ્ર—
તાપ મોટું માપ સુંદરતા સાથે શોભે છે;
કામ ઉપભોગ સમે અનુકુળતા પ્રભાવે,
વાળી વાળે મન તેથી ભોગી મન લોભે છે.
પાક[6] પકવવામાં તું શક્તિ સંપન્ન મનાઇ,
ભલાઇ ભરેલા ગુણે ભારી તારો મોભો છે;
ગિરી ગુફા માંહ્ય તારી સાથજો નિવાસ કરે,
ખાસ ખૂબી જાણી આણી પ્રેમે પ્રિય થોભે છે. ૩

૧—૧ (વર્તમાન શોભા) ૨ (અલંકાર, ઘરેણાં).
૨—૧ (રસ ભોક્તા ભ્રમર) ૨ શૃંગારાદિ રસનો માણનાર પુરૂષ).
૩—૧ (ભ્રમરને) ૨ (પુરૂષને).
૪—૨ (વસ+અંતર+તુ=અંતઃકરણને વશ કરનાર) ૧(છ ઋતુમાંની એક)
૫—૧ (બીજી ઋતુઓને ક્રમે કરી જોડાઇને) ૨ (પરંપરા માસે માસે અટકાવને ધારણ કરીને).
૬—૧ (પાક વિગેરે ફળાદિ ચીજો) ૨ (રસોઈ તથા ચાટવા ચુસવાના પાક).

સોભાગી સુંદર બાળા રસાળા[1] વિમોહાવાળા,
હાવભાવ ચાળા કરી -હદે જાણે હર્ષતી;
પુષ્પોદ્ભવ[2] પામી વન વારીને[3] સમીર,[4]
સહગામી વૃક્ષસ્થળ કિંવા વક્ષસ્થળ સ્પર્શતી.
સુવાસ[5] પ્રભાવ સારા સાર પ્રસરાવવાને,
માટે સુસંસર્ગ તારો અતિ ઉત્કર્ષતી;
રસને રસિક જાણે ભોગી નર ભાવ આણે,
અલી અલી[6] પક્ષપૂર સર્વ સ્થળે વર્ષતી. ૪
પુષ્પવતી[7] હોવા છતાં પવિત્ર હૃદયી[8] હોય,
શૃંગારી પુરૂષને તું મનોહર લાગે છે;
નેત્રવતી[9] નરમ સરળપણું દાખવે તું,
તારો ગુણુ જાણુ તારૂં આગમન માગે છે.
સુદર્શણુ[10] ધારી છતાં નારી જાતિમાં ગણાય,
કામને જગાવનારી કામ તારી આગે છે;
તાપ હરનારી[11] તપધારી મુનિયોની પેઠે,
કેળાથી[12] અને કેવડો[13] વેષ રૂડો લાગે છે. ૫

૧—૧ (ફળાદિ રસો, આનંદ અને મોહ પમાડે એવા) ૨ (રસવાળા અને મનને મોહ પમાડે એવા હાવભાવ આદિ ચરિત્ર).

૨—૧ (ફૂલોને જન્મ આપીને, ઉત્પન્ન કરીને) ૨ (અટકાવ પામીને).

૩—૧ (જંગલના પાણીને) ૨ (પછી નહાઈને (પરવારીને) (વ+નવારી).

૪—૧ (પવન) ૨ (અમીર સાથે (સહ+અમીર) મળીને રહેનાર (રાજા).

૫—૧ (સારી સુંગધ) ૨ (પ્રીતિ)

૬—૧ (ભ્રમરની પાંખોનો ગણગણાટ) ૨ (પ્રીતિનોપુર જોશ).

૭—૧ (ફૂલો ધારણ કરનાર) ૨ (અટકાવવાળી કિંવા ધારણ કરનાર).

૮—૧ (નિર્મળ નાનાં જળાશય) ૨ (શુદ્ધ અંતઃકરણવાન).

૯—૧ (નેતરના છોડવાળી) ૨ (આંખવડે).

૧૦—૧ (એક જાતની વનસ્પતિનો રોપ) ૨ (સારૂં સ્વરૂપ).

૧૧—૧ (તડકો, બફારો) ૨ (મનના ત્રિવિધિતાપ, સંતાપ).

૧૨ થી ૧૩—૧ (કેળો અને કેવડા આદિ વનસ્પતિના રોપા વડે કરીને શોભાયમાન દેખાય છે) ૨ (અનેક વિહારવડે કરીને મોટ પ્રકારે સારો વેષ શોભે છે).

રાશિપતિ[1] તારા થકી દૂર રહી દહાડી દહાડી,
તારા દેહ પ્રભાવને તપાવી તપાવે છે;
સુકોમળ કાન્તિ તારી તેને કરમાવા કાજે,
પ્રયત્ન કરે છે પૂરો તેને તું સમાવે છે.
કેમ જે તું સ્વભાવે પ્રફુલ્લતા ધરાવનારી,
એટલે મધ્યાને[1] તપી સહેજ કરમાવે છે;
પણ તે દૂરનો દૂર રહી તપાવામાં તારૂં,
તત્વ લેવા બહાને બળ ગાંઠનું ગુમાવે છે. ૬

(૩) પ્રફુલ્લપણાને પામી તારો અનુરાગી ભોગી,
નર તેને માટે તું સર્વાંગે કાન્તિ ધારે છે;
એથી તેને આ'તી હોય એવો સંભવ જણાય,
તેથી તારો એ અતિથિ નિજ અર્થ સારે છે.
તારે દ્વારે પુષ્પ-રસ[3] લેવા આવે ત્યારે તેને,
આવકાર આપવાને સજ્જ થઇ પધારે છે;
તારા *વૃક્ષસ્થળ કિંવા ×વક્ષસ્થળમાંથી ડાળી-
રૂપ કરને પ્રસારી પ્રીત સારી ધારે છે. ૭
આપે અર્ધ્ય પાત્ર સાથે પુષ્પફળ હાર આદિ,
પૂજ્ય સામગ્રી ધરીને પ્રેમને પ્રકાશે છે;
એમ સન્મુખ આવી ઉભી રહેલી જોઇને,
સારો સત્કાર કૃતિ વૃત્તિને વિકાસે છે.
તેમ તે નિહાળી તારા અતિથિ ભોગીને મન,
ભવિષ્યમાં સુખ ભોગ ભલી પેરે ભાસે છે;
જેમ આવકારમાં પ્રથમ અર્ધ્ય હોય તેમ,
તે ઉદ્દેશે ધારી તારી સારી કૃતિ ખાસ છે. ૮

૧—૧ (સૂર્ય) ૨ (નઠારો ધણી (સ્વામી)).
૨—૧ (અર્ધ દિવસે) ૨ (મધ્ય વયે, જુવાનીમાં).
૩—૧ (ફૂલનો રસ) ૨ (શૃંગારીક લીલા, વિલાસ).
* ૧ (ઝાડની જગ્યા) × ૨ (છાતિનો મધ્ય ભાગ).

રસિક રસ ભોગીએનું આવવું વિલોકી
ધારી ઉચ્ચ કુળ રીતિ રાહ જોતીએ વિચારમાં;
સવારે અરૂણોદય થતાં પહેલાં સંચેલું,
તું-સાર[1] જળપાત્ર ધરે અર્ધ્ય હેતુ પ્યારમાં.
પછી પાન સાથે તારૂં હૃદય અર્પીને જાણે
પુષ્પ રસથી પાળન કરે કુળાચારમાં
એ પ્રમાણે સવિધિથી સંતોષી સંતોષ પામે
ભાળી એવું ભોગીતે વિચારે સદાચારમાં. ૯

(વળી) એજ રીતે આદિઅંત સુતની સમાન પ્રીતિ
ધારી તારા ભારનો આભાર ઉર આણે છે
તારો એ આભાર જાણે વહન કરી ન શકે
એ પ્રમાણે સૂચવતો પ્રેમને પિછાને છે
ઉગ્ર પ્રેમના આવેશે થરથર કંપતો એ
નિજ કરને પસારી મોજ તારી માણે છે

(તે) પૂજ્ય ભાવે અર્પેલી વસ્તુનો અંગિકાર કરી
અર્ધ્યને આગ્રમને સ્વીકારી સુખ જાણે છે. ૧૦

પાનને પોતાના હૃદે સાથ ભેટી ભોગી નર
મનથી તે જાણે તારા ગુણ ગાન કરે છે
તે પ્રમાણે શબ્દે શબ્દે ગુણ[1] ગુણ ગણ ગણી
ગુણ ગાતો ખુશી થાતો ગિરાથી ઉચરે છે.
તે તારી પ્રેરિત સારી સમર્ધિ શક્તિનો ભોગી,
છે એવું જણાય તેમ થવા તું વિચરે છે;
તેથી તારો અર્થ સારો સાધવા સમર્થ પૂરો,
વૈભવ વિલાસે પ્રેમ પંથે પગ ધરે છે. ૧૧

૧—૧ (આકળનું પાણી) ૨ (તું+સારજળ) તું=સર્વનામ. સારજળ=સ્વચ્છ જળ).

૨—૧ (ભ્રમરનો સ્વાભાવિક અવાજ છે) ૨ (આભાર).

તેમ તારૂં યૌવન ભરપૂર તને સાહ્ય કારી,
રહે તત્પર તેથી અર્થ સારો સરે છે;
પ્યારી તારી મંદગતિ એથી તારા સહવાસ,
પરિચયવાળા પ્રાણીઓના મન હરે છે.
તારૂં અનુકરણ કરીને હાથણીએ[1] તારી,
ગતિ કેરી ગણના કરીને ગતિ કરે છે;
સવિતાએ[2] પણ મંદગતિ કરી તેથી કરી,
પોતાનો અમલ દીર્ઘકાળ યુક્ત ધરે છે. ૧૨
તારો સહગામી તે સમીર રવિ યોગ પામી,
મંદગતિ ધારી ધીરે ધીરે કામ સાધે છે;
મનોહારી નારી ભારી તારી બલિહારી વારી,
અંગકેરી ચેષ્ટાને આલાપે હર્ષ વાધે છે.
તેમ તારી સારી કાન્તિ પ્યારી પ્રાણી માત્રને છે,
તેથી તેઓ પોતે તારી કૃતિને આરાધે છે;
તારી સારી વાણીનો વિલાસ દેખી પ્રેમ આણી,
મોરમન[3] મોહ પામી નાચે છે ને રાચે છે. ૧૩
વારી વનમાંહિ વર–સાદ[4] થકી શૈલઅંગે,
નિત્ય નવાં ઝરણને પ્રેમથી વસાવતી;
તે સાથે સમીર યોગે સમસમ[5] શબ્દ કરી,
જાણે તારા પંથીને તું શાન્તિથી હસાવતી.
સરિત[6] રૂપ ધારી આગે આગે તું પધારી,
જાણે જીવન[7] ધરીને વહાલી વિનય બતાવતી,
એ સમાની પ્યારી તારી મધુરી વાણી નિહાળી,
કોકિલાને નાદ લાગ્યે (નિજ) સુરને વહાવતી. ૧૪

૧—૧ (કરિણીએ) ૨ (કરિણીએ, અને જો પતિ અધ્યાહાર લઇએ તો (હાથ+અણીએ) આંગળીને ફેરવેથી વિયોગી દિવસોની ગણત્રી કરીને.
૨—૧ (સૂર્યે) ૨ (સ+વિત્તવાળા).
૩—૧ (પક્ષીના મનમાં, શિખી) ૨ (મારૂંમન).
૪—૧ (વર્ષાદ, મેઘ) ૨ (વરનો શબ્દ, પતિનો શબ્દ).
૫—૧ (પવનનો સ્વાભાવિક અવાજ) ૨ (પ્રતિજ્ઞા).
૬—૧ (નદીનું રૂપ) ૨ (સારી રીતનું રૂપ).
૭—૧ (પાણી) ૧ (જન્મારો, જીવિત).

કોકિલા પોકારી તારા કંઠની મધુરતાની,
સરાસરી કરવા મધુર સુર સાધે છે;
તદપિ પોતાનો સુર સાધી શકી નથી તેથી,
વારે વારે પિયુ પિયુ મંત્રને આરાધે છે.
વાનરતો[1] તારી બાળચેષ્ટાની નકલ કરી,
ઉલટથી[2] હુક હુક કરી રીઝે વાધે છે;
મયુર[3] તુર પૂર તારૂં યૌવન ખીલેલું જોઇ,
તુજ દેહ માંહ્ય વસી નાચે છે ને રાચે છે. ૧૫
રસીલી રસિક તુજ હૃદયે આવેલા આબે,
ગિરિયો સમાન્તરે જે કુચનો[4] પ્રદેશ છે;
એજ તારા પંથે ચાલનારા પંથી કેરો કર[5],
લેવા સુખ દેવા તું સમર્થ રતિ બેસ છે.
વસન્ત વિહારી શ્રેષ્ટ ઉપમાની અધિકારી,
તારી કૃતિ ધારી ધરાધીશનો (એ) ઉદ્દેશ છે;
તેથી પ્રજા પાસ કર લેવા ચહે ખાસ,
કર દેનાર ન ઠરે તો એ ખાલી ખોટો વેષ છે. ૧૬

વળી નદીઓ[6] તારા મધ્ય કટિબંધનું અવલોકન કરી આજ કાલ કૃશતાનો ભાવ બતાવવા શિખે છે. સરસ્વતીતો[7] કમળરૂપી તારા મુખચકી ગંભીર પ્રવાહે કરી સૌંદર્યતાને વિશેષપણે શોભાવે છે. વળી તારા સર્વ અંગની અલંકારે યુક્ત યૌવનની શોભા જોઇને જાણે યમુનાના જળે સ્વચ્છ આકાશ જેવા નિર્મળ હૃદયમાં વસવાને માટે દર્પણની પેઠે તને જગ્યા આપી હોય એવો સંભવ જાગતો હોવાથી જળક્રીડા રચિત તારૂં ચરિત્ર નિહાળતાં સર્વ પ્રાણી તારામય બની ઔત્સુક્તાથી તને નિહાળે છે. આ હંસ,[8] તારી પ્રેમ મય મૂર્તિને હૃદયમાં નિવાસિત જોઇને જાણે હવે

૧—૧ (વાંદરાં, કપિ) ૨ (વા (અથવા). નર (પુરૂષ)).
૨—૧ (ઉત્સાહથી વાનરના સ્વાભાવિક શબ્દ) ૨ (ઉલટથી ઉલટાવીને) (હુક હુક (કહુ કહુ).
૩—૧ (મોર) ૨ (મારૂ અંતઃકરણ (મે+ઉર)).
૪—૧ (મુસાફરી) ૨ (સ્તન).
૫—૧ (મેહેનત, શ્રમ, ઉદ્યોગ રૂપિ વેરો) ૨ (હાથ).
૬—૧ (સરિતા) ૨ (પતિ).
૭—૧ (નદીનું નામ) ૨ (સારદા દેવીનું નામ).
૮—૧ (એક જાતના પક્ષી જેને મોતીનો આહાર છે) ૨ (જીવ).

હમણાંજ ભેટી પડશે એવી અભિલાષાથી તારી પ્રતિબિંબ મૂર્તિને ખરી સમજી તારૂં સ્પર્શ સુખ અનુભવવાને ઉત્કંઠા પૂર્વક ગતિ કરતાં આવે છે. વાનરતો તારી એ પ્રતિબિંબ મૂર્તિને સાક્ષાત્ માની સરિત જળ સ્પર્શી જાણે તારાં દર્શન માત્રથી પવિત્ર થઇને નીચે નમીને ચુંબન કરી કિંવા પગે પડી તને વિનવીને કહે છે કે તું અમારી નજર આગળથી ખસી જતી રહીશ નહિ. મયુર તો એજ તારી મૂર્તિને દેખી નાચ કરી જાણે રાચતું હોય તેમ તારા દર્શનનું સુખ અનુભવવા લાગેલું છે. એ સરિત–હૃદયમાં રહેલ મત્સ્ય[1] તે તો જાણે તારી બાહેર રહેલી સાક્ષાત્ મૂર્તિને ઉદ્દેશી તારા અધરોષ્ટનું ચુંબન કરવા અર્થે તલપી તલપીને કૂદકા મારી સ્પર્શ સુખ મેળવવા માગે છે, એમ લાગે છે.

હે મનોહર બાળા, તારા મિત્રને[2] તું હવે દૂર પ્રદેશમાં રહેલો માની તારી સ્વભાવિક પ્રકૃતિ તજી તપ્યાં કરીશ, તો આગળ ગ્રીષ્મકાળ આવવાની વકી રખાય છે. અને જ્યારે તારી સર્વ સમૃદ્ધિ રાખવાને તેમજ અતિ વિરહ તાપ વેઠતાં તે ભોગવવા અસમર્થ થઇશ, ત્યારે તારી સઘળી કાન્તિ ખોવા સરખું થશે. તે જોતાં તારાં અનુગામી સંબંધી પ્રાણીયોના તેમજ તારા અતિથિ ભોગી (ભ્રમર) નરના પણ મનમાં, તારા દુઃખને ઉદ્દેશી દુઃખી થઇ તારો અમલ ઉતર્યો જાણી તારા માટેનો ખેદ ઉતરશે. તેથી સઘળાં સુહૃદને[3] જંગલો વેરાન થઇ જશે. એ વખત પ્રાણી માત્ર તારા વિરહાગ્નિથી તપતાં ગૃહના અંતર્ભાગમાં, પર્વતની ગુહાઓમાં અને અનેક એવાં સ્થળોમાં તારા પૂર્વ સુખને સંભારતાં આશ્રય વગરનાં હોય તેમ દુઃખી થતાં વિશ્રામ કરવા તારો શોધ કરતાં ફરતાં જણાશે, અને તારૂં ધ્યાન કરતાં બેસશે. એવા તારા વિરહ તાપને લીધે અનેક શીતળ ઉપચારો કરતાં છતાં પણ જે તારા અંતર સુખના અભિલાષી તારી રિદ્ધિ સિદ્ધિ શરીર સંપત્તિની યોગ્યતાની પિછાણવાળો ભોગી પુરૂષ તે શાન્તિ ભોગવશે નહિ. પણ જ્યારે તુંજ પરંપરા ગ્રીષ્મ તાપને

૧—૧ (માછલું) ૨ (નરને માછલાની પેઠે કૂદાવનાર મત્સરરૂપી માછલું).
૨—૧ (સૂર્યને) ૨ (પ્રીતમને, પતિને).
૩—૧ (સારાં તળાવ) ૨ (સારાં અંતઃકરણ).

નિવારી વરસારતુ[૧] પ્રાપ્ત કરી યૌવન સારંગ[૨] પ્રવેશક આગમનસૂચક ઇશાનાદિ[૩]સામા વિજળીરૂપે તારી ભ્રૂ લતામંડળની રાહે મૃગનયને આશ્રયસૂચક ભાવ બતાવશે, ત્યારે તારી પ્રસન્નતા સમજાશે. અને તે પછી ગરજ[૪] રૂપી તારૂં સંભાષણ કૃતાર્થ કરનારૂં થશે. અને તે પછી. પ્રેમ સંયોગરૂપી વૃષ્ટિ થયાથી તારી સંપૂર્ણ લીલાની અભિલાષા રાખતાં સર્વ પ્રાણીમાત્ર તો તારામય થઈ રહેશે. તેમાં તારામાં રત થયેલો ભોગી (ભ્રમર) નર, તેના મનમાં કાંઈ ઓરજ થયા કરે છે. એવી રીતે એક કુતુહળ વિષય જેવું તારૂં હાલનું રૂપ દેખાય છે. હે મનોહર ઋતુવર વસન્તબાળા ! તારા હું કેટલાં વખાણુ કરૂં !

આ પત્રમાં ઋતુ વર્ણન વાંચીને રાણી મનોહરમુક્તમાળાએ મનમાં પ્રસન્ન થઇને નીચે કાંઇ લખવાનું ઉચિત ધારી તેમાં લખ્યું કેઃ—જે આ પાત્ર નદીના પ્રવાહમાં તરતું તણાતું છતાં કોઇ પ્રતાપી પુરૂષના પુન્ય અંશે બહાર આવ્યું છે, તે પાત્ર નિર્મળ અને પવિત્ર ભાવે અવલોકન કરી જુએ છે તો તેને એમજ જણાય છે કે, એમાં તેના અધિષ્ટાતાનો લેશ પણ દોષ ન હોય, કારણુ કે તે તો ભાવિને આધિન થઇ પારકા પણ યોગ્ય, કારૂણમય અને પ્રતાપી સદ્પાત્રના આશ્રય નીચે દિવસ નિર્ગમન કરે છે. જેમ અન્ય વસ્તુનું રક્ષણુ થતું હશે, તેમ જ્યાં હશે ત્યાં તેનાજ આશ્રય નીચે રહેતાં, તેની અતિરૂપ છાયા નીચે તેનાજ ગુણનું અનુકરણુ કરતાં, અને તેનાજ ભાવનું અવલોકન કરતાં, તેનું ભાવિને આધિન રહેતાંજ રક્ષણુ થશે.

એટલા માર્મિક શબ્દો લખીને તે પાછું જેમ હતું તેમ મૂકીને આ દેવાંગનાની સાથે સાથે ફરીને નદીના પવિત્ર સ્થાનમાં સ્નાન કરી સખીયો તેમ પુત્ર શશિવર્મા સાથે વિમાનમાં બેસી પોતાના મુકામ તરફ જવા તત્પર થઈ. પતિના ભાવમાં નિમગ્ન થએલી મનોહરમુક્તમાળાને વિદ્યુતપ્રભાએ પત્ર નીચે જે કાંઇ માર્મિક શબ્દો લખતી જોઇ

૧—૧ (વર્ષાઋતુ, મેઘકાળ) ૨ (વર+સાર+તુ) પતિ સારૂ (માટે) તું.
૨—૧ (મેઘ) ૨ (સારો વર્ણ (દેખાવ)).
૩—૧ (ઈશાનાદિ દિશામાં) ૨ (ઇ (એ) + સાનાદિ=ઇશારતો).
૪—૧ (ગર્જના, મેઘનો ધ્વનિ) ૨ (આરત).

તેથી એ સમજી ગઇ કે આને પોતાના પ્રિયતમ ઉપરની ઉંચ ભાવના અને ભક્તિ–પરાયણતાનો ભાવ પ્રગટ થયેલો છે. વળી એ પરાધીન છે તેમજ પ્રેમ બંધનને લીધે આપણી મરજી ઉલંઘન કરીને તેણે આપણી પાસેથી જવાનું કહેવાતું નથી. એવો તેના મનનોભાવ જાણીલઇ પોતાના મુકામે ગયા પછી પ્રસંગોપાત વાત કાઢી તેનો પતિપારાયણ–ભાવ સતેજ કરી વિદ્યુતપ્રભા બોલી કે:—બેહેન, ઘણા દિવસના તમારા પતિના વિયોગે કરી તમારી વૃત્તિ વિરહાતુર થઈ હોય એમ જણાય છે. માટે જોકે અમારી નજર આગળથી તમને દૂર રહેલાં જોવાને અમે ઇચ્છતાં નથી, તોપણ ગમેતેવું સુખ છતાં પણ તમને જે સુખ અનુકુળ થતું ન હોય તે જોવાને અમે. રાજી નથી. ગમે તેટલા અંતરે તમે દૂર રહેલાં હશો તો પણ અમારા અંતઃકરણથી તમે દૂર નથી, એમ માની અમે સંતોષ પામીશું. પણ બેહેન, તમારી ઇચ્છા હોય તો તમારા પતિને મેળવવાની તજવીજ કરવા અમે તમને સાહ્ય કરીશું.

બેહેન, તમે કહો છો તે ખરૂં છે. પણ એકાએક તે મારા પ્રીતમને જઇ મળવાથી મને અંગીકાર કરશે, એવું અનુમાન થતું નથી. કેમકે આ મારા પુત્રને વાસ્તે તેમને શંકાશીલ થવાનો સંભવ છે. તેમજ એ પુત્રના ઉત્કર્ષ ચરિત્રોની ખ્યાતિ થવામાં પણ વિઘ્ન આવશે. કેમકે જો કદાચિત તે મારા આ પુત્ર વિષે મારામાં વિશ્વાસ લાવી મારો અને આ પુત્રનો સ્વીકાર કરશે તો પછી પુત્રની પિતાના ભાગ્યમાં રતિ બંધાશે, અને સુખમાં દિવસો ગાળતાં પોતાનાં સુચરિત્ર અને ભાગ્યના ઉદયનો અખતરો અજમાવવાને સંધિ મળવાનો સંભવ બહુ થોડો રહેશે. માટે જો તમને યોગ્ય લાગતું હોય તો તેના નજીકમાં પણ બીજી કોઇ ગુપ્ત જગ્યાએ રહી તે મારા પ્રિયતમનું મન આકર્ષણ થાય એવા પ્રસંગની વાટ જોવી, એ પ્રમાણે મનોહરમુક્તામાળા બોલી.

હા, ત્યારે તેમ કરજો. પ્રિયસખિ, હું તમારા અભિપ્રાયને સંમતિ આપું છું, એમ વિદ્યુતપ્રભા તેમજ પ્રતાપવિજયા બંને અનુમોદન આપી, બે દિવસ પછી જજો એમ કહી, સ્નેહ મમતા પૂર્વક મળી ભેટી, આરામ લેવા એક એકની શય્યાપર જઇ સુતાં.

પ્રકરણ ૩ જું.

પ્રયાણ અને સ્થિતિ.

સવૈયો.

સીત હરી દિન એક નિશાચર, લંક લઇ દિન ઐસોહિ આયો;
એક દિની દમયંતિ તજી નળ, એક દિનાં ફિરહી સુખ પાયો;
એક દિનાં બન પાંડવગે અરૂ, એક દિનાં છિતિ છત્ર ધરાયો;
સોચ પ્રબીન કછૂ ન કરો, કિરતાર યહેં બિધિ ખેલ બનાયો;

(પ્રવીણુ સાગર).

એ દિવસ વ્યતીત થયા પછી સાંજના વખતે સર્વ કામ પરવારી આરામ લેવાના વખતે આ બે દેવકન્યાએ મનોહરમુક્તામાળાની પાસે આવી, બેસી, કુશળની વાતો પૂછી. પછી જવાને કીધેલી તૈયારી જોઇને, ઘણી ઘણી માયાયુક્ત વાતો કરી, સંભારીને, પુત્ર શશિવર્માને પોતાના હૃદય સાથે તેનું મસ્તક રાખીને વહાલથી ભેટી, મસ્તકના કેશ સુંઘીને આશીર્વાદ આપી, તેમજ પોતાની પ્રિય સખીને પણ વિદાયગિરીની રજા માગતાં બહુ વહાલથી ભેટી સખીભાવ બતાવીને, વિદ્યુત્પ્રભા તથા પ્રતાપવિજ્યા બંને બેહેનોએ તેમજ સર્વ પરિજનોએ, સ્નેહ મમતાથી તેમને જાઓ કહેતાં જાણે જીભ અટકતી હોય તેમ ધારીને, આવજો એવા શબ્દથી રજા આપી. ગાંધર્વ કન્યાએ એક અપૂર્વ વસ્તુ આગળ ધરી કહ્યું કેઃ—સખી, લ્યો આ એક સુવર્ણમય પલંગ. તેની કરામત એવી છે કે તેના ઉપર બેસી તમો ચાહો તે દિશામાં ગતિ કરવા અને ગમે તે સ્થળે ઉતરવા માગશો તે પ્રમાણે તમો કરી શકશો. વળી આ એક ડબી છે જેમાં સુગંધીમય ચૂર્ણ ભરેલું છે. તમને જ્યારે કાંઈ સંકટનો સમય હોય ને અમારી સાહ્યની જે વખતે જરૂર હોય તે વખતે એમાંનું ચૂર્ણ કહાડી જરાક અગ્નિમાં નાંખ્યાથી તેનો સુગંધમય ધૂમાડો નિકળશે, તે પ્રસરવાથી અમે ગમે ત્યાં હોઇશું ત્યાંથી જાણીશું કે તમે કાંઈ સંકટમાં છો. તમે ચાહો તે જગ્યામાં કિંવા ગમે તે સ્થિતિમાં હશો ત્યાં અમે હજારો કોશને અંતરે હોવા છતાં બહુ થોડી વખતમાં તમને આવી મળી સંકટથી મૂકાવીશું. અને આ કેટલાએક આભૂપણો લ્યો કે

તે તમને કામ લાગશે. આ મારા વા'લા ભાણેજ શશિવર્માનું યત્નથી તમે સંભાળ રાખી પાલન કરજો. અને સર્વ સમયમાં અમારી તમો બંનેને સહાય છે એવો વિશ્વાસથી નિશ્ચય રાખજો. સુખ થકી સિધારજો. તમારૂં કલ્યાણ થાઓ.

આવી આશીર્વાદ પૂર્વક આજ્ઞા મળતાં, મનોહરમુક્તમાળા અને ગાંધર્વ કન્યાઓ પરસ્પર ભેટી, આંખમાં સ્નેહમય આંસુ લાવી, વિયોગ દુઃખ અસહ્ય છે એમ સૂચવતાં, એક એકથી વિખૂટાં થઈ છૂટા પડતાં, આપેલા પલંગ ઉપર માતા મનોહરમુક્તમાળા અને પુત્ર શશિવર્મા સ્વાર થયાં. અને કહ્યું કે દેવતાઈ વિભૂતિના બળથી સામર્થ્યવાન્ પલંગ, તારૂં હસ્તિનાપુર તરફ ગમન થાઓ. એમ કહેતામાં મોટા વેગથી આ માયાવી પલંગ આકાશ માર્ગે ગતિ કરતાં, મોટા મોટા પર્વતો નદીઓ તેમજ જંગલો અને શહેરોને ઓળંગતો, સાયંકાળ પછીની પ્રહર નિશાથી આરંભી સહધાર થતાં પહેલાં થોડીજ ઘડી અગાઉ હસ્તિનાપુરને પાદરે એક ઘટાદાર સુંદર વેલથી વિંટાએલા વૃક્ષ નીચે ઉતરવા હુકમ થતાં ત્યાંજ ઉતર્યો. ભાગ્યદેવીનો સંકેત કાંઇ અદ્ભૂતજ હોય છે. અહીયાં ઉતર્યા ને થોડીજ પળ ગઈ છે એટલામાંતો આ નગરીના દરવાજા તરફથી દરવાજામાંથી નિકળી, એક ઘોડાગાડીમાં બેઠેલો પુરૂષ પોતાના હાથથીજ ઘોડાને ધીમે ધીમે ચલાવતો, સહવારના બ્રાહ્મ મુહૂર્તમાં કાંઇ યોગ્ય નિમિત્તના કારણથી નિકળીને આ આપણા મુસાફરો તરફની દિશાએ ગતિ કરતો હતો. તેણે કાંઇ ચકચકિત પ્રકાશમાન પલંગ ઉપર બેઠેલાં મનુષ્યોને દેખી તે તરફ જવા માંડયું.

આ પુરૂષનું કપાળ ભવ્ય અને ચળકતું હતું. તેની આંખ ખુણાદાર મોટી અને ચંચળ હતી. ભ્રમરો દીર્ઘ અને ધનુષ્ય આકારે હતી. મુખ દેખવડું, સુંદર, અને ભરાવાદાર હતું. હોઠ જાડા નહિ, તેમ પાતળા નહિ. વારંવાર પાન બીડી ખાવાથી તેનાપર કાળાશ પડતી રાતી ઘડી જામેલી હતી. હોઠના ઉપલા ભાગપર મુછ ભરાવાદાર અને મરોડદાર વાળથી ભરપુર હતી. દાંત દામડનીકળી સમાન હારબંધ ચળકતા શોભતા હતા. વયે પિસ્તાલિસ વર્ષની ઉમરે પહોંચેલ હોય તેમ જણાતું હતું. તેનો પોશાક

સ્વચ્છ અને શોભિતો હતો. દુપટો જરીની કિનારીવાળો, લોચા પડતો બગલમાં મારેલો હતો. એ ઉપરથી તેના વિષે અનુમાન કરી શકાતું હતું કે તે કોઇ સુખી અને સંપત્તિવાન સંભાવિત મનુષ્ય હોવો જોઇએ. આ ભાગ્યશાળી પુરૂષ, વેપારી તેમજ ઉચ્ચ ધાતુનો તથા હીરા માણેકનો ગ્રાહક હતો, એમ તેના ચિકિત્સા ભરેલા અવલોકન ઉપરથી જણાતું હતું.

તેણે આ તરફ સુંદર આકૃતિનાં સ્ત્રી પુરૂષ દેવાંશી દૈવતવાન્ મનુષ્યો આ જગ્યાએ બ્રાહ્મ મુહૂર્તમાં કેમ અને ક્યાંથી આવે છે એવી ઉત્કંઠાથી, અને કોઇ ભાગ્યવાન્ માણસનો સમાગમ આપણને લાભકારી છે એમ ધારી, આમની પાસે આવી પૂછ્યું કેઃ—આપ કોણ છો? કોનાં સ્ત્રી છો? અને આ પાસે છે તે કોણ પુરૂષ? તમારે અહીં આવવાનું પ્રયોજન શું? અને ક્યાં જવાનું છે? ક્યાં સ્થિતિ કરવાની વકી રાખો છો? એ પ્રશ્નોની સાથે સત્કારપૂર્વક અભિવંદન આપી કુશળ સમાચાર પૂછ્યા.

આ બંનેએ કહ્યું કેઃ—ભાવિને આધીન થઈ યોગ્ય કારણને લીધે અમારૂં અહીં આવવું થયું છે. અન્નજળ લખ્યું હશે, ત્યાં અમારો નિવાસ થશે. પણ તમારૂ નામાભિધાન શું છે, તે અમને જણાવશો. તેણે જવાબ આપતાં પોતે રાજ્યવલ્લભ નામે વેપારી વર્ગનો એક માણસ છે એમ જણાવ્યું. આ શાહુકારની સાથે ઉપર પ્રમાણે વાતચિતના પ્રસંગથી તેઓના માર્મિક ને ગંભિર જવાબથી તે સમજી ગયો કે તેઓ અહીંઆં પણ રહેવાને ઇચ્છે છે. તેણે કહ્યુંઃ—તમો મારાં ધર્મનાં બેન અને સહોદર છો. આજ સવારના બ્રાહ્મ મુહૂર્તમાં તમો ભાગ્યશીલ મનુષ્યોનું મુખ મેં નિહાળ્યું છે. અને આ કિશોર વયના બાળકને દેખતાંજ તેની આકૃતિ બહુ વહાલ ઉપજાવે તેવી છે. તેથી તમો બંને સજ્જન મનુષ્યો મારા ઉપર કૃપા કરી મારૂં ઘર તમારા ચરણ રજથી પાવન કરીને સ્થિતિ કરશો, તો હું મારા ભાગ્યનો ઉદય સમજીશ. મારા કુટુંબના માણસો તમને પોતાથી બનતો સત્કાર કરશે. જો તમને મારી સાથે આવવાને ગમતું હોય, અને તેમ થવામાં તમને કાંઇ શ્રમ ન પહોચતો હોય, અથવા મારી માગણીપર અભિરૂચિ થતી હોય તો જાણે તમે પોતાનાજ કુટુંબમાં નિવાસ કરો છો એમ ગણીને મારી સાથે ચાલો.

આ બંને માતા અને પુત્રે જરાવાર એકાંતમાં વિચાર કરીને, પોતાનો પડદો ખુલ્લો ન કરવાનો નિશ્ચય કરીને, આ શાહુકારની સાથે તેનીજ ગાડીમાં બેસી, સર્વ અસબાબ સાથે તેને ઘેર જઇ, મોટા વિશાળ અને ચારૂતાથી ભરપુર બગિચાવાળા મેહેલમાં વિશ્રામ કીધો. તેના કુટુંબના માણસોની મુલાકાત લીધી, તે ઉપરથી તેમને સર્વે મનુષ્યો સજ્જન જણાયાં. અને આજથી તે શાહુકારે તે સજ્જન પરૂણીને પોતાની ધર્મની ભગિનિ તરીકેના સંબંધથી ઓળખાવી, તેજ સંબંધથી તેના કુટુંબમાં રાખી. પહેલાજ દિવસના અતિશય ઉપકારના પ્રતિઉપકારમાં તેણે આ રાજ્યવલ્લભ શાહુકારના પુત્રને એક મોતીનો હાર આપ્યો. તે લેવાને તેણે ના પાડી, પરંતુ આમણે આગ્રહ પૂર્વક આપ્યો. આ શાહુકારના અનુમાન પ્રમાણે તે પરૂણાઓ જીવિત પર્યંત અહીં તેને ઘેર રહે ત્યાં સુધી મોટા વૈભવ સાથેનો તેમનો ખર્ચ આ કિમતી મોતીના હારના થોડાએક અંશથી પૂરો પડી શકે એવો તે મહા મૂલ્યવાન હતો. આવા ઉદારતા ભરેલા તે બાઇના સ્વભાવથી આ શાહુકારનું આખું કુટુંબ તેને અંતઃકરણથી ખરેખર પોતાના સંબંધી તરીકે ગણીને ચહાવા લાગ્યું. આ કુમારને માટે એક સુંદર ઘોડો નિર્માણ કરી આપ્યો. દરરોજ હવે આ શાહુકારનો પુત્ર અને કુમાર હરવા ફરવા, તેમજ મોજમજાહ કરવા સાથે જવા, સાથે આવવા, સાથે સૂવા અને સાથે બેસવા ઉઠવાના સંબંધમાં આવ્યા. એ રીતે વર્તન ચલાવતાં ઘણા દિવસો સુખથી નિર્ગમન કરતાં તે રાજ્યપુત્રે જોયું કે તેના શાહુકાર મિત્રની સ્ત્રી ઘરમાં જણાતી નથી, તેનું કારણ શું હશે. લાવ પૂછુંતો ખરો. રાજ્યપુત્રે શાહુકારના પુત્રને પૂછયું:–મિત્ર વિભાવસુ, તમે પરણ્યા છો કિંવા કુંવારા છો?

શાહુકાર મિત્રે જવાબ દીધો:—હું કુંવારો છું. અને તેમજ કુંવારા રહેવાને મેં નિશ્ચય કીધો છે. તેનું કારણ એવું છે કે મેં ઘણી ચોપડીઓ વાંચી જાણી લીધું છે કે સ્ત્રીઓ ઘણી ખરી બેવફાદાર નિવડે છે. અને પુરૂષોને તે એક આપદાના ખાડામાં નાંખી બધો ભવ સંતાપે છે. તે કરતાં બેહેતર છે કે કુંવારાજ રહેવું.

તે સાંભળી રાજપુત્ર શશિવર્મા કહે છે:—ભાઇ, આ તમારી બુદ્ધિ

એકજ તરફી અનુમાન કરનારી જણાય છે. ભાઇ, જ્યારે તમે પુસ્તકો વાંચી જાણ્યાથી સ્ત્રી કરવાથી કંટાળો લેવા જેવા દાખલા જોયા છે ત્યારે ઘણા પુરૂષો સ્ત્રીઓના આનંદમય સુંદર મુખડાથી તેમજ સુસ્વભાવથી આનંદમય સ્વર્ગીય સુખમાં મહાલતા જોયા કે સાંભળ્યા પણ નથી કે? જેની સ્ત્રી પતિવ્રતા હોય તે પુરૂષના સંસાર કેવા નિવડે વારૂ એ પણ વિચારવાનું છે. આપણે બન્ને જણ હાલ એકજ સ્થિતિમાં છઇએ. તમને તો હાલ યોગ્ય સ્ત્રી ખોળતાં કિંવા પ્રારબ્ધ વશાત્ માતાપિતાની યોજનાથી મળે એવી કન્યા સાથે લગ્ન કરવાને હું સંમતિ આપું છું. મારે તો પરદેશમાં સ્થિતિ હોવાને લીધે પરતંત્રપણે રહી વર્તવાનું તેમજ કુટુંબના અસંબંધને લીધે મારા ભાગ્ય અને સ્વપરાક્રમ ઉપર વિશ્વાસ રાખી ભાવિને આધીન રહી સમય અને પ્રસંગની રાહ જોવાની છે.

આ પ્રમાણે રાજ્યપુત્રનું વચન સાંભળી વિભાવસુ વિચાર કરી કહેવા લાગ્યો કે:—ભાઇ, જો તમારી મને એવીજ સલાહ હોય તો કોઇ પણ સ્ત્રીની પરીક્ષા કરીને તેના સદ્ગુણ માટેની ખાત્રી કરીને મારા સ્વભાવને અનુકુળ વર્તનારી સ્ત્રી મળી આવે તેની સાથે પાણિગ્રહણ કરવા મારો વિચાર, સ્ત્રી ન કરવાના સંબંધમાં ફેરવીને, તમારી સમ્મતિ પ્રમાણે રાખું છું. તેને માટે હું એક પ્રશ્ન તૈયાર કરી રાખું છું. તેનો વાસ્તિવિક ઉત્તર આપશે, તે મારી અર્ધાંગના થવાને પાત્ર થશે.

વારૂ મિત્ર, તે પ્રમાણે કરવાનો નિશ્ચય કાયમ રાખીને તે અમલમાં લાવજો. ત્યારપછી બન્ને મિત્રો પોતપોતાના અવાસમાં વિશ્રાંતિ લેવા સારૂ ગયા. બીજે દિવસે શશિવર્મા મુમા રાજ્યવલ્લભ શેઠની સલાહથી કાંઇક યાંત્રિક અને નાવિક વિદ્યાનો અભ્યાસ કરવા સારૂ માતાની રજા લઇ થોડાક માસ બંગાળે જઇ રહેવા વિભાવસુને મળી વિદાયગીરી લઇને રવાને થઇ ગયો.

પ્રસ્તુત વિષયને પડતો રાખી અહીં ઊપસ્થિત થતી અવાન્તર વિષયની વાર્તા લંબાવવાની જરૂર પડે છે.

પ્રકરણ ૪ થું.

અવાન્તર કથા ચાલુ.

દોહરો.

મળે સુપાત્રજ કામની, જો કદિ કુળમાં નીચ;
નીચા નમિને તે ગ્રહો, જયમ હીમ પડીયું કીચ. ૧

એક દિવસ આ વિભાવસુના પિતા રાજ્યવલ્લભ શેઠની પાસે, ઉજ્જેણી નગરીના એક શ્રીમંત શાહુકારની પુત્રી માલતીલતા નામે હતી, તે રૂપે રંગે અને ચાતુરીમાં અતિપ્રવીણ હોવાનું જણાવીને, તેના તરફથી આવેલા મુનીમે વિભાવસુના વેવિશાળ માટે માગણી કીધી. એ વાતની હા કહેવા પહેલાં તેણે પોતાના પુત્ર વિભાવસુનો અભિપ્રાય જાણવા સારૂ તેને મિત્રદ્વારા પૂછાવ્યું. તો તેણે પોતાની પ્રતિજ્ઞા મિત્રદ્વારા જણાવી પિતાને કહાવ્યું કે મારા પ્રશ્નનો ઉત્તર આપશે તેજ કન્યાને મારી ધર્મપત્ની તરીકે સ્વીકારવા હું મારૂં અનુમોદન આપીશ. જો કોઇ મારા પ્રશ્નનો ઉત્તર નહિ આપી શકે તો મેં આખો ભવ કુંવારો રહી કાઢવાનો નિશ્ચય કર્યો છે. આવો તેનો હેતુ જાણી તેના બાપે આવેલા માગાની વિવાહની વાત મુલતવી રાખી એ પુત્રના વિચારપર રાખી. અંતે આ ઉજ્જેણીથી આવેલા પરૂણાઓને બે દિવસ રાખી વિદાય કીધા.

હવે આ શાહુકાર પુત્ર વિભાવસુ તેણે એક પ્રશ્ન કવિતા રૂપે તૈયાર કરી તેના મિત્ર આ રાજપુત્ર શશિવર્માને બતાવ્યો હતો. તે આ પ્રમાણે હતો.

દોહરો.

ખાન પાન ઉપભોગ સબ, અનુકુળ ઋતુ વસન્ત;
વયે કીશોરી કામની, શીળવત કેમ રહંત. ૧

આ કવિતા વિભાવસુએ પોતાના એક પુરોહિતને બોલાવી, તેને પોતાના હેતુનો હારદ સમજાવી, એના હાથમાં આપીને કહ્યું કેઃ—દેશ દેશાન્તરમાં તમો ફરીને હરકોઇ શ્રીમાન વા ગરીબ કુટુમ્બ કે જેમાં મારા પ્રશ્નનો ઉત્તર આપી શકે એવું કન્યા રત્ન મળી આવે એવા હરકોઇ કુટુંબોની મુલાકાત લઇને એજ પ્રશ્ન પૂછજો. અને જયાં ને ત્યાં એનો એજ પ્રશ્ન બોલીને ટેલ નાખજો એ પ્રકારની સૂચના આપી તે પુરો-

હિતને વાટ ખરચ માટે કેટલુંએક ધન આપી વિદાય કીધો. જોકે આ શાહુકાર ઘણો ધનવાન્ તેમજ ઉચ્ચ વૈભવવાન્ હતો, તેથી તેને કન્યા આપવા માટે ઘણા શ્રીમંતો તેમજ સ્વરૂપવંત કન્યાઓના પિતાઓ ઉત્કંઠિત હતા, પણ તેના પ્રશ્નનો વાસ્તવિક જવાબની સાથે હેતુ પાર પાડી શકે એવું એક પણ કુટુંબ હિમત કરી માગણી કરવા ઇતેજારી રાખનાર તેને જણાતું નહોતું. દેશાન્તરમાં ફરતા એના પુરોહિતના સંબંધમાં પણ એમજ પ્રસંગ આવતો ગયો. હજુ તેને પણ તેના પ્રશ્નના ઉત્તર સાથે હેતુની ફરજ બજાવી આપવા યોગ્ય કોઇ પાત્ર મળતું નથી. અનેક દેશ, નગર, શેહેર અને ગામડાઓની પોળ, શેરી અને મેહેલાઓમાં ફરી ફરીને ઉપલા પ્રશ્નવાળી કવિતા ગાઇ ગાઇને ફેરી કરવા છતાં પણ જ્યારે તેને કોઇ પણ સદ્પાત્ર કન્યા મળી શકી નહિ, ત્યારે તે બ્રાહ્મણ નિરાશાથી પાછા ફરવાનો વિચાર કરે છે. એટલે તેને યાદ આવ્યું કે લાવ, એક માહિષમતિ નગરી જોવાની બાકી રહી છે. ત્યાં જઈ તપાસ કરતાં તે ઇચ્છે છે તેવી કન્યા ન મળી શકે તો પછી એ હઠીલા પુત્રનું નશીબ વિપરીત છે, એમ ગણીને પાછા ફરવું. એ પ્રમાણે મનથી નિશ્ચય કરીને તે બ્રાહ્મણ માહિષમતિમાં આવી એક વણિકનિવાસ મેહેલ્લામાં તે પ્રશ્નવાળી કવિતા બોલી ફેરી ફરે છે. ત્યાં એક ગરીબ સ્થિતિના દુર્બળશાહ નામે વૈશ્યની કન્યા પોતાના ઘરની ઓસરીમાં હિંદોળા ઉપર બેઠી બેઠી હિંચતી હતી. તે અવસ્થાએ પુરી તેર વર્ષની વયે પહોચેલી નહોતી. કંઇક દિવસ માસ બાકી રહેલા હતા. યૌવનદશાએ જાણે પુન્ય કીધાં હોય, તેમ તે તેને પ્રાપ્ત થતી હતી. અને કુમાર અવસ્થા જાણે પોતાના પુન્યનો ક્ષય થવાને લીધે તેને ત્યજતી હતી. તેની મુખપ્રભા, જાણે ચંદ્રની પેઠે દિવસે દિવસ પૂર્ણિમાની હદ પર્યંત વૃદ્ધિ પામતી હોય, તેની પેઠે કાન્તિમાં વૃદ્ધિ પામતી હતી. યૌવનની સાથે તેનો નિતંબ ભાગ વિસ્તાર પામતો હતો. કરિણીની શુંઢની માફક તેના હાથ ભરાવાદાર જણાતા હતા. કદળી સ્તંભની ઉપમાયોગ્ય તેની સાથળો મૌંસળ હતી. તેના ગળાનો ભાગ ત્વચાની અંદર મુખવાસ નિમિત્તે ખાધેલા તાંબુલનો રસ પારદર્શક માલુમ પડે તે પ્રમાણે ભરાવાદાર જણાતો હતો. તેના પયોધર જાણે સ્વયંભૂ મહાદેવની પેઠે એની મેળે હાલમાં પ્રકાશમાન થઇને બહાર

નીકળી જાણે જક્તના કલ્યાણને અર્થે દર્શન દેતા હોય તેમ અને કોણ ભાગ્યશાળી પુન્યવાન પુરૂષ તેની પૂજાને અર્થે હસ્તરૂપી કમળ તેના ઉપર ચઢાવશે, તેને માટે પુન્યશાળી પુરૂષોના પુન્ય સંચય માટે વિભૂતિની ગણના કરાવવા માટે જાણે તેનો અગ્રભાગ ભક્તના કલ્યાણ અર્થે નીલકંઠ રૂપ ધારણ કરતો હતો, તેમજ કૃત્સ્ન નખરૂપી બાલચંદ્ર મુકુટથી ભક્તના આનંદાર્થે મુકુટિત થવા ઇચ્છતો હતો. આ લાવણ્યમય સુભાષિત વાણીવાક ચાતુરીની પરિસીમા વાળી એ કન્યા હિંચકેથી ઉઠી બહાર આવી. પેલા અતિથિ બ્રાહ્મણને સત્કારપૂર્વક આમંત્રણ કરી બેસવાને આસન આપી નિર્મળ જળનું માંજેલું સ્વચ્છ પાત્ર (ઘરમાં મઘા નક્ષત્રનું સંચય કરેલું ટાંકામાંથી) જળ ભરી લાવી તેના મુખ આગળ મૂક્યું. થોડીવાર વિશ્રાન્તિ લીધા બાદ જળપાન કરી તૃષાદોષ નિવારણ કર્યા પછી તે બ્રાહ્મણને આમ ઘેર ઘેર ભટકવાનું પ્રયોજન તે કન્યાએ પૂછ્યું.

આ પ્રશ્ન સાંભળી બ્રાહ્મણ નિશ્વાસ મૂકી પેલા શ્રીમાન કુંવરની હઠીલાઇનો તિરસ્કાર કરી કહેવા લાગ્યો કે:—પવિત્ર હૃદયની બાળા, હું શું કહું તેની શઠ પ્રતિજ્ઞા સંકેતની વાત! એના ભાગ્યમાં સ્વરૂપવાન તેમજ મધુરભાષિણી સુકન્યા લખાઇજ નથી. તેથી તેને આવી ઉંધી મતિ સુઝી છે. એક અઘરો કે સરળ જેને જેવી સમજ પ્રમાણે પ્રતીત થાય તેવો, પણ એના મનની ભાવના જાણીને જેનો પ્રતિઉત્તર અપાય એવો, તેણે એક પ્રશ્ન પૂછ્યો છે. તેનો ઉત્તર આપી શકે એવી દૈવી શક્તિનો પ્રસાદ પામેલી સુકન્યા કોણ મળવાની છે વારૂ! આ સાંભળી આ વૈશ્ય કન્યા ગુલાબદાને વિચાર પૂર્વક જવાબ આપ્યો કે:—અહીં સુખે રહો મહારાજ. ઇશ્વર કૃપાથી તમારો યત્ન સફળ થશે. એમ કહી તેને પાકની સામગ્રી આણી આપી. બ્રાહ્મણે તે પ્રમાણે રસોઇ કરી જમી તૃપ્ત થઇ ઘડી બે ઘડી આરામ લીધા બાદ પોતે જવાની તૈયારી કરવા માંડી. એટલે આ વૈશ્ય કન્યા ગુલાબદાન આ બ્રાહ્મણ પ્રતિ બોલી કે:—

શું સ્ત્રી જાતિનું માન ખંડન કરવાને અર્થે આ કાંઇ વિધિ યોજ્યો છે? કિંવા તે સ્ત્રી જાતિને ફસાવવાનો આ કાંઇ મંત્ર સાધન છે? કે ખરેખરી તેના શુદ્ધ મનની અભિલાષા છે? જો તે પોતાની રેણી કરણી

૬૪૬૭

ચૂકશે, તો આ અબળા જાતિને ફસાવવાના શ્રાપનો તે બલિદાન થઇ દૈવકોપની અધિક યાતના ભોગવશે, એવી શરતથી મારી સલુણી બેહેનોના માનને વાસ્તે, હું તેના પ્રશ્નનો ઉત્તર લખી આપું છું, તે લ્યો. અને તે તેને તમે જઇને આપજો.

દુહો.

કંકર ભચ્છ કબુતરો, કાયે તોઉ નીહ શાન્ત;
કુલ શિળ બંધ સુકામિનિ, રહત કાન્ત બીન કાન્ત. ૧

આ ઉત્તર લેઇ બ્રાહ્મણે ખુશી થતાં પોતાને નગર આવી શાહુકાર પુત્ર વિભાવસુને પત્ર આપ્યો. તે તેણે વાંચી મનમાં સંતોષ પામી, તે કન્યા વરવાને ખુશી હોય તો તે મારે પોતાને યોગ્ય છે એવું પોતાના પિતાશ્રીને કહેવરાવ્યું. એ ઉપરથી તેના પિતાશ્રીએ માહિષમતિ નગરીમાં એક પોતાના મુનીમને મોકલ્યો. તેણે કન્યાના પિતા દુર્બળશાહ પાસે જઇ કન્યાની માગણી કરી. દુર્બળશાહે ખુશીની સાથે કન્યાનો અભિપ્રાય લેઇ, તે વિભાવસુ કુંવરની સાથે વેવિશાળ કરી, શ્રીફળ મોકલાવી, વિવાહનું નક્કી કીધું. પછી તેણે લગ્નનો દિવસ ઠરાવી તે ઉપર જાન લેઇ આવવાનું કહેણ મોકલાવી, લગ્નની સામગ્રીની બધી તૈયારી કરવા માંડી. આ પ્રમાણે લગ્ન પત્ર મુનીમ લેઇ આવવાથી અહીં રાજ્યવલ્લભશેઠે પણ સઘળી તૈયારી કરવા માંડી. લગ્નદિવસે જાન પહોંચી શકે તે માટે અગાઉથી મુકરર કરેલા દિવસે મોટા ઉદાર દિલથી સભ્ય સંભાવિત માણસોનું, સાજન લેઇ, વર ઉઘલાવી યોગ્ય વિધિપૂર્વક જાન લેઇ, માહિષમતિ નગરી જઇ પહોંચ્યા. શુભ મુહૂર્તે લગ્ન સાધી કન્યાનું પાણિગ્રહણ થયું. દુર્બળશાહે બેચાર દિવસ સર્વે સાજનને રાખી, ખાનપાનાદિથી તેમનો યોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ તેણે જાનને વિદાય કીધી. કન્યાને હાલ પિયરમાંજ રહેવા દીધી છે. એમને એમ ત્રણ ચાર ને પાંચ માસ થવા આવ્યા પણ આણાની વાત કોઇ કરતું જણાયું નહિ. હવે એ કન્યાના પતિ વિભાવસુએ વિચાર કીધો કેઃ—આપણા એક પ્રશ્નનો ઉત્તર આપ્યો, એ ઉપરથી આપણે લગ્ન તો કીધું. પણ તેના હેતુરૂપ ફરજો તે કેવી રીતે અદા કરેછે એ જાણ્યા સિવાય, તેના ઉપર ગૃહિણી તરીકેનો અધિકાર બજાવવાને તે ભરોંસાપાત્ર નિવડશે, એની પણ શું ખાત્રી? માટે તેની પરીક્ષા કસોટીરૂપે પ્રમાણયુક્ત લેવીતો જોઇએ. એ

પ્રમાણે મનથી નિશ્ચય કરી પોતાના પિતાને પોતાનો વિદેશમાં જવાનો વિચાર પોતે વિદિત કીધો. કાંઇ પુરૂષપરાક્રમ કરી ભવિષ્ય અજમાવવા સિવાય નસીબની ખાત્રી કેમ કરી શકાય એવો ઉદ્દેશ જણાવી, વિદેશાગમન કરવાની પોતાના પિતાશ્રીની આજ્ઞા માગી, પોતાના વિશ્વાસુ પાંચ માણુસો સાથે રાખી તે રવાના થયો.

થોડાએક કોશ સાથે સાથે મુસાફરી કીધાબાદ, જ્યારે માહિષમતિ નગરી થોડાક કોશને અંતરે રહી, ત્યારે પોતાના સર્વે માણુસોને ગાન્ધાર દેશ તરફ પોતાની દુકાને જઈ ત્યાં રહેવાની શીખમાણ આપી, કહ્યું કેઃ—કાંઇ યોગ્ય કારણુસર હું થોડાએક માસ પાછળ રહેવા ધારૂંછું. પાછળથી હું તમને આવી મળીશ. અથવા તેમ નહિ બનેતો તમને બોલાવી લઇશ. પણ તે પહેલાં ત્યાં પહોંચતાંજ પિતાશ્રીને લખી વાળજો કે અમે સહીસલામત પહોંચ્યા છીએ. પછી ખુશીના સમાચાર આપતા રહેજો. કદાચ કાંઇ કારણુસર તમારે પિતાશ્રીની હજુરમાં જવાનો પ્રસંગ આવે, તો મારે માટે એમ કહેજો કે—કાંઈ કારણુસર શેઠ પાછળ રહ્યા છે. તે ખુશીમાં છે. કામનો નિકાલ થયે તે આવશે. એવી રીતે શીખામણ આપી તેમને વિદાય કીધાબાદ પોતે માહિષમતિ નગરીનો રસ્તો લીધો. નગરીના નજીકના ગામમાં જઇ, પોતે કાંઇ મુસીબતમાં આવી પડેલો માણુસછું એમ જણાવી, પોશાક અને સહેજ પાસે રાખેલું ઘરેણું ગીરો મૂકી શાહુકાર અને શાખવાળા માણસને ત્યાંથી ખપ જોગ નાણું લીધાં. ગામમાંથી તેવાં જુનાં પુરાણાં કપડાં ખરીદી, ગરીબ માણુસ તરીકે વેશ પલટી, સુકૃતશા નામ ધારણ કરી, માહિષમતિ નગરીમાં પોતાની પત્ની જે મેહેલ્લામાં રહેતી હતી તે મેહેલ્લાની તજવીજ કરી, દુર્બળશાહ શેઠનું ઘર પૂછીને તેના ઘરના દ્વાર પાસે જઈ, કોઇ થાકેલા મુસાફરની સ્થિતિ ધારણ કરી, દ્વારની નજીક બહાર ઓટલા ઉપર બેસી તે ઘરમાંનું કોઇ માણુસ સાંભળે એવી રીતે તેણે સવાલ કીધો કેઃ—આ ઘરમાં કોઈ સજ્જન માણુસ હોય તો તે કૃપા કરી જવાબ આપશે કે આ ઘર કોનું છે? જો વૈસ્ય જાતિનું હોયતો તમારે દ્વારે આવેલા અતિથિને જળપાત્રમાં ભરી જળ લાવી આપશો. જો એટલી કૃપા થશે તો આ થાકેલો મુસાફર થોડીવાર વિશ્રાન્તિ લેશે. આ તેના બોલેલા શબ્દો સાંભળી, તેમાં વસતી એક સુજ્ઞ સુહ્રદય બાળા

—કે જે તે વખતે ઘરમાં પોતે એકલીજ હતી—તેણે ઘરમાંથી બહાર આ-
વતા પહેલાં એક પારકા માણસને દેખી ઘરના ઉમરા અંદર રહી, એક
કુલાંગનાને ઘટતી રીતે મર્યાદાસહ મધુર ભાષણથી ગંભીર દષ્ટિપૂર્વક
આવકાર સાથે એક આસન લાવી ઘરની બહાર મૂક્યું. તે સાથે તેણે શીત-
ળ જળથી પૂર્ણ ભરી પંચપાત્ર સાથે જળપાત્ર મૂકયું. તે સાથે ઘટિત પ્રશ્ન
પૂછ્યા કે:—આપ કોણ? કયાંથી આપનું આગમન? અને અહીં પધારવાનું
પ્રયોજન શું? આનો કૃપા કરી ઉત્તર આપશો કે જેથી કરી આપનો
સંકેત જાણવાનું અમને સરળ પડે. એ પ્રમાણે ભાષણ કરતાં તેની
મુખમુદ્રા તરફ જોતાં તે નિષ્કપટભાવે ગંભીરપણે વાત કરે છે,
એમ પ્રગટપણે આ જોનારને માલુમ પડતું હતું. એ પ્રમાણે તેની
સાથે વાતચિતના સંબંધમાં આવવાથી, તેમજ તે પોતાની અર્ધા-
ગનાના હસ્તે આણેલું શીતળ જળ પીધાથી, તે પુરૂષને દ્વિગુણ
સંતોષ થયો. તેથી કાંઇક નિમિષનો હેતુ વિચારતો તે ત્યાંને ત્યાંજ બેઠો.
આ તરૂણીએ પૂછ્યું:—કેમ આપને અહીંઆં કોઇ સાથે કાંઇ કામનો
સંકેત છે! જો તેમ હોય તો તે બાબતની યોગ્ય તજવીજ કરવામાં
આવે. તે પુરૂષે વિનયપૂર્વક જવાબ આપતાં જણાવ્યું કે:—ના, કામ-
તો શું હોય! અમારે અહીં કોઇનું ઓળખાણ નથી. તેમ પરદેશના
રહીશ છીએ, એટલે કોઇની સાથે કામકાજનો કાંઇ સંબંધ નથી. એટલું
છતાં પણ કાંઇ ઉદર નિર્વાહ નિમિત્ત ઉદ્યોગ ખોળવા સારૂ વિદેશાગમન
કીધું છે. એટલે જ્યાં અમારો હેતુ સચવાય ત્યાં ચાકરીમાં રહેવાની અ-
ભિલાષા છે. કેમકે પાસે દ્રવ્યતો નથી. એટલે ચાકરી કરી ઉદર પોષણ
કરવું એજ ઉત્તમ માર્ગ છે. હાલ પગાર કાંઇ જોઇતો નથી. ફક્ત
અન્નજળ મળશે, ત્યાં સ્થિતિ કરીશું. એ સાંભળી આ ગુણવંતી
સ્ત્રીએ કહ્યું કે:—તમારા વિદિત કરેલા વૃત્તાંત પ્રમાણે તો અહીં તમો
નિરાશ્રિત અને વૈશ્ય જાતિના હોવાથી, તેમજ માણસે એક બી-
જાને સાહ્ય કરવી તે એક આવશ્યક ફરજ છે એમ ધારી, હું આપને
એમ કહેવા માગુછું કે, જો આપને આ નગરમાંજ રહેવાની
ઇચ્છા હશે, તો આજની રાત કિંવા તમારૂ ઠેકાણું થતા સુધી અહીં-
આંજ સ્થિતિ કરશો. હાલ થોડાએક વખતમાં મારા પિતાશ્રી આવશે.
એટલે તેમની સાથે વાતચિત કરી આપને જોઇતી માહિતિ મેળવજો.
આ જવાબ મળવાથી તેને રહેવાની તો મરજી હતીજ, છતાં આ પ્રમાણે

અતિથિ સત્કાર થવાને લીધે ખુશી થતો તે ત્યાંજ બેઠો. સાંજ પડી એટલે તે કન્યાનો પિતા જે દુર્બળશાહ નામે શેઠ તે આવ્યા. એમની સાથે વાતચિત કરતાં તેણે પોતાનો વૃત્તાંત જણાવી દીધો. આ વૈશ્ય વૃદ્ધ શાહુકારે વિચાર કીધો કે:—આ પુરૂષ કોઈ શાણો માણસ હોય તેમ તેની મુખમુદ્રાપરથી લાગે છે. તેમજ જાતે જાતવાન અને શરીર સંપત્તિવાન છે. વળી આપણી ઉમ્મર પણ વૃદ્ધ થયેલી છે. થોડોએક વખત વિચાર કરી તેણે કહ્યું:—ભલે, તમે અહીં રહો. વધારે કાંઈ ન મળે તો છેવટ પેટપૂરતું પેદા કરી લાવશો અને મદદ તરીકે ઘરનું કામકાજ કરશો, એટલે અમને સંતોષ છે. એમ પરસ્પર એકબીજાની અનુકુલતા બંધબેસતી હોવાથી તે ત્યાં રહ્યો.

હવે બીજે દિવસ સવારના સુકૃતશા (વિભાવસુ) વૈશ્યનો ગરીબી ગુજર રોજગાર જે ફેરીઆનો કોથળો તે લેઈ, તેમાં લોકોના સામાન્ય ઉપયોગની વસ્તુઓ ભરી, બહારના નજીકના ગામડાઓમાં વેચવા સારૂ વૃદ્ધ શેઠની રજા લઇને નિકળ્યો. આ શાહુકારપુત્ર કાયાએ કોમળ છતાં, તેમજ કોઈ દિવસ કાંઈ આયાસકારી કામ કરેલું ન છતાં, પણ જાતે સુવાન અને કોઈ અન્યવૃત્તિથીજ આ સ્વાંગ ધારણ કીધેલો છે, એટલે પોતાનો વેશ ભજવવામાં તેણે કાંઈ અટકાવ કે શ્રમની ગણના કરી નહિ. થોડા વખતમાં તેણે એક ગામડામાં ફરી સઘળો સામાન વેચી નાંખી સવાયો દામ કરી, બે પ્રહરમાં જમવાની વખતે પાછા આવી શેઠને હિસાબ સાથે દામ આપી, અમુક કમાણી થઇ એમ બતાવી આપ્યું. વળી બીજે દિવસે એજ પ્રમાણે કરતાં કાંઇક અધિક કમાણી કીધી. એમ દિનપરદિન લોકોના વ્યવહારની રીતભાત જાણીને અનુકુળ પડતી વસ્તુઓ લેઈ વેચવામાં તેની નજર પહોંચતી ગઇ, તે પ્રમાણે ધંધામાં વધારો કરીને તેણે એક માસમાં રૂપાના દોઢસો શિક્કા નફા તરીકે મેળવ્યા. આ પ્રમાણેની તેની નિમકહલાલ દાનત જોઇ દુર્બળશા શેઠ તેને પોતાના ઇષ્ટજન તરીકે માનવા લાગ્યો. અને તે પ્રમાણેની ફરજ બજાવતાં તે સર્વને અધિક અધિક ગમતો અને વા'લો થતો ગયો. બીજા માસમાં તેણે જથાબંધ માલ ખરીદવા તથા વેચવાની બાહોશી બતાવી આપી. તે માસમાં તે એકહજાર રૂપાના શિક્કા કમાયો. તે પણ વૃદ્ધ શેઠનેજ હવાલે કીધા. ત્રીજે માસે તો શાહુકાર મંડળમાં તેની આંટ સારી વધી. તેથી તેણે દુકાનદારીનો

ધંધો પસંદ કરી આ વૃદ્ધ શાહુકાર દુર્બળશાહને એક કન્યા શિવાય બીજું કાંઈ ફરજંદ નહોવાના સબબથી, એણે ગુલાબદાન દુર્બળશાહના નામે વ્યવહાર ચલાવ્યો. એ નામથી તેનો કારભાર સારો ચાલતો હતો.

આ સમયમાં એક શ્રીમાનપુરનો વાણીશધર્મા નામે વહાણવટી દેશ દેશાન્તરમાં ફરતો ફરતો આ નગરીમાં કેટલાક સહસ્ત્ર મણ અનાજ, ધાતુ, કાપડ અને કરિયાણાનાં વહાણ ભરીને આવ્યો હતો. એના આવ્યાની ખબર મળતાંજ ગુલાબદાનનો મુનીમ કે જેને આપણે મુફતશા નામથી ઓળખીએ છીએ, તેણે એ પ્રખ્યાત વેપારીને મળીને તેનો સઘળો માલ ખરીદી લીધો. એટલામાં શહેરના બીજા વેપારીઓ આવી પહોચતાં માલની અતિત્વરાથી માગણી કરવા લાગ્યા. પરંતુ એ સઘળો માલતો મુફતશા મારફતે ગુલાબદાન દુર્બળશાના નામપર ખરીદાયો છે. એવો તે શ્રીમાનપુરવાસી વેપારીએ સર્વેને જવાબ આપ્યાથી તેઓ મુફતશા પાસે માગણી કરવા લાગ્યા. આવતા ગ્રાહકની ઉલ્લાસ ભરી માગણી સ્વીકારી, તેણે યોગ્ય નફો ચઢાવી, સઘળો માલ સર્વ વેપારી મંડળમાં યથાયોગ્ય વિભાગે વિક્રય કરી નાંખ્યો. તેથી તેને મનમાનતો નફો મળતાં માલનાં નાણાં પરબાર્યાં તે વેપારી લોકોએ ભરી આપ્યાં. આ માસમાં તેને પચીસ હજાર રૂપિયાનો નફો મળ્યો. તેથી તો તે વહાણવટીના આગળ તેમજ લોક વ્યવહારમાં એક સંભાવિત અને પ્રતિષ્ઠિત પુરૂષ તરીકે ગણાવા લાગ્યો. ભાગ્યની રતિ ક્યાંઇ પણ છૂપાઇ રહી છે ? આ નશીબદાર પુરૂષ વેશ પલટી અહીં ફાટે લૂગડે આવી રહેલો છે એ ઉપર કહ્યું તેમ આપણે જાણી લીધું છે. તેવો વેશ પરિધાન કીધા છતાં પણ તેના નશીબમાં અંકિત થએલા ભોગ તેને ત્યજી શકતા નથી. નશીબદાર પુરૂષનાં પગલાંએ કરી આ દુર્બળશાહ શેઠની પુત્રીરૂપે જાણે એ શાહુકાર મુફતશાની શ્રીદેવી આગળથી આવી નિવાસ કરી રહી હોય, અને પાછળથી તે પુરૂષની સાથે સાથે પગલાં ભરતી સાક્ષાત્ સંપત્તિરૂપે વિલાસ કરતી લક્ષ્મી પ્રત્યક્ષ આવી વસી હોય એની પેઠે દિવસે દિવસે તેનો પ્રભાવ વધતો ચાલ્યો. હવે તેને નામે જથાબંધ માલ ક્રય વિક્રય માટે મંડાવા લાગ્યો. થોડા વખતમાં સંપત્તિ સંપત્તિને વધારતી ચાલી.

આ પ્રમાણે વ્યવહાર ચાલતાં કેટલાએક માસ ગયા પછી એનો એજ શ્રીમાનપુરવાસી વેપારી ફરી બીજાં વહાણોમાં અન્ય અન્ય

જાતનો માલ ભરી લઇ આવ્યો. તેણે અગાઉથી પોતાને આવવાના સમાચાર આ પ્રમાણિક સુકૃતશા મુનીમ ઉપર લખી મોકલેલા હતા. તેથી તેના સામે જઇ મળીને એ સઘળો માલ પણ ખરીદી દીધો. આ સાહસિક પુરૂષની હિંમત આપણે કેટલી બધી જોઇએ છીએ ! માણુસ દરખાસ્ત કરે છે એ વાત તેના હાથમાં છે ખરી, પણ સર્વે દરખાસ્તો પસાર થવી એતો વિધાતાના હાથમાં છે. એ નિયમાનુસારે અહીં પણ બનેલું જોવામાં આવે છે. સઘળો માલ તેણે પ્રથમના જેવી વકી રાખી દશ દિવસને વાયદે નાણાં આપવાની સંધિ કરી ખરીદ કીધો તો ખરો, પણ આ વખતે માહિષમતી નગરીના વેપારી લોકો પાછળ પડી ગયા હતા. તેથી તેમના જતા અગાઉ આ સુકૃતશાએ માલ ખરીદી લીધો જાણી સર્વનાં દિલ કચવાવા લાગ્યાં. અને મનમાં સર્વે તેના તરફ દ્વેશ ભરી લાગણીથી જોવા લાગ્યા. સર્વેએ એકસંપ કરી કોઇએ હાલ એક માસ પર્યંત તેની પાસેથી કાંઇ માલ ખરીદ કરવો નહિ. એમ ઠરાવ્યું એવો છૂપો સંકેત કરી પરભાર્યા પોત પોતાને ઘેર જઇ વેપારી લોકો નિરાંતે બેઠા. આમ થવાથી જોકે તે હિમતવાન હતો ખરો, પણ નાણાંની મુદતસર ગોઠવણુની પાકી ખાત્રી ન હોવાના સબબથી, તેની કમબખ્તીનો વખત તેને નજદીક દિસવા લાગ્યો. દશ દિવસતો સહેજમાં વહ્યાં જશે, ને વહાણુવટીને મુદતસર નાણાં અપાશે નહિ, તો આપણો સઘળો કારભાર ઘટી જશે, તે બાબતની તેને ફિકર થવા લાગી. પણ "હિંમત મરદ તો મદદે અલ્લી" એ નિયમાનુસાર હિમત રાખીને તે રહ્યો. આજ સુધી જે પૈસા તેણે મેળવી આપ્યા છે, તે ગુલાબદાનને સ્વાધીન કરતો ગયોજ છે. એવી રીતની તેની વફાદારી ઉપર વિશ્વાસ રાખીને, આ ગુલાબદાને તેનાં સઘળાં કૃત્યો વાસ્તવિક છે એમ ગણીને તેના ઉપર આધાર રાખી વ્યવહાર ચલાવવા દીધો છે. હવે દશ દિવસની મુદત પુરી થવાના એકાદ બે દિવસના અરસામાં દૈવેચ્છાથી બનાવ એવો બન્યો કેઃ—

એક દિવસ પાછલા પ્રહરનો ચાર ઘડી દિવસ વ્યતીત થયા બાદ કોઇ યોગ્ય નિમિત્તના સબબથી એક નવ યૌવન તરૂણુ બાળારૂપે રંભા જેવી કાન્તિમાન, સ્વરૂપ સૌંદર્યતાથી ભરપુર, એક અપ્સરા સરખી સ્ત્રી —તેણે એક કાળું અંબર અંગે ધારણુ કરેલું છે. નાકે નથની તરીકે મોતીની નાનકડી વાળી પહેરેલી છે. આંજ્યા વગરજ કાજલની ગરજ

સારે તેવી કાળાશ મારતી પાપણો વચ્ચે ખંજન પક્ષીના સમાન અણી-
આળી ચપળ આંખો આવી રહેલી છે. કપાલમાં સૌભાગ્યદર્શક કુંકુમનો
ચાંદલો કીધેલો છે. કોટમાં મોતીનો હાર પહેરેલો છે. અને તેના ઉદય
થતાં સ્તન ભાગ ઉપર જાણે મૃગચર્મ અંદરની ગર્ભત્વચા મઢી લીધી
હોય, તેવી ચળકતી ચોળી તેણે પહેરેલી છે. અને હસ્તમાં મણિમય કંક-
ણ પહેરેલાં હોવાને લીધે સહેજ કાંઈ ચલન વ્યાપાર થતાં ઝીણો ઝીણો
ભૂષણરવ થયાં કરે છે. પગમાં ભભકાદાર શોભતાં ઘુઘરાવાળાં નૂપુર
ધારણ કીધેલાં છે. એવે પ્રકારે સ્વભાવિક તેના અંગનો મરોડ બહુ
ચિત્તાકર્ષક હોવા છતાં, સાધારણ. અલંકાર ધારણ કરેલા તેને
લીધે તેની મનોહરછબી પુરૂષોના મનને તો શું ! પણ સ્ત્રીએ સ્ત્રી
જાતિને કામોત્કંઠા ઉપજાવે તેવી મોહમાયા જેવી જણાતી હતી. એવા
પરીવેશે તે સ્ત્રી સામી બાજુ પડોશીના ઘરમાંથી નિસરી, ધીમી ધીમી
હંસગતિથી પોતાના ઘર તરફ આવવાને આડો રસ્તો પસાર
કરતી હતી. તેવામાં અહીં એક પરદેશી મુસાફર જુવાન વયનો ભભ-
કાદાર પોશાક સજીને સારા તેજી ઘોડા ઉપર સ્વાર થઇ એજ રસ્તો પ-
સાર કરી જતો હતો. તેનો સુંદર ચેહેરો પણ ઘણો ખૂબસુરત દેખાવ
ધારણ કરતો હતો. એવા એક પુરૂષની આગળ થઈ આ પદ્મની સ્ત્રી
પસાર થતી તેની નજરે પડતાની સાથે તેના મનમાં તે એમ ચિંતવન
કરતો હોવો જોઇએ કે, આ સ્ત્રી મારી આગળ આડે રસ્તે પસાર થઇ
મને આણ દેઈ એમ કહેતી હોવી જોઇએ કે, અહીંથી એક ડગલું આગળ
ભરો, તો આ હું આણ દેઉ છું, અને જતાં તમને અટકાવું છું; આવા
તેના મનના ભાવે કરીને તેના મનમાં કાંઈ અન્ય અભિલાષા ઉત્પન્ન થતી
ઉભરાવા લાગી. તેથી કરી તે આ સ્ત્રીના સૌંદર્યમય મોહપાસમાં
બંધાયો. ઘોડાનીગતિ બંધ કરી, તે સ્ત્રીના મુખડા તરફ તેમજ અવ-
યવોતરફ જોતો જોતો તે દિંગમૂઢની પેઠે સ્તંભીને ઉભો. ઘોડો આ-
ગળ ચલાવવો કે નહિ, એનું પણ તેને ભાન રહ્યું નહિ. તેના સેવકોએ
સૂચવ્યું કેઃ—સાહેબ, અહીં થોભવાનું કાંઈ પ્રયોજન છે કેમ? એવો પ્રશ્ન
કરે છે, એટલામાં તો અહીંયાં પેલો સુકૃતશા નામે મુનીમ આ પુરૂષને
ઉભો રહેલો જોઈ મનમાં કાંઈ ચિંતન કરતો હતો કે આ તે મારૂં ઘર
પૂછીને મુદતસર નાણું ભરવાની તાકીદ કરવા માટે આવે છે કે શું ? પણ

લાવ, તેની પાસે જઈ પૂછી જોઉં તો ખરો. મુક્તશા ઘરમાંથી નિકળી બાહાર આવી નમ્રતાથી સલામ કરી પૂછેછે કેઃ—કેમ સાહેબ, શો હુકમ? આ ઉપરથી વાંચનાર તમને જણાયું તો હશે કે આ વજનદાર પુરૂષ કોણ? અને અનાયાસે નિકળી પસાર થતી સ્ત્રી તે કોણ? એમ છતાં પણ જણાવવાની જરૂર છે કે તે સ્ત્રી તથા પુરૂષ બીજું કોઇ નહિ પણ એતો શ્રીમતી તરૂણી ગુલાબદાનજ છે, અને આ પુરૂષ તે શ્રીમાનપુરવાસી વાગીશધર્મા નામે વહાણવટી છે. આ મુક્તશાને પોતાની સનમુખ ઉભો રહી વાત કરતો જોઇને તેને સમયસૂચક જવાબ આપવાની પુષ્ટી મળી, જેથી તે પુરૂષ બોલ્યો કેઃ—અહો મુક્તશા, તમે અહીંજ રહો છો ને શું? આ શ્રીમંત વેપારીને પોતાના મનનો ખ્યાલ છૂપાવવાનું યોગ્ય બહાનું સુઝી આવવાથી તે કહેવા લાગ્યો કેઃ—હું તમને કહેવા માટે આવ્યો હતો કે આવતી કાલ નાણાની કાંઈ ઉતાવળ નથી. વારૂ ભલું થયું કે તમારી સહેજ મુલાકાત થઈ ગઈ. બન્ને જણ પોતાના મનમાનતો ખુલાસો મેળવવા પામ્યાથી ધીરજ પકડી સલામ કરી એક એકથી વિખૂટા પડ્યા. આ ધનાઢ્ય વાગીશધર્મા વેપારી પોતાને મુકામે ગયો તો ખરો, પણ તેને ભોજન સમયે રાતના પૂરૂં ખાવાનુંએ રૂચ્યું નહિ. તેમ આખી રાત તેને પેલી મૃગનયની રંભાની આકૃતિ દૃષ્ટિગોચર થયા કરતી હતી. તેથી શય્યામાંને શય્યામાં આમ તેમ આખી રાત તેણે આળોટયાં કીધું, પણ એક નિમિષમાત્ર તેને ઉંઘ આવી નહિ. સવાર થયું, પણ કામની અસહ્ય વેદનાથી તેનું મન સ્થિર નહોતું. ઘડીપળ એ મનમોહિનીનું ચિંતન તેને થયા કરતું હતું. તેથી તે મનમાં ચિન્તવતો હતો કે એ રૂપસુંદરી મને કિયા ઉપાયથી પ્રાપ્ત થઈ શકે? તેણે એક યોજના કલ્પી કે જો હું તેના મુનીમને સાધુ તો બની શકે ખરૂં. પણ તેને કહેવું શું, એ તેને સૂઝતું નહોતું. તેણે વિચાર કર્યો કેઃ—લાવ, તેને બોલાવી આપણા લેણા બાબતની ઉઘરાણી તો કરૂં. તેણે તુરત પોતાના મુનીમને બોલાવી મુક્તશાને ત્યાં તેડી લાવવાને ફરમાવ્યું. તે જઈ તેને તેડી લાવ્યો. મુક્તશાને આવતો જોઈ આ વાગીશધર્મા વેપારીએ એક ઈલાયદા તંબુમાં તેને લઇજઇ એકાન્તમાં બેસીને કહ્યુંકેઃ—શેઠ, અમારાં નાણાં ભરી દો. હવે અમારે કુચ કરવાનો વિચાર છે. આ મુક્તશા શાહુકાર તેણે વાયદો કરી શકાય તેમ નહોતું. કેમકે આંટ જાળવવી એતો તેનો ધર્મજ હતો. તેણે વિચાર કર્યો કે આ-

જ સુધી વગર રૂપિયે આ શ્રીમાન વેપારીનાં નાણાંથી મોટા દ્રવ્યની પ્રાપ્તિ આપણને સંપાદન થઇછે. તેને લોકો મોટો નફો આપતા છતાં તે પોતાના વચનથી ફર્યો નથી. ત્યારે આજે આપણું વચન નિષ્ફળ નિવડવા સાથે આંટ ન સચવાય તો મેળવેલો નફો જતાં દેવાળવું કાઢવાનો વખત નજીકજ છે. એવા વિચારમાં તેને નિમગ્ન થએલો જોઇને તેની આકૃતિ ઉપરથી તે સમજી ગયો કે—હાલ તે નાણાંની સંકોચ અવસ્થામાં હોવો જોઇએ. ત્યારે આપણી કામના સિદ્ધ થવાનાં નિશાન અગાઉ સૂચક માલુમ પડેછે. એમ ધારી તેણે કહ્યું કેઃ—શેઠ તમે વિચાર શામાટે કરોછો? રૂપિઆ તમને હાલ આપવા ન પડે, તેવી એક યોજના મારા મનથી મેં યોજીછે. તે પાર પાડવાથી તમો મોટો લાભ મેળવી શકો, તેવો સંભવ છે. તેનો એકજ ઉપાય છે. તે એજ કે જો ~~તમારી શેઠાણી જુલાબુદાવ અહીં અમારે મુકામ આવી~~ જાય, તો પછી તમારૂં કામ પાર પડ્યું એમ સમજવું. વૈશ્ય જાતે વેપારી વર્ગમાં ઉંચી શાખ મેળવેલી છે, તે સાથે દેવાનો દાસછે છતાં, તેના મનમાં આ અણધારેલો અણચિન્તવ્યો સવાલ બહુ ખુંચે તેવો હતો, તોપણ તેણે વિચાર્યું કે ઇશ્વર ટેક રાખશે. આપણો હેતુ એ સ્ત્રીની રેહેણી કરણીની પરીક્ષા કરવાનો હતો. તે પ્રસંગ આજ સહજ પ્રાપ્ત થયો છે. આપણી એવી કોઇપણ જાતની નીચ પ્રેરણાથી પૈસો મેળવવાની ધારણા રખાયેલી નથી, તેમ છતાં એની એવી માગણી ઉપરથી અહીં ધર્મ સંકટમાં આવી પડ્યા છીએ; તો હવે તેની મરજી પ્રમાણે તે સુંદરીને એકવાર એના મુકામપર હરકોઈ યુક્તિથી લાવી આપવી તો ખરી. આપણે શરત એટલીજ કરવી કે તેને તે મેળવી આપવી. મેળવ્યા પછી તેના શીળનો બચાવ થવો એતો તેની રેહેણી કરણી ઉપર છે. એ પ્રમાણે વિચાર કરીને તેણે કહ્યુંઃ—વારૂ શેઠ, તમારા કહેવા મુજબ બનતે ઉપાયે કરીને પણ તેને તમારે મુકામે લાવીશું, પણ તે તમને પ્રસન્ન થશે કે નહિ તે કહેવું મારા હાથમાં નથી. પણ જો તે એકવાર અહીં આવી ગયા દરમિયાન તમે તમારો હેતુ પાર પાડી શકો કે નહિ તોપણ તમારા લેણાની રકમને દશમે હિસ્સે નિકળે તેટલી રકમ શરતમાં આપવી પડશે. અને બાકીનાં નાણાં ધીરે ધીરે વસુલ કરી લેતાં જવું પડશે. તે શ્રીમાન વેપારીએ સઘળું કબુલ કીધું, ત્યારે મુક્તશા કહેવા લાગ્યો કેઃ— આતો સ્પષ્ટજ છે કે, દેખીતો જુગાર ખેલવાનો છે. દેવ અને દાનવને

જ્યારે સમુદ્ર મંથન કરીને તેઓના મહા પ્રયાસના પરિણામ રૂપ ચૌદ રત્નોની પ્રાપ્તિ થઈ, તે વખતે છેવટ અમૃતનો કળશ હાથ આવ્યો. દાનવો બળવાન હોવાને લીધે દેવતાઓની પાસેથી કળશ ખુંચાવી હરણ કરી ગયા. ત્યારે દેવતાએ ઇશ્વરની પ્રાર્થના કરી. તેથી ભગવાન મોહિની સ્વરૂપ ધારણ કરી દાનવોને છળવા નારીનાં વિશેષણ સાથે નારીરૂપજ થયા. તે મોહિનીએ દાનવોની સામે પુષ્પ લતામાં ઉભી રહી, આંખના સ્ફુટ અસ્ફુટ ચાળાથી લોભાવતી, દૃશ્ય અદૃસ્ય ગતિ ધારણ કરતી, પવનની સાહ્યથી વસ્ત્રના પલ્લવને ઉરાડતી, અંગના અવયવોનું પ્રતિદર્શન કરાવતી કરાવતી તેઓનું મન આકર્ષણ કરી લીધુ. તેથી અમૃતના કળશ ને પડતો મૂકી સર્વ દાનવો એને નવીન અમૃતથી અધિકનું રત્ન પ્રાપ્ત થએલું માની ગ્રહણ કરવા દોડ્યા. એટલે તે વખતે દેવતાઓ એમનો અમૃતનો સજેલો કળશ લેઈ અમૃતપાન કરવા લાગ્યા. એ વખતે રાહુ નામનો ગ્રહ (દાનવ) એ તરફથી દોડી આવી દેવતાઓની હારમાં બેસી જમણા કર તળમાં અંજલિ લેઈ અમૃતપાન કરવા, મુખમાં અમૃત ધારણ કરેછે, તેવામાં વિષ્ણુએ તેને જોઇને એકલો જાણી તેનું મસ્તક અધર ઉડાવી દીધું; જેથી મુખમાં સુધા દાખલ થવાને લીધે મૃત્યુ ન થતાં તેનું ધડ અને શિર અમર રહી રાહુ અને કેતુ એ નામથી ઓળખાયું. અને દેવતાઓ અમર પદવી ધારણ કરી એજ વિશેષણથી ઓળખાવા લાગ્યા. એ રીતે સ્ત્રીના સ્પર્શની અભિલાષાથી દાનવો અમૃતથી ભ્રષ્ટ થયા, અને મેળવેલો લાભ ખોવાને પાત્ર થયા. તે પ્રમાણે અહીં પણ તમારે અર્થ સિદ્ધ થાય કે નહિ તોપણ અર્થની પ્રાપ્તિ સજવાનો (મેળવેલા ધનની હાનિ વેઠવાને) મામલો હાથ ધરવાનો છે. એ જાણુમાં લઈ મારી સાથે શરત કરી બાબાજી પણ ખેલવાની છે. પરિણામ જે આવે તે તમારે ભોગવવાની રાહ જોઇને બેસવાનું છે.

જેને કામી દશાએ ઘેર્યો છે, તેને ગમે તેવું સદ્દષ્ટાંત બોધવચન માનવા યોગ્ય હોય, તેપણ તેના માનવામાં આવતું નથી. તેમ આને માટે પણ થયું છે. તે શ્રીમાન વેપારી તો એમજ મનથી નક્કી કરી બેઠો કે, જો તે અમારા સંકેત પ્રમાણે એકવાર અમારા સ્વતંત્ર મુકામમાં આવી હાથલાગી, તો પછી મારા સર્વ મનોરથ સિદ્ધજ થઇ ચૂક્યા. એમ માની તેણે મુક્તશાની શરત સ્વીકારી, તેને લાવી આપવાનું તેનું વચન લીધું. આ પ્રમાણે

મુગ્ધતશા વચનથી બંધાયો તો ખરો, પણ આ ગુલાબદાન તેના કહેવા પ્રમાણે વર્તે એવી દુરાચારિણી સ્ત્રી નથી. તેમ તેની સાથે તેવો સ્પષ્ટ ઉચ્ચાર કરી શકે તેવો તેનો સંબંધ પણ નહોતો. તેથી તેણે વિચાર્યું કે આ બાબત કાંઈ સંકેતિક રચના કરવી પડશે. તે બન્ને જણાએ સારી એકાંત જગ્યામાં બેસીને એક એકના વિચારને અનુમોદન આપી ધારેલો હેતુ પાર પાડી શકાય તેવી યોજના ઘડી કાઢી. બીજે દિવસ સવારના પહોરમાં સંકેત પ્રમાણે આ વાગીશધર્મા વેપારીએ પોતાની ગૃહિણી તરીકે એક દૂતીની ક્રિયામાં કુશળ એવી કોઈ ધૂર્ત સ્ત્રીને તેણે જાણે સ્વપત્નીના સર્વ અધિકાર સોંપેલા હોય તે પ્રમાણે યોજના કરીને, એક ચાલાક અને તેવા કામમાં કુશળ એવા એક સેવકને ગુલાબદાનના આવાસે મોકલી કહેવડાવ્યુંકે:- અમારા શેઠનાં પત્ની નામે કામોદકલિકા છે. તે આપને મળવા ઇચ્છે છે. માટે આપને ફુરસદ હોય તે વખત માટેની વરધિ આપસો.

સ્ત્રી સ્ત્રીજાતનો મેલાપ કરવાને ઇંતેજારી રાખેજછે. તે નિયમાનુસારે તેણે તેના સંદેશાને માન પૂર્વક સ્વીકારીને કહાવ્યું કેઃ—ભલે, તમને ફુરસદ હોયતો આજ ત્રીજા પ્રહરના વખતે પધારશો. એ વખતને માટે હું તમારી આવવાની રાહ જોતી બેસીશ. તે સંદેશો તેના અનુચરે વાગીશ ધર્માને વિદિત કરતાં તેણે (વાગીશધર્માએ) શું કીધું તે આપણે જોઇએ. પેલી ધૂર્ત સ્ત્રીને તેણે પોતાના તંબુમાં બોલાવી પોતાનો હેતુ સમજાવી દીધો. એટલે તે પોતાના અંગ ઉપર નાના પ્રકારના અલંકારો ધારણ કરી, ઉત્તમ પ્રકારનો પોશાક સજી, એક નવ યૌવન નાગરી બની, મોટા આડંબરથી વૈભવવાન ગૃહસ્થને છાજતી રીતે પોતાની સાથે સારી સૌંદર્યવાન દાસીઓ રાખી, પોતે ભભકાદાર અને વજન પડતી આકૃતિથી ગંભિરાઇ સાથે સાવધાન રહી, એક અશ્વરથમાં બેસી, સાથે દશ પાંચ આગળ પાછળ દોડતા અનુચરો લઇ, એક કુલાંગનાની રીતભાતથી મલાજા પૂર્વક અશ્વરથની આજુબાજુ ચક્ર પડાવી દઇ ગુલાબદાનને અવાસે આવી પહોંચી. આગળ એક અનુચર મોકલી વરધિ અપાવી તે રથમાંથી ઉતરે તે પહેલાં એ પ્રદેશમાંથી સર્વ પુરૂષ વર્ગને ખસેડી પોતે નીચે ઉતરી ધીમી ધીમી ગતિએ ગુલાબદાનના ઘરમાં પ્રવેશ કરે, તે પહેલાં તેને લેવાને અને આવકાર

આપવાને અર્થે બહાર આવેલી આ શુદ્ધ મનની બાળાએ સામે આવી પ્રીતિ ભર્યાં વચનોથી અને આનંદભર્યે મુખડે મનનો ભાવ પ્રગટપણે બતાવતી બતાવતી, તેનો હાથેહાથ મિલાવી, પોતાના ઘરમાં પ્રવેશ કરાવી, સુંગંધી જળપાન પુષ્પ ઈત્યાદિથી તેનો સત્કાર કીધો.

પછી વાતચિતમાં કુશળ સમાચાર પૂછતાં ગુલાબદાન પોતે મધુર અને સરળ વચનયુક્ત હોવાથી, તેની સાથે પરિચયમાં પડતાં પ્રથમ ઉચ્ચારણથીજ જાણે ઘણા દિવસનો પરિચય હોય તે પ્રમાણે સ્નેહ, મમતા અને અભિલાષા પૂર્વક તેઓ અરસપરસ મળી ગયાં. થોડીવાર વિનોદ વાર્તા કરી, એકમેકને પ્રેમથી મળી ભેટી, તે વાગીશધર્માની પટરાણીએ રજા લેઇ જૂદાં પડતાં, ગુલાબદાન કહેવા લાગી કેઃ—બેન, અહીં તમો રહેવાનાં હશો, ત્યાંસુધી આવતાં રહેશો, જેથી વાત વિનોદ કરી આનંદમાં વખત ગુજારીશું. પધારો! તેણે જૂદાં પડતાં જવાબ આપ્યો કેઃ—વારૂ, હમેશ આ વખતે આવવા મારા તરફની અનુકુળતા છેજ. તમારી સાથે બેસવામાં મને પણ આરામ અને મોજ મળેછે તો આવીશું. તમારી માયાળુ વૃત્તિ પણ અમને આકર્ષણજ કરેછે. એ પ્રથમ દિવસનો સમાગમ થયાબાદ એમને એમ તે ધૂર્તસ્વાંગધારી વાગીશધર્માની પટરાણીએ ચાર પાંચ દિવસ ત્યાં આવતાં રહી, ઘણીક પ્રીતિથી તેની વૃત્તિ પોતાના તરફ આકર્ષણ કરી લીધી. એક દિવસ ગુલાબદાનના આવાસમાં નિયમિત વખતે આવી બેસીને આનંદથી વાતો કરતાં તે બેઠાં છે. એ અરસામાં આ વાગીશધર્માના દૂતે આવી સુકૃતશાને સમાચાર કહ્યા કેઃ—હવે અમારાં નાણાં કાલ સવારમાં ભરી આપવાં જોઇએ. તે હકીકત વિદિત કરવાને માટે સુકૃતશા આ ગુલાબદાન પાસે એની માની લીધેલી સખીની વિદ્યમાન કાંઈ કહેતો હતો. તે સાંભળી તે સંભાવિત સ્ત્રી વચ્ચે બોલી ગુલાબદાનને કહેવા લાગી કેઃ—બેહેન, એ બાબતની તમારે કાંઈ કાળજી કરવી નહિ. તમારી એ ફરમાસ તમારા કહ્યા વગર પણ મારેજ બજાવી આપવાની હું મારી ફરજ સમજુંછું. આજ મારી સાથે સાથેજ મારે મકાને આવવા તમારી સખીની પ્રસન્નતા ખાતર કબુલ કરશો, તો આપણે ભલા ત્યાંજ ચાર ઘડી બેસી વાતચિત કરી આનંદથી કાળ નિર્ગમન કરીશું. અને જોકે તમારા તરફની સાફ દાનત વ્યવહારના સબંધે અમારાં તમારી પાસે નાણાં લેણાં છે, તથાપિ તમારી પાસે જો કાંઈ દાગીના

વસ્ત્ર હશે તે લેઇ આવશો, તો હું મારા સ્વામિને તમારી મિલકતનો પ્રભાવ જણાવી, તમારી નિર્મળ દાનતનો ખ્યાલ તેના મનમાં ઉતારીશ. અને ભલા, ચાર ઘડી બેસી સારી શાન્તિ મેળવીશું. મારા અને તમારા વચ્ચે કાંઈ અંતર કે જૂદો જીવ સમજવા જેવું નથી. મનની વાતનો પડદો ખોલી બતાવવાની આપણી એક એકની ફરજ છે, એમ હુંતો માનુંછું. અને જો કે આપણો ઘાડો સંબંધ જોડાયો છે, તો હવે નાણાની કાંઈ ચિન્તા કરવાની નથી. આ વાતથી ગુલાબદાનના મનને કાંઈ રૂચતું હોય એમ જણાયું. તેણે જવાબ દીધો કેઃ—આજતો પધારો! પણ મુફ્તશાની સલાહમાં ઉતરશે, તો હું આવતી કાલે આવવા તત્પર રહીશ. તમે આજની વખતે કાલે પણ આવજો. હું વેળાસર ભોજન ઈત્યાદિ કરીને તૈયારજ હોઇશ, એટલે પછી આપણે સાથે સાથેજ જઇશું. એમ કહીને તેણે તેને વિદાય કીધી.

તેના ગયા પછી મુફ્તશાને તેણે આ સમાચાર કહીને સલાહ માગી, તો તે બાબતમાં તેણે પોતાની અનુમતિ આપી કહ્યું કેઃ—જઈ આવજો, અને તેનો કાંઈ પાર આવે તેવી રીતે ફડચો કરી હપ્તા ઠરે તેવું કરજો. આ ભલા દીલની પવિત્ર બાળા આ કાવત્રાની આગમ સૂચના કાંઈ પામી નથી. તેતો એમજ જાણે છે કે મારી પાસે જે સ્ત્રી આવે છે, તે તો વાગીશધર્મા શ્રીમાનપુરવાસી વેપારીનીજ પટરાણી છે. એમ જાણીનેજ તેની સાથે નિષ્કપટપણે સખી ભાવે વર્તતી આવી છે. ગુલાબદાન પોતે શીળવ્રત ધારણ કરનારી સ્ત્રી તરીકે પવિત્ર હૃદયની સરળ સ્વભાવની સ્ત્રીછે. તેથીજ તે અન્ય સ્ત્રીને પણ પોતાના સમાન શુદ્ધ અંતઃકરણવાન માને છે. એટલા માટે તે બીજામાં કપટ ભાવ ઓળખતી નથી, અને પોતે સાધુભાવથી વર્તતી રહી છે. છતાં સમયસૂચક બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ કરવામાં કુશળતા ધરાવનારી પણ તે છે.

એ દિવસ વ્યતીત થયાબાદ બીજા દિવસે નિમાયલે વખતે તેની પાસે પેલી સ્વાંગધારિણી વેપારીની સ્ત્રી આવી. આજે તે એના આવતા પહેલાં સર્વ કામ પરવારી તૈયારજ હતી. બે ઘડી બેઠા પછી સાયંકાળ થવા આવી. એટલે તેણે જવાની રજા માગી. તે સાથે તેણે ગુલાબદાન, આપ મારી સાથે આવોછોને? એમ પણ માગણી કીધી. તેથી તે પોતાનો આવવાનો અભિપ્રાય જણાવી, સાથે જવાને તત્પર થઈ. પોતાના દાગીના

અને વસ્ત્રની પેટી પોતાની સાથે લઈ, ગુલાબદાને તે વેપારીની સ્ત્રી સાથે તેની ગાડીમાં બેસી મુક્તશાને મળીને તે ગાડીને ચલાવવાની આજ્ઞા કીધી. તેઓ ધીમે ધીમે ગાડી ચલાવતાં ચલાવતાં પ્રહર રાત્રિ જતાં તે વેપારીના તંબુ, જે નગરથી કેટલેક દૂર એક સુંદર બગીચામાં હતા, ત્યાં જઈ પહોંચ્યાં. તેમાં એંશી એંશી હાથને છેટે ચાર તંબુ ઉભા કીધા હતા. તે જરીયાની કપડાના બનાવેલા હતા. ફરતા દ્વારપાળોના રક્ષણ નીચે તે ખડા કીધેલા હોવાથી તેનો દમામ રાજદ્વારના જેવો લાગતો હતો. તે ચાર તંબુ પૈકી દક્ષિણદિશા તરફનો તંબુ, સર્વથી વધારે શોભિતો જણાતો હતો. અને તે જનાનાને માટે યોજેલો હતો. તેથી એ તરફ તેમની ગાડી લઈ જઈ ઉભી રાખવામાં આવી. તેમાં જઈ બન્ને જણી પરભારી છતાં, જાણે પોતાના નિત્ય પરિચયવાળા ગૃહમાં પ્રવેશ કરતી હોય તે પ્રમાણે સ્વાંગ બતાવીને તે વેષધારી સ્ત્રી તેને તંબુમાં હેત અને માનપૂર્વક લઈ ગઈ.

ત્યાં જુએછે તો અનેક ઉમદા ઉમદા વસ્તુનું જાણે સંગ્રહસ્થાન હોય તે પ્રમાણે શૃંગારની સર્વ વિભૂતિ સાથ અનેક સુખાસનો પણ તેણે ગોઠવેલાં જોયાં. આ જોઈ કોઇનું પણ ભલું જોઈ સારા માણસે ખુશી થવું જોઇએ, એ નિયમાનુસાર તેની વિભૂતિ માટે પોતાનો સંતોષ તેણે જાહેર કીધો. બન્ને જણાં એક એક સુખાસનપર બેસી વાત વિનોદ કરે છે. એ પ્રસંગે મુક્તશા કે જે ગુલાબદાનનો મુનીમ કહ્યો (તેનો ખરો પતિ કહ્યો), તે આ ગુલાબદાન જે તંબુમાં બેઠી છે, તેની સામે થોડાએક હાથને છેટે વેપારીના પે'રેગીરના વેશમાં, વેપારી કે આ ગુલાબદાન ન જાણે અને ન ઓળખે એવો વેશ પલટી દાખલ થઈ પે'રો ભરતો ઉભો છે. એ સંકેત મુક્તશાએ આગળથીજ સ્વકલ્પનાથી યોજેલોજ હોવો જોઈએ. તે પ્રમાણે સર્વ રીતે યોગ્ય ગોઠવણ અમલમાં આવી છે. આ તંબુની પછવાડે ચોકી પે'રાની બરાબર તજવીજ રાખી છે. એતો વેપારીનો સંકેત કીધેલોજ હતો. અહીંથી આવેલી સ્ત્રી સટકી ન જાય એ તેનો હેતુ હતો. હવે થોડીવાર થઈ, એટલે પેલી વેશધારિણી વાગીશધર્મા શ્રીમાનપુરવાસીની સ્ત્રી તે પોતાના પતિને હકીકત નિવેદન કરી આવવાનો હેતુ જણાવી, જરા વારમાં આવું છું એમ કહીને તે શ્રીમાનપુરવાસી વેપારી પાસે જઈ. તે પોતે પાછી ફરવાને બદલે તેને મોકલી પોતે પલા-

યન કરી ગઈ. અહીં ગુલાબદાન તે સખીની વાટ જોતી પરાયા મકાનમાં એકલી પોતાની સખીને આવવાની રાહ જોતી બેઠી છે.

થોડીવાર થઈ નહિ એટલામાં જુએ છે તો તે તંબુમાં અચાનક સ્વર્ગમાંથી ઉતરીને આવેલો કોઈ દેવાંશી જેવો પુરૂષ એની સખીને બદલે અંતરિક્ષ માર્ગે કાંઈ યાંત્રિક સંકેત યોજેલા ધોરણથી સન્મુખ ઉતરી ઉભેલો જોયો. તેનો પોશાક પણ સુંદર હતો. તેવોજ તેના મુખનો ચેહેરો પણ હતો. અંગે તેલ ફુલેલ લગાવેલું હતું આ પુરૂષ તેની સામે ઉભો રહી વિનયથી બોલવા લાગ્યોકેઃ– પ્યારિ, મેં તમને પ્રથમ જોયાં ત્યારથીજ મારૂં મન અને જીવિત તમારા શરણુનો આશ્રય ઇચ્છેછે. તેમજ હું પરવશતાને પામી તમારામય બની રહ્યોછું. આ મારા જીવિતનો આધાર તમારા ઉપરજછે તો સર્વ વાતે તમને સુખ આપી હું સુખી થવાની અભિલાષા રાખુંછું. આપનું સ્નેહમમતા ભર્યું સંભાષણ મને દૈવી સુખ આપનારૂં નિવડશે.

આ પ્રમાણે એક સ્ત્રીને બદલે એક પરાયા પુરષને પોતાના સન્મુખ ઉભેલો જોઈ, તે પોતાનું મુખ પોતાના સાળુના પલવટથી ઢાંકી દઇને એક વાર થરથર કંપી ગઈ. પણ તેણે વિચાર્યું કે હવે તેમ કર્યે બચવાની જગ્યા નથી. હું ભોળી તે પ્રપંચી ધૂર્ત સ્ત્રીના ભાવને તેમજ કપટને જાણી શકી નહિ. એમ વિચારતાં વિચારતાં આવા અણચિંતવ્યા અને ન ધારેલા સંકટમાં પોતે ફસાઈ પડી છે. તેથીજ તે સંકોચ પામી માનસિક વ્યથાં ભોગવવા લાગીતો ખરી, પણ તે ભય પ્રાપ્ત થયા પછી તે બીજી સ્ત્રીઓની પેઠે બીક જારી રાખી ગાભરી બની જાય તેવી નહોતી. તેથી તે પોતાનું પતિવ્રત ખંડન થએલું જોવાને તેમ અનુભવવામાં પોતાનું જીવિત નષ્ટ માનનારીઓમાંની તે એકછે એમ તે પોતાને માનતી હતી તેથી, અને પોતે ધારણ કરેલાં વિશેષણોને સંબોધી ઉગ્રપ્રભાવવાળી બની, પોતાના આત્માને ઉદ્દેશી, માનસિક શુદ્ધ કલ્પનાઓને સિદ્ધ કરવાને અર્થે એકજ ટેક વાળી બની, મનકર્મવાણીની યત્નવાન થતી હતી. મનમાં નિશ્ચય કરવા લાગી કેઃ– જો હું ઉત્તમ કુળમાં જન્મીછું એમ હું પોતાને માનતી હોઉતો ધર્મને પિતા સમાન ગણીને તેનું પ્રતિપાલન કરવું એ મારી ફરજજ છે. અને

જો હું દેહાભિમાનીમાં ગણાવાની ખરેખરી સાહસિક મનોવૃત્તિ ધારણ કરનારીમાં ગણાવા માગતી હોઉં તો જેમ દેશાભિમાની પુરૂષ સ્વદેશના રક્ષણાર્થે પોતાના જીવના જોખમે પાછી પાની ધરેજ નહિ, તેમજ મારે પણ મારાસ્વદેહ રક્ષણાર્થે જીવનું જોખમ ખેડીને પણ મારી સલુણી બેહેનો તેમજ સજ્જન માણસોમાં સ્વદેહાભિમાની તરીકે ઓળખાવું જોઈએ. વળી જો હું કામની વિશેષણ ધારણ કરવાને પાત્ર ગણાવા માગતી હોઉં, તો આ કામી પુરૂષના દ્વંદ યુદ્ધમાંથી મારા શીળનો બચાવ કરીને પતિના કામની ગણાઉં, અને જો તેમ ન થયું તો પછી હું શા કામની ? (અર્થાત્ ન કામનીજછું.) જો હું મહીલા વિશેષણ ધારણ કરી જાણુવાને લાયક થવા માગતી હોઉં તો મહી+ઈલાઃ એ પૃથ્વીનાં નામો છે તેથી પૃથ્વીના જેવી ધૈર્યતા કિંવા સહનશીલતા ત્યજીને ગભરાઈ જઈ મારૂં પતિવ્રત ખોઈ ન બેસું, બેસુંતો મહીલા નામ ધારણ કરવાને ધિક્કાર હોજો. અને જો હું માનની વિશેષણ ધારણ કરવાને યોગ્ય છું એમ માનતી હોઉં તો હું માનનીય છતાં મારી મરજી વિરૂદ્ધ તે મારૂં પતિવ્રત ખંડન કરી મને અપમાનિત કરવા માગે, તે જો હું સહન કરીશ તો પછી હું માનનીયછું એમ કોણ કહેશે ? જો કે હું અબળા એ વિશેપણ ધારૂછું ખરી, પણ સમયને અને કામને અનુસરતી ફરજો બજાવતી વખતે તે તે વિશેષણોનો ભાવ ભજવી બતાવવો એ અમારો સનાતન ધર્મ છે. જેમકે એક રાજા ન્યાયાસન ઉપર બિરાજે તે વખતે તે રાજાપદ ધારણ કરેછે; પણ તે પોતાની સ્વપત્ની સાથે શૃંગાર લીલા આરંભતો હોય, તે વખતે રાજાપદ ત્યજીને પતિપદ ધારણ કરેછે. તેમજ પુત્ર પુત્રીને તેજ રાજા વાત્સલ્ય પ્રેમથી ચુંબન કરી સ્વર્ગીય સુખ ભોગવતો હોય, તે વખતે તે રાજા કિંવા પતિપણાનું પદ ત્યજીને પિતાપદ ધારણ કરે છે. તેજ પ્રમાણે મારૂં અબળાપદ મારા પ્રાણપ્રિય પતિનાં સનમુખ તેના રક્ષણ નીચે હોઇએ ત્યારે ખરેખરી પરતંત્રપણે અબળાજ રહી સર્વ મારો આધાર હું તેમના ઉપર રાખીને તેમની છાયા પ્રમાણે ગતિ કરતી રહીશ. પણ તે પદ પ્રમાણે અહીં આ ક્રુર પિશાચની સામે અબળા થવું, એ મારે માટે સંભવિત ગણાશે નહિ. ત્યારે અહીં તો મારે અહંબળા એટલે મારાજ બળ ઉપર જીતવાનો આધાર રાખવો જરૂરનો છે. આજ મારે નિર્જીવ કિંવા ચિરંજીવી તરી-

કેનું પદ ધારણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. એટાણે ડરવાનું કિંવા સિયાવિયા થઈ ગભરાવાનું કેવું ? એના કે મારા જીવના જોખમે પણ મારા શીળનું રક્ષણ કરવું તો છેજ. તેણે વિચાર્યું કે:–એકવાર પતિવ્રતા ધર્મના નિયમાનુસાર દયાભાવને ઉત્તેજી સામ ઉપાય કર્યાથી તે સાધ્ય થઈ તેની ભુંડી ભાવના ત્યજી દેશે, તો તેમ કીધાથી પણ આપણું મહત્વ જળવાશે. પછી જો તે શઠ ન પિગળ્યો તો દામ ઉપાય યોજીશું. તેથી ન વળ્યું તો ભેદ પ્રપંચ કરીશું. પછી તેથી ન વળ્યું તો દંડ ઉપાય કામે લગાડવો જોઇએ. એ રીતે ક્રમ પ્રમાણે ઉપાયની યોજના શરૂ કીધી. એણે પર્વતની સમાન અચળ ધૈર્ય રાખીને, જાણે કાંઈ વાત યાદ આવી હોય તેવો સ્વાંગ બતાવીને, નિર્મળ મુખ ઉપરનો પલવટ સ્વસ્થ કરીને, અંગ ઉપર આભૂષણ સજી લેવાનો તેની પાસે અવકાશ મેળવીને, (જરા વાર બહાર પધારો કહી અવકાશ માગી) અંગની શિથિળતા દૂર કરીને, તે પોતે સ્વસ્થ છે એમ કહ્યું. એમ કહેતાંજ તે પુરૂષ સન્મુખ આવી એક સુખાસન ઉપર બેઠો. આ ગુલાબદાન સન્મુખ ઉભી રહી. હવે તે પોતાના સુંદર વેષને દીપાવી બોલીકે:—

જ્યારે તમારી ઇચ્છા મને સંપૂર્ણ સુખ આપવાની તેમજ તમારે ભોગવવાની છે તો આપપ્રીતિને પિછાનોછો? અને તેમજ પ્રેમનું પ્રતિપાલન કરોછો? કે પછી એક અનાડી મનુષ્યની માફક અબળાઓની લાજ લુંટી લુંટીને, તે ગરીબડીઓને રઝળતી મૂકીને તેની ન્યાત જાતમાં હલકી પાડી તેના પતિને અળખામણી કરીને તેના નિશાસા ભર્યા ઉદ્ગાર લેવાને માટે આ એક ઘડીના તમારા સુખના અર્થે તેમની જીંદગી પર્યંત દુઃખ દેવાનો વ્યાપાર લઇ બેઠાછો? કહો, તમે આ પ્રમાણે કેટલી સ્ત્રીઓ કરી કરી તેમને ફસાવીને રઝળતી મૂકીછે? જો એમ હોય નહિ તો આજ મારો પ્રસંગ શીરીતે આવતે? કેમકે નવીન નવીન સ્ત્રીઓ ભોગવવાની તમારી લાલસાને પરિણામે બિચારીઓને ભૂત કાળમાં ભોગવી ભૂતની પેઠે ભમતી મૂકેલી હોવી જોઇએ. જો એમજ હોયતો ખરેખર કહી દ્યો. તેનો વાગીશધર્માએ જવાબ દીધો કે:–મારી સઘળી આશાઓના સોગન ખાઇને કહુંછું કે આખા જન્મથી આરંભી આજ પર્યંત તમો સલુણી અને મનમોહક એકજ સ્ત્રીથી આજ હું પહેલ વહેલો મોહપાસમાં બંધાએલોછું તે કેમે કરી છૂટી શકતો નથી. હું નીતિને સમજુંછું ખરો,

પણ દૂર વિનીત કામના કામે મને એક અન્ય પ્રકારનું શૂળ કીધું છે, કે તેનું નિવારણ માત્ર એક તમારી મનોહર કાન્તિમાન મૂર્તિજ છે. તે સિવાય અન્ય કોઈ સહસ્ત્ર ઉપચારથી પણ બચી શકતો નથી. એ સાંભળી ગુલાબદાન બોલી કેઃ—ત્યારે તો જરા થોભો. આખી રાત હવે તમારા સ્વતંત્ર હક માટેની છે, પણ જરા મારી કાલી તોતડી વાણી તરફ લક્ષ આપી બે બોલ કહું તે સાંભળી લઇને તમને યોગ્ય લાગે તે પ્રમાણે વર્તજો.

ગુલાબદાન વાગીશધર્મા પ્રતિ બોલીઃ—વૃદ્ધોના કહેવા પ્રમાણે પૂર્વે

એક વખત માળવા દેશનો જ્ઞાનવિમોહન નામે રાજા શિકાર નિમિત્તે નિકળી અનેક મૃગ પશુઓ ઇત્યાદિ પ્રાણીઓનો સંહાર કરતો, ગોદાવરી સરિતાના પ્રદેશમાં આવી પહોચ્યો. ત્યાં આજુબાજુ પર્વતોની કડણો એક સરખી ભીંતના આકારમાં આવી રહી છે. તે ઉપરથી પરિસ્વેદના આકારમાં સુંદર ઝરણુ સઘળી શિલાતળને ભિંજવતું અને પ્રસરાતું પડે છે. તેથી કરી જળના પરિવર્તન પણાને લીધે એક સ્વચ્છ આરસા પ્રમાણે તે પર્વતોનો પૃષ્ટ ભાગ શોભી રહેલો છે. વળી તે પ્રદેશમાં નાના પ્રકારની પુષ્કળ વનસ્પતિ ચારા રૂપે મળતી હોવાથી અનેક મૃગ પશુઓ ત્યાં વિહાર કરી રહ્યાં છે. તેમજ નદીના પ્રવાહમાં સુંદર મત્સ્યો આનંદ પૂર્વક સામે પ્રવાહે ગતિમાન થતાં નજરે આવે છે. અને કમળોનો સમૂહ ખીલી નિકળેલો હોવાને લીધે ભ્રમરોનાં વૃંદનાં વૃંદ ગુંજાર કરતાં દોડાદોડ કરી રહ્યાં છે. કોઈ દેશ સર કરતાં જીત મેળવતી તકે જેમ જીત મેળવનાર સૈનિકોને એકવાર નિયમિત વખત સુધી લુંટ કરવાની તક મળતાં જેવી ત્વરાથી તેઓ ધસીને દોડધામ કરી પડાપડી કરી મૂકે છે, તે પ્રમાણે અહીં પણ ભ્રમરો ત્વરાથી દોડતા આવતા માલુમ પડે છે. ત્યાં આગળ સરિતાનું જળ પીવા આવતા મોટા મોટા ગજરાજો આનંદપૂર્વક ક્રીડા કરતા જણાય છે. અને વળી તે વન પ્રદેશમાં મોટા મણિધર નાગો મોટા રાફડાઓ રચીને તેમાં નિવાસ કરી રહેલા જોવામાં આવે છે. એવી અને પુષ્પોથી સુગંધમય આ વન વાટિકા શોભી રહી છે. તે સ્થળને વિષે દિવસ અસ્ત થવાની બે ઘટિકા અગાઉ એજ ગોદાવરી નદીના ગતિમાન થતા પ્રવાહમાં એક નવ યૌવન નાગરી આવી પહોંચી. તે અતિ સૌંદર્યવાન્ હોવાને લીધે અલંકાર ન છતાં પણ તેના અવયવો એની મેળેજ સઘળા શોભી ઉઠતા જોવામાં આવતા

હતા. તેનો પ્રતાપ પણ તેવોજ દિસતો હતો. તે સ્ત્રી પોતાના પતિના સાયંકાળના અર્ધ્યમંત્રના ઉપાર્જનને અર્થે જળ ભરવાને પાત્ર લઈ આવેલી હતી. તેને નીચી નમી જળ ભરતી જોઇને આ રાજા તેના મોહફંદમાં પડ્યો. તેથી કરી તેની પાસે જઈ વિનયભર્યા શબ્દોથી તેની પ્રાર્થના કરવા લાગ્યો. પોતાનું મહતજન તરીકે ઓળખાણ. પાડીને તે કહેવા લાગ્યો કેઃ—હું માળવા દેશનો રાજા છતાં, જે અનેક આરતભર્યા મનુષ્યો અને યાચકોની અભિલાષા પૂરી પાડુંછું તે, તારા આગળ આજ યાચના કરતો ઉભોછું. માટે હે કલ્યાણિ, તું મારા મનોરથ સફળ કરવારૂપ ભિક્ષા આપવાને સમર્થ છે. તે સ્ત્રીએ વિચાર કીધો કેઃ—આ રાજા ધર્મિષ્ટ હોવાનું આપણે જનમંડળમાં ઘણી વખત સાંભળ્યું છે, છતાં આ પ્રમાણે અવિનયી બને છે. તેનું કારણ જોતાં એમ જણાય છે કે એકાંત જગ્યા, યુવાન વય, સ્વરૂપની સૌંદર્યતા—એ સઘળો જોગ એજ આ ઉન્મત્ત કામનો જનક એના મનમાં કામ ઉત્પન્ન કરી તેને લાડ લડાવે છે. પણ આ સ્ત્રી મનકર્મ વચનવડે કરીને પતિવ્રતાના ધર્મને વહન કરતી હતી. એ સતીનો પ્રભાવ કાંઈ જૂદોજ છે.

તે સ્ત્રીએ કહ્યુંઃ—રાજા, પેલા પહાડની સપાટ ભિંત તરફ જ્યાં જળ પથરાતું પડે છે, તેની પાસે એક ખીણ છે, ત્યાં જઈ જોઈ આવો કે ત્યાં શું બન્યું છે? ને શું બને છે? તે જ્યાં સુધી આ ભગવાન સૂર્યનારાયણને અસ્ત થવાને ઘડી બેઘડીની વાર છે ત્યાં સુધી થોભીને અનુભવજો. પછી આ મૃગોનું ટોળું ઉભેલું છે તે તરફ નજર કરજો, કે ત્યાં શું બને છે? તે પછી આ જળમાં ખીલેલા કમળવન તરફ ગુંજાર કરતા ભ્રમરોની તરફ દૃષ્ટિ કરજો. અને તે પછી આ જળમાં આનંદ કરતા મત્સ્યોનો વિહાર તમે જોજો. એટલામાં જરા અંધારૂં થતાં આ રાફડાઓમાંથી મણિધરનાગ નિકળીને જે કંઈ આ પ્રદેશમાં આરંભે, તે ચરિત્ર તમે નિહાળજો. એ સઘળું જોઇને પછી અંધારૂં થાય એટલે તમે અહીં આવજો ત્યાંસુધી હું આ પ્રદેશમાંથી જરા પણ ખસનારી નથી, એ વાતની તમે ખાત્રી રાખજો. વળી એ સઘળું જોઇને પછી તમારો જે વિચાર હોય તે મને જણાવજો. હે રાજન્! તું માળવા દેશનો પ્રતાપવાન્ રાજા છે. તારી આણ સઘળે પ્રવર્તે છે. અને સઘળા રાજા પ્રજાના હિતાહિત ધર્મોને તું જાણે છે. એટલે તારી આજ્ઞાનું કોણ ઉલંઘન કરી શકે તેમ છે?

રાજા જ્ઞાનવિમોહન આ સ્ત્રીનાં વિશ્વાસ ભર્યાં અને વિનયવાળાં વચન સાંભળીને તેણે બતાવેલું અનુભવવા સારૂ તે પ્રદેશ તરફ જવા લાગ્યો. તોપણ આ સ્ત્રી અહીંને અહીંજ ઉભી રહીછે, ત્યાંથી જરાપણ ખસતી નથી, એથીકરી રાજાને પૂર્ણ વિશ્વાસ પડ્યો. તે નિરાંતે અવલોકન કરવા લાગ્યો. રાજા જુવેછે તો એક સળંગ પથ્થર ઉપર પથરાતા જળથી શિલાભાગ ઉપર આખા વનનું પ્રતિબિંબ એક શુદ્ધ દર્પણમાં જણાતું હોય તે પ્રમાણે જણાતું હતું. ત્યાં આગળ એક મદોન્મત્ત હાથી પોતાના પ્રતિબિંબને નિહાળી સામો કોઈ હરીફ ગજરાજ છે, એમ ધારી પોતાના પ્રતિબિંબ સામે ધસ્યો અને શિલાતળ સાથે પટકાયો. તેથી કરી તેનોજ દંતુશળ ભાગી ગયો. તેથી હવે તેનું એક દંતુશળવાળું પ્રતિબિંબ ભાસ્યમાન થતાં તેણે જાણ્યુંકે મારા બળને લીધે સામો હરિફતો નાશી ગયો, પણ આતો એક દંતુશળવાળી હાથિણી આપણને પ્રેમપૂર્વક જુએ છે. એવું ધારી તે પોતાના પ્રતિબિંબ પડતા શિલાતળ ભાગને ચાટવા લાગ્યો. તો જળવડે કરી બાઝેલો શેવાળ તેને સુંવાળો લાગ્યો. એમ સ્પર્શથી પણ તેને હાથિણીના સંમોહવાળું પ્રતિબિંબ ખરી હાથિણી લાગ્યું. તેણે કરી હવે તે સંયોગ સુખ અનુભવવા ત્યાંથી ઉછળ્યો ને તેવોજ એકખીણમાં પડયો. એ પ્રમાણે તેને પડતો જોઈ આ રાજા તે ઉંડી ખાઈ તરફ નજર કરી જુએછે તો તેમાં પરંપરાથી પડેલાં હજારો હસ્તિઓનાં શબ જોયાં. તેથી તેમની પરંપરા ચાલતી આવેલી ગતિરીતિનું તે રાજાને ભાન થતાં તે મનમાં ખેદ કરવા લાગ્યો કે એક પ્રતિબિંબના છળમાં સ્પર્શ સુખ અનુભવવાના પરિણામરૂપ આવી ભયંકર રીતે રીબાઈ રીબાઈને મરવાનું!! હવે અહીંથી પાછા ફરતાં મૃગ પશુઓનું ટોળું એક જગ્યાએ સ્થિર થઈ ઉભેલું તેણે જોયું. વળી એક ધનુષધારી માણસ પગપર ધનુષ રાખી તે ઉપર શરસંધાન કરી હાથમાં વીણાયંત્ર ધારણ કરી સુંદર ધ્વનિ સાથ રાગ આલાપ કરતો હતો. તેને સાંભળી તે મૃગો તલ્લીન થઈ ઉભેલાં હતાં. અને તે પારધિ એકે એકે શરનું સંધાન કરતો, તેઓને વિંધતો હતો. એવી રીતે તેઓનો અંત આવતો હતો, તે તેણે નજરે નિહાળ્યું. તેથી તેને લાગ્યું કે, એક શબ્દના નાદને લીધે દેહનું ભાન ભૂલીને તેઓનું અકાળિક મૃત્યુ થયું! વળી ત્યાંથી પાછા ફરતાં અનેક લોહકંટકમાં કણિકની ગોળીઓ ભરવી સરિતાના પ્રવાહમાં બૂડતી રાખી મૂકી

હતી. તેને આહારના લોભે કરી મત્સ્યો ગળી જતાં. તેણે કરી કણિકનો રસ થઈ તેમના પેટમાં પિગળી જતો; પરંતુ કણિક સાથે ગળાએલા કંટક તેમના ગળામાં ભરાવાથી તેઓ જોતજોતામાં મૃત્યુને શરણ થતાં હતાં. એ પ્રમાણે કણિકના લોભે ઉભરાઈ આવતાં અનેક મત્સ્યોને પાસે ઉભેલો ઢીંમર જાળ નાખી નાખીને વારંવાર પકડી પકડી જાળ ખેંચી લઇને તેમનો અંતલાવતો હતો. આ સઘળું એ રાજાના જોવામાં આવ્યું. આ પ્રકારે રસના લોભે કરી અંજાએલાં મત્સ્યોનાં થતાં મરણને વાસ્તે તે રાજા ખેદ કરતો કરતો, એજ સરિતાના જળમાં કમળવન તરફ અવલોકન કરતો હતો. એ વખતે સૂર્યનારાયણ અસ્તાચળના પૃષ્ટ ભાગે રહી જાણે આ પોતાના પ્રીતિજનક કમળોની વિરહ સ્થિતિનું ઊંચી ડોકે અને અધીરા મનથી અવલોકન કરતા કરતા પલાયન કરી જતા હોય તેમ જણાતું હતું. અને અહીં કમળો તરફ જોતાં ભ્રમરો તેમની ખીલેલી પાંખડીઓ ઉપર દિવસના ભાગમાં બેઠેલા ત્યાંને ત્યાં બેઠા બેઠા મધુરસપાન કરતા હતા. તે લોભે કરી હજુ તેઓ ત્યાંથી ઉડતા નથી. પણ કમળો હવે મિત્રના વિયોગે સંકોચાતાં બિડાવા લાગ્યાં. તેમાં સાથે સાથે ભ્રમરો પણ તેના સંપુટ સ્થાનમાં આવી જવાથી, હવે તેમને અર્થની પ્રાપ્તિની હાનિ સાથ તેમના પ્રાણની પણ હાનિ થતાં, સૂર્યાસ્ત સાથે ભ્રમરોનાં વૃંદનાં વૃંદ અસ્ત થતાં તેણે જોયાં. તેનો પણ તે ખેદ કરતો હતો કેઃ—ગંધના લોભે અંધ થએલા ભ્રમરો—તેમને પાસે આવેલું મૃત્યુ પણ જણાતું નથી, તેમ તેઓ તેને સંભવિત પણ ગણતા નથી !

હવે ત્યાંથી સરિતાના તટ ઉપર રાજા પાછા ફરતાં ફરીને જુવે છે તો એક રાફડામાંથી મોટો મણિધરનાગ બહાર નિકળીને આ વન પ્રદેશમાં ગતિ અને સ્થિતિ કરવા રૂપ ચરિત્ર આરંભતો જોયો. તેના મસ્તકપરના મણિના પ્રકાશના યોગે અનેક જંતુઓ તે નાગના મુખમાં વગર પ્રયાસે પ્રવેશ કરી મરણને શરણ થતા તેણે દીઠા. આ પ્રમાણે એ જંતુઓ નાગના ભક્ષ થતા જાણીને તેને બહુ ખેદ થવા લાગ્યો. અરે ! તેજના ભભકામાં અંજાઇને રૂપનામોહે કરી તેમનું અનિશ્ચિત મરણ થયું ! એ પ્રમાણે વિચારતો વિચારતો તે રાજા પેલી ગુણવંતી નારી સરિતામાં ઉભી છે, ત્યાં પાસે આવીને ઉભો. તે સ્ત્રીએ પૂછ્યુંઃ—કેમ રાજા, તમે અવલોકન કરીને શું જોયું ? તે જોઇને તમારો

શો વિચાર થયો છે? તે જણાવો. તે સાંભળી મ્લાનવદને રાજા કહેવા લાગ્યો કે:—તમે જે જે જોવાનું કહ્યું, તે જોઇ મને એમજ થાયછે કે બિચારાં અણુસમજુ પશુઓ અને પામર જીવની અણુસમજને લીધે તેમની અવદશા થાય છે! તેઓને કોણ સમજાવી શકે? જો તેઓની ભાષાનું મને જ્ઞાન હોત તો તેમને સમજાવી દત કે—તમો અસંભવિત અને જૂઠા લોભમાં ફસાઇને મરવા જાઓ છો. એવા ખોટા ભ્રમમાં ભૂલીને તમે ગોથાં ખાશો નહિ. આ પ્રમાણે તે રાજાને ખેદ કરતો તથા મનમાં જ્ઞાનનો ઉદય થતો ભાવ જાણી લઇ આ પતિવ્રતા સ્ત્રીએ કહ્યું:—

અરે પામર જીવ રાજા, તેઓથી પણ તું પામર જીવ છે, એમ તું જાણ! તને પણ તેઓનાથી અધિક અજ્ઞાન દશા પ્રાપ્ત થઇછે, તેને તો તું જોતોએ નથી! જો કે તે તે પ્રાણીઓ એક એક ઇંદ્રિથી સુખ મેળવવાની અભિલાષાથી મૃત્યુને શરણ થતા તેં જોયાછે, પણ હવે તું તો અહીં સામટીરીતે પાંચે ઇંદ્રિઓના સુખનો અનુભવ લેવા તત્પર થયોછે. તોપછી તને તે એક એક ઇંદ્રિવાળા દરેક પ્રાણી કરતાં પણ અજ્ઞાન કેમ ન કહેવો? તું પશુઓને જ્ઞાન કરવાનો ઉદ્દેશ રાખી, તેમને માટે ખેદ કરેછે. પણ તેઓ તો મોહોટા પરમાર્થ ભાવે તને ઉપદેશ કરવાને અર્થે પોતાના દેહ તજી તજીને પણ તને અનુભવ સિદ્ધ જણાવે છે કે—જો, અમે એક એક ઇંદ્રિયના લોભે મરીએ છીએ. પણ સર્વ પ્રાણીઓ ઉપર સત્તા ધરાવનાર માણસ જાત, જેઓની નીતિ ઉપર સર્વેના સુખનો અને શાન્તિનો આધાર રહેલો છે, તેમને અમારૂ આ કૃત્ય ઇંદ્રિયો નિયમમાં રાખવાનું સૂચવે છે. તેથી તે પ્રાણીઓજ તારૂં ગુરૂપદ ધારણ કરે છે. તેઓનું દુઃખ નિવારણ કરવા તું સમર્થ થતો નથી. પણ આ તારી નજર સામે ઉભી છે એવી એક સ્ત્રી તેનામાં તેં, શું રૂપ જોઇને પેલા જંતુઓની પેઠે કાળરૂપી નાગના મુખમાં પ્રવેશ કરવા ઇચ્છયું છે? વળી તેના અધરપર તેં શું અમૃત સિંચાયેલું જોયું, કે જેથી કરી અધરરસ લેવાની લાલસાએ પેલાં મત્સ્યોની પેઠે રસના લોભે કરીને તારા મનથી અનેક શૂળ ઉભાં કરી ગળેલા કંટકની પેઠે વેદના ભોગવતાં મરવાનું ઉચિત ધાર્યું છે? અને આ તેનાં દૈવી અને સુધામય વચનો એવા શાં ધાર્યા કે જેની સાથે સંભાષણરૂપી ધ્વનિ સાંભળવાને લોભે પેલા મૃગોની પેઠે નાદના લોભમાં

ક્સાઇને કામના બાણુથી તું વિંધાયો ? અને તેવીજ રીતે આ તેના શરીરમાં તેં શું સુકોમળતા દીઠી કે જેથી કરી સ્પર્શ સુખની અભિલાષા રાખી તેં કરીવરની પેઠે મોહાંધ થઈ ઊંડા વિચારરૂપી ખાડામાં (ખીણુમાં) પડીને કોઇની પણુ સાહ્ય વગર રીબાઈ રીબાઇને મરવાનું વિચાર્યું? વળી આ તેના અધર પર તેં શી ચારૂતા દીઠી કે ચુંબન સુખ સ્પૃહા રાખીને પ્રીતિરૂપ વાસનાને સંબોધી, તેના યોગે તારા પુન્યરૂપી અસ્ત થતા સૂર્યને પણુ ન જોતાં, આ નારીના મુખને કમળરૂપ ધારીને પરિમળના લોભી ભ્રમરની પેઠે પ્રીતિ (વાસના ગંધ) વિષયને અનુસરી મરવાનું ધાર્યું ?

એ પ્રમાણે પાંચે ઇંદ્રિય સુખના અભિલાષી પુરૂષ, તું પશુ ઈત્યાદિ પ્રાણીઓ કરતાં પણુ હીન દશાને ભોગવુંછું! જો તું વિવેકને સમજે, તો તને પોતાને વિપત્તિરૂપ મહાસાગરથી તરેલો સમજ. તેમ નહિતો તારૂં અનિષ્ટ તને સૂઝવા દેતું નથી, એમજ તારે અને મારે માનવાનું થશે. હે ભૂપતિ, કહે તારો અભિપ્રાય હોય તો હું અહીંથી જાઉં, અથવા જો કાંઈ વિશેષ સુખ ભોગવવાની લાલચ હોય ને તે અનુભવવું હોય તો તે તજી દઇને તથા મનના વિકારો દૂર કરીને મને અહીંથી જવાની રજા આપ. જો તેમ નહિ કરવામાં આવે તો એક ઘડીમાં તેનું વિપરીત પરિણુામ તને જણાયા વગર રહેશે નહિ. એતો તારે નક્કી જાણવું કે સિંહની મૂછ, નાગનો મણિ અને કૃપણુજનનું ધન, તેમજ પ્રતિવ્રતાનો દેહ તેઓ જીવતાં છતાં સ્વેચ્છાથી પારકાના હાથમાં જવાનાં નથીજ. આ સર્વે દૃશ્ય દ્રષ્ટાંતોથી તેમજ નિશ્ચયપૂર્વક રહસ્યવાળાં તેનાં વચનોથી રાજા પોતાના મનમાં બહુ ગ્લાનિ પામ્યો. તે પેલી સતીને નમન કરતો વિમાસણુ કરવા લાગ્યો, અને વિનયપૂર્વક કહેવા લાગ્યોઃ—અહો કલ્યાણિ સૌભાગ્યવંતી મહીલા, તમારા મહા પ્રતાપથી હું પામરને શુદ્ધિ આવીછે. તમારા સત્ય પ્રતાપને કાંઇ દુસ્તર નથી. તમારા સંબંધમાં આવતાં મારો આત્મા પવિત્ર થયોછે. તેથી હવે પછીના મારા વ્યવહારમાં આવતા સર્વે પ્રસંગે યાદ રહેવા યોગ્ય તેમજ જકતના કલ્યાણુરૂપ જનહિતના બોધરૂપ અમૃત પીવાને હું આપનો શિષ્ય તરીકે સંબંધ ચાહુંછું.

આ રાજાના આવા શુદ્ધ થએલા નિર્મળ ભાવને જોઇ સમયોચિત

બોધરૂપ શિખામણ તરીકે તેને તે સાધવીએ શિક્ષા આપતાં કહ્યું કેઃ— આ મારાં વાક્ય તને તેમજ જનમંડળને હિતકારી નિવડવા અર્થે કહુંછું. તે તું લક્ષપૂર્વ સાંભળ.

સ્વાગતાવૃત.

પાપ રૂપિ ફળને ફળવાને, દુઃખ રૂપિ ધન વાવરવાને;
નર્ક રૂપિ ઘરમાં વસવાને અન્યદાર મુરખા ચિત ચા'ને. ૧
જોર જાય, જર જાય, લજાય, હાનિ થાય, દુખ થાય વૃથાય;
શું કમાય? દુખમાંય સમાય, શી સહાય નર હાય! અહાય? ૨
શોકનું સદન છે પરનારી, લાજ, લાભ, ગુણને હરનારી;
પાપ ભાર નરને ભરનારી, સાંભળી સમજજો નરનારી. ૩
નારીના શરીરમાં શુભ શાનું? જે બન્યું રૂધિર માંસ વસાનું;
મૂત્ર, લાળ, મળ, લીંટ, વિનાનું, કોઇનું શરીર હું નવ માનું. ૪
પ્રીતથી પરત્રિયા સહજાશે, રીત છોડિ રમવા ચિત ચાશે;
બે વિપળ કદિ જો સુખ થાશે, બે ભવે ભવધરી પસતાશે. ૫
નર્ક કુંડ મહિ ઉતરવાને, પાપ વૈતરણિમાં તરવાને;
જો જડે ન પગથાર ન હોડી, પેખ અન્ય પ્રમદા સહ પોઢી. ૬
સાત પેઢિ નરકે પડવાની, ભા'ણુ લેશ નથિ ત્યાં જડવાની;
એ કુટેવ નરને નડવાની, રૈરવે પણ જઈ રડવાની. ૭
મૂર્ખ કૈંક મન માન્યું બકે છે, સ્વર્ગ નર્ક સહુ કલ્પિત કે'છે;
જારિ જૈ જુવતિ સાથ રમેછે, આખરે ખર સમા રખડે છે. ૮
બોલ કોનિ પર-યોષિત સાધી,-આબરૂ જગતમાં રહિ બાધી;
કોણ દુઃખ દવમાં નથિ દાઝયો, કામિની કઉચને જઈ બાઝયો. ૯
કામિની કનક કૂ દુઃખ મૂળ, સ્પર્ષતાં ઉપજશે ઝટ શૂળ;
અંત તેનું પરિણામજ ધૂળ, મૂર્ખને સઘળું ક્લેશનું મૂળ. ૧૦
માંસ ને રગતણા સ્તનગોટા, મૂખમાંથિ નિકળે પરપોટા;
યોનિ-ગંધથકિ સજ્જન ભાગે, કામિને સઘળું એ પ્રિય લાગે. ૧૧
શો કર્યો ધરમ તેં ધરણીમાં? ચિત્ત રાખ્યું નહિ તે પરણીમાં;
દુષ્ટ બુદ્ધિ કરિ સૂવરણીમાં, ખામિ તૂજ કહુ શું કરણીમાં. ૧૨
દુઃખ-બીજ રતિને સુખમાની, જાર-જોગ કરશે નર માની;

નામ ભુંડું નિકળ્યું નરલોકે, પામશે દુખ બહુ પરલોક. ૧૩
દક્કટાક્ષ મૃદુવાણિ વિલાસ, કૈંક છે શરમ ને સ્મિત હાસ;
એ સ્વભાવિક બધું અબળાને, મૂઢ કામિ નિજ ઉપર માને. ૧૪
ધીર વીર ન ચળે અબળાથી, કામિ કાયર સમો મનમાંથી;
કોણ કામિ સરખો નર મૂઢ, નોય એહ નર, વાનર બૂઢ. ૧૫
ધિક્ સ્વરૂપ ધિક બુદ્ધિ તમારી, જો થયા મનુષ્ય રાખી ગમારી;
ચાહિચિત ચળ થૈ પરનારી, નામ લીધું જગમાં વ્યભિચારી. ૧૬

મનહરછંદ.

તા'રી છે પોતાની તેની યારી ન તે ધારી ચિત,
યારી તેં વિચારી પરભારી કેરી નારીની,
પ્યારી તેં પોતાની શણગારી ન, અકારી કીધી,
પ્રીત ધરી પર કેરી નારીની ઠગારીની;
વારી તેં ન વારિદનું સુખકારી પીધું ભાઈ,
ખોળી ખરી ખાડી તેં સમુદ્ર કેરી ખારીની,
મા'રી તેં ન માની શીખ સારી ગુણકારી ભારી,
હારી ગયો તોય માની શીખ તેં જુગારીની. ૧
પોતાનીને માની નહીં અન્યની અધિક માની,
કહે મને કેટલીક કમાણી કમાયો તું ?
રંગથી રમાત રીતભાતથી સ્વકીયા સાથ,
કહે પરકીયાથી અધિક શું કમાયો તું ?
પ્રીતને પમાત, પ્યારી હાથથી જમાત નિજ,
જઈ પરપાસ કે' શું અધિક પમાયો તું,
ડાહ્યામાં ગણાત, વખાણાત પંચ લોકમાં તે,
ભામિની–ભૃકુટી–ભૂરકીથી ભરમાયો તું. ૨
પાઈ પાઈ કરીને કમાઈ લાવિ પ્યારી કાજ,
ઘરેણું ઘડાવી અને દેહ શણગારે છે,
ધાઈ ધાઈ દૂર દેશ ખાઇને ખોરાક ધૂળ,
ધાણી જેવો, પાણી પીને પ્યારીને ઉગારે છે;
નાહી નાહી ગંગના તરંગમાં ઉમંગ થકી,
અંગનાનું હિત થવા ચિતથી ઉચ્ચારે છે,

સાહી સાહી રાખી તોય તેનાથી ન તે રખાઇ,
ભાઈ, તેમ તા'રી તેને ભૂલથી તું ધારે છે. ૩
'નર છે ભ્રમર' એ ગમાર કેરી વાણી, ચાર,
શા'ણી મીજલસમાં વખાણી ના ઉચ્ચારતો,
'રસ છે રસિક કાજ' વાત એછે ઠીક પણ,
બીક ધરી ઝેરી રસ પીવાનું ન ધારતો;
સંગ કરી કામનીનું માન માંડવાને મન—
ધારી અને પેઢીના ધરમને ન હારતો.
પોકારીશ પર તણી પ્રેમદાને વિજનમાં,
જન, જમ–પુરમાં તું રહીશ પોકારતો. ૪
ધારધાર ધીરજ તું કામ–કરી જીતવાને,
કે'ડ કશી કોવિદ, તું જ્ઞાનની સુધાર ધાર;
મારમાર મનના વિકારને તું ઝટ માર,
નહિ તો પેસીને પંડ કરશે બિમાર મારઃ
તાર તાર આપને તું ભજી કિરતાર ભાઈ,
કામિનીના સાથમાં શા કામનો સતાર–તાર;
સાર સાર એકઠો તું કરવા કરે વિચાર,
(તો) પર તણી નારકેરા રસનો વિસાર સાર. ૫
દુઃખના અખાત માંહી ડુબેલા દેખાડું લાખ,
સુખની સુધાનું સુખ ચાખનારા પરની;
હજી છે હયાતીમાં જણાતી છે તેઓની વાત;
ગયેલાની ગણતી ગણાઉ કૈંક નરની;
રાવણ રોળાણો, શાણો સુભ તો ચોળાણો, જાણો—
નહુશ પીડાણો કાય ધરી અજગરની;
ઇંદ્ર ગભરાણો અહલ્યાને કીધી પા'ણો એવો,
અનર્થ જણાણો, ચહે નાર પર—ઘરની. ૬
જ્ઞાનનો અરક જો ઉદય થાય અંતરમાં,
શી જરૂર કહો પછી આકાશી અરકની;
મળેજો કમોદ મોદદાયક દશકોશીની,
શું કરશો લાવિને ઈલાયચી કરકની;

હોય જો સુવરણનાં આભરણુ અનુપમ,
શીદ કરો તજવીજ રૂપાના વરકની;
પરનારી રૂપ છે જો નરકનો કુંડ પાસ,
ખોળીશ ન વાટ જમપુરના નરકની. ૭
કુચ છે કઠણુ પા'ડ—શિખર, બખોલ દેખ,
મુખ તણી ગુફા, માંહિ દાંત કરવતિયા;
રોમ છે કંટાળી ઝાડી, ગુહ્ય છે ગંધાતી ખાડી,
છે વિલાસ વાઘ નર—માંસના આરતિઆ;
નખ છે સ્ફટિક કેરા, કાકરા વેરાયા જેમાં,
રમણિક અંગભાગ કામના મળતિયા;
કામ ચોર નારીદેહ વનમાં ભરાઈ રહ્યો,
વાર્યા છતાં ધાઈ ધાઈ મરે આપ મતિયા. ૮
આપદા તજાઈ ના તજાઇ તો શું જાય, પર—
કામિની તજાઈ તો તજાઈ પાપ પોટલી;
રસોઈ ચખાઈ ન ચખાઈ તો શી આપદા છે,
નીતિને ચખાઈ તો ચખાઈ રૂડી રોટલી;
ગૃહિણી મૂકાઈ ન મૂકાઈ તો ન'બી'શ', પર—
ગૃહિણી મૂકાઈ તો મૂકાઈ તા'રી ચોટલી,
ધાર જો રખાઈ ન રખાઈ તો શી ખોટ ગઈ,
લાજ જો રખાઈ તો રખાઈ આખી ઓટલી. ૯
મોટેરો કે'વાયો અને પંચમાં મનાયો, પર—
દેશમાં જણાયો, દ્રવ્ય લાખ તું કમાયો છે;
રાજમાં રખાયો, ભારે ગ્રંથમાં લખાયો, કવિ—
કાવ્યથી કથાયો, છાપનારથી છપાયો છે;
શૂર તું જણાયો, હાથી હોદ્દે તું અણાયો, વાહ—
વાહ વખાણાયો, ઘેર ઘેર તું ગવાયો છે;
(પણ જો) થઇને હરાયો તાક્યો માલ તેં પરાયો, પર—
નારથી ઘેરાયો, તો તું આખર વવ્હાયો છે. ૧૦
જોગ ના ધરીશ ભારે, ભોગના તજીશ, ચાખ્ખ
અમૃત ન પીશ, શીશ નામીશ ન ઈશને;

દાન ના દઇશ, સનમાન ન લઇશ, ભગ—
વાન ના ભજીશ, કે ન માનીશ મહીશને;
યાગ ના કરીશ, કશો ત્યાગ ના ધરીશ, દેવ—
તીર્થ ના ફરિશ, ન સુણીશ વા કવીશને,
(પણ) નીતિને લઇશ, પર કામિની કરીશ દૂર,
પાપથી ડરીશ, તો મળીશ જગદીશને. ૧૧
સ્વાદ શીદ શોધે છે તું અંધ અધરોષ્ઠ માંહી,
સ્વાદની સામગ્રી તો સ્વછે શુક સંગમાં;
રસ માટે રખડે છે રાંડોમાં શું દિન રાત,
રસનો પ્રસાદ તોછે કાવ્ય કેરા અંગમાં;
રંગને હીંડે છે જોતો રામાઓનાં ટોળાંમાં તું,
રંગ તો અભંગછે વિવેકીના પ્રસંગમાં;
શાંતિ તું તપાસે કેવી કાંતિ વાળી નારી કને,
શાંતિ તો જા શોધ કોઈ યોગીના ઉમંગમાં. ૧૨
રોગ તણું દુઃખ થાય, તોય કષ્ટ સહે કાય,
પાઈ પણ ન પમાય, રાહુની દશાય સા'ય;
દશ દીશ દોડી જાય, ધામ ધામ પ્રતિધાય,
અરણ્યમાં અથડાય, ચોરથી કપાય પાય;
સદાવ્રત માગી ખાય, સાધુડાની સાથ જાય,
પળ શાંતિ ન પમાય, ધર્મની ધજાય જાય;
આખર ખરાબ થાય, પરનારી સાથ માંય,
અધવચ મરી જાય, કાગને મૂકાય કાય. ૧૩
ગાઇને ગોવિંદ નામ, ભાઈ શું (તેં) ઠગાઈ કીધી,
વનિતાની લાજ લેવા, લેશના ગણે સગાઈ;
જાઈ જૂઈ ફૂલ સાહી, અંતરમાં આપ નાહી,
વાહી વગોવાઈ, ઓઢી પોઢ તું ભલે રજાઈ;
રાઇપૂર ન તજાઈ, ભુંડાઈ જુઠાઈ નર !
જાણી જોઈ ધુમરાઈ માંહી તું રહ્યો ભરાઈ;
પાઈ ન અપાઈ ભાઈ, ખાઇને ખુશી શું થાય,
કાળ–ચક્રમાં લવાઈ, જૈશ સે'જમાં કપાઈ. ૧૪

(કામકટાક્ષ.)

આ સુબોધ સાંભળીને રાજા સતીને ચરણે નમી તે પ્રદેશમાંથી વિદાય થયો.

આ પ્રમાણે યથાસ્થિત વાત કહી રહ્યા પછી આ ગુણવતી નારી ગુલાબદાન વાગીશધર્મા વેપારીની મુખમુદ્રાપરથી તેના લક્ષણનું અવલોકન કરીને બોલી કે:—હું સ્નાન કરવાને જરા બહાર જઈ આવું, ત્યાંસુધી કરવા યોગ્ય સુવિચાર કરજો. એમ કહી તે બહાર આવી ઉભેલા એક અનુચર પાસે ચાર જૂદી જૂદી ધાતુનાં અને એક કચરાનું એવાં પાંચ પાત્ર મંગાવી, તેમાં શર્કરા મિશ્ર દૂધ ભરાવી મંગાવી એક રકેબીમાં મૂકાવીને, તેમજ એક બીજી રકેબીમાં કાંકરા છાણુ કોલસા અને હાડકાંના કડકા તેમજ વાળ ઇત્યાદિ વસ્તુઓ મૂકીને, તેના ઉપર એક અતિ કિંમતી સુવર્ણ મોતીથી ભરેલી નકશીદાર પામરી ઢાંકી, અંદર શુંછે તે વાતનો ભેદ માલમ ન પડે તેવી રીતે અંદર જઈ બન્ને રકાબી જૂદી જૂદી ચોપાટ ઉપર મૂકીને એ વાગીશધર્મા શું બોલે છે તેની વાટ જોતી તે ઉભી રહી. આ ભેદ ભર્યો ચમત્કાર જોઇને તેની સઘળી દુષ્ટ વાસનાઓ તો પ્રથમ વાતના દ્રષ્ટાંતથી દૂર થએલી છતાં પણ આ વખતે તેને કોઈ અલૌકિક દેવી પ્રમાણે તે માનવા લાગ્યો. આણે ટેબલ ઉપર જે વસ્તુઓ લાવી ગોઠવી, તે કાંઇ વિધિ છે એમ જાણીને વિસ્મય થતો થતો જોવાની જીજ્ઞાસાથી ઉઠીને મનની દુષ્ટ ભાવના તજીને જે રકાબીમાં પાંચ પાત્ર અન્ય અન્ય ધાતુનાં ગોઠવેલાં હતાં તે ઉઘાડી જોઈ તો તેને નવાઈ જેવું કાંઈ લાગ્યું નહિ, પણ તેમાં તેણે દૂધ ભરેલું જોયું. તેથી તેણે પ્રશ્ન કીધો કે:-આ શું છે? ગુલાબદાને જવાબ દીધો કે:—સાહુકાર, એ જે કાંઇ છે તે દરેકમાંથી લઈ આપ પી જુઓ કે તે કેવું લાગે છે? વાગીશધર્મા તેનો હજુ કાંઈ ભેદ સમજ્યો નથી. તેથી તેણે તે દરેકમાંથી પી જોયું. તો તેને એકજ જાતનો શર્કરા યુક્ત દૂધનોજ સ્વાદ લાગ્યો. વળી તેણે પેલું બીજું પાત્ર અતિ મૂલ્યવાન વસ્તુથી આચ્છાદન કરેલું ઉઘાડી જોયું, તો મનને કંટાળો આવે તેવી વસ્તુઓ દીઠી. તે જોઇને ગુલાબદાને તેને કીધું કે:—જેમ તમે આમાં જુઓછો તેમજ સ્વરૂપવંતી સ્ત્રીઓપર મોહાંધ થએલો પુરૂષ પાત્રના ભેદે કરી અંજાય છે ખરો, પણ વસ્તુનો અનુભવ તેને જુદો મળવાનો નથી. વળી જેમ આવસ્ત્ર નીચે ઢાંકેલી બિભત્સ વસ્તુઓ જોઈ તમે કંટાળો પામ્યા તેમજ સ્વરૂપવંત કહો, કે

કદરૂપી નારી કહો, પણ તેમાં એજ વસ્તુ ભરેલી છે. માત્ર આચ્છાદન મનને મોહ પમાડનારૂં છે. તોપછી કયી અમુલ્ય વસ્તુ ગણીને તે વસ્તુ ગ્રહણ કરવા તમે તેમજ કામી પુરૂષો આતુર બનતા હશો વારૂ ?

આ સાંભળી વાગીશધર્માતો દિગ્મૂઢ બની ગયો, હવે વિષયને તે વિષ સમાન ગણવા લાગ્યો. અને આ દૈવી પ્રકૃતિની સત્ય ટેકવાળી સ્ત્રીને પગે પડ્યો ને બોલ્યો કેઃ–દેવી ક્ષમા કરો. હું મૂઢ તમારા સૌભાગ્ય બળને જાણતો નહોતો. તમે શુદ્ધ હૃદયની સ્ત્રીઓના મહાત્મથી જગત્‌ને વિદિત કરવા તેમજ નિયમિત ચલાવવા શક્તિમાન્ છો. આ પ્રમાણે વિનય કરતો ઉઠીને કહેવા લાગ્યો કેઃ–ધન્ય છે તમારી જાતને ! ધન્ય છે તમારા ધૈર્યને ! કેમકે ચાહ્ય તેવા લોભથી, ભયથી, કિંવા હરકોઈ સુખની આકાંક્ષાથી એકાન્તમાં છતાં પણ, સહસ્ત્ર યોદ્ધાઓના રક્ષણ નીચે હો તેવું તમારૂં પરાક્રમ મેં જોયું. તમારૂં શીળ સાચવવા જીવને જોખમે પણ તમે તત્પરજ છો એમ જાણીને તમારા પાણિ ગ્રહણ કરનાર પુરૂષને કેટલો સંતોષ વારૂ ? તમને હું પ્રસન્નછું. આજથી તમને સ્ત્રી ગણીને નહિ, પણ એક મારા નજીકનાં કુટુંબી ગણીને તમારી સાથે નિર્મળ ભાવથી નિષ્કપટપણે વર્તીશ. અને આ મારા આર્શીવાદરૂપે આ એક મોતીનો હાર તમને આપું તે મને બંધુ ગણીને સ્વીકારવાને તમે દોષારોપણ ન કરતાં અંગિકાર કરશો. જાઓ સુખે ઘેર. મારા માલનાં નાણાં તમારે સવડ આવે ત્યારે ગમે તેટલી દૂરની મુદતે વાળી આપજો. તે બાબત હવે મને તમારા તરફની ખાત્રીજ છે.

તેણે આપેલો હાર સ્વીકારતાં તેને સારી શીખામણ આપી ત્યાંથી વિદાય થવાની આ બાઇની તત્પરતા જોઈ પેંરેગીરના વેશમાં રહેલો સુકૃતશા જે સઘળો વ્યવહાર એક દૃષ્ટિથી જીજ્ઞાસા પૂર્વક જોતો હતો, તે મનમાં બહુ સંતોષ પામીને જેમ આવ્યો હતો તેમ છૂપે માર્ગે તેના પહેલાં જઇને ઘેર બેઠો. પાછળથી થોડીકવારે ગુલાબદાન આવી માલનાં નાણાં સંબંધીજ વાત કહીને બધાં સારાંવાનાં છે એમ કહી ઘરના વ્યવસાય તરફ મન લગાડી કામે વળગી.

બીજે દિવસે સવારના પેલો શ્રીમાનપુરવાસી વાગીશધર્મા વેપારી પણ આ નગરથી પોતાના દેશ તરફ રવાને થઇ ગયો. અહીં સુકૃતશાએ એકાદ માસ રહી વેપારી લોકો સાથે સમજુતીથી યોગ્ય નફો ચ-

દ્ધાવી માલ વેચી નાખ્યો. તેનાં નાણાં આવ્યાં તે શ્રીમાનપુર હુંડીઓથી વાગીશધર્માપર મોકલીવાળી આપ્યાં. એ પ્રકારે શાન્તિ ભર્યા કારવ્યવહારની યોજના થયે, વેપારથી મેળવેલી રકમ ઘરમાં સમેટી, જમા થએલો અવેજ ગુલાબદાન તેમજ દુર્બળશા—તેનો પિતા-તેમને સ્વાધીન કરી મુક્તશાએ પોતાને દેશ જવાની રજા માગી. તે ઉપરથી તેને રજા આપી તો ખરી, પણ તેઓ માનવા લાગ્યા કે આપણને આવો નિમકહલાલ માણસ મળવો દુર્લભ છે. માટે હવે જે છે તે ઉપરજ આપણો નિર્વાહ સુખ ચેનથી ગુજારવો. મુક્તશાને એક લક્ષ રૂપિઆ તેની કદર કરી તેઓએ આપવા માંડયા, પણ તેણે કહ્યું:—મેં જે કાંઇ કરેલું છે તે તમારાજ નામ ઉપર કરેલું છે. તેથી તમારી કોઇ મિલક્તપર મારો હક છેજ નહિ. નોકરીને માટે જો આપવા માગો, તો એમાં મેં જે કંઇ કર્યું છે તે મારી ફરજ બજાવી છે. તેનો બદલો શરત મુજબ મને મળે ગયો છે. તો અધિક લઈ દુર્બુદ્ધિવાળો હું કેમજ થઇશ ? કેમકે મારી જે વૃત્તિ છે તેમાં ફેરફાર કરવા મારી પણ સત્તા ચલાવી શકું નહિ. જો એમ થાયતો હું તેવાં પ્રમાણિક કામ કરવાને પાત્ર નથી એમ ઠરે. માટે એતો તમારાજ ભાગ્યને માટે મળેલું છે. એ પ્રમાણે બોલી માયા રાખજો, કહીને રજા લઇ તે પોતાને વતન ગયો.

થોડા મહિના પછી આ ગુલાબદાનને આણું મોકલ્યું ત્યારે રૂડી રીતે તે કન્યાને વળાવી. દુર્બળશાશેઠને આ કન્યા સિવાય બીજું ફરજંદ નહોતું. તેમજ તેની માતા પણ નાનપણમાંજ તેને મૂકી મરી ગઈ હતી. તેથી એજ પિતાના લાડકોડ પૂરા કરવાને આ સુપાત્ર કન્યા ઇશ્વરની બક્ષીસ તરીકે તેને નિવડી છે. તેના ઉપર તે અતિ સ્નેહમમતા રાખે છે. સારાં આભૂષણ કરાવ્યા હતાં, તે તેમજ ઉત્તમ જથાબંધ વસ્ત્રો અને, શુભ આર્શીવાદ આપીને તેને વળાવી. પેલો વાગીશધર્માવાળો મોતીનોહાર પણ તેણે પહેરી લીધો છે. આનંદથી અને સુખચેનથી તે સાસરે આવી ઉતરી. સસરા સાસુને તેમજ ઇષ્ટ જનને પગે લાગી, ઘરમાં તેણે વિશ્રાન્તિ લીધી. આખો દિવસ તેણે સગાં સંબંધીને મળવા, હળવા ને વાત વિનોદમાં ગુજાર્યો.

રાત્રિએ પોતાના પતિના સુખ ભુવનમાં તે પોતે સૂવાને ગઈ. પહેલા દિવસનો સમાગમ તેથી શરમને લીધે કાંઇ બોલવાને તે હિંમત કરી શકી નહિ. બીજે દિવસે કંઇ તેમ થવા પામે નહિ, એમ ધારીતેના પતિએ વિનોદ સંબંધી વાત કહાડી. સ્નેહપૂર્વક એકએકને ગળે હાથ નાખી, એકએકનાં

દિલ પ્રેમાકર્ષણથી જોડાતાં ગળે મૂકેલો તેના પતિનો હાથ ગુલાબદાને ગળે પહેરેલી મોતીનીમાળામાં સહેજ ભરાવાથી તેની સેર ખેંચાયાથી ગુલાબદાને નમ્રતાથી કહ્યું:—પ્રિય સ્વામિ, આ મારા હારની સેર તૂટે નહિ, તેને વાસ્તે આપ જરા સંભાળથી અને વ્યવસ્થાપૂર્વક રહેવા દેશો. તેણે (વિભાવસુએ) મનમાં ખાત્રી છતાં સહેજ ઇશારો કીધો કે:—હાર તૂટશે તો એમાં કંઇ જોખમ કે નુકશાન પહોચવાનો સંભવ નથી. એવા હાર તો તમો સહેજ મેળવી શકોછો ને ?

આ સાંભળી એ પણ તે વાતને જાણે જાણતી નહોય તેવી સ્થિતિએ તેના પતિનો લક્ષ અન્ય વાતપર લઇ જઇ જાણે એકાએક કાંઈ શરીરને વ્યથા થઇ આવતી હોય, તેવો સ્વાંગ ધરીને જમીન ઉપર ઢુટી પડી. તે મનમાં અન્ય વાતનો પશ્ચાતાપ કરવા લાગી:–મારા પતિને મારે માટે શંકા થઇ આવેલી હોવી જોઇએ, અને એમ હોય તો તે સુકૃતશા વેષ ધારણ કરી આવીને મારી ચર્ચા જોઇ જાણ્યા છતાં આમ કહે તે મને શરમ પહોચાડવા માટેજ. એજ પરિતાપને ઉદ્દેશી ખરેખરી પીડા ભોગવતી હોય તે પ્રમાણે દુખિત ચહેરે આક્રંદ કરવા લાગી કે અરેરે, મારા શરીરને એકાએક ઓચિંતું આ શું થઇ આવ્યું ? આ સર્વ અંગ શિથિલ થઇ જાય છે !

આ જોઇ વિભાવસુ તો ગાભરો બની ચાકરોને તેમ સંબંધીઓને હકીકત જણાવી, તેની સારવાર કરવામાં પડયો. તેણે તેની બરદાશ કરવા માંડી, પણ તેતો વિશેષ દુઃખી થતી જણાઇ. તેનું કારણ પૂછયું તો તેણે કહ્યું—રસ્તામાં કાંઇ ભૂત પ્રેતતો નથી વળગ્યું, પણ હું જ્યારે પરણી ત્યારે મેં ગ્રામ્ય દેવીની બાધા રાખી હતી કે પ્રિયપતિની સેવામાં દાખલ થતા અગાઉ સાસરવાસે આણું કરવાના દિવસે ઉજાણી કરી જે કંઇ મળે તે ભેટ મૂકી હું વિદાય થઇશ. એ વાતતો હું અહીં આવવાના ઉમંગમાં ભૂલી ગઇ. તેથીજ તે દેવી સાક્ષાત્ દર્શન દઇ મારી છાતી ઉપર બેઠી હોય, તેમ નજર આવે છે. માટે હાલ તુરતતો દેવઋણથી મુક્ત થયા સિવાય મને સુખ થવાનો સંભવ થોડોછે. એ વાત સર્વને માન્ય થઇ. બીજે દિવસેજ તેને માટે ગાડી જોડાવી મંગાવીને કહ્યું કે:—જાઓ, બાધા નિમિત્તની સઘળી ક્રિયા કરી સુખ શાન્તિની ખબર કહાવતાં રહેજો, ને થોડા દિવસ પછી આવજો. પતિની આજ્ઞા લઇ ગાડીમાં બેસતાંજ જાણે સુખ થતું હોય તેમ બતાવીને તેણે તેમને બેઠેલી શ્રદ્ધામાં વધારો કરી આપ્યો. આવી ભેદ ભરેલી યુક્તિનો કોઇપણ પાર પામી શક્યું નહિ. યોગ્ય મુદને પિયેર પહોચી તેણે ઉજાણી વિગેરે ક્રિયા પણ કીધી.

હવે એણે વિચાર કીધો કે જ્યારે તેમને ખાત્રી છતાં મારી પ્રકૃતિ વિરૂદ્ધની મજાક કરે છે, ત્યારે તે પુરૂષાર્થપણું કાંઇ રાખી શકે છે કે નહિ, તે આપણને યોગ્ય ઘટે તેવી રીતે મર્યાદા સાચવીને જોવું જોઇએ. તેણે કેટલાંએક નાણાં ખરચી સારા પાણીવાળા પચીશ ઘોડા ખરીદ્યા અને તે:માં એક ચાલાક ઉછરતી વયનો વછેરો પણ લીધો. તેના ઉપર ખાસ નજર રાખી, તેને એવી કોઇ કેળવણી આપી કે તેની ચાલચલકતને ઇશારતની સંજ્ઞા શિખવાડેલી રીત પ્રમાણે જે ન જાણે, તેવા પુરૂષો તેના ઉપર સ્વાર થઇ ટકી શકે નહિ. એ પ્રમાણે જ્યારે એ નવો ઘોડો તૈયાર થયો ત્યારે તેણે કેટલાએક પરદેશી ભૈઆઓને નોકર રાખી લીધા. પછી તેણે એના પિતાની પાસે કાશી યાત્રાનું નિમિત્ત બતાવી આજ્ઞા માગીને તે પિએરથી નિકળી. રસ્તામાં થોડીક મજલ કાપ્યાબાદ તેણે પોતાના નોકર લોકને વરધિ અને સમજુત આપી કેઃ—હું જે કાંઇ વેષ ધારણ કરૂં તેનો કોઇપણ માણસ આગળ ભેદ ન ખોલતાં હમેશ મારા ફરમાનને તમારે બજાવવું એવી શરતે મારી સાથે આવવા જેમની ખુશી હોય તે રહો, અને જે ભોળા થઇ પોતાની ફરજ ચૂકે એવા થવા માગતા હોય, તે સુખે ઘેર જાઓ. બધા તેની મરજી પ્રમાણે ચાલવા કબુલ થયા.

હવે તેણે એક પુરૂષનો વેષ ધારણ કરી, તરેહવાર ઉંચા કપડાનો સુરવાળ પહેરી લીધો. તેપર અંગે એક તેવોજ શોભિતો જામો પહેરીને માથે યવન રીત પ્રમાણે ઉમદા ફેંટો બાંધી, કોઇ પારખી ન શકે એવી રીતે સોદાગરનો વેષ ધારણ કરી અમીરઉલમીરઝાદાન નામ રાખી, તેણે મુસાફરી કરવી શરૂ કીધી. થોડા દિવસમાં ફરતાં ફરતાં અયોધ્યા, લકનૌ, મથુરાં, પ્રયાગરાજ, વિગેરે સ્થળો ફરીને વણારશીમાં ગંગાજીમાં સ્નાન કરી, વિશ્વેશ્વરનાં દર્શન કરીને તે હસ્તિનાપુર આવ્યાં, જ્યાં વિભાવસુશેઠ રહે છે. તેણે એના પતિના ગામના પાદરે યમુના નદીના કિનારા ઉપર કેટલાએક ભભકાદાર તંબુઓ જમાવી દીધા. મેહેતા મુસ્સદી અને નોકર ચાકર રવાબ સાથે બહુ સરસ ઠાઠ જમાવીને તેણે પડાવ કીધો. ઘોડાઓને પણ તેવા ઉંચા પ્રકારના ઠાઠથી શણુગારી ઝુલો નાંખી તેમના અંગો ઢાંકી રાખી, દરેક જૂદા જૂદા સ્થાનપર બંધાવી દીધા. હવે તેના નોકરોને દરરોજ પાંચ પાંચ ઘોડા શહેરમાં ફેરવવા લઇ જવાનો હૂકમ કીધો.

બજારમાં હારબંધ ઉભા રાખી લોકોને તે ઘોડા બતાવવામાં આવતા હતા. ઘોડાઓનું રૂપ રંગ ચાલચલણ જોઇને લોકો બહુ ખુશી થતા હતા. તેમજ શ્રીમંત શાહુકારોને જોવાની ઇચ્છા થતી, તેમને તેના નોકરો બતાવતા હતા.

એક દિવસ વિભાવસુશેઠ બજારમાં નિકળ્યા હતા. તેમણે આ સુંદર ઘોડાઓ અને ઠાઠમાઠવાળા નોકરો દેખી કોના ઘોડા છે એવો સવાલ પૂછ્યો. તે નોકરોએ કહ્યું કેઃ—એ કાસ્મીર કે રહીનવાલે જો અમીરઉલમીરજહાન નામે શ્રીમંત સોદાગર હેં, ઉન્હુકા ઘોડા હેં. વો બી જાતે યે નગરમેં આયા હે. શેઠે પૂછ્યુંઃ—એ ઘોડા વેચવાના છે ? તેની કિંમત કોણ કહેશે ? તમે, કે કોઈ બીજાને મળવું પડશે ? નોકરોએ કહ્યુંઃ—આપકુ જો ઘોડા ખરીદ કરનેકી ઇચ્છા હોવેં, તો ઇસેંભી ખુબ ઉમદા ઘોડા વહાં કોઠે પરહેં વો દેખોગે જબ આપની અરવા ખુશ હો જાયગી. આપકું ખસુસ પસંદ પડેગા. આ ઉત્તર સાંભળી બીજે દિવસે વિભાવસુને ઘોડા જોવાનો વિચાર થયો. તેથી પાંચ દશ મિત્રમંડળ લઇ તે સોદાગરને મુકામે યમુના કિનારે ગયો. (આ વખતે રાજકુંવર શશિવર્મા તેને યાદ આવ્યો. પણ તેતો કેટલાએક વખતથી યાંત્રિક અને નાવિક વિદ્યા શિખવાને બીજા નગરમાં જઈ રહેલો છે.) તેણે તેના સેવક મારફત આગળથી વરધિ અપાવીજ હતી, તેથી માનપૂર્વક આવકાર આપીને વિભાવસુનો જમણો હાથ પકડી આ સોદાગરે મલકાતે મુખડે પ્રેમપૂર્વક મુલાકાત લીધી અને બન્નેજણ એક આસનપર બેઠા. બીજાઓને તેમના લાયકની જગ્યાએ બેસવાને આસનો ગોઠવેલાંજ હતાં, ત્યાં પોતપોતાની જગ્યા લઇ સર્વે બેઠા.

હવે એક એકના સંબંધમાં કુશળ પ્રશ્નો પૂછીને તેમણે ઘોડા સંબંધી વાત કહાડી. તે ઉપર શેઠની ઘોડા જોવાની મરજી જાણીને એક પછી એક ઘોડા લાવી તેણે બતાવવા માંડ્યા. તેનાં એક એકનાં નામ, જાત, રૂપને ગુણનું વર્ણન કરી કરીને ઘોડાઓની ઓળખાણ આપતાં જતાં શેઠને તે તેણે બતાવ્યા. તે ઘોડાઓ બહુ ગમે તેવા હતા. છેવટ સંકેત મુજબ તેણે એક વછેરો છોડી મંગાવી બતાવ્યો. તો તેના રૂપ ગુણને ચાલાકી જોઇને તો વિભાવસુ એ મનમાં સંતોષ પામતો પામતો એતો લેવોજ, એવો નિશ્ચય કરી તેની કિંમત વિષે સોદાગરને સવાલ પૂછ્યો. સોદાગરે જવાબ દી-

ઘો કેઃ–શેઠ, એ ઘોડો તમારાથી ખરીદ કરી શકાય તેમ નથી. એની કિંમત બહુ ભારે છે. તેથી વેચવાની વાત કોઈ આગળ પોષાય તેમ નથી. તેમ છતાં જો આપ એનાપર બેસી જાણવાને લાયક ઠરવા માગતા હોતો અને તે તમને પસંદ પડશે તો તેવી યોગ્યતાવાળા પુરૂષને અમે મોહોબતને વાસ્તે ભેટ તરીકે અથવા બક્ષીસ આપવાને કબુલ છીએ, પણ એક અનાડી માણસના હાથ નીચે એવા કેળવાયેલા ઘોડાને રહેલો જેવાને અમે ઇચ્છતા નથી. તેવા નાલાયક માણસને તો નજરે જોવા સુદ્ધાં પણ અમે પ્રસંગ આવવા દેતા નથી. જો તમારે બેસી જોવાની ઇચ્છા હોય તો શરત માત્ર એટલી કરવી પડશે કે જો તે ઘોડાપર બેસી ફેરવીને સહીસલામત પાછા અહીંજ ઉતરશો તો એ ઘોડા સાથે અમારા તમામ ઘોડા અને અસબાબ અમે આપનેજ આપીને તમારા જેવાની મહોબતમાં જોડાઇને અમને પોતાને કૃતાર્થ માનીશું; અને જો તમે એક અનાડી સ્વાર તરીકે નિવડયા, તોપણ અમારા સહવાસમાં રહી અમારા અંગીભૂત માણસ તરીકે, ખાન પાનાદિ વ્યવહારમાં એક સંબંધી તરીકે, વિનોદમાં એક ઇષ્ટમિત્ર તરીકે; અમારી સંપત્તિમાં વધારો કરનાર જન તરીકે, અમારી મંડળીમાં તમારે દાખલ થવું પડશે. એ સરતે ઘોડાપર સ્વારી કરવા માગતા હોતો લ્યો, આ ઘોડો તમારોજ છે, અગર તમે અમારાજ છો, એમ માનીને તેનાપર સ્વારી કરજો.

આ શાહુકાર વિભાવસુ યુવાન તેમજ સાહસિક જોસ્સાવાળો હોવાથી ચાર માણસની મીજલસમાં પોતાને ઉભેલો જાણીને, સોદાગર વૃથા દમ ભિડાવે છે એમ માનીને, તેની બડાઇથી ડરી જવાનું દુરસ્ત ન ધારીને, હલકા પડવું એટલે મારા જેવાએ અશ્વારોહણમાં અપ્રવિણતા બતાવવી એ ઘટિત નથી એવું ઉદ્દેશીને તેણે શરત કબુલ રાખી. ને એ યુવાન નવા ઘોડાપર સ્વાર થવાને કેડકસી તત્પર થઇ ગયો. ઘોડાને વાગ પકડી તંબુના દ્વાર પાસે તેણે ખડો કરી દીધો. એ ઘોડાપર તે પોતે સ્વાર થઇ ગયો. આ સોદાગરના તંબુ નજીક ફરતી તમામ જગ્યાએ યમુનાનદીનો બેટજ હોવાથી ઝીણી રેતી કુદરતથીજ પથરાયેલ હતી, અને પોતાના નોકરોને સાવચેત રહેવા સુચના પણ અપાઇ હતી કે જો તે ઘોડા ઉપરથી ગરી પડે, તો તુરત ફૂલની માફક તેને ઉપાડી લઇ, ઘોડાને પકડી લઇ, તે શાહુકાર પુત્રને અહીં તંબુમાંજ લઈ આવવો._શેઠતો મોટી ઉમેદથી ફ-

તેહની આશાએ ઘોડાપર સ્વાર થઇ ગયાજ છે. હવે તે ઘોડાની વાગ લઇ શેઠના હાથમાં આપી સેવકલોક બાજુ ઉપર થઇ ઉભા રહ્યા કે તુરત ઘોડો કાંઇ યાંત્રિક શક્તિ ધરાવતો હોય, તે પ્રમાણે થોડે સુધી તો જોનારનું દીલ ખુશ કરે તેવા ઠાઠથી તેણે ઘોડો ચલાવ્યો. જેવો તે તંબુની પછવાડે ફરીને ગયો કે તુરતજ ઘોડો જાણે આકાશમાં ઉડવાને ગમનાભિલાષી હોય તે પ્રમાણે છલંગે ચઢવા લાગ્યો. તેણે એક બે ને ત્રીજી છલંગે તો શેઠને જમીનપર પટકી દીધા. તેવાજ તેમને સેવકોએ ખમા ખમાના શબ્દથી આશ્વાસન કરતાં ઉપાડી લીધા, અને તંબુમાં સારી સુપુષ્પમય શય્યા બિછાવેલી હતી તેમાં લાવીને તેમના આરામ અર્થે બેસાડયા. જરાવાર થઇ એટલે તેને સોદાગરે તેમજ તેના મિત્રમંડળે પૂછયું:—શેઠ, કાંઇ વાગ્યું કે ? શેઠે કહ્યું:—કાંઇ હરકત નથી. મુખ ઠેકાણે રાખી શેઠ બોલ્યા તો ખરા, પણ કરેલી શરત માટે હવે તે મનમાં વિચાર કરવા લાગ્યો કે જુવાનીયા મદને લીધે મેં મૂર્ખાએ કાંઇ વિચાર કીધા વિના જાણે સર્વે દાવ પાંસરાજ પડશે એવું અનુમાન કરી વગર વિચારનું કામ કીધું છે. એવી રીતે એ પોતે તેમજ તેના મિત્રમંડળ સર્વે ફિકરમંદ દિસવા લાગ્યા. હવે શરતને ઉદ્દેશી સોદાગર ગંભિર વદને હસતે મુખે શેઠની સનમુખ ખુશાલીથી ભરપૂર મુખ ઉપર પ્રસરતો ગુલાબીવર્ણનો મોઢાનો રંગ પુર તેજથી પ્રકાશમાન દિસતો હોવાથી પોતાના પ્રિય તરફ પ્રેમ ભરી દૃષ્ટિથી જોતો હતો. તેથી એ વખતનું ચિત્ર કાંઇ જૂદાજ પ્રકારનું શોભી ઉઠયું હતું. અહીંયાં સર્વે મીજલસની જૂદી બેઠક કરાવી પોતે શેઠની બરદાસ ચાકરી પોતાને હાથે ઉઠાવવા નિમિત્તે તેની પાસેજ સુખશય્યા ઉપર બેસીને કોમળ પ્રેમાળ હસ્ત તેના કપાળપર રાખી કહેવા લાગ્યો કે:—પ્રિયમિત્ર, કાંઇ વ્યથા તો નથી થતી ? જો જરા તેમ હોય તોપણ આપની લાંબી જીંદગી ઇચ્છી આપના કુશળ નિમિત્ત આ મારા હૃદયની શુદ્ધ પ્રીતિરૂપ સાક્ષાત્ પ્રતિમા ધરી મારા હસ્તમાં આ શુદ્ધોદકનો પ્યાલો રહ્યો છે, તેને આપ સ્વીકારો. મારીને તમારી પ્રીતિના સંબંધે સુખ ભોગની સર્વે અભિલાષાઓ પૂરી પાડવામાં આ એક શુકન તરીકે છે, અને પ્રભુની બક્ષીસ છે, એમ માની જે બન્યું છે તે સર્વે સારાને માટેજ છે, એવો જગતકર્તા ઉપર વિશ્વાસ રાખીને વર્તો. અહીં વિભાવસુશેઠે વિચાર્યું કે:—એ કહે છે તેમ કર્યા શિ-

વાય બીજો કાંઇ ઇલાજ નથી. એમ ગણીને તેણે તે શુદ્ધોદક પીધું. બનવાકાળ આગળ કાંઇ ઉપાય કામ લાગે નહિ. અહીંતો આ શેઠસાહેબ નજરકેદ કહો, કિંવા સોદાગરનું પ્રીતિજનક સાહિત્ય કહો. એ રીતે ભાઇ સાહેબતો વચનરૂપી વ્યવહારસુત્રથી બંધાયા, અને ઘેરાયા. એ વાતની કોઈ મિત્ર માણસે પોબારા કરી જઈ તેના માતપિતાને છૂપી ખબર આપી સર્વ રીતે માહિત કીધાં. તેથી તેના પિતા ન્યાત જાતની બીક રાખી કોઇને ખબર ન પડવા દેતાં ઘરનાજ ચાર વિશ્વાસુ ડાહ્યા મુનીમોને લેઇને સોદાગરને મુકામે આવ્યા. સોદાગર તેમને જાણે પોતાના પિતાનો સત્કાર કરતો હોયની તે પ્રમાણે નમ્રવચન કહી અદબસર ઉઠીને તેમજ ઘટે તેવા પૂજ્યભાવે સત્કાર કરીને તેમને સુખાસન આપી પોતે ઉભે ઉભેજ તેમની સાથે વાત કરવા લાગ્યો. વિભાવસુનો પિતા ન્યાતજાતમાં પોતાને હલકા પડવાનો સબબ બતાવી સોદાગર સાથે વિષ્ટી કરવા લાગ્યો કે:—તમે પણ કોઇ અમીર કુળના ખાનદાન ઘરના ફરજંદ છો. તેથી અમારી પ્રતિષ્ઠાનો લોપ થતો જોવાને આપ રાજી થતા નહિજ હો. માટે આપ માગો તેટલાં નાણાં આપીને આ વિભાવસુને મુક્ત કરવા અમારી તમારા પ્રત્યે માગણી છે. તેણે કહ્યું:—વેપારી તેમજ સર્વ શાહમંડળના શિરોમણિ અર્ધો બોલેલો શુકન આખા તરીકે સ્વીકારી વર્તનારા, તેમજ જેના આચરણ ઉપર સર્વ વ્યવહાર સુત્ર આધાર રાખે છે, એવા મહાજનો જો વચનથી ચૂકશે, તો તે પોતે છૂટાજ છે. તેમને અધિક મારા હાથથી છોડવાનું કાંઈ રહેતું નથી. માટે પૂછો આપના આ માનવંતા કુંવરને, કે જો તે મોંઢેથી ના કહે, તો તેમને હું જવા દેવા ખુશી બતાવીશ.

આ સાંભળી વિભાવસુતો નીચું મુખ કરી ઓશિયાળો હોય તે પ્રમાણે બોલ્યો કે:—જેમ તમે કહેશો તેમ કરી બજાવવાને હું બંધાયેલો છું. વૃદ્ધ શેઠ કાંઇ બોલ્યા વગર બેસી રહ્યા. તે જોઇ સોદાગર ઉદાર મનથી બોલ્યો કે:—પિતા સમાન વૃદ્ધ શેઠજી, તમારી પુત્ર તરફની વાત્સલ્ય તથા મમતાવાન્ માગણીને માન આપી તમારા પુત્રને હું મુક્ત કરૂંછું, ત્યારે જેમ મારો સર્વ અર્થ છોડવા હું તૈયાર છું, તેમ તમારા પુત્રને અતિપ્રિય છે એવો જે આ ઘોડો, તે પણ હું એમનેજ આપું છું. કેમકે એનેજ વાસ્તે તે આટલા બંધનમાં પડ્યા હતા. તેથી તેમની જીજ્ઞાસાથી અધિક દ્રવ્યની ગણુના મારે અહીં તો કરવાની નથી. પ્રભુની કૃપા છે. પૈસાની

કાંઇ ખોટ નથી. પણ આવો જુવાનીમદ રાખી પોતાનું પાણી બતાવવા માટે આવી શરત કરવામાં તેમણે પ્રથમથીજ વિચારવાનું હતું. ત્યાર પછી જે થવાનું તે તો થયુંજ છે. આવી તે સોદાગરની ઉદારતા જોઇને વિભાવસુશેઠ તેમજ તેના પિતાએ ઘણું દ્રવ્ય આપવા તેને વિનવ્યો, પણ તેણે નાજ પાડી. બહુ દુરાગ્રહ કરવામાં આવ્યો ત્યારે સોદાગરે કહ્યું–આપને મુબારક ભેટ થયાની યાદગિરી માટે તમારા મારા વચ્ચેનો હમેશનો મિત્રભાવ ગણી જેમ મારો ઘોડો મેં આપને આપ્યો છે તે પ્રમાણે ફક્ત આપના હાથની એક વીંટીજ આપ મને આપો. એ મને આપ તરફથી મોટું માન મળ્યું એમ હું સમજાુંછું. તેવું તે સોદાગરનું મન જોઇને વિભાવસુ પોતાના હાથની વીંટી તેના હાથે પેહેરાવી હાથને ચુમી લેઇ તેણે આપેલા ઘોડા ઉપર બેસવાની રીતભાત સોદાગરથી જાણી લઇ તેનાપર સ્વાર થઇ સર્વ મંડળ સાથે ઘેર ગયા. તેના પિતાશ્રી દેવદર્શન કરતા પાછળથી આવ્યા. એ ભેદભરી વાત ન્યાત જાતમાં ન જણાતાં એમને એમજ પડદે પોશ રહીજ છે.

હવે સોદાગર પણ પોતાની મુરાદ હાંસલ કરી ચૂક્યો છે, એમ જાણી બીજે દિવસે ડેરા તંબુ ઉઠાવી પોતાને વતન કુચ કરી ગયો. યોગ્ય મુદતે પોતાને વતન પહોંચી જાય તે પહેલાં એકાદ મજલ રહ્યા બાદ પોતાનો અસલ સ્ત્રીવેશ ધારણ કરી જાત્રા કરી આવ્યાનું જણાવી પોતાના પિતાના ઘરમાં તેણે પ્રવેશ કીધો. તેણે સર્વ નોકર વર્ગને મુદત પુરી થયે રજા આપતાં ઇનામ અકરામથી સંતોષીને વિદાય કરવા માંડ્યા. તેના તરફ તેઓ માન અને ભક્તિ બતાવતા, તેનાં વખાણ કરતાં વિદાય થતા હતા. એ રીતે ઘોડાઓને પણ વેચી દીધા પછી પોતે સ્વસ્થ રહી, ઘેર પિતાની સેવા કરતી તે દિવસો નિર્ગમન કરવા લાગી. એટલામાં સાસરા તરફનો પણ સંદેશો આવ્યો કે જો હવે તમે સર્વ ક્રિયા કરી પરવાર્યાં હશો તો તમારે અનુકુળ હોય તે દિવસે ગાડી મોકલીયે. આ સંદેશાનો તેણે આદરથી સ્વીકાર કરી કહાવ્યું કે આપ જ્યારે ગાડી મોકલશો તે વખતે હું તૈયારજ છું.

આ ઉત્તર વિભાવસુને મળતાં બીજે દિવસે ગાડી આણુ તેડવા કેટલાએક નોકરો સાથે મોકલી. તે ગુલાબદાનને પિયેર આવી પહોચતાં આનંદ અને ઉમેદથી બીજેજ દિવસે પોતાના પિતાશ્રીને નમીને ગાડીમાં

બેસી તે વિદાય થઈ. થોડાએક વખતમાં સાસરે આવી સર્વેને વિનય વિવેકપૂર્વક મળીહળીને તે દિવસો નિર્ગમન કરવા લાગી. પતિની સાથે પ્રેમભાવથી વર્તી તે તેનું મનરંજન કરતી હતી.

એક દિવસ રાત્રિને સમયે ચાંદનીની રોશની પૂરદમામથી પ્રકાશી નિકળેલી હોવાથી વખત ઘણો રળિયામણો લાગતો હતો. એ વખતે આ દંપતી એક સ્વતંત્ર આવાસમાં એક એકનો હાથ પકડી ઘરમાં તેમજ બહારના ચોકમાં બાગ બગિચાના રોપાઓ તેમજ જોવા લાયક વસ્તુઓનું અવલોકન કરતાં કરતાં ફરતાં હતાં. હાથમાં સુંદર નાજુક નેતરની છડી પકડીને એક એક જણ સુંદર દેખાવથી અને અદાથી ફરતાં જણાતાં હતાં. આ વખતે વિભાવસુ પોતાની એક કિંમતી વસ્તુનું અવલોકન કરાવવા નિમિત્તે એક ખંડમાં પ્રવેશ કરીને પોતાની પ્રિયપત્ની આગળ તેના ગુણનું, રૂપનું વર્ણન કરી કરીને ઘોડાના મુખ ઇત્યાદિ અવયવોપર હાથ ફેરવીને તે બતાવતો હતો. આ ઘોડો જોઇ તેના સર્વ અવયવો નિહાળી રહ્યા બાદ ગુલાબદાને પોતાના હાથમાં જે નેતરની છડી હતી તે ઘોડાની પૂઠપર બે ચાર ઉપરા ચાપરી વિભાવસુના દેખતાંજ જડાવી દીધી. એ જોઇ વિભાવસુ ઘોડો અતિપ્રિય હોવાને લીધે, તેમજ નિષ્પ્રયોજન આની આવી વર્તણુકને લીધે ઠપકો દઇ તેને કહેવા લાગ્યો કેઃ—આમ અનાડીપણું કરવાથી તમને કયા પ્રકારનો લાભ મળ્યો વારૂ ? તે સાંભળી ગુલાબદાન સામી હસીને મંજુલ સુવદને બોલી કેઃ—ત્યારે પ્રાણપ્રિય, એથી આપને કઇ જાતની હાનિ પહોંચી ગઇ છે ? આપ સોદાગરની સાથે બેસી પાણી પીતા આવશો, ને એવાતો ઘોડા આપ સહેજ મેળવી શકશો. આમ વગર પૈસે અને વગર મહેનતે રકમ મેળવવા માટે પોતાની જાત વટલાવતાં વખતે પણ તમે આજના જેટલો દીર્ઘ વિચાર પણ નહિ કર્યો હોય ! તો એ કરતાં આજ તમને કેટલો વધારે ધક્કો પહોંચ્યો છે કે વગર આયાસે મળેલી વસ્તુને માટે આપ આટલો ખેદ બતાવો છો.

આ ઘટિત બોલ સાંભળી વાણિઓ ખસીઆણો પડ્યો. અને પોતાની વખોડવા લાયક કરણી માટે કોઇપણ જાણતું નથી એમ આજ સુધી તે માનતો હતો. એ તેનું માનવું ભૂલ ભરેલું હતું, એમ આજ તેને જણાયું. અને તે વાત વળી જેના આગળ બહુ અદબસર છૂપાવવાની,

તેને મોઢેથી યોગ્ય અવસરે અને નિમિત્તે રીતસર બોધદાયક જવાબમાં મળે, એજ તેના ધણીપણાના પદને શરમાવનારૂં એક સચોટ દૃષ્ટાંત છે એમ જાણી તે પસ્તાવા લાગ્યો. હવે આનો શો ઉપાય?! એ પ્રકારે શોક કરતો જાણીને ગુલાબદાન અહીં ખૂબ હસી પડી, અને પોતાના પ્રિયતમને ગળે વળગી પડી કહેવા લાગી કેઃ—જુઓ, આ વીંટી આપનીજ. અને તે આજ આપને ગળે વળગેલા સોદાગરનેજ આપની મુબારક યાદગિરી માટે આ ઘોડો ગ્રહણ કરતી વખતેજ આપી છે, તે લ્યો. આપતો એક આપની ચરણરજ દાસીને પવિત્ર કરી ગયા છો. પ્રેમથી તેના હાથે પાણી પીધું છે. અને આ હાથે અને આ પવિત્ર મુખથી ચુંબન અપાયું છે, એટલે હવે જાત વટલાઈ છે એ શંકા દૂર કરજો.

હવે તે આગળ વધીને કહેવા લાગી કેઃ—સ્વામિનાથ, આપ મારા મુનીમના વેશમાં મુફ્તશાનામ ધારણ કરી રહ્યા હતા. પદ્ધતિના અજાયબ અને દુર્ઘટ એવા વમળમાં હું ઉતરેલી એ સર્વ ચરિત્રનું અવલોકન કરી મારી રહેણી વિષે આપ જાણીતા હોવા જોઇએ, અને આપે ખાત્રી પણ કરી લીધેલી હોવી જોઇએ. જો એમ ન હોત તો, મારા તમારા પ્રથમ સમાગમ વખતેજ મોતીમાળને ઉદ્દેશી આપે જે તાનો માર્યો કે—એવા હારતો તમે સહેજ મેળવી શકો તેમ છે, તે તૂટવાથી શું હાનિ છે, એ બીજું કોણ મારી શકે? વા જાણી શકે? એતો મુફ્તશારૂપે આપજ હોવા જોઇએ. આવું જ્યારે મારા મનથી મેં અનુમાન કર્યું ત્યારે મારા જેવી એક કુલાંગનાને છાજતું એ કામ સંભવતું હતું કે તેને આપે એક કુલટા તરીકેનું વિશેષણ યોજી એવા હાર સેહેજ મેળવશો એમ કહ્યું? તેથી મારા જેવીને તો એ શબ્દ અસહ્ય દુઃખકારક થઇ પડ્યો. તેજ વખતથી આપનો સંપૂર્ણ ટેક કેવો નિવડે છે એ જોવા જાણવાને મને કારણ ઉત્પન્ન થવાથી હું તરતજ આપણે અનુભવ્યું તેમ અહીં સુધીના સંકેત સુધી આવેલી. હાલતે આપની દાસીને આપ સન્મુખ ઉભેલી જુવો છો. કદાચ હું આપને મારા જેવીજ આકૃતમાં ઉતારી ફસાવવા માગું તો તે બની શકવા જેવું હતું. પણ એવાં ચરિત્ર અવલંબન કરવાં એ પતિવ્રતા નિયમે વર્તનારી સ્રીને યોગ્ય નહતું, એમ ગણીને સોદાગરવેશે તમારૂં રહસ્ય મેં જાણી લીધું છે. તેમજ વ્યભિચારી ભાવે તપાસ્યું હોત તો તેમાં પણ તમે ફસાઈ

પડત, તો આજ તમને વધારે પસ્તાવામાં ઉતરવું પડત, એમ ધારીને મેં સરળ ઉપાય યોજ્યો હતો. હવે તે આપની પવિત્ર મનની અર્ધાંગનાને હાથે તે કૃત્ય થયું છે. એટલે વટલાવાનો શક દૂર કરીને તેને પોતાનું હૃદય ગણીને સ્વીકારશો. સ્વામિનાથ, એ કાવતરામાંથી મુક્ત થવાને તેમજ ન બંધાવાને સમય પરત્વે ઘણા ઇલાજો યોજવાના હતા. એ તક ગયા પછી હવે તેનો વિચાર કરવો યોગ્ય નથીજ. એક નજીવી પ્રિય વસ્તુના લોભે તો શું, પણ ત્રણલોકના રાજ્યના લોભે પણ, ટેકી પુરૂષ વા સ્ત્રીએ પોતાનો ટેક તજવો ન જોઇએ એવા ઉદ્દેશે તે માણસ અનેક સંકટોને તરી પાર ઉતારે છે.

હવે આજથી સર્વ વાતને વિસારી આપની સદાની દાસી જે મનકર્મ વચનથી આપની પવિત્ર સેવામાં હાજર છે, તેને તેના જેવા નિર્મળ ભાવે સ્વીકારશો.

આ ભેદ જાણી વિભાવસુતો પોતાની પ્રાણપ્રિય પત્નીને પ્રેમથી આલિંગન આપી હૃદય સાથે ભેટી હવેથી શુદ્ધ ભાવે ચહાવા લાગ્યો. આજથી તેઓ દિવસે દિવસે ઉચ્ચ વૈભવ અને સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યાં. એક ટેકીને પતિવ્રતા સ્ત્રીઓનાં ચરિત્ર આ પ્રમાણે દઢ દાખલા રૂપ જગતને ઉપકારી અને હિતકારક નિવડે છે, એ રહસ્ય આમાં જાણવાનું છે. આ પ્રમાણે આ અવાન્તર વિષય બંધ પડે છે.

પ્રકરણ ૫ મું.

(પ્રસ્તુત વિષય ચાલુ) વિદેશ ગમન ધર્મ અને અર્થની પ્રાપ્તિ.

દોહરો.

કરે સુકર્મે શોધ તો, સરે અર્થ ને ધર્મ;
કરે કામ પરમાર્થ તો, મળે મોક્ષ ગતી પર્મ. ૧.

પાછલા ત્રીજા પ્રકરણના અંત સુધીમાં આપણે વાંચી ગયા તે પ્રમાણે રાજ્યવલ્લભ શેઠને ત્યાં રાણી મનોહરમુક્તમાળા અને રાજપુત્ર શશિવર્મા સુખે દિવસો નિર્ગમન કરતાં સ્થિતિ કરી રહ્યાં છે. એ શાહુકારના પુત્ર વિભાવસુને યોગ્ય કન્યા સાથે પાણિ ગ્રહણ કરવાની સલાહ આપી, તે રાજપુત્ર વિદ્યા સંપાદન કરવા બંગાળે જઈ રહેવા નિકળ્યો છે. ત્યાર પછી ચોથા પ્રકરણમાં વિભાવસુ અને તે સ્ત્રી ગુલાબદાન

બન્ને જણુના એક લાયક નિવડેલા જોડાને સુખ વિલાસમાં પરસ્પર પ્રીતિનું પાન કરતાં જોઇને તે રસિક અને એક બીજાનું રહસ્ય જાણી વૈભવ વિલાસમાં મહાલનારાંને એજ પ્રમાણે સદાને માટે સુખી જોવાને શ્રોતાજનો સ્વભાવિક વૃત્તિથી ઇચ્છશે તો આપણે તેમને એજ સુખો ભોગવતાં રહો, એવો આશિર્વાદ આપીને રાજપુત્ર શશિવર્માના ભાગ્યની રતિ અને કૃતિ તરફ નજર કરીએ.

આ હોંસીલો કુંવર નવ માસમાં વિદ્યાઅભ્યાસ કરીને આવ્યો. મામાને તેમજ માતાને પગે લાગી તે શુભ આશિર્વાદ પામ્યો. એ કુંવર તેની માતાનું જાણે બીજું અંતઃકરણ હોય તે પ્રમાણે શુભ વાર્તામાં, વિનોદમાં તેમજ મર્યાદામાં આજ્ઞા અનુસાર ભક્તિપરાયણ રહી તેની માતાને વાત્સલ્ય પ્રેમનું પાન કરાવતો હતો. એ પ્રમાણે વ્યવહાર ચાલતો હતો, એવા સમયમાં એક દિવસના યોગે રાજ્યવલ્લભ શેઠ જેને આ કુંવર મામા કહીને બોલાવે છે, તે પોતે આ પુત્રની માતા મનોહરમુક્તમાળા કે જેને તે ધર્મ ભગિની કહી બોલાવતો હતો, તેની પાસે આવી રોજ નિયમ પ્રમાણે તેની વાસ્તવિક કુશળ ખબર પૂછી શરીર સંપત્તિ સારીતો છેને ? એ પ્રમાણે માતા અને પુત્રની સાથે વાત કરતો પાસે પડેલા એક સુંદર આસન ઊપર બેસીને ઘર વ્યવસ્થાની વાત કરવા લાગ્યો.

બે'ન, તમને જણાવવાનો મારો હેતુ એવો છે કે જાવા બંદર તરફ મારી મોટી પેઢી છે. ત્યાં ઘણા વર્ષોથી મારા નામથી બહોળો વેપાર ચાલે છે. અને તે પેઢીની મોટી મિલ્કત ત્યાં જમા થએલી છે. ત્યાંના મારા પ્રમાણિક મુનીમોના બાહોશપણાથી સારી પ્રતિષ્ઠા પૂર્વક મારૂં નામ ચાલે છે. ત્યાંના મુનીમનો હાલમાં એક પત્ર આવ્યો છે કેઃ—શેઠ, આપ અહીં પધારો. અહીંના લોકો તમારી જાત મુલાકાતનો લાભ લેવા માગે છે. તેમને તમારા મેળાપનો લાભ આપી, તેઓના મનની તમને મળવાની ઘણા દિવસની અભિલાષા પૂરી પાડશો. એવી તેઓની ઉત્કંઠા છે. અને જ્યારે પત્ર આવ્યો છે ત્યારે મારી પણ એવી ઇચ્છા છે કે મારે ત્યાં જવું, અને ત્યાંના લોકોને મળીને મારા નામ પ્રમાણે મારી મિલ્કતના કાંઇક ભાગનો ત્યાંના લોકો સારો ઉપભોગ લઇ શકે એવી કાંઈ સારી વ્યવસ્થા કરવી. બે'ન, મારો પુત્ર વિભાવસુ અને મારો ભાણેજ આ શશિવર્મા તેમના વચ્ચે તમારે તેમજ મારે કાંઈ ભેદ

કે અંતર નથી. તેમજ મારી કુળવધુ ગુલાબદાન તે પણ એક મારા ઘરનું ભૂષણરૂપ રત્ન છે. એ ત્રણ ફરજંદો તમારે સ્વાધીન મૂકી જાઉં છું. તેમને તમે યત્નથી સંભાળજો. તેમની દેખરેખ રાખી સારૂં શિક્ષણ આપશો, એવો મને તમારો દૃઢ વિશ્વાસ છે. એ સાંભળી તે કહે છેઃ—ભાઈ, તમે પધારશો ! હા, એમજ છે તો આ ત્રણે કિશોર બાળકોની સાંપણ કરવાથી મારા તરફની અધિક મમતા વધશે, એમ તમારૂં માનવું છે ! એતો મારી ફરજેજ મને તેઓની સાંપણ કરી દીધેલી છે. તોપણ તમારી વાત્સલ્ય ભાવનાને સ્વીકારી તમારી સાંપણ હું કબુલ રાખીશ. અને આજ તમે એમ કહો તેમાં પણ તમને હું કેમ કરી વારી શકું ? મનોહરમુક્તમાળાનાં આ વાક્ય સાંભળી શશિવર્મા જે આ વાતો સાંભળતો તેઓની પાસેજ બેઠો હતો, તે મામાને કહેવા લાગ્યો કેઃ—જો માતાજી આજ્ઞા આપે તો મને તમારી સાથે લેશો કે ? એમ કહીને પછી માતાજી તરફ મુખ રાખીને તે બોલ્યો કેઃ—માતાજી, હું આજ સુધી વિદેશમાં પ્રવાસે ગયો નથી. તેથી બહારના જનમંડળના સ્વભાવનો તેમજ તેમની રીતભાત અને વ્યવહારના સંબંધનો મને સ્વતંત્રપણે અનુભવ મળી આવે તે સારૂ મામાની સાથે જવાની મને આજ્ઞા આપશોજી. એ પ્રમાણે કુંવર બોલી રહ્યા બાદ

માતા બોલી કેઃ—બેટા, મા'રા ખોળામાંથી હજી તને જરા પણ અળગો કરતાં હું અધીરાઇથી જોતી આવીછું. મને તારા સિવાય બીજું ફરજંદ નથી, એ તો તું જાણે છે. જો એમ છે તો પછી બેટા, તારી ગેરહાજરીમાં હું કોને જોઈ સંતોષ માનું ? હજી તો તને મારા ઉચ્છંગમાં ખેલાવતાં મારા લાડકોડ પૂરા થયા નથી. તેમ તને પરણાવ્યો પણ નથી. જો તેમ હોતતો મારી નજર આગળ મહાલતી કુળવધુને નિહાળી મારી મીઠી નજર હું તેના ઉપર ઠારત. હજી બેટા, તેં ઉત્તમ વૈભવ અને ઉત્તમ સુખનો અનુભવ લીધો નથી. હજી તારે વિદેશમાં જઇ વિકટ મુસાફરી કરવાના ઘણા દિવસો છે. અહીં તારા વિના તારી માતા એકલી ઝૂરી મરે તેનો તને કાંઈ ખ્યાલ આવતો હશે ખરો બેટા ?

પણ માતાજી, તમે તમારા પુત્રને માવડીમુખો અને પરતંત્રપણામાં રહી સદાને માટે દયા ઉપજાવનારી સ્થિતિમાં રહેલો જોવાને ઇચ્છો છો ! કિંવા તેના ભાગ્યનો પડદો ઢાંકેલોજ રહેવાનું ધારો છો ? એથી કદાચ

તમો માતાજીને આગળ ઉપર કરૂણા ઉપજવાનો સંભવ નથી વારૂ ? મારાં સજ્જન અને માયાળુ માતુશ્રી, તમે સદ્વિદ્યાનાં ગ્રાહક છો, પુત્રના ઉદયની અભિલાષાવાળાં છો, અને એક માતા તરીકે સદ્પાત્ર છો, તેમજ તેજ ધૈર્યતાનું સદન છો. તમારા પુત્રને અળગો નહિ ખસવા દેવાથી તમારો પુત્ર તમને તેની પોતાની કૃતિથી કયે કાળે સુખી કરી શકશે ? કહો કે માતાજી, તે પરતંત્ર રહીને કિંવા તે કુંવારો રહીને, કે તેની યુવાવસ્થાનો ઉત્કંઠિત જુસ્સો નરમ પડયા પછી કે તેની સઘળી વૃતિઓ શિથિળ પડયા પછી વૃદ્ધાવસ્થાએ પો'ચશે ત્યારે તે તમારા અત્યંત પ્રીતિજનિત ઉપકારનો બદલો વાળશે ? કદાચ ધારો કે તેમ થશે, તો કહો કે માતાજી, તમારા અને મારા જીવિતનો કાંઈ અંક નિર્માણ થયો છે ખરો કે ? અને કદાચ તમો પુત્ર સ્નેહમાં મમતા રાખીને મારા અનિષ્ટનો ભાવ કદી લાવશો નહિ, તેથી મારૂં આયુષ્ય તમે લાંબું કલ્પી શકશો ? અને તેમ હોય તો પણ માતાજી, મારૂં જીવિત તમારા વૃદ્ધપણા સુધી પો'ચશે એની કાંઈ ખાત્રી છે ખરી વારૂ ? કદાચ એમ પણ બનશે તો આ પુત્ર તમારી છેવટની મરણ પથારી ઉપર આંસું ટપકાવીને તે જમીનને કદાચ ઠંડી કરશે એટલેથી તેણે પોતાની સઘળી ફરજો બજાવી એમ કહેવાશે ખરૂં ? માટે તમારા પુત્રના હિતને જોનારાં એવાં માતુશ્રી, મને જવાની આજ્ઞા આપો, તો હાલનો પ્રસંગ બહુ અનુકુળ છે. મામાની સાથે જવાનું છે, તો તમારી જગ્યાએ મારે તે છે; અને મારી જગ્યાએ તમને મારો મિત્ર વિભાવસુ અને તેની સાધવી પત્નીને મામા તમારે ખોળે મૂકી જાય છેજ. એટલે તમને મારી ખોટનો બદલો વળી જશે. એ પ્રમાણે શશિવર્મા બોલ્યો. ઉત્કંઠાથી તેની માની મરજીને દુરાગ્રહથી અનુકુળ કરી લઇને પાસે બેઠેલા મામા રાજ્યવલ્લભ શેઠને તેણે કહ્યું કેઃ—

મામા, મારો હેતુ તમે જાણ્યો છે. અને તમારી સહાયતાથી તેમજ તમારી મેહેરબાનીથી અમારો દરજ્જો અહીં મહત્તા ભરેલો દેખાય છે. મારા હિતમાં હમેશાં તમે મમતાવાન્ છો. મને સાથે રાખવાથી જો તમને કાંઇ અડચણ ન પહોચતી હોય તો આજ સુધી તમારી અમારા ઉપર નિષ્કારણ દર્શાવેલી બંધવતાના ભાવને સ્ફુરણ કરીને મને તમારી

સાથે રાખવામાં મારૂં કાંઇ હિત થશે તો તે તમને સંતોષ આપનારો વિષય છે એમ માનીને મને સાથે રાખશો.

વત્સ, તને સાથે રાખવામાં મને કાંઇ ભાર વહન કરવો પડે, કિંવા અડચણ પડે, એવું નથી. પણ તારી માતાને તું એકનો એકજ પુત્ર છે. તેવા સંજોગમાં તારૂં કાંઇ અનિષ્ટ નિવડે તો તેની ખાત્રી મારે શી રીતે કરી આપવી. તારી માતાનું મારે કયા વચનોથી શાન્તવન કરવું, મારા ક્રિયા યત્નથી તેનું મન સમાધાન કરવું, તેનો હું વિચાર કરૂં છું. એ પ્રમાણે રાજ્યવલ્લભ શેઠે ઉત્તર વાળ્યો.

મારી માતાને તેમજ મારે તમારા વચ્ચે અંતર કે અસંતોષ માનવા જેવું કાંઇ કારણ નથી. તમારા બોલ વગર વજનના ગણી શકાય તેમ છેજ નહિ. આ પ્રમાણે બન્ને જણાનું મન રાજપુત્રે પોતાના તરફ વાળી લીધું. તેના પરિણામે મામાની સાથે જવાનું વચન કઢાવી, વિદેશ-ગમનની તૈયારી માટે તેણે સામગ્રી ભેગી કરવા માંડી. પોતાનો મિત્ર વિભાવસુ તેમજ તેની પત્નીને પોતાની માતુશ્રીની સંભાળ રાખવા સાંપણુ કરી તેણે કહ્યું કે—તેમને કોઇ વાતે મારી ખોટ છે એવું જણાય નહિ, એ પ્રમાણે વર્તીને તેમને સંતોષ આપશો.

રાજ્યવલ્લભ શેઠે પોતાનું સ્વતંત્ર વહાણુ સજ કરવા વહાણુના માલકને હુકમ આપ્યો. તે ઉપરથી બે દિવસમાં સઘળી તૈયારી થઇ ગઇ. શુભ મૂહુર્ત અને શુભ ઘડી જોઇ જવાનું મૂહુર્ત શેઠે નક્કી કીધું.

વિદેશગમન કરવા અગાઉ ચાર ઘડી પહેલાં સઘળું પરવારી કુંવરે માતાની પાસે પ્રયાણુની રજા લેવા તેમજ શુભ આશિર્વાદ મેળવવા માતાની પાસે જઇને પગે પડી તેને ખોળે શિર નમાવ્યું.

માતાજીએ શુભ આશિર્વાદ સાથે પુત્ર શશિવર્માને શિખામણુ સારવ્ય-વહાર નીતિદર્શક જગતના પ્રપંચના અવલોકનની સંભાળથી ઘટિત વિશેષણો યુક્ત સમુદ્રાવલોકન સાથે સરખામણી કરી બતાવી. યોગ્ય શબ્દોમાં શિખામણુ આપતી માતા વિનયથી બોલી કેઃ—પુત્ર, તું જાવાના મુલકમાં વિદેશગમન કરેછે. સમુદ્રવાટ બહુ વસમી છે. તારી નજરે પડતો એક સમુદ્ર તરવાનો તને જણાશે, તે એક સમુદ્ર તરી પાર ઉતર્યાથી તું તરી પાર ઉતરી ગયો છે, એમ તારા મનથી તારે માનવું નહિ. કેમકે બેટા, તારે એક સમુદ્રની સાથેજ દુસ્તર ભવસાગર નામે મહા ભયંકર મોજાંથી

ઉછળતો એક બીજો સાગર પણ તરવાનો છે. તે પેલા કરતાં બહુ વિકટ છે. તે સમુદ્ર તે હાલનો વ્યવહાર છે. તેમાં અટન કરવા તને છોડી મૂકવાનેજ આજ્ઞા આપતાં મારૂં મન બહુ ભયભીત થાય છે.

બેટા, પહેલાને તરીને તું ઠેઠ જાવા બંદર જઇ પહોચીશ, તેની હું ના પાડતી નથી. પણ બીજાને તરી પાર લઇ જાવા જવાનું એટલે જન્મમરણરૂપી ભવસાગરનો લાંબો અને વિકટ પંથ પાર ઉતરી જવાનું સહેલ નથી. (જા+આવ) મળીને જાવા થાય છે. જાવા બંદર તરી પાર જવાને તે પંથમાં અનેક વિપત્તિઓ આવી પડે છે. તેની સરખામણી તને પહેલા અને બીજા જોડે કરી બતાવું, તે ધ્યાન દઇને સાંભળ બેટા. પહેલાને તરી પાર જવા માટે વહાણરૂપી સાધન જોઇએ, ત્યારે બીજાને તરવા માટે આ દેહરૂપ વહાણને સાધન ભુત ગણજે. પહેલો સમુદ્ર તરવાને વહાણનો માલક (સુકાની) હુશિઆર અને પાવરધો રાખવાની જરૂર છે. તેમજ બીજાને માટે દેહરૂપી વહાણને યોગ્ય રસ્તે દોરવાને સુકાની સારો સલાહકાર ડાહ્યો અને વ્યવહાર સાગરના માર્ગનો માહિતગાર સંત મહાત્મા જોઇએ તેવાને તું શોધજે. પહેલાની વાટરૂપી લાંબો પંથ એક કાળા નાગરૂપ ભાસે છે. ત્યારે બીજાનો આ પ્રપંચરૂપી વ્યવહારનો મહા વિક્રાળ અગમ્ય પંથ છે. પહેલામાં મોટાં તોફાન અને ભયંકર મોજાં વહાણને ડુબાવનારા પ્રસંગ છે. ત્યારે બીજામાં મોટી મોટી આફતોનાં વિપત્તિરૂપ તોફાન તેમ ઉપરા ઉપરી આવતાં દુ:ખરૂપ મોજાં આ દેહરૂપી વહાણને ડોલાવનારા કિંવા ડુબાવનારા પ્રસંગ છે. પહેલામાં અજાણી વાટે ખડકો અને વમળો આવે છે, તેમાં અથડાઇ વહાણના ચૂરેચુરા થઈ જાય છે. ત્યારે બીજામાં એવી એવી અજાણી વાટ છે કે તેમાં પ્રવેશ કરવાનું સાહસ કરવામાં જોખમ છે. તેમાં ખોટી રીતે લાભની આશા બતાવનારા અસંખ્ય ખડકો અને આ સારૂ કે એ સારૂ એવા ભ્રમમાં ગોથાં ખવાડનાર વમળો આવે છે. તે વખતે ભોમિયા સલાહકારની જરૂર પડે છે. તે જો ન હોય તો આ શરીરરૂપી વહાણનો નાયક મુંઝાઈ મુંઝાઈ એવા ખડક અને વમળોમાં અથડાઈ કુટાઈ ચક્કર ખાઈ એકદમ પાયમાલીને પામે છે.

પહેલાના રસ્તામાં ચાંચીયા વગેરે લુંટારૂઓથી તથા મોટા મોટા મત્સો નજરે પડવાથી મહા ભયંકર પ્રસંગમાં આવી પડવાનો સંભવ રહે છે. ત્યારે બીજાની મુસાફરીમાં કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે લુંટારૂઓની ભેટ વખતે તેમજ મત્સરરૂપી મત્સના સપાટામાંથી બચવાને મહા ધૈર્યવાન્ અને હિંમતવાન્ પુરૂષો તેમની સામે લઢીને (ઇન્દ્રિય વિજય કરીને) જીત મેળવી, તેમને મારી હઠાવી પોતાનું વહાણ પસાર કરે છે. એ પ્રમાણે બન્ને સમુદ્રોમાં આવતી અનેક વિપત્તિઓ દૂર કરીને જો તરી પાર ઉતરાય તો લોકોમાં બોલાતી કહેવતનો હેતુ ફળી ભૂત થાયજ થાય. તે કહેવત એ છે કેઃ—

"જે જાય જાવે તે ફરી પાછો ન આવે અને જો પાછો વતન આવે તો પરીયાંનાં પરીયાં ચાવે એટલું અખૂટ ધન લાવે" એવી વાતો પહેલા સમુદ્રને તરી પાર ઉતરી જઇ આવવા માટેની આજ સુધીમાં લોકોમાં બોલાય છે. તેજ પ્રમાણે એજ કહેવત બીજાને માટે પણ યોગ્યજ છે. કેમકે બીજામાં પણ જા આવ રૂપી જન્મ લેવા અને મરવા માટે મનુષ્ય દેહ ધારણ કરી આવ્યા તો ખરા, પણ જાવાની તૈયારી કરી સંસારના હર્ષ, શોક, ભય, દુઃખ સંબંધિઓ તેમજ સુત, વિત્ત, દારા, અને દેહના સંયોગ વિયોગ સમયે નાવિકની પેઠે એકજ સુકાન પકડી મોક્ષ પામવારૂપ રાહાને જોતાંજ એકજ વૃત્તિ રાખી બેસીએ, તો ઠેઠ જાવારૂપ ઇશ્વરના દેશમાં નિવાસ પામીએ, એટલે તેજોમય સ્વરૂપમાં વસવાથી પરીયાનાં પરીયાં તરી જાય, એવું અખૂટ જ્ઞાનરૂપી ધન આપણે મેળવી શકીએ. માટે મારા વહાલા પુત્ર, આ બન્ને બાજુની મુસાફરી તરફ લક્ષ રાખી સાવધતાથી બન્ને સાગર તરવાની પરવા કરજે. જાઓ સુખે સિધારો. બેટા ઘર તરફ વહેલા વળજો. એમ કહી માતાજીએ કુંવરના હાથમાં વિદાયાગરીનું શ્રીફળ આપ્યું. તે લઈ નમન કરીને કુંવર ચાલવાનું કરે છે, તેટલામાં રાજ્યવલ્લભ શેઠ બે'નને મળવા માટે આવ્યા. તેમને આશિષ યુક્ત અભિવંદન આપી તેમનું કુશળ ઇચ્છી બન્નેને તેણે રજા આપી. કુંવર ગતિ કરે છે એટલામાં ડાબી બાજુ દુર્ગાદેવીનું આગમન માતાએ જોયું. તેથી તેના ઉદયનો પ્રસંગ જોઇ તે કેવળ સંતોષ પામવા લાગી. ઘરની બહાર શેરીમાંથી

નિકળતાં કુંવરને સવત્સી ગાય અને પુષ્પ છાબડી સાથ માળણ મળી. તેણે કુંવરને પુષ્પનો હાર તોરો પેહેરાવી વધાવીને તમારી સર્વ આશાઓ ફળીભૂત થાઓ એવા શુકન આપ્યા. આગળ ભાગોળે નિકળ્યા તો વરકન્યા પરણી ઉઠયા પછી ગ્રામ્ય દેવીનાં દર્શન કરી વાજતે ગાજતે પાછાં વળતાં હતાં, તે સામે મળ્યાં. એવા શુભ શુકને તે કુંવરનું ગમન થયું. તેથી તેણે પણ પ્રસન્ન મનથી સુખરૂપ મુસાફરીમાં શરૂઆત કીધી.

થોડીવાર પછી શેઠ પણ સઘળો બંદોબસ્ત કરી કેટલાએક યુવાન દેખાવડા અને ચાલાક ગુમાસ્તાઓને તેમજ વૃદ્ધ મુનીમો તથા બીજા હુશિઆર ચાકર નોકર લઇ આવી પહોચ્યા. પછી વહાણમાં બેશી સર્વેને હળી મળી ભેટ સોગાદ વહેંચીને વહાણને ઉપાડવાની સંજ્ઞા તરીકે વાવટો છોડવાને તેમજ તોપ ફોડવાને તેમણે આજ્ઞા કરી. તેથી તોપ ફૂટતાની સાથે વહાણ હંકારવામાં આવ્યું. વહાણ ઉપડયું તે વખતે સમુદ્રના જળનું ચલન એક વાસુકી નાગના આકાર સમ દેખાવા લાગ્યું. આ વહાણ જાણે મંદરાચળ પર્વત હોય અને તેને આ જળ માર્ગરૂપ નાગ વિંટાયેલ હોવાથી જાણે આજેજ સમુદ્ર મંથનના ઉત્સવનો દિવસ હોય તેવો ભાસ જણાવા લાગ્યો. અને એવોજ ભાસ લાવીને શશિવર્મા સમુદ્ર અવલોકન કરવા લાગ્યો, તો જાણે વહાણની ગતિરૂપ ચલન વ્યાપારને યોગે જળમાંથી ઉત્પન્ન થઈ તરી આવતા ફીણના ગોટે ગોટા તે જાણે આ પ્રકારનું કાંઇ તત્વ તરી આવતું હોય તે પ્રમાણે તેને ભાસવા લાગ્યા. અને સમુદ્રનાં સુખરૂપ મોજાં જાણે સમુદ્ર મંથનથી થતા ચક્રને લીધે ભ્રમણ ગતિ ધારણ કરતાં હોય, તેમ ગતિ કરતા વહાણને લીધે ભાસવા લાગ્યાં. અને સૂર્યનું પ્રતિબિંબ જળમાં દેખાવાથી જાણે સમુદ્ર મંથનના લાભરૂપે ચૌદ રત્ન માંહેલું આ પહેલુંજ રત્ન તરી આવતું હોય, એમ તેને દેખાવા લાગ્યું. અને વહાણના તુતક ઉપર બાંધેલા બે ઘોડા પૈકી એકનું પ્રતિબિંબ આ રાજપુત્ર તરફનાજ જળતરંગ ઉપર પડતું હોવાથી જાણે આ ઉચ્ચૈશ્રવારૂપ બીજા રત્નની પ્રાપ્તિ થતી હોય તે પ્રમાણે સંભવિત દિસવા લાગ્યું. રાત્રિ પડતાં પૂર્ણિમાનો ચંદ્ર ઉદય થતાં સમુદ્રના જળની ભરતી વેગથી ચઢતી જણાયાથી વધુ લાભની પ્રાપ્તિ અર્થે સમુદ્ર મંથન પુર જોસમાં થતું હોય એમ જણાવા લાગ્યું. અને ચંદ્રનું પ્રતિબિંબ શુદ્ધ જણાતું, તેથી જાણે આ ત્રીજું રત્ન પ્રાપ્ત થયું હોય તેમ દેખાયું.

તેમજ બાજુ ઉપર દેખાતા પર્વતનાં શિખરોનાં પ્રતિબિંબ દ્દશ્યમાન થતાં તેણે ઐરાવત નામના ચોથા રત્નની ભાવના સ્વીકારી. એ પ્રમાણે સમુદ્ર મંથનના વખતની ભાવના મનમાં આરોપણ કરીને સહર્ષ મનથી જોતો જોતો તે આનંદ પામવા લાગ્યો. અને તે અભિપ્રાય બાંધતો હતો કે જ્યારે આ ચાર રત્નોની પ્રાપ્તિ સૂચવવામાં આવીછે ને તેનો અનુભવ મળી ચૂકયોછે, ત્યારે મંથનના પરિણામે ચૌદ રત્નોની પ્રાપ્તિ થવી એ કાંઇ અસંભવિત ગણાશે નહિ. એવી અભિલાષા રાખીને આનંદથી મુસાફરી કરતાં બીજે દિવસ સવારના પવનની સારી અનુકુળતાને લીધે બસેં કોશ સમાર્ગે રસ્તો માપેલોછે એવું તે વહાણના માલમના કહેવાથી તેને જણાયું. આ જગ્યાએ એક સુંદર લીલોતરીથી ભરપુર પાથરેલો ગલીચો હોય એવો એક બેટ તેની નજરે પડ્યો. તેનો વિસ્તાર સુમારે સોએક વામ લંબાઇ તેમજ પચાસ વામ પહોળાઈ જેટલો જણાતો હતો. મંદમંદ પવનથી સુગંધી પુષ્પોના રજકણ સાથે મળીને મનને આનંદ આપે તેવી હવા આવતી હતી. હજુ આ કુંવરના મનમાંથી સમુદ્ર મંથનથી થતા અવલોકનનો ભાવ ખસ્યો નહોતો. પ્રભુની લીલાનું મહત્વ વિચારતાં વિચારતાં તે વખતે સર્વે સાથીઓને આ ભર સમુદ્રમાં જમીન દેખાયાથી ને વળી તે સાથે જગ્યા અનુકુળ જણાયાથી અહીં દાતણ પાણી કરી જરા બેટમાં નજીક આમ તેમ ફરવાનો અને જરા થોભી રસોઈ પાણી કરી લઈ જમીને વિશ્રાન્તિ લીધા પછી કુચ કરવાનો વિચાર તેને થઈ આવ્યો. તેથી શેઠનો હુકમ લેઈ વહાણના માલમને કહી. વહાણ થોભાવી સર્વે જણા ઉતરી પડ્યા. કોઈ દાતણ પાણી કરવા બેઠા, તો કોઈ બિછાનું પાથરી જરા ગમતની વાતો કરતા બેઠા. એટલામાં આ રાજપુત્ર શશિવર્મા સુખરૂપ હવાના પરિમળના લોભે જે તરફથી તે હવા આવતી હતી, તે તરફ અવલોકન કરવા લાગ્યો, તો થોડે એક છેટે કેતકી, જુઈ, જાઈ, મોગરા ઈત્યાદિ પુષ્પોથીખીલી રહેલી એક કુંજવાટિકા તેની નજરે આવી. તે જોવાની ઉત્કંઠાને લીધે એક કમરપુર જણાતી ઉચી ટેકરી ઉપર થઈ ચઢી ઉતરીને, તે જંગલ તરફ દેખાતી કુંજ બાગનો રસ્તો એક પોતાના સમાન વયના સાથીને લઇને તે પસાર કરવા લાગ્યો. પચીસ કદમ તેનો સાથી ચાલ્યો નહિ હોય, એટલામાંતો આ જોવાની અભિલાષાયુક્ત આ કુંવર ઠેઠ બાગના દ્વાર નજીક જઈ પહોંચ્યો. આ-

ટલી બધી ત્વરાએ તેના સાથીએ ચાલી શકાયું નહિ. તેથી તેણે વિચાર્યું:—આપણે તો અહીંના નહિ, તેમ ત્યાંના પણ નહિ એવા રહેવાના. એમ ગણી તે તો પાછો ફરીને અસલ બેટ ઉપર સર્વેના સાથમાં જોડાઇ ગયો. પણ કુંવરતો બાગને દરવાજે ઉભો રહી આ સાથીની વાટ જોવા લાગ્યો. એટલામાં તો પેલા બેટ ઉપર રસોઇ કરવા સળગાવેલા ચુલામાં પ્રદીપ્ત થએલા અગ્નિના સ્પર્શના હેતુથી કિંવા બીજા કોઈ યોગથી આ બેટમાં અહીં જાણે કાંઈ ધરતીકંપ થતો હોય, તેમ સઘળા મુસાફરોને તે જમીન હાલતી જણાઈ. સર્વે ચકિત વૃત્તિથી ભયભીત થઈ જુવે છે તો વહાણનો માલમ ત્વરાથી દોડો, અને વહાણમાં ચઢી જાઓ, એમ બુમ મારતો સન્મુખ હસ્તની ઇશારત કરતો જણાયાથી સર્વેને પોતપોતાનું સંભાળવાને જીવ ઉપર આવી પડી. સર્વે જલદી જલદી વહાણ ઉપર ચઢી ગયા. પછી જુવે છે તો જરા વારમાં પેલી દેખાતી સઘળી પૃથ્વી જળ પ્રલયની પેઠે સમુદ્રના જળમાં ડુબી ગઈ. વહાણને ત્વરાથી ગતિમાન કરવામાં આવ્યું. થોડેક દૂર ગયા પછી વહાણના માલમે જણાવ્યું કે જેના ઉપર તમો સઘળાએ વિશ્રાન્તિ લીધી હતી, તે તો મોટો એક મગરમચ્છ હતો અને, તમારૂં મોટું નશીબ હોય તો તે અહીં તમારી પુઠે લાગી ન આવે. જો તેણે આ વહાણને જોયું અથવા તમારી ઉપર તેની નજર પડી તો તમે સઘળા મુએલાજ છો એમ તમે નક્કી સમજજો. સર્વે પોતપોતાના ઇષ્ટનું સ્મરણ કરી તેમની મદદ માગો, કે તે તમને સાહ્ય થઈ તે ઘાતકી પ્રાણીને બીજે રસ્તે જવા પ્રેરણા કરે. એ પ્રકારે સર્વે ભયભીત થએલા છતાં તેણે વાહાણ જલદી હંકાર્યું. ચાર ઘડીમાં ઇશ્વર કૃપાથી દશ પંદર મૈલ દૂર જતા રહ્યા એટલે સર્વ જરા ભયથી મુક્ત થઈ પોતાના સાથીઓનો તપાસ કરવા બેઠા. તેમને જણાયું કે શશિવર્મા એકલોજ અહીંયાં નથી. આ જાણી શેઠ બહુ ચિંતાતુર થઈ ગયા, અને વિમાસણ કરવા લાગ્યા કે—આ માઠા પરિણામે આપણી મોટી દુર્દશા કરી નાંખી છે. એ પ્રમાણે બહુ પસ્તાવો કરે છે, એટલામાં તો શેઠને શશિવર્મા જોડે બાગ જોવા નિમિત્તે જનારો સાથી કહેવા લાગ્યો કે:—તે રાજપુત્ર ડૂબી મુવો નથી, એતો હું ખાત્રીથી જાણુંછું. કેમકે તે વખતે એ પાસેના જંગલમાં બાગના દરવાજા સામે ઉભો રહી મને બોલાવતો હતો. એટલામાં ઓચિંતો આવો માઠો બનાવ બન્યો.

તેણે ત્યાં રહીનેજ આપણી બૂમો અને કૃતિ જોઇ છે. પણ તે જોઇનેજ આ તરફ આવવામાં ભયમાં ફસાવાનું સારી પેઠે જાણીનેજ તે ત્યાંને ત્યાં થોભી રહ્યો છે, એ મેં નજરે દીઠું છે. એટલે હવે તેના અનિષ્ટની શંકા દૂર કરજો. અને પ્રભુ કૃપાથી પાછું તેને બીજું કોઈ વહાણુ મળતાં તે પાછો ઘર તરફ જશે, એ વાતની પણ ખાત્રી રાખજો. કેમકે આપણા નગરથી ફક્ત બસેં કોસજ દૂર આવેલા હોવાથી તે પાછોજ જવાનું ધારશે. એ પ્રમાણે તેના હિતનું ચિંતન કરતાં અને મગરમચ્છ અહીંથી પલાયન કરી જશે, એટલે કાંઈ ભય નથી એવું અનુમાન કરીને તેઓ વહાણુ હંકારી જાવા તરફ ચાલતા થયા. રસ્તામાં ચાલતાં સામું આવતું એક વહાણુ મળ્યું. તેને નિશાનિ આપી તેમણે કહ્યું કેઃ—અમારો એક સાથી મુસાફર તેની કસુરને લીધે રહી ગયો છે. તે તમને મળી આવે તો તેને હસ્તિનાપુર લઈ જજો. આ પ્રમાણે બંદોબસ્ત થએલો જાણી હવે તેઓ નિરાંતથી મુસાફરી કરતા આગળ વધ્યા.

અહીં શશિવર્મા વિસ્મય સાથે પેલા મગરમચ્છની સઘળી સ્થિતિ જોઈ પોતાના સોબતીઓ જલદી ગતિ કરી ગયા, અને પોતે એકલો પાછળ પડી ગયો એ પોતાના સાહસનું પરિણામ ગણી પોતાને દોષ આપતો ચિંતાતુર થવા લાગ્યો. હવે ફિકર કરવાથી ફાયદો નથી એમ તેણે જોયું, એટલે શાન્ત મન રાખી ઉભો થઈ ઇશ્વરપર આસ્થા અને વિશ્વાસ રાખી જે બને તેનો ભાવિપર આધાર રાખી એજ બાગમાં ફરવા લાગ્યો. ચારે તરફ કુંજવાટિકામાં ફરતાં ફરતાં સુંદર ફળવાળાં વૃક્ષો નિહાળી, ભાવ્યાં તે ફળ તોડીને તેણે ખાધાં. આગળ ચાલતાં બાગની મધ્યમાં એક સુંદર હોજ અને તે વચ્ચે જળયંત્રથી ઉડતો ફુવારો તેણે જોયો. તે જોઈ હોજમાંથી તેણે પાણી પીધું. થોડીવાર તેના કિનારાપર બેસીને વિશ્રાન્તિ લીધા તે પછી બાગની અંદર ફરવા લાગ્યો. જોતાં જોતાં તેણે એક સુંદર ચોગાનમાં એક આરસની દસ ગજ લાંબી અને તેટલીજ પહોળી ફરસબંધી ચોકી દીઠી. તેના ઉપર સુંદર છત્રિ-વાળું સોનેરી છજું બાંધેલું હતું. તે ચારે તરફ વેલથી છવાએલું હતું. અને તેથી કરી તેમાં હિમાલય પર્વતની ગુફા સમાન ઠંડક જામેલી હતી. એવો તેનો અંદરનો ભાગ રમણીય હતો. તેના મધ્યમાં એક મણિમય સોકટાંબાજી અને માણિક્યના પાસાઓ મૂકી બાજી માંડી રાખેલી હતી. આ જોઈ તેને

કાંઈ ઇચ્છા થઇ આવી કે અહીં કોઇપણ માણુસનો નિવાસ હોવો જોઇએ. એવું ધારીને પોતે એકલો એકલો પણ તે બાજી ખેલવા લાગ્યો, અને મનમાં ધારવા લાગ્યો કે સમુદ્ર મંથનના યોગે પાંચમું રત્ન તે આ કૌસ્તુભ મણિના સોગઠાં અને પાસાઓરૂપે પ્રત્યક્ષ પ્રાપ્ત થયું છે. આ બાજીની જગ્યા નજીક એક બીજી આરસની બાજોટી ઉપર તરેહવાર સુગંધી પુષ્પોનો ગુંથેલો એક હાર મૂકી રાખેલો તેના જોવામાં આવતાં, તેમાં તેણે પારિજાતક નામના છઠ્ઠા રત્નનો ભાવ આળેખી, તે મારેજ વાસ્તે પ્રભુએ નિર્માણ કરી રાખ્યો છે, એમ ધારી તે તેણે પોતાને કંઠે ધારણ કરી લીધો. એ હારની શોભાથી તેને જાણે સ્વભાવિકપણે કુદરતની કૃતિથી વરમાળ મળી હોય, તેવો તે દેદીપ્યમાન જણાતો હતો. અને એનાજ અર્થે જાણે કોઇએ એ માળા તજવીજ કરી રાખી એના ભાગ્ય રૂપે ત્યાંજ કોઇએ યોજી રાખી હોય, એવું અનુમાન થતું હતું. તે ઠેકાણે એ પ્રમાણે એકલો પોતાના મનને રમાડીને ત્યાંથી ઉઠી, તેણે આગળ આગળ તજવીજ કરી, તો એક પથ્થરની સળંગ ગુફા તેની નજરે આવી. તેની ઉપર તથા તેના દ્વારમાં એવી તો વેલની ઘટા બાઝી રહી હતી, કે ઉનાળાના સખત તાપમાં પણ જાણે અનેક શીત વિષયોનું એ પ્રસવસ્થાન હોય તેવી ઠંડક તેમાં રહેલી હતી. તેમાં હિંમતથી પ્રવેશ કરીને જાણે પોતાનુંજ આગાર હોય તેમ તેમાં નિડર પણે તે અવલોકન કરવા લાગ્યો. એ ગુફાની નળી બસેંક કદમ જેટલી લંબાઇની હતી. તેને પ્રસાર કરી આગળ જુવે છે તો એક ભવ્ય વિશાળ સ્થળ તેની નજરે આવ્યું. તે સ્થળમાં એક સુંદર મેહેલ તેણે દીઠો. તેની ત્રણ બાજુની રવેશ સ્વચ્છ આરશીથી આચ્છાદન કરેલી હોવાથી, તેની ફરશબંધીપર મણિ માણિક્યની પૂતળીયો અને તેના હસ્તમાં રાત્રે રોશની અર્થે એક બત્તીના આકારમાં ચંપાની કળિના રૂપમાં ઉત્તમ હીરાની ચિરાકો આપેલી હતી તેથી, અને મંડપ ઉપર વેલના અતિ ગાઢ આચ્છાદનથી દિવસ છતાં પણ સૂર્યનાં કિરણ પ્રવેશ કરી શકતાં ન હોવાથી, ફક્ત તે પૂતળીયોના હસ્તમાં આપેલી હીરાની ચિરાકોમાંથી સૂર્યના સમાન ચોતરફથી પ્રકાશ નિકળી જામેલો હતો.

આ જોઇને તેતો મનમાં ધારવા લાગ્યો કે આતે કોઈ દેવલોકનું કિંવા ઇંદ્રનું ભુવન હશે ! એ પ્રમાણે માનપૂર્વક તે તેની સ્પૃહા કરવા લાગ્યો. પણ તે નિર્જન હોવાથી તેમાં તે નિડરપણે જોવા લાગ્યો. અંદર પણ

એથી અધિક શોભા તેણે દીઠી. આ ઠેકાણે એક ખૂણા ઉપર એક મણિમય આસન ઉપર ઉભેલી, અલંકારે યુક્ત, રંભા સરખી, પૂતળી સરખી જડ સ્થિતિમાં એક મૂર્તિ તેણે દીઠી. પણ તેની આંખો ચૈતન્યની માફક ચળકતી, અને જોનારનું મન આકર્ષણ કરી લે એવી, અને મુખની આકૃતિ હસતી, અને વદન મલકાતું જણાતું હતું. તેથી તેના વિષે સજીવનપણાનું ભાન થતું હતું. તેનો હાથ એક સુવર્ણના કપાટવાળા દ્વારમાં ચાવી ફેરવવા ભરવેલો હતો. તે આવનારને શમસ્યાથી એમ સૂચવતી હતી કે આ ખોલો, અંદર જાઓ ને તમારા પૂર્વ પુન્યના સંચયથી તમે આ જગ્યાને પામી અંદર પ્રવેશ કરીને ન ઇચ્છેલું અને ન અનુભવેલું સુખ તમારી આ દેહે કરીને અનુભવો.

આ જોઈ તુરતજ એ રાજકુંવર સમજી ગયો કે આ હું અહીં જે જોઉછું તે કોઈ દેવાંગના અહીં પેહેરેગિરનું કામ કરવા ઉભેલી છે. તેનો હાથ આ કપાટમાં ભરવેલી કુંચી ઉપર છે. તેને ખસેડી મારે દ્વાર ખોલી અંદર જવું તો ખરૂં. તે પાસે જઈ તેના હાથનો સ્પર્શ કરે તે પહેલાં તો તેણે પોતાનો હાથ ઉપાડી લીધો. કટાક્ષથી નિહાળતી સભ્યતા પૂર્વક ઉભી રહી તે જાણે એમ સૂચવતી હતી કે:—હું તો એક દાસી છું. મારો હસ્ત ગ્રહણ કરવા આપ નિર્માણ થયેલા નથી, પણ તમે તો મારી શ્રેષ્ટ બાઇને યોગ્યજ છો. આ રાજકુંવરના સ્વરૂપનું વર્ણન કરવું અહીં પણ પિષ્ટપિષણ જેવું થઈ પડશે, એમ જાણીને એટલું જણાવવું બસ થશે કે તેને દેખીને દેવકન્યાઓ સરખી દેવકન્યાઓ પણ પોતાના રૂપનો ગર્વ તજી એના લાયક હું નથી એમ અભિમાન રહિત થઇને વર્તે છે. એ આપણે અહીં હાલજ જોઇએ છીએ.

આ કુંવરે એ સુવર્ણમય દ્વાર ખોલી અંદર પ્રવેશ કર્યો, તો તેને જણાયું કે—હું હવે પૃથ્વીપરના મનુષ્ય લોકના આવાસો નિરખતો નથી, પણ ઇંદ્રલોક વા એથી અધિક વૈભવવાળા લોકના ભુવનમાં પ્રવેશ કરૂંછું. તે પોતે જાગૃત અવસ્થામાં છે કે સ્પપ્ન સ્થિતિ ભોગવે છે તે વિષે તેને શંકા થવા લાગી. તેથી તેણે પોતાને હાથે પોતાના અંગને ચપટી લગાવી ખણી જોયું. વ્યથા અનુભવ્યાથી હું જાગૃત છું એવું તેને ભાન થયું, અને તે અવલોકન કરવા લાગ્યો. જુએછે તો તેણે મણિમય સ્થંભો હારબંધ ઉભા કરેલા જોયા. તેમાં એવી સરસ કારીગરી કરેલી હતી

કે તેનાપર જે વેલા કોરેલા હતા, તેપણ રંગરંગનાં માણિક્ય પાનાનાંજ હતા. તેની પત્રશાખા જૂદી સ્પષ્ટ દેખાય, તેમ કાઢેલી હતી. તેઓને સ્વભાવિક રંગો સહિત લાગેલાં ફૂલફળાદિ જોઇને જોનાર ખાત્રીપૂર્વક એમજ કહે કે નહિ નહિ આતો કૃત્રિમ નથી, પણ કુદરતથીજ બનાવી રાખવામાં આવ્યું છે. સ્ફટિકની ભિંતો ઉપર જૂદા જૂદા ખંડ પાડીને તેમાં એકમાં જંગલનો દેખાવ ચિતરેલો હતો. તેથી જોનાર આવા એક ઉત્તમ મેહેલમાં ઉભેલો છે, તેમ છતાં તે તરફ જુવેછે તો પોતેજ જાણે એક ધીચ ઝાડીની લતાઓની વચ્ચે ઉભેલો હોય તેમ તેને લાગતું હતું. એવા તમામ ભાવ સ્ફુટપણે તેમાં જણાતા હતા. એક બીજા ખંડમાં નજર પડતાં એમ જણાતું હતું કે જાણે સ્વતઃ ગંગા નદીનો જળ–તરંગોથી ઉભરાતો ગંભીર પ્રવાહ અહીં વહ્યાં કરેછે. એ પ્રમાણેનો જળનો ભાસ તેમાં બતાવવામાં આવેલો હતો. એ જળના તરંગોને લગતો સરિતાનો બેટ, રજકણના પુલિંગો અને પવનથી ઉડેલા રજકણથી બંધાયેલા રેતીના થર તેમાં દેખાતા હતા. એ પ્રદેશ તરફથી સવેગ ગતિમાન થતાં એક સ્વરૂપવંત સ્ત્રી–ગંગાનું સ્વરૂપ—મચ્છગંધા જેને પેટે પુત્રરૂપ ધારણ કરી અષ્ટવસુઓએ અવતાર લીધેલો હતો તે ક્રમ પ્રમાણે છેલ્લા પુત્રને તેનો એક હાથ પકડી લટકતો મૂકીને ગંગાના જળમાં પધરાવતાં હતાં. એ અરસામાં તેની પાછળ દોડતો અને હાંફતો શાન્તનુ રાજા–એનો પતિ–આવી તેનો હાથ પકડી, આ પુત્ર તું જળમાં નાખી મને ન સંતાન કરવા ઇચ્છેછે? એ પ્રમાણે તું ન કર, એમ વિનવતો દેખાતો હતો. તે વખતે મચ્છગંધારૂપ ધારણ કરેલ ગંગાજી પોતાને સ્વતંત્રપણે વર્તવાદેવાની શરતને ઉદ્દેશી પોતાના પતિ શાન્તનુ રાજાને એમ કહેતાં દેખાય છેકેઃ–કાંતો પ્રતિજ્ઞા વિરૂદ્ધ પુત્રની ઇચ્છા હોયતો મારા વિલાસ સુખથી તમારે અળગા રહેવું જોઇએ; અથવા મારી સ્પૃહા કરવામાં આવશે, તો પુત્રની ઇચ્છા રાખવી મિથ્યા છે. એ રીતે કરેલી શરત પાળવાનુંકહેતાં હોય એમ ભાસતુ હતું. અને શાન્તનુ રાજા તેને આગ્રહથી આ એક પુત્ર તું મને આપ એટલું કહેતાં, તે પુત્ર રાજાને આપી, પોતે ગંગાજળમાં ઝંપાવી અંતર્ધાન થતી વખતનો દેખાવ તેમજ ગંગાના નિર્મળ ઊંડા જળમાં ઉતરતાં સર્વ દેહ ડૂબી ગયા છતાં પારદર્શક જળમાં જણાતી મચ્છગંધાનો દેખાવ આબેહુબ

બતાવી આપ્યો હતો. આ પ્રમાણે તેમાં પૂર્વના ઐતિહાસિક ચરિત્રનું પ્રત્યક્ષ અવલોકન કરાવી આપવામાં આવતું હતું.

વળી એક બીજા ખંડમાં શ્રીરામચંદ્રજી પોતાના પિતાશ્રી દશરથ રાજાના વચન અર્થે વનવાસ જતી વખતે સાધવી સતી સીતાને રાજમંદિરમાં મૂકી જવાનું કહેતાં, સીતાજીની તે વખતની સ્થિતિ ચિત્રના ભાવ ઉપરથી જાણે દયા ભરી હાલત બતાવતાં એક પતિવ્રતા સ્ત્રીની ભાવનારૂપ ચેષ્ટા કરતી કેઃ–હે પ્રભુ, આ મસ્તક કાંતો છેદીને જાઓ. એમ નહિ તો આપ મને મૂકીને ગયા પછી, આ દેહ તેમજ આ ચક્ષુઓ ફરીથી તમારા સમાગમ સુખને અનુભવે, એ અશક્ય છે. એ પ્રમાણે કહેતી વખતના તેના હૃદય ભેદક શરીરાવયવના તમામ ભાવો બતાવી આપ્યા હતા. વળી શ્રી રામચંદ્રજી પોતાની સ્ત્રી પ્રતિ અનુકુળનાયક ભાવ બતાવી, સાથે લેવાની અનુમતિ આપી, પ્રયાણ કરતાં જાણે પૃથ્વીને કહેતા હતા કેઃ–હે પૃથ્વીદેવિ, તમે કોમળ થઈજાઓ કે જેથી આ કોમળાંગીના કોમળ અવયવોને કઠીણતા ભોગવવી પડે નહિ. અને હે વનના રસ્તાઓ, તમો ટુંકા થઈજાઓ કે જેથી આ સુકુમારીને લાંબો પંથ દુસ્તર થઈપડે નહિ. તેમજ વનના તરૂવર અને લતાઓ, તમે તમારા ઉદાર પરમાશ્રયી પ્રકૃતિને ઉદ્દેશી નવ પલ્લવ થઈ રહો, કે જેથી તાપની વ્યથા તેને સહન કરવી ન પડે. વળી પર્વતની ગુફાઓ અને તેમાંથી વહેતાં ઝરણો, તમે અમને અનુકુળ થઈ રહો કે આ સુરક્ષિત નિર્દોષી બાળાને તૃષાદોષ નિવારણ થવામાં, તથા શાન્તિ આપવામાં તમે સહાયભૂત થઈ પડો. એવી રીતે સ્ત્રી પ્રેમ આરતભાવ દર્શાવ્યા હતા. એ પ્રમાણે શ્રીરામ સીતા અને લક્ષ્મણ તાપસ વેષ ધારણ કરીને ચાલતાં ચાલતાં, વચમાં આવતા વન પ્રદેશો પાછળ આવતી પ્રજાજન મંડળીએ તેમને પાછા ફરવાનો દુરાગ્રહ કરતાં, પ્રજાને એક આશ્રયે મૂકી તેઓ પંચવટીમાં સ્થિતિ કરી રહ્યાં, ત્યાં સુધીનું ચરિત્ર ચિત્ર ઉપરથી ઇતિહાસ ક્રમ પ્રમાણે પ્રત્યક્ષ કરી બતાવવામાં આવતું હતું. તેથી એમનું ચરિત્ર હાલ વર્તમાન નજર આગળ બને છે એમ જણાતું હતું.

વળી એક ખંડમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર અને તેની પત્ની તારામતિ અને પુત્ર રોહિતાશ્વ અને રાજર્ષિ વિશ્વામિત્ર અને તેમના શિષ્યો

સહિત ઋષિમંડળનો દેખાવ તેમજ કાશી નગરીમાં રાજાનું એક નીચને ઘેર વેચાવું એ ઇત્યાદિ આળખેલું હતું. નીચ ચાકરીને સ્વીકારીને પણ દેવું અદા કરવાની સાચી ટેક બતાવવામાં નેકી વાપરતાં અનાથ સ્થિતિ ભોગવતી પોતાની સ્ત્રી, સાપે ડંશ કરવાથી મરણ પામેલા પુત્રના શબને અગ્નિદાહ કરવા સારૂ સ્મશાન ભૂમિમાં લઇ આવી, ચિતા ખડકી, અગ્નિ પ્રવેશ કરાવે છે, તેવામાં સ્મશાનની લાગત લેવા સારૂ નિર્માણ થયેલો રાજા પોતે ત્યાં હોવાથી એક મરણ પામેલા પુત્રના શબને અટકાવી વિલાપ કરતી અબળાને જોઇને, તેના કરૂણાજનક હૃદય ભેદી નાંખે એવા વાત્સલ્ય મમતાના રૂદનથી રાજા હરિશ્ચંદ્રનું હૃદય દયાર્દ્ર થયું, ને તે પણ એક પરાયા માણસના દુઃખ શોકમાં જાણે ભાગ લેતો હોય તેમ દુઃખી થયો. પરંતુ પોતાની ફરજ ન ચૂકતાં તે એમ જણાવતો દેખાયો કેઃ—અહો, દરિદ્ર સ્થિતિ ભોગવતી ભામિનિ, ભીખ માગીને પણ સ્મશાન લાગત ભર્યા વિના શબને અગ્નિ દાહ દેવાશે નહિ. એ સાંભળી પુત્રને સ્મશાનમાં એમનેએમ મૂકીને ગામમાં દોકડે દોકડે ભીખ માગતી જતાં જતાં રસ્તામાં કાશીના રાજાના પુત્રને કોઇ વનપશુએ વિદારેલો આ રાણીની નજરે પડ્યો. આ પ્રમાણે પોતાના પુત્ર શોકમાં ઉમેરો થયે જાણે આ પણ બીજોમારોજ કુમાર ગુજરી ગયો છે તેમ તેની સંભાળ લેવા તે તેની પાસે જઇ ઉભી છે. એટલામાં રાજાના પુત્રની શોધ કરતા અનુચરો આવી લાગ્યા. અને આ શબની પાસે ઉભેલી સ્ત્રીને જોઇ તેઓએ વિચાર્યું કે તેનો વધ કરનાર આ કોઇ દેવાંશી રૂપ ધારણ કરી મનુષ્યોને છળ કરી ભક્ષ કરનારી રાક્ષસીજ છે. એને પકડીને પુત્રના શબ સહિત રાજાના આગળ તેને ખડી કરી છે. તે વખત વિપત્તિ ઉપર વિપત્તિ ચાલતીજ આવેલી હોવાથી તેને મરવાનું આજે બહુ અનુકુળ જણાતું હતું, તેથી હવે તેને આ આરોપને નિવારણ કરવાનું કાંઇ પ્રયોજન નથી. લોકોની ઠઠ વચ્ચે રાક્ષસી પિચાસણી ડાકિણી એવા એવા અનેક અપવાદો લોકોના મુખમાંથી જાણીને રાજાએ તેનો વધ કરવાનું ફરમાવ્યું. વધસ્થંભ સ્મશાન ભૂમિમાં હોવાથી એજ જગ્યાએ જ્યાં પોતાનો ધણી રાજા હરિશ્ચંદ્ર રહેલો છે, જ્યાં પુત્રનું શબ પડેલું છે, ત્યાં તેને લાવી ઉભી રાખી. વધસ્થંભ ઉપર ઉભી રહેલી સ્ત્રીનો, વધ કરવાનું કર્તવ્ય અદા કરતાં, ખડગ ઉઘાડી શિરના કેશ ખુલ્લા કરી એક હાથમાં પકડી,

બીજે હાથે ખડગ ઉગામી વાપરતાં ચાંડાલ વેષે રાજા હરિશ્ચંદ્રે આ જે સ્ત્રી તારામતી તેને છેવટે અત્યંત રડતી વિલાપ કરતી જોઇ. એ પોતાના મરણ માટે તો ઇચ્છતીજ હતી, તો તેને રોવું શા માટે પડ્યું ? તે એટલાજ વિચારથી કે આજ પર્યંત મારા શિરના કેશ કોઇપણ માણસને ખુલ્લા જોવામાં આવ્યા નથી; અને આ ગળામાં પહેરેલું મંગળસુત્ર પણ કોઈ માણસે જોયું નથી. તે પણ આ મેદની વચ્ચે આ એક નીચ માણસની નજરે પડે છે, અને મરતી વખતે પણ મારી ટેક રહેતી નથી. આથી તે એવું બોલી કે:—રાજાની પત્ની, રાજપુત્રની માતા, તેમજ રાજાની પુત્રી, સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું ધ્યાન કરતી, આવી નાદાન હાલતે મરેછે, ત્યારે એ તેના જન્માન્તરનું પાપ કર્મજ ભોગવે છે !! આમ છતાં પણ ખડગને ઉગામી પ્રહાર કરતાં પાછળ સાક્ષાત્ ધર્મ રાજા દિવ્ય સ્વરૂપ ધારીને રાજા હરિશ્ચંદ્રનો હાથ પકડી દેવી તારામતીને વધસ્થંભ ઉપરથી ઉતારી, પુત્ર રોહિતાશ્વને સજીવન કરી, તથા કાશી રાજાના પુત્રને પણ સજીવન કરી, તેને આશીર્વાદ આપતાં, સર્વ મેદની વચ્ચે રાજા હરિશ્ચંદ્રની સત્ય પ્રતિજ્ઞાનાંવખાણ થવા લાગ્યાં. એ વખત સુધીનું ચિત્ર આળેખેલું અહીંઆં રાજપુત્ર શશિવર્મા જોઇને વિસ્મય પામવા લાગ્યો.

વળી એક બીજા ખંડ તરફ જોયું તો શૃંગારમયી રાધાકૃષ્ણની તેમજ ગોપીઓના વિહારમય અનેક છબીઓ ચિત્રેલી તેને માલમ પડી. તેમાં દંપતી પ્રેમનું અવર્ણીય દર્શન થતું જોવામાં આવતું હતું. એ પ્રમાણે દરેક ખંડ તરફ જોયું તો તેમાં મહાપુરૂષો તેમજ વિદુષી મહીલાઓનાં ચરિત્ર ચિત્રપટ ઉપરથી ખડાં કરી બતાવેલાં જોવામાં આવતાં હતાં. તે ઉપરથી જોનારને સદ્વર્તન તેમજ ઉત્સાહ અને અનુકરણ વૃત્તિ ઉત્પન્ન થતી હતી. અહીં આ મેહેલમાં તેણે નાના પ્રકારની બીજી અનેક રચનાઓ દીઠી. કેટલાએક સુગંધી પુષ્પોથી રચેલા મંડપો તેણે જોયા. નાના પ્રકારની દીપમાલાઓ શિલ્પકળાથી ગોઠવેલી તેણે જોઇ. અને અનેક જળયંત્રો પણ તેણે જોયાં. તથા સુંદર આકૃતિવાળી અનેક સ્થળોમાં ગોઠવેલી પાષાણમય, સ્ફટિકમય, સુવર્ણમય અને મણિ—માણિક્યમય માણસપુર ઉંચાઇની કાન્તિમાન પૂતળીયો યંત્ર રચનાથી મેહેલની શોભાને અર્થે તેમજ વ્યવસ્થાપૂર્વક ગૃહકાર્ય કરતી તેણે જોઇ. એમ જોતાં જોતાં અંદર ચાલીને જુવે છે તો આ રાજપુત્રની નજરે એવું એક ચિત્ર જણાયું કે એક હિમગૃહ માટે રચેલા મંડપની અંદર શીતોપચારની અનેક રચના અને સાહિત્યવાળા અધિકાધિક શોભાથી ભરપુર ભુવનના મધ્ય ભાગમાં સ્વ-

જન પરિજન સ્ત્રીસમાજની મધ્યમાં નક્ષત્ર મંડળમાં ચંદ્ર પેઠે એક દિવ્ય સ્વરૂપવાન્ દેવાંગનાસમ કિશોર વયની સુંદરીના સમક્ષ એક સુંદર આકૃતિવાન પુરૂષને ગળામાં મનોહર ફૂલની માળાનો પરિગ્રહ કરીને પાસે ચેષ્ટા રહિત પડેલો તેણે જોયો. પણ તેની સાથે એક રંગમંડપમાં મધ્ય દેશમાં આ પાસે બેઠી છે તેની તેજ સ્ત્રી અને ચેષ્ટા રહિત સુતેલો છે તેનો તેજ સજીવન પદ ધારણ કરેલા દિવ્ય તેજસ્વી પુરૂષના મંગળમય પાણિગ્રહણની અદ્ભૂત વિધિ ચિત્રપટ ઉપરથી તેણે જોઈ. આ સ્ત્રી કોણ છે એતો તે જાણી શકયો નહિ. પણ આ પુરૂષ કોણ છે એતો તે સહેજ સમજી શકયો, કારણ કે હાલની સ્થિતિની પોતાનીજ આબેહૂબ છબી પડેલી હોય એમ તે તેને ભાસ્યું. તેથી આ રાજકુંવરતો વિસ્મય થઇ ગયો કે અહીંયાં આ મારી પ્રતિમૂર્તિ ક્યાંથી, અને અહીં હું આ બધું જોઉછું તે સત્યજ છે કે કાંઇ અન્ય ઉપાધિછે ! આ ચિત્રમાં એક વજનદાર આકૃતિ, ભવ્ય દેખાવવાળી, ગંભીરતાવાન મહાશયી, મહાતેજસ્વી તથા રૂપવંતી દેવી આ પુરૂષની ગતિ સ્થિતિને આધાર આપતી, ઇશારો કરી હાથેવતી પાણિગ્રહણ કરાવતી હોય એમ તેણે જોયું. એ બાબતનો ભેદ તે સમજી શકયોજ નહિ. જેને મેં જન્માંતરે પણ જોઇ નથી અને જેનું મને ઓળખાણ નથી તેવી આ કોઇ દેવાંગનાએ મને આમ દોરીને અહીં લાવી મારા આગમન પહેલાં પૂર્વેથી આ ચિત્રમાં બેસાડી દીધો છે, એતે કેવો અદ્ભૂત ચમત્કાર ! ! એમ વિચારતો વિચારતો પોતે આગળ ચાલ્યો. અને હું અહીં જાગૃત છું, કે સ્વપ્ન અવસ્થા ભોગવું છું, એ વાતતો તે સંદેહ કરવા લાગ્યો. ખાત્રી કરવા સારૂ તેણે પોતાના કંઠમાં પેહેરેલી ફૂલની માળા તપાસી તો તે તેણે સલામત દીઠી. એટલે તેણે જોયું કે આતો હું સત્યજ જોઉ છું.

આ ચિત્ર જોઇને તેમાં જે સ્વરૂપવંતી રંભા તેણે નિહાળી હતી તેનું ચિંતવન કરતાં કરતાં તેના મનની સ્થિતિ ઘણી આતુરતા ધરાવતી થઇ ગઇ. એ પદ્મિની સ્ત્રી કોણ ? અને તે કયાંથી પ્રાપ્ત થઇ શકશે ? અને તે કેવા સ્થળમાં કિંવા કયા લોકમાં નિવાસ કરી રહેલી હશે કે જેને હું પ્રત્યક્ષ નિહાળી મારી આંખને તેમજ હૃદયને ઠંડક આપી શકું ? એ પ્રમાણે વિચારમાં તલ્લીન થઇ ગયો. તે આગળ વધી જુએછે, તો જે ખંડમાં તેને પ્રવેશ કરવાનું દ્વાર છે તેના મથાળે ભીંતમાં સોનેરી હરફથી કાંઈ લખેલું તેને માલમ પડયું. તેના ઉપર એણે નજર કરી તો તેમાં તેણે એવું વાંચ્યું કે:—એક-

વાર જે જોયું છે તે અનુભવવાની સ્પૃહા કરવામાં અણુ વિચાર્યું અને વગર અનુભવેલું સાહસ ખેડીને આગળ વધવામાં જીવના જોખમે અને મોટી મુશ્કેલીઓ વેઠીને પણ ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત કરવાની અભિલાષા મનુષ્યે બહુ થોડી રાખવી. માટે અહીંથીજ પાછા ફરવામાંજ તમને લાભ સમજજો. તેમ છતાં સંબંધ વગરના આગળ વધશો તોપછી એક નધારેલી વિટમ્બણામાં ફસાશો. આ વાંચીને તે અંદર પ્રવેશ કરતાં એકવાર અચકાયો તો ખરો, પણ તેની વધી ગએલી જીજ્ઞાસાથી તે પોતાને વારી શક્યો નહિ. પેલી ચિત્તને આકર્ષણ કરનારી છબીવાલી સ્ત્રીના શુભ દર્શનની અભિલાષામાં તે એમને એમ આગળ વધ્યો. અને તે દ્વાર અંદર પ્રવેશ કરી જુવે છે તો એજ ખંડમાં તેની નજરે એક ધાતુનો ઘોડો આવ્યો. તેના ઉપર સુંદર સોનેરી જીન માંડેલું હતું, પણ તેને ચોકડું ચઢાવેલું નહોતું. એવો દેખાવ છતાં તે ઘોડો ચૈતન્યમય ગતિ ધરાવતો હોય, તેમ તેને જણાયું. એ યંત્રમય ઘોડા ઉપર બેસી જોવાનું તેને મન થઇ આવ્યું. તેથી પાસે જઇ તેના ઉપર એ રાજપુત્ર શશિવર્મા સ્વાર થઇ બેઠો. અને તે સ્વાર થયો કે તુરતજ તે ઘોડે પોતાની કાનબીડી સીધી ઉભી કરી. આ કાનબીડી તરફ તેણે જોયું તો તેમાં તેણે કાંઈ કુંચી દીઠી. તેણે તેને ફેરવી કે તુરત તે અદ્‌ભુત અશ્વ એક દ્વારમાં થઈ વીજળીના વેગથી બહાર નિસરી આકાશ માર્ગે અતિ વેગથી ઉડ્યો, અને ઘણા કોશ ગતિ કરી ગયો. યંત્રની કમાન ઉકલી રહી કેતરતજ એક અરણ્ય વાસમાં તે ઉતરી પડ્યો. તે ઘોડાને જમીનનો સ્પર્શ થયો કે તુરત પગની નાળ જમીનસાથે અફાળી તેણે એવો શબ્દ કીધો કે તેના આસ્ફાળનથી રાજકુંવર જમીન ઉપર ગરબડી પડ્યો, અને ઘોડો જે દિશા તરફથી આવ્યો હતો તે તરફ ગતિ કરી ગયો. આ જોતાંજ કુંવરતો અતિ વિસ્મય થઇ ભયપ્રદ અવસ્થામાં આવી ગયો, અને વિમાસવા લાગ્યો. આ વખત ઘેરથી નિકળતાં તેની માતાએ આપેલી શિખામણ સાંભળી આવવાથી તે પસ્તાવા લાગ્યો કેઃ—મેં અજાણી બાબતમાં અનુભવ વગરનું આવું જે સાહસ ખેડ્યું તેથી આ પરિણામ આવ્યું હશે! જે થવાનું છે તે થશેજ! માટે હવે તો ભાવિને આધીન રહેવું એજ કર્તવ્ય છે. એમ ધારી તે જંગલમાં ફરવા લાગ્યો, તો એક ઝાડ નીચે એક મુસાફરને તેણે બેઠેલો જોયો. તેની હાલત શોકાગ્રસ્ત હતી. તેને આ

રાજપુત્રે પૂછયું કેઃ—ભાઈ, આ જંગલમાં તમે એકલા કાંઈ વિચાર કરતા બેઠાછો, તેનું કાંઈ પણ પ્રયોજન હોવું જોઇએ. તમે કાંતો કાંઇ આફતથી ઘેરાયલા છો, કિંવા કાંઈ પ્રીતિપાત્ર મનુષ્યોનો વિક્ષેપ પડવાથી કે કાંઇ બીજા કારણથી અહીં આવી ચઢયા છો.

મુસાફરે નિશાસાના ઉદ્‌ગાર સાથે જવાબ દીધો કેઃ—ભાઇ, પ્રીતિની તમે શી વાત કરો છો? પ્રીતિ મારા જેવા મંદભાગીને પોતાને વસવાનું સ્થાન કેમ ગણી શકશે? પ્રીતિતો આજ કાલ પક્ષીઓમાં નિવાસ કરી રહેલી જણાય છે! જુઓ, સારસ પક્ષી એક બીજાથી અળગાં રહી શકતાં નથી! પણ માણસો અને તેમાં વળી મારા જેવા અપાત્ર જન પ્રીતિનું રહસ્ય શું જાણી શકે? અને તેવા પુરૂષને તેવું પાત્ર મળી આવેજ કેમ? જો તમે મારી કરણી સાંભળશો, તો મને તેમજ મારી સોબત કરનારને ધિક્કાર કહ્યા વિના રહેશોજનહિ!

એક વખત હું એક રૂપવંતી નાગરી નવયૌવનાને જોઈ તેના નયન કટાક્ષથી લોભાઈ તેના પ્રેમપાશમાં બંધાયો. એ સ્ત્રીની ચંચળ આંખો અને તેના હાવભાવ ઇત્યાદિ ચરિત્ર બીજાને ઘાયલ કરે તેવાં હતાં. તેને જોતાંવેંતજ મારૂં મન તેના તરફ ઇંતેજારીથી ઢળ્યું. તેમ મારી તરફ તેની અભિરૂચિ જણાઈ આવતાં એક એક આંખની સમશ્યાથી મનના ભાવ પ્રદર્શિત કરવા લાગ્યાં. વાતચિતના પ્રસંગમાં આવતાં તે એક બીજા પુરૂષની હકદાર ગૃહિણી મને જણાઈ. તેમ છતાં પણ પરકીયા ભાવે મારી કામી દશાએ ઘેરાયેલો હું, તેને ભજતાં કાંઈ વિચાર કર્યા વગર તેને પોતાનું હૃદય ગણી સંબંધ ધરાવવા લાગ્યો. અમે પુન્ય પાપનો વિચાર ન કરતાં એકમેક ધાડો સંબંધ ધરાવતાં થયાં. જતે દિવસે પરમાનંદ સુખ ભોગવવાની અભિલાષાથી ક્રીડા સ્થળ માટે અમે એક કૂવાના પનઘટ ઉપર વાતચિત કરી ઠરાવ્યું કે અમુક દિવસે અમુક સ્થળે રાત્રિને અમુક વખતે આપણે અવસ્ય મળીને અમુલ્ય લહાવો લેઇશું. તે પ્રમાણે વાત કરી અમે છૂટાં પડ્યાં. નિમેલે દિવસે સંકેત કરેલી જગ્યાએ હું સાવધાન થઈ રહ્યોજ હતો. એ જગ્યાએ એક વડ હતો. જગ્યા ગલીચીવાળી હતી. રાત્રિનો વખત હતો. ચોમાસાના દિવસ હતા. મેઘમંડળ ચઢી આવેલું હતું. વીજળી વિરલ વિરલ થતી હતી. ઘટા ખૂબ બાઝી હતી. અને અંધારૂં

જમવામાં કાંઇપણ ખામી નહતી. એવી વખતે સંકેત પ્રમાણે એ તરૂણી આવીને મને મળી. વિનોદનો પ્રસંગ આવતાં તેજ વખતે મને કોઈ ઝેરી પ્રાણીએ ડંશ કરવાથી જેમ કોઈ તાડ ભાગી પડે તેમ હું એવી અગોચર જગ્યામાં એકાએક જમીનપર તૂટી પડ્યો. ઇંદ્ર આવાસનાથી અધિક ઊંચા વૈભવ-તરંગોમાં તરવાની ઇચ્છાવાળાં સંપત્તિવાન સુંદરી તો મારી આ સ્થિતિ જોતાંજ કાંતો પોતાના જીવની દરકાર કરી કાંઈ ભયને લીધે, અથવા પોતાની પ્રતિષ્ઠા લોપ હોવાના સંભવને લીધે, મને એમને એમ દુઃખદ સ્થિતિ ભોગવતો મૂકીને પલાયન કરી ગયાં. હું ત્યાંનેત્યાંજ મૂર્છા અવસ્થા ભોગવતો આખી રાત બેભાન સ્થિતિમાં રહ્યો. હવે જુઓકે જે મને પ્રાણથી અધિક પ્યારા કહી બોલાવતી હતી તે, અને હૃદય સાથે સ્પર્શવડે ચંદનથી અધિક શીતળતા મેળવવા માગતી હતી તે, અહીં દુખદાવાનળમાં મને સિંજાતો મૂકી પાણી પાવા સુદ્ધાં પણ ઉભી ન રહી. અથવા તો કાંઇપણ સંભાળ લેવાની દરકાર પણ તેણે કીધી નહિ. હવે જ્યારે મને જરા ભાન આવવા સરખું થયું ત્યારે વેદના ભોગવતાં છતાં પરાણે પરાણે હું તે પ્રદેશથી ખસતો ખસતો બહાર આવ્યો. પછી હું તો એ દુર્વિનીત નફ્ટ કામના કામને ધિક્કારતો અને સ્વાર્થી પરકીયાની પ્રીતિને ફીટકારતો મારે ઘેર ગયો, ને મારા નિંદિત કાર્યને ધિક્કારી મારી સ્વપત્ની આગળ જઈ વેદનાથી છૂટે મોંએ રૂદન કરવા લાગ્યો. તે જોઇને તે એકદમ ભયભીત થઈ, પોતાના અનિષ્ટને સમીપ આવેલું જોઈ, પ્રભુની પ્રાર્થના કરતી, મારી સારવાર કરવા લાગી. મારે માટે યોગ્ય ઉપચારો કરી કરીને તે થાકી. મને સારો કરવાના તેણે ઘણા યત્નો કીધા. નિસ્વાર્થપણે મારામાં એકાગ્ર ચિત્ત રાખી પોતાના સૌભાગ્યનું પ્રભુ રક્ષણ કરજો, એવી આર્ત્તસ્તુતિ કરતી મેં તેને જોઈ. હજુ મને કાંઈ ફેર પડતો નથી એમ તેણે જોયું, તેથી તે કોઈ ઇલમદારને શોધવા ગઈ. કમભાગ્યને લીધે તેવો કોઈ માણસતો તેને મળી આવ્યો નહિ. પણ કોઈ એક અનુભવી વૃદ્ધ માણસે તેને કહ્યું કેઃ—જો તેના ડંખની જગ્યાએ મુખવડે ઝેર ચૂશીને થુંકી નાખે, તો એવી રીતે ઘણાને ફેર પડ્યા છે ખરા. પણ એમ કરવામાં તેનો અનુભવ હોવો જોઇએ કમકે તેમાં ચૂસનારનો જીવ જોખમમાં નાખવાનો છે.

આ સાંભળી તે મારી પતિપારાયણ સ્ત્રી ઉતાવળથી મારી

પાસે આવી મારા ડંખની જગ્યા ચૂસવા મંડી ગઈ. ચૂસીને થુંકી નાંખતાં મારૂં ઝેર ઉતર્યું તો ખરૂં, પણ મારા અભાગીનાં કરમ ફળ તેને ભોગવવાં લખેલાં, તેથી તે નિરપરાધી અબળાને મારા અપરાધીના બદલામાં ઝેર ચઢી મરણનો દંડ આપવો પડ્યો. આવી તેની કૃતજ્ઞતા ઉપર કહો કે કીયા શઠ પુરૂષને દયા છૂટે નહિ? હું ઘણોયે પસ્તાઉં પણ તેથી મારૂં વળેશું? છેવટે હું તેની દહન ક્રિયા કરીને તેના ગુણના આભારને સંભારતો, પેલી દુષ્ટ પરકીયાના કાર્યને ધિક્કારતો, આ દશાને ભોગવતો, જંગલમાં ભટકીને સંતાપ કરતો, દિવસો નિર્ગમન કરૂંછું. હું કોઈપણ રીતે ઠરી શકતો નથી. હું એ નફ્ટ કામના પરિણામરૂપ આવું ફળ ભોગવુંછું. આ વાત એ પુરૂષ કરી રહ્યો, એટલામાં એક બીજો મુસાફર આંખે અંધ હોવાથી હાથમાં પકડેલી લાકડીના આધારે રખડાતો કૂટાતો ઠોકરો ખાતો, એ પુરૂષો વાત કરતા હતા તેમનો અવાજ સાંભળીને, ત્યાં આવી લમણે હાથ દઈ બેઠો. તેને આ રાજકુંવરે પૂછ્યું કેમ ભાઈ! તમે પણ આ પુરૂષની પેઠે કાંઈ દુઃખદ સ્થિતિ ભોગવતા હો એમ લાગે છે.

(બીજા પુરૂષની વાત—લોભનું દ્રષ્ટાંત.)

આ બીજો પુરૂષ બોલ્યોઃ—ભાઇ! હું મારા કરમની તમને અથઇતિ શી કહું? મારૂ નશીબ બહુ નઠારૂં છે. હું શ્રીરંગપુરનો એક રહેવાસીછું. મારૂં નામ કૃપણ કોશાધીશ. હું અનાજ વગેરે જાતનો માલ ક્રયવિક્રય કરવાનો વેપાર કરતો હતો. મને મારા ધંધામાં ઘણું ધન મળવાનો સંભવ છતાં મોટા મોટા લાભની આશાએ મેં મારી શક્તિ ઉપરાંતના વેપાર કીધા. તેમાં થોડું મળવાથી મને સંતોષ ન હતો, તેમ ઘણું મળવાની આશા પરિપૂર્ણ થતી નહોતી. તેવા સંજોગમાં મારી પાસે મારા બાપનું સંપાદન કીધેલું જે કાંઈ દ્રવ્ય હતું, તે મેં એમાંને એમાં ઘણું ખરૂં ખોઈ દીધું. મારી પાસે તેમાંનું કાંઈક શેષ ધન રહ્યું, ત્યારે તેમાંથી ખેતી કરવાનો ધંધો મેં પસંદ કરી લીધો. ખેતી માટે મેં બે ઉછરતા વાછરડા ખરીદ્યા, અને તેને નવા હળે જોતરવા સારૂ એક ખોડીબારાના ઘાટનો જેંસલો કરાવી તે બન્ને બળદને હું ફેરવવા લાગ્યો. એમ કરતાં પાંચ સાત દિવસ ફેરવ્યા બાદ એક દિવસ એ બે વાછરડા જોતરી હું ફેરવવા નિકળ્યો. રસ્તામાં આગળ ચાલતાં વચ્ચે માર્ગમાં અ-

મારી તરફની પૂઠ કરી એક ઉંટ બેઠેલું હતું. તે ઉંટ દેખી મારા વાછરડાએ ભડકીને તોફાન કરી મૂક્યું. પાછા વળી ભાગી જાય એવો પોહોળો રસ્તો ન જોઇ શકવાને લીધે, કિંવા તેમના ઉન્મત્તપણાને લીધે એતો એમનેએમજ ઊંટ તરફ દોડ્યા. બેઠેલું ઊંટ વચ્ચે રહી જતાં, બે બાજુએ વાછરડાની જુસરી ઊંટની ડોક સુધી જઈ પહોચતાંજ ઉંટ પણ ભડકીને ઉભું થઇ જતાં, સુતરના પણછીયાથી મજબૂત જોતરેલા વાછરડાઓ છૂટી શક્યા નહિ. તેથી તાજવાની દાંડીને વળગેલાં પલ્લાં માફક બે બાજુએ બે વાછરડાને લેઇને ઊંટ એમનેએમ દોડતું ઉભે માર્ગે જતું હતું. સામા મળે તે સર્વે લોકોને હાસ્ય ઉપજાવતું, અને વિસ્મય પમાડતું, દોડીને તે બે ચાર કોશ નિકળી ગયું. આગળ જતાં એક નદી ઉતરવાની આવી. તેમાં ઘણું જળ હતું. તે છતાં ઊંટ તો એમાં પણ પડતું મૂકીને ચાલ્યું જતું હતું. જ્યારે નદીની વચ્ચે ઊંટ ગયું અને તેના કોટ સુધી તેને પાણી આવ્યું ત્યારે પાણીને લીધે તેની પીઠ ઉપર થઈ વાછરડા જુસરી સાથે વહેતે પૂરે તણાતા ચાલ્યા. તેમને પકડી લાવવાસારૂ ઢીંમરોને પાણીમાં મોકલી તપાસી મંગાવ્યું તો તેમણે મરી ગએલા, એમનેએમ ગળે ફાંસો આવેલા, જોતરેલા, વાછરડા નદીને કાંઠે મારી સમક્ષ લાવી મૂક્યા. હું તો મારા ભાગ્યને ધિક્કારતો ઘેર આવી નિરાશ થઈ બેઠો. આવું મારૂં વિપરીત નશીબ નિવડતું આવેછે છતાં પણ હજુ મારી પાસે જે કંઈ ધન હતું તેનાં મેં પચીસ ઊંટો ખરીદી લીધાં. અને આજથી હું ભાડુતી ધંધો ચલાવવા લાગ્યો. એક વખત હું પરાયો માલ ભરવા સારૂ સઘળાં ઊંટો લઇને મુર્શિદા-બાદ જવા નિકળ્યો. ત્યાં જતાં રસ્તામાં એક યોગિરાજનો મને સંગાત થયો. તેમની મેં પૂર્ણભાવથી સેવા કીધી, કારણ કે આવા યોગિયો પાસે સુવર્ણ બનાવવાના કિમિયા હોય છે. તેઓ સેવા કરવાથી સતુંષ્ટ થાય તો એવો કાંઈ પ્રયોગ બતાવે કે જેથી મારૂં દારિદ્ર દૂર થાય. કેટલાએક દિવસ એમને એમ સોબતમાંને સોબતમાં ચાલતાં તેમની ઘણી સેવા કરવાથી તે એક દિવસ મને પ્રસન્ન થઈ પ્રશ્ન કરવા લાગ્યા કે:—વત્સ, તું કઈ સ્થિતિનો માણસ છે? મેં કહ્યું:—હે મહાપુરૂષ, હું કઈ સ્થિતિનો માણસછું તે આપની નજરે જણાયજ છે. મારી પાસે જે છે તે આજ છે. મારી રોટી પણ એમાંજ છે. ભાડું મળે તો ખાઇએ, ન

મળેતો ભૂખે મરવાનું ચાલેછે. મેં વેપારમાં ને વેપારમાં મારા બાપનું મેળવેલું ધન પણ ખોઈ દીધું છે. બાપની આબરૂ સંભાળી રાખવા મારી પાસે પૂરતું ધન ન રહ્યું, ત્યારે આ પ્રમાણે પરદેશમાં ભટકી ભાડુતી ધંધો કરી ગુજરાન ચલાવવા હું ધારૂંછું. તેમાં આજે તમારા ચરણ સેવવાનો પ્રસંગ બની આવ્યો છે. આ પ્રમાણેની મારી દુર્દશાને જોઈ તે યોગિરાજને મારી દયા આવવાથી તેમણે કહ્યું:–બચ્ચા, તું મારી સાથે ચાલ. હું તને ધન બતાવું, તે તું લેજે અને તેમાંથી અર્ધું ધન પુન્યદાન નિમિત્તે વાપરજે. મેં કહ્યું:–ગુરૂ મહારાજ મારી પાસે કાંઈ નથી, તે કરતાં આપ જે દયા કરીને આપશો તેમાંથી અર્ધું વાપરતાં મને કાંઈ હરકત નડવાની નથી. હું ખુશીથી તેમ કરીશ. એમ કહી હું તે મહાપુરૂષની સાથે ચાલ્યો. તેમણે મને એક અરણ્યમાં લઈ જઈ કહ્યું:–બચ્ચા, આ સ્થળે આ ઝાડના મૂળ નજીક તું ખોતર. મેં ત્યાં આગળ ખોદ્યું તો એક પથ્થરની શિલા મારી નજરે પડી. તેને ઉખેડવા મારી પાસે કાંઈ હથિઆર ન હતું, તેથી મેં કહ્યું:—ગુરૂમાહારાજ, હું શાવતી ઉખેડું ? યોગિરાજ કહે એ અમારા બડા ચીપીયા હે એ તુમ લેકે ઈસ્સ શિલાકુ ઉઠાઓ. મેં તેનાવડે શિલાને ઉખેડી, તો એક સીડી જમીનમાં નજરે પડી. તે વાટે હુ તે ભોંયરામાં ઉતર્યો. ને જોઉછું તો મેં સુવર્ણ દ્રવ્યથી ભરેલા છ ઓરડાઓ દીઠા, અને બીજાઓમાં હીરા મોતી ઈત્યાદિ ઝવાહીર ભરેલું જોયું. તેમાંથી યોગિરાજના હૂકમથી મારાથી લેવાય તેટલું લઈ ઊંટોથી ઉપડી શકે એટલું મેં ઊંટો ઉપર લાધ્યું, અને પછી ઘર તરફનો રસ્તો લીધો. યોગિરાજ જંગલ તરફ ચાલતા થયા. જતાં જતાં મને કહેવા લાગ્યા કે:–બચ્ચા, ધર્માદા વાપરવાનું વચન ભૂલતો નહિ. મેં કહ્યું:–બહુ સારૂ મહારાજ. પણ મારા મનમાં તો હું જૂદોજ ઘાટ ઘડતો હતો. કેમજે યોગિરાજે ધન બતાવવાનું કહ્યું તે વખતે આટલું બધું દ્રવ્ય મળવાની મને કલ્પના પણ નહોતી. અહીં તો મારૂં મન મહદ્ દ્રવ્ય દેખીને તૃષ્ણા સરિતામાં તરતુંજ ચાલ્યું. યોગિરાજને હું મારા મનથી છેતરતો હતો, એમ ધારવામાં હુંજ ઠગાયો. એતો ત્રિકાલદર્શી હતા, એમ મને હવે પરિણામે જણાયું. કોણ જાણે મારૂં મન જાણીને કસોટી કાઢવા કિંવા મારી ઉપર મહદ કૃપા કરવાના વિચારથી તે જતાં જતાં ઉભા રહ્યા. અને પોતાની ઝોળીમાંથી એક આરસો કાઢ્યો. તેમાં

જોવા લાગ્યા. તે યોગિ મહારાજ આ આરસો કેવા હેતુથી રાખતા હશે, એમ ધારી મેં પ્રશ્ન કીધો કે:—મહારાજ, એ શું છે? યોગિરાજે કહ્યું:—બચ્ચા ઇસિમે ભુતવ ભવિષ્ય યા વર્તમાન અને સારી સૃષ્ટિકા હોનાર તે દીખાઈ જાતા હે. ઇસિમે સિદ્ધિકા પ્રતાપ હે. મેં કહ્યું:-ગુરૂમહારાજ, આપ યોગિરાજ છો, અને ઉપાધિથી વિરક્ત છો. તેમને એ માયા શું કામની છે? અગર તેમાં તેમણે મોહ શા માટે રાખવો જોઇએ? આપ એને તજવા ધારો તો તજી શકો કે નહિ? યોગિરાજે ઉત્તર આપ્યો કે:-બચ્ચા એ ચીજ તુમકો જરૂરકી લગતી હોવે તો એભી તુમ લેતે જાઓ. મેં કહ્યું:-ગુરૂ મહારાજ, અમે તો સંસારી તેને તો એ વસ્તુ ઘણી મહત્વની છે. જો કૃપા કરી આ આપશો તો ગુરૂ મહારાજે અમ સેવક ઉપર મોટી અનુકંપા દર્શાવી છે. એમ કહી મેં તે આરસો હાથમાં લીધો ને જોઉછું તો સમુદ્રમાંનાં જવાહીર, પર્વતોમાંની વનસ્પતિઓ અને બીજા અદ્‌ભુત ચમત્કાર મને દેખાવા લાગ્યા. તે મેળવવાની મને લાલસા થઈ આવી. એટલામાં યોગિરાજે વળી પોતાની ઝોળીમાંથી એક કપુર જેવી સુગંધીદાર ગોટી કાઢી. તે સફેદ અને ચળકતી જોઈ, હું કહેવા લાગ્યો કે:-ગુરૂ મહારાજ, એ શી વસ્તુ છે? તેનો પણ મને ભેદ ભ્રમ ખુલ્લો કરી બતાવશો. યોગિરાજે કહ્યું:-બચ્ચા ઇસ વસ્તુકા તુમ ખ્યાલ મત કરો. ત્યારે મેં કહ્યું:-મહારાજ, જ્યારે આવડી બધી કૃપા આપે મારા ઉપર બતાવી છે, ત્યારે તો એ વસ્તુ પણ મને આપશો, તો મોટો અનુગ્રહ થશે. યોગિરાજે કહ્યું:-બચ્ચા એભી તુમ લ્યો. એ વસ્તુ તુમ આંખે મત લગાઓ. એમ કહીને તેતો ચાલતા થયા. હવે જે વાતની કોઈ ના પાડે છે એવી કોઈ ભેદ ભરી વસ્તુ હોય તો તે વસ્તુનો ભેદ પામવા માણસની અને વળી તેમાં મારા જેવાની આકાંક્ષા અતિ તીવ્ર થાય એમાં કાંઈ નવાઈ જેવું હતું નહિ! યોગિરાજ વિદાય થવાને થોડીજ વાર થઈ, એટલામાં ત્યાં એક ચાર્વાંગી સુંદરી એ પ્રદેશમાં ફરતી હતી, તે મારી નજરે પડી. હું એ સ્ત્રી મેળવવાની લાલચમાં પડ્યો, ને વિચાર કર્યો કે યોગિરાજ જે ગોટી મને આપી ગયા છે તેનોજ આ ચમત્કાર હશે કે જેથી કરી આ સ્વરૂપવંતી નાયિકા એની મેળેજ અહીં આવે છે. આ અલૌકિક કન્યા મારા જેવાને વરવા શા માટે ઇચ્છા કરે? પણ જો મારૂં એના જેવું સુંદર તેજોમય સ્વરૂપ બની

આવે તો જુક્તે જોડું જોડવા તે મારા તરફ અભિરૂચિ જણાવે ખરી. લાવ લાવ જોઉં. આ ગોટીમાંજ એવોજ ખાસ ગુણ હોવો જોઇએ કે તેનું આંખે અંજન કીધાથીજ માણસ દેવ સ્વરૂપ ધારણ કરી શકે ખરો! અને એટલાજ માટે યોગિરાજે આંખે લગાવા મને ના પાડેલી હોવી જોઇએ! એમ વિચારીને એ શશિવદની સુંદરી પામવાની ઇચ્છાથી એ ગોટી મેં મારી બંને આંખો ઉપર ફેરવી અજંન કીધું કે તુરત આંખે હું અંધતારૂપી ફળને પામ્યો, અને આંખમાં અતિ વેદના થવાથી અતિ વિલાપ કરતો બેશુદ્ધ થઇ એજ ધરતી ઉપર પડ્યો. મારી બેશુદ્ધ દશામાં તે કુરંગનયની કન્યા મારાં તમામ ઊંટો અને તેના ઉપર લાધેલો તમામ અસબાબ ઝવેરાત શુદ્ધાં લઇને ચાલી ગઈ. જેમ દાનવો મોહિની સ્વરૂપ નિહાળી તેને પામવાની ઇચ્છાથી અમૃત કળશ ખોઈ બેઠા હતા, તેમ મારે પણ આ મોહિની સ્વરૂપની લાલચે એજ પરિણામ નિવડ્યું. પેલો આરસો પણ તેણે મારી પાસે રહેવા દીધો હોતતો એ બધું પાછું મળવાની વકી હું રાખી શકત. કેમકે તેથી બધું જોવાઈ શકાતું હતું. મારી પાસે ફક્ત આ ગોટીજ રહી. મારૂં સર્વસ્વ હરણ કરનાર અને મારી અવદશાનું કારણ તેજ અથવા તેનું મુખ્ય કારણ જે મારી લોભ પ્રકૃતિ તેજ વસ્તુ મારી પાસે રહી ગઇ. બાકીનું સર્વે તે કન્યા હરણ કરી ચાલતી થઈ. મને શુદ્ધિ આવવા પછી વિલાપ કરૂં, ઉધોપડું, છતો થાઉં, આળોટું, અને નિસાસા નાંખુ. બેત્રણ દિવસ એનીએજ જગ્યાએ વગર ખાધે અને વગર પીધે મારી અવદશાનું મેં પોકલ શ્રાધ કીધું. પણ તેમ કીધાથી મારો દિવસ વળે શી રીતે? હું રડી કકળી ત્યાંથી ચાલું, પણ ચાલું શી રીતે? અંધાપો એ વિષમ દશા મને પ્રાપ્ત થઈ. તેથી મારે કર્મે લખેલી એક જેષ્ટિકાને મેં આમ તેમ ભટકી ખોળી કાઢી. તેને સાથી પેઠે સ્વીકારી ભટકતો પડતો આખડતો આવેશ ધારણ કરી આ પ્રદેશમાં હું આપની સમક્ષ આવી ઉભોછું. આમ આ બે પુરૂષો પોતાની વાત આ રાજકુંવરને સંભળાવી રહ્યા, એટલામાં વળી એક ત્રીજો દુઃખી પુરૂષ કેવળ શોકમય વસ્ત્ર પહેરીને પોતાના કૃત્યનો પસ્તાવો કરતો પહેલા બે માણસની પેઠે તે ઠેકાણે આવીને બેઠો. તેને આ રાજપુત્ર પૂછેછે કેઃ—આ બે પુરૂષો પોતાના દુઃખની વાતો કહી ગયા તે કરતાં તમારી સ્થિતિ અધિક ખેદ પેદા કરે એવી જણાય છે. તેનું

કાંઇને કાંઈ કારણતો હશેજ. ભાઇ, તમારે પણ કાંઈ તેવું છે ખરૂં વારૂ ?

ત્રીજા પુરૂષની વાત (ક્રોધનું દષ્ટાંત) અહીં આ ત્રીજો પુરૂષ કહે છે કેઃ–ઓ સુખી પુરૂષો, તમે મારી વાત સાંભળી તમારા દીલમાં દુઃખનું શળ કાં ઉભું કરવા માગો છો ? પણ જો પૂછોછો તો સાંભળો. હું બ્રહ્મગિરિ પર્વતની તળેટીમાં આવેલા ત્ર્યંબકપુરનો રહેવાશી વૈસ્ય જાતિનો મંડુકધર્મા નામે ધનવાન વેપારી છું. હું મારા પાડોશી અને મારી જાતના લોકો સાથે વસતો છતાં મારે તેમની સાથે પાટો ગોઠતો નહોતો. મારી યોગ્ય ઉમર થયે હું એક કુળવાન કુટુંબની રૂપગુણશીલસંપન્ન મૃદુસ્વભાવની કન્યા સાથે પરણ્યો. તેની સાથે અતિ સુખમાં વ્યવહાર ચલાવતાં તેને પેટે એક પુત્ર ઉત્પન્ન થયો. તેને અતિ લાડકોડથી તેની માતાએ ઉછેર્યો. એક દિવસ એવો બનાવ બન્યો કે જ્યાં મારૂં વેપારનું સરવાયું કાઢતો ચોપડા પહોળા કરી હું બેઠો હતો, ત્યાં તે છોકરો રમત રમતો કાલુ કાલુ બોલતો મારી પાસે આવી રમવા લાગ્યો. મારી શરત મારા કામમાંજ લાગેલી હતી. એ સંજોગમાં મારા પુત્રે રમત નિમિત્તે ચોપડામાંથી ઉપયોગી લેખનું પત્ર ફાડી નાંખ્યું. મારૂં ધ્યાન એ તરફ એકદમ ગયું કે એ છોકરાના કૃત્યથી હું અતિ ક્રોધાયમાન થઇ ગયો, અને પકડીને જમીનપરથી એક કાંકરો લઇ તેની કુખની ત્વચા એવડી કરી ચુંટી ખણી, તેને કહેવા લાગ્યો કેઃ—બોલ; હવેથી તેવું કાંઇ કામ કરીને આવી રીતે નુકસાન નહિ કરૂં. મારો પુત્ર પોતાના મનથી તેના નિરપરાધીપણાને લીધે, કિંવા મારા ભયને લીધે ધ્રૂજતો કેહેવા લાગ્યો કેઃ—બાપા, હું રોજ તેમ કરીશ. મોઢેથી હું તેમ નહિ કરૂં એમ કહેવામાં તે જાણે ગુન્હો સમજતો હોય એમ ધારીને તેનો તેજ ઉત્તર આપતો ગયો, તેથી મને અતિ ક્રોધ ચઢયો. અંતે જોરથી તેના લમણામાં મેં એક એવી તમાચ મારી કે તેના મોઢામાંથી મારી નજર આગળજ લોહીનો પ્રવાહ વહીને તે છોકરો તમર ખાઇ બેશુદ્ધ થઈ જમીન ઉપર પડ્યો. હું જોઉંછું તો એક ઘડીના છઠ્ઠા ભાગમાં તો તે પોતાના હાથ પગ તફડાવતો જોતજોતામાં પ્રાણ વિનાનો ચેતન રહિત થઈ ઠંડો હિમ જેવો થઈ ગયો. ન બોલે, કે ન ચાલે. તે જાણે મારા કૃત્યને માટે મને એમ ઠપકો દેતો હતો કેઃ—હે શઠપિતા, તારા જેવા નિષ્ઠુર મનના ક્રુર હૃદયના નિશાચરને જો પોતાનાં ફરજંદો ઉપર

કાંઈ વાત્સલ્ય મમતા તેમજ દયા ઉપજતી ન હોય તો, અથવા નિર્દોષ બાલકોના નિર્દોષ સાધારણ અપકૃત્ય ઉપર લેશપણ દયા અને રહેમ કરવી તું ઉચિત ન ધારતો હોઉં, તો લે ત્યારે, સદાને માટે તારી નજર આગળથી હું પલાયન કરી જાઉંછું. તારાથી ઉત્પન્ન કરેલો દેહ તારે સ્વાધીન કરી હું મારે સ્વતંત્ર આનંદ ભોગવીશ. તારૂં લાગ્યું તું ભોગવ. આ પ્રમાણે તેનું નિર્જીવ કલેવર જોઇને મારા જીવને હું ઉપરનાં સંબોધન લગાડી પસ્તાઉંછું, એ અરસામાં એજ જગ્યો ઉપર ઘરમાંથી એ પુત્રની માતા આવી લાગી. પુત્રની આ સ્થિતિ જોઈ એકદમ કલ્પાન્ત કરીને મારા નિમિત્તે તે કહેવા લાગી કેઃ—હા દૈવ, હે પુત્ર! તું આ નિષ્ઠુર હૃદયના પિતાના હાથથી છૂટયો! શું તું સદાને માટે છૂટયો?! બેટા! તારા કાલાકાલા વહાલા બોલથી તું તારી માતાને ધીરજ આપ! તારા આનંદી મુખડે હસીને તું મારી પાસે કાંઈ માગ! શું તું મારાથી તો રીસાયો નથી?! શું, મારી સાથે પણ બોલીશ નહિ?! બેટા! જો, આ તારી નિર્ભાગી માતાની શી વલે થશે?! તે પણ તેં જોયું કે વિચાર્યુંએ નહિ! તારા વિના તેને એક ઘડી પણ ગમશે નહિ, એ પણ તેં જાણ્યું નહિ! પુત્ર, જરા બોલ! હું તને પાણી પાઉં! મારાથી રીસાઇને તું કેમ જાયછે?! બેટા! લે ત્યારે, જરા ઉભો રહે! હું પણ તારી સાથેજ આવું છું. કેમકે ઘરમાંથી જરા તું આઘે પાછે જતો ત્યારે હું તને વિલો મૂકતી ન હતી તો આજ તને એકલો ગયેલો જાણી મારૂં મન કેમ હાથ રાખી શકું? હું પણ તારી સાથેજ આવુંછું! કલ્પાન્ત કરતી માથું કૂટતી હું એકલી અહીં રહીને શું કરીશ! એમ આક્રંદ કરતાં બહુવાર થઈ, ને પુત્રના જીવિતની આશા ન રહી ત્યારે તે બોલીઃ—મારા જીવિતનો પણ શો આધાર છે? એમ કહી ઘરમાંથી એક તીવ્ર અણીદાર છરી લાવી પોતાના પેટમાં એકદમ ઘોચીઘાલી મારી નજર આગળ તેણે પણ પોતાનો પ્રાણ તજી દીધો! એટલામાં તો રાજ્યના અનુચરો ખબર જાણવાથી મારા ઘરમાં આવી લાગ્યા. મને પકડી સરકારમાં લઈ ગયા. લોકોના ફિટકાર વારંવાર મારા ઉપર પડવા લાગ્યા. ન્યાયાધીશ આગળ મારી તપાસ ચાલી. મારા પુત્રના અને સ્ત્રીના મોતનું કારણ હું ઠરચો ખરો, પણ અજાણતાં મોત નિપજ્યું તે કારણ ધ્યાનમાં લઈ મને દેહાન્ત શિક્ષા તો કરવામાં આવી નહિ, પણ દંડ તરીકે મારી સઘળી મિલ્કત અને ઘરબાર લુંટી લઈ

મને દેશનિકાલ કરી દીધો. દેશવટો દીધાથી મારા રાજ્યાધીશની હદ બાહાર હું આજપર્યંત ભટકતો ભટકતો તમારી સમક્ષ આવેલો આવી સ્થિતિએ પહોચેલો તમે મને જુઓછો, એ મારા ક્રોધનુંજ પરિણામ છે. આ ત્રીજે પુરૂષ વાત કહીં રહ્યો એટલામાં વળી એક ચોથો પુરૂષ આવ્યો. તેની પણ આ લોકના જેવી સ્થિતિ જોઇને રાજપુત્રે પ્રશ્ન કીધો કે:— ભાઈ, શું આજે દુ:ખની કથાઓ સાંભળવાનો દિવસ આવ્યો છે ! હા, એમજ હોવું એજ આ વખતને ઉચિત છે ! કેમકે દુખમાં તો દુ:ખની વાતોજ દિલાસો આપનારી તેમજ મિત્રની પેઠે સાહ્યકારી નિવડે છે. જો તમારૂં વૃત્તાંત આ સર્વે માણુસોને શ્રવણ કરાવ્યાથી તેમના દુ:ખનો ભાર કાંઈ ઓછો થાય છે અને અમારા જેવા જુવાનોને પણ એમાંથી કાંઈ શિખવાનું મળે છે ખરૂં, તો કહો જોઇએ તમારી કથા.

ચોથા પુરૂષનીવાત (મદાંધતાનું દૃષ્ટાંત.) ચોથો પુરૂષ કહે છે:—અહો મહાપુરૂષ, આ ત્રણ કંગાલ પુરૂષો કરતાં પણ મારી વાત સાંભળી, મને તમે અધિક નિર્ભાગી કહેશો અને છે પણ એમજ. હું એક ગરીબ અને વચમાં તવંગર છેવટ ગરીબને ગરીબજ થઇને ભટકુંછું. અરે, હું પાંચાળ દેશનો રહીશ શોમશર્મા નામે બ્રાહ્મણ જ્ઞાતિનો માણુસ છું. મારી કરણીના યોગે મારી સ્થિતિ એક પૂર્વે બનેલા દૃષ્ટાંત પ્રમાણે નિવડી છે. એ દૃષ્ટાંત એવું છે કે પૂર્વે સિદ્ધાચળ ગિરિકંદરની અંદર એક મહા તપસ્વી સુમનસ નામે ઋષિ આશ્રમવાસી થઈ પરમાત્માનું ધ્યાન કરતા હતા. તે મોટા તપસ્વી તેમજ યોગસિદ્ધિ પામેલા દૈવી સંપત્તિવાન મહામુનિ ગણાતા હતા. તેમના આશ્રમમાં એક કૂતરો રાતદિવસ બેઠો ને બેઠો રહી તે ઋષિ મહારાજના આશ્રમની રક્ષા અને દર્શનની અપેક્ષા કરતો હતો. કોઇ ગોચર કે અગોચર, ભૂચર કે ખેચરજન મધ્યેનું આશ્રમમાં પ્રવેશ કરે કે તુરત પોતાની ભાષામાં મુનિને ચેતાવતો હતો. આ પ્રકારની તેની સ્વામીભક્તિ હતી. એક દિવસ એ કૂતરો બીજી હદના મોટા કૂતરાને પોતાની હદમાં આવેલો જોઈ ભસવા લાગ્યો. પણ તે વધારે બળવાન્ હોવાથી નિડરપણે આ આશ્રમમાં પ્રવેશ કરવા લાગ્યો. ત્યારે આશ્રમવાસી કૂતરો ભસતો ભસતો ભયથી પોતાની પુંછડી બે પગ વચ્ચે ઘાલી મળમૂત્ર કરતો નાસતો નાસતો ઋષિની પાસે આવી સોડમાં ભરાઈ બેઠો. ઋષિએ જોયું કે મારામાં ભક્તિમાન્ એવા આ નિર્બળ કૂતરાને

એનાથી અધિક બળવાળા કૂતરાથી પોતાના આશ્રમમાં છતાં ભય પામ-વાનું કારણ આજ મળ્યું છે. તેથી એને આપણે ભયમુક્ત કરવો જોઇએ. એમ જાણીને મહામુનિએ પોતાના તપસિદ્ધિ બળવડે કરીને આશ્રમમાં પ્ર-વેશ કરનાર મોટા કૂતરા કરતાં કાંઇક વિશેષબળ આશ્રમવાસી કૂતરાને આપ્યું, તેથી બળના યોગે નિડર થઈ આવેલા પરાયા સ્થાનના કૂતરાને મારી હઠાવી તેણે કાઢી મૂક્યો. વળી એક દિવસ એક જંગલી નાહર-પ્રાણી આશ્રમ પાસે આવ્યું. તેથી તે પાછો આશ્રમવાસી કૂતરો ડરીને નાઠો. મુનિએ વિચાર્યું કે વળી એને કોનો ભય પ્રાપ્ત થયો છે? જોયું તો તેણે નાહર દીઠો. તે જોઇ મુનિએ આશ્રમના કૂતરાને નાહર બનાવ્યો. વળી એક દિવસે આશ્રમવાસી નાહરને હાથીનો ભય થયો ત્યારે તેને મુ-નિએ હાથી બનાવ્યો. વળી એને સિંહનો ભય જણાયો, ત્યારે તેને મુનિએ સિંહ બનાવ્યો. સિંહને શરભનો ભય પ્રાપ્ત થયો ત્યારે આશ્રમવાસી મુળ કૂતરાને આજે શરભ બનાવી મુનિએ આશ્રમમાં તે નિર્ભયપણે રહી શકે એવડી મોટી શક્તિ તેને આપી. હવે તે કૂતરો સર્વ જંગલના પ્રાણીથી અધિક બળ પામીને આખા જંગલમાં ફરવા લાગ્યો, અને મુનિઆશ્ર-મની રક્ષા કરવાની સ્પૃહા તજીને જંગલના તમામ પ્રાણીઓને ભય અને દુઃખ આપવા લાગ્યો. પ્રાણીનોજ શિકાર કરીને તે આહાર કરવા લાગ્યો. પોતાની અસલ સ્થિતિનું ભાન ભૂલીને એક દિવસ આશ્રમવાસી પોતાના સ્વામી ઋષિમુનિનો ભક્ષ કરવાનું ઇચ્છીને આ મુનિમહારાજની કં-દરમાં તે ક્રોધથી પ્રવેશ કરે છે, એ જોઈ મુનિમહારાજ વિચારવા લા-ગ્યા કે આતો પોતાની સ્થિતિનું ભાન ભૂલી જઈ મદમાં વળ્યો છે. એમ જાણીને મુનિ બોલ્યા કેઃ—જા પ્રાણી. તું તારી અસલ સ્થિતિ ભોગવતો ભટકતો ભટકતો જ્યાં ત્યાં ટુકડા વીણી ખાઇને ઉદરનો નિર્વાહ કર. એજ તને ઉચિત છે. થઇજા કુતરો. તુંને અસલ સ્થિતિમાં ભયપ્રદ અવસ્થામાં જોઇને તારો ભય મુક્ત થવા માટે પ્રત્યેક વખતે જોઇએ તેટલું તેટલું બળ વધારીને છેવટ શરભ બનાવી તારો ભય મેં નિવારણ કીધો તે એમ ધારીને કે તું તારૂં અને બીજા મનુષ્યોનું રક્ષણ કરૂં. પણ એમ ધારીને નહિ કે તું બીજા પ્રાણીઓને તારા બળના યોગે ભયભીત કરીશ. આ મુનિનાં વચન સાંભળતાંજ જે કૂતરો શરભ બન્યો હતો તે તુરતજ શરભ મટીને કૂતરો થઈ દીનમુખ કરતો મુનિના સામે ઉભો રહ્યો. (ચોથો મુસાફર

કહે છે,) એ કૂતરાની પેઠે ભાઇ મારી પણ દશા થઇ છે. ઉપર કહ્યું તેમ હું એક ગરીબ માણસ હતો. એટલે પાંચાલાધિપતિના દેશમાં હું કારકૂનનું કામ કરવા નિમિત્તે રાજ્યની નોકરીમાં દાખલ થયો હતો. મારા ઉપરી અધિકારીની હું એક નિષ્ટાથી સેવા બજાવતો રાજ્યની નોકરી કરતો હતો. મારૂં શ્રદ્ધા ભક્તિનું કામ જોઈ મને લખતાં વાંચતાં આવડતું હોવાને લીધે તેમજ બુદ્ધિશાળી જાણીને તેણે મને કારકુનની નોકરીમાં દાખલ કીધો. ત્યાં પણ મેં સારી રીતે સ્વામીભક્તિથી ફરજ બજાવી. તેથી મને એક ખાતાનો મુખ્ય અધિકારી નિમ્યો. જતે દિવસે મારી યોગ્યતાની માહિતી મહારાજાને મળવાથી તેમણે એક પરગણાનો અધિકારી ઠરાવ્યો. એમ જતે દિવસે અધિક અધિક પદવી મને મળતી ગઈ. છેવટે માહારાજની મેહેરબાનીથી મને રાજ્યના મુખ્ય પ્રતિનિધિ (દીવાન) નું પદ મળ્યું. અને હું મારી શક્તિ અને બુદ્ધિના યોગે રાજ્યનું અને મહારાજાનું વિશ્વાસપાત્ર અંગ મનાયો. સર્વે કામ ઉપર મારી દેખરેખ રાખવામાં આવતાં રાજ્યના સર્વે માણસો મને પૂછીને કોઇપણ કામ કરી શકે એવો મારો દાબ બેસી ગયો. રાજ્યના જનાનખાનામાં પણ મને પૂછ્યા સિવાય કાંઇ કોઇથી કરી શકાય નહિ. જનાનખાનામાં પણ મારૂં મહાત્મ વધારે મનાવા લાગ્યું. અને મારો પગ પેસાર ત્યાં ચાલતો થયો. મહારાજ સુદ્ધાં મારા કહ્યા ઉપરાંત કોઇપણ કામ આરંભે નહિ. એવી રીતે મારો પ્રતાપ વધ્યો. તે એટલે સુધી કે છેવટ હું કૃતજ્ઞતાની રાહ ભુલીને તેની રાણી સુદ્ધાંતના અંગનો માલીક અને ભોક્તા થઈ રાજ્યઅંગના મહારાજના સર્વે વૈભવ અને હક ભોગવવા લાગ્યો. મારાથી શ્રેષ્ટ હવે કોઇજ નહિ. એમ રાજ્યમાં સર્વે સ્થળે મનાયું. તેમ હું મારા મનથી પણ માનવા લાગ્યો. હવે બધુ મારૂંજ છે, એમ માનીને હું કેવળ મદાન્ધ થઈ વર્તતો હતો. તે વાત ચાર રાણી અને રાજ્યના પ્રતિષ્ટિત માણસોએ એકસંપ કરીને સંકેત કરી મહારાજના મન ઉપર વિશેષ અસરકારક રીતે ઠસાવી. તેથી કરી માહારાજની ખાત્રી થતાં માહારાજનો કોપ મારા ઉપર ઉતર્યો. મને ચારદન મારવાનું તેમજ મારૂં ઘરબાર લુંટી લેવાનું ફરમાન થયાની વાત, મારા છૂપા બાતમીદારોથી જાણી લઇને હું નાસી જવાનું કરૂં છું, તેટલામાં તો મારા મેહેલની સામી બાજુ લશ્કરની ટૂકડી આવતી મેં જોઈ. આ વખત સુધી હું મોટી મિલ્કતનો માલિક છતાં એક કોડી

સરખી પણ લેઈ શક્યો નહિ. એમને એમ છૂપો વેશ બદલીને છૂપેદ્વારે થઇ નાસી છૂટીને એવા મારા મદાન્ધ અને કૃતઘ્નીપણાનું ફળ ભોગવતાં નફ્ટ બની લોકોના ધિક્કારને પાત્ર હું ઠરી ચૂક્યો છું. અને તેથીજ રાજ્યની કોઇપણ પ્રજાએ મને આશ્રય આપ્યો નથી. એવે પ્રકારે ફક્ત મારી પાસે જે કંઈ તમે જુઓછો તેવે વેશે ભટકતો ભટકતો હું આપની સમક્ષ આવી ઉભો છું. અને મારી અથઇતિ હકીકત કહીને મારા કૃત્યને માટે પસ્તાઉં છું, અને પ્રભુની તેમજ જનસમૂહની દયા માગું છું. મારા મદાન્ધ પણાને લીધે હું આ લોક અને પરલોકમાં હાર્યો છું, ઠગાયો છું, અને ઘણું પસ્તાયો છું. આ માણસની વાત થઈ રહેછે એટલામાં વળી એક પાંચમો પુરૂષ આવી આગલા સર્વે મુસાફરોની હકીકતથી વાકેફ થઈ એજ સ્થળે બેઠો છે. તેને પણ રાજપુત્રે પહેલાઓની માફક પ્રશ્ન કર્યો કેઃ—તમેપણ શોકથી મૂકાએલા જણાતા નથી. તેનું કારણ અમને જણાવવા સરખું હોય તો તે કહી બતાવશો. એ સાંભળી આ પાંચમો પુરૂષ બોલ્યો કેઃ—ભાઈ, હું પણ આ ચાર માણસના જેવોજ દુઃખી માણસ છું.

પાંચમા પુરૂષની વાત (મોહનું દૃષ્ટાંત): સાંભળો, હું અવન્તીનગરીનો રહેનાર ગોકર્ણશર્મા નામે બ્રાહ્મણછું. હું પોતે ધનવાન અને કુળવાન સુખી સ્થિતિ ભોગવતો હતો. મારી યુવાન વયે હું એક સુશીલ રૂપવંતી કન્યા પરણ્યો. ઘણા દિવસ તેની સાથે સુખશાન્તિથી કાઢ્યા. પરંતુ દુઃખ માત્ર એજ હતું કે મને કાંઈ ફરજંદ નહોતું. તેથી મારી સ્ત્રી રોજ નિશાસા નાંખી પોતાના નસીબને દોષ આપતી હતી. ઇશ્વર કૃપાથી મારી વૃદ્ધ ઉમરે મને એક પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. તેને લાડકોડથી અમે બન્ને દંપતી ઉછેરવા લાગ્યાં. મારો પુત્ર પાંચ વરસની ઉમરનો થયો, ત્યારે તેની ભાગ્યશાળી માતા એ પુત્રની હયાતીમાં મરણ પામી. તેથી એ પુત્ર મારા એકલાના રક્ષણ નીચે બાર વરસની ઉમરનો થયો, ત્યારે તેની ઉમર યોગ્ય સારા કુટુંબમાં જન્મેલી અને ઉત્તમ સંસ્કાર પામેલી એવી એક રૂપવંતી કન્યા સાથે પરણાવીને મારા મનોરથ મેં સિદ્ધ કર્યા. પણ મારા નિર્ભાગી ભવિષ્યની મને ખબર ક્યાંથી પડે ? કાંતો એવા ભવિષ્યમાં દુઃખ મળવાના સંજોગને લીધે, કિંવા એ મારા પુત્રના ટુંકા આયુષ્યને લીધે, એ પુત્ર પરણ્યા પછી તુરતજ ત્રીજે દિવસે મરણ પામ્યો.

તેનો શોક મને કારી ઘા જેવો થઈ પડ્યો. હું ઘણુંએ કલ્પાંત કરૂં, પણ તેથી વળે શું? એવા સંજોગમાં એક દિવસ એક વેદાન્તી જ્ઞાની પુરૂષનો મને સમાગમ થયો. તેણે કહ્યું:-ભાઈ, તું તારા એક પુત્રને માટે શોક કરૂંછું, પણ તે કાંઈ આ જગત્માં અમર રહેવાનો હતો? એવી તેં ધારણા રાખી હતી ખરી? વસ્તુ માત્ર ઉત્પન્ન થાયછે, સ્થિતિ કરેછે અને લય થાયછે. એથી વિરૂદ્ધ તારા પુત્રના નિમિત્તમાં તેં કાંઈ અનુભવ્યું છે, કે તેનો તું શોક કરેછે? તારા એ પુત્રે આ જગત્માં આવીને કાંઈ ઉપકારી કૃત્ય કિંવા કાંઈ વૈભવ ભોગવ્યા નથી. તારા પુત્ર કરતાં અધિક પુણ્યવાન્ અને અધિક વૈભવવાન પૂર્વે માંધાતા નામે રાજા થઈ ગયા. તેણે પૃથ્વી પોતાની કરી લીધી હતી. તે પણ કાળને શરણ થયા છે. તો તારે તારા પુત્રને માટે શોક કરવો ઉચિત નથી. વળી સત્યવાદી હરિશ્ચંદ્ર, યયાતિ, તેમજ ભરતરાજા ઇત્યાદિ મહાપુરૂષો આ જગતમાં અમર રહેવા યોગ્ય હતા. તે પણ કાળને શરણ થયા છે. તેઓ ઘણા પુણ્યવાન્ અને ઐશ્વર્યવાન્ હોવા છતાં પણ કાળને શરણ થયા છે, ત્યારે થોડા પુન્યવાળો, કંઇજ નહિ એમ કહીએ તો ચાલે, એવા તારા પુત્રને માટે તું શોક કરવા યોગ્ય નથી. તારા પુત્ર કરતાં અધિક રૂપવંત અને ઇંદ્ર સરખો વિભૂતિવાન્ મારો એક પુત્ર આજ રાતના પાછલા પ્રહરમાં મરણ પામ્યો છે. તેનો શોક કરવાથી પરમાત્મામાં લાગેલી ચિત્તવૃત્તિના આનંદમાં ભંગ થવા સરખું થાય છે, એમ ધારી હું તે શોકને નિવારણ કરી મન વાળુંછું. પ્રથમ એ પુત્ર નહોતો ત્યારે જે સ્થિતિ હું ભોગવતો હતો તેજ સ્થિતિમાં રહીને એ પુત્રની પ્રાપ્તિ થયા પછી પણ હું ઇશ્વરનો પ્રસાદ માનતો હતો. વળી આજે એ પુત્ર નથી ત્યારે પણ જેણે જે વસ્તુ આપી હતી તે પાછી લઈ લે તો એના ઉપર આપણો હક નથીજ એમ જાણીને મારી પ્રથમની સ્થિતિ હાલની સ્થિતિના મુકાબલામાં મૂકુંછું, ત્યારે મને તેનો પુરો ભેદ જણાય છે કે શોક કરવાનું કાંઇ પ્રયોજન નથી. એ તત્વજ્ઞાની પુરૂષનાં વચનો અમૃતરૂપ શાન્તિ આપનારાં હતાં. તો પણ મારો શોક નિવારણ થયો નહિ. હું મોહપાશથી બંધાઇને પરાધીનપણે કરી નષ્ટ થયેલો મૂઢ, ભાવિને ન વિચારતો જે વસ્તુ સાથે મારે સંબંધ નથી તેનો સંબંધ માની, તે મારૂં મારૂં કહીને શોકમાં વ્યથા પામુંછું. જો તે પુત્ર મારોજ હોત તો હું તેને કેમ જવા દેત! અ-

થવા તે મારી આજ્ઞા ઉલ્લંઘી કેમ જાતા પરંતુ હું મોહને વશ થઈ ભ્રાન્તિમાં ભમ્યા કરૂંછું, ને શોકમાં મુઝાઉંછું. એ પાંચે પંથીની કથા સાંભળી આ રાજકુંવર સંસારની સ્થિતિ રીતિનો વિચાર કરતો, ભાવિ એજ પ્રબળ સત્તા છે એમ વિચારતો, સર્વે પંથી મિત્રોને નમન કરીને તેઓનાથી છૂટો પડી, તે પોચા મનના માણસોથી ધડો લઈ, પોતે અહીં જંગલમાં આવી પડ્યા છે તેનો કંઇ પણ શોક ન કરતાં પ્રવૃત્તિમાંજ મગ્ન થઈ શું બને છે તેની રાહ જોતો, એક તરફની રાહ પકડી ચાલ્યો.

જે છબી પેલા અપૂર્વ વૈભવવાળા મેહેલમાં તેણે જોઈ હતી તેનું ચિંતન કરતો, એજ સુમુખી કાન્તા મેળવવાની ઉત્સાહ વૃત્તિએ તેને પ્રત્યક્ષ જોવાને લક્ષ રાખી તે ચાલતો હતો. ક્યાં જવુ, કોને મળવું, અને ફરીથી તેની તેજ જગ્યાએ શી રીતે જઈ પહોચવું, એ બાબતનો ભેદ શી રીતે કોની પાસેથી મેળવવો, એનો તે વિચાર કરવા લાગ્યો. કોઇની પણ સલાહ વગર આ કામ પાર પડે એવું નથી એમ વિચારતો તે બેચાર કોશ ચાલ્યો. જંગલમાંને જંગલમાં એક સુંદર સરોવર આવ્યું. તેને તીરે ફળવાળાં ઘણાં વૃક્ષોની લતાઓ ઝુકી રહેલી હતી. તે વૃક્ષોનાં ફળ ખાઈ સરોવરનું પાણી પી તૃપ્ત થઈ એજ સરોવરને કાંઠે વૃક્ષની છાયા નીચે તે બેઠો. ત્યાં આગળ વૃક્ષોની ઘીચ લતામાં એક સ્વરૂપવંતી દિવ્ય તરૂણી તેણે જોઈ. તેનું રૂપ અતિમોહમય અને ગંભીર દેખાવનું હતું. તેનું પ્રસન્ન વદન જોયાથી તેને માંગલિક જણાતું હતું. તે સુંદર મૂર્તિમાન દેવાંગના સરખી સુકુમાર ભામિની પાસે જઈ આ રાજપુત્ર ઉભો રહ્યો. તે દૈવી પ્રકૃતિની મહીલાએ આશિર્વાદ આપી આ રાજપુત્રનું સન્માન પૂર્વક આશ્વાસન કીધું, અને કહ્યું કેઃ—તારૂં કલ્યાણ થાઓ. હું અહીં તારા કલ્યાણની સ્પૃહા રાખી તારીજ રાહ જોઇને બેઠીછું. રાજપુત્રે કહ્યું:—અહો ભગવતિ, આપ માણસના રૂપમાં કોણ દેવ સ્વરૂપ અહીં પધાર્યા છો ? મારે આપનો પરિચય ન છતાં આપ મારા ઊપર અનુગ્રહ દર્શાવોછો, તેનું કારણ હું કાંઈ સમજી શકતો નથી. દેવીએ કહ્યું:-રાજપુત્ર, તું મારા વિષે શંકાશીલ ન થતાં હું જે રસ્તો બતાવું, તે રાહે ચાલજે. ચાલ, હું પણ તારી સાથેજ આવવા તત્પરછું. હુંજ

તારૂં રક્ષણ કરતી આવીછું. તારા સમુદ્ર ગમનમાં પેલા જંગલમાં આવેલી કુંજ પાટિકામાં અવલોકન કરતાં તને મેહેલમાં જવાની પ્રેરણા મારાજ પ્રસાદથી મળી છે. રાજપુત્ર બોલ્યોઃ—ત્યારે તો હે ભગવતિ, તમારો મારા ઉપર અતિ ઉપકાર થએલો જણાય છે. અને તેથી કરીનેજ તમારામાં મારો વિશ્વાસ બંધાય છે. ચાલો, આપ કહો તે રસ્તે જવાને હું તૈયારછું. એમ કહી બન્ને જણ સાથે સાથે ચાલ્યાં. ચાલતાં ચાલતાં વાત કરતાં તે દેવીએ જણાવ્યું કેઃ—અહીંથી થોડા દિવસમાં હું તને નિમેલી જગ્યાએ પહોંચાડીશ. મેહેલમાં દાખલ થતાં જે ઘોડો નજરે પડ્યો હતો તેના ઉપર તું સ્વાર થઈ ચોકડા વગરજ ચઢી બેઠો, તેથીજ તું અહીયાં આવીને પડેલોછું. પણ હવે જો, હું તને ચેતવણી આપુંછું કેઃ—

તે મેહેલમાં ફરીથી તને એ ઘોડો પ્રાપ્ત થાય, અને તેના ઉપર તારી બેસવાની ઇચ્છા હોય, તો તેના ઉપરના જીનનો પડદો ઉંચો કરીને તેમાંથી ચોકડું કાઢી ઘોડાને મુખે ચઢાવી રાખજે. પછી તારે ગમે ત્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જવાનું તું તેને કહેજે. એટલે તે તારા ફરમાન મુજબ ઇચ્છેલી જગાએ તને લેઈ જશે, અને તું કહીશ ત્યાં આગળ લાવીને પાછો મૂકશે. પણ જો ખબરદાર રહેજે. ચોકડાની વાગ છૂટી મૂકીશ નહિ. ઘોડાની મુસાફ્રી કીધા પછી પાછો આવી મેહેલમાં પ્રવેશ કરજે. સઘળું જોતાં જોતાં આગળ ચાલજે. ત્યાં તને ચાર સ્થાન નજર આવશે. તે દરેક સ્થાનમાં જે જે અવલોકન કરવાનું છે, તેનું તું પુરેપુરૂં અવલોકન કરજે.

પહેલા ખંડમાં નાના પ્રકારનાં પુસ્તકો તારાં જોવામાં આવશે. તે સર્વેનું રહસ્ય તું જોઇ લેજે. તથા બીજાં જે સાહિત્યો છે તેનો પણ તું વાંચીને વિચાર કરજે. બીજા ખંડમાં નાના પ્રકારની યુક્તિઓ યોજેલી છે. તેનું તું સારી રીતે અવલોકન કરજે. ત્રીજા ખંડમાં એક અતિ સ્વરૂપવંતી સુંદરી તારી નજરે પડશે. તેની તું માનપૂર્વક સ્પૃહા રાખજે, અને તેના સંબંધમાં ત્યાં જે બને તે આદરથી સ્વીકારજે. ત્યારપછી છેવટે જે ચોથો ખંડ આવે તેને પણ તું સારીરીતે તપાસીને જોજે. આ ચારમાંથી એક પણ જોયા કે અનુભવ્યા વગર રેહેશે, તો તારી ઘણી ખરી લીધેલી મહેનતમાં તું નિષ્ફળ નિવડવાનો. માટે તું કાંઇપણ જોવાનું કે અનુભવવાનું બાકી રાખીશ નહિ. હું જરૂરને વખતે તારી સહાયમાંજ રહીશ. એમ

કહી થોડેક દૂર રાજપૂત્રની પાછળ પાછળ ચાલી, તે અંતર્ધાન થઇ ગઇ. રાજપુત્ર પોતે દેવાંગનાની કૃપાનો પાત્ર છે, એવું જાણી મનમાં મગ્ન થતો આગળ ચાલ્યા કરતો હતો. તેણે થોડું ચાલ્યા બાદ પાછુંવાળી જોયું, તો આ દેવાંગના તેને જણાઇ નહિ. તેથી તે રાજપુત્ર આશ્ચર્ય પામી અંદેશો કરવા લાગ્યો કેઃ—રખેને, કોઈ આ વનની દેવી અથવા કોઇ બીજા પ્રકારનો છળ તો નહિ હોય! પણ તેમ હોયતો તે મારા હિતની શિખામણ મને શા માટે આપે? હશે, જેમ હોય તેમ પ્રભુની ઇચ્છા મુજબ થવાનું છે, તે થશેજ. એમ ધારી તેણે બતાવેલે માર્ગે ગતિ કરતાં ચાર દિવસમાં તે અસલ મુકામે જઇ પહોંચ્યો.

પછી આ રાજપુત્ર દીઠેલે રસ્તે થઈ મહેલમાં દાખલ થયો. પેલા ઘોડાની જગ્યાએ જઇ તપાસ્યું, તો જીન અંદરના છૂપા ખાનામાંથી એક ચોકડું એને હાથ આવ્યું. તે વાગ પકડી ઘોડા ઉપર ઘોડાને મુખે ચોકડું ચઢાવી બેઠો. પ્રથમની માફક તેણે કુંચી ફેરવી એટલે ઘોડો ઇશારા પ્રમાણે ગતિ કરતો પાસેના જંગલમાં મુસાફરી કરીને અસલ જગ્યાએ પાછો આવ્યો. આમાંતેને કાંઇપણ નવાઇ જણાઇ નહિ. પણ તેના પ્રથમના નવાઇ જેવા અચિન્ત બનાવ ઉપરથી તેને વિચાર આવ્યો કે આનો હેતુ કાંઇ બીજોજ દેખાય છે.

આ ઘોડો એ વખતની મુસાફરીના અનુભવ ઉપરથી મને એજ સૂચવે છે કેઃ—તારા મનરૂપી ઘોડાને પ્રથમની મારી મુસાફરીની રાહે ઇચ્છામાં આવે તેમ પ્રવૃત્ત થવા દેઇશ, તો ગમે તેવી વિટમ્બણામાં તારે ફસાવવું પડશે. પણ જો તે મનરૂપી ઘોડાને નિગ્રહરૂપી ચોકડું ચઢાવીને મર્યાદાની રાહે વ્યવહારમાં તું પ્રવર્તીશ, તો સરળ અને સુખરૂપ સીધી રીતે તું પ્રસાર થઇ શકીશ. હવે આગળ આ ચારિત્ર શિક્ષણના ભંડારરૂપ મેહેલમાં શું જોવાનું આવે છે, તેમાં શાશા ભેદ સમાય છે, ઇત્યાદિ જે જોવાનું આવે તે આપણે જોઇએ.

આગળ ચાલતાં એક પહેલો ખંડ આવ્યો. તેમાં નાના પ્રકારનાં પુસ્તકો વિગેરે સાહિત્યો મૂકેલાં હતાં. તે સરસ્વતી મંદિરમાં તેનું અવલોકન કરી આગળ જુવે છે, તો બીજો ખંડ આવ્યો. તેમાં અનેક પ્રકારનાં દ્રવ્ય ઉપાર્જન કરવાનાં સાધનો તૈયાર હતાં. તેનું સારી રીતે પ્રતિપાદન કરીને આગળ ચાલે છે તો, એક ત્રીજો ખંડ આવ્યો. તેનો

દેખાવ અતિભવ્ય અને રમણીય હતો. તેનો ચોક સુંદર અને નમુનાદાર શોભાથી ભરપુર હતો. લીલાં પલ્લવથી તથા પુષ્પોથી મનને આનંદ આપે તેવા અનેક રોપાઓ કુંડાઓમાં રોપીને હારબંધ ગોઠવી સુંદર બગીચાની રચના અધિક મનહર કીધેલી હતી. વચ્ચે એક હોજ હતો તેમાં ફુવારાની અનેક આકૃતિઓવડે જળની ધારાઓ વહેતી હતી. કોઇમાં છત્રના આકારે જળનું ગમન થતું હતું. તેમાં સૂર્યનાં કિરણ પરાવર્તન થવાથી ઇંદ્ર ધનુષ્યનો દેખાવ સૂર્યમાં રહેલા સપ્તરંગોથી જણાતો હતો. વળી તે ચોકમાં વિવિધ જાતનાં પુષ્પોથી ભરપુર વેલોથી છવાયેલા મંડપો, શોભામાં અને શિતળતામાં વધારો કરી રહેલા હતા. એ મંડપોની નીચે નાના પ્રકારની આકૃતિવાળાં સુવર્ણનાં, રૂપાનાં, મણિનાં અને માણિકયમય કારીગીરિથી સુશોભિત આસનો અને ઉદ્યાનો રચી રાખેલાં નિયમિત જોવામાં આવતાં હતાં. એ ચોકમાં થઇ આ રાજપુત્ર એક દીવાનખાનામાં પ્રવેશ કરવાની વૃત્તિ કરી નજર કરે છે, તો તેની મધ્યમાં અનેક સ્ત્રીઓની વચમાં, કિંમતી જવાહીરથી પરિપૂર્ણ નકશીદાર હિંદોળાપર, ઉત્તમ રેશમી સુવાળી અને નરમ કુમાસદાર તળાઇ ઉપર, સ્વચ્છ સફેદ વસ્ત્ર સહિત બીછાવેલી શય્યા ઉપર, એક નવ કુમાર તારૂણ્ય અવસ્થાનો ઉદય પામતી, ઉર્વશી મેનકા કિંવા રંભા અથવા ઈંદ્રાણીથી અધિક સૌંદર્યવાન, સુકુમાર લાવણ્યવતી બાળા ઉશીકે હાથનો ટેકો દઇ, એક પાસાભેર સુતી સુતી સખીઓ સાથે વાત કરતી હતી. પૃથ્વી રસાતળ જતી વખતે ભગવાને વરાહરૂપ ધારણ કરી દાંતથી પકડી રાખેલી અધ્ધર લટકતી પૃથ્વીપેઠે તે વખતે એની સ્વભાવિક પણ ગાંભિર્યવાન હાસ્ય છબી શોભતી હતી. કિરણ સમૂહના પુર ઉપર તરતી હિંદોળાખાટના ચલન વ્યાપારથી આ બાળા ક્ષીરસાગરના જળ તરંગો ઉપર તરતી શય્યા ઉપર સાક્ષાત્ નારાયણ ભગવાનની પ્રતિ ક્રિયા કરતી, ભગવાન શ્રી નારાયણની અર્ધાંગના શ્રી દેવી, સાક્ષાત્ લક્ષ્મીદેવી જેવી જણાતી હતી. એ બાળાની સેવા નિમિત્તે અનેક શુભ સંસ્કાર પામેલી તેની સામે અનિમિષ નજરે જોતી, જાણે શો હૂકમ થાય છે, તે સાંભળવા આતુર હોય તેવી રીતે ઉભેલી, સ્ત્રીઓ તેના સુંદર સ્વરૂપથી ઉદ્ભૂત કિરણ પ્રભાનું આંખે વડે કરીને જાણે પાન કરતી હોય તેમ જણાતું હતું. એથી કરી એના ઐશ્વર્યનો અધિક પ્રતાપ દિસતો હતો. એ ભુવન અષ્ટદળનું હોવાથી

તેના આઠ ખૂણા ઉપર આઠ રત્ન જડિત સુવર્ણમય દ્વાર મૂકેલાં હતાં. તે દ્વારોમાં થઇ આવતી જતી સુંદરીઓ તેના સુખ ઉપભોગની ક્રિયાઓ કરતી જણાતી. કોઇ હસ્તમાં ઉત્તમ કારીગીરિથી ગુંથેલી પુષ્પની માળાઓ ગ્રહણ કરી આવીને સન્મુખ ઉભી હતી. કોઇ ઉત્તમ ચંદન ઘસી સુવર્ણના પાત્રમાં ધરીને ઉભેલી જોવામાં આવતી હતી. કોઇ હાથમાં મલીયાગર ચંદનના કાષ્ટના કારીગીરિથી બનાવેલા પંખા લેઇ પવન નાંખતી જણાતી હતી. કોઇ તાંબુલની બીડીયોનો મણિમુકતાથી જડિત ડબો એક હાથમાં રાખી તેમાંથી એક હસ્તથી તેને આપવા તાંબુલની બીડી ગ્રહણ કરી ઉભેલી જણાતી હતી. કેટલીએક કંકણ ધારણ કરેલી યુવતિઓ હસ્તમાં રત્ન જડિત ચામર ઉડાડતી હતી. તેથી તેના કંકણનો મધુર તીણોરવ વૈભવનું ગાંભીર્યપણું દર્શાવતો હતો. કેટલીએક નાના પ્રકારના વાદ્ય હાથમાં લઇને અને કેટલીએક ખોળામાં પોતાની પુત્રી સમાન વીણા લેઇને શુર મેળવતી, મુખ અને કાન વીણા તરફ ઢાળીને યોગ્ય ક્રિયા કરતી હતી. તે ઉછંગમાં રાખી પોતાની પુત્રીને હાથવડે જાણે ગલીપચી કરીને મુખવડે જાણે ચુંબન કરવા જતી, ઉમંગથી રમતી બાળા શું કહે છે તે શ્રવણ કરવા, કાન ધરતી, માતાના સમાન જણાતી હતી. પછી તે વીણા બાલકના સમાન ઝીણા સુરથી તતથૈ તતથૈ તતથૈ અવાજ કરીને જાણે બાળાભાવ બતાવી માતૃભાવ જણાવતી માતાને નૃત્ય કરતી ને કરાવતી હતી. એવા ઠાઠવાળા અનેક વૈભવની સાથે પરંપરાની ઉચ્ચ સ્થિતિવાળા ભોગ ભોગવતી દેવકન્યા તેણે દીઠી. આ વખતની તેની સુંદર મૂર્તિની શોભાનું અવલોકન કરતાં જે ખંડમાં એ અભ્યુદય મૂર્તિ બિરાજે છે, તે ખંડના અષ્ટ ખુણાઓ ઉપર રત્ન જડિત દિક્પાળોની પ્રતિમાઓ ઉપર તેનું પ્રતિબિંબ પડતું જણાતું હતું. તેથી જાણે પોતપોતાની દિશાઓમાં ગતિ કરાવી તેને કોઇ પુન્યવાન લોકમાં એથી અધિક વૈભવ ભોગવવા દિક્પાળો લઇ જતા હોય, તેમ જણાતું હતું. તે મણિમય સ્તંભોમાં તેનું પ્રતિબિંબ પડતું, તેથી જાણે અહીંથી તમે દિક્પાળો તરફ જશો નહિ, એમ કહી તેને પોતાના હૃદય સાથે સ્તંભો ભેટી રાખતા હતા, એવું જણાતું હતું. વળી એ ખંડની ભૂમિ સુવર્ણમય તેમ મણિમય અને સ્ફટિકમય હોવાથી જ્યારે તે ભૂમિ તરફ મુખ રાખી હાથ લટકતા મૂકી હિંદોળાપર રહી નીચે નિહાળતી, ત્યારે ભૂમી ઉપર

મણિરત્ન ઇત્યાદિથી ભૂષિત અપ્સરાઓની પ્રતિમાઓમાં એની છબી અંકિત થતી. તેથી જાણે એ અપ્સરાઓ તેને લઇને સ્વર્ગમાં ઉડવાની તૈયારી કરતી ગમનાભિલાષી હોય તેમ જણાતું હતું. વળી જ્યારે તે ચતું મુખ રાખી છાતીપરના એકાવલી હારપર હાથ ધરી સુતી, અને આકાશ તરફ ભુવનના મંડપમાં જડેલી શુદ્ધ બીલોરના એકજ આરસાથી મણિરત્ન મુક્તાથી બાંધેલી કિનારીવાળી છટમાં તેનું પ્રતિબિંબ પડતું, ત્યારે તેમાં પડતા પ્રકાશ કિરણોને લીધે તે જાણે સ્વચ્છ જળથી ભરેલું આકાશ ગંગાનું હ્રદય હોય એમ જણાતું હતું. તેમાં આ કુમારિકાનું પ્રતિબિંબ પડતું હતું. તેથી જાણે સાક્ષાત રતિ સ્વરૂપ ધારણ કરીને છાતી સાથે સ્તનરૂપી બે તુંબી ફળ બાંધીને તરવાનું તે અધ્યયન કરતી હોય, તેમ જણાતું હતું. સ્ફટિકની ભિંતોમાં જડેલા આરસાઓમાં જાણે તેને વસવાની જગ્યા આપી હોય, તે પ્રમાણે તે પોતાની પ્રતિ ક્રિયા કરતી તેમાં જણાતી હતી. એવાને એવા અનેક વૈભવોનો સુખ ભોગ અને વિલાસ ભોગવતી તરૂણીને તેણે જોઈ, તો તેના અંગના અવયવો મનોહર દિસતા હતા. તેનું આખું અંગ સોનાની વેલ સમાન શોભી રહ્યું હતું. અને તેના અવયવરૂપી ફૂલથી વિકાસી રહેલું તે દેખાતું હતું. તેનું અતિ સુંદર મુખ જોવાને અર્થે તેનો સ્તન ભાગ તેના મુખનું અવલોકન કરવા જતાં વચ્ચે ઉંચો વધીને આડે આવતો હોવાથી એના મુખચંદ્રનો ભાસ ન થવાને લીધે તેવું દુઃખ ન સહન થવાથી ઇર્ષાથી જાણે તેનો કટિભાગ સૂકાઈ જતો હોય તેમ કૃશતા ધારણ કરતો હતો. અને તેની નાસિકા મુખચંદ્રની ઉપર તીલ પુષ્પ સમાન રહેલી માનથી વારંવાર ફૂલાતી અવયવોમાં શ્રેષ્ટ પદ ધારી રહેલી હતી. તેમજ તેની ભ્રૂમંડળની છાયા નીચે ખંજન પક્ષીના જેવી ચપળ આંખોની શોભાથી અને ખૂણા તરફ જતી કીકીવડે જોવાની રીતિએ કરીને આ રાજકુંવરના મનમાં જાણે હાલજ વરસા રૂતુને પ્રાપ્ત કીધી હોય તેવો ભાસ દેખાવા લાગ્યો. આ નવયૌવન રંભાનાં જળધાર કટાક્ષનો એકી ધારારૂપે પડતો પ્રવાહ આ રાજકુંવરની પ્રથમ દૃષ્ટિએ આવતાંજ તેના જીજ્ઞાસુ અંતઃકરણમાં શતધા છેદ પાડી ઘાયલ કરી દેતો હતો. જેમ વર્ષાઋતુમાં મેઘ વૃષ્ટિની પડતી ધારાઓ પંથીને ગભરાવી તેને કોઇનો આશ્રય લેવા ફરજ પાડે છે, તેમ આ રાજકુંવર પોતાના મનમાં એ લાવણ્યવતી સુંદરીનો

આશ્રય લેવા લાગ્યો. તેથી એને તેની આંખોમાંથી ચપળતા પૂર્વક જણાતો પ્રેમ, હાવભાવ ઇત્યાદિ સાનમાં ચપળાનો ભાવ આશ્રય કરાવતો હતો. તેની આંખ વચ્ચે આવેલો કીકીનો કાળો ભાગ મેઘ ઘટાનો ભાસ બતાવતો હતો. બાકી આંખમાંનો શ્વેત જગ્યાનો ભાગ આકાશમાં ગતિ કરતા હંસો અને બગોની પંક્તિ સમાન જણાતો હતો. તેના યૌવનનો સારંગ તે એકંદર સારંગનું રૂપ ધારણ કરી રહેલો હોય તેવો ભાવ પ્રગટપણે ઉત્પન્ન કરતો હતો. એવું આ અપૂર્વ અને અલૌકિક પ્રેમનું સ્વરૂપ હોય તેવી આ કન્યાને પ્રથમ અવલોકન કરતાંજ આ રાજકુંવરના મનનો ભાવ પરવશતા પામવા લાગ્યો. આ રાજકુંવરને એ મનોહર કન્યાએ આવતો જોઇને, તથા તેના કંઠમાં પહેરેલી ફુલની માળાને અવલોકી, રાજકુંવર અને તેની પરસ્પરની નજર સંયુકત થતાં, આ રાજકુંવરનું અતિ સુંદરતાવાળું સ્વરૂપ નિહાળીને, આ સ્રીના મનમાં મન્મથે નવીન અભિલાષા ઉત્પન્ન કરી દીધી. તેથી જાણે તે પરવશ થતી હોય, અથવા જાણે હૃદય શૂન્ય થતી હોય, વા મુગી હોય, કિંવા શરીરમાં તેને કંઇ કંપ થઇ આવ્યો હોય, તેવી દશા તે ભોગવવા લાગી. પ્રેમનું પરાવર્તન થવાને લીધે રોમોદ્‌ગમ થવાથી તે જાણે બે આંખે નિહાળી તૃપ્તિ ન પામવાથી રૂવાંટીરૂપે હજારો આંખો ધારણ કરીને જોતી હોય એવું તેને ભાસવા લાગ્યું. એ વિદુષી કન્યાની આંખોમાં પ્રેમના ઉમળકાથી હર્ષાશ્રુ ભરાઈ આવવાને લીધે સજળ થયેલાં નેત્ર વતી સ્ફુટપણે એતું મનોહર મુખડું ન જોવાયાથી તેટલી વખત તે અંધતાનું દુઃખ અનુભવવા લાગી. કામની અંતર્ગત ઉપજેલી પ્રેમ ભાવનાની સ્પૃહાને લીધે શરીરે સ્વેદ થઈ આવવાથી છાતી ઉપર લાગેલાં જળબિંદુ લૂછવા એ બન્નેની વચ્ચે તેને આડો હાથ લાવવો પડયો, તેથી તે વિયોગ દુઃખ ભોગવવા લાગી. એવી રીતે અપૂર્વ પ્રેમવૃત્તિ ઉત્પન્ન થવાથી એક એકતો અંદર રહેલી મનોભાવનાથી સજડ જડાઈ ગયાં કે જેથી કરીને પરિચય વિના પણ સંભાષણ કરવાની તેમને જીજ્ઞાસા ઉત્પન્ન થઈ. વળી ગુરૂજન તથા માતાપિતાના અનુમોદન સિવાય પણ અન્યોઅન્ય મનોમન જાગૃત થએલા અપૂર્વ ભાવને લીધે પરસ્પર પોત પોતાનાં હૃદય અર્પણ કરવા લાગ્યાં. એટલામાં એ કન્યાએ જ્યારે વધારે ઉજાસ મારતી પોતાની આંખે આ રાજકુંવરને સન્મુખ આવતો જોયો ત્યારે વેગળેથી

જ તુરત બંધનમાં પડેલી હાથણીની પેઠે પ્રેમ બંધનથી બંધાયલી હોવાથી પોતાના અંગની ચેષ્ટા કરતી કરતી ઉતાવળથી ઉઠવા જતાં પોતાના શરીર પર ઓઢેલું વસ્ત્ર છાતી ઉપરથી ખસી ગયેલું હોવાથી તેને ઢાંકવા પોતાના હસ્તવડે વસ્ત્રના છેડાને બદલે છાતીપર આવેલા મોતીના હારની કિરણ પ્રભાને સ્તન ભાગપર ખસેડી લાવવા જતી હતી. અને પોતાનો ડાબો હાથ જમીન ઉપર મૂકીને હીંચતી હોવાથી ઓચિંતાં ઉઠતાં પ્રકાશમાન ભૂમિતળ ઉપર પોતાની પ્રતિમા પડેલી હોવાથી તેની પાસે જાણે પોતાની સખીના વરાંસે ટેકો માગતી હોય તેમ ઉઠવા જતી વખતે પોતાના શિરના છૂટા પડેલા કેશનો હાથેવતી અંબોડો વાળતાં થાકી ગયેલા હસ્તને પરસેવો વળવાથી જાણે જમણે હાથે જળ લઇ એ કુંવરને પોતાનું દાન કરતી હોય એમ સ્વાભાવિક મનસ્વી કલ્પના કરવા લાગી. વળી તે કન્યા પોતાના ગાલ ઉપર પડેલી કર્ણમાં પહેરેલી અંકોટીની રજ ધોઇ નાંખતી નાંખતી જાણે આ રાજકુંવરની પ્રતિમાને વસવાની જગ્યા આપતી હોય તેમ, ચેષ્ટા કરતી, અને પોતાની અણીઆળી આંખમાં ખુણા તરફ જતી કીકીવડે રાજકુંવરના મુખ તરફ એકજ દ્રષ્ટિ રાખીને, ઉભી થઇ, આવેલા કુંવરને આવકાર આપવા પોતાની પાસે ઉભેલી દાસીને સુવર્ણમય આસન આપવા ઇશારત કીધી. તે પ્રમાણે તેણે આસન લાવીને મૂકયું. તેને આ રાજકુંવરે હાથેવતી સ્પર્શ કરીને માન્ય કરતો હોય તેમ જણાવીને તેના ઉપર નહિ બેસતાં પાસે બિછાવેલા ગાલીચા ઉપર બેઠો.

પછી આવકાર આપવાની યોગ્ય ક્રિયા થઇ રહી, એટલામાં એકપ્રતિહારીએ આવી આ રાજ્યકન્યાને તેની માતાએ કહાવેલો સંદેશો કહેવા લાગી કેઃ—આજ ઉત્સવનો દિવસ હોવાથી રાજમાતાએ આપની કુશળ ખબર લેવાને પોતે અહીં આવવાનું અને આપને સાથે લઇ દેવાર્ચન કરવા જવાનું તથા એક રાત્રિ રાજ મહાલયમાં પોતાના સમાગમમાં રાખવાનું કહાવ્યું છે. માટે આપ તત્પર થઇ રહો, એટલા માટે મને અગાઉથી ખબર આપવા સારૂ મોકલી છે.

આ ખબર સાંભળી તે કન્યાતો પોતાના મન સાથે વિમાસવા અને ગભરાવા લાગી, એટલા માટે કે જો રાજમાતા અહીં આવશે તો આમની આગતા સ્વાગતા ગુરૂજનની રૂબરૂમાં કરતાં અસભ્યતા જેવું ભાસશે, અને

જો અવગણના કરવામાં આવેતો આ મનના માન્યા રાજકુંવરનું અપમાન થાય, અને તેમને અહીંથી ઉઠી આઘે પાછે જાઓ એમ કહેવું એતો મોટો અવિનય કહેવાય. એવું ધારીને સમયને ઉચિત કરવું ઘટે છે, તેમ વિચારીને પોતાનું હૃદય તેમજ એક પોતાની વિશ્વાસુ દાસી એ બન્ને આ રાજકુંવર પાસે મૂકીને પરિજન સહિત પોતે પોતાની માતા સામે ત્વરાથી મેહેલના દરવાજા બહાર આવી ઉભી કે તુરતજ માતાની સ્વારી આવી પહોંચી. બન્ને જણ યથાયોગ્ય પરસ્પર ભેટી એક બીજાનું કુશળ પૂછી સાથે સાથેજ અશ્વરથમાં સ્વારી કરી દેવાર્ચન કરવા અહીંથીજ પરબાર્યાં ચાલ્યાં. આ કુંવરીતો મનમાં રાજકુંવરનું ચિંતન કરતી, માતાની પાસે બેઠી છે છતાં, હૃદય શૂન્ય હોય તેમ દેખાતી હતી.

હવે અહીં મેહેલમાં રાજકુંવર આ દાસીની સાથે વાતચિત કરતાં પૂછવા લાગ્યો કેઃ—આ એકાન્ત આવાસ કોણે બંધાવ્યો છે ? અને આ રાજકન્યા તે કોનાં પુત્રી છે? અને એમને અહીં રહેવાનું કારણશું? તથા પેલી ફૂલનીમાળા મૂકી રાખવાનો હેતુ શો? તે માળાને કોણ પરિગ્રહ કરતું હતું, ઈત્યાદિ પ્રશ્ન કીધા. તેનો ખુલાસો કરતાં આ દાસી કે જેનું નામ રસિકરાગિની હતું તે બોલીઃ—

અહીં જે રાજકન્યા આપે જોયાં તે અહીંથી દશ કોશને અંતરે આવેલા દર્શેદ્રિય નગરના સુસ્વભાવ નામે નાગલોકના પાતાળના રાજાની પુત્રીછે. એ અલૌકિક નાગકન્યાનું નામ શાન્તિપ્રભા છે. એ કુંવરી અહીં સમુદ્ર તીરે એક દિવસ વિહારને અર્થે આ સમુદ્રને મળતી ગંગાના ત્રિવેણી સંગમમાં નદીના જળમાં જળક્રીડા કરતાં હતાં તે વખતે એ જળપ્રવાહમાં તરતું અને તણાતું એક અતિ પરિમળવાળું અનુપમ પુષ્પ તેમણે આવતું દીઠું. તે સુપુષ્પ શોભામાં અતિ સુંદરતાવાળું હતું. તે જોઇને તેણે ઉત્કંઠા પૂર્વક ગ્રહણ કરી લીધું. તેટલામાં વળી એક સફેદ અને સુકોમળ અન્ય જાતિનું પુષ્પ આવતું તેણે જોયું તેપણ તેણે લીધું. એમ એક પછી એક પુષ્પો આવતાં જોઇને તે ક્યાંથી આવેછે તેનું મૂળસ્થાન શોધીકાઢવાને તેને અતિ લાલસા થઇ આવી. તેથી તે નદીના પ્રવાહને રસ્તે અહીંઆં જે મેહેલમાં આપ બેઠાછો એ મેહેલની પાસે આ નજીકમાં એ નદીનો જે ઘાટ નજરે પડે

છે ત્યાં સુધી તે આવીને જુએ છે, તો મહિતળ ભેદીને પાતાળમાંથી નિકળતા જળવમળના ભ્રમરની સાથે એક એજ જાતિનું પુષ્પ નિકળતાં એમણે જોયું. એ પણ લઈ લીધું. હવે અહીંથી આગળ એ બાબતનો વધુ શોધ લાગવાનો નથી, એવું એમને માલમ પડવાથી પોતે અહીંજ અટકીને તેમજ સ્વાભાવિક તેમનો એ પુષ્પો ઉપર અત્યંત મોહ ચોંટેલો હોવાને લીધે એ પુષ્પોની એમણે અહીંને અહીં એક અતિમનોહર માળા રચીને તે પોતાના કંઠમાં ધારણ કરી દીધી. અને પિતાના આવાસ પ્રતિ સખી મંડળની સાથે આનંદ પૂર્વક પધારીને બાળ ભાવે ખેલતાં હતાં, એ સમે એ માળાથી તેમનું સુંદર સ્વરૂપ અતિરમણ્ય દિસતું હતું. એવી રીતે માતાપિતાના મંદિરમાં તે આનંદથી મહાલતાં હતાં. એવા સંજોગમાં એમના પિતાના સદનમાં જ્યાં આ કુંવરી માતાપિતાના મનનેસંતોષ આપતી તેમના સમક્ષ કુમારિકાઓને રૂચતી નાનાપ્રકારની રમત રમતાં હતાં, ત્યાં આગળ એક પૂજ્ય અને પવિત્ર મહાભાગ સુભાગી નામના ઋષિ પધાર્યા. જેમનો અતિસત્કાર કરીને રાજાએ એક સુવર્ણમય આસન મંગાવી આપ્યું, ને બેસવાની વિનંતિ કીધી. તે આસન ઉપર મુનિ પોતાની પાસે રાખેલું દર્ભાસન નાખીને બિરાજ્યા, અહીં આ કન્યાને આનંદથી રમતી જોઇને તેનાં સામુદ્રિક શુભ લક્ષણોને નિહાળી એ કન્યાના ભવિષ્ય માટે મહારાજાએ બે હાથ જોડી વિનંતિ પૂર્વક પૂછવાથી ત્રિકાલદર્શી મહાભાગ ઋષિમહારાજ જ્ઞાનદ્રષ્ટિવડે જોઈને કહેવા લાગ્યા કેઃ—રાજા, સુખ દુઃખ એ મનનો વ્યાધિ છે. અને એ મનવડે કલ્પેલા સુખ કે દુઃખનો ડાહ્યા માણસો હર્ષ શોક ધારતા નથી. માણસને સંપત્તિ વિપત્તિ, ભોગ અને હાનિ, આયુષ્ય કે બળ, અનુકુળ વા પ્રતિકુળ અવસ્થા, પુત્ર કે પુત્રી, સ્વામી કે સ્ત્રી, મિત્ર કે સંબંધી, એ સર્વે જેમ ઋતુ પોતપોતાને સમયે કાળે કરીને જોઈતાં ફળ ફુલ ઇત્યાદિ સાધનો વગર પ્રયાસે પૂરાં પાડે છે, તેમ ઈચ્છા કર્યા વગર પણ એનીમેળે પૂર્વનાં સંચિત કર્મે પ્રાપ્ત થાય છે. તેનો માણસ કર્તા ભોક્તા હુંજછું એમ માનીને માનસિક ઉપાધિ વહોરી લે, તો તે સુખી કે દુઃખી મનાય છે. બાકી જો કર્મના સાક્ષી તરીકે અલગ રહી કર્મના ફળનો પરિહાર કરે, તો તે લેશમાત્ર દુઃખ પામતો નથી. એવી વૃત્તિવાળા માણસને જ્ઞાની એવી સંજ્ઞા મળે છે. માટે એવા જ્ઞાનવડે આ કન્યાના ભવિષ્યને તમારા પૂછવાથી કહુંછું તે સાંભળો.

એ કન્યા પોતે ઇચ્છા વર વરશે. વળી એણે પહેરેલી આ પુષ્પની માળા તે તેના પૂર્વના સંચિત કર્મના ઉદયના હેતુ રૂપ છે. એ કન્યા જે વરને વરવાની ઇચ્છા કરશે, તેનુ આયુષ્ય તેના પ્રથમ સમાગમેજ નિવૃત્ત થએલું મનાશે. એવું વિપરીત ભવિષ્ય દેખાય છે પણ જ્યારે તે પોતાનું પૂર્વ વૃતાંત એમનો સંજોગ મેળવી આપનાર દેવને મુખથી સાંભળશે ત્યારે તેને પરિણામે વિજય—શાન્તિ મેળવશે. જ્યારે એ પ્રકારનું ભવિષ્ય એ કન્યાના પિતાએ ગુરૂમુખે તેને ઇચ્છાવર વરવા સંબંધી સાંભળ્યું, ત્યારે તો તે સહેજ શંકાશીલ થયા. કેમકે પિતાના ધર્મ પ્રમાણે બાળકનું હિતાહિત જોવામાં એમને એમ ભાસ્યું કે એ કન્યા ઉચ્ચ કે નિચ કુળનો સજ્જન કે દુર્જન કોણ જાણે કેવાય પતિને પસંદ કરશે તો એને નઠારો પતિ મળે તો પસ્તાવાનું થાય એમ ધારી ફિકર કરવા લાગ્યા. પરંતુ જ્યારે છેલ્લા શબ્દ તેમણે સાંભળ્યા કે એમ થવામાં પણ એ કન્યાનું અનિષ્ટ જણાયછે ત્યારે વિચારીને રાજાએ મન સાથે નક્કી કર્યું કે એને એની મેળે વર પ્રાપ્ત થઇ શકે એવો પ્રસંગ ન આવે એવી રીતે એ કન્યાને રાખવી, એવા હેતુથી કે કોઇ પણ પુરૂષનો તેને તેની ઇચ્છાથી મેળાપ થવા દેવો નહિ. પણ હું પોતેજ એને માટે યોગ્ય ગુણ શીળ અને સારા કુળ વાળો વર શોધી પરણાવીશ એટલે તેના ભવિષ્યને લગતું કાંઇ થશે નહિ, એવો ઘાટ મન સાથે ઘડયો. થોડી વાર ઋષિ મહાભાગના સમાગમનો લાભ લેઇ બીજી શાસ્ત્ર ઉપનિષદ્‌ની તેમજ રાજનીતિના ધર્મની ચર્ચા કરી એટલે ઋષિએ ઉડવાની વૃત્તિ કરી. ને રાજાને ભોજનનો સમય થયો એટલે પૂજા વિધિથી ઋષિ મહાભાગનો આતિથ્ય સત્કાર કરી બન્ને ભોજન શાળામાં સ્વજન મંડળને લેઇ જમવા પધાર્યા. જમી પરવારી મુખવાસ લેઇ ઋષિ મહાભાગ રાજાને શુભ આશિર્વાદ આપી વિદાય થયા. રાજા પોતે એમને સદ્ભાવ બતાવતા દ્વાર સુધી વળાવીને પગે લાગી પાછા ફર્યા. હવે ત્યાર પછી આ કન્યાને માટે આ એકાન્ત આવાસ કરાવી સુખનાં અનેક સાહિત્યો વસાવી રાખતાં તેમને અહીંજ રહેવાનું નિર્માણ કરી આપ્યુંછે. તે કન્યા, યોગ્ય ઉમરે પહોંચ્યાથી પોતાના સંકેત વિરૂદ્ધ તથા ભાવિ ઉપરાંતની પિતાશ્રીની હઠીલી યોજનાને તે ખેદથી જોવા લાગ્યાં.

એમના પિતાએ દેશ દેશાન્તર શોધ કરાવી યોગ્ય વરની ગણત્રી કરી બતાવી. પણ તેમાંથી કોઇનાપર પણ આ કન્યાની અભિરૂચિ થતી ન હોવાને લીધે તેણે પોતાના પિતાને સખીદ્વારા જણાવ્યું કે:— મારી ઇચ્છા ઉપરાંત કોઇ વરને મને પરણાવશો, તેથી હું કાંઈ સુખ મેળવવાની નથી. તેમ વિધાતાના ટાંક ફેરવવા એ કોઈના હાથમાં નથી. તેથી આ પુષ્પની માળા જેનો મહિમા અવર્ણનીય છે, જે સદાકાળ કરમાયા વગરજ આમને આમ રહી છે તેવી રહેશે. એ દેવઇચ્છાથી પ્રાપ્ત થએલી માળા હું એક જગ્યાએ નિર્માણ કરી રાખુંછું તેને દૈવઇચ્છાથીજ કોઇના પણ સંકેત વગર જે પુરૂષ એનીમેળે પોતાના કંઠમાં ધારણ કરી લેશે તેજ પતિ મેં મારા મનથી કબુલ રાખેલ છે, તો આપ એ વાતની સંમતિ આપશો. પછી એ બાબતમાં મારૂં ભાવિષ્ય ઇષ્ટ વા અનિષ્ટ નીવડે તોપણ હું નિશ્ચળ રહી તેનુંજ ચિંતન કરતી રહીશ. માણસનું આયુષ્ય એક પળને માટે વા યુગાન્તરને માટે નિશ્ચય ઠરેલું નથી. તો પછી તે યુગાન્તર જીવીને કિંવા એક પળ તેના સમાગમમાં રહીને તેટલાથીજ મારૂં જીવિત સાર્થક માનીશ. એવો નિશ્ચય કરી એ ફૂલની માળા તેણે આ મેહેલના બગીચામાં એક શિખરબંધ ચોપાટી મધ્યે આરસની શિલાતળ ઉપર મૂકી રાખી છે. તેને જે પુરૂષ કોઇની પણ પ્રેરણા વગર મનની ઈચ્છાથીજ પોતાની મેળે ધારણ કરશે તેજ પુરૂષને તેને માટે પ્રભુએ નિર્માણ કરેલો છે, એમ તે મન કર્મ વચનથી સ્વીકારશે. આ વાત સાંભળી રાજકુંવર તો આશ્ચર્ય પામીને પોતાના મનમાં જાણે કાંઈ અન્ય વ્યથા થતી હોય તેમ અનુભવવા લાગ્યો. જે મનમોહન મનોહર સુંદરી તેની નજરથી વિમુખ હોવાને લીધે તેની વિરહ વેદનાથી કે પૂર્વપક્ષ રાગ ઉદય થવાને લીધે તેને જાણે કાંઇ ઉન્માદ થઈ આવ્યો હોય, કિંવા કાંઈ મહા રોગથી પીડાતો હોય, અથવા કાંઇ અન્ય પીડાથી દુ:ખી થતો હોય, કે શોક સમુદ્રમાં ડૂબી જતો હોય, અને ટુંકામાં કહીએ તો સર્વસ્વ હારી બેઠો હોય, તે પ્રમાણે નિરાશ થઇ હવે પ્રાણપ્રિયા વિના જીવિત ધારણ કરી શકવાની ધીરજ રહી નથી એ પ્રમાણે મહા સંકટ ભોગવતો, કાંઇ વજ્રપાત થવાથી જેમ પર્વતનાં શિખર ટુટી પડે તેમ અથવા જેમ ધરતિકંપ થતો હોય તેમ એકદમ તેને કંપ થઈ આવ્યો. તેને લીધે બેશુદ્ધ થઇ જમીન ઉપર ઢળી પડ્યો. તેની આવી સ્થિતિ જોઇ

પાસે ઉભેલી શાન્તિપ્રભાની રસિકરાગિની નામે સહચરી કહો, કિંવા એનું બીજું અંગ છે એમ કહો, કે તેનું હૃદય કહો એવીએ દાસી તો આ બનાવ જોઈ એકદમ ગભરાઈ ગઈ. પણ આ વખત આમ કરવાને યોગ્ય નથી એમ ધારીને તુરત મન ઠેકાણે રાખી એ કુંવરને ધીરજ આપવા લાગી, તેમજ મધુર વચનોથી કહેવા લાગી કે:—શું, આતે કોઈ ધીર પુરૂષનાં લક્ષણ છે, કિંવા પ્રાજ્ઞપણાનો અવધિ છે, કે ગુરૂજન પાસેથી મેળવેલું શિક્ષણ છે, કે જેથી કરી આવો મોહ ધારણ કરો છો? અથવા તો આપનો કોપ અમારા ઉપર દર્શાવો છો? રાજકુંવર અસ્પષ્ટ વચનથી કહેવા લાગ્યો કે:—હું શું કરૂં! મારો વિનય હું સંભાળી શકતો નથી! તેમજ મનનું દુઃખ અને અંતરનો ભાવ ને તીવ્ર લાગણીનું સ્વરૂપ ચિતરવાને મારી પાસે એવી કાંઈ કલમ નથી કે તેનો ચિતાર ગમે તેવી કાબેલીયત રાખીને પણ હું પાડી આપું. આમ તેનું વિહ્વળ થએલું ચિત્ત જાણીલેઇ કુંવર જમીન ઉપર ઢળી પડેલો છે તેને શીતોપચાર કરતાં કરતાં તેણે વિચાર્યું કે:—જો એ સુંદર કન્યા જલદીથી અહીં આવી મળશે નહીં તો આ નિર્દોષ કુંવરને બચવાનો સંભવ થોડો છે, એમ ધારી ને એને એમને એમ એવીને એવીજ દશામાં એજ ગૃહમાં રાખીને એ કન્યાને તેડવા જાઉં એજ આ સમયને ઉચીત છે. એને જલદી અહીં તેડી લાવું એવું ધારીને તેણે એ મેહેલવાળા બાગના રક્ષક માળીને તેની સોંપણ કરીને અતિત્વરાથી રાજમાતાના આવાસ તરફ ગતિ કરી. થોડી વારમાં ત્યાં જઇ રાજકુમારીને આ પરિણામના સમાચાર વિદિત કરતાં તેનું જમણું અંગ ફરકવા લાગ્યું જેથી કંઇ ખબર મેળવે તે પહેલાં તેને અશુભનું ચિંતન થવા લાગ્યું. તે બોલી:—કહે, સખિ રસિકરાગિનિ, તું જલદી સમાચાર જે કહેતી હોય તે કહીદે. દાસી બોલી:— દેવિ, શું કહું તમને! હાલના મારા પરિણામની વાત ઘણી ખેદકારક બનીછે. જ્યારે તમો માતાજીને મળવા તેમની સામેથી ઉઠી ચાલ્યાં ગયાં ત્યારે તમારા ત્યાંથી જવા પછી એ જીજ્ઞાસુ રાજપુત્રના પૂછવાથી મેં આપનું વૃત્તાંત તેમને કહેવા માંડયું. એ સઘળું તેમને વિદિત કરતાં એકદમ તેમને એવો રાગ ઉત્પન્ન થઇ આવ્યો કે તે મારી નજર આગળ મુર્છા ખાઈ ધરણી ઉપર ઢળી પડયા છે. એ સિવાય બીજું કાંઈ કારણ તેમના એ નિમિત્ત જો જણાતું નથી અનેક ઉપચારો કીધા છતાં તેની તે દશા

ભોગવતા રહ્યા છે. અને નિશાસા ઉપર નિશાસાના ઉદ્‌ગારથી જાણે મહાવ્યથા ભોગવતા હોય એમ જણાય છે. છેવટ તેમનો કાંઈપણ ઉપાય મને ન સૂઝ્યો, ત્યારે દેવી તમને જલદીથી કહેવાને હું અહીં આવી છું. માટે આપને યોગ્ય લાગે તે કરો પણ જો વિલંબ થશે તો તેમના જીવિતની આશા સંભવતી નથી. આ ખબર સાંભળતાંજ તે ભાવિની વાત યાદ કરી ગુરૂજનના મુખથી સાંભળેલી વાતને સંભારી કહેવા લાગી કે:—મારા ભવિષ્યનો અને પ્રાણનો આધાર મારા મનનો માન્યો અને સૌભાગ્યનો રક્ષક મુકુટમણિ પ્રાણવલ્લભ પ્રીતમ મારૂં મન હરણ કરનાર મારી સંકેત કીધેલી પુષ્પની માળા કંઠમાં ધારણ કરનાર પુરૂષ તે એજ હોવો જોઈએ, કેમકે જો તેમ હોત નહિ તો એ કુંવરને પ્રથમ દેખતાંજ મારૂંમન સ્વભાવિકપણે તેના તરફ ઢળત નહિ કેમકે એવો અપૂર્વ ભાવ ઉત્પન્ન થવાનું ભાવિ વગર બનતુંજ નથી. એમ ધારી પોતાના અનિષ્ટને નિવારણ કરવા જેમ બને તેમ જલદીથી જવા માટે હવે માતા પિતાની તેમજ ગુરૂજન તથા લોક લાજની દરકાર કરવા જતાં મહા અનર્થ નિપજવાનો સંભવ છે. મનમાં અતિશય ખેદ ઉપજવાથી ગદગદિત કંઠ થઇજવાથી અને ખુલ્લે મ્હોએ વિલાપનો સ્વર નિકળતાં મનના ઉદ્‌ગાર લજ્જાને લીધે બહાર કાઢી નહિ શકવાથી દુરથી દગ્ધ થવા લાગી. એ વખતે એની વાણી જાણે પ્રજળતા અગ્નીમાં પડી બળી ગઈ હોય, અને અશ્રુપાતથી વહેતા નયન જળમાં જાણે તણાઇ ગઈ હોય, અને આવતા દુઃખથી જાણે થાકી ગઇ હોય એવી રીતે મનથી પીડા પામતી, અને કામના વિરહ બાણથી વિંધાઈ ગઈ હોય અને ઉપરાઉપરી બહાર નિકળતા નિશાસાની સાથે જાણે નિકળી ગઈ હોય, અને આવી પડેલી ચિન્તાથી જાણે રૂંધાઇ ગઇ હોય, તેમ કોઈપણ શબ્દ ઉચ્ચાર કરી શકી નહિ. એ તો ચિત્રની પ્રતિમાની પેઠે સ્તબ્ધજ થઈ ગઈ! અરે દેવ! ઓ માડી! આતે શું મહારે વાસ્તે એમને આવું દુઃખ સહન કરવું પડે છે! તેમની તું રક્ષા કરજે, એ પ્રકારે મનમાં હજારો તર્કવિતર્ક વિવિધ સંકલ્પ કરતી એમનેએમ રસિકરાગિનીને સાથે લઈ અતિ ત્વરાથી રાજકુંવર જે જગ્યા ઉપર પડેલા છે, તે જગ્યાએ આવી જુએ છે તો ચલન વ્યાપાર બંધ કરી દઈ સર્વ દ્વાર અડકાવી દઈ, જેમ કોઈ ઈસ્ટ જનનું

અનિષ્ટ જાણીને સર્વ ધંધાદાર લોકોને વ્યાપારી લોકો દુકાન બંધ કરી હડતાલ પાડે છે, તેમ તે કુંવરના શરીરે પણ તેના આત્માના વિયોગ નિમિત્ત દેહના સર્વ વ્યાપાર બંધ કરી શૂન્યતા પૂર્વક પ્રીતિનો હેતુ બતાવવા સારૂ એવી સ્થિતિ ધારણ કરી હોય, એમ તેને દેખાયું. એની આવી અવસ્થા જોઇ એ કુમારીની આંખે એકદમ અંધારાં આવી ગયાં અને જાણે રસાતળમાં ઉતરી ગઈ હોય તેમ તે વખતે પોતે ક્યાં આવી છે? ક્યાં ઉભી છે? આવીને પોતે શું કીધું! અને કાંઈ બોલી કે ન બોલી? તેનું પણ ભાન રહ્યું નહિ. અને કોણુજાણે મહા સંતાપ કરવાને લીધે, કિંવા પૂર્વે કરેલા દુષ્કૃતને લીધે, કે દૈવની દુઃખ દેવાની ઈચ્છા હોવાને લીધે પોતે પોતાના પ્રાણમાં ચૈતન્ય દશા છે કે નથી, એ પણ તેણે જાણ્યું નહિ.

એ પ્રકારે મુર્છિત થઇ પડી. અને કેટલીક વારે જ્યારે શુદ્ધિ આવી ત્યારે તેને એટલુંજ જણાયું કે જાણે અગ્નિમાં બળતી હોય અથવા મહાસાગરમાં બુડતી હોય તેમ જમીન ઉપર પડીને તરફડીયાં મારવા લાગી હોય. એમની અસંભવિત સુષુપ્તિ દશા અને પોતાનું જીવવું એ ખરૂ નહિ હોય એમ માનતી તે વખતે ઉઠીને ચોધાર આંસુ પાડતી આક્રંદ કરવા લાગી:—હા દૈવ! આ તેં શો ગજબ ગુજાર્યો! અરે! ઓ માતા પિતા અને મારી વહાલી સખીઓ! હવે હું શું કરીશ? એમ બુમો પાડવા લાગી. અરે ઓ પ્રાણપ્યારા! તમારા વિના મારી કેવી દશા થશે, તેનો પણ તમે વિચાર કર્યો નહિ? એનો એ મહેલ જે સખીઓના તેમજ વાદ્યના સુંદર ધ્વનિથી ગાજી રહ્યો હતો, તે થોડી વખતના રૂપાન્તરમાં શ્મશાન રૂપ ધારણ કરી કળકળાટનું ધામ થઇ પડેલો છે! એની એજ સખીઓ જે નાના પ્રકારના હાસ્ય ઉપજાવતી મારા મનને રીઝવતી હતી; તે અત્યારે મહા સંતાપમાં ભાગ લેતી રૂદન કરતી દુઃખનો વિશેષ ભાસ બતાવનાર વિષય નિવડી છે! હા! નાથ! તમે મહારાથી રીસાઇને કિંવા મારા મનની પરીક્ષા કરવાને મારા અવિનયનો ઠપકો આપવા સારૂ આ દશા ધારણ કરી હોય, તો લ્યો હું તમને પગે પડી પડીને છેડા પાથરીને તેમજ નમી નમીને અનુગ્રહ કરવા વિનવું છું તો આપ દયાળુ થઇ મારા અનેક અપરાધોની ક્ષમા કરીને મારા મનોરથ સિદ્ધ

કરો. હું અબળા જાતના અવિનય ઉપર રાંકને રંજાડવાનું આપની નીતિને અનુકુળ થશે નહિ. નાથ! કદાચ આપે એમ ધાર્યું હોય કે આ મનુષ્ય લોકના વૈભવ તુચ્છ ગણીને દેવતાઓ કે તેથી અધિક વૈભવ વાળા લોકના વૈભવ સ્વીકારવાને ગતિ કરી હોય તો તમને એકલા જવું યથાર્થ ગણાશે નહિ. લ્યો, ત્યારે તો હું પણ તમારી સાથેજ આવવા તત્પર થઇછું, તેનો સંગાત કરી સાથે લેતા જાઓ. એજ તમારી મહાનુભાવનાને દયાળુપણાની શોભારૂપ થઇ પડશે. એમ કહી જાણે કંઠે ફાંસો ખાવાના ઉદ્દેશે કંઠે ધાલેલા એકાવલી હાર તરફ છાતી ઉપર હાથ નાખી, તેને ગ્રહણ કરતી કરતી હસ્તના ભાવથી હૃદય ભેદક ઉદ્ગાર જણાવવા લાગી. આમ આક્રંદ કરે છે તેવામાં તે મેહેલની અગાશિ તરફથી ચોકમાં અંતરિક્ષમાંથી ઉતરતી વીજળીની પ્રભા જેવી સ્વરૂપવંત એક દેવાંગના પ્રકાશમાન સાક્ષાત્ પાર્વતીના જેવી અને શંકરનું જાણે બીજુ અંગ હોય તેવી સંન્યાસીને વેષે અચાનક આવી ઉભી રહી. તેણે આ કન્યાને આશ્વાસન આપી વિશ્વાસ પડે એવા ભાવ અને વચનો વડે આશીર્વાદ આપી કહ્યું:—પુત્રિ, અખંડ સૌભાગ્યને પામ. એવાં વિશ્વસનીય વચનથી આ કન્યા દેવી તરફ પૂજ્ય ભાવથી નમન કરતી ઉભી રહી બોલી:—દેવિ, આપ જેવાં મહાન જનનાં વચન મિથ્યા જતાં નથી, એમ તો હું નાનપણથી આરંભી આજ પર્યંત અનુભવતી, અને તેમાં વિશ્વાસ રાખતી આવીછું. ત્યારે આજ પણ તમારૂં આગમન અમારા હિતને અર્થેજ હોવું જોઇએ, એમ આ સમયને સંભવતું જણાયછે. એમ કહી દેવીના ચરણકમળમાં પોતાનું મસ્તક નમવી તમારે શરણુછું, એમ કહીને તે છાની રહી.

વત્સ, તું ચિંતા નકર. આ તારી પાસે સુતેલો પુરૂષ તારો પૂર્વનો ભર્તા છે, એમ તું જાણીને તેના શરીરનું તું યત્નથી રક્ષણ કર. હું તેના અને તારા પૂર્વનું વૃત્તાંત તને તેમજ સઘળી આ સમાજને શ્રવણ કરાવીશ. તે ચાલતા વૃતાંતના યોગે જેમ જેમ તમારા હૃદયમાં તેમજ આ પુરૂષની શ્રવણેંદ્રિમાં પૂર્વ વૃત્તાંત ઉતરતું જશે, તેમ તેમ તે જાગૃત દશાને અનુભવતો જશે. એ સાંભળી શાન્તિપ્રભા વિનયપૂર્વક નમ્રતાથી બોલી:— મને તમારા જેવાં દૈવી મનુષ્યોનાં વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. અને આપ

કહેશો તે હું લક્ષપૂર્વક શ્રવણ કરવા સાવધાનછું. દેવી બોલી:—ત્યારે તો બાળા સાંભળો તમારા પૂર્વ જન્મનું રહસ્ય. પ્રત્યેક પ્રાણી પૂર્વ જન્મનું વેર કિંવા પૂર્વ જન્મનો પ્રેમ જન્માન્તરમાં પણ છોડી શકતું નથી, એવી લોકોક્તિ ખોટી નથી.

પૂર્વે ગંધમાદન પર્વતની તળેટીમાં આવેલું એક નાનું સરખું અખુંજકુસુમ નામે નગર હતું. તે નગરમાં વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણને પેટે આ કુમાર અવતાર લેઈ સત્યશીલશર્મા નામ ધારણ કરીને રહેતો હતો. એજ નગરમાં વીરબાહુ નામે ક્ષત્રીને ઘેર સૌમિત્રા નામે પુત્રીરૂપ ધારણ કરીને હે સુકોમળ બાળા, તેં જન્મ લીધેલો હતો. તે સત્યશીલશર્મા અને તારા પિતાનાં ઘર એક બીજાના પડોશમાં હતાં. તમો બન્ને બાળકો સમાન વયનાં અને નાનપણથીજ સાથે સાથે રમવાના પરિચયવાળાં એક બીજાને જોઇને મનમાં સંતોષ પામતાં હતાં. જ્યારે કોઈ કારણસર તમો અન્ય કંઈ કાર્યને લીધે એક બીજાનું મુખ ન જોતાં, ત્યારે સ્વાભાવિક પણે તમે મનમાં ઉદ્વેગ ધારણ કરતાં હતાં, અને ચિંતાતુર હાલત ભોગવતાં હતાં. એમ એક મેકનાં અંતઃકરણ શુદ્ધ પ્રેમથી જોડાએલાં છતાં, સ્પષ્ટ ભાવ બહાર ન જણાવતાં, મનોમન બહુ દ્રવિત રહેતાં હતાં, અને એકમેકના દુઃખની દાઝ મન ઉપર લાવતાં હતાં. એ બ્રાહ્મણ કુમારનાં માતાપિતા તેની સાત વરસની ઉમરમાં ગુજરી ગયાં હતાં. તેથી તેના કોઈ ઇષ્ટ સંબંધીના હાથ નીચે તે ઉછરેલો હતો. એક દિવસે તું શિવપૂજા નિમિત્તે એ તારા નગરની બહાર આવેલા રમણિક વન પ્રદેશમાં શિવમંદિરે ગયેલી તે વખતે તે કુમારનું પણ તારા ઉપર અપૂર્વ સ્નેહને તેમજ સદાશિવના દર્શનના નિમિત્તે આવવું થએલું હતું. તારી સાથે તારો એક સાત વરસની ઉમરનો તારાથી નાનો ભાઈ હતો. તેને તારી આંગળીએ વળગાડી એક હાથમાં પૂજાની છાબડી ધારણ કરીને તું ઘર તરફ પાછી આવતી હતી. તે વખતે એકાંતનો સમય નિહાળી તે બ્રાહ્મણ કુમાર તારા પ્રતિ કાંઈ સ્નેહ શું મમતા શું આનંદિત મુખડે ભારત ભર્યાં વચનોથી તને વિનવવા લાગ્યો. પરંતુ તું કુંવારી હોવાને લીધે તેં તારા મનમાં તેના ઉપર પૂર્ણ ભાવ છતાં તેની પ્રીતિનું વિશેષપણે અવલંબન કરવાના હેતુથી કે કેમ જાણે તેને ખીજવવા જેવું તેં માર્મિક ભાષણ કરીને ઉપરથી દેખાતો સહજ પ્રકોપ જણાવી તું તારે માર્ગે ચાલતી થઈ.

થોડાએક દિવસો પછી તારી માતા મરણ પામી. તે પછી તારો પિતા મરણ પામ્યો. અને દૈવેચ્છાથી તારો ભાઈ પણ મરણ પામ્યો. હવે ઘરમાં તું એકલી રહી. પેલો બ્રાહ્મણનો કુમાર તારા સ્નેહમાં તારામય ચિત્તવૃત્તિ રાખીને તને વારંવાર જાચતો હતો, પરંતુ તું તારી બાલ્યપણાની હેલડ પ્રકૃતિને લીધે અથવા તારી મુગ્ધતાને લીધે, કિંવા શરમને લીધે, મનમાં પ્રેમનું સંપૂર્ણ પ્રતિબિંબ પડેલું છતાં મનનો ભાવ પ્રગટપણે જાહેર કરી દેવામાં ગભરાતી હોઉ તેમ અચકાતી હતી. જ્યારે તે કુંવરે જોયું કે તારાથી તે કાંઈ પોતાની અભિલાષા પૂરી પાડી શકે તેમ નથી, ત્યારે તે એકાએક મનમાં મહા ઉદ્વેગ પામીને પોતાનું ઘર તજી દેઈ જે શિવાલયમાં તારી સાથે તેનું પ્રથમ સંભાષણ થએલું તે સ્થળે જઈ શિવપૂજન કરીને આરાધના કરવા બેઠો. તારીજ મૂર્તિનું ધ્યાન ધરીને તને મેળવવાનું કાંઈ તેને પ્રયોજન માલમ પડયું નહિ, ત્યારે એજ શિવાલયમાં અનશનવ્રત આરંભી તેણે પોતાનો દેહ તજી દેવાનો નિશ્ચય કીધો. પણ વિધિનો સંકેત કાંઈ અન્યજ પ્રકારનો હોવાથી જ્યારે તે બ્રાહ્મણ કુમાર આમ તારામાં પ્રીતિમાન થઈ એવી નજરથી તારા પ્રતિ વર્તતો હતો ત્યારે એવાજ ભાવથી તેનામાં પ્રીતિમાન એવી એજ નગરની બે ક્ષત્રિય કુમારિકા યશોમતી અને ધિરજકુમારી એ નામની બે સગી બેહેનો તેના પ્રતિવર્તતી હતી. બાળપણથીજ સાથે બેસવું, સાથે રમવું, સાથે હરવું ફરવું, અને સાથેજ સુવું, સાથે ખાવું, સાથે પીવું, એવી રીતે એ બે બેહેનોની પ્રીતિ અવર્ણનીય હતી. એકને જે રમત પ્રિય હોય, તેજ બીજીને ગમતી. પાણી પીવાનું પણ મન થાય તો એક જણી બીજીને કહેતી:—ચાલો બેહેન, પાણી પીએ. એવા એકજ વિચારથી તેઓ વર્તતાં હતાં. તો બીજાં કામો એક બીજાના અભિપ્રાય વગર કરેજ કેમ? એવી તેમની દૃઢ પ્રીતિ જામેલી હોવાથી બંનેનાં દેખાતાં શરીર જૂદાં છતાં પ્રાણવિનિમય યોગે સંકલિત થએલાં હતાં. એમનાં માતાપિતા મરી ગયેલાં છતાં, બન્ને જણ પૂર્ણ મમતાથી પરસ્પર વર્તતાં, જગતને દ્રષ્ટાંતરૂપ અપૂર્વ સુખ ભોગવતાં હતાં. એક દિવસ બંને જણીઓ પોતાની યોગ્ય ઉમરે પહોંચવાથી પોતાના પાણિગ્રહણનો વિચાર કરવા બેઠાં. તે વખત એકએકનાં દીલ બહુ શોકાતુર થવા લાગ્યાં. તે એટલા માટે કે આપણે પોત પોતાના પતિને ઘેર જતાં એક બીજા-

થી જૂદા પડવાનો સમય આવશે, ત્યારે આપણે વિયોગ દુઃખ વેઠવાનું બહુ અસહ્ય થઈ પડવાનું તે વખત આપણી વિરહદશા કેવી દુઃખદાયક નિવડશે ? અને એ આપણું વિયોગ દુઃખ આપણે શીરીતે સહન કરી શકીશું ? એવી દશાનો આપણે તરીપાર લઇ શકનાર નથી. એમ ભવિષ્યમાં આવવાના દુઃખનો તેઓ સંતાપ કરવા લાગી. થોડીવાર વિચાર કરીને તેમાંની મોટી બેહેન યશોમતિએ કહ્યુંકેઃ—ત્યારે આપણે એકજ પતિને વરીએ, તો પછી આપણામાં કંઈપણ વિયોગ પડવાનો સંભવ રહેવાનો નથી. એમ કરવું એ હું આપણા હાથમાંજ છે. એવો નિશ્ચય કરીને તેઓ યોગ્ય પતિ મેળવવાના વિચારમાં વર્તતાં હતાં. એજ સમયમાં એક દિવસ પેલા સત્યશીલશર્મા બ્રાહ્મણ કુમારને તે બંને બેહેનોએ જોઇને તેનું સ્વરૂપ સાક્ષાત્ કામદેવની મૂર્તિસમાન અવલોકી તેનામાં ભર્તાપણાનો સંકલ્પ કરીને તેનામાં પ્રીતિમાન થઈ. બન્ને જણીએ મનકર્મ વચનથી સત્ય પ્રતિજ્ઞા કરીકે આ સિવાય આપણને અન્ય પુરૂષ યોગ્ય થશેજ નહિ. એવા દૃઢ નિશ્ચય કરીને તે કુમારને સદ્ભાવથી અને સંપૂર્ણ મમતા પૂર્વક તેને પોતાને ઘેર પધારી આંગણું પવિત્ર કરવા આમંત્રણ કીધું. જો વિધિનું કર્તવ્ય ! આ બ્રાહ્મણ કુમારતો તારામાં પ્રીતિમાનજ હતો તેથી કરીને સભ્યતાપૂર્વક પેલી ક્ષત્રિય બાળાઓને અપમાન ન પહોચે એટલા સારૂ વ્યવહારની રીતે તેમના આમંત્રણને માન આપી તેમના ઘરપ્રતિ ગયોતો ખરો, પણ પેલી બાળાઓ જે ભાવે તેને જોતી અને માનતી તેજ ભાવ આ બ્રાહ્મણ કુમારનો તારામાં રહેલો હોવાથી તેમને માટે પ્રેમની તેના અંતઃકરણમાં અવકાશ આપવાની જગ્યા રહેલીજ નહોતી. આમ વિધિનો ખેલ આવો વિચિત્ર છે ! જ્યારે આ કુમાર તને પોતાનું અંતઃકરણ માનેછે ત્યારે તેને પેલી બે ક્ષત્રિય કુમારિકાઓ પોતાનું હૃદય અર્પણ કરી બેઠેલીછે. એવા સંજોગમાં એ બ્રાહ્મણ કુમાર આ શિવાલયમાં આવો દૃઢ નિશ્ચય કરી તને પામવાની અભિલાષાએ તપ કરતો બેઠો છે- ત્રણ દિવસ તેં તેને જોયો નહિ. તેમ પેલી ક્ષત્રિયની બીજી બે કન્યાઓએ પણ એને દીઠો નહિ. ત્યારે તમો સઘળાને એની મોટી ફિકર થવા લાગી. હવે તને તારા શરમ ભરેલા આચરણને લીધે તેના પરિણામનો અતિ સંતાપ થવા લાગ્યો. તેમ પેલી બે કન્યાઓને તેના ઉપર બહુ શુદ્ધ પ્રીતિ હોવાને લીધે વિરહનો અતિતાપ થવા લાગ્યો. તેથી

કરીને હવે તને તેમજ પેલી ક્ષત્રિય કુમારિકાઓને સઘળો વ્યવહાર એક આગની જવાળા સમાન તપાયમાન કરવા લાગ્યો, અને બાવરી બાવરી ત્રણે જણી પોતપોતાના સદનમાં ભગવા લાગી. હવે તેના વિના શું કરવું? ક્યાં જવું? કોને શરણ થવું? એમ તમે વિમાસણ કરવા લાગ્યાં. એક તરફ તારામાં અને બીજી તરફ પેલી બે ક્ષત્રિય કુમારિકાઓના મનમાં પૂર્ણ રાગ ઉત્પન્ન થએલો છે. તેવા સમયમાં આ બ્રાહ્મણનો કુમાર શિવાલયમાં આગળ કહ્યું તેમ વ્રત લેઇ બેઠો છે. જ્યારે તેણે જોયું કે હવે તે કન્યા સૌમિત્રાતો મને આ ભવમાં તો મળવાની નથી, ત્યારે બીજા ભવમાં પણ મળે એવા હેતુથી શ્રી મહાદેવને પોતાના મસ્તકની કમળપૂજા કરી બીજા ભવમાં તે કન્યાનું મને પાણિગ્રહણ કરાવજો, એમ કહી તેણે શિવની પૂજાને અર્થે એજ વનપ્રદેશમાંથી બિલીપત્ર પુષ્પ ઇત્યાદિ પૂજાની સામગ્રી લાવી અતિ ભાવપૂર્વક પૂજા કરી અભિષેકનો વખત આવ્યો ત્યારે પોતાના શિરના કેશ, દેવળની મધ્યમાં શિવલિંગ ઉપર જળ અભિષેક નિમિત્તે બાંધેલી દોરી સાથે ગુંથીને પોતાનું મસ્તક, સાથે આણેલા હથિઆરવડે ધડ થકી જૂદું પાડી દેહનો ત્યાગ કીધો. એ પ્રમાણે આ શિવાલયમાં બનાવ બન્યો છે ત્યારે તું તેની શોધ કરતી કરતી તે શિવાલયમાં આવી આ સ્થિતિ જોઈ તારૂં જાણે સર્વસ્વ હારી ગઈ હોઉ અને તારા માતાપિતા અને ભ્રાતા મરતાં તને જે ખેદ થએલો તેથી પણ અધિક સંતાપ આજ તને થયો હોય, તેમ તું હવે તારા દેહની દરકાર ન કરતાં અતિ આક્રંદ કરવા લાગી, શિરના કેશ તોડવા લાગી, અને અતિ વિલાપ કરવા લાગી. તું કરૂણ સ્વરે હૃદયભેદક રોવા લાગી, તે એટલે સુધીકે વનના પશુઓ અને પક્ષિઓ તારો કરૂણ સ્વર સાંભળી તારૂં આશ્વાસન કરવા ટોળે મળી આવીને દીન મુખે ઉભાં રહી તારા દુઃખમાં જાણે કંઈ ભાગ લેતાં હોય, એવી સ્થિતિમાં તેઓ જોવામાં આવતાં હતાં. અને તેઓ પોતપોતાની ભાષામાં તારા વિલાપનું અનુકરણ કરીને પ્રલાપ કરવા લાગ્યાં. તું કહેતી હતી કે:—હા! પ્રભુ! ખોટી મુગ્ધતા રાખી તમને ખીજવવામાં મારી મૂર્ખાઇનું મને આજ ફળ પ્રાપ્ત થયું છે. હે નાથ! તમારા પરલોક ગમન વખતે તમો પરમાનંદગતિ ભોગવો છો, તેવા મંગળ સમયમાં મારે કર્મે રોવાનું આવ્યું, એ શું ઉચિત ગણાયકે? ના, ના, હજુયે હું મૂઢ તમારાથી પ્રતિકુળ વર્તુછું. તમારા પ્રેમનું હું હજુયે

અવલંબન કરતી નથી. ત્યારે નાથ તમે રીસાઓ તેમાં હું શો વાંક કાઢી શકું ? ? પણ હવે તો હું સમજીછું. તમને રાજી કરવાનું મને મારી દશાએ ભાન કરાવ્યું છે. તેથી હવેતો આપ જ્યાં જશો ત્યાંથી ખોળી કાઢી તમારા શરણુની સ્પૃહા રાખી, તમારા ચરણુની સેવામાં તત્પર રહેવા હું ચૂકનાર નથી. હવે મારે રોવાનું કેવું ? જ્યારે આપ સ્વર્ગમાં દેવલોકના વિહાર કરતા દેવલોકમાંજ વસોછો એવો ચોક્કસ મુકામનો પત્તો મળ્યો છે, ત્યારે હવે મારે બીજા પ્રદેશમાં મિથ્યા ભટકવું કેવું ? હા ! નાથ ! લ્યો ત્યારે, શિવપૂજન ઉપર તમારી ભકિતપૂર્વક વિશેષ શ્રદ્ધા છે, ત્યારે મારી પણ તમારા જેવી વૃત્તિ રહે એજ મારો ધર્મ છે. માટે તમને અને સાક્ષાત્ ભગવાન સદાશિવને પ્રસન્ન કરવા સારૂ તમારૂંજ અનુકરણ કરવારૂપ મંત્ર સાધું, કે જેથીકરી પુન્યલોકમાં તેમજ અન્ય ભવમાં તમારા ચરણ સેવનારી અભિલાષી દાસી થઈ હું રહું, એમ કહીને તેણે પણ શ્રી સદાશિવ ઉપર પોતાનાં મસ્તકરૂપી કમળપૂજા કીધી. આમ જ્યાં બનાવ બની ગયોછે ત્યાં એજ શિવાલયમાં આ બ્રાહ્મણ કુમારની શોધમાં પડેલી પેલી બે ક્ષત્રિય બાળાઓ આવી પહોચે છે, અને અહીં આવો અદ્દભૂત ન ધારેલો બનાવ જોઇને પ્રીતિનું તેમને ખરેખરૂં રહસ્ય સમજાયું, અને મનમાં એવીજ પ્રકારની પ્રીતિને ઉદ્દેશી તે બોલીકઃ—પ્રીતિ પ્રીતિ કરી બોલવું એતો બકવા સરખું છે. પ્રીતિ એ શું વાણીનો શુક—શ્રમછે કે અંતઃકરણનું ખરૂ સ્વરૂપ છે ? એતો આપણે હમણાંજ જાણીએ છીએ. એ બંને એક બીજીને કહેવા લાગીકેઃ—બેહેન, આપણું દીલ હવે કોની પાસે રહી ઠરવાનું છે ? પ્રીતિની મિથ્યા અભિલાષા રાખનારી એવી આ નિર્ભાગી તરૂણીઓને ધારેલા હેતુએ પહોચવાનું ક્યાંથી ? આપણા ભવિષ્યનો આધાર અને સુખનો અનુરાગી આજ અસ્ત થતો નજરે પડેછે, ત્યારે આપણે કમલનયની કિંવા કુમુદવદની ઉજ્વલ મુખવાળી ઉપમા ધારણ કરી દિવસ રાત્રિ વ્યતીત કરવી, એ દુર્ઘટ વાતછે. કેમકે આપણો સૂર્ય અને ચંદ્ર આપણા વિકાશનું કારણ એતો અસ્ત થએલો આપણી નજરે જોઇએ છીએ. છતાં આપણે રાત્ર દિવસ જો વ્યતીત કરીએતો કહેવામાં આવે છે તે વિશેષણને આપણે પાત્રજ નથી. આપણો ચંદ્ર સૂર્ય જે દિશામાં ઉદય પામતો હોય એ દિશામાં જઇને આપણે પતિ સમાગમમાં વિકસિત થઇએ. કમળ અને કુમુદ પ્રિયના ઉદયને જોઇને પ્રફુલ રહેનાર છે, તો

પ્રિય બ્હેન યશોમતિ, તું આ કમળરૂપ અને હું ધીર પુરૂષનું માન ધારણ કરવાને માટે કુમુદનું રૂપ ધરીને આપણ બંનેનું શરીર જૂદાં છતાં મનના ભાવ એકજ છે તેથી આપણે બંને સાથેજ અસ્ત થઇને આપણા મનનો માન્યો પ્રીતમ જે દિશામાં ઉદય પામતો હોય તે દિશામાં જઇ જન્મ ધારણ કરી તેના પ્રીતિરૂપ કિરણ-પ્રભામાં રત થઈએ, અને વિકાસ પામીએ. અહીંથી આપણું અસ્ત થવુંજ સંભવે છે, એમ કહીને ભગવાન સદાશિવની સ્તુતિ કરીને બન્ને બાળાઓ કહેવા લાગીકેઃ—એ અમારા પ્રીતમનું જે લોકમાં વસવું થયું હોય તે લોકમાં અમારો સમાગમ હોજો. અને પુનર્જન્મે એનો એજ પતિ અમને મળજો! એવું કહીને એ બન્ને જણીયોએ પણ સાક્ષાત્ સદાશિવને પ્રસન્ન કરવા કમળપૂજા કરી પોતાના શિર અર્પણ કીધાં. આ પ્રમાણે એ ચારે જણનું એકજ સ્થળે અને થોડે થોડે અંતરે વખતને મેળે મૃત્યું થયું છે. ત્યારે તેવીજ રીતે તેટલા તેટલા અંતરે તેમનો સમાગમનો સંજોગ આવતો રહેશે. અહો શાન્તિપ્રભા, તમે જોયું છે કે નદીના જળમાં ક્રીડા કરતાં કરતાં જેજે પુષ્પો તમને એક પછી એક જુદાજુદા રંગનાં મળી આવ્યાં છે, જેની એકત્ર માળા તમે ગુંથી રાખી છે, જે કોઇ દિવસ કરમાતી નથી, અને જેની શોભા અવર્ણનીય છે, તે પુષ્પોનું કારણ બીજું કાંઇજ નહિ પણ જે કમળ પૂજાઓ ભગવાન સદાશીવના દેવળમાં ચારે જણાની કરવામાં આવી છે તેમાંથી જે રૂધિર ટપકે છે તેજ અભિષેકના જળની સાથે નદીના પ્રવાહમાં તણાતાં ને તરતાં આવતાં રક્ત બિન્દુમાં થએલાં કુસુમ તમારે હાથ આવ્યાં. તેની સુશોભિત માળા તમે બનાવી છે. તે આ રાજપુત્રના કંઠમાં શોભે છે. જે બ્રાહ્મણનો કુમાર વર્ણવ્યો, તેજ આ રાજકુમાર પોતે છે. અને પેલી ક્ષત્રિયની એકનીએકજ કન્યા સૌમિત્રા તે તું શાન્તિપ્રભા રૂપે રાજે છે. અને બીજી બે ક્ષત્રિય કુમારિકાઓ જે યશોમતિ અને ધીરજ કુમારી તેઓએ અન્ય જગ્યાએ અવતાર ધારણ કીધો છે. તે સર્વનો તમારા પૂર્વ સંકેતથી મેળાપ થવાનો છે. જ્યારે તમો ચારે જણ એકજ ઠેકાણે તમારા આ પ્રીતમના સમાગમમાં જોડાશો, તે વારે જેમ આ ફુલની માળાની શોભા દિસે છે, તેવી તમારી ચારે જણના મેળાપરૂપી જે માળા ગુંથાશે, તેની શોભા દિપી ઉઠશે. આ વૃત્તાંત સાંભળી રાજકન્યાના મનમાં પૂર્વ રાગ ઉત્પન્ન થઇ આવ્યો. તેથી રાજપુત્રને અતિ સ્નેહ પૂર્વક એકાગ્ર ચિત્તવડે કરીને તે નિહાળી રહી, તથા તેના મસ્તક ઉપર

અને કપાળે પોતાના કોમળ કર વડે સ્પર્શ કરીને પોતાનું અંતઃકરણ તેને અર્પણ કરી બેઠી. એટલે કાંતો તેની તીવ્ર મનોવૃત્તિને લીધે કિંવા તેના કોમળ કરકમળ અમૃતમય સ્પર્શને લીધે, અથવા આ મહાદેવના પ્રતાપને લીધે અને તેના પૂર્વ જન્મના રાગને લીધે, આ રાજકુંવર આળસ મરડી ઉંઘમાંથી જાગૃત થતો હોય તેમ બેઠો થઇ, વિસ્મય થતો હોય તેમ પ્રશ્ન કરવા લાગ્યો:—અહો, અહીંઆ શાન્તિ ભરેલા મેહેલમાં હું નિરાંતે ઉંઘ્યો, પણ એ દશામાં હું જે અનુભવતો હતો તે સ્થળતો એક કુંજ-લતાઓ અને વૃક્ષવેલીથી ભરપુર પૂરાએલું જંગલ હતું. તેમાં એક અપૂર્વ શિવાલયમાં સાક્ષાત્ શ્રી સદાશિવની સમક્ષ હું અપૂર્વ આનંદ ભોગવતો હતો. તે સ્થળ એકાએક વિસર્જન થતાં અહીં વિમાનમાં બેશી ગતિ કરી આ ઐશ્વર્યવાળા ભુવનમાં હું મને પોતાને આવેલો જોઉંછું, એ શું સત્ય-જ છે કે ? ! વળી આ સઘળું નિરખ્યું તેમ વળી મારે અહીંથી ઉઠી કોઈ બીજાજ સ્થળ ઉપર જવાનું છે કે શું ? આ પ્રમાણે આ રાજકુંવરનું પુનરૂત્થાન જોઈને તથા તેને સંભાષણ ઉચ્ચાર કરતો સાંભળી આ રાજકન્યા તેમજ સર્વે સખી મંડળ અને પરિજન સહિત સ્ત્રી સમાજમાં આનંદની પરિસીમા અને ઉત્સવનો દિવસ જણાવા લાગ્યો. સર્વ દિશાઓ મંગળમય દેખાવા લાગી. આ સમયે આ રાજપુત્રીના મનોમય ભાવનું તો પૂછવુંજ શું ! જાણે જગતના આરંભમાં શ્રી નારાયણ ભગવાન પોતાના આનંદના કિરણવડે ઇચ્છા પ્રમાણે ઉત્પત્તિ કરતા હોય અને જેમ સર્વ સંકલ્પ—સિદ્ધિ ફળીભૂત થતી હોય, તેમ તેમ અહીં પણ તે કન્યાના સર્વ મનોરથ સિદ્ધ થયા છે, એમ તેને જણાયું. સર્વ સ્થળે આખા ભુવનમાં જયજયકાર વર્તી રહ્યોછે. અહીં રાજકુંવર સ્વસ્થ થઇ બેઠો, એટલે આ પ્રતાપી દેવાં-ગનાને નિરખી આ કોણ હશે, એમ મનમાં વિચારતો ભગવતી હું તમને પ્રણામ કરૂંછું એમ કહી તેના વિષે પૂજ્યબુદ્ધિ રાખી તેણે મસ્તક ન-માવ્યું, એટલે તે દેવીએ કહ્યું:—વત્સ, કલ્યાણ ભવ. આમ કહીને પછી સર્વ સમાજના સાંભળતાં રાજકુંવરને અને શાન્તિપ્રભાને ઉદ્દેશી તે ભગવતી શ્રી દેવી એમના પૂર્વનું વૃત્તાંત ઇત્થંભૂત ફરીથી વર્ણવી કહી ગયાં. રાજ-પુત્રનું પુનરૂત્થાન વિષેનો મહિમા. જણાવતાં તે બોલ્યાં કેઃ—પુત્ર શશિ-વર્મા અને પુત્રી શાન્તિપ્રભા, પતિવ્રત તેમ પત્નીવ્રતનો મહિમા કોઈ અવર્ણનીયજ છે. અહીંઆ તમારો સમાગમ એ કાંઈ આકસ્મિત થએલો

નથી. પણ આગળ વર્ણવ્યા પ્રમાણે તમારા પૂર્વજન્મનો પતિવ્રત પાળવાની ઉગ્ર પ્રતિજ્ઞાવાળી પ્રેમવાસના અને શિવપૂજન ઉપરની તમારી અગાધ શ્રદ્ધાનો આ પ્રતાપ છે. એતો સર્વ કોઇનાથી અજાણ્યું નહિ હોયકે દેવલોકોમાં પણ એજ વ્રતનો યશ ગવાઇ રહ્યો છે. આ લોકમાં પણ એજ પતિવ્રતનો મહિમા મનાયો છે. એવો કોઇ ધર્મ નથી જે પતિવ્રતપણાથી ન સાધી શકાય. એવો કોઈ અર્થ નથી કે જે પતિવ્રતવાળાથી ન મેળવી શકાય. એવો કોઇપણ કામ નથી કે જે પતિસેવાથી ન મળી શકે. અને પતિવ્રતથી પતિસેવા કરવાથી મોક્ષ પણ એવી દુર્લભ વસ્તુ નથી કે તે ન મેળવી શકાય. પતિવ્રતાનું ચરિત્ર પારણામાંથીજ એવું સરળ હોયછે કે તે સર્વ કોઇની દૃષ્ટિએ આલ્હાદકારી પરોપકારી તેમજ વિકાર રહિત જણાયા વગર રહેતુ નથી. ઘોડીયામાં રમતાં બાળભાવે આનંદભરે મુખડે ક્લેશ રહિત ચહેરે શાન્તિ ભર્યા સ્વભાવથી માતાપિતાને તેમજ અન્ય જનોને વાત્સલ્ય મમતાથી વહાલ ઉપજાવે છે. બાલ અવસ્થામાં માતાપિતાની સેવામાં ધ્યાન આપતી જાણે પોતાને આચરવાનું વ્રત પઠન કરતી હોય, તેમ આજ્ઞા પાળવામાં સભ્યતાથી, અને સૌજન્યતાપણું ધારણ કરતો પિતા માતાના કામકાજમાં પોતાથી બની શકે એવું કામ બજાવવામાં, ધ્યાનપૂર્વક વર્તતી જણાય છે. જેમકે પૂજાને અર્થે જળપાત્ર માંજી સ્વચ્છ રાખવું. વળી તે જળપાત્ર ભરીને પૂજાને અર્થે યોગ્ય સ્થળે યોજી રાખવું. પુષ્પ પત્ર અને દુર્વા ધૂપ ઘૃત ઇત્યાદિ છાબમાં તેમજ યોગ્ય પાત્રમાં ભરી દેવસેવામાં નિયત થતાં માતાપિતાના આગળ લાવી રજુ કરવું. દીપક પ્રગટીને દેવસેવામાં પિતામાતા આગળ લાવી મૂકવો. ઇત્યાદિ એવાં એવાં કામળકામો હાથે કરી તે દેવપૂજનમાં તેમજ માતાપિતામાં પ્રીતિ રાખતી અને ધ્યાન આપતી અને ભાન્ડુઓ સાથે ઐક્યભાવ રાખીને જાણે સર્વનાં મન આકર્ષણ કરતી જોવામાં આવે છે. એ પ્રમાણે કુમારીઅવસ્થામાં માતાપિતાની આજ્ઞા પાળીને અને સદ્વિદ્યા સંપાદન કરીને તે સાધુતા બતાવે છે. પાણિગ્રહણ કરીને પતિને પ્રસન્ન રાખવામાં દ્રઢતાવાન્ તથા યત્નવાન્ રહીને આ લોકને પરલોકનું હિત સાધે છે. ગૃહસ્થાશ્રમના સર્વ વ્યવહાર શુદ્ધ મનથી શુદ્ધ આચરણવડે કરીને નિષ્કપટપણે વર્તીને સત્ય ભાષણ ઉચ્ચારીને પરમેશ્વર પ્રતિનો ભાવ પતિમાં આવિર્ભુત કરીને દેવપણાના પૂજ્યભાવથી વર્તન કરીને દુનિયાની નજરે જનકકુમારી સીતા-

ની પેઠે સન્નારીઓને શિખામણરૂપ પાઠશાળાની અધિષ્ટાત્રીની પેઠે દર્શન કરાવે છે. પાર્વતીની પેઠે પતિને થતું અપમાન તેઓ સહન કરી શકતી નથી. ચક્રવર્તી રાજાની પેઠે દુષ્ટ પુરૂષોને પોતાના દેહ વિષે વસવાનું સ્થાન તેઓ આપતી નથી. ચિન્તામણીની પેઠે મનમાં ચિન્ત ન કરેલાં સુખો તે પોતાના તપોબળવડે કરીને વસાવે છે. મંદ્રાચળની પેઠે તેઓ અપાર સંસાર સમુદ્રથી તારવારૂપ નાવ થઇ નિવડે છે. સાક્ષાત્ શ્રીકૃષ્ણની પેઠે દુઃખરૂપ દાવાનળને તે પી ગયેલી જોવામાં આવે છે. કલ્પતરૂની પેઠે ઇચ્છિત સુખો અપાવનારી તે ઠરીછે. ભીષ્મની પેઠે પતિની સેવારૂપ દારૂણ પ્રતિજ્ઞાને તે પાળનારી છે. મહદ્જનોની પેઠે પતિવ્રતરૂપ અગમ્ય પંથે તે વિચરનારી છે. કેમકે જો પોતાનો પતિવિદ્વાન્ હોય કે અવિદ્વાન્ હોય, પોતાનો પતિ સુખી હોય કે પછી મહારોગથી પીડાતો હોય, અને પોતાનો પતિ સુદર્શન ધારણ કરતો હોય કે જોઇને સુગ આવે એવો કુરૂપ હોય કિંવા નઠારો વેષ ધારણ કરતો હોય, પોતાનો પતિ ઉત્તમકુળમાં જન્મેલો હોય કે પછી નીચકુળથી અવતાર લીધેલો હોય, પોતાનો પતિ સુભાષણ ઉચ્ચારતો હોય કે વક્ર વાણીથી મનને ક્લેશ ઉપજાવે એવો હોય, પોતાનો પતિ શિષ્ટ પુરૂષોમાં ગણાતો હોય કે પછી દુષ્ટ પુરૂષોમાં અગ્રેસર હોય, પોતાનો પતિ સદાચરણથી વર્તતો હોય કે પછી દુરાચરણનો નિયંતા હોય, પોતાનો પતિ કમળ સરખાં નેત્રવાળો હોય કે પછી ચક્ષુહીન હોય, પોતાનો પતિ વાચાળ હોય તે સાથે દૂરથી શ્રવણ કરી શકતો હોય કે પછી બેહેરો હોય કે મુગો હોય, પોતાનો પતિ સશકત હોય કે અશકત હોય, પોતાનો પતિ બાળક વૃદ્ધ કે જુવાન હોય તેમ ચતુર હોય કે પછી મુરખનો સરદાર હોય, પોતાનો પતિ ચક્રવર્તિપદ ધારણ કરતો હોય કે પછી ઘેરઘેર ભટકી ભટકીને દીનતા દર્શાવતો ભિક્ષા માગીને નિર્વાહ કરતો હોય, પોતાનો પતિ પ્રમાણીક, નિર્લોભી, નિષ્કામી, સત્વગુણી તથા ડાહ્યો તેમજ સદાચરણી હોય કે પછી લુચ્ચો લોભી કામી ક્રોધી ગાંડો ઘેહેલો કે સર્વ દુરાચરણનો અધિષ્ટાતા હોય, સર્વ રોગોનો સમુદાય હોય, સર્વ પાપોનો સમૂહ હોય, અને સર્વ નઠારાં લક્ષણને ધારણ કરતો હોય, તોપણ પવિત્ર પતિવ્રતાઓ પોતાના પ્રાણપ્રિયની સેવા પ્રતિ દિવસે શુદ્ધ અંતઃકરણથી કરતીજ રહે છે. એવી તેમની અચળ ટેક ભક્તિ હોય છે. પોતાનો પ્રાણ જતા સુધી અને પ્રાણ ત્યજી દઇને પણ તેઓ પતિવ્રતધ્વંસ થવા દેતીજ નથી. એવી

દૈવી વિભૂતિવાળી પતિવ્રતાઓ પોતાના આચરણવડે કરીને દુનિઆની સપાટીમાં વ્યવહાર રૂપ પાટી ઉપર અંકિત થઇને સર્વ વિદુષી બાળાઓનું એકેએક ધ્યાન ખેંચનારી છબી પાડી પવિત્ર લેખ લખ્યા જાય છે. તે જોતાં તેમાં એવું પણ વંચાય છે કે પતિવશ કરવાનો મંત્ર પતિવ્રતાઓનું કર્તવ્ય ચરિત્રજ છે. તે સામાન્ય સ્ત્રીઓએ પણ અનુકરણ કરવાથી પતિને પ્રિય થઇ સદા કીર્તિ મેળવે છે, તો પછી પતિવ્રતાઓની તો વાતજ શી? પતિવ્રતાઓ પોતાના પતિ વગર સ્વર્ગમાં વસવાનું તથા દેવ લોકનું સુખ અનુભવવાની પણ ઇચ્છા કરતી નથી. તેઓતો એમજ માને છે કે જ્યાં અમારા પતિની સ્થિતિ અને અનુકુળતા એજ અમારૂં સ્વર્ગ, અને એજ અમારો ઇચ્છિત લોક તથા એજ અમારે વસવા યોગ્ય સ્થળ છે. વળી તેઓ પોતાના પતિ સિવાય કામવૃત્તિથી જોનાર જો કદી દેવતાનો રાજા ઇંદ્ર ચંદ્ર કુબેર હોય કિંવા સાક્ષાત્ રતિપતિથી અધિક રૂપ ધરીને કાન્તિમાન સૂર્યદેવ હોય, તોપણ તેની સામે ચંચળ આંખ વડે કરીને કદીપણ જોવાની સ્પૃહા કરતીજ નથી. એતો પોતાના પતિને રતિપતિથી અધિક સ્વરૂપવાન ગણીને તેની સાથે અપૂર્વ ભોગ ભોગવતી અતિ સંતોષવાન રહેતી જણાય છે. પોતાના મનકર્મવચને કરીને પોતાના પતિને રાજી રાખવાનું તે સમજે છે. જ્યારે પોતનો પતિ બહાર જઇ ઘરમાં આવતાં તે જુવે, ત્યારે હર્ષયુક્તવદને તે ઉભી થઇ તેના સન્મુખ જઈ નમ્ર અને મધુર વચનથી બોલીને તેને સંતોષ આપતી રહે છે. વળી તે પોતાના પતિના કુટુંબ પ્રતિ સ્નેહ ભાવથી વર્તતી જોવામાં આવે છે. તેઓ હમેશ પ્રાતઃકાળમાં પતિ ઉઠતા પહેલાં ઉઠીને, ઘરમાં સન્માર્જન કરીને, તથા મળ ઉત્સર્ગ કરીને, પછી સ્નાન વિધિ કરીને, પતિનું ધ્યાન ધરીને, પાક સજાવવાની યોજના કરી રાખે છે. સર્વ જાતનાં શાક પાન સ્વચ્છ વીણી ધોઈધાઈ છણીને પવિત્ર રાખેછે. અને વળી પતિને ઉઠવાની તૈયારી જાણીને તેને માટે દંતધાવન વિધિ જળપાત્ર ઇત્યાદિ તૈયાર કરી રાખેછે. પછી ઉષ્ણોદક તૈયાર કરી આપેછે. વળી પતિનાં માતાપિતાની સેવાપણ એજ પ્રમાણે આચરે છે. અને તેના સર્વ સંબંધી ઉપર અતિ મમતા રાખેછે. એ પ્રમાણે પ્રાતઃકાળ વિધિ કીધા પછી રસોઇ કરી શુદ્ધ પ્રેમવડે કરીને વડીલો આદિ સર્વને જમાડીને પોતે જમીને પછી બાકીનું સઘળું કામ પરવારીને પતિના હિતકાર્યમાં પોતાનું મન જોડે છે. પતિને નહિ

રૂચતા એવા ખાનપાનાદિ અને વસ્ત્ર ભૂષણ ઈત્યાદિભોગ તે ભોગવતી નથી. પતિની આજ્ઞા સિવાય તે ક્યાંય પણ જતી આવતી નથી. તથા વડીલોની આજ્ઞા ઉલ્લંઘી તે ક્યાંય પણ વિચરતી નથી. પોતાના પતિ સિવાય પોતાના પિતા પુત્રકે બાંધવ વર્ગની સાથે પણ એકાન્ત વિનાપ્રયોજન વસવાનું તે યોગ્ય સમજતી નથી. અને અન્ય પુરૂષોની સાથે કાંઈ કામકાજ નિમિત્તે પ્રસંગમાં આવતાં વાતચિત વિચારમાં કેવળ ગંભીર પ્રકૃતિ ધારણ કરીને, આંખમાં ચંચળપણું ન ધારીને, બંધુ સખા કે પુત્ર-ભાવનું અવલંબન કરીને વ્યવહારમાં વર્તતી રહેછે. યોગ્ય વખતે યોગ્ય સલાહ આપીને તથા સેવા વિધિથી કર્તવ્ય ફરજ બજાવીને પતિને રાજી રાખતી, સર્વ સંબંધીઓને વહાલ ઉપજાવતી, અતિથિઓનો સત્કાર કરતી, વ્યવહારમાં કુશળપણું બતાવતી, પતિની જોડે છાયાની પેઠે અનુસરીને ઇચ્છિત સુખોને વસાવે છે. તેઓ પુત્રને પુત્ર વધુઓ, દિએરને દેરાણીયો એ સર્વ ઉપર વાત્સલ્ય મમતા રાખેછે. અને તેઓ પુત્રીઓ અને દૌહીત્રોને કૃપા-પાત્ર ગણી તેમનાપર સ્નેહ રાખે છે. એવી રીતે અનેક પ્રકારનું સમાધાન પૂર્વક અને અનેક દાસ દાસીઓ હાજર છતાં પતિની સેવાને અનુસરતું કામ પોતાની જાતે કરવા અનેક કષ્ટો વેઠીને પતિવ્રતારૂપ કઠણ વ્રતનો અભ્યાસ કરીને અંતે પતિ સાથે સહગમન કરી તેઓ સ્વર્ગે સિધાવે છે. એવો પરોપ-કાર, એવો પ્રેમ, એવી સહનશીલતા, એવી નમ્રતા, એવી દક્ષતા, એવો મહાનુભાવ, ઇત્યાદિ સદ્ગુણોનું પાત્ર તે એ પતિવ્રતાઓજ છે. પતિવ્રતા-ઓનાં આચરણે કરીને વ્યવહારમાં નીતિ ટકી રહેલી છે, એમ તમે સમ-જો. વત્સ, વધારે શું કહું. આ પ્રમાણે ભાષણ સાંભળી શાન્તિપ્રભાએ દેવીને નમન કરતાં જણાવ્યું કેઃ—હા, દેવિ, આપે કહ્યું તેમ કુલીન અને પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ યથાર્થ છે. વળી આપનું અહીં પધારવું અને આ મહાજનનું પુનરૂત્થાન એ પણ આપના સત્સંગ અને કૃપાનુંજ મહત્મ છે. એમ કહી ઉપકાર વૃત્તિ જણાવીને એક બાજુ પોતાની સખી રસિક-રાગિણીને પાસે બોલાવી કાનમાં કંઇ કહ્યાથી તે ત્યાંથી ઉઠી અંતઃપુરમાં જઇ થોડીવાર પછી કેટલીએક પોતાના સમાન વયની બાળાઓની સાથ-માં હસ્તમાં પૂજ્ય સામગ્રી ચંદન પુષ્પહાર અને ગુચ્છતોરા અને અનેક સુગંધી પદાર્થો સુવર્ણમય રત્નજડિત થાળમાં ધરીને દરેક બાળાઓ જૂદાં જૂદાં પદાર્થો લઇ ચાલીને આવતી જણાઇઓ. રસિકરાગિણી હસ્તમાં

મણિમય રકાબીમાં ચંદ્રની પ્રભા જેવો, સર્વ ઉજવળ વસ્તુના સમૂહ જેવો, આકાશમાંથી પડતા વેગવાન્ ગંગાના પ્રવાહના કૈલાસગિરિ ઉપરથી શંકરના મસ્તકપર પડતા જળથી ઉપજતા ફીણના સમૂહ જેવો, અતિ ઉજ્વલ, ભદ્ર જાતિ હસ્તીના કુંભસ્થળમાં નિપજેલાં આંમળા જેવડાં સાઠ મોતીનો એક મનોહરહાર તથા નાની નાની છીપની ડબીમાં ગડીબંધ વાળીને મુદ્રાબંધ કરી રાખેલાં કારીગિરીની મહત્તા બતાવનાર અતિબારીક કુમાસહાર સુંદર વસ્ત્રો ધરી લાવીને રાજકુમારી શાન્તિપ્રભાની સોડમાં પાસે આવીને બેઠી. જરાવાર બેસીને તુરતજ રસિકરાગિણી રાજકન્યાની સાથે ઉભી થઇ. પ્રથમ આ મહાદેવીના પાદ પ્રક્ષાલન કરીને તેને પુષ્પહાર પેહેરાવી અનેક સુગંધી પદાર્થવડે તેની યોગ્ય વિધિપૂર્વક પૂજા કરીને રાજકન્યા બેસી ગઈ. પછી રાજકન્યાના પ્રતિનિધિરૂપ રસિકરાગિણી આ દેવીની આજ્ઞા લઇ રાજકન્યાને ઉદ્દેશી આ રાજપુત્ર તરફ સન્મુખ ઉભી ને ના ના કહ્યા છતાં પણ રાજપુત્રના પાદ પ્રક્ષાલન કીધા પછી ચંદનનો લેપ કરીને પુષ્પહાર તોરો તથા ગુચ્છ અર્પણ કરીને, પેલી છીપની ડબી એકેએક ખોલીને તેમાંથી ગડીબંધ ઉત્તમ વસ્ત્રો કહાડીને, રાજ પુત્રને નિવેદન કીધાં, અને મોતીનો હાર હાથમાં ધરીને તે કહેવા લાગી કે:—મનોહર કાન્તિવાન રાજપુત્ર, અભિમાન રહિત તમારી આ સુકુમાર આકૃતિ જોઈ પ્રીતિમાં પરવશ પડેલાં મનુષ્ય શું નકરે ! તમારી લાવણ્યતા એજ આવી રાજકુમારીના દીલમાં તમને વસવાને અવકાશ આપે છે. તમારી આ નિષ્કારણ જોડેલી બાંધવતા અને દ્રવિત હૃદય કોનું ચિત્ત ચોરી લેવા શકિતમાન ન થાય ? વળી તમારી સ્વાભાવિક સુકુમાર આકૃતિ અને સરળ પ્રકૃતિ વ્યવહારમાં કોનો સ્નેહ સંપાદન ન કરી શકે ? ખરૂં વશીકરણતો તમારી સુંદર આકૃતિમાંજ છે, જે પ્રથમ દર્શન માત્રમાંજ આવો સ્નેહ ઉત્પન્ન કરે છે. જો તેમ નહોત તો તમારા જેવા નીતિજ્ઞ પુરૂષની સાથે સમાગમમાં આવીને ઉભા રહેવું એજ અમને અઘટિત લાગે. વળી તમારી સાથે વાતચિત કરવી એ પણ તમારા જેવા સજ્જન પુરૂષને હલકા પાડવા જેવું દિસે. અને અતિ ઠાઠમાઠથી તમારી મનોહર કરીએ, એતો અમારા વૈભવની મહત્તા બતાવવા જેવું થાય. અને બીજું જે કંઇ કરીએ, તે અમારી વગર સમજ જેવું થાય. અને પ્રીતિ દેખાડવાથી જાણે તમને ભોળવતા હોઇએ, એવું

જણાય. અને કાંઇપણુ તમને આપવું, એતો તમારા જેવા ઉદાર પુરૂષો વચ્ચેના વ્યવહારમાં અઘટતુંજ કહેવાય. કેમકે સૂર્યની આગળ જેમ દીપક, પવનની આગળ જેમ પંખો, અને સાગર આગળ જેમ ગાગર, એ પ્રમાણે કયાં તમે અને કયાં અમે ! તમારા આગળ અમે તુચ્છ જેવાં છીએ, એટલે તમારી સેવા બજાવવાને અમે કંઇ પણ યોગ્યતા ધરાવી શકીએ નહિ એમ જાણીને તમને શું આપવું કે જેથી તમારો યોગ્ય સત્કાર અમે કર્યો કહેવાય ? અમે જે કંઇ આપવું ધારીએ તે આપની યોગ્યતાથી અમને ઓછું ને ઓછું લાગવાથી આપવા જેવી એક અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ જે અમારૂં અંતઃકરણ જણાય છે તે પણ તમારી કાન્તિ, સરળતા, અને સભ્યતાએ અમને વિશેષ ભરૂસો પાડી અહીં આવતાંવેંતજ હરી લીધું છે. એટલે બાકીનું પણ બધું તમારૂંજ છે. પછી અમારી પાસે આપવાનું શું રહ્યું છે ? તોપણ તમારા જેવા સત્પુરૂષ કોઇનો પ્રણય ભંગ કરતા નથી એમ જાણીને, જેમ દેવે આપેલું કે નિપજાવેલી વસ્તુઓ દેવને નિવેદન કરીને ભકતજન સંતોષ પામેછે, તેમ તમારૂં તમને અર્પણ કરીને અમારો મનોભાવ પ્રગટ કરી સંતોષ પામવા અમે આ મુકતાહાર જેની કિંમત અટકળી શકાય છે, એવી જુજ વસ્તુ અર્પણ કરીએ, તે આપ જોકે ઉચ્ચ ગુણરૂપી અલંકારથી શોભી રહ્યાછો, તેથી આ અલંકાર વિશેષ મહત્તાવાળા ગણશો નહિ એ સંભવિત છે, પણ અમારા મનોભાવનો યોગ્ય સ્વીકાર કરવાને અર્થે આપ એ ગ્રહણ કરશો, એવી અમારાં દેવી શાન્તિપ્રભા અભિલાષા રાખે છે. અહીંતો એમની પ્રીતિ ઉપર જોવાનું છે. અને આ પાસે ઉભેલાં મહાદેવી એમણે પણ આ પ્રમાણે કરવા અનુમોદન આપેલું છે. જેણે અહીં આવીને અમારૂં દીલ ગ્રહણ કરી લીધુંછે, તેને આપવાનું એ શું રહ્યું ! અમે જીવન આધાર પ્રિય એમને આપીએ પણ શું ? આ સ્થળે પધારીને અમને આપ મહાશયે મોટો ઉપકાર કર્યો છે, તેનો બદલો અમે શીરીતે વાળી શકીએ ?! દર્શન માત્રમાં અમારૂં જીવિત સફળ કરી દીધું, એમનું આગમન અમે કેવે પ્રકારે સફળ કરીએ ? ફકત આમ કરીને તો અમારાં દેવી શાન્તિપ્રભા માત્ર પોતાનો પ્રેમ દર્શાવવા ચહાય છે. અને અહીંતો આપ મહાશયને આપતાં જેટલી અમને શરમ આવે છે તેટલીતો આપની પાસેથી કંઈ માગતાં પણ ન આવે. માટે તેમનો પ્રથમનો આદર ભંગ

ન કરતાં સાદર કરી આપ તેને સ્વીકારશો. આટલું કહીને એ રસિકરાગિણીએ આ રાજકુંવરના વક્ષસ્થળ ઉપર ગળામાં મોતીનો હાર પહેરાવ્યો. પછી રાજકુંવર શશિવર્માએ વિસ્મય પામીને ઉત્તર દીધો કેઃ—રસિકરાગિણી, હું તમને શું કહું ! તમે અંતઃપુરમાં વસનાર તરીકે સ્રીઓમાં ચાતુર્ય દર્શાવવામાં ઘણાં વિચિક્ષણ છો. સ્વીકાર કેમ કરાવવું તેવા નિયમોને તમે સારીપેઠે સમજો છો. તમે ભાષણમાં એવીતો ચતુરાઇ અને વાક્પટુતા વાપરી છે કે મારે ઉત્તર દેવાની અને નકાર કરવાની જગ્યાજ રહી નથી. બાળા, હું તે કોણ માત્ર ! મારે વળી સ્વીકારવું અને ન સ્વીકારવું એ કેવું ? તમે બધી સૌજન્યશાળી કુમારિકાઓએ મળી મને તમારો કરી લીધોછે, તોપછી આ દેહજ તમારો છે. તેનો ઇષ્ટ કે અનિષ્ટ ગમે તે સ્થિતિમાં ઘટે તેમ ઉપયોગ કરો. આ પ્રમાણે અહીં યથેચ્છ ક્રિયા થઇ રહી, એટલે સન્યાસી વેષે આવેલાં મહાદેવી પ્રતાપવાન્ મહામાયા જે આ બંને રાજકુંવરજંદો ઉપર વાત્સલ્યતાથી જોતાં બેઠાં છે તે હવે ઉઠી ઉભાં થઇ કહેવા લાગ્યાં કેઃ—વત્સ, તમને મારો શુભ આશીર્વાદ આપતાં હું તમારૂં મંગળ ઇચ્છુંછું. હું કોણછું, એ જાણવાની તમને અભિલાષા થઈ હશે. પણ જાણીને વિસ્મય થશોમા. હું પોતે તમારી વિધાતાછું. તમારા હિતને અર્થે વારંવાર તમારૂં રક્ષણ હું દરેક પ્રસંગે કરતી આવીછું, અને આ વખતે પણ તમારા માતાપિતાના અભાવે તમો બન્નેના માતાપિતાને ઠેકાણે રહી, તમારો સંજોગ મેળવી આપવા આ અહીં મારૂં આગમન થયું છે. મારૂં અચાનક પ્રગટ થવું અશક્ય અથવા અસંભવિત તમારે માનવું નહિ. કેમકે એવીજ રીતે પરંપરા અમારૂં પ્રગટ થવું એ શક્ય અને સંભવિત મનાએલું છે. ઓખા અને અનિરૂદ્ધનો મેળાપ કરી આપવા ચિત્રલેખા સ્વરૂપ ધારણ કરી એ વરવધુનો સંકેત જોડી આપેલો, તે પણ હુંજ પોતે હતી. તેમ આજ પણ તમારૂં પાણિગ્રહણ કરાવી આપવાનો મારો હેતુ છે. આ અવસર અને આ ચોઘડીયું તમારા પાણિગ્રહણને માટે નિર્માણ થયેલું છે. માટે આ મણિમય અને માંગળિક મંડપની વચ્ચે અહીં રાજકન્યાના સખીસમાજની વચ્ચે, તમારૂં પાણિગ્રહણ મારે હાથેજ કરાવી આપીશ. એમ કહી તે સંબંધી સઘળી યોજના કરવાને એણે રસિકરાગિણીને આજ્ઞા કરી. તે પ્રમાણે થોડીવારમાં બધાં સાહિત્યો તૈયાર કરી દેવામાં આવ્યાં, અને મંગળ

ક્રિયા શરૂ થઇ. બન્ને જણાનો યોગ્ય વિધિએ હસ્ત મેળાપ તેણે કરાવ્યો. આ વખત રાજકુંવરના મનમાં સમુદ્ર મંથનથી થતા લાભનું જે અવલોકન જણાતું આવેલું છે, તે ભાવ હાલ સ્ફુરણ થવાથી તે પોતે અનુમાન કરવા લાગ્યો કેઃ—જે સુષુપ્તિ અવસ્થામાં હું હતો, તેને પૂર્વેનું વૃત્તાંત શ્રવણ કરાવી ચૈતન્ય દશામાં આણ્યો, તે આ દેવી વિધાતા છે. અને આ કેશ્રણે તેમણે મને ધન્વંતરીરૂપે વરદાયક અભય આપી ઉપકાર કીધો છે. તેમ આ કન્યારૂપ રંભા નામનું રત્ન પ્રત્યક્ષ મેં મેળવ્યું છે. આમ દૈવની ગહનગતિ વિષે વિચારમાં મગ્ન થતાં સર્વ મંગળ ક્રિયા પરિપૂર્ણ થઈ રહ્યા બાદ સર્વે અન્ય કાર્યમાં ગુંથાયાં. હવે બન્ને પતિપત્ની પ્રેમપ્રવાહમાં તરવા લાગ્યાં. એ સમયે વિધાતા દેવી પોતાનું આગમન અને વિસર્જન સૂચવી દંપતીને આર્શીવાદ આપી જોતજોતામાં અંતર્ધાન થઈ ગયાં. અહીં રાજપુત્ર અને રાજકન્યા પરસ્પર મહત્ સુખ અને નાના પ્રકારના વૈભવો ભોગવવા લાગ્યાં. આમ સર્વ રીતે શાન્તિપ્રભાના મેહેલમાં શાન્તિ પથરાઇ રહીછે, એટલામાં એક તરફ આ વાતની તે કન્યાના માતાપિતાને ખબર મળવાથી જાણવામાં આવ્યું કે કન્યા પોતે ઇચ્છાવર વરીછે, ને તેનું સર્વ પ્રકારે હિતજ થયું છે. એમ જ્યારે તેમણે સાંભળ્યું, ત્યારે તો તેઓને ઘેરતો જાણે દૂધે મેધ વરસ્યા હોય, કિંવા સર્વ દેવતાના ઉત્સવનો દિવસ હોય, એટલો આનંદ વરતાઈ રહ્યો. અને એ બન્ને વરવધુને કુંવરીના માતાપિતા અભિવંદન આપવા આ સ્થળે આવ્યાં. આવીને માતાએ કન્યાને છાતી સરસી ચાંપી પિતાએ અમૃત દૃષ્ટિથી નિરખતાં બન્નેને શુભ આશિષ આપી અખંડ સૌભાગ્ય અને દંપતીનું કુશળ ઇચ્છ્યું. બેટા, તમારૂં કુશળ હો, એમ કહી તેઓ પોતપોતાને મુકામે ગયાં. અહીં રાજપુત્ર અને રાજપુત્રી શાન્તિપ્રભા યથેચ્છ સુખ ભોગવવા લાગ્યાં. એક દિવસ રાજકુંવર ને તેની પ્રિયા પાસેના જંગલમાં વિનોદને અર્થે કુસુમોદ્યાનમાં શાન્તિપ્રભા સાથે પોતાની બે ચાર સખીઓ સહવર્તમાન પરિક્રમણ કરતાં કરતાં વસંતની શોભા નિરખતાં નિરખતાં કુદરતની લીલાનું અવલોકન કરતાં હતાં. પતિપત્ની ઘડીમાં પ્રેમથી ક્રીડા કરીને, ઘડીમાં સખીઓની સાથે રમીને, વસન્તનો વિહાર કરતાં હતાં તેવામાં પોતાના પ્રિયતમને શાન્તિપ્રભા એમ કહેતી હતી કેઃ—જુઓ પ્રિય, આમ વસન્તની અમુક લીલા વિસ્તારેલી છે. વળી એનો

પતિ તે પ્રીતિ પૂર્વક જોતાં જોતાં આનંદમાં મગ્ન થતો હતો. તે વિનોદ સમયે વસન્ત વર્ણન. (અન્યોક્તિ અલંકાર)

સવૈયો

પ્રિય આજ વસન્ત વિહાર કરે હરી, લાલ, પીળા પટ ધારી કરી;
કરીને ઉપદેશમાં એજ કહે, જુઓ ફાગણની છબી ભેદ ભરી. ૧.
અરવિંદ મુખી શુભ વેષ ધરી, ગતિ બેશ કરી રતિ રૂપ બની;
બની કામનિ કામ પ્રસાર કર્યો, સુખ કારક એષ્ટને મોહમની. ૨.
બહુ માનથી માનવતી તુજને, મતિમાન ગણે ગુણવાન ખરી;
ગુણવાન સુપુષ્પ સુવાસ વડે, પરતાપ હરે મન શાન્ત કરી. ૩.
કરી શાન્તિ રહી ચ્યુત ઝંડ વિષે, રસ ગાપુર કોકિલ રાગ બધે;
બધે રાગ થકી મહી મંડળમાં, વણુ દેહ તણું સરજોર વધે. ૪.
વધે માનવી મંદિર મંડપમાં, હીમવેલી સમી નિજ દેહ વિષે;
નિજ દેહ વિષે શુ અવેવ ફુલે, શશિ બિમ્બસમી મુખ કાન્તિ દિસે. ૫.
મુખ કાન્તિ નિહાળતી આરશીમાં, ચપળા સમ ચંચળ નેન વતી;
એજ નેનવતી નિરખી પતિને, વિલસે મન માંહ્ય વિલાસવતી. ૬.
વિલસે સ્થિર જંગમ વાસ વિષે, ઋતુ રાજ તણો પરતાપ વસે;
પરતાપ વડે અલિવૃંદ ઉડે, ફળફુલ રૂડે ગનતૃપ્ત. રસે. ૭.
રસ ભોગી વિલાસી રસાતળમાં, સઘળે તુજ માનની માનવતી;
બહુ માનવતી તુજ પાન દીએ, લીએ માનવતી ખુશી થાય અતી. ૮.
અતિ કુમુદને કલહાર તણાં, વન માન સરોવરમાં ખીલતાં;
તહાં સારસ મોર અને કલહંસ, તણાં મનમોદ રહે ઝીલતાં. ૯.
ઝીલતાં રસરાગ વડે રસીલી, ફુલ કંદુક સુંદર બાગ વિષે;
સખીએ સખીના સ્તન બાગ વિષે, કાંઇ મિષ ધરી કરી કેલ હસે. ૧૦.
કરી કેલ અને તરૂવેલ વિટી, સૂચવે અભિજ્ઞાન વિમાન નકી;
નકી ભાવ ધરી ભજતી તરૂણી, નિજ પ્રીતમ કામ પ્રસાર થકી. ૧૧
અહી અંબ કદંબ ને જંબ તરૂ, બીલી બાવળ ખાખર ખેર ભલી;
ભલી ભાતથી રાતદી રાન વિષે, બની બોરસલી ફૂળી જાયફુલી. ૧૨.
વળી ચાવળી જાવલી રામફળી, વડ પિંપર પિપળ પાનવતી;
નીજ પાનવતી શુભ છાંય કરી, મનમાંય ધરી ઉપકાર મતી ૧૩.
મતીમાન તરૂ થકી બોધ લીયે, કોએ તાડનદે ફળ ફુલ નમી;

નમી તેમ કુલીન હમેશ રહે, ઉપકાર કીયે અપકાર ખમી. ૧૪.
ખમી ભાર અઢાર વનસ્પતિ ભાર, વહી મહીમાં મહિમા તેં વધાર્યો;
વધાર્યો વિલાસી જનો મનરંજન, કાજ સુવાટિકા વાસ તમારો ૧૫.
વાસ થકી વિકસે કળિ પુષ્પ, ગુલાબ અને ગુલદાર હજારો;
હજારો વિધિ ગુલરોપ અનુપમ, માલતી માધવી કેતકી કયારો. ૧૬.
કયારની જાય ફૂલી રહી જુય, હજુય ફૂલે કળિ કેળની કોટિ;
કોટિ પ્રકાર વિભૂતિ સુકામની, કામનિ સાથ જો નાથ ન કોટિ. ૧૭.
કોટ વિષે ધરી હાથ કહે નિજ, નાથ પ્રતિ રસવાદ રસીલી;
રસેવલી જુઓ પેલી દ્રુમલતા, આ શાંમ ઘટા પર આમ વસીલી. ૧૮.
વસી એમની કુંજની પુંજ વિષે, પતિ સાથ ફરે શુભ અર્થ સરે;
સુભ અર્થ હદે ધરી હામ ભરી, પ્રિય આજ વસન્ત વિહાર કરે. ૧૯.

આ પ્રમાણે જયારે વન પ્રદેશમાં તેઓ ચારે દિશામાં ફરી વિહાર કરતાં હતાં, તે વખતે દૂરથી સંભળાતો સિતારનો ધ્વનિ અને તે સાથે કરૂણા—જનક આલાપ તેમને કાને પડવાથી આ ધ્વનિ કઇ દિશા તરફથી આવે છે, તે તેમણે ધ્યાન પૂર્વક કાન દઈને સાંભળ્યું તો, પશ્ચિમ દિશા તરફથી એ અવાજ આવતો જણાયો. તેથી કોણ ગાયન કરતું હશે. એ જાણવાની તેમની જીજ્ઞાસા થઇ આવી. તેથી જે પ્રદેશ તરફથી એ ધ્વનિ આવતો હતો, એ તરફ તેઓએ અનુસરણ કરવા માંડયું. થોડેક દૂર ચાલ્યાં તો એક સુંદર સરોવર તેમની નજરે પડયું. એ સરોવર તીરે ઘીચ ઝાડીની લતામાં એક પર્ણકુટી બાંધીને એક વૈરાગ્યમય પુરૂષ આશ્રમ બાંધીને નિવાસ કરી રહેલો છે. જોકે વિભૂતિ ધારણ કરેલો સન્યાસી વેષ તેને હતો, તોપણ તેના ભાગ્યની રતિ છુપાતી નહોતી. તેણે આ-ગળ ઘણા સુખનો અનુભવ લીધો હોય, એવું તેની શરિકોમળતા ઉપરથી જણાઈ આવતું હતું. પણ તેના મનની કોઈ ઉંડી લાગણી હોય તેમ ભાસતું હતું, એ પુરૂષ અહીં યોગી વેષ ધારણ કરીને પૂર્વનું રહસ્ય સંભારતો દીલના હદય ભેદક ઉદ્દગાર કાઢતો સિતારના ધ્વનિ સાથ રાગ આલાપતો પૂર્વ ઇતિહાસનું કથન કરીને ગીત ગાતો હતો. તે આ રાજપુત્ર અને રાજકન્યાને ભેદ ભર્યું લાગવાથી તેની પાસે જવાના કુતુહલને મનમાં દુબાવી રાખી લતા મંડપમાં છૂપાઇ રહી પરિપૂર્ણ શ્રવણ કર્યા કીધું. ગીતને અંતે એક લાંબો નિશ્વાસ કાઢીને હાય મારીને બેઠા બેઠા તે બોલ્યો

કે:—મારા દેશની અને મારી જાતની આવી અવસ્થા, તે ફક્ત મારી માતાનો અનાદર કરનાર અને પેલી અવિનયી સ્નેહને ન પિછાનનાર કુલટા સંપત્તિ ઉપર ભોળે ભાવે આશક્તિ રાખનાર હું આદિ મારા આર્ય બંધુઓની દુર્દશા કરી નાખનાર અરે ભુંડી વિશ્વાસઘાતી, તું તેજ એકજ છે. તને હવે મારે શું કરવું? અને શું કહેવું? ના તો તેં મારા સુખ વિલાસની સ્પૃહા કીધી, ના તો તેં મારા સ્નેહ સ્વીકાર્યો અને ના તો તેં મારા વજ્રકોટ જેવા રક્ષણની પણ બીતિ કે દરકાર રાખી. અનેક શસ્ત્રધારી યોદ્ધાઓની ખડગધારાઓની વચ્ચેથી પણ તું પલાયન કરી ગઈ. તારૂં અનેક પ્રકારે લાલન પાલન કર્યા છતાં પણ તું તારા સ્વભાવને અનુસરતી સ્વચ્છંદ પણે ચાલી ગઇ. આ પ્રકારના તેના જોનાર સાંભળનારના હૃદયમાં કરૂણા અને જુસ્સા ઉત્પન્ન કરે એવા ઉદ્‌ગાર સાંભળી આ રાજપુત્ર શશિવર્મા અને રાજકન્યા શાન્તિપ્રભા સખીમંડળ સાથે તે પુરૂષની પાસે જઇ અદબસર નમન કરી તેનું શાન્તવન કરી પાસે બેઠાં. રાજપુત્રે પ્રશ્ન કીધો કે:—અહો સજ્જન પુરૂષ, તમે શાને માટે આવડો ખેદ કરોછો તેનું યથાસ્થિત વર્ણન કહેશો, જેથી અમને ઉપજેલા કુતુહલ માટે અમારા મનનું સમાધાન થઇ તમારા દુ:ખમાં દીલાસો મળવા અમારી શક્તિ પ્રમાણે કાંઇ મદદ કરી શકીએ. એટલા માટે અમારા ઉપર કૃપા કરીને કહી સંભળાવી, તમારા દુ:ખનો કાંઈક ભાર ઓછો કરશો, એવો આ માણુસો આપના ઉપર ભરૂંસો રાખે છે. આમનું વિનય પૂર્વક નમ્રતા ભર્યું સંભાષણ સાંભળી યોગી વેષ ધારણ કીધેલો મહાત્મા જરા વાર વિચાર કરીને બોલ્યો કે:—અહો, સુખી માણુસો, મારૂં કમનશીબ સાંભળવાથી ઉલટો તમારા મનને પરિતાપ આપશે. તોપણ જો તમને તે સાંભળવાનું કુતુહલ ઉત્પન્ન થયું છે તો સાંભળો.

પ્રકરણ ૬ ઠું.

દેશાભિમાની યોગી પુરૂષોનું અનુભવેલું વૃત્તાંત (અનુભવ).

દોહરો.

બાળપણાથી બાળને, દ્યો શુભ વિદ્યા જ્ઞાન;
વિદ્યા વિણ હીન ભાગ્ય જન, જો કદિ હોય શ્રીમાન. ૧

યોગીરાજ બોલ્યા કે:—અહો ભાગ્યવંત અને વૈભવી મનુષ્યો! હું પણ તમારી સ્થિતિએ પહોંચેલો એક રાજપુત્ર છું. આ વાનપ્રસ્થપદ

સ્વીકાર્યા પછી વિભૂતિ અખંડાનંદસ્વામી કહીને લોકો મને બોલાવે છે. તમે જોયું છે તેમ હું મારા દેશની દાઝથી ઉદાસ થઈ એકાન્ત વાસ સેવું છું. મારી જન્મ ભૂમિના સાંપ્રત કાળના મારા દેશ બંધુઓની સ્થિતિ સંભારીને આજ હું પીડા પામુંછું. પૂર્વે કાળમાં મારી જન્મ ભૂમિના લોકો અતિ સુખી અને પ્રતાપી હતા. તે સાથે મારો પ્રતાપ પણ અતિ વિસ્તારને પામેલો હતો. એ બધો કોનો પ્રતાપ હતો તે હાલ હું તમને જણાવું છું. અમારા દેશ બંધુઓની ઉપર વાત્સલ્યથી જોનાર બ્રહ્મા થકી ઉત્પન્ન મહાપ્રતાપી દેવી સરસ્વતી કે જેને માતા પ્રમાણે માન આપીને અમે ચાંહતા હતા અને જેના પુત્ર તરીકે અમે સન્માન પૂર્વક તેણે બતાલે માર્ગે અનુસરણ કરતા હતા તેનો એ પ્રતાપ હતો. આખા દેશના લોકો, રાજાને પ્રજા સમગ્ર એક કુટુંબપણાના વ્યવહારથી સ્નેહ રાખીને વર્તતા હતા. તે સમયમાં એ વિદ્યા માતાના આશ્રય નિચે અમે સર્વે ઉદ્ધાર પામ્યા. એ માતાના સંપૂર્ણ આદર ભાવ વડે અમે લાયકી મેળવી લાયક ઉમરના થયા ત્યાંસુધી એ વિદ્યા માતાએ અમારૂં પાલનપોષણ કર્યું. જ્યારે તેમણે જોયું કે અમે હવે કન્યા યોગ થયા છીયે ત્યારે પારકા દેશમાં ઉત્પન્ન થએલી સમુદ્ર તનયા સંપત્તિ રૂપી કન્યા સાથે અમારૂં લગ્ન કરાવ્યું. આવી રીતે લક્ષ્મીની અમને પ્રાપ્તિ થઇ. એ સંપત્તિ, જે પિતા થકી ઉત્પન્ન થએલી. તેમના લાલન પાલન વડે કરીને કન્યાપણું તજીને યુવાવસ્થા પ્રાપ્ત થતા સુધી અતિ મમતાથી ઉછરી હતી. તેથી કરીને જ્યારે તે વરવા યોગ્ય થઈ ત્યારે અમારી માતાના આર્શીવાદ વડે કરીને અમને યોગ્ય સદ્ગુણવાળા ગણીને, અમારી સાથે તેઓએ તેનું પાણિ ગ્રહણ કરાવી આપ્યું. એવી રીતે અમને સ્ત્રી મળી. અને જ્યાં વરવધૂનું સુખરૂપ મનોહર જોડું મળ્યું ત્યાં ક્રીડા અને સંસાર વ્યવહાર ચાલવો જોઇએ. જ્યારે ઘરમાં યુવાન્ વહુ આવે છે ત્યારે પુત્રો માતાનો પ્યાર ભૂલીને સ્ત્રીયોના પ્યારમાં ફસાય છે, તેમ અમારે પણ થયું. એ સંપત્તિ સુંદરીના વૈભવ વિલાસમાં અમે અમારી વિદ્યા માતાનો અનાદર કરવા લાગ્યા. અરે અમે એ સંપત્તિ સ્ત્રીના સમાગમમાં નિકટ સંબંધથી જોડાતા કે તુરતજ તેના અદ્ભૂત કાન્તિમાન્ છટાદાર સ્વરૂપના યોગે તથા તેના અદ્ભૂત ભોગ અને લીલા વિલાસ તથા નાના પ્રકારનાં રંગ બેરંગી વસ્ત્રો અને આભુષણો તથા સુંદર હાસ્ય તેમજ તેના યૌવન મદથી ભર-

પુર કાન્તિમાન સ્વરૂપવડે મોહ ઉપજાવી અમારૂં મન તેણે હરી લીધું. તેથી કરી અમે તેના પ્યારમાં લપટાયા. આ સમયમાં અમને વિદ્યા માતા થકી મળેલા સદ્બોધ વડે કરીને અમે તેની સાથે વર્તવાના ધર્મને જાણીને એક બીજાનું અવલંબન કરીને રહેવા લાગ્યાં. અને સંપત્તિ વહુ પણ પ્રેમ પૂર્વક અમારૂંજ હિત ઈચ્છતી અમારોજ આશ્રય કરીને રહી. તે ફરીથી પોતાને પીયેર ગઇજ નહિ. તેણે પણ પોતાને ઉછેરનાર માતા પિતાને વિસાર્યાં. એ પ્રમાણે પતિપત્ની એકએકને જોઇ મોહમાં બંધાઇને પોતપોતાના માવતરનો પ્રેમ ભૂલીને તેમને વિસારી દેવા જેવું વર્તન ચલાવવા લાગ્યાં. એ પ્રમાણે ઘણા દિવસો સુધી નાના પ્રકારના ભોગવિલાસ ભોગવતાં અમારો અને તેનો વ્યવહાર ચાલતાં તે સ્ત્રીને પેટે એક મહા આળસ નામના ફરજંદની અમને પ્રાપ્તિ થઇ. સંપત્તિમાં અમારો સ્નેહ જોડાયલો તેને લીધે અને પુત્ર વાત્સલ્યને લીધે એ બાળક ઉપર અમારી મમતા વધવા લાગી. તેથી અમે તેની સાથે અતિ લાડકોડથી પિતૃ ધર્મ બજાવવા લાગ્યા. એટલે તો અમારી માતા વિદ્યા દેવીનો છેકજ અનાદર કર્યો હોય તેમ તેને વિસારવા લાગ્યા. તોપણ એ માતા પોતાની ફરજ ન ભૂલતાં આ અમારા પુત્રનાં સામુદ્રિક લક્ષણ અને ચરિત્ર નિહાળીને ત્રિકાળદર્શીપણે તેનું ભવિષ્ય વિચારીને કહેવા લાગ્યાં કે:—બેટા, આ મહા આળસના જન્મ અક્ષર મેં લખી લીધા છે. તેનું ગણિત કરી તપાસી જોતાં આ પુત્રના જન્મથી તમારી દિન પરદિન વિપરીત દશા ભાસે છે. એવા કુળ ઉચ્છેદક પુત્રને ઉછેરવાથી માતા પિતાને અને આખા દેશને ભારરૂપ થઈ સર્વના સુખનો નાશ થવા સરખું ભવિષ્ય માલમ પડે છે. માટે એવા પુત્રને તો ઉત્પન્ન થતાંજ કાંતો નાશ કરી દેવો અથવા કદાચ પુત્ર સ્નેહને લીધે તમારાથી તેમ બનવું અશક્ય હોય તો તેને જીવતો ને જીવતો જંગલમાં જઈ વાઘની ગુફામાં મૂકી આવવો જોઇએ. તેમ કરતાં તમારૂં મન કચવાતું હોય તો હું કહુંછું કે ત્યાં પણ એના દેહનો ઘાત થવાનો નથી. કેમકે તેનું દીર્ઘ આયુષ્ય હોવાને લીધે વાઘ જેવાં ઘાતકી પ્રાણી પણ તેના ઉપર વહાલની નજરથી જોશે અને પોતાના બાળકોની સાથે રમતો રાખીને તેને એ પોતેજ પાલન કરીને રાખશે. આળસ તો એવા હિંસક પ્રાણીને સારી; પણ વિદ્યાવાન્ અને ઉદ્યોગી પુરૂષો લક્ષ્મી વાળા હોય તોપણ તેમણે આળસ કરવી ઉચિત નથી. માટે એ મહા-

આળસને ત્યાં મૂકી આવો. તમે કદી સ્ત્રી પુત્રના સ્વભાવિક સ્નેહને લીધે તેને તજી દેવાને રાજી ન હશો, પણ જે બાળકના જન્મથી તમારૂં સઘળું સુખ ડુબે, કુળ ડુબે, અને તમે જાતે નાશ પામો, એવા બાળકને તજી દેવો એજ ઉત્તમ માર્ગ છે. એવી મારી શિખામણ માનવાથી તમારૂં રૂડું થશે.

આવો સદ્બોધ મળ્યા છતાં સંપત્તિના પ્યારમાં લુબ્ધ થયેલા અમે તેને અને તેના પુત્રને વળગી રહ્યા. અને અમારી વિદ્યા માતાએ સુચવેલું ભવિષ્ય જાણ્યા છતાં પણ અમે બાળકને સંપત્તિને લીધે તજી શકયા નહિ, પણ એ વિદ્યા માતાને તજવા ઉમેદવાર થયા. એ પ્રમાણે માતાના વચનનો અનાદર કરીને તેને લાડથી ઉછેરવા લાગ્યા. પોતાનો અનાદર થયા છતાં એ વૃદ્ધ માતા ઘરમાં એક ખૂણે બેશી રહીને અમારા હિતનું ચિંતન કરતાં હતાં. એ પ્રમાણે વ્યવહાર ચાલતાં અમે સ્ત્રી પુત્રના પ્યારમાં અતિશય લપટાયા. સંપત્તિને પુત્રનો પ્રસવ થવાથી તેના મોંઢાનું નૂર ઘટયું અને યુવાનીનો મદ ઓછો થતો ગયો. (એકલી લક્ષ્મીને યોગે આળસુ બનવાના કારણે દેશમાંથી લક્ષ્મી ઓછી થતી ગઈ એટલે એનું નૂર તથા જુવાની ઘટીજ ગઇ એમ સંભવે છે.) તોપણ તેના ઉપરનો અમારો પ્યાર જેવોને તેવોજ હતો. એટલામાં તેને પેટે કુનીતિ નામની બાળકી જન્મી. તેને પણ અમે લાલનપાલન કરી ઉછેરી.

આ બંને ભાઈ બ્હેનમાંથી મ્હાટા આળસને નિદ્રા નામની ધાત્રીના હાથ નીચે સોંપવામાં આવ્યો. અને કુનીતિ કન્યાને અમે પોતાની દેખરેખમાં રાખીને ઉછેરી. હવે પાપ જન્મ પ્રદેશમાં વસનાર અતિ લોભ નામના પુરૂષની સાથે એ કન્યાનું લગ્ન કર્યું. તેને પણ અમે ઘરજમાઈ કરીને રાખ્યો. કુનીતિને પેટે અતિ લોભથકી એક કુસંપ નામનો પુત્ર અને એક ઈર્ષા નામની પુત્રી એવાં બે ફરજંદોનો જન્મ થયો. તેમનું પણ અમે દૌહિત્ર તરીકે પાલન પોષણ કર્યું. આ પ્રમાણે સંપત્તિનો કુટબ વિસ્તાર થયો. અને તેઓ એક બીજાનું અવલંબન કરીને ભાંડુ સ્નેહથી વર્તવા લાગ્યાં. તેઓ રમત કરતાં કરતાં અમારી મૂછો તાણવા લાગ્યાં. વળી એકાદ ખભે ચઢી કુદવા લાગે અને એકાદ મૂકી મારવા મંડી જાય. તેવાં અનેક દુઃખો તે બાળકો પોતાની પ્રકૃતિને લીધે રમત કરતાં કરતાં પણ અમને દેતાં, પરંતુ અમે પિતૃ ધર્મ પ્રમાણે અને વાત્સલ્યને લીધે તે દુઃખોને ગણ્યાં નહિ. આ પ્રમાણે સઘળા દુર્ગુણ રૂપી બાળકોનો અન્યાય અમારામાં પ્રવર્તન થયો, અને તેનાં

પરિણામો અમે ખમવા લાગ્યાં પણ અમે તેમને તજવાનો કે શાસન આપવાનો ઉપાય કામે લીધો નહિ. આ પ્રમાણે એ બાળકોને રમત ગમતમાં મહાલતાં અટકાવવાની અમે દરકાર રાખી નહિ. તેમ તેમને રૂડું શિક્ષણ અને શાસન આપવામાં આવ્યું નહિ. તેથી કરીને તેઓએ પુખ્ત ઉમરે પહોચતાં પોતાની જન્મ પ્રકૃતિ અને સ્વચ્છંદી ચાલને અનુસરી છેવટ સુધી અમારી રીતિ રીવાજને જોઈને જેમ અમે વિદ્યા માતાનો અનાદર કીધો તેમજ તેમણે પણ અમારો અનાદર કરવા સ્વીકાર્યું હોય એમ ગણીને અમારી આજ્ઞામાં રહેવું દુરસ્ત ધાર્યું નહિ. પણ ઉલટાં બેહદ થઇ અમને સ્વાધીન કરવા લાગ્યાં, એવું ધારીને કે જાણે આપણે માથેથી વડીલોની સત્તા ઉઠી જાય તો પછી આપણે સ્વતંત્રપણે મહાલીયે. તેમ વિચારી અમારા ઔરસ ફરજંદ આળસ અને કુનીતિ એ બંનેએ વિચાર કીધો કે રાવણ નામના વૃદ્ધ પિતામહને તથા તેના ભાઇ કુંભકરણને ઉસ્કેરીએ તો આપણો હેતુ પાર પડી શકે ખરો. કેમકે આ કાળમાં તો તેઓની સત્તા જબરી છે. એવો વિચાર કરી કુનીતિએ માથે રાખ્યું કે મારે રાવણનો ઘાટ ઘડવો અને આળસે માથે રાખ્યું કેઃ-નિદ્રા નામે મારી ધાત્રી છે તે કુંભકરણ સાથે લંપટપણે જોડાયલી છે. તે મારામાં ઘણી મમતા રાખે છે. તેથી તેને મારે વાસ્તે જે કહીશ તે પ્રમાણે તે કરશે. એમ કહીને સમય જોઇ બંને જણાએ સાહસ આદર્યું. રાવણને અયોધ્યાના શ્રીપતિ મહારાજા શ્રી રામચંદ્રજીની પતિવ્રતા સ્ત્રીના સ્વરૂપનું વર્ણન કરીને તમારા કુળને અને ઘરને શોભાવે તેવી મનોહર સ્ત્રી તો જગતમાં એ એકજ છે, એ પ્રમાણે ભાષણ કરીને, કુનીતિએ તેને લલચાવી અનીતિ કરવા પ્રેર્યો; જેના પરિણામમાં તેનું મૃત્યુ નિપજ્યું. એજ વખતે મહાઆળસે નિદ્રા નામની પોતાની ધાત્રીને પ્રસન્ન કરી વચનથી બાંધીને કુંભકરણનું મૃત્યુ માગ્યું. ત્યારે તેણે કહ્યું કેઃ—તું મારા અનુયાયીનું મૃત્યુ માગે છે તે કેમ બને ! ત્યારે આળસે કહ્યું કે તું વચનથી બંધાયેલીછું. તેથી કર્તવ્ય અકર્તવ્યનો વિચાર કરવાની તારે જરૂર નથી. વચન પાળવું એ તારૂં કામ છે. વચનથી દશરથ રાજાએ પોતાના પ્રાણ તજ્યા, પણ પુત્રોનો વનવાસ અસહ્ય હોવા છતાં કાંઈ ન બોલી શકયા. માટે તારે પણ મારે વાસ્તે સ્વાધીન વર્તીને વચન પાળવું જોઇએ. વચનથી બંધાએલી નિદ્રાએ એજ રામ અને રાવણના યુદ્ધ પ્રસંગે કુંભકરણનો પણ વધ કરાવ્યો. પરંતુ

અતિ ખેદ કરતી મહાઆળસની પાસે આવી તે કહેવા લાગી કેઃ—હું મારા પોષણદાન પ્રિયતમને મરાવી આવી. હવે વિરામ પામવાની હું ઇચ્છા કરૂંછું. કારણકે હવે મારૂં પોષણ બીજો કોણ કરી શકે તેમ છે. હવે તો મારે ઘેર ઘેર ભટકી ભટકીને કાળ નિર્ગમન કરવો પડશે. ત્યારે મહા-આળસે કહ્યું કેઃ—જો તું પોતાને નિરાધાર થયેલી જણાવે છે અને મારે વાસ્તે દુઃખ ખમે છે તો જ્યાં હું ત્યાં તું. તને સાથે ને સાથે રાખીને તારૂં હું પોષણ કરીશ. તેમ છતાં પણ હવે તું પતિના મરણથી વિધવા થઇ છે. અને વિધવાઓનો ધર્મ ભક્તિ કરવાનો છે. અને ભક્તિ કરનારે કથા શ્રવણ કરવી, અને એટલો કાળ ભક્તિ માર્ગે નિર્ગમન કરવો એ પણ તારા હિતની વાત છે. એ પ્રમાણે તેણે મહાઆળસની આજ્ઞા સ્વીકારી. અને હજુ પણ એવી સુકથા વાર્તા થતી હોય ત્યાં વગર આમંત્રણે આવીને શ્રોતાઓની આંખમાં નિવાસ કરી તેમને ગબડાવી દઇ પોતે એકલીજ કથા શ્રવણ કરે છે. આટલું કરીને પણ તે મહાઆળસ અને કુનીતિ ઝંપીને બેઠાં નહિ. આજ સુધી તેઓ સતત અમને અને અમારા દેશ બંધુઓને પીડા કરનાર થઇ પડયાં છે.

આ બંનેનો દાખલો જોઈ કુનીતિના પતિએ પણ પોતાની સ્ત્રીને પ્રિય થવા સારૂ દુર્યોધન જેવા મહા પ્રતાપી રાજાનો વિનાશ કરાવ્યો અને તેમ કરીને પોતાની પત્નીને વહાલો થયો. અને એ લોભના ફરજંદ કુસંપને ઈર્ષ્યા એમણે તો મોટા મોટા રાજ્યોનો અને અમારા દેશ બંધુ જનના કુટુંબોનો વિનાશ કરી નાંખ્યો. કુસંપે તો દરેક કુટુંબમાં પોતાની સત્તાથી વર્તીને વિગ્રહ કરાવી દીધોછે, તે એટલે સુધી કે સ્ત્રી પુરૂષનાદંપતી ભાવમાં પણ વિક્ષેપ કરાવી દીધો. તે એટલે સુધી કે જો પતિ સભાની અંદર સુભાષણ ઉચ્ચારતો હશે, તો પત્ની રાજીઓ ગાવામાં કુશળ હોવાં જોઈએ. ભાઈ નાના પ્રકારના બોધ કરવામાં અને સંપ વધારવામાં કુશળ હશે, તો બાઈ કજીઓ કરવામાં પાછી પાની કાઢતાં નહિ હશે. વળી જો ભાઈ સત્ય-શીલ અને ડાહાપણ વાળા ગણાતા હશે તો બાઈ જૂઠાઈ અને મૂર્ખાઈ ભરેલા દોષથી બાકી રહેલાં નહિ હશે. એ બધું બનવાનો હેતુ ફક્ત કુસંપનાં કર્તવ્ય છે. આ પ્રમાણે સંપત્તિને વશ થયેલા અમને એ સંપત્તિએ તથા તેનાં પેઢી ઉતાર ફરજંદોએ બહુ બહુ પ્રકારે દુઃખી કર્યા, તોપણ તે સંપત્તિથી ઉત્પન્ન થયેલા બાળકોને અમે દૂર ખસો એમ કહી શક્યા નહિ. તેમ એ સંપ-

ત્તિના મોહને પણ અમે નિવારી શકયા નહિ. આળસને કુનીતિનો જન્મ થયો તે ટાણેથીજ સંપત્તિના મુખનું નૂર ઘટતું ચાલ્યું અને જુવાની વહેવા લાગી. જુવાની વહી ગઈ એટલે વિનોદ પણ કમી થતો ચાલ્યો. તોપણ જે રહ્યું એટલાથીજ અમે સંતોષમાં મગ્ન થવા લાગ્યા. હજુ પણ વિદ્યા માતાનો અનાદર અમે કરતાજ રહ્યા હતા. તો પણ વિદ્વાન પુરૂષો દ્વારા વાત્સલ્ય ભાવે એ માતા અમને બોધ પૂર્વક શિખામણ અપાવતી હતી, કે એ સંપત્તિ કેવી છે તેના ગુંણ તમે ધ્યાનમાં રાખીને તેની સાથેના તમારા વ્યવહારમાં મારી શિખામણને અનુસરી વર્તશો અને પત્ની તરીકે તેને ઘટિત માન આપશો તો સુખી થશો. તેના ગુણ તમે પિછાની રાખજો. એ સમુદ્ર મંથનથી ઉત્પન્ન થયેલા ચૌદ રત્નોમાંની એક છે. એણે પોતાના બંધુ રત્નોથી છૂટા પડતી વખતે તેમના સહવાસ પરિચયને લીધે અને સહોદરની પ્રીતિને લીધે તેઓના એક એક ગુણનું ગ્રહણ કરેલું છે. સાગર જેવા ગંભીર અને શાન્ત પિતાથી ઉત્પન્ન થયેલી છતાં મદિરાના સહવાસથી મદમત્ત થયેલી છે. કમળમાં વસનારી છતાં કોમળતા તજીને કૌસ્તુભમણિ પાસેથી કઠિણતા લીધી છે. સાક્ષાત્ નારાયણના ચરણ સેવેલા છતાં તેમના લેશ ઉપદેશ ધારણ ન કરતાં પારિજાતક પાસેથી રાગ (પ્રીતિ) અંગીકાર કર્યો છે. વિષ્ણુની પાસે વસેલી છતાં સરલતા નહિ ધારણ કરીને ચંદ્રની પાસેથી વક્રતા સ્વીકારી છે. અમૃતની સહોદર છતાં તેનો લેશ અંશ તેનામાં નથી, પરંતુ વિષ પાસેથી મોહન શક્તિનું ગ્રહણ કર્યું છે. એ ઉંચાકુળમાં જન્મેલી હોવા છતાં તેને છાજતી ગંભીરતા છોડીને, ઉચૈઃશ્રવા પાસેથી ચંચળતા ગ્રહણ કરી આવેલી છે. એટલાંવાનાં સહવાસની યાદગિરી તરીકે વિયોગ સમયે વિનોદ કરનારાં ચિન્હ તરીકે ગણી લઈનેજ ક્ષીરસાગરમાંથી તે બહાર આવી છે. માટે એને દક્ષ નાયક સિવાય કોણ કેળવી શકે એવો છે. એવી અનાર્યામાં તે પ્રીતિ કેવી ? એના જેવું જગતમાં બીજુ કોઇ અપરિચિત નથી. આ પ્રમાણે તેમણે બોધ કરાવ્યા છતાં પણ અમે એ વિદ્યામાતાના કહેણનો છેકજ અનાદર કરીને એકલી સંપત્તિનેજ અનુસરી ચાલવામાં સુખ માન્યું. આ પ્રમાણે વર્તતાં એ સંપત્તિ વહુ ઉપર વૃદ્ધ સાસુનો દાબ રહ્યો નહિ. અને જ્યારે એવી રીતે વૃદ્ધ સાસુનો દાબ વહુ ઉપર નથી હોતો ત્યારે વહુઓ સ્વચ્છંદતાથી મરજી પ્રમાણે ચાલવા ઇચ્છે છે. તે પ્રમાણે વિદ્યામાતાનો દાબ માથેથી કમી થતાં આ સંપત્તિ વહુ નો

પાડોશીના ઘરમાં જવા આવવા લાગ્યાં. નજીકના દેશોમાં લક્ષ્મી જતાં. પછી ત્યાંથી વેપારમાં અહીં કમાઇ લાવતાં પણ ઘણે ભાગે લક્ષ્મી જતી રહેવા માંડી. વળી આ જોઇને પણ વિદ્યામાતાએ અમને ભાન કરાવ્યું કે તમારી સંપત્તિ વહુ પોતાનો ધર્મ ત્યજીને પાડોશીઓમાં પ્રીતિમાન્ થાય છે. તેમ કહ્યા છતાં અમે સાંભળ્યું ન સાંભળ્યું કરીને એ વાતની પણ દરકાર કરી નહિ. અને એમનેએમ ચાલવા દીધું. જતે દિવસે એ સંપત્તિતો એકલીજ અનાર્યા સ્ત્રીની પેઠે મુસાફરીને મિષે પરદેશમાં જવા લાગી, અને ત્યાંજ સ્થિતિ કરવા લાગી. વધુ ભાગે ત્યાં રહીને ક્વચિત્ ક્વચિત્ અહીં આવી રહેવાનું કરવા માંડયું. આમ થવાનું કારણ એમ બન્યું હતું કે અમારાં માતુશ્રી વિદ્યામાતા જે વખતમાં અમને બોધ આપતાં હતાં તે વખતે અમારે ઘેર આવેલા પરદેશી લોકો અમારી માતાનો અપૂર્વ મહિમાવંત બોધ (જે માતાજી અમારા હિતને અર્થે આપતાં હતાં તે) સ્વીકારી લઈ સંગ્રહ કરનારા નિપુણ બની ગયા, અને અનેક સદ્‌વર્તન શીખી ગયા. એ દિવસથી અમારી સંપત્તિ તેમની પ્રીતિમાં જોડાવા લાગી. અને જતે દિવસે સદાને માટે તેઓની સાથે એક અનાર્યા સ્ત્રીની પેઠે તે નિકળી ગઇ. તેજ બાબતનો હું અત્રે ખેદ કરૂંછું. હવે આજ પસ્તાઇને ઠોકર ખાધા પછી મારી વિદ્યામાતાના બોધને સંભારૂંછું, ત્યારે મારૂં હૃદય ચૂર્ણ થયા વિના રહેતું નથી. આંખમાં આંસું આવે છે. માતાજીનો સર્વ સ્નેહ સાંભરે છે. આજ અમારી આગળ અમારી માતા પણ છે નહિ. કેમકે અમે તેનો છેક અનાદર કીધો, તેથી અને અમારૂં પરિણામ તેમને વિપરીત જણાયું તેથી તેમજ પોતાનું ચલણ આ બેઢંગાં ફરજંદો ઉપર ન હોવાથી યાત્રા નિમિત્તે તિર્થક્ષેત્ર કાશીપુરીમાં નિવાસ કરી રહેલાં છે. અને અહીં તો જેનામાં અમે મોહ પામીને જેની પુઠેપુઠે ફરીને અમારૂં જીવન સાર્થક સમજતા હતા, તે અપરિચિત ચપળા સંપત્તિ જોતજોતામાંજ અમારો સ્નેહ ન ગણીને પલાયન કરી ગઇ. જાણે મંદ્રાચળનો ભ્રમણ સંસ્કાર હજુ તેનામાં રહ્યો હોય તેમ તે ભ્રમણ કર્યા કરે છે. અને કમળ વનમાં ચાલવાથી જાણે તેના પગમાં કાંટા વાગ્યા હોય તેની પેઠે એક ઠેકાણે તે પોતાનો પગ સ્થિર રાખીને રહેતી નથી. ગમે તેવું તેનું રક્ષણ કરીને અથવા મહાન્ રાજમહાલયમાં મહામહા મેહેનતે તેને રાખી મૂકી હોય, તોપણ ઐરાવતના ગંડસ્થળનું મધુ પીવાથી જાણે ઉન્મત્ત બની હોય તેમ એ પડી જાય છે. અને જાણે કોઇ અજાણ્યા મુકામમાં પ્રવેશ કરવો હોયની શું

એમ અવિશ્વાસ રાખીને સ્થિતિ કરતીં હોય એવી રીતે તે ચલાયમાનજ રહે છે. ફક્ત જ્યાં સુધી જનસમૂહના એકસંપ અને અતિ પરાક્રમથી તેને રાખી શકાય ત્યાં સુધીજ તે સાધ્ય રહી શકે છે. બાકી તો હરિશ્ચંદ્ર જેવા સત્યવાદીને પણ તે તજીને ગઇ છે. તે પરિચયને પણ જોતી નથી. દેવતાઓ કે જેમણે મહામહા મહેનતે મહાસમુદ્ર મથીને તેને મેળવી, તેમની પાસે પણ એ સદાકાળ રહી નથી. તે રૂપ ગુણ કે ઉચ્ચ કુળને પણ જોતી નથી કે નથી તે શીળવંત અનુકુળ નાયકની અનુકુળ વૃત્તિની પરવા રાખતી. વળી બલીરાજા જેવા ઉદાર પુરૂષનો પણ તેણે આદર કીધો નથી. વિશેષ જ્ઞાનવાળા દક્ષ નાયક શ્રીકૃષ્ણનો તેણે સહવાસ કીધો. પણ તે વિશ્વરૂપની પ્રગટ ક્રિયા શિખવા સારૂજ (સત્રળે વ્યાપકપણું દર્શાવવા માટેજ), નહિ તો તેણે યુધિષ્ઠિર જેવા ધર્મનિષ્ટ પુરૂષની દરકાર કરી હોત. થોડાજ કાળમાં તેમને પડતીદશામાં આણી તેણે વનવાસમાં રખડાવ્યા છે. મોટું યુદ્ધ કરી ભીમે પરાક્રમ કરીને તેને પાછી વસાવી, પણ તેમને સુખી થવા કે ઠરીઠામ તેણે બેસવા દીધા નહિ. માંધાતા જેવા ચક્રવર્તી રાજાની સાથે પણ તે સ્વર્ગમાં સિધાવી નહિ. સગરરાજા જેવા સાઠ હજાર પુત્રોના પિતા પાસે પણ તે રહી નહિ. તે વિટપની સાથે વેલની પેઠે જોડાઇ જઇ, પોતાની કઠોર પ્રકૃતિ પ્રદર્શીત કરે છે. નંદરાજાની પાસે તે રહી નહિ. ગમે તેવો પુરૂષ હોય તોપણ તેની સાથે થોડો કાળજ તે રહે છે. જાણે કે નવુંનવું અનુભવવાની તેની સ્વાભાવિક પ્રકૃતિજ હોય તેમ તે એકજ પુરૂષનો પરિચય રાખીને રહેતી નથી. એવી એ દુરાચરણી છતાં, કોણ જાણે શાથી રાજા લોકો દૈવયોગે એના પરિગ્રહણથી વિકલ્પ બની જઇ, તમામ અવિનયનું સ્થાન થઈ પડે છે. અને જાણે કે રાજ્યા ભિષેકની ક્રિયાની સાથે તેમની બુદ્ધિ વિભ્રમદશાને પ્રાપ્ત થતી હોય, તેમ તેઓ તેને માટે તૃષ્ણાવંત રહે છે. અભિષેક સમયે તેમના ઉપર થતી જળધારા વડે કરીને જાણે તેમનું ડાહાપણ ધોવાઇ જતું હોય તેમ એ ચપળા સંધ્યા સમયના કમળની પેઠે અવિશ્વાસ ઉત્પન્ન કરનારી છતાં, તેનું તેઓ ગ્રહણ કરે છે. વળી ધુમાડાથી જાણે તેમનાં અંતઃકરણ મેલાં હોય તેમ, જેમજેમ એ સંપત્તિ દિવસે દિવસે પ્રકાશ પામતી જાય છે, તેમ તેમ અનેક અનર્થો રૂપી કાળાં કર્મ કરીને અનાદર કરવા યોગ્ય એ સંપત્તિને વસાવી રાખવાના હેતુથી તેઓ તેને વશ થઇ પડે છે. તેઓને તે અમારી

પેઠે દગો દીધા વિના રહેતી નથી. એનો એનો સ્વભાવજ છે કે:—તે લાખો ઘેર મચી રહે છે તેથી એણે લક્ષ્મીજી (લખ+મીચી) એવું વિશેષણ ધારેલું છે. તો એના એવા દોષ જાણ્યા છતાં હવે તેનામાં ખોટો મોહ રાખવો તે દુર્ભાગ્ય વહોરવાનું દારૂણ સાહસ છે, એમ ધારીને આ વનમાં પર્ણકુટી બાંધી યોગી વેષ ધારણ કરીને, વિરાગ થકી અહીંજ સ્થિતિ કરી હું રહ્યો છું. હવે પછીનો કાળ પરમાત્માના ભજન કરવામાં ગાળવો હું ઉચિત ધારૂં છું.

અહીં આ રાજપુત્ર શશિવર્મા અને રાજકન્યા શાન્તિપ્રભા એમણે આ સન્યાસી રાજપુત્રનું સુબોધદાયક વૃત્તાંત સાંભળી પોતાના મન સાથે નિશ્ચય કર્યો કે:—લક્ષ્મી એ અનિશ્ચિત છે. તે જોતજોતામાં ગાંધર્વ નગર ચિત્ર-લેખાની પેઠે દેખાવ આપીને ઉડી જાય છે, તેથી તેમાં આશક્તિ ન રાખવી જોઇએ. પ્રારબ્ધ વશાત્ પુરૂષ પરાક્રમ કરતાં જે વૈભવ મળી રહે તેને યથેચ્છ ભોગવવો, અને તેનો ઉદાર અને મોટા મનવડે પરમાર્થે ઉપયોગ કરતા રહેવું, એજ આ વૃતાંત્તનો હેતુ છે. પછી પેલા સન્યાસી રાજપુત્રને નમન કરી તેઓ પોતાને મુકામે ગયાં. અને બંને સરલ હૃદયનાં દંપતી યથેચ્છ સુખ ભોગવતાં કાળ નિર્ગમન કરવા લાગ્યાં. એક દિવસના સમા-યોગે રાજપુત્ર શશિવર્માને પોતાની માતા યાદ આવવાથી તેનું મનચિંતાતુર થયું અને તેજ વિચારમાં તેને લીન થયેલો જોઇને રાજપુત્રી શાન્તિપ્રભા તેને કહેવા લાગી:—પ્રાણનાથ ! આપને મારા તરફથી કાંઇ સેવામાં ન્યૂનતા જણાઇ કે જેથી, આપ દીલગીરીથી આજે વિચારમાં લીન થયેલા ભાસો છો ? મારાથી આપનું મન કાંઇ ગુપ્ત ભેદ રાખી ન શકે તેમ હોય તો તે ભેદ ખુલ્લો કરવાની કૃપા કરશો. રાજપુત્ર કહે છે કે:—પ્રાણવલ્લભે ! તમારાથી મને કોઇ અધિક પ્રિય હોયજ નહિ. તોપણ મારી જન્મદાતા માતા મને સાંભરી આવવાથી, આજ તેનો વિરહતાપ મારાથી સહન થઇ શકતો નથી. એ સાંભળી રાજપુત્રી શાન્તિપ્રભા વિનય પૂર્વક બોલી કે:—જ્યારે આપના મનમાં એમજ સાંભરી આવ્યું છે, ત્યારે તો આપ આ દાસીને પણ વિસા-રશો નહિ, એમ હું આશા રાખું છું. પરંતુ આપને જવાની ઇચ્છા હોય તો સુખે જાઓ. પણ વૈભવના વિલાસમાં પડીને મને વિસારશો નહિ. એ પ્રમાણે એની અનુમતિ લઇને રાજકુમારે બીજેજ દિવસે જવાની તૈયારી કીધી. તે રજા લઇ રવાને થતાં રાજકન્યા બોલી કે:—

આપ જે સુગમ રસ્તે થઇ પધાર્યા હતા તેતો વિધાતાના સંકેતથી પૃથ્વી ઉપરનો માર્ગ બની રહ્યો હતો. પણ આતો પાતાળના નાગ લોકના અધિપતિની કન્યા, જે હું આપની સન્મુખ આપના ચરણ સેવનાર દાસી તરીકે ઉભી છું, તેને વસવાની વરૂણ દેવે સેવેલી પાતાળ ભૂમિ છે. હવે આ મેહેલનો રસ્તો પાતાળમાં સમુદ્ર તળીયેજ પસાર થાય છે. માટે હું આ એક જડી બુટ્ટી અથવા જેને શૃગાલ શૃંગથી લોકો ઓળખાવે છે, તે આપને આપુંછું. તે આપની પાસે રાખો કે જેથી આપને સમુદ્રજળ માર્ગ આપશે, અને તેના યોગે આપ એ રસ્તે થઇ સુખરૂપ ગમનાગમન કરી શકશો. અને તેવી રીતે પૃથ્વી ઉપરનાં વનો, નગરો, શહેરો તથા રસ્તાઓની કુદરતી અદ્ભૂત લીલા અવલોકન કરી શકશો. આ એક દોરો લેતાજાઓ. સંકટની વખતે તે દોરાને હાથવતી વળ દેશો કે તુરતજ, આપ ગમેતે જગ્યાએ હશોત્યાં આપની સેવામાં આવી હું હજર થઇશ. અને આ બાજીજે આપને પ્રથમજ પ્રાપ્ત થઇ છે, ને જેના ઉપર આપની મરજી વિશેષ છે તે પણ લેતા જાઓ.

આ પ્રમાણે સર્વે સાહિત્યોનો સ્વીકાર કરી રાજપુત્ર રજા માગી વિદાય થયો. થોડા વખતમાં રાજપુત્ર જળ માર્ગે ગતિ કરી દરિયાની સપાટી ઉપર પૃથ્વી પરના એક બંદરે નિકળ્યો. ત્યાંની શોભા અવર્ણનીય હતી. ત્યાંથી થોડેક દૂર એક અપૂર્વ શહેર વસેલું હતું, તે તરફ એ ચાલ્યો. રસ્તામાં ચાલતાં એકાંતમાં એક સુંદર ભવ્ય દેવાલય નજરે પડયું. તેમાં દેવના દર્શનના, અને પરદેશી તેથી શેહેરમાં કોઇ ઓળખાણ ન હોવાના સબબે ઉતરવાની જગ્યાની અભિલાષાથી તેણે તે જગ્યામાં પ્રવેશ કર્યો. દેવાલયમાં શ્રી સદાશીવભગવાનનું સ્થાપન કીધેલું, તેથી તે અતિ રમણીય હતું. મુસાફરોને તેમજ સુખી પુરૂષોને ઉતારવા યોગ્ય તેમાં સઘળી ગોઠવણો તૈયાર હતી. અતિથિઓના સત્કાર માટે એક માણસ ત્યાં નિમેલો હતો. તેણે આ રાજકુમારને આવતાં જોઇ માનભર્યા વચનોથી તેમજ યોગ્ય સત્કારપૂર્વક અભિવંદન આપી એક સુંદર દીવાનખાનું ખોલી આપ્યું. તેમાં સુંદર આસનો ગોઠવેલાં હતાં. તેના ઉપર રાજપુત્ર જઇને બેઠા પછી તેની આગળ સ્વચ્છ પાણીથી ભરેલું અને માંજી સાફ કીધેલું જળપાત્ર લાવીને તેણે મૂકયું. અહીં સર્વ પ્રકારની સુવા બેસવાની સોઇ હતી. થોડી વારમાંતો જમવાને માટે નાના પ્રકારના પાક બનાવી તૈયાર કીધા. પછી વિવિધ પ્રકારનાં પકવાનો સાથે અમૃત જેવી

રસોઇ પવિત્ર પાત્રમાં પીરસી, આ શ્રમ વાહકે તેને જમાડયો. રાજપુત્ર જમીને બેઠો છે તેવામાં એક વિચિત્ર દેખાવનો પુરૂષ તે દેવાલયમાં આવતો જણાયો. આવીને તે રાજપુત્રની સનમુખ ઉભો. તેનો દેખાવ લાલ મુખના વાનરના સમાન જણાતો હતો. તેના ઉપર સિંદુરનો રંગ ચઢાવેલો હતો. તેણે એક સેલાનો લાલ રંગનો કચ્છજ પહેરેલો હતો. તેણે સઘળા અંગ ઉપર કાંઇ લેપ લગાવી, તેના પર રૂવાંટી રૂપ સફેદ કુમાસદાર વાળ ચોઢેલા હતા. એવા વેશમાં તે હતો પણ તેનું વદન ખિન્ન અને ભયભીત જણાતું હતું. તેથી તે જાણે પોતાનું સર્વસ્વ હારી ગયેલા હોય, અને કોઇનો આશ્રય મેળવવા માગતો હોય, તેવો જણાતો હતો. આવી તેની વિચિત્ર સ્થિતિ જોઇ રાજકુંવરે તેને પ્રશ્ન કીધો કે તું મનુષ્ય છે, કિંવા કોઇ દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ વા કિન્નર છે ? કે જેથી આવો અદભૂત વેષ ધારણ કરી અહીં આવ્યો છે. તેનો જે કાંઇ હેતુ હોય તે કહી દે. હું પણ એક રાજપુત્ર છું. તું ગમે તે હોય તેનાથી ડરવાનું મને કંઇ કારણ નથી. જો તું દેવ હશે તો મારો પૂજ્ય છે. અને તને પ્રસન્ન કરવાનું હું મારૂં કર્તવ્ય સમજુ છું. કદાચ રાક્ષસ હશે તો તારી આગળ બીરૂતા બતાવવાને બદલે તારી સાથે યુદ્ધ કરવાને હું તત્પર છું, અને જો તું કોઈ દુઃખી વા સુખી માણસ હશે તો તને અનુકુળ તેમજ સાહસ કરવા તત્પર છું. આ સાંભળી પેલા આવેલા પુરૂષને કાંઈક આશા ઉત્પન્ન થઈ. તેથી તે બોલ્યો કેઃ—અરે ભાગ્યશાળી પુરૂષ ! મારૂં વિપરીત નસીબ મને બહુ દુઃખ- કારક નિવડયું છે. હું વિષ્ણુશર્મા નામે એક બ્રાહ્મણ કુમાર છું. આ દેવાલયમાં આવી અહીં તમારી પેઠે મેં વિશ્રામ કીધો હતો. પ્રથમ દિવસે મારી સારી રીતે બરદાશ થઇ. બીજે દિવસે સવારમાં અહીંથી રૂખસત લઇ હું પાસેના શહેર તરફ જવા નિકળ્યો. મારી પાસે કેટલાએક દિવસ પરદેશ વેઠી ઘણું કષ્ટ વેઠીને થોડુંક ધન સંપાદન કરેલું હતું. તેના સુવર્ણના પાંચ પાસા ખરીદ કરી, એક પોલી લાકડીમાં ઘાલી, કોઇ ન જાણે એવી રીતે બંદોબસ્ત કરીને, એ લાકડી મારા હાથમાં ગ્રહણ કરી, હું મારા દેશ તરફ પાછો વળતાં આ શહેરમાં આવી પહોંચ્યો. શહેરમાં દાખલ થતાં એક મનોહર અવાસ કે જે આરસના પથ્થરથી બનાવેલો હતો તે મારી નજરે પડયો. તેના દ્વાર નજીક થઇ હું એક રસ્તો પસાર કરતો હતો. એ રસ્તો પણ અતિ સ્વચ્છ અને એવાજ પથ્થરથી બાંધેલો હતો. તે રસ્તા વચ્ચે એ મેહેલના દરવાજા આગળ સુવર્ણના સિક્કા છૂટક છૂટક

પડેલા મેં જોયા. એક બાજુએ મહેલની રવેશ ઉપર કેટલાંએક ઉંચાં ગોઠવી રાખેલાં આસનો હતાં. તેમાંનાં કેટલાંક ઉપર સુંદર પકવાનો ગોઠવી રાખેલાં હતાં. અને કેટલાંક ઉપર ફૂલ અને ફળની છાબડીઓ મૂકી રાખેલી હતી, એ બધું એમ છતાં તે નિર્જન સ્થાનક કોઇના પણ રક્ષણ વગરનું પડેલું હોવાથી, બીજી કોઇ વસ્તુ તરફ મારૂં મન ન લલચાતાં મારી જાતિના લોભી સ્વભાવ પ્રમાણે હું નીચે પડીને પેલી સુવર્ણ મોહોરો લેવા મંડયો. એટલામાં એક સુંદર સ્વરૂપવાન્ સ્ત્રી આવીને હાવ ભાવ સહિત કટાક્ષપૂર્વક મારી સામું જોતીજોતી મારી પાસે આવીને મારો જમણો હાથ પકડીને કહેવા લાગી કેઃ—તમોને મારી બાઇસાહેબ આમંત્રણ કરે છે, કે અહીં પધારી આ મેહેલને તમારી ચરણ રજના સ્પર્શથી પાવન કરીને જાઓ. આપનું સ્વરૂપ જોઇને તેમને તમારે માટે કાંઈ કાંઈ વહાલ ઉપજી આવ્યું છે, તે માટે આપ ત્યાં પધારશો તો આપ અહીં નીચા નમી નમીને જે વસ્તુ ગ્રહણ કરો છો તે વસ્તુ (એકલા સુવર્ણના શિક્કા તમને શું સંતોષ કરવાના હતા) તો શું પણ તે સાથે એ મનમોહન સુંદરી તમારાપર પ્રસન્ન થઇ તમને પોતાનું તમામ ધન અર્પણ કરવા ઇચ્છે છે મારા મનમાં જેનો હેતુ હતો તે અર્થ અને તેથી અધિક સુખ મળવાનું સહેજ બની આવે છે તો શામાટે તે ન ભોગવવું જોઇએ, એમ વિચારી હું તે મનોહારિણીની સાથે એ મેહેલમાં દાખલ થયો. પ્રથમ તો જતાંવેંતજ એક ભવ્ય દીવાનખાનામાં માનપૂર્વક સુંદર આસન બેસવા આપીને તેણે મારી સારી રીતે આગતાસ્વાગતા કીધી. એટલામાં એક ઘણી રૂપવંતી અને તેર ચૌદ વર્ષની સુંદરી, મારી સામે જાણે પૂર્ણ પ્રેમથી જોતી હોય તેવા હાવભાવ અને કટાક્ષથી નિહાળતી શૃંગારિક વિનોદ કરતી કરતી મારી સામેના એક આસન ઉપર આવીને બેઠી. તેની જોડે તેની સમવયની બીજી કેટલીએક સુંદરીઓ હતી. તેમાંની એક જેમને પ્રથમ તેડી લાવેલી હતી તે પણ હતી. તે બોલીઃ—મારી બાઈ સાહેબ આ કળિકલહાર લતિકા સાથે વાતચીત કરવામાં, તમો અપરિચિત હોવાને લીધે, એમની રીતભાતથી અજાણ્યા છો. માટે મારે તમને કહેવું જોઇએ કે તે રીસાય એવી રીતે તેમને અણુગમતું તમારાથી કાંઇ વિપરીત સાહસ થઇ જાય નહિ એવી સંભાળ રાખજો. અને જો તેમ થયું તો તમારૂં બધું

સુખ તમે ખોઇ બેસશો. મારૂં મન તો તેને જોઈ પાણી પાણી થઈ રહેલું હતું. અહીં પેલી બાઈ મને કહેવા લાગી કે:–મહારાજ, તમને કાંઈ વાત યાદ હોયતો કહો. મેં કહ્યું:–હાલ મને કાંઇ વાત યાદ આવતી નથી. ત્યારે તે બોલી:–જુઓ, મારી બાઈ અહીં જે કાંઈ દાવ ખેલે તે તમે ચતુરાઇથીસંભાળજો. પ્રથમતો તેણે ઉઠીને મારી પુષ્પ ઈત્યાદિથી યોગ્ય વિધિથી પૂજા કરી. પછી જરાએક મારા નાકને સ્પર્શ કરીને તે પોતાના આસન ઉપર જઈ બેઠી. મેં જાણ્યું કે એ કાંઈ વિધિ હશે. પણ તે બેઠી કે તુરતજ તેની સાહેલીઓએ એક પછી એક આવીને મને પુષ્પે વધાવી, વ્યથા થાય તેવે પ્રકારે મારૂં નાક ખેંચી મરડીને લાલચોળ કરી નાંખ્યું. કોઈ મારે હાથે ટપલો મારીને કહેતી કે વારી જાઉ આમની સલુકાઇને આમ છતાં પણ મને પેલી બાઈની સૂચના મળેલી, તેને લીધે એ બધું હું ડાહાપણ બતાવીને સહન કરી રહ્યો. પછી મારી ઉપર પ્રસન્ન થએલી સુંદરી જે સર્વેની સરદાર હતી તેણે ઉઠીને વળી મારી પાસે આવીને જરા મારી કેડમાં ગલી કરે તેમ એક આંગળી ખોસી, બરડા ઉપર શાબાશીની ખુશાલી બતાવવા હલકેથી જરા થાપટ લગાવી, મારો બરડો ખંખેર્યો. તે પોતાને આસને જઈ બેઠી કે તુરતજ તેનું જોઈ બીજી તમામ સાથેજ ઉભરાઈ જઈ એક આ તરફ બગલમાં ગલી કરે તો બીજી આ તરફ કુખમાં ગલી કરી ગોદો મારે, તો વળી ત્રીજી બરડા પર જોરથી થાપટ મારે, એવી રીતે હું તો ચોતરફથી ગભરાઈ ગયો. અને નાસી જવાનું કરૂં છું તે પહેલાં તો તેની પેલી મજાકખોર દાસી આવી મને કહેવા લાગી કે:–મારી બાઈ સાહેબની ક્રિયા હવે પૂરી થઈ રહેવા આવીછે. તમો હવે તેની સ્નેહભરી વાતો અને સમાગમરૂપી અપૂર્વ સુખ અનુભવશો. આ બનાવથી તમારી ધીરજવાળી પ્રકૃતિ જોઇ તેઓ બહુજ ખુશી થઈ ગયાંછે. વળી એ પ્રમાણે કહેવાથી હું આશાને પાસે બંધાયો. વળી તે બાઇએ ઉઠીને મારી મુછનો એક વાળ ઉપાડી તાણી નાંખ્યો. તરતજ બીજી સહચરીઓ એ એક પછી એક આવી વિનોદના છળમાં મુછના તમામ વાળ તાણી લીધા. તેથી મારૂં મોઢું તો રાતુંચોળ અને રડવા જેવું થઈ ગયું. પણ સુંદર સ્વરૂપની ભેટની અભિલાષાએ તે દુ:ખ સહન કરવાને મને તત્પર કીધો. જેમ તેમ કરીને એ દુ:ખ હું સહન કરી રહ્યો. વળી પેલી ખંધી દાસી કહેવા લાગી કે:– હવે તો બસ તમે તરીપાર ઉતર્યા છો. મારી બાઇની તમે એકજ ઇચ્છા

પૂરી કરો એટલે તે સદાને માટે તમારાંજ છે. અને આ સઘળી માલમતા સાથના વૈભવના માલિક પણ તમેજ થવાના. આ તમારી લાકડી આ ખૂણામાં મૂકો. લાકડી મૂકવાનું કહ્યાથી હું તો મનમાં મુઝાવા લાગ્યો. મારૂં અહીં કોઈ ન હોવાથી મેં જાણ્યું કેઃ—તેઓ કાંઈ ભેદ પામી જશે, તો પછી આપણા તો ભોગજ મળી ચુક્યા. તેના કહેવા પ્રમાણે ગુપચુપ લાકડી મૂકી દીધી. પેલી બાઇ કહેછેઃ—તમે નાનપણમાં તલકછાંયાનો અગર કુંડાળાનો દાવ ખેલ્યા તો હશો? મેં કહ્યુંઃ—હા. તેમાં નાસ ભાગ કરી પકડવાની કસરતનો ખેલ છે તેજ કેની? તેણે કહ્યુંઃ—હા તેજ. ત્યારે તો મારી બાઇને એક વ્રત છે; તે એજ કે તે હનુમાનજીને સેવનારાં છે. તેથી પોતાને પસંદ પડેલા વરના પ્રથમ સમાગમે પોતાના પતિની સાક્ષાત્ હનુમાનજી રૂપે પૂજા કરીને તે પછી હનુમાનજીની પેઠે આમ તેમ કૂદકા ભરીને તેમને રાજી કરવા ખેલ કરશે. તેમ તમે તેની પછવાડે હુંકારો કરી જાણે હનુમાનજી પ્રસન્ન થયા હોય તેમ કૂદીને તેને બાથમાં પકડી લઈને આલિંગન આપજો. મારા મનમાં મેં કહ્યું કેઃ—આ દેશની ક્રિયાની તો અવધિ. નશીબ બિચારા ધણી થનારનું! પણ આટલા બધા દ્રવ્યની માલિક આવી સલુણી અને લાવણ્યવતી અને રૂપમાં રંભા સરખી સ્ત્રીના સમાગમ સુખ આગળ, આ થોડી વસ્તુનું દુઃખ શી વિશાતનું? એમ ગણીને હું તે પણ હાજી હાજી ભણે ગયો. પેલી ધૂર્ત સ્ત્રી મારી પાસે તેલ અને સિંદુર મિશ્ર કરેલું એક પાત્ર લઈ આવી કહેવા લાગી કેઃ—લ્યો, આ તમારા મુખ ઉપર લગાવી બરોબર હનુમાનજીનો વેષ સંભવિત બનાવીને મારી બાઈઓને પ્રસન્ન કરો. મારા મોઢા ઉપરથી મૂછો તો ગઈજ હતી. મારે મોઢે તેલી સિંદુર ચઢાવી દીધું. વસ્ત્રો ઉતારી હાલ જુઓ છો તેજ એક કચ્છ મને પહેરાવી દીધો. અને શરીરપર રાળ વિગેરે પદાર્થનો લેપ કરીને તેના ઉપર કુમળા સફેદ વાળ ચોઢી દીધા. પછી પેલી ઠગણી બાઇ બોલી કેઃ—હવે પછી નાહી નંખાશે. આહા! મારી બાઈશ્રી તમને ખુબ પ્રેમથી નિહાળે છે. એ વખતે પેલી મોહિની તરફ જોયું તો શું તેનાં કારી કટાક્ષ? શું તેના હાવભાવ? અને શું તેનાં અપૂર્વ સ્નેહ ભર્યાં નખરાં? જાણે હમણાંજ હું તેને ભેટી પડું! એમ મને કાંઈ કાંઇ થતું હતું. એ સુંદર મોહિની જાત પાતળી અને નાસવામાં ચપળ પક્ષીની સમાન તૈયાર થઈ ઉભેલીજ હતી. આ જોઈ પેલી ખંદી દાસી મને કહેવા લાગી કેઃ—ઉઠો, શું જુઓ છો? પકડે તેના પોબાર અને લથડે તેના કાચા બાર.

બોલ્યાં બાઈ સાહેબે તો આમથી આમ અને આમથી આમ અમને ખુબ નચાવ્યા કૂદાવ્યા. ઘડીકમાં જાણે આ પકડી એમ તે હાથ લગુ થઈ આવે અને ઘડીકમાં કૂદતે કને પાંચ હાથ વેગળી જઈ પડે. હું પણ એને પકડી લેવાનો લાગ જોતોજ રહ્યો છું. આ વખતે મને પોતાને હું કોણ છું, માનવ છું કે ખરેખાત વાનર છું, એનું પણ ભાન રહ્યું નહિ. અને તેનાજ મોહ ફંદમાં પરવશ થઈ મનુષ્યપણાની ફરજ ભૂલીને તેણે જેમ નચાવ્યો તેમ હું નાચ્યો, અને થાક લાગવાથી તેમજ પરસેવો વળવાથી અતિકષ્ટ ભોગવતો, પસ્તાતો હતો કેઃ—અરેઃ જૂઠી ઠગારી માયા તું માણસ જાતને, તેમાં વળી મારા જેવાને તારી બાજીગરની ઇંદ્રજાળમાં ભમાવી લલચાવી નચાવું છું. પણ તારો કોઈ અણભરૂંસો લાવતું નથી. એમ વિચારીને પૂર્વે થઈ ગયેલા કવિનું એક મહાવાક્ય યાદ કરીને બોલ્યો કેઃ—(માયા અજીત છે.)

ચોપાયા.

એકલશૃંગી વનમાં લૂટયા, નારદ કીધા નારી;
ભલાભલા મે'વાસી લૂટયા, રૈયત કોણ બિચારી. ૧
સુરનાયક લાયક પદવીને, છોડી બન્યા મંજારી;
યમરાજા માઝા મૂકીને, શ્વાન બન્યા શુભ ધારી. ૨
વરૂણ દેવે વરવો શૂકરનો, વેષ ગણ્યો હિતકારી;
અગ્નિ દેવ ગાંધર્વ મુખ ધારી, વરવા ભીમક કુમારી. ૩
શિવ સરખા શુધબુધને ભૂલ્યા, મોહિની સ્વરૂપ દેખી;
દાનવ સઘળા દોડી ચાલ્યા, અમૃત કળશ ઉવેખી. ૪
નહુષ સરખા નરપતિને, શું ધર્મ શકયો નહિ વારી;
ઇંદ્રાણીને વરવા જાતાં, અજગર કાયા ધારી. ૫
મધુકૈટભને માર ખવાડયો, કીચક કીધો ચૂરો;
દુઃશાસનને દુઃસહ દુઃખ દેઈ, ભીમે કીધો પૂરો. ૬
કોઇક કહેશે ઉંચે ચઢીયા, તેજ પડે છે નીચે;
દુઃખ દરિયામાં ડૂબેલા પણ, જુઓ કલે છે કીચે. ૭
શ્વાન શિરે કાળા મુખના, કંઇ પડીયા કોટિક કીડા,
મારે મરતાને મરતાં પણ, સૂચવે કૌતુક ક્રીડા. ૮
માર વિષે નહીં કર્મેન્દ્રિ પણ, ભામિની ભાળી નાચે;

વિરહાતુરથૈ આતુર ભાસે, અશ્રુ બિંદુથી રાચે. ૯
આરપગાં ચોપાસ ફરે છે, મુખે તરણાં લઇને;
કામિની કારાગ્રહમાં પડવા, હીંડે હીણાં થઇને. ૧૦

માંસાહારી મનમાન મૂકીને, ભમતાં વનમાં ભાસે;
ગિરીકંદર-અંદર વસીયાં, પણ પડીયાં માયા પાસે. ૧૧
એ પાંખોમાં પાર વિનાનાં, પારાવાર જણાશે;
કંકર ખાઈને કામણગારી, કામની ભજતાં ભાસે, ૧૨

અદ્દભૂત લાંબી આશાપાશા, માયા જાળ પસારી;
તેમાં સુર દાનવ ને માનવ, લોક પડે હિત ધારી. ૧૩
માયાની મર્યાદા લોપી, કોઇ શકે નહિ વારી;
હરિ કિરપા જેના પર હોયે, તે જન શકે નિવારી. ૧૪

આ પ્રમાણે બોલીને હું માયાને ઉદ્દેશી કહેતો હતો કેઃ—ફટ ભુંડી હજુ આમને આમ ક્યાં સુધી તું મને સતાવીશ? એમ વિમાસતો વિમાસતો વળી અત્યાર સુધીનો શ્રમ થોડી પળ માટે નિષ્ફળ નિવડે, અને છેલો દાવ જવા દેવો એતો મોટી ખસણીની વાત, એવું ધારી ને તેની પાછળ એમને એમ દોડતો અને લાગ જોતો બહુ જોરથી કૂદતાં, મને નિરાશા ઉપર આવેલો મારા ચેહેરા પરથી પામી જઈને, તે તુરતજ મારી પાસે આવવા જેવો ડોળ કરીને મારી સામું હાસ્યપૂર્વક જોતી નજીક આવવા લાગી. જરા પાસે આવતાં જેવો મેં તેના પર કૂદકો માર્યો કે તે જાણી બૂજીને આગલે મોએ ઉંધી પડી ગઈ. પણ હું તેનાપર જેવો નમ્યો કે ઝટ લેઈ તીરની પેઠે તે આગળ સરી ગઇ. તેથી હું તો તે નેમ ચુકી જમીન ઉપર ઉંધે મહોડે પડ્યો. તેણે કરીને મારી દાઢી છુંદાઈ ગઈ, પણ તરતનું વાગેલું તેથી મારી ત્વચા બેહેર મારી ગયાથી તેની વ્યથા મને તરત જણાઈ નહિ. તેનામાંજ હું તો એક ચિત્ત બની ગયો હતો, તેથી તે આગળ સરી જઈ ખસીને ઉભી થઈ દોડવા ગઈ કે હું પણ તેની પછવાડેજ છું. એવો મસ્ત બનેલો મને જોઇને તેણે જાણ્યું કે શિકાર ગાંડાતુર બની ગયો છે: એટલે પોતાના દાવમાં તે સાવધજ હતી તેથી નાશીને તે એક દ્વારમાં પેશી ગઈ. હું પણ તેની પછવાડેજ પડ્યો. પેલી લુચ્ચી દૂતી કહેવા લાગી કેઃ—હુંઉં, એકાંતમાં તમને લાગ આપવાને અને થાક લાગવાથી વિસામો લેવાના ઈરાદાથી તેણે તેમ

કીધું છે. મેં જાણ્યું કે:—તે કહે છે તે ખરૂં છે. હું તેની પછવાડે પડેલોજ હતો. તે એક દાદર વાટે નીચે ઉતરી ગઈ. હું પણ તેની પાછળ નીચે ઉતર્યો. નીચે ઉતરી કે તુરત એક ખુલ્લું દ્વાર હતું ત્યાં થઇને તે મોટા રાજમાર્ગમાં નિકળી પડી. હું પણ તેજ દ્વારે તેની પછવાડે પકડવાની હોંસમાં દોડતોજ બહાર નિકળી પડયો. જોતજોતામાં તેણે એક બીજું ખુલ્લું દ્વાર હતું તે વાટે થઇ ઘરની અંદર પ્રવેશ કર્યો કે તુરતજ બંને દ્વાર ભડોભડ અડકાવી દેવામાં આવ્યાં. હું તો એ જોઈને આ બારણું અને પેલું બારણું કરી દોડતો દોડતો ગભરાતોને હાંફતો ધમાધમી કરી કમાડાં હચહચાવી વળ્યો. ધરા ધ્રુજાવી નાંખી. દિશાઓ ગજાવી નાંખી. પોકાર કરી મૂકયો. પણ તે ધૂર્ત શિરોમણી બારણાં શામાટે ઉઘાડે. હવે મારી આંખો ઉઘડી. મારી પેલી વાંસની લાકડી જેમાં મારી જીવન દોરી સોનાના પાંચ પાસા હતા તે મને યાદ આવી. તેથી હું માથું ને હૈયું કૂટી રડવા મંડયો. રસ્તામાં હજારો તમાસગિરો મને જોવાને ભેગા મળ્યા. મારો આ વિચિત્ર દેખાવ અને મારી પાસે એવડી મોટી પુંજીનો સંગ્રહ: એ લોકોને અસંભવિત લાગવા માંડયું. અહીં મારી વાત કોણ માને? લોકોને મન તો હું એક હાસ્યરસ ઉપજાવનાર પાત્રજન, અને કડણ કર્મનું રમકડું જણાવવા લાગ્યો. મને જણાયું કે:— હું તો આ ધૂર્ત લોકોના ફંદમાં સપડાયેલો પાસે માયા પુંજી ન બચવાથી જીવતો રહ્યો છું. એ મહેલમાં પ્રથમ જે દ્વારથી મેં પ્રવેશ કીધો હતો તે દ્વારના રસ્તા અને આ બારી વાટના રસ્તા વચ્ચે જાણે કંઇ જૂદો દ્વીપ હોય એટલો બધો અંતર જણાતો હતો. હું કયાં જાઉં અને કોને ફરિયાદ કરૂં ?! ઉલટા રસ્તામાં લોકો મને ઠપકો દેતા હતા કે:-અરે, બેવકૂફ! તારી અકલ બહેર મારીગઈ છે કે શું ? તુંને નિશા ચઢીગઈ લાગે છે. આ અહીં તો મોટા નામાંકિત શાહુકારનું ઘર છે. તેમાં મોટામોટાઓને પણ મુલાકાત સબબે વરધિ સિવાય પેસવાનું બની શકતું નથી તો પછી એ ઘરના જનાનખાનામાં તારા જેવાને દાખલ થવાનું એ કેવું! ગાંડો છે કે શું? મારી પછવાડે હજારો લોક હેંહેં હોહોહો પોકાર કરી કાંકરા નાંખવા લાગ્યા, અનેજાણે કે હુતાશનીનો તેહેવાર હોય તેમ કરી રહ્યા. મારે તો એક દુ:ખ સાથે હાણુ અને હાંસી પણ ખરીજા! રડી કકળી નિરાશ થઇ દિવસ ને રાત્રિ આને આ સ્થિતિમાં રડી રડીને મેં કાઢી. છેવટે અહીં આપ જુઓ છો એવી દશાને ભોગવતો હું આપની સમક્ષ આવીને ઉભો છું. મારી ભુંડી દશાતો જુઓ?! આ જોઇ રાજકુંવર શશિવર્માને બહુજ દયા આવી. તેણે મનમાં

વિચાર્યું કે:—આ બિચારાનું દ્રવ્ય હરણ કરી લીધું છે અને આટલી બધી એને વિપત્તિ પાડી છે. તેનું દુઃખ નિવારણ કરવામાં હું સાહ્ય ન કરૂં તો પછી પુરૂષાર્થ કયાં અને કયારે અજમાવવાનું? જેમ બને તેમ ખરૂં. એમ વિચારી આ બ્રાહ્મણને તે કહેવા લાગ્યો કે:—

મહારાજ ધીરજ રાખ. તારે દુઃખે હું દુઃખી છું. તને તારી મિલ્કત એક ધૂર્ત સ્ત્રીની અભિલાષાના લોભે ગુમાવવી પડી છે, તે તારી મિલ્કત અને એ સ્ત્રી બંને તને મેળવી આપું, એજ મારૂં સદ્વર્તન છે. એવી આશાથી તેને સંતોષી બેસવાનું કહ્યું. તેણે અને પછી એ બંને જણાએ એક રાત્રિ સાથેજ નિર્ગમન કરી.

બીજે દિવસે સવારમાં આ બ્રાહ્મણને સાથે લેઈ આ રાજકુમાર એ શેહેર તરફ ચાલ્યો. જે મકાન તે બ્રાહ્મણે દીઠું હતું તે એ રાજપુત્રે બ્રાહ્મણના બતાવવાથી જોઇ લીધું. પછી બ્રાહ્મણ સાથે સંકેત કરી જણાવ્યું કે:—તારે અમુક સ્થળે જઇ અમુક દિવસ મારી રાહા જોઇ ત્યાંજ મુકામ કરી થોભવું. એવી રાજપુત્રની આજ્ઞા મળતાં બ્રાહ્મણ કુમાર રજા લેઇ નિમેલે ઠેકાણે જઇ રહેવા રવાને થયો.

અહીં રાજપુત્રે બજારમાં જઇ મીણ ખરીદ કરીને પોતાના પગના જોડાને તળીયે સફાઈથી લગાવી દીધું. અને એક ભિક્ષુકનો વેષ ધારણ કરી, જુનાં કપડાં ખરીદી, ચીથરીવાહાલે પેલા મેહેલ આગળ જે ઠેકાણે સુવર્ણના છૂટાછૂટા શિક્કા નાંખી મૂકેલા હતા, તે ઠેકાણે થઇ તે પસાર થઇ ગયો. પગે જોડાને તળીયે ચોટી જે શિક્કા આવેલા તે ઉખાડી લઇ પોતાને મુકામે તે મૂકી આવ્યો. તે પેલા બ્રાહ્મણને એક માણસ સાથે પહોચાડવાનું કહીને, પાછો ફરીથી બીજો વેષ ધારણ કરીને એજ રસ્તે તે પસાર થઇ ગયો. એમ વેષ પાલટી પાલટી વારંવાર જઇ આવી પેલા શિક્કાઓ પૈકી ઘણાખરા તેણે લઈ લીધા.

હવે આ મેહેલના નજરબાજ લોકોએ આજ કોઇ અજાણ્યો માણસ આ રસ્તે થઈ પસાર થયેલો નથી, કોઇએ નીચે નમી શિક્કો લીધો નથી, એવી શરત રાખ્યા છતાં આ શિક્કા સાંજરે તપાસ કરતાં અડધા જણાયા. ત્યારે અહીં એવો કોણ માણસ આવી તે લઇ ગયો એ વિષેની એ ધૂર્ત લોકોના અવાસમાં જાગૃતિ ઉત્પન્ન થઈ આવી. હવે પછી તે લોકો વિશેષ લક્ષ પૂર્વક નવા આવનાર પુરૂષને જોતા રહેવા લાગ્યા.

બીજે દિવસે આ રાજકુંવર એક ગરીબ બ્રાહ્મણનો વેષ લઇ આ મેહેલના દરવાજા આગળ આવીને ઉભો. મેહેલના બારણામાં જ્યાં દેવડી પર દરવાનો બેઠા છે ત્યાં આ ગામોટ બોથડ, પણ આશ્ચર્ય પૂર્વક નજરથી જાણે કંઈ પરિચિત સ્થિતિનું અવલોકન કરતો હોય તેમ જોવા લાગ્યો. એટલામાં અંદરથી એક પરી ચેહેરાની જુવાન્ ઓરતે આવી પ્રશ્ન પૂછતાંજ તે ખડખડ હસી પડયો, ને કહેવા લાગ્યો. કેઃ—તમે અહીંયાંજ છો કે ! એમ પ્રશ્ન કરનારને તે આશ્ચર્ય પૂર્વક કુતુહળ ઉત્પન્ન કરતો હતો, એટલામાંતો એક પછી એક બે ચાર પાંચ સ્ત્રી આવી. તે જાણે પોતાની ઓળખીતી હોય તેમ તેઓની સાથે તે વાતચિત કરવા લાગ્યો. તેઓ આ પુરૂષની રીતભાત જોઇ તેને મહેલમાં તેડી ગઇ. તેણે તેને એક સુંદર દીવાનખાનામાં તેડી જઇ સુંદર આસન આપ્યું. તેને પગની ઠેસ લગાવી તે પર ન બેસતાં પાસેના બિછાના પર તે બેઠો. શિરસ્તા મુજબ તેની વડી સરદાર સર્વે સ્ત્રી સમાજ વચ્ચે આવીને બેઠી. પ્રથમ તેને શિરસ્તા મુજબ કહ્યું કેઃ—મહારાજ, તમે જેની સનમુખ બેઠાછો તે અમારી બાઇ તગારા પર પ્રસન્નતાની નજરથી જુવે છે.

અહીંની રીતિ તમે જાણતા નહિ હશો, તો જણાવીએ છીયે કે, જો તમને કંઇ વાત આવડતી હોય તો તે સંભવિત હોવી જોઇએ. તે કહીને મારી બાઇને રીઝવશો. તમે જે વાત કહેશો તેને ઉદ્દેશી મારી બાઇ હા અથવા ના એમાંનો એક વચન પકડી તમને જવાબ આપતાં રહેશે. જો તે નિયમ વિરૂદ્ધ તેમના મોંઢામાંથી બીજો શબ્દ બોલવાની તમારી વાતથી તેમને ફરજ પડે તો તેમને તમે જીત્યા એમ ગણાશે, અને જો તે પોતાનોજ શબ્દ તમારી વાત પુરી થતા સુધી ઉચ્ચારતાં રહેશે, તો તમે હાર્યા ગણાશો. તેથી તમારે તમારી સઘળી મિલ્કત સાથે ગુલામ થઇ રહેવું પડશે. અને જો વાત નહિ કહેશો તો તે પોતાનો ક્રમ આરંભી જે ખેલ કરશે તેમાં તેમને અપ્રસન્ન થવું પડે તેવું કાંઇ તમારી વતે થશે નહિ, તો તે તમારાપર પ્રેમ કળશ ઢોળશે. આ અમારી રીતિ છે. અહીં પરસ્પર કબુલાતનો લેખ કરીઆપો ને તે બાદ કહો કે કયો વિષય લ્યો છો.

આ રાજપુત્ર કહે છેઃ—વાત કહું. એમ કહી બધાંને હું કહી રહું ત્યાં સુધી મનમાં રાખો એવી સૂચનાકરીને એક કન્યાને બોલાવી કાન ધરો કહી કાનમાં તેણે કહ્યું કેઃ—તું કુંવારી છે ? તેણે કહ્યુંઃ—હા. તેણે બીજીને કહ્યુંઃ—તું દાસી

છે ? તેણે કહ્યું:—હા. ત્રીજીને કહ્યું:—તમે આ મેહેલમાં રહો છો ? તેણે કહ્યું:—હા. ચોથીને કહ્યું:—તમારી બાઇને અનુકુળ છો? તેણે કહ્યું હા. એમ દરેકને કાંઇને કાંઈ જૂદોજૂદો કાન દેવડાવી પ્રશ્ન પૂછી હાનો જવાબ લીધો. પછી તેમની શેઠાણીને કહ્યું:—આ તમારો નિયમ સાચો છે? તથા તમારાં વૃદ્ધ પિતામહ અને માતા દેવલોક સિધાવ્યા છે ? તેણે કહ્યું:—હા. આ રાજપુત્ર બ્રાહ્મણ વેષે છે તે બોલ્યો :—તમે બધી શાન્તિશાળી બાળાઓ મને વાતની શરૂઆતમાં હા એવો ઉત્તર આપોછો, તો પછી તેનેજ વળગી રહેજો. જુઓ, આ મારી વાતની રસિકતા અને સંભવિત પણાની સાક્ષી દેવા, તમારી સર્વની અજાયબી વચ્ચે આ તમારી બાઇનાં વડીલ વૃદ્ધ પિતામાતા આ સભામાં અંતરીક્ષ આવી, વિમાનારૂઢ થઇ બેઠાં છે. તમે સર્વ કન્યાઓ તેને દેખો છો કે નહિ ? જે હોય તે કહો. આ બધી કન્યાઓ વિસ્મય થઇ. એક બીજાના મોં સામું જોઇ વિચારમાં પડી ગઇ. પહેલા પ્રશ્નમાંજ આતો માત કરવા બેઠો. પણ આ ધૂર્ત સ્ત્રીયો એમ તુરત બંધાયજ કેમ! તેમણે બધીએ કહ્યું:—હા, તે દેખાય છે. ત્યારે આ રાજપુત્રે કહ્યું કે:—હું આ મેહેલમાં દાખલ થતાં જે વિસ્મયથી જોતો હતો તે એજકે તમે આ સંપત્તિવાન્ મેહેલમાં જેનો આશ્રય કરી રહ્યા છો તે સંપત્તિ, મારૂં લગ્ન જેની સાથે થયું હતું તેની બેન છે. તેનું અવલોકન થતાં મારી ઓળખાણ પડતાં હું અહીંઆ આવ્યો છું. મારી પત્ની તે ગરીબી છે. અને એ બે બહેનો છે. પેલીઓએ કહ્યું:—હા તેમ અનુમાન થાય છે ખરૂ. વળી તે બોલ્યો:—ગરીબ સ્થિતિ મને છોડતી નથી અને તેને હું છોડતો નથી. સંપત્તિને તમે અનુસરીને ચાલો છો પણ મારી ગરીબીપત્નીને પોતાની સંપત્તિ બેન પાસેથી કાંઈ લે તો તેની બેહેન તરીકે તેને જે વસ્તુ ગમે તે લેવા દેશો? તેમણે કહ્યું હા. આ ઉત્તર મળતાં તેણે ઉત્તમ ઉત્તમ વસ્તુઓ હીરા મોતી આદિનો મેહેલમાં આ ધૂર્ત સ્ત્રીયોનો જે સંગ્રહ હતો તેમાંથી કિમતી કિમતી વસ્તુઓ લઇ કહ્યું:—આ મેં લીધું.પેલી સ્ત્રીયો મનમાં મુઝાઇ તો ખરી પણ તેઓએ હિમ્મત રાખી કે જો તે આપણે મોઢેથી આપણો વિષય ફેરવાવશે નહિ તો પછી છેવટ મૂકીને જશે, એટલે આપણુંજ છે. એમ ધારી સઘળું તેમણે તેને લેવા દીધું. પછી તેમણે કહ્યું કે:—આગળ વાત ચલાવ.

રાજપુત્ર કહે છે.:—અસંભવિત છતાં પણ સંભવિત અને સંભવિત છતાં અસંભવિત વાત સાંભળો અને તેનો ઉત્તર કહો. મારો મિત્ર એક

બ્રાહ્મણ પણ ધનવાન હતો. તેના શેહેરમાં એક વારાંગના રહેતી હતી. તેને નિયમ એવો હતો કે બંધીની મુદત ઠરાવી અમુક રકમ લેવી. પછી તે પુરૂષની સાથે પતિપારાયણ વર્તીને રહેવું. મારા મિત્રે માગ્યા પ્રમાણે દશહજાર રૂપીયા આપી, તેની સાથે પંદર દિવસની અવધિ ઠરાવી તેની સાથે રહેવા લાગ્યો. પણ તેને શરીરમાં એવો કાંઇ રોગ હતો કે તે કામ ક્રીડાને અંતે બેશુદ્ધ થઇ શબવત થઈ પડતો. તેની આ આદતની તે વારાંગનાને માહિતી નહોતી. તેઓનો પરસ્પર પ્રેમ અવલંબન થતાં સુરત વ્યાપારનું સુખ અનુભવવા ગયાં. બંનેજણ પોતાનું પૂર્વ ભાન ભૂલી કેવળ કામમય સ્વરૂપ બની રહ્યાં. વિહારમાં તેની અમૂલ્ય મોતીની માળા તુટી, અને મોતી વેરાઇને માળથી નીચે ગરબડી ગયાં, તેની પણ તેણે દરકાર ન કરી. જેવો પ્રેમ સ્વપત્નીનો પણ ન હોય તેવો પ્રેમ તેણે અનુભવ્યો. કામશાન્તિને અંતે પેલો બ્રાહ્મણ કુમાર ઉછળીને પલંગથી નીચે બેશુદ્ધ થઇ પડ્યો. આ જોઇ પેલી વારાંગનાનું તો જાણે સર્વસ્વ લુંટાઇ ગયું હોય તેમ તેને દુઃખ થઇ આવ્યું. પ્રભુ ! મારી લાજ રાખશે. ચાર ઘડીનો સમાગમી પણ ધર્મપારાયણ તે મારો હાલનો પતિ છે. તેનું મૃત્યુ થયું તો મારે પતિ સાથેજ સહગમન કરવાનું. એવી તેની સત્યવ્રત જીજ્ઞાસા ઉદય પામી. જલદી દાસીને બૂમ મારી તેણે બોલાવી:—સખી, આ જોતો ખરી ! આમને મારા પ્રતિકુળ દૈવને લીધે અચિંતુ કંઇ થઇ આવ્યું છે ! જા, અતિ ત્વરાથી કોઇ હુંશિયાર વૈદને બોલાવી લાવજે. માગે તે આપવાનું કહેજે. આ સમયે અર્ધ રાત્રિ ગયેલી છે. તે વખતે એ શેહેરમાં મોટું માન પામેલો રાજવૈદ્ય રહેતો હતો, તેને ઘેર તેની દાસી ગઇ. તેને જગાડી તે કહેવા લાગી:—અત્યારે મારી બાઈના ધર્મ પતિને કાંઇ અસાધ્યવ્યાધિ થઇ આવ્યો છે, તેથી આપ આવી નજર કરો. તે વૈદ્યે કહ્યું:—મારી પચીસ હજાર રૂપીયાની ફી તેને સારો કર્યેથી લેવાની છે. તેણે કહ્યું:—હા, તે પ્રમાણે લેજો. તે વૈદ્યે આવી તેને જોયો. પીડા ચિકિત્સાથી જોતાં કામથી થએલી જણાઈ. પણ જો તેનો હાલ ઉપાય ન થાય તો તે મરણ પામશે એમ તેને લાગ્યું. તે વૈદ્યે કહ્યું:—હાલ એક લક્ષ રૂપિઆનું એકજ મોતી હોય તેની ભસ્મ કરી મારી દવાની સાથે પાય તોજ મટી શકે તેમ છે. પેલી વારાંગના તો ફક્ત તેના જીવિતની દરકાર કરતી બેઠી છે, અને જો તે ન બચે તો પોતે તેની સાથે બળી મરવું એવો નિશ્ચય કરેલો છે. તેથી તેના સત્ય ટેકને ઉદ્દેશી પોતાની પાસે

એવું મોતી છે, તે પેટીમાં છે. પેટીની કુંચી ચોકસ બંદોબસ્તમાં મૂકેલી છે. તેથી મોતી કાઢતાં વિલંબ થવાનો સંભવ જાણી, પેટીને એકદમ ચીરી નાખી. તેમાંથી મોતી કાઢી, તેના દેખતાંજ સળગાવી તેની ભસ્મ કરી તેણે વૈદ્યને આપી. વૈદ્યે તે ભસ્મ પોતાની દવા સાથે તે બ્રાહ્મણ કુમારના પેટમાં યંત્ર યોજનાથી મુખદ્વારે ઉતારી. જરાવાર થઈ એટલામાં તે આળસ મરડી બેઠો થયો. તે સ્ત્રી પ્રભુનો પાડ માની ગદ્દગદિત થતી આ પોતાના માનેલા પતિની સન્મુખ દાસીની પેરે સેવામાં ઉભી રહી. વૈદ્યને યોગ્ય સન્માન કરી વિદાય કીધો. એક દશ હજાર રૂપીયાની ખાતર અમુક મુદત સુધી તમે મારા પતિ છો એમ માની, પતિપારાયણતાનાં સત્ય આચરણ આ વારાંગનામાં અસંભવિત છતાં સંભવિત થવું, એ કેવો અપૂર્વ ભાવ?! કેવી સત્ય પ્રતિજ્ઞા! અને કેવી તેની પ્રતિષ્ઠા! તમે માનવંતાં બાઈયો તેને માટે શું કહો છો? એમ બનવું તમને સત્ય ભાસતું હશે ખરૂં. પેલી ધૂર્ત સ્ત્રીયો કહે છેઃ—હા, તે વાત ખરી હોવી જોઇએ.

રાજકુમાર બોલ્યોઃ—ત્યારે તો મારી આ ચાલતી વાતથી તમો અજાયબ થશો નહિજ. જ્યારે મારા મિત્રે મને પોતાનું વૃત્તાંત કહ્યું તે અરસામાં અમારા શેહેરમાં એક મોટું વાવાઝોડું થઈ આવ્યું. થોડી વારમાં મોટી ગર્જના સાથે મેઘ ચઢી આવ્યો, અને વીજળીના ચમકારા સાથે મુશળધારા વૃષ્ટી થવા લાગી. થોડી વારમાં સઘળે જળજળ પ્રલયકાળ જેવું થઈ રહ્યું. તોફાન તો ચાલુજ હતું. મોટા અવાસોનાં છાપરાં ઉડીને જતાં રહ્યાં, તેમાં મારૂં ઘર પણ ઉડી ગયું. મારી સૌજન્યશાળી એક સ્ત્રી પણ એ તોફાનમાં પવનના વેગથી ઉડી ગઇ. આજ હું તમો સર્વે સુકુમારિકાઓની વચ્ચે અતિ આતુર નજરથી જે અવલોકન કરી જોઉં છું તે પેલી મારી પવનના વેગથી ઉડી આવેલી પત્ની—તે આ તમારી બાઇ, જેને તમે માન આપી વર્તો છો તે છે. કહો, જો હા કહેશો ને તેમને સંભવિત લાગશે તો તેમણે મારી સેવામાં તત્પર રહી માન પૂર્વક મારૂં સન્માન કરવું જોઇએ, અને અન્યાયને સંબોધી ના કહેશો તો તમે મારાથી જીતાયલાં છો. રાજસભામાં એ કજીઓ જશે અને કુલાંગનાઓને નહિ છાજતા વર્તન માટે શાસન ભોગવવું પડશે.

આ ધૂર્ત સ્ત્રીયો સપડાઇ. શો જવાબ દેવો એને માટે બધી વિચારમાં

પડી. પ્રથમથી આ શરત સ્વીકારેલી છે. હારજીતની હોડ તો છેજ. ધૂર્ત ચરિત્રથી જીતવું એજ રસ્તો તેમને માટે ઉઘાડો હતો.
પેલી સ્ત્રીઓની પેલી ધૂર્ત શિરોમણિ વડી શેઠાણી બોલી:—હા, તમે કહોછો તે સત્ય છે. પરંતુ તમે એક સંકેત ભૂલોછો તે કહોની. પણ તેતો તમને બંધન કરતા છે એટલે તે શા માટે કહો. માટે લ્યો: તે હુંજ આ બધી કન્યાઓ વચ્ચે તમને કહુંછું. તે આજનો નથી પણ કુળક્રમાગત પરંપરાથી ચાલતો આવેલો રિવાજ છે. જો સ્ત્રી પહેલી મરે તો તેના વરને સાથેજ બળી મરવું પડે, અને વર પહેલો મરે તો સ્ત્રીયે તેની સાથેજ બળવું પડે એ તો તમે કહેતાજ નથી. રાજકુંવરે કહ્યું:—ધર્મ નીતિ પ્રમાણે સ્ત્રીયોને બળી મરવાનું હું જાણુંછું, પણ પુરૂષને બળી મરવું પડે તેતો આજ આ સભામાં મેં જાણ્યું. તોપણ ભાવીને આધિન રહેવા ના કબૂલ થવાનું અમારે કંઈ પ્રયોજન નથી. સ્ત્રી પુરૂષની ફરજ એકજ છે. જો સ્ત્રી પતિને ચાહે તો પતિ સ્ત્રીને ચાહે. એ પરસ્પરની ફરજ બજાવવા કોનાથી ના પાડી શકાય તેમ છે ? આમ વાત થતામાં તો પેલી ધૂર્ત કન્યાએ અચિંતું કંઇ શૂળ થઇ આવ્યું હોય તેમ દુઃખિત સ્થિતિ બતાવી જોતજોતામાં બ્રહ્માંડમાં જીવ ચઢાવી દીધો, અને એવી કાંઇ ક્રિયા સાધી કે જેથી તે મુડદુંજ થઇ પડી.

હવે આ ભાઈ સાહેબને તો બધી કન્યાઓએ વિવાદ છળમાં પ્રત્યક્ષ ચરિત્રથી બાંધી લીધા. સર્વે પ્રેત દહન સાહિત્યો તેમણે એકઠાં કીધાં, અને દરિયા કિનારે આ સ્ત્રીના શબની કર્કટી સાથે આ ભાઇ સાહેબને પણ ઉચકી લીધા. આ ખેલમાં જો પતિ સટકી જાય તોપણ છુટકો નથી અને જો ઠેઠ જાયતો તેને બાળી ભસ્મ કરવાની પેલી ધૂર્તાએ સાંકેતિક રીતે યોજના કરી રાખેલી હોય તો તે તેમનો ધર્મજ છે. પણ અજાણ્યા પુરૂષો તેનો ભેદ શી રીતે પામી શકે ? આમ ઘણા ચતુર પુરૂષોને પણ છેતરાવવા ન દેતાં તેઓજ ફાવી ગયેલી હોવી જોઇએ. આમ આ ભાઈ—સાહેબના મનમાં વિચાર આવ્યો. દરિયા કિનારે જઇ ચિતા ખડકી સંસ્કાર કરવાનો સમય નજીક આવ્યો, ત્યારે આ રાજપુત્ર ચતુર શિરોમણિ તેણે હિમત રાખી કહ્યું:—પ્રથમ જે મિલ્કત મહેલમાંથી લીધી છે તેનો માલિક હું છું. તે મને લેવા ઘો. આ સ્ત્રીને તેના ઉત્તમ પોશાક સાથે તેનાં કિમતી આભૂષણો સજાવો, અને સઘળું અમને સાથે રાખી

બળી મરવા દ્યો, કે તે વૈભવ પરલોકમાં અમને મળી રહે. પેલી ધૂર્ત સ્ત્રીઓએ તેમ કીધું. રાજપુત્રે કહ્યું:—આ શબની મારે હાથે સ્નાનવિધિ કરવા દ્યો, તેમ મને પણ નાહી ધોઇ શુદ્ધ થવા દ્યો. પછી અમને બંનેને આ ચિતામાં સંસ્કાર કરજો. હા તેમ કરો, એમ પેલી ધૂર્ત્ત સ્ત્રીયોંએ કહ્યું.

આ રાજપુત્રે દરિયા કિનારે બાંધેલા સ્મશાનઘાટ કે જ્યાં ઉંડું જળ હતું ત્યાં પગથીયાં પર ના'વાની ક્રિયા કરવા માંડી. પોતાની પાસે પેલી રાજકન્યાએ આપેલી જડીબુટી હતી, તેની આ ધૂર્ત સ્ત્રીયોને ખબર નહિ, તેથી તેનો હેતુ સમજી શકી નહિ. પણ આણે તો નાહાવાને મિષે જળમાં પ્રવેશ કરતાની સાથે પેલી સ્ત્રીનું શબ અને પેલી કિંમતી જવાહીરની ગાંસડી જે કેડે બાંધેલી હતી તે સાથે દરિયામાં ઝોકાવી દીધું. અમારો અને આ સ્ત્રીનો પરલોકમાં મિલાપ થશે એમ કહી, સર્વેની અજાયબી વચ્ચે ડુબકી મારી તે પલાયન કરી ગયો. પેલી ધૂર્ત સ્ત્રીયો મોઢાં વિકાસી ઉભી થઇ રહી. હાહાકાર અને શોરબકોર કરતાં એક હાણુ અને બીજુ ધૂર્તનો ધૂર્ત મળવાથી નિપજેલો પસ્તાવો કરતી હાથ ઘસતી તે ઘર તરફ પાછી વળી.

હવે દરિયામાં આ રાજપુત્ર ખાંધે પેલી સ્ત્રીનું શબ મૂકીને પૃથ્વી પર ગતિ કરતો હોય તેમ જળનો સ્પર્શ ન કરતાં અંદર ચાલીને, દરિયાની સપાટી ઊપર આવેલા રોઝા બંદર પર એક સાંકેતિક સ્થળમાં, જ્યાં પેલા બ્રાહ્મણને રહેવાનું કહેલું, તે સ્થળે જઇ આ શબ મૂકી તેને સ્વાધીન કરી ઉભો રહ્યો. હજુ આ સ્ત્રી શબવતજ રહી છે, જાણે કે નકામી ગણી મને અહીં મૂકીને તેઓ જાય. પણ આ રાજપુત્ર તેનો ભેદ સમજી ગયલો હોવાથી તેને મૂકીને જાય તેમ નહોતું. તેમ પેલો બ્રાહ્મણ પણ તેના પર આશક થયેલો હતો. જેને માટે પોતાના સોનાના પાસા ગુમાવી વિચિત્રસ્થિતિ ભોગવી હતી, તે આ શબવત્ પણ મનોહર કન્યા આ રાજપુત્રે તેને આણી આપીને સાથે દ્રવ્ય પણ આપ્યું. પોતે એક બીજા સ્થળમાં જઇ બેસતાં આને વિચાર આવ્યો કે:—તે હવે તેનેજ આધીન રહે એવી શી તજવીજ કરવી? તેણે આ બ્રાહ્મણને એકાંતમાં બોલાવી સાંકેતિક વાત સમજાવી. તેથી આ રાજપુત્રને ફિકરમાં જોઇ, પેલો ભોળો બ્રાહ્મણ પોતાનું વિચિત્ર અનુભવ વાળું દૃષ્ટાંત રાજકુંવરને કહેવા લાગ્યો કે:—

મારો પાડોશી એક નાવિક હતો. તેની સ્ત્રી સાથે તેને ઘણો સ્નેહ હતો. તે પરસ્પર વાત વિનોદમાં કહેતો કે આપણા બેમાંથી એકનું મોત પહેલું થાય તો આપણી વિરહ દશા કેવી થશે ? એ ન સહન થઇ શકે એવો સમય પ્રભુ ન આપે. એમ તેઓ રોજ સંતાપ કરતાં હતાં. એક દિવસ તેની સ્ત્રીએ વિચાર્યું કે:—આવી સ્નેહના વિરહની વાતો રોજ કરે છે, ત્યારે લાવ તેની પરીક્ષાતો જોઉં. એમ ધારી એકદમ કાંઇ રોગ થઇ આવ્યો હોય તેમ તેણે જણાવ્યું. તે દિન દિન અધિક વધતો ચાલ્યો. છેવટ તે સાચેસાચું હો કે કાંઇ ભેદ ભર્યું ચરિત્ર હો પણ તેતો મરી ગઇ હોય એવી સ્થિતિએ શબવત્ થઈ પડી. પેલા નાવિકે વિચાર્યું કેઃ—હવે તેને તો બાળી મૂકવામાં આવશે. ત્યારે હાય ! હવે મારી શી વલે થશે ! લાવ, છેલી વાર તેના અધરામૃતનું પાન કરી હું કૃતાર્થ તો થાઉં, એમ કહી યોગ્યવિધિએ તેણે તેનો સ્પર્શ કર્યો. તે નાવિકની સ્ત્રી ખડખડ હસી પડી. તેને ભેટીને દઢ આલિંગનથી તેણે અપૂર્વ આનંદ ભોગવ્યો. એ અખતરો આજ મારે અજમાવવાનો સમય આવ્યો છે. ઘરનું જાણીતું અને જેની કિમ્મત કાંઇ બેસતી નથી, એવું અમૂલ્ય ઔષધ હાથ છતાં આવું અમૂલ્ય રત્ન અકારજ જવા દેવું, એ હાથ ઘસવા જેવી વાત છે.

આ બ્રાહ્મણ કુમાર આ એકાંત સ્થળને લીધે, કિંવા પેલી સ્વરૂપ વંત સ્ત્રીના મોહમય ફંદને લીધે, કિંવા કામની તીવ્ર ઉત્પત્તિને લીધે શબવત્ છતાં પણ સુપ્ત વ્યાપારની પેઢી ઉઘાડી સર્વ વસ્તુઓને યોગ્ય હારમાં ગોઠવતો હોય, તેમ પ્રથમ તેના શિરના કેશ ગ્રહણ કરીને નેત્ર કપાટ ખોલવા સારૂ ગાલ ઉપર હાથ ફેરવવા લાગ્યો. તે જાણે ચાવીનું દ્વાર તપાસતો હોય તેમ જણાયું. અને અધરોષ્ટરૂપી મધુ રસનું માણિકયનું પાત્ર ભરેલું હોય અને પીવાને અર્થે જાણે પોતાને મોઢે લગાવી પાન કરતો હોય તેમ તે અધરોષ્ટ પાન કરવા લાગ્યો. એટલે સુધી તો આ ધૂર્ત સ્ત્રી તેની તેજ દશામાં રહી. પણ જ્યારે તેણે તેને આલિંગન સાથે ચુંબન કીધું, ત્યારે તે પોતાનું કુતુહળ દબાવી શકી નહિ. તેથી એકદમ ખડખડીને તે હસી પડી. તેનેજ હવે પોતાના મનનો માન્યો ગણી પતિપણાના ભાવથી છેવટની ઘડીએ તેણે કબુલ કર્યો. આવાં ધૂર્તોનાં ચરિત્ર છે. તેમ આ રાજકુંવર પણ ધૂર્તનો ધૂર્ત નિવડયો. તેના ચરિત્ર પર આ કન્યા આફરીન કરતી તેને પૂર્ણ સાધ્ય હોય તેમ વિનવવા લાગી:—તમારે તાબે છું. તમે જે આજ્ઞા કરો તે મારે માન્ય છે.

રાજ કુંવરે કહ્યું કેઃ—આ બ્રાહ્મણને તારી સોબતે રાખજે. એનેજ તારો પતિ ગણજે. તારાં જે કંઇ ચરિત્ર હોય, તે સદ્‌માર્ગે પ્રવર્તાવજે. અને તારો તમામ વૈભવ એનેજ અર્થે છે એમ ગણજે. આજ સુધી તું કુંવારી કન્યા હતી પણ તારો સર્વ મનોરથ તેણેજ સિદ્ધ કર્યો છે. એટલે હવે તેજ તારો પતિ છે. તમો ધૂર્ત છતાં તમારૂં વ્રત ચૂકતી નથી એ તમારૂં ચરિત્ર ધડો લેવા યોગ્ય છે. જાઓ તમે દંપતી સુખી થાઓ. એમ કહેવાથી તે સ્ત્રી મનકર્મ વચનથી તે બ્રાહ્મણનેજ પતિ ગણી તેની આજ્ઞા પ્રમાણે ચાલવા લાગી. રાજકુંવરે પોતાને પંથે સિધારવા તૈયારી કીધી, ત્યારે આ ધૂર્ત સ્ત્રી કહેવા લાગી કેઃ—આપ પરભાર્યા આમ જાઓછો અને વાદમાંતો તમે અમારા પર જીત મેળવી છે પણ આ પુરૂષ સાથેના મારો સંબંધ તમારી સાક્ષી શિવાય અમારા મંડળમાં તેઓ કબૂલ રાખવાને હરકત લેશે. અને તે બાબત રાજદરબારમાં ફરિયાદ કરી રદ કરાવવા બખેડો કરશે. માટે અમારો લગ્ન સંબંધ મંજુર થાય એવી તજવીજ આપે કરવી જોઇએ. કેમકે મારી મોટી મિલ્‌કત હજુ એ લોકોના તાબામાં રહી છે, અને તેમ બંદોબસ્ત થાય નહિ ત્યાં સુધી અમારે છૂપી રીતે રખડવું પડશે.

રાજકુંવરે કહ્યુંઃ—ઠીક ત્યારે તો થોડી મુદત સુધી તમો અહીંજ રહો. આ બંદર પણ તમારાજ રાજાના તાબાનું છે. માટે હું જ્યાં સુધી જઇ આવું ત્યાં સુધી તમે અહીંયાંજ સ્થિતિ કરી રહેજો. એમ કહી રાજપુત્ર ત્યાંથી રૂખસત લેઇ આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં કેટલાએક દિવસો ચાલ્યા બાદ ઘણે દૂરથી એક અપૂર્વ નગર તેણે દીઠું. ત્યાંના મેહેલ ઘરો અને છજાંવાળાં ભુવનો અપૂર્વ શોભાથી ભરપુર હતાં. તેમના દેખાવ ઉપરથી જણાતું હતું કે તે કોઇ અલૌકિક દેવતાઇ નગર છે. ત્યાંના ભુવનોની ઉંચામાં ઉંચી જગ્યા ઉપર ધજાઓ પવનના સ્પર્શથી ફરફરતી હતી, તે જાણે તેમના નગરના સીમાડાપર દૂરથી આવતી કંગાલીયતને કિંવા તેઓ ઉપર જે શત્રુ (દેવ, મનુષ્ય, વાઇતર પ્રાણી,) તેમને ઉપદ્રવ કરવાની ઇચ્છાથી નગર તરફ ગમનાભિલાષી હોય તેમને એમ કહેતી હોય કે આ રસ્તા પરથી દૂર ખશી જાઓ. અને જ્યારે પવન વાતો ત્યારે તે ધજાઓ દંડ સાથે નમન કરતી બેઠતી હતી. તે તેમને એ સૂચવતી હતી કેઃ—તમે કાંતો અમને નમો અથવા દંડ સાથે આવીને બેટો. અને તેજ

સમસ્યા એમના મિત્રોને તેમજ સત્ પુરૂષોને એમ પણ સૂચવતી હતી કે:—આવો. તમને આવકાર આપતાં પ્રથમ દૂરથી હું તમને નમન કરૂછું. પછી દ્વારપાળ અને અતિથિ સત્કાર નિમિત્તે ઘરના માલિકો તમને નમશે. એ જોઇ રાજપુત્રના મનમાં ખ્યાલ આવવા લાગ્યો કે આવું મંગળમય નગર કોનું અને તેમાં કિયા લોકો વસતા હશે. તે વખતે દિવસ અસ્ત થવાની તૈયારી હતી. પોતે એક ધીચ ઝાડીવાળા જંગલમાં થઇ પસાર થતો હતો. ત્યાં નાના પ્રકારની સુવાસિત પુષ્પોની લતાઓ ઝુકી રહેલી હતી. મધુર મધુર પવનની લેહેર આવતી હતી. તેની સાથેસાથે ઉંડાણથી આવતો કરૂણા જનક અવાજ આ કુંવરને કાને સંભળાયો. જેથી એ શું હશે એ જાણવાની તેને જીજ્ઞાસા થઇ. જાતે હિંમતવાન અને ગંભીર સ્વભાવનો તેમજ દરિદ્રીઓનો સહાયક હોવાથી તે તરફ જવાની તેને વૃત્તિ થઇ. ચાલતાં ચાલતાં તે કેટલેક દૂર ઘાડા જંગલમાં ગયો. ત્યાં તેની નજરે એક સરોવર પડયું. તેને આરસથી બાંધેલી કિલ્લાના આકારની દીવાલ હતી. તે જોઇને હરકોઇ જોનારનું મન પ્રસન્ન થતું હતું. તે સ્વચ્છ જળથી ભરેલું છતાં તેનો કોઇએ ઉપયોગ કરેલો હોય, એમ જણાતું નહોતું. આ નિર્જન જગ્યામાં આ તળાવ કોણે બંધાવ્યું હશે, તેનો વિચાર તે કરવા લાગ્યો. સંધ્યા સમય થયો હતો. તેથી તેણે આ સ્વચ્છ જળને જોઇને, નહાવાનો તથા નાહીને સૂર્યનારાયણને નમન કરી નિત્ય કર્મ કરી લેઇ, પછી આગળ ચાલવાનો વિચાર કર્યો. પરંતુ જેવો તે દેદીપ્યમાન પાળી ઊપર થઇ જળમાં પ્રવેશ કરે છે, તેવોજ એક ગેબી અવાજ આવ્યો કે:—હે મનુષ્ય, એ જળમાં તું પગ બોળીશ નહિ અને જો અવિચારીપણાથી તેમ કરીશ તો દુ:ખી થઇશ. આ સાંભળી રાજકુંવરે પગ ખેંચી લીધો. પછી તે બોલ્યો કે:—ગેબમાં કરૂણા જનક અવાજથી જે રોતું હતું તે કોણ ? અને હાલ આ સવાલ ઉઠાવે છે તે કોણ ? જે હોય તે આગળ આવો. જો તમે કોઈ દેવ હશો તો હું તમને નમન કરીશ અને અન્ય કોઇ ઉપાધિ કરનાર પ્રાણી હશો તો તમને સામો જવાબ આપવા તેમજ શાસન આપવા હું ઉભો રહીશ. એમ તે બોલી રહ્યો કે તુરતજ થોડીવારમાં એ સરોવરમાંથી ધૂમાડો નિકળતો દેખાયો. તે વધીને મોટા જથામાં આકાશ તરફ જતાં મોટા પર્વત સમાન દેખાવા લાગ્યો. આ દેખી રાજકુંવર વિસ્મય પામી કંઈ શંકાશીળ થયો. પણ હિંમત રાખી તે દ્રઢતાથી ઉભો.

થોડીવારમાં તે ધૂમાડો શમવા લાગ્યો. તેમાંથી એક કદાવર દેખાવનો પિશાચ તેની સામે આવીને ઉભો. આવતાં વેંતજ તેણે કહ્યું:—હે પંથી, તું ડરીશ નહિ. રાજપુત્રે કહ્યુ:—શા માટે ડરૂં? આ પ્રમાણે તેને જવાબ આપતો જોઇને પિશાચ બોલ્યો:—હું ધર્મ ધૂર્ત કૃપણુએદ નામે આ સ્થળનો માલિક છું. આમ બે જણા વાત કરે છે તે અરસામાં એક બીજો પિશાચ તેવાજ સ્વરૂપનો આવ્યો અને આ બંને જણા વચ્ચે થતી વાતચિત સાંભળવા ઉભો. પહેલો પિશાચ બોલ્યો:—હે પુરૂષ, તું આ જે સરોવર જુએ છે તે અસલ સરોવર નહોતું, પણ તે મારૂં નગર હતું. મારી જીંદગીનો ફેરફાર અને નગર ફીટી આ તું જુવે છે તે સરોવર થવાનું કારણ મારા મુખથી સાંભળશે ત્યારે તને મારાપર દયા આવશે, અને મારા જેવી પ્રકૃતિના પુરૂષોની સ્થિતિ દુનિયામાં કેવી થતી હશે તેનું ભાન થયા વિના રહેશે નહિ. ત્યારે સાંભળ મારી કહાણી:—

હું અનેક દુષ્ટ કર્મો કરી અનેક ધંધાથી મેળવેલા ધન માલ અને ઉપરીપણાનું રહસ્ય આ મારી વાત પુરી થવાને અંતે તને બતાવનાર છું. માટે ધ્યાન દઇને સાંભળ. મેં સંપાદન કીધેલા ધનનો યોગ્ય રીતે ઉપયોગ ન થવાથી અને મારી ભુંડી વાંછનાને લીધે આ પરિણામ આવ્યું છે. હું એક ધૂર્ત શિરોમણિ અને મહા કંજુસ મોટો ધનાઢ્ય હતો. વળી ધર્મઢોંગી છતાં ઇશ્વરને માનતો નહિ, પરલોક નથી એમ સમજી વર્તતો હતો, અને પુણ્ય પાપ મનકલ્પિત છે, માટે તે ભોગવવાનું નથી એમ ગણી ગર્વથી ચાલતો હતો. પરંતુ તે દરેક વાતમાં આજ હું પોતાને ઠગાયેલો જોઉછું. હું અનેક સમૃદ્ધિનો માલિક અને મોટા કુંટુંબનો અધ્યક્ષ હતો. પણ આજ મારે તેમાંનું કંઈપણ કામ આવતું નથી. આજે પરલોક છે એમ હું અનુભવું છું. મેં મારી જીંદગીમાં સ્વાર્થ સિવાય કોઇ અતિથિને પાળ્યો નથી, પરોપકાર અર્થે કોઇને એક દમડી સરખી પણ આપી નથી, વસ્ત્ર પણ આપ્યું નથી, તેમ મારી જાતે પણ નાના પ્રકારના ખાનપાનાદિ વૈભવો ભોગવી મારા આત્માને સંતોષ્યો નથી. તે કારણને લીધે આજ દરરોજ તો મળેજ શાનું, પણ વરસમાં એક વખત મારે ખાવા માટે ન્યાયાધ્યક્ષ ધર્મરાજા રાખના ગોળા પાણીથી ભીંજવીને મોકલે છે. તે સાથે પીવાને પાણીને બદલે થોરનું દૂધ મળે છે કે જેથી કરીને મને મારી પૂર્વ કૃતિનું ભાન થાય. તે મારે અને આ પાસે ઉભેલા મહા પુરૂષને

મહામહા સંકટે ઈચ્છા વિરૂદ્ધ ખાવું પીવું પડે છે. મારાં કર્મ એવાં હતાં કે તોબા ! ! તેમાંનાં તમને થોડાંએક કહી સંભળાવુંછું.

શ્રોણીતપુર નગરમાં એક સુશર્મા નામે બ્રાહ્મણનો કુમાર હતો. તે પોતાની કન્યાને પરણાવવા સારૂ ધનની આપદા હોવાને લીધે ચક્રવર્તિ અવન્તી નગરીના રાજાને યાચના કરવા ગયો. ત્યાં તેની માગણી ઉપરાંત હમેશનું દારિદ્ર દૂર થાય એટલું દ્રવ્ય તેને રાજાએ આપ્યું. તે લેઇ પાછા ઘર તરફ વળતાં મારા નગરની ભાગોળે થઇ તે જતો હતો. અમે કાક ભાષા જાણતા હતા. તેથી તે પ્રસંગે થયેલી કાક વાણીથી અમે જાણ્યું કેઃ—એક પુરૂષ ઘણું દ્રવ્ય લઇ જાય છે. પણ તે નિર્ભાગી છે. હું તરતજ મારા કુટુંબના કેટલાએક માણસો લેઇ તેની પાસે ગયો. અને તે પુરૂષને જાણે પરિચયથી ઓળખતો હોઉં તેવી રીતે હું બોલ્યોઃ—તમે તો અમારી પુત્રીને રઝળતી મૂકી ફરી ખબરજ લીધી નહિ. તમારા પિતા તમને પરણાવી ગયા પછી ગુજરી ગયા. તેથી તમારી નાની ઉમરને લીધે આગલી વાત ધ્યાનમાં ન હોય એ સંભવિત છે, પણ ચાલો, હવે ઘેર બે દિવસ રહીને જજો. ઘેર લઇ જઇ મારી પુત્રી જે રૂપમાં દેવાંગના જેવી હતી તેને સંકેત પ્રમાણે એકાંતમાં તેની સાથે સમાગમ થતાં તેના હાવ ભાવથી, આ વાતના સંબંધથી અજાણ્યો હતો, તે દરમિયાન પોતે ઘેર જે સ્ત્રી કરી હતી, તે માટે જાણે પસ્તાવો કરતો હોય, અથવા જાણે ગુનેગાર હોય તેમ પોતાને માનવા લાગ્યો, અને તેની સાથે પ્યારમાં જોડાવા લાગ્યો. રાત્રે તેને એકાંતમાં મારી પુત્રીના શયનગૃહમાં સુવા મોકલ્યો. ત્યાં તેને હાવભાવથી મોહિત કરી તે સ્ત્રીએ દૂધમાં કાંઈ નિશાકારક ભૂકી નાંખી તેને તે પાયું. તેથી તે ભર ઉંઘમાં પડ્યો. તે વખતે તેને તેણે ફાંસો ઘાલી મારી નાંખ્યો. મરતાં મરતાં તે બોલ્યો કેઃ—મારા મનોરથ પૂર્ણ ન કરતાં વિશ્વાસઘાત કરી મારવું ? વળી પરલોકમાં જવાબ દેવાની તમને જરાએ બીતિ નથી ! મારી પુત્રીએ કહ્યુંઃ—પરલોક તેં જોયો હશે તો તે તારે હાલ જોવનો છે. અને જો અમે તો અહીંજ રહ્યાં છીયે. એમ તેનો ઘાત કરી અમે તેનું દ્રવ્ય હરણ કરી લીધું. એવી અનેક યુક્તિ પ્રયુક્તિ વાળી ધૂર્ત વિદ્યા એજ અમારો ધંધો હતો. તે રસ્તે અનેક મનુષ્યોના પ્રાણની સાથે હું દ્રવ્ય હરણ કરતો. લુંટારી ટોળીનો હું એક આગેવાન હતો. વળી ધર્મ ગુરૂ તરીકે પવિત્ર નેકી બતાવતાં ભોળા લોકોની બેટી

૬૪૬૭

રોકીને સમૃદ્ધિ હું લુંટતો. એવી રીતે અખૂટ દ્રવ્ય મેં ભેગું કર્યું, અને ચોર લુંટારા ફાંસીઆ અને ધર્મઢોંગી લોકોનું મેં એક સ્વતંત્ર નગર વસાવ્યું. મારી જીંદગીમાં મેં જે સંગ્રહ કર્યો તેમાંથી કોઇને અપાયું નહિ. પણ બે ધૂર્ત પુરૂષોએ મારી સહાયક જે પુત્રી તેને, તથા મારૂં કેટલુંક દ્રવ્ય બુદ્ધિ પ્રપંચ વડે મને ઠગીને હરણ કરી લીધું. તે એવી રીતે કેઃ—

એ બે પુરૂષો પૈકી એક પુરૂષે ઝવેરીનો વેષ ધારણ કરી મારી પાસે આવી નમન કરીને એક હજાર સોનામહોરની થેલી મને ભેટ કરી. મેં તેથી તેનાપર પ્રસન્ન થયો હોઊં તેવા ભાવથી તેનાં વખાણ કરી કહ્યુંઃ—બડા ભાવિક ભક્ત. તમારૂં નામશું? તેણે કહ્યુંઃ—મારૂં નામ સત્યવાદીશર્મા છે. મેં કહ્યુંઃ—ઠીક. તમે કુશળતો છો? તેણે કહ્યુંઃ—હા. મેં તેની ખાવાપીવાની તજવીજ કરી આપી. તે જમી પરવારી મારી પાસે આવીને બેઠો. પછી પોતાની પાસેથી પાંચ રત્નો કાઢી પેટીમાં મૂકી કહેવા લાગ્યો કેઃ—ગુરૂજી, આ અનામત રાખી મૂકો. મેં તેનાપર નજર કરી તો તે બધાં મને કંઇપણ શક વગર સાચા જેવાં દેખાયાં. મેં તેની ભારે કિંમતની અટકળ કરી. અને તે મારી બહાર ફરતી સઘળી વિભૂતિ કરતાં દશ ગણી કિંમતનાં હોવાં જોઇએ એવું મારૂં અનુમાન થયું તેથી તેને મેં એમને એમજ મૂકી દીધાં. હવેથી તેને જે જે ખર્ચ કરવા જોઈએ તે હું તેને મોંમાગ્યું આપવા લાગ્યો. કેટલાએક દિવસ વિત્યાબાદ તે પોતે આજારી થયો હોય એવો ઢોંગ કરી, જતે દિવસે મરવાની અણી ઉપર આવ્યો. આ સંજોગમાં તેનો સાથી પેલો બીજો પુરૂષ એક યોગીનો વેષ ધારણ કરી વિષ્ણુસ્વામી નામ રાખી, કેવળ વિરક્તવૃત્તિથી બીજા લોકોની શ્રદ્ધા ઉત્પન્ન કરતો, ગામની ભાગોળે એક શિવાલયમાં નિવાસ કરી રહ્યો. ઘણા લોકો તેની પાસે જવા લાગ્યા. અને તેની પાસે જે લોકો જતા તે તેને વિષે ઉચ્ચું મત બાંધતા હતા. તેઓ તેની મહત્તા વિષે અમારી આગળ વાત કરતા હતા કે, તે મહાન તપસ્વી છે. આવી વાતો ચાલતી હતી તે અરસામાં આ ઝવેરીનો મંદવાડ આખરનો ગણાતો હતો. આ માંદા પુરૂષે કહ્યું કેઃ—મારે મારાં રત્નો વટાવી તેનું, દ્રવ્ય આવે તે ધર્માદા કરવું છે. અને તેમ બનવા જોગ આ હાલનો વખત નથી, તો એ બધાંજ રત્ન કોઈ સત્પાત્ર જોઈ ધર્માદા અર્પણ કરી દઊં. હવે એ મારે શું કામનાં છે? માટે તે આપીને મારો હાથ ઠારૂં, કે જે પુણ્યનું ફળ મને પરલોકમાં કામ લાગે. મેં

ધાર્યું કે એ રત્નોની કિંમત ઘણી છે. વળી તે એકજ પુરૂષને આપી દેશે તો આપણે હાથ ઘસવાનો છે. આપણી બહાર ફરતી બધી મિલ્કત તે સાટે આપી દેઇશું ત્યાં સુધી તો મોટો નફો છે. એમ વિચારી મેં કહ્યું:–તમારે જોઇએ તો મારી વાડીવજીફા સાથેની બધી મિલ્કત તમારી છે એમ માનીને, ચાહ્ય તેમ વ્યવસ્થા કરો. તેણે કહ્યું:–એ મિલ્કતપર મારો શો હક છે કે હું આપી શકું? મેં કહ્યું:–તમે જે લખત કરી આપો તેપર મારી રાજીખુશીથી તમારી સાથે મારી સહી કરી આપવા હું તત્પર છું. તેણે કહ્યું:–ના, હાલતો મારાં રત્નોજ મારે આપી દેવાં છે. તેથી મેં લાચારીથી કહ્યું:–લ્યો, આ રત્નો. મારા બંધુજનો સાથે હું પણ તેની પાસે બેઠો કે એમાંનું મને પણ કાંઈ મળે. તેણે કહ્યું:—કોઈ વિશેષ સત્પાત્રને આ આપવા હું આપવા ધારૂંછું. ગણતાં ગણતાં એમ ગણાયું કે એક યોગી મહાત્મા સત્પાત્ર છે. તેણે કહ્યું:–હા, એજ મહાપુરૂષને મારી પાસે લાવો. મેં વિચાર્યું કે એ યોગી નિઃસ્પૃહી છે. તેથી એને કોઇપણ રીતે સમજાવી રત્નો પડાવી લેઇશું. એવો હેતુ રાખી તે યોગીને તેડવા મારા સાગ્રીતોને મેં મોકલ્યા. તેઓ તેને વિનવવા લાગ્યા તો તે કહે છેઃ–અમે સાધુપુરૂષ સંસારત્યાગી માયાથી દૂર રહેલા છતા, તમે લોકો આગ્રહ કરોછો તો હવે આ સ્થળ તજી અમે ચાલ્યા જઇશું. મારા સાગ્રીતોએ જોયું કે આતો બાજી જવા બેઠી, તેથી તેમને વધારે આગ્રહથી વિનવી જેમતેમ કરી અહીં સુધી લાવ્યા. પેલા ઝવેરી વેષે માંદા પુરૂષે તેની આગળ રત્નો ધરી કહ્યું કે:–આપ આ ગ્રહણ કરી મને કૃતાર્થ કરશો. હું જાણુંછું કે તમારે આ કાંઈ કામનાં નથી, પણ મુજ દીનપર કૃપા કરી તે સ્વીકારશો. પછી તેની ચાહે તે વ્યવસ્થા કરો. તેનું મને કાંઈ નથી. ત્યારે યોગી બોલ્યા:–હું જાણતો નથી કે રત્ન એ શું ચીજ છે. પણ તારો જો ભાવછે તો હું લઉંછું. પણ તે હું ગમે તેને આપી દઈશ. તે ઝવેરીએ કહ્યું:–પછી મારે તેની સાથે શો સંબંધ છે? યોગીએ તે રત્નો હાથમાં ધરી મને કહ્યું:–લે બચ્ચા, અમારે તે કશા કામનાં નથી. એ શું વસ્તુ છે, તે પણ હું જાણતો નથી. શહેરમાં જઈ તેને વટાવી લાવો. કિંમત આવે તેમને આપજો. અતિથિઓને જમાડવામાં તે વપરાશે. મેં ધાર્યું:–વાહ, આથી મારો હેતુ પાર પાડવાનો બીજો કયો સારો પ્રસંગ જોવાનો છે. મેં તુરતજ મારી બહાર ફરતી સઘળી સ્થાવર જંગમ મિલ્કત રત્નોના બદલામાં યોગીને લખી

આપી. અને તેની તમારે મન ચાહે તેમ વ્યવસ્થા કરો એમ કહી મેં રત્નો પેટી સાથે ઘરમાં મૂક્યાં. યોગી યોગીને ઠેકાણે ગયા અને મનમાનતી રીતે દ્રવ્યની ગોઠવણ મેં કરી દીધી. હવે આ રત્નો કાંઈ રસાયણ ક્રિયાથી કે કોઈ બીજા પ્રયોગથી બનાવેલાં હોવાને લીધે ગળી જવા લાગ્યાં. જેમ જેમ આ વેષધારી ઝવેરી દિવસે દિવસે સાજો થતો ગયો તેમ તેમ પેલાં રત્નો ગળી જતાં ચાલ્યાં. તેને હું ફરી તપાસતોજ નહોતો. આ જ્યારે સારી પેઠે સાજો થયો ત્યારે મારે કોઇ કારણસર એક બીજા ઝવેરાતની કિંમતવાળા મોટા વેપારી સાથે પરિચય પડ્યો. તેથી તેને બતાવવા અને બને તો વેચી દેવા સારૂ પેટી ખોલી તેને બતાવવા જાઉછું તો અંદર રત્નો મળે નહિ. એ જોઈ હું તો ગાભરો બની જઈ બેશુદ્ધ થઈ જમીનપર ઢળી પડ્યો. કેટલીકવારે મારા સંબંધીઓએ આગતાસ્વાગતા કરવાથી હું શુદ્ધિમાં આવ્યો, ત્યારે આ વેષધારી ઝવેરીને મેં કહ્યું:–ભાઈ, રત્નો બીલકુલ ખોટાં આપી તમે મને ઠગ્યો છે. માટે મારી મિલ્કત પાછી લાવ. તેણે કહ્યું:–મારી પાસેથી મિલ્કત માગવાનો તારો શો હક છે? અને જો તું મિલ્કત માગે તો હું મારાં રત્નો પાછાં માગી શકું. પણ મારાથી તેમ બોલાય નહિ. કેમકે તમે તો મને ભરીપુરીને રત્નો પાછાં આપ્યાં હતાં. આ સાંભળી હું પેલા યોગી પાસે દોડ્યો, અને કહ્યું લાવ્ય મારી મિલ્કત. તેણે કહ્યું:–ભાઈ તેં ખુશીથી આપેલી મિલ્કત હું કેમ પાછી આપું? એ બાબતનો નિવેડો ન થવાથી કજીઓ સરકારમાં ગયો. ને ત્યાં સર્વેને પ્રતિજ્ઞાપર હકીકત પૂછવામાં આવી. પેલો ઝવેરી બોલ્યો:–એ રત્નો મારી વડીલોપાર્જીત મિલ્કતનાં હતાં. તેથી તે વિષે હું અજાણ હતો. પણ મેં આ યોગીરાજને એ રત્નો ધર્માદા આપી દીધાં છે. અને એમાં મેં આ ગુરૂ મહારાજનો કંઈ અપરાધ કીધો નથી કે કાંઈ ઠગાઈ કીધી નથી. એ રત્નો ખોટાં હોય તોપણ મારી શુદ્ધ બુદ્ધિથી અપાયલાં છે. અને તેનું ફળ હાલ હું અનુભવુંછું. કારણ કે તે પુણ્યવડે હું સાજો થયોછું. પરંતુ જો તે ખોટાં હોત તો મને તેનું ફળ ન મળત. પણ એથી કરી મેં આ ગુરૂમહારાજનો શો અપરાધ કીધો, તે આપ ન્યાયાધીશો ન્યાય દૃષ્ટિથી જોઈ કહેશો. આ સાંભળી પેલો યોગી બોલ્યો:–હું તે ન લેવા આનાકાની કરતો હતો. મેં એમ પણ કહ્યું હતું કે રત્નોની મને કિંમત નથી, છતાં મને ઝવેરીએ દુરાગ્રહથી રત્નો ધર્માદા આપ્યાં. મેં મારા આશ્ર-

મથી વિરૂદ્ધ આચરણ ચલાવામાં પાપ જોયું. તેથી એ રત્નો આ મહાજનને વેચવા આપી કહ્યું કેઃ–બજારમાં વટાવતાં જે ધન આવે તે લાવીને મને આપો, કે અતિથિઓની સેવા નિમિત્તે હું તેને યોજી રાખું. તેણે તે રત્નો રાખી પોતાની ખુશીથી પોતાની બધી મિલ્કત મને ખત લખી આપી દીધી છે. તેમ છતાં તેનો કેટલોક સુમાર્ગે ઉપયોગ થયો છે. બાકી રહ્યું છે તે તેને પાછું તો ન મળે, પણ આ ભાગ્યશીળ મનુષ્યે મને ધર્માદા આપેલાં રત્નોની કિંમતના બદલામાં મળેલું છે, તેથી મારે રત્નો પણ નથી જોઇતાં અને આ મિલ્કત પણ તેને પાછી આપી દઉછું. તેથી લ્યો, આ દસ્તાવેજ તમારી સમક્ષ તેના હાથમાં હું મૂકુછું. હવે મારે ઠેકાણે તે આ મિલ્કતનો માલિક છે. હમે યોગી તપ કરવાને લાયક છીયે. આ વાતથી રાજ્યસત્તાધીશો યોગીની મહાનુભાવતાથી પ્રસન્ન થયા, ને તેમને નમન કરી રજા આપી. હવે આ વેષધારી ઝવેરી કહેછેઃ–ભાઈ, હું પણ એક શાહુકારછું. તમારી મિલ્કત પાછી આપી શકું નહિ, તોપણ જો તમે તેવી ઇચ્છા કરો તો મારાં ખોટાં પણ રત્નો પાછાં આપીને તમારી મિલ્કત લ્યો. મેં કહ્યુંઃ–રત્નો તો ગળી ગયાં. રાજ્યસત્તાધીશો બોલ્યાઃ–રત્નો ગળી ગયાં એ ચમત્કારની વાત! તેમણે ઠરાવ્યું કે રત્નો આપેતોય તેની ખુશી હોયતો મિલ્કત પાછી આપે. હું ઘેર ગયો, વિચાર કીધો, અને પૂછ્યું કે તમે ખુશી કેમ થશો. તેણે કહ્યુંઃ–તમારી પુત્રી મને પરણાવો તો પછી કાંઇક પાછું મળે. મેં મારી પુત્રી તેને પરણાવીને ઘરજમાઈ કરી રાખ્યો. કેટલાક દિવસો વિસાબાદ પેલા યોગીની હકિકત તે ઝવેરીએ મને કહી. આવું તેમનું અદ્દભૂત ચરિત્ર જોઈ હું પ્રસન્ન થયો, તેથી મેં પેલા યોગીનો વેષ બદલી નંખાવી મારી બીજી પુત્રી તેને પરણાવી, અને ઘરજમાઈ કરી રાખ્યો. આ બે મને ધૂર્તનાધૂર્ત મળ્યા, તેથી એમનાથી મારો ધંધો હવે સારો જામશે એમ ધારી તેમની સલાહથી હું મારો ધંધો ખેડવા લાગ્યો. અમે બધા એકસંપથી ચાલતા હતા. અને તેઓ મને અનુકુળ વર્તતા હતા. એક દિવસ હું મુસાફરી અર્થે મારા સાથીતોને લઈ આલમપરેસ્થાન નગરમાં ગયો. ત્યાં કેટલાએક દિવસ રહ્યો. એ નગરના લોકો ઘણા મોજશોખવાળા અને રંગીલા હતા. ત્યાંના બજારનો વેપાર ઘણા બહોળા પ્રમાણમાં ચાલતો હતો. ત્યાંની સ્ત્રીયો એક બીજીની સાથે રૂપરંગ અને

પોશાકથી હરીફાઈ કરતી હતી. અહીં વૈભવ શિવાય બીજો કાંઈ વ્યવસાય નહોતો. એક દિવસ હું એક કાપડવાળાની દુકાને કાપડની ખરીદી સારૂ ગયો હતો. તે દુકાન મોટી રાજદ્વારના જેવી ભવ્યતાવાળી હતી. ત્યાં હું કાપડના નમુના જોતો હતો, તે અરસામાં એક અશ્વરથમાંથી ઉતરીને દેવાંગના સરખી પંદર વરસની એક સુંદરી આવી. જાણે કે રસિક પુરૂષોનાં દીલ ખરીદી કરવાને અર્થેજ આવી દુકાનોમાં તે અવલોકન કરતી હોય એમ તે સમયે મને દેખાયું. તેની અણિઆળી અને ચપળ આંખો જાણે પ્રેમનું હૃદયસ્થળ હોય તેમ જણાતાં મારી વૃત્તિ અને દ્રષ્ટિ તેના તરફ નિશ્ચળ થવા લાગી. તેપણ મારા જેવી નજરથી મને નિહાળવા લાગી. અહીંયાં સ્ત્રી પુરૂષ એક બીજાની સાથે વાતવિનોદ કરે, તેમાં જે બીજા પુરૂષને લાગતું વળગતું ન હોય તેઓ તેમની આડે આવતા નોહોતા. એવો તેમનો અસલથી રિવાજ હતો. તે દુકાનદારને મેં પૂછ્યું:—આ સુંદરબાળા કોણ, અને ક્યાંથી આવેલ છે? અને તે કોની બેટી છે? તેણે કહ્યું:—એ એક મોટી તવંગર છતાં નિરાભિમાની છે. તે તરૂણીને તમેજ પૂછો, એટલે તે તમને ઘટિત ઉત્તર આપશે. મેં તે મનમોહક તરૂણીને પૂછ્યું:—બાળા, તમે કોની પુત્રી અને તમારૂં નામ શું છે? અને તમે કુંવારી સ્થિતિ ભોગવો છે કે તમારૂં પાણિગ્રહણ કોઇપણ ભાગ્યશાળી પુરૂષે કર્યું છે? તેણે ગંભીરપણે જવાબ આપ્યો:—શું તમે આ શેહેરમાં આજે નવાપરોણા થયાછો? (મતલબ કે મારી ખ્યાતિ આખા શહેરમાં છે) આપને શહેરની રીતભાત મન ગમતી છે? અહીંના લોકોના સ્વભાવ આપને ગમતા છે? જો તેમ હોયતો આપ અહીં રહેવા ખુશી છો? અને તેમ હોય તો આપ જેમ આ શહેર તેમજ મારા ઘરને પવિત્ર કરશો. હું આવડી મોટી આનંદજનક જવાબની આશા ધરતો નહોતો. પણ તેવો જવાબ મળવાથી હું પોતાને નશીબદાર ગણુવા લાગ્યો. પણ મારૂં નશીબ રીસાય છે તેને તો હું મુદ્દલ સમજ્યો નહિ. હું તેની સાથે જવાને તૈયાર થયો, એટલે તેની ગાડીને પગલે પગલેજ તેની સાથે તેની મોહમયી દોરીએ બંધાયેલો હોઉને તેની આકર્ષણ શકિતએ ખેંચાતો હોઉં, તેમ તેની સાથે જવા દોરવાયો. તેને ઘેર જઈ તેના અવાસના દ્વારમાં પગ મૂકતાંજ તેના વૈભવભુવનની વિલાસની પ્રૌઢતા જોઈ મનમાં આનંદની પરિસીમાએ પહોચ્યો હોઉ તેમ હું

અનુભવવા લાગ્યો. એક રોનકદાર અને ભવ્ય દિવાનખાનામાં જઈ મેં વિશ્રામ કીધો. એક એકની જોડે નેત્રાસન નંખાવી અમે બંને જણ બેઠાં. તેણે પોતાની દાસીઓને સંજ્ઞા કીધી તે પ્રમાણે સંગીત સાથે અનેક સાહિત્યો લાવી તેમણે અમારી આગળ મૂકયાં. તે શશિવદનીએ આ વાતો પછી મધુર આલાપથી ગાયન શરૂ કીધું કે તે સાંભળી હું દીલમાં બહુ ખુશી થવા લાગ્યો. રસિક અને મન્મથની લાગણીને ઉશ્કેરે એવાં ગીત એ સલુણીએ એવા સુસ્વરથી ગાયાં કે તે સંભળાવી મારૂં મન છેકજ તેણે હરી લીધું. હું મને પોતાને પરવશ થયેલો સમજવા લાગ્યો. હવે ગીતને અંતે અત્તર ગુલાબ અને પાનસોપારી એ સલુણી રંભાએ પોતાને હાથે મને આપ્યાં. તે વખતે તેનું હૃદય જાણે મને આપી દેતી હોય, અથવા મારી પાસેથી જાણે કાંઈ માગતી હોય અથવા મારી પાસેથી કાંઈ મેળવવા આશા રાખતી હોય તેવો મનોભાવ બતાવતી તે બોલી:–આપ પરિચય વિનાના અજાણ્યા સ્થાનમાં છો એમ સમજીને જો કોઇપણ અભિપ્રાય જણાવવાને અચકાતા હો, તો તે સંકોચ તજી દ્યો. તમારો સંબંધ મારી સાથે નથી તોપણ આપ કોઈપણ પુરૂષની હકદાર ગૃહિણી સાથે વાત કરોછો એમ ધારીને જો શકની નજરથી જોતા હો તો તે દૂર કરીને, કહો કે આપ પોતે ગૃહરાજ્યની વ્યવસ્થા કેમ ચલાવોછો? આપ એકલા છો કે આપે કોઈ સ્ત્રીને પોતાના સાથી તરીકે સ્વીકારેલી છે? મેં જવાબ આપ્યો કે:–હાલ કોઈ નથી. હું પોતે સ્વતંત્રછું. તે સ્ત્રી બોલી:–ત્યારે તો મારી હકિકત આપ સાંભળો. હું સ્વર્ગની અપ્સરા છું. મારૂં નામ શિરીષપુષ્પા છે. એક વખત મારાથી અધિક સ્વરૂપવાન કામોદ્ભવ નામે એક મુનિ કુમારને જોઈ તેમના નામ પ્રમાણે તેમને જોતાંજ મારા મનમાં કામની અભિલાષા ઉત્પન્ન થઈ. હું સ્ત્રી જાત છતાં, પોતાની જાતના શરમના બંધનને તજી, તેમનો પરિચય ન છતાં પણ, સ્પષ્ટરીતે વિનવવા લાગી કે હું અબળાની અભિલાષા આપ પૂર્ણ કરો. તે મુનિકુમાર મને સાક્ષાત્ કામમૂર્તિ ધારી જેમ ત્રિભુવનપતિ શંકર કામદેવને બાળી ભસ્મ કરતા હોય તેમ મારા તરફ જોવા લાગ્યો. અને મારા પ્રણયનો ભંગ કરી, મને તપથી ચલાયમાન કરવાને આવેલી છે એમ માનીને તેમને કહેવા લાગ્યા કે:–પારકાનો સ્વભાવ જાણ્યા વગર, તેમજ સ્ત્રી જાતના સ્વભાવની સ્વભાવિક શરમ તજીને, તું અવિનયથી

મુનિયોને અનુચિત માગણી કરે છે; તેથી જા તું મનુષ્ય લોકમાં અવતાર લે, અને દેવલોકોથી ઉતરતી પંક્તિનું મનુષ્ય શરીર ધારણ કર. હું તેમના શાપથી ગદગદિત થઈ તેનો અનુગ્રહ માગવા લાગી કે મારો અપરાધ ક્ષમા કરો. એમ કેહેવાથી તેમણે કહ્યું કેઃ–તું જાતિસ્મર રહીશ, અને એજ પ્રકૃતિ ધારણ કરીશ. તારી તારૂણ્યાવસ્થામાં જે પુરૂષની તું ઈચ્છા કરશે, તેને જેમ તું હાલ મારી સાથે શરમ તજી મને વિનવે છે તેમ તે તેને વિનવશે, અને અંગિકાર કરશે. તેની સાથે યથેચ્છ સુખ ભોગવી મનમાનતા વૈભવો સાથે તું વિહાર કરજે. તે કારણથી હું અહીં આ શહેરમાં આવી વસીછું. માટે પ્રથમ મારા તરફથી આપને વિનવુંછું કે આપ મને સ્વીકારશો. આ સ્ત્રીના પ્રથમ સમાગમથીજ મારે જાણવું જોઇતું હતું કે તેનું પરિણામ કેવું આવશે. પણ હું તો એક મનુષ્ય અને તેમાં વળી કામદશાએ ઘેરાયલો હું પામરજીવ, તેને તેનો શી રીતે ખ્યાલ આવી શકે? કોઇપણ મહાપુરૂષ આવી સ્ત્રીના કટાક્ષ પ્રહારથી ઘવાયા નથી એમ મેં દાખલાથી જાણ્યું હોત, તો મુનિકુમારનો દાખલો લેવા હું સાવચેત રહેત. પણ હું કયાં અને તપસમૃદ્ધિવાળા મુનિકુમાર કયાં! અને તેમાં પણ મારી હાલની સ્થિતિ કયાં કે તેનો હું વિચાર કરી શકું.! એ બાબતનો વિચાર કરી શકવાનું બની શકે તેમ હતુંજ નહિ. મેં એ તરૂણીનાં ગરજવાળાં અને મધુર વચન સાંભળી પોતાને છેલ્લા અસમાનપર ગયેલો સમજી તેની સાથે છૂટથી વિલાસ સુખની સ્પૃહા કરવા માંડી. આ સ્ત્રીએ પ્રથમ કહ્યું:–મારો એક નિયમ તમારે પાળવો પડશે. તે એ છે કે હું જે કાંઈ ઈચ્છા કરૂં તે પ્રમાણે મારી મોજશોખ અને સ્વતંત્રતા પાળવી પડશે, અને તેમજ મારા કોઈપણ કામની આડે અવાશે નહિ.

મેં તે વાત કબુલ રાખી. આજથી હું તેની સાથે પતિભાવે જોડાયો. ઘણાકાળ સુધી આ શેહેરમાં તેની સાથે વિલાસ કરવા લાગ્યો. મારૂં આયુષ્ય દિવસે દિવસે કમી થતું ચાલ્યું. પણ મારી કામતૃષ્ણા તો વૃદ્ધિ પામતી ચાલી. મેં તેને એક દિવસ જણાવ્યું કેઃ–હવે, મારે મારા વતન તરફ જવાની ઇચ્છા છે. તેણે પૂછ્યું:–મને પણ આપ સાથે લેશો કે ની? મેં કહ્યું:–જેમ તમારી ઇચ્છા. તે પોતાની બધી મિલ્કત લઈ

મારી સાથે મારા શેહેરમાં આવી, અને મારે ઘેર નિવાસ કરી રહી. મારો સ્વભાવ કેવો હતો એતો મેં તમને પ્રથમ જણાવ્યુંજ છે. એટલે આ સ્ત્રીની એવડી મોટી દોલત આવવાથી હું કેટલો મગ્ન થયેલો હોઇશ! તે તમને જણાવવાની જરૂર રહી નથી. પણ સ્ત્રી જાતિને સ્વતંત્રતા આપવાથી તેનું પરિણામ શું આવે છે તે હવે મારા કર્મની કહાણી સાંભળવાથી આપ જાણશો. એના ચરિત્રથી સ્ત્રી જાતિના સ્વાભાવિક મનોરથની તૃષ્ણા કેવી હોય છે, તેમજ તેનું લાલન પાલન કર્યા છતાં તેનાપર વિશ્વાસ રાખનાર પુરૂષને દગો દેવામાં તથા પોતાનું સાહસ અયોગ્ય રીતે આદરવામાં, પોતાના સુખ વિનાશની પણ દરકાર કરતાં કેવી બેશરમ નિવડે છે! એ સઘળું જણાયા વગર રહેશે નહિ. નવીન પુરૂષો ભોગવવાને તે લતાની પેરે મળતાની સાથે સેહેજમાં જોડાઈ જાય છે. સેહેલાઇથી સ્ત્રીઓ અયોગ્ય પુરૂષોનો આદર કરવા સહજ અભિલાષાવાળી હોય છે. હવે સાંભળો, મારા વિપરીત નશીબની વાતઃ—

અમે એકબીજાના પ્રેમ સરિતાના પ્રવાહમાં તરતાં યથેચ્છ સુખ ભોગવતાં હતાં. એમ કેટલોકકાળ વિતી ગયા પછી મારી સાથેના તેના વિનોદમાં કંઈ કમીપણું મને જણાવા લાગ્યું. પણ ઉપરથી તે મને ઘણો પ્રેમ બતાવતી હતી તેને હું સારી રીતે સમજતો હતો. હું કાંઈ વિનોદની વાતો કરવા માગું તો તે કહેતી કે આજતો મને માથામાં દરદ થાય છે, અથવા ચુંક આવે છે. એવાં એવાં બા'નાં કાઢી તે મને ઉડાવતી હતી. તે એવું જણાવી કારણમાં ઉદાસીનતાનો હેતુજ બતાવતી. પ્રથમ તો હું તેની વાતો સાચી માનતો હતો. પણ તેના અમુક ઉપાયો કરતાં છતાં, તથા વૈદોના અભિપ્રાયોથી તેની તબીયત દુરસ્ત છે એમ માલમ પડવા છતાં, તેવાને તેવાજ ઢોંગ કરતી તે રહી. એમ કરવામાં તેનો શો ભેદ છે તે મેળવવા હું તેના ચરિત્રોપર શંકિત દૃષ્ટિથી જોવા લાગ્યો. તેનો પ્રેમ મારાપરથી યુક્તિસર કમી થતો જણાયો, પણ મારો પ્રેમ તો હજુ તેના તરફ તેવોને તેવોજ હતો. મને દરરોજ કાંઈ શરબત કે દૂધ એમાંનું કંઇપણ પીવાનો નિયમ હતો. તેમાં કાંઈ નિશાકારક વસ્તુ મેળવી તે પ્રપંચી સ્ત્રી મને આપતી. તેથી દરરોજ રાત્રે હું ઉંઘી જતો ને સવાર સુધી રાતમાં શું બને છે તેનો કંઈ ભેદ પણ પામી શકતો નહોતો. મેં વિચાર કર્યો કે જ્યારે હું દિવસે સુઈ જાઊંછું ત્યારે એકાદ

બે ઘડી પછી જાગૃત થાઉં છું ત્યારે રાત્રે આમ બનવાનું કારણ શું હશે એ પ્રમાણે સંદેહ ઉત્પન્ન થવાથી તે સ્ત્રી જે પીવાનો પદાર્થ મને આપતી હતી તે, એક દિવસ હાથમાં લઈ તે ન દેખે તેમ પીઠપર ફેરવી મેહેલની બારી તરફ હું મારા વિચારને ઉદ્દેશી બેઠો હતો. તેજ ઠેકાણે વિધુને જાણે તે હું પાતો હોઉ તેમ સ્વાંગ કરી, લાગ મળવાથી બારીવાટે તેને મેં ઢાળી દીધો. અને મારી શય્યાપર જઈ રોજ નિયમ પ્રમાણે હું સુતો. સુતાપછી છ ઘડીવાર થઈ. હું જાગતો છતાં ઉંઘ્યો હોઉં તેવો ઢોંગ કરી સાવચેતી રાખી સુતો હતો. તે વખતે મારી સ્ત્રી પલંગમાં મારી સોડમાંથી ઉઠી. મારા શરીરની સ્થિતિ તપાસતાં હું ઉંઘેલો છું, એવી ખાત્રી થવાથી તે ઉઠીને પોતાના ઓરડામાં ગઈ. ત્યાં એક ભીંત સાથે મોટા ચોકઠાના આકારનો સુવર્ણની નકશીદાર કિનારીથી જડેલો એક આયનો હતો. તેને એક બાજુ ચાવી લગાવવાનો છેદ હતો. તેની કુંચી તેની પાસે હતી તે કાઢી પેલા આયનાને લગાડતાં તે ઝટ કમાડ તરીકે ઉઘડી ગયો. અને અંદર તેવડું એક હાટીયું નિકળ્યું. તેમાંથી એક સફાઇદાર નાજુક દંડ તેણે હાથમાં લીધો. તે સાથે એક પાત્ર તથા છત્રી પણ તેણે લીધી. હું પલંગમાંથી ઉઠ્યો. અને તે ન જુએ તેમ તેની પછવાડે તેના ઓરડામાં એક પલંગ બિછાવેલો હતો તેની નીચે વળગી રહીને તે શું કરે છે તે હું જોવા લાગ્યો. તે સ્ત્રી એજ પલંગ ઉપર આવીને બેઠી. અને પેલી ત્રણ વસ્તુઓ પાસે રાખી હતી તેમાંથી છત્રી ઉઘાડી તે મોટેથી બોલી કે:—તારી દૈવીશક્તિને લીધે આ પલંગ સાથે મને લઇને સમેટીક અરણ્યમાં જ્યાં મારો પ્રિયતમ વસે છે ત્યાં જા. એમ કહેતામાં તો તે પલંગ ગરૂડ પક્ષીના વેગે આકાશ માર્ગે મારા સુદ્ધાં ઉડ્યો. હું આ બનાવથી ગભરાયો. પણ હવે આ પાર કે પેલે પાર તેનો ભેદ તો પામવો જોઇએ એમ ધારી, મારી પાસે એક જાડો ત્રણ હાથનો અંચળો હતો તેના ચાર છેડા તે પલંગની પાટી સાથે બાંધી હું તેને આધારે વળગી રહ્યો. તે વખતે મારી સ્થિતિનો આભાસ ઝોલાગંગાના પંથે જતાં બાંધેલા શીંકામાં ઝોલા ખાતાં જતા પ્રવાસીની માફક જીવિતનો સંદેહ ઉપજાવે તેવો જણાતો હતો. તેમ બીજી તરફથી આ કુભાર્યાનો મહદ્ભય મારા મનને અતિ સંતાપ કરાવતો હતો. એવી સ્થિતિમાં મોટા વેગથી પલંગ જતાં દરિયા કિનારે એક રમ્ય પ્રદેશમાં બાગ દેખા-

યો. તેના મધ્યમાં એક સુંદર મેહેલ જણાતો હતો. તેની નજીક ઘીચ ઝાડીવાળી અગોચર જગ્યામાં એ અનાર્યા, અને પલંગ સાથે લટકેલો હું ઉતર્યો. તે ઉતરી કે તુરત ચાલવા લાગી. હું પણ મારી તે જગ્યાએથી છૂટો થઈ એક વૃક્ષ અને તે સાથે વળગેલી લતાના અવાંતર ભાગમાં આશ્રય લઈ શું થાય છે તે જોતો બેઠો. હું જે જગ્યાએ બેઠો તે જગ્યા મેં એવી પસંદ કરેલી હતી કે તે જે જે જગ્યાએ ફરે હરે તથા જે કંઈ કૃત્ય કરે તે સઘળું મારી નજર આવતું હતું. પણ તે મને દેખી શકે તેમ નહોતું. ત્યાં રહી તે હવે શું કરે છે તે હું જોવા લાગ્યો. એ મારી ભુંડી ભાર્યા પચ્ચીસેક કદમ ચાલી એક લતામંડપમાં એક વીણા હાથમાં લઈ ઉભી રહી. તેણે પક્ષીની માફક સીસોટી બજાવી. તે સાંભળવાથી એકજ માણુસ તેને સમજતો હોય એવું મારૂં અનુમાન થયું અને તે ખરૂં પડયું. અવાજથી એક પુરૂષ એ લતામંડપમાં ચાલી આવ્યો. તે કૃષ્ણવર્ણ ધારણ કરતો હતો, પણ સુદર્શન ધારણ કરેલું નહોતું. તેની આંખમાં યમરાજ સમાન કોપ જણાતો હતો, પણ તે કાળના પાશથી વિમુક્ત નહોતો. તે કોઈ ઉચ્ચપદ ધારણ કરનાર નહોતો પણ આ કામથી પરિવેષ્ટિત સ્ત્રીના ચક્ષુથી એ ઇંદ્રથી વા ત્રણ લોકથી અધિક પદે પહોચેલો હોય તેવો અને કુસ્વરૂપવાન છતાં પણ રતિપતિથી અધિક સૌંદર્યવાન હોય તેવો તેને લાગતો હતો. તે પુરૂષ આ સ્ત્રીની સાથે કંઈ બબડયો તે ઉપરથી મને જણાયું કે તે કોઈ આજ્ઞા કરનારો નથી પણ કોઈ આજ્ઞા પાળક છે. પણ અહીં તો તે ઉપરીપણાનો અધિકાર ભોગવે છે એમ મેં જોયું. તે બોલ્યોઃ—કેમરે રંડા, તું જાણતી નથી કે મારે અમુક વખતે રાજસેવામાં હાજર થવું પડે છે, છતાં મધ્યરાત્રિ ગયા પછી મારે તારા વાસ્તે જાગરણ કરવું કેમ? એમ કહી પાંચ સાત ફટકા તેણે તેના બરડાપર લગાવી દીધા. તેથી તે સ્ત્રી જાણે કોઈ દીન હોય તેમ માફી માગતી કહેવા લાગીઃ—એ પ્રાણથી અધિક વહાલા, તમારે વાસ્તે હું મારા સુખ તરફ લેશ પણ દરકાર રાખતી નથી. પરંતુ મારા અવળા નશીબને લીધે આજ તમને દૂભવવા જેવું બન્યું છે, તેમાં મારો કાંઈ અપરાધ નથી. મારો શઠનાયક આજ કાંઈ કારણને લીધે જલદી ઉંઘી ગયો નહોતો. તેને લીધેજ વાંર થઇ છે માટે એ મારા આ દેહના માલિક, તમે આજ મારાપર કૃપાવંત થઈ મને માફ કરો. હવે તેવી ચુક કદી

થવા નહિ દઉં. આજ એ પ્યારા, તમારે માટે ઉત્તમ પ્રકારનું ભોજન હું લઈ આવેલીછું તે આપ આરોગો. પેલો પુરૂષ બોલ્યોઃ–ઉત્તમ ભોજનમાં આપણે કાંઈ સમજીએ તો નહિ પણ લાવતો ખરી ખઈ લઇએ. ખાઈ પી એક બીજાના ગળામાં હાથ નાંખી, એક બીજાની સાથે પરિચયની વાતો કરતાં કરતાં, લતામંડપના કુંજમાં તેઓ ફરવા લાગ્યાં. ફરતાં ફરતાં તેઓ મારી તરફ આવ્યાં. મારાથી તેની આકૃતઘ્નતા સહન થઈ શકી નહિ. તેથી મેં તેની ભુંડી કરણીના ફળને ઉદ્દેશી એક ખંજર કાઢી તેના યારના ઉપર એવા તો જોરથી સપાટો લગાવ્યો કે તેના ખભેથી આડો જનોઇની માફક હેઠ પેટ સુધી ખંજર ઉતરી ગયો. આમ કરીને પેલા પલંગતળે જઈ હું ભરાયો. પેલો તેનો યાર ઓ ઓ ઓ કરતાની સાથે જમીન ઉપર લથડ્યો. એકદમ તેના પ્રિયતમની અચાનક આ સ્થિતિ જોઇ મારી નફ્ટ નારી ઉપર પણ જાણે એ ફટકો લાગ્યો હોય તેમ એ બેબાકળી બની ગઇ. કાંઇક ભયપ્રદ કાંઇક આશ્ચર્યવત અને કાંઇક ક્રોધાયમાન આકૃતિ કરી મોટેથી આક્રંદ કરતી એ બોલી કેઃ–અરે, ઓ ઘાતકી મહાપાતકી, આ મારા પ્રિયતમની આવી દશા કરવામાં તને કંઈ વિશેષ લાભ તો નહિજ હોય ! ત્યારે આમ આરતબંધ જોડાતો પ્રેમપ્રવાહ તારા અદેખા સ્વભાવને લીધે ગતિરહિત થયો છે, તે હવે અગ્નિરૂપે પ્રજ્વલીત થઇ દેશ શેહેર અને સકળ ભૂમંડળને તારા નિમિત્ત બાળી ભસ્મ કરવાનો હેતુ થશે નહિ શું ! જેમ તું મારા હૃદય ને ઘાયલ કરી મારી આંખે શ્રાવણ ભાદરવો વરસાવે છે, તેમ હે દુષ્ટ ! મારી પેઠે તારી પરણી સદાકાળ રડતી રહેશે એવું ખચિત જાણજે. ચાહ્ય તો તું સ્વર્ગમાં જઇ રહે, ચાહે તો પાતાળમાં શેષનાગને શરણ જા, અને ચાહે તો આ પૃથ્વીપર વન પર્વત કે નગરમાં સંતાઇ રહે. ત્યાંથી પણ તુંને પકડવા અર્થે મારો હાલનો કોપ વસ્તિને વેરાન બતાવનાર પ્રલયકાળ અગ્નિ સમાન સર્વ અર્થનું મૂળ થઇ પડશે. તે બાબતનો જવાબદાર પ્રભુને ત્યાં તુંજ થયો છે. આટલું બોલી રહ્યા પછી તેણે પોતાના હાથમાં પેલો દંડ પકડ્યો, અને અતિત્વરાથી તેના પેલા મરી જતા પ્રિયતમના દેહમાંથી જતા પ્રાણને અટકાવવાના ઉદ્દેશે તે બોલીઃ– જો, તારાં જે તત્વોપર ભરોંસો રાખી આજસુધી હું મારી ધારેલી મુરાદો પાર પાડી શકીછું, તેજ તત્વો હજુ અક્ષય રહેલાં હોય, તો અમારા પ્રાણ-

વલ્લભના જતાં બાકી રહેલા પ્રાણને તું બચાવી રાખ. આ શબ્દો બોલતાની સાથે પેલો દંડ ફેરવ્યો કે તરતજ વહી જતી લોહીની ધારા બંધ પડી ગઈ. તેની સાથે તેની વાચા પણ પ્રથમ બંધ પડી ગયેલી હતી. તેજ સ્થિતિમાં ફક્ત કંઈક અંશે જીવિત ધારણ કરી તે રહ્યો. તેની તે દશામાં તેને પેલા પલંગ ઉપર સુવાડી આખા વન પ્રદેશમાં જાણે કાંઈ શોધતી હોય તેમ બધે ફરી ફરીને તે તપાસી વળી. છેવટ કંઈ પત્તો ન લાગવાથી નિરાશ થઈ હોય તેમ નિશાસા નાંખતી તેના પ્રિયતમ પાસે પલંગપર આવીને તે બેઠી. એનું સઘળું ચરિત્ર નિહાળી હું પણ એજ પલંગપર તળે વળગેલો જીવિત વગરનોજ હોઉં તેવી સ્થિતિ ભોગવતો રહ્યો. પણ હું મૃત્યુના મુખમાંજ છું તો હવે નિરાશા કેવી? મરવાનું તો છેજ એટલે ડરવાનું કે બચવાનું શું હતું? એમ ધારી હિંમત રાખી તેજ સ્થિતિમાં હું વળગી રહ્યો. હવે તે વિલાપ કરવા લાગી અને રૂદન કરતી બોલી:—અહો નીચ, તું આવું ક્રુર કામ કરી મારો આત્મા શતધા વિચ્છિન્ન કરી નાંખવામાં અત્યારે તો ફાવ્યો છે, પણ તને શું હાંસલ થવાનું હતું તેનું કારણ હું સમજી શકતી નથી. ઓ મારા હૃદય કુમુદના ચંદ્ર, સદાને માટે પોતે અસ્ત થઈ તું મારા હૃદયક્ષેત્રને સંકોચમાં મૂકે છે. તમારા વિયોગે કરી મારૂં મન અત્યારે જે અસહ્ય વેદના ભોગવે છે તે ઓ પ્યારા, તમે જાણતા નથી? ના, તેતો મારો અંતર્ભૂતિ સાક્ષી જે પ્રાણ તે એકલોજ અનુભવે છે. તમારી આ દશા મારાથી જોઈ શકાતી પણ નથી. જરાતો સ્વસ્થ થઈ બોલો અને કહો તો ખરા કે, તમારા અવધિનો કારણભૂત કોણ થયો છે? હે વલ્લભ! અત્યારે વિશ્વરૂપ બની રહ્યાછો એટલે તમારી દૃષ્ટિમાં કાંઈ નહિ જણાતું હોય એમ નથી. તમારા ઉપર જેનું જીવિત રહેલું છે એવી આ એક અનાથ થએલી બાળાની સ્થિતિ સામું તો જરા દયાની નજરથી જુઓ. તેને તમો વિના બીજું કોણ આશ્વાસન દઈ શકે તેમ છે? હું અનાથની હવે શી વલે થશે? દુનિયામાં બધા વૈભવો જે મને અનુકુળ હતા તે હજુ તેનાતેજ છે. મારો હકદાર સ્વામી જેને તમોથી ભોગવાતો ઉચ્છિષ્ટ પ્રેમ હું ઉપર ઉપરથી બતાવતી હતી તે પતિ પણ તેનોતેજ છે. મારૂં શરીર કે જેમાં રહેલો આત્મા તમને જોઈ આનંદ ભોગવતો હતો તે પણ તેનુંતેજ છે, તેમ તમારા શરીરના સઘળા પંચમહાભૂતથી બનેલા અવયવો પણ તેનાતેજ છે. મારી શાન્તિને અર્થે તેને સદાકાળ તેવું રાખી રહેવા મેં સમય સાધી બચાવી

રાખ્યું છે, તેમજ આપનો અચેતન શેષપ્રાણ પણ બચાવી રાખ્યો છે. તેથી સુષુપ્તિ અવસ્થામાં તમારો પ્રાણ બચ્યો છે. એ બધું હું જોઉછું તોપણ મારા અંતઃકરણને જરાએ કળ વળતી નથી અને સઘળાં સુખરૂપ સાધનો અત્યારે મને પ્રતિકુળ તેમજ દુઃખદેણ થઈ પડયાં છે! ઓ પ્યારા! બીજાની આંખે તું એક સાધારણ મનુષ્ય જણાતો હશે અથવા તેઓ તમારાથી અધિક રૂપનાં મનુષ્યો જોઈ કુદરતની લીલા અને શક્તિ નિહાળી આનંદ ભોગવતાં હશે, પણ મારી આંખે જોતાં તમારાથી અધિક રૂપવંત અથવા તો વાત કરી વિસામો મેળવવાનું અથવા મારા હૃદયને આરામ આપનાર આખા જગતમાં ફરીવળું તોપણ એકે નજર આવતું નથી. રૂપવંતાં મનુષ્યો ચેતન રહિત જડ પ્રતિમારૂપે મને ભાસે છે. તેથી તે સાથે મારો વે'વાર કેવો? સઘળી વસ્તુઓ મને દુઃખરૂપ ભાસે છે. જે મને સાનુકુળ દેખાતું હતું તે હાલ પ્રતિકુળ જણાય છે. એ જોતાં એમ જણાય છે કે રૂપાળાં મનુષ્યોની આકૃતિ તે રૂપ નથી. તેમજ સુખરૂપ સાધનોમાં સુખનું તત્ત્વ રહેલું નથી. જો તેમજ હોત તો અત્યારે તેમને સુખ આપતજ. માટે એ બધાંને સુખકર કરનાર પ્રેમનું મહાત્મજ છે. આનંદનું સદન પ્રેમજ છે. તે પ્રેમ તમારામાં મેં ધરાવ્યો છે. એટલે તમારા સિવાયનું સઘળું જગત્ મને શૂન્ય જણાય છે. આજ તમારી સાથ મારો પણ અવધિનો દિવસ છે. અરે! વહાલા! જરા તમે બોલો તો ખરા! આવા મનોવેધક તેણે ઘણા વિલાપ કીધા. તોપણ તેણે એકપણ બોલથી ઉત્તર ન દીધો. છેવટ તેણે નિરાશ થઇને ધાર્યું કે હવે આના જીવિતની અવધિ છે. એમ ધારી તે શોક વસ્ત્રો સજી એજ પલંગપર તેને લઇને બેઠી. હું પણ પલંગ તળે લપાઈ રહી સઘળું અવલોકન કરતો હતો. તે સાથે જેમ આવી હતી તેજ પ્રમાણે પલંગને પેલો દંડ ફેરવી છત્રી ઉઘાડી આજ્ઞા કરી કે અમારી અસલ જગ્યાએ તારૂં ગમન થાઓ. એમ કહેતાની સાથે તે મોટા વેગથી ગતિમાન થયો, અને જોતજોતામાં મધ્ય રાત્રિના સમયે મારા મેહેલમાં આવી ઉતર્યો. ત્યાં તે વિલાપ અને શોક કરતી બેઠી. જરાવાર રહી બારીયે જઈ જળવડે તે મુખ પ્રક્ષાલન કરવાલાગી, તે સમયનો લાગ સાધી હું મારી શય્યાપર જઈ ગુપચુપ સુઈ ગયો. સવાર થઈ એટલે હું ઉઠયો. હજુ મારી નફ્ટ પ્રિયા તો મેહેલમાંથી મોં કાઢી બહાર આવેલી-

જ નહોતી. જાણે હવે તે સઘળું સુખ પરવારી હોય તેમ સદા શોક સદનમાંજ રહી તેજ સ્થિતિમાં દિવસો નિર્ગમન કરવાનો નિશ્ચય કરી બેઠી હતી. અને તે વાત પરિણામે ખરી પણ ઠરી. મેં ધાર્યું કે હજુ પણ તે નિત્ય નિયમ પ્રમાણે મારી પાસે હસ્તેવદને વાતચિત કરી મને રીઝવવા આવશે. પણ તે મારૂં અનુમાન ખોટું પડયું. હવે હું પોતેજ તેની પાસે જઇને જોઉ કે તે શું કરે છે, એમ ધારી હું તેના ખાનગી ઓરડામાં ગયો, તો જે શોકવસ્ત્ર તેણે પરિધાન કરેલાં હતાં તેનાં તેજ વસ્ત્રો ધારણ કરેલી સ્થિતિમાં મેં હાલ પણ તેને જોઈ. હું અજાણ્યો હોઉં તેમ મારૂં મુખ ઠેકાણે રાખી, મારા હૃદયની ભાવના છૂપાવી, આ શોકવસ્ત્રો સજવાનું અને દુઃખદ સ્થિતિ ભોગવવાનું મેં તેને કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો કેઃ– હવે મારા સુખનો છેડો આવ્યોછે. મારા ઇષ્ટ જનનું અકાળે અને અયોગ્ય રીતે મૃત્યુ થયાના સમાચાર મને મળ્યા છે. તેથી હવે તમારે મારાથી વિરક્ત રહેવું જોઇએ. મને આની આ સ્થિતિએ દુઃખમાંજ મરવા ધો. મેં કહ્યુંઃ– પ્યારી, તારા દુઃખનું કારણ તો મને જણાવ કે હું પણ તારા દુઃખમાં જોડાઈ તને કાંઈ દિલાસો આપું. તેણે કહ્યુંઃ–એથી પણ મારી દુઃખદ સ્થિતિ બદલાવાની નથી. ત્યારે હું તમને નકામા દુઃખી શામાટે કરૂં? તેમજ જે વાતમાં તમારે સંબંધ નહોય અથવા જેમાં તમારૂં અનુષંગી મનુષ્ય ન હોય અથવા જેમાં તમને લાગતું વળગતું નહોય એવા મારા કામની આડે આવવું નહિ એવો પ્રથમથી મેં તમારો કોલ લીધેલો છે. તેથી હવે એ વાત પામવાની જીજ્ઞાસા તજીદો. અને મને મારા નશીબને હવાલે રહી આની આ સ્થિતિ ભોગવવા ધો. હું આનું સઘળું કારણ જાણતો હતો, તેથી તેના કર્મનું ફળ વિલાપો કરી છો ભોગવે એમ ધારી મારો ક્રોધ દબાવી હું મારા નિત્ય કર્મમાં લાગ્યો. એતો નક્કી છે કે કોઇપણ પુરૂષ પોતાની કુભાર્યાનું ભુંડું કર્મ નજરે જોયા છતાં તેની ઉપર પ્રીતિ રાખી શકે નહિ. કોઈ હિચકારો વા બાયલો વા કેવળ સ્ત્રીને તાબે થઇ રહેલો પુરૂષ હોય તોપણ તે આવું ચરિત્ર અવલોકન કરી સહન કરી બેસી રહે એમ કદિ બનેજ નહિ; તો પછી મારા મનને કેટલી વ્યથા અને પરિતાપ થયેલો હોવો જોઇએ તેનો ખ્યાલ હે સત્ પુરૂષ, તમને સહેજ આવશે. તેનું વિશેષ વર્ણન કરી તમને કંટાળો આપવા હું માગતો નથી. પણ આનું પરિણામ શું થયું તે

જણાયા વગર મારો ઉદ્ધારજ નથી. માટે આપ સજ્જન મહાત્માને એ-કવાર દિલગીરી ઉપજે એવું મારૂં વૃત્તાંત વિદિત કર્યા વગર મારો છુટકો નથી, એમ ધારી મારી વાત હું આગળ ચલાવુંછું.

મારી ઉન્મત્ત પરકીયા ભાર્યાને એક વર્ષ સુધી તો તેને તેજ સ્થિ-તિમાં મેં રહેવા દીધી. તેમ છતાં પણ હું જોઉછું તો તેનો શોક જરા પણ વિરામ પામતો નથી. આથી મારાપર જે પ્રીતિ ન હતી તેથી લાખો અને કરોડો ગણી જૂઠા પતિ ઉપરની પ્રીતિ માટે મને જે ઇર્ષ્યા ઉત્પન્ન થઈ, તેને હવે હું સમાવી શકયો નહિ. તેથી તેની સન્મુખ ઉભો રહી શબ્દ પ્રહારથી તેને ધીટકારી હું કહેવા લાગ્યોઃ—તારા જેવું કૃતઘ્ન અને દા-રૂણ કર્મ કોઈ સ્ત્રીએ કરેલું મેં જોયું કે સાંભળ્યું નથી. ઘણી સ્ત્રીઓનાં નઠારાં ચરિત્રનો તારી સાથે મુકાબલો કરૂં છું પણ તારા જેવી અનાર્યા કોઈ થઈ નથી ને થશે પણ નહિ. ઘણી સ્ત્રીયો કુળની લાજ તજી નિકળી ગઈ છે એમ બન્યું છે ખરૂં. પણ તેમને જુના કપડાની પેઠે ફેંકી દીધેલી ધારી તેના પતિએ સંતોષ માન્યો હશે. ઘણી સ્ત્રીઓએ ખોટા ઇશકને લીધે પોતાના પતિનું ધન અયોગ્યરીતે ઉડાવી દગો દીધો હશે. ઘણી બીજાને ભજતી હશે પણ તેના પતિના સુખમાં ઉણું પડવા ન દેતાં તેની વાંછના પૂરી પાડીને પોતાનું ભુંડું કૃત્ય આચરતી હશે. પણ ન સહન થઈ શકે એવો વિશ્વાસઘાત કોણે કીધો છે, તે મારા અનુભવમાં નથી. આમ જોતાં સ્ત્રીઓ મલીન સ્વભાવની તેમજ દુષ્ટ ક-ર્મની અધિષ્ટાતા હોય તેમ અનુભવથી મને જણાય છે. તમારા નામ માત્રમાંજ શબ્દે શબ્દે કામવૃત્તિ સમાયેલી છે, તેને લીધે સ્ત્રીઓ એકમાં પ્રીતિમાન્ રહેતી નથી તે આ નિચેના શબ્દોથી જણાય છે.

છપ્પો.

રામા ન જુવે રૂપ, જુવે નહિં કુળ કે કાયા,
ભામની ન જુએ ભૂપ, મળે જ્યાં મનની માયા;
નારી ન જુએ નેક, ટેકને સહેજ ત્યજે છે.
વામા વિપરિત કર્મ, શર્મ ને ધર્મ ત્યજે છે;
(વળી) કામિની કામાતુર જુએ, (કે) જ્યાં મન માને કામની,
વળી જાય નિમિષમાં નીસરી, રંડા હૃદય હરામની.

વળી— **દોહરો.**

શિર ઢાંકણુ મુખ મુછબીન, નક છેદન ચખ શ્યામ;
એ સબ ઓ ગુન તિયમહિ, કયોં ન કરે લઘુ કામ!

તું પણ તેમાંનીજ એટલે તારાથી બીજું શું થઇ શકે ? પણ તેં આ મારા વૈભવની તુલના પણ કરી નહિ. તેં મારા સ્નેહને પણ સંભાર્યો નહિ. છેવટ એક ગુલામની સાથે અયોગ્ય સ્થાને પ્રીતિ ? ! ગુલામનું નામ આવતાંજ તેનું સ્વરૂપ કાંઈ જૂદુંજ દેખાવા લાગ્યું. જાણે પ્રજવલતો અગ્નિ હોય વા પ્રકૃતિયોમાંથી ક્રોધ પ્રવાહ વિરક્ત થઈ અહીં ભેગો થઇ શરીર ધારણ કરી ઉભો હોય તેમ તે જણાવા લાગી, ને બોલીઃ—હા. તેનું કેમ છે ? હું અહીં મારી દશા કેવી થશે તેનું ભાન જાણ્યાં વગર ક્રોધાવેશમાં મારી શક્તિનો વિચાર કર્યા વગર એમને એમ બબડે ગયો કેઃ— તેનું કેમ શું પૂછે છે ? તેંનું તો જે આપ સલુણી અનુભવોછો એજ તો. એ પાપીને તેનું ફળ મળ્યું છે, અને તમને પણ સહાને માટે યોગ્ય સતકાર મળ્યો છે. એક દયાને અને પ્રેમને ખાતર તમે હયાત છો. આમ હું બોલી રહ્યો એટલામાં તો તે ઉઠી મોઢેથી બડબડતી પેલી છત્રી ધરી અને દંડ હાથમાં લઈ બોલી કેઃ- આ શહેર પછવાડે ફરી વળ. બધું શહેર જળમાં ડૂબાવી દે. તેમજ મનુષ્યોને અંદર જળ પ્રાણી બનાવી દે. એક પળમાં તો બધું જળમય થઈ ગયું અને બધા માણુસો જળજંતુ બની ગયા. મને તેણે જળચર બનેલો છતાં ઓળખીને બહાર કહાડયો અને એક સોયા પર ચઢાવ્યો. તેથી વિંધાતા મારા દુઃખની શી વાત કહું ? મારા જીવિત જવાની તૈયારીમાં તેણે મને એક પક્ષી બનાવી દીધો, પછી મારાં એકે એકે પીછાં તોડી રીબાવવાનું શરૂ કીધું. વળી અવસાન આવી પહોચતાં તેણે મને એક અડધો મનુષ્ય દેહ અને અડધોપાષાણુ બનાવી દીધો કે જેથી હું કંઈ નાશી છૂટું નહિ. તેવી સ્થિતિમાં મને ચાબુકોના માર મારીમારીને તે બોલી કેઃ–લે તારે, તને પણ મારાથી અધિક ફળ મળે છે કે નહિ ! એમ કહી તેણે મને માર માર્યો. કોણ જાણે તેની અસાવધતાને લીધે કે કોણ જાણે મારા આયુષ્યની અવધિને લીધે મારા પ્રાણ જવાની આગમ સૂચના તે પામી ન શકી. તેને લીધે મારૂં શરીર મૃત થઈ પડયું તેને સજીવન કરી બીજો દેહ આપવા બબડી પણ તે કાંઇ જાગ્રત થઇ શકયું નહિ. ત્યારે તે હાથ ઘસવા લાગી. કેમકે એનું તો ટુંકામાંજ પતી રહ્યું. હું અકાળે અને કેવળ વૈર પ્રકૃતિના આવેશમાંજ મૃત્યુ પામ્યો. તેથી પિશાચ બની

રહ્યો છું. મારામાં અનેક સ્વરૂપ અને અવાજ કરવાની શક્તિ છે, પણ હાથેવતી કાંઇ કર્મ કરી શકવાની શક્તિ નથી. તેથી એ મારા પરિણામને સંભારી આ સ્થિતિ ધારણ કરી મારા નગરનું ઝગર કરનાર મારી સ્ત્રીના કૃત્યપર આંસુ પાડતો આ તળાવ રૂપ બનેલા મારા નગરની રક્ષા કરૂંછું ને મારો ઉદ્ધાર ઇચ્છું છું. મારા લોકોને દુઃખથી મુક્ત કરનાર કોઈ ધીર પુરૂષના આશ્રયની અભિલાષા રાખુંછું. તેમજ એ ભુંડી ભાર્યાને તેના કર્મ ફળનો દંડ મળે એમ હું ચાહું છું.

આ સાંભળી રહ્યા પછી રાજકુંવર શશિવર્મા બોલ્યોઃ—હવે કોઈ ઉપાય કરવો જોઇએ. સન્મુખ જઇ તારી પેઠે કહેવામાં જીવનું જોખમ છે. આ નગરની અવદશા છે. અને દેવની મદદથી તે સબળ છે એટલે કાંઇ યુક્તિ રચવી પડશે.

તે સ્ત્રીના યારનું શબ હજુ કાયમજ છે. તેનામાં જઇ તું પ્રવેશ કર અને બોલ કેઃ—અહો, પ્યારી તારાં આજ સુધીનાં (કૃત્ય) આચરણ મને ગાઢ નિદ્રામાં ઘોરાવે છે, અને મહાવ્યથા ભોગવાવે છે. ઘણા માણસોની દુર્દશા મને મળી છે. મારા નિમિત્ત તેં જેજે કીધું છે તે સઘળું મને મહા સંકટ રૂપ થઇ પડ્યું છે. માટે મારા સુખની દરકાર કરતી હોય તો સઘળું નગર પૂર્વ સ્થિતિમાં બનાવી દે. આ પ્રમાણે તારે કરવું. હું પણ આવુંછું. મને છૂપાઇ રહેવાની જગ્યા બતાવજે. એ પ્રમાણે સંકેત કરી તેઓ તળાવની પશ્ચિમ બાજુએ ગયા. ત્યાં એક મેહેલ દીઠો. તેમાં પ્રવેશ કરી રાજકુમાર એક જગ્યા કે જ્યાંથી સઘળું તેની નજરે પડે પણ તેને કોઇ જુવે નહિ ત્યાં બેઠો, અને આ પિશાચ પેલાના શબમાં પ્રવેશ કરી સંકેત પ્રમાણે બોલ્યો. એ સાંભળી આ સ્ત્રી તો કેવળ હર્ષથી ભરપુર બની ગઇ. જાણે આનંદ સૃષ્ટીનો પ્રથમ દિવસ હોયની એમ તેને ભાસ્યું. તે બોલીઃ—ઓ પ્યારા, તમારા મનમાં જ્યારે આમજ હતું ત્યારે પ્રથમજ કાં ના કહ્યું. મેં આવડી મુદત દુઃખ સહન કર્યું એ મારાથી ખમાતું નથી. તમારા સુખને અર્થે મને કાંઈ વિશેષ શ્રમ લેવો પડે તેમ નથી. પછી જોતજોતામાં પેલો દંડ અને છત્રી લેઇ ફરી આવી તે બોલી કેઃ– આ નગર પૂર્વ સ્થિતિમાં આવો. એમ બોલતાની સાથે પૂર્વ પ્રમાણે નગરના અવાસો તથા. સર્વ લોકો પુર્વ સ્થિતિમાં આવ્યા. એક ત્રીજુ પાત્ર તે એક ઠેકાણે ધરી તેના પ્રીતમ પાસે આવી બેઠી, ને બોલીઃ—ઓ પ્યારા,

કોઇ હુકમ કરો. એમ બોલતામાંતો પાછળથી હુકમ તે આ. એમ રાજકુંવરે બોલી પેલા દંડ, છત્રી અને પાત્ર હાથમાં લઈ લીધાં. દંડ તેના શિરઉપર ફેરવી બોલ્યો કેઃ—અહો દંડ, તારામાં જે દિવ્ય શક્તિ હોયતેને માન આપીને જે ત્રણ વસ્તુમારી પાસે છે તેને આસ્ત્રી હાથેવતી સ્પર્શકરે, કિંવા કંઈ પણ તમો દિવ્ય શક્તિને ઉદ્દેશી માગણી કરે તો એસ્ત્રીનુ તું મોત કરજે; અને મારા પર તે પોતાના ગમે તેવા દાવ પેચ લડાવે તેને નિષ્ફળ કરજે. એમ બોલી તેની સન્મુખ આવી ઉભો. અને બોલ્યોઃ— અરે નીચ, તારા જેવું કૃત્ય કઈ દુરાચરણી સ્ત્રી કરે ? ! તેં તારા પતિને હાથે કરી માર્યો તે હવે પાછો મળવાનો નથી, આ દંડ છત્રી અને પાત્ર જેનાબળ ઉપર તું પોતાને મહાસમર્થ માનતી હતી તે કાળે કરી આજ તને પ્રતિકુળ થયાં છે. કાળની ગતિ ન્યારી છે. મૂર્ખાઇને લીધે ઉદય અસ્તના બળાબળનો વિચાર તારા જેવીને આવતો નથી. તેમ પ્રીતિ પણ સદાકાળ સુખ રૂપ નિવડતી નથી. તેનું તને આજ પ્રત્યક્ષ દર્શન થાયછે. સંયોગમાં સુખકરે તેજ પ્રીતિ, વિયોગમાં કેટલું દુઃખ અનુભવાવે છે? આ તારા મનમાન્યાનું તું હિતકરી શકવાની નથી' ગત પ્રાણનો શોક કરવો ઉચિત નથી. ઉલટો તેના પ્રાણ ને રોકી રાખ્યાથી તે અવદશાને ભોગવે છે. એમ કહી તેના ઉપર દંડ ફેરવી કહયું કેઃ—તારૂં જીવિત સદાકાળ રહેવાનું નથી, માટે કુદરતના નિયમ આધારે જે કાળનો તું ભક્ષ થયો છું તેને શરણે જા. દંડનો પ્રતાપ ઉઠી જવાથી તે શબ હવે નિસ્તેજ થઇ ગયું. ઘડી પહોરે ફૂલતું ગયું તેની સાથે આ સ્ત્રી પણ વિરહ દશા ને લીધે જાણે પોતાના પ્રાણ તેના યારના ગતઃ પ્રાણની સાથે મોકલવા ઈચ્છતી હોય તેમ સમાધિસ્થ થવા લાગી, અને પોતાનો આત્મા તેની સાથે તેણે મેળવી દીધો. પ્રેમનું બંધન આવું છે. તે ગમે તેવો બોધ મળવા છતાં સમાન કે યોગ્યા યોગ્યનો વિચાર કરતું નથી. તે બન્નેની યોગ્ય ક્રિયા કીધા બાદ પેલા પિશાચના મેહેલના સઘળા ભંડારની ધર્મ નિમિત્ત તેણે યોગ્ય વ્યવસ્થા કરી. તેના પુણ્યને લીધે પેલા પિશાચનો પણ ઉદ્ધાર થયો. પછી આ દંડ, છત્રી અને પાત્ર લઈ રાજકુંવર ત્યાંથી ચાલ્યો. પોતાની સાથે એક ગાલીચો લઈ લીધો. અને આ મેહેલની હદમાંથી નિકળી તે જંગલની હદમાં દાખલ થયો. ત્યાં પેલો ગાલીચો પાથરી તેના ઉપર બેસીને દંડને તેણે હુકમ કર્યો કે :— અહો કલ્પતરૂ સમાન શક્તિવાન હે દંડ તારી અદભૂત શક્તિવડે મને પેલા ધૂર્ત નગરમાં જે અવાસમાં હું વાદ કરવા બેઠો હતો ત્યાં લઇજા. પણ હું મારો વેષ બદલીને

બીજો ધારણ કરૂં ત્યાં સુધી તું અહીં થોભ. એમ કહી તેણે પોતાના ગૌર અને કાન્તિમાન શરીર ઉપર ભસ્મ લગાવી યોગી વેષ ધારણ કર્યો. સાક્ષાત્ ત્રિભુવનપતિ શ્રી મહાદેવજીનો વેષ તેણે ધારણ કીધો. કપાળમાં ત્રિપુંડ લગાવી ગળામાં રૂદ્ર માળ તેણે ધારણ કીધી. પછી તે પેલા ગાલીચા ઉપર આવી બેઠો અને બોલ્યોઃ- હેદંડ, હવે ઉડવાને ગતિમાન થાઓ. એમ કહેતામાંતો ગાલીચા સાથે ઊડીને આ ધૂર્ત લોકનું નગર કે જ્યાંથી પેલી કન્યાને તેણે મેળવી હતી ત્યાં તેની ધૂર્ત સખીના મેહેલની અગાશીમાં મધ્ય રાત્રિસમે તે ઉતર્યો. ત્યાં જઇ તેણે શંખનાદ કીધો. આ નાદની સાથે તેણે દંડ ફેરવી ફરમાવ્યું કે:- આ મેહેલના મનુષ્ય માત્રને ઘોર નિંદ્રામાં નાંખીદે. પણ તે ધૂર્ત કન્યા એકલી ફક્ત ઉંઘે નહિ. એમ કહેતાં નાદની સાથે સર્વેને તેણે ધારણ મૂકી દીધું. આ કન્યા પોતાના મેહેલમાં આકાશમાર્ગેથી શંખ ધ્વનિ આવતો સાંભળી આશ્ચર્ય પામી. અગાશીમાં નિકળી જુવે છે તો એક મહાસિદ્ધ તપસ્વી ધ્યાનસ્થ થઈ બેઠો છે. તેની પાસે જઇ વિનયથી તે પૂછવા લાગી; આપ કોઇ મહા પુરૂષ છો વા જગતના પાલક પોષક સંહાર કરતા ત્રણ દેવતા પૈકી કોઇ દેવ છો? તેનો ઉત્તર આપી આપ મારો સંદેહ દૂર કરશો. તુરત આ વેષ ધારી દેવે આંખ ઉઘાડી તેના તરફ નજર કરી ગંભીરપણે જવાબ દીધોઃ- ત્રણ લોક જેના સ્વાધીનમાં છે એવા શંકરની વિભૂતિને તું જાણતી હોઇશ તેમની વિભૂતિનું દર્શન મત્ર આ એક સ્વરૂપ તેને તું જાણ. તે આવું અદ્‌ભૂત અને દિવ્યસ્વરૂપ જોઈ વિનયથી કહેવા લાગી કે:- જ્યારે આપ સાક્ષાત્ દેવ મૂર્તિ એ અહીંજ પધારી આ ભુવન પાવન કીધું છે; ત્યારે તો મારા ઉપર આપ કૃપા કરશો અને કહેશો કે:- મારી સખી કલિકલહાર લતિકા અત્યારે કયા પ્રદેશમાં નિવાસ કરી રહી છે. આ સવાલ તેણે ધૂર્તપણાને લીધે તેની દિ-વ્ય ગતિ પિછાનવા માટે કર્યો. પણ તેને તો તે અનુકુળ થઇ પડયો. યોગી નાક પર બે આંગળી લગાવી જોઇને કહેવા લાગ્યો કે:- જો, તારે જાણવા કરતાં તેને જોવાનીજ ઈચ્છા હોય તો બેસ આ આસન ઉપર. એમ કહે-વાથી તે આસન ઉપર બેઠી. એટલે આ યોગી બોલ્યો કે:- એ કન્યાકું જીસકું મીલનેકી ઇચ્છા હે ઉસકા દર્શન દુરસેં કરાના જબ વો ઉસીકું દેખ લેવે જબ ફીર યે જગેપર ઉસીકું પીછી ધર દેના, ઐસા હમારા હુકમ હૈ. એમ કહી દંડને તેના ઉપર ફેરવી કહયુંઃ- ચલ્લુ બઢાવ તેરી ગતિ જોત જોતામાં

તે આકાશ માર્ગે ઉડીને જ્યાં પેલી કન્યા અને પેલો બ્રાહ્મણનો કુમાર નિવાસ કરી રહયાં હતાં ત્યાં ગયાં. તે સ્થળમાં એ દંપતી એક બીજાના પ્રેમમાં મગ્ન થઈ રહયાં હતાં. હાથમાં સીતાર લઇ રાગ આલાપી તેના પતિનું મંન રંજન કરતી હતી, તેવી સ્થિતિમા પરમ આનંદ ભોગવતી સખીને જોઇ આ કન્યા તેના ભવિષ્ય માટે સંતોષ માનવા લાગી. તેણે સારી પેઠે અવલોકન કર્યો પછી તેને પાછી પોતાના મેહેલની અગાશીમાં લાવી તેણે મૂકી. આ યોગીનો અભૂદ્ત પ્રતાપ જોઇ તેનામાં વિશ્વાસ લાવી તે બોલી;–ત્યારેતો પ્રભુ મને હવે આપ કૈલાસનાં દર્શન કરાવો. અને ત્યાંના સઘળા વૈભવ બતાવો. આ વિનંતિ સાંભળી એ વેષધારી યોગી બોલ્યો:– તુમેરે મનમેં યે સંસારી ઠાઠસેં ઓ જગેકા દર્શન કરનેકા ખ્યાલ હોવેતો વો મત રખીઓ. તે કન્યા બોલીઃ–આપ જેમ કહો તેમ કરવા તત્તપર છું. તે યોગી બોલ્યો કેઃ– તુમારા શિરકા કેશ નિકાલ કે સન્યાસીકા વેષ ધારણ કરના ચાહીયે. જબ વાં જાયકે પીછે આવોગે તબ તુમારા કેશ અસલ માફક હો જાયગા." બહુ સારૂ, એમ કહી ઘરમાંથી કાતર લાવી પોતાના શિરના કેશ તેણે કાતરી નાંખ્યા. લોટીના તળીયા જેવું માથું કરી સન્યાસીનો વેષ બનાવી તે બોલી;–હુકમ ઘો મહારાજ. યોગી બોલ્યા, " તુમ્હારા ઓ કપડા રખકે જાનેકા. નહી બનેગા. સો હમ દેતે હેં વો કપડા પેહેરો. " એમ કહી પોતાની પાસેથી પેલું પાત્ર કાઢી યોગી બોલ્યાઃ– " ઇસમેંસે મૃગકા અંતર ભાગકા બારીક ત્વચાકા વસ્ત્ર હો જાઓ. " તુરત તેમાંથી એક તેવું વસ્ત્ર નિકળ્યુ. તે આપી કહ્યું:– ઉસકું પહેર લો. તે કન્યાએ તે પહેરી લીધું. તેનો રંગ ગેરૂથી રંગેલા કપડા જેવો હતો. એટલે તેને રંગાવવાની જરૂર રહી નહિ. એ મૃગચર્મ પહેરેલું તેથી તેનો દેખાવ સન્યાસી જેવો બની રહ્યો. પછી પેલા ગાલીચા ઉપર તેને બેસાડી યોગીરાજ પણ તે ઉપર બેઠા. ને ગાલીચાને પેલો દંડ ફેરવી હુકમ કીધો કે:– જે જંગલમાંથી મને આ વસ્તુ પ્રાપ્ત થઈ તે જંગલમાં રહી દેખાતા નગર તરફ અમો બંનેનું પ્રયાણ થાઓ. એટલે આ આસન ઉડતાની સાથે તેમાં બેઠેલાં બંને જણુ તે સાથેજ ઉડયાં. અને થોડીવારમાં તો તે શહેરના પાદરે એક ભવ્ય દેખાવનું આકાશ સાથે વાદ કરતા ઉંચા શિખરવાળું એક શિવાલય તેમની નજરે આવ્યું. તે દેવળના શિખર ઉપર એક ઉંચો ધ્વજ દંડ અને એક પવન પાવડી દેવળના મહદ્પણા અર્થે જોડેલાં હતાં. તે પવનપાવડી એક

માંણુસ બેસી શકે તેવી હતી. તેના ઉપર આ કન્યાને બેસાડી, ત્યાંથી પોતે એકલો જલદીથી ગમન કરી ગયો. આ રાત્રે એ દેવળમાં ઉત્સવ નિમિત્ત ઘણા લોકો એકઠા મળેલા હતા. તેઓ સાંભળે તેમ આકાશમાં રહી આ રાજકુંવર યોગી વેષે હતો તે બોલ્યો:- " અહો? આ શેહેરના રહેવાસીઓ, આજ તમારા શેહેર ઉપર એક અણધારી ગ્રહદશા થોડા વખતમાં પડનાર છે. તેથી જે શેહેરમાંથી પોતાના ઘરબાર છોડી આ દેવળના ચોક અને તેની હદમાં આવી એકવાર દર્શન કરી કૃતાર્થ થશે, તેઓની વિપત્તિ દૂર થશે; નહિતો થોડીજવારમાં અહીંથી તમારી ગ્રહદશા મૂર્તિરૂપ થઇ પડશે. તે તમે જોશો. આ વિસ્મયકારક આકાશ વાણી સાંભળી લોકો વિસ્મય થવા લાગ્યા, અને શેહેરમાં એ વાત પસરી. થોડીવારમાં હજારો લોક અહીં ભેગું થયું.

શેહેરના મોટા મોટા અધિકારી અને રાજા સુધ્ધાં અહીં આવી પહોંચ્યા. એટલામાં તો પેલી કન્યા આ દેવળ ના શિખર દંડની પાટલી ઉપર બેઠેલી હોવાથી પવનના સપાટાથી રહી શકી નહિ. તેથી ધીરજ છોડી કૈલાસ દર્શનની અભિલાષા તજી બૂમ પાડવા લાગી કે :-હું કોઇ ગ્રહદશાથી ઘેરાયલી વિપત્તિમાં ઝોકાં ખાતી પડું છું, પડું છું ? અને આ પડી ! મને કોઈ ગૃહણ કરો ! ઝીલીલ્યો ! ઉતારો ! આ વિસ્મયકારક અવાજ સાંભળી લોકો પ્રથમની આકાશ વાણીથી ચમકી રહયા હતા અને તેમાં આ બીજો શબ્દ તેને પુષ્ટિકારક સાંભળ્યો તેથી ઘણા ભયભીત થયા. પણ બે ત્રણવાર તે અવાજ સાંભળી દેવાલયના શિખર તરફ સર્વે એકજ દષ્ટિએ જોવા-લાગ્યા , તો સાક્ષાત્ એક વિપત્તિ જેવી મૂર્તિમાન વસ્તુ તેમની નજરે પડી. આ જોઈ લોકો તો ધીરજ છોડી નાસવા લાગ્યા. પણ આકાશ વાણીથી-જણાયું હતું તેથી જેઓ હિમતવાન હતા તેઓ તેના તરફ જોઈ રહયા. તો તે સ્ત્રી દયામણે મોંએ આર્ત સ્વરથી આશ્રય માગતી માગતી કહેવા લાગી કે:-મારાથી તમો ભય પામશો નહિ. હું એક માનવી છું. અને મને તમે-નીચે ઉતારો, એટલે હું તમને મારી હકિકત વિદિત કરીશ. એમ કહેવાથી એક બે હિંમતવાન પુરૂષો એ દેવળપરના શિખર ઉપર ચઢી તેને નીચે ઉતારી. એટલામાં આ રાજપુત્રે પણ આકાશમાર્ગેથી મનમાં પેલા દંડને ઉદ્દેશી આજ્ઞા કરી કે:—આ સ્ત્રીએ પહેરેલા મૃગચર્મ ઉપરની એની કટિમેખલા નાગ બંધનરૂપ થઇ જાઓ. તરતજ તેની કેડે વિંટાયેલો એક નાગ નજરે આવ્યો. એટલા બંધનથી વસ્ત્ર પરિધાન દેખાતુ હતું. વળી તેણે દંડને

આજ્ઞા કરી કેઃ—તું ગરૂડ રૂપ ધારણ કર, અને મને વિષ્ણુ રૂપ આપ. એવા શબ્દ બોલતાની સાથે તે સાક્ષાત્ વિષ્ણુરૂપ થઈ ગયો પછી તે ગરૂડ પર સ્વારી કરી વીજળીના સમાન વેગથી નીચે ઉતરી સર્વેની મધ્યમાં વિસ્મય પમાડતો આવી ઉભો. પેલી કન્યાને કેડે બંધાયેલો નાગ જેના આધારે મૃગ ચર્મનું વસ્ત્ર રહેલું હતું તે આ ગરૂડને દેખી ભયને લીધે પલાયન કરી ગયો. તેથી તેનું વસ્ત્ર એકદમ કેડેથી જમીન પર પડી ગયું અને તે તદન નગ્ન થઇ ગઈ. એથી કરી તે મહા શરમ પામી ગઇ. અને વસ્ત્ર પકડવાના અસ્વસ્થપણાને લીધે પોતાની આંખે હાથ દઇ લજ્જાને નિવારતી હોય તે પ્રમાણે તેણે કીધું. આ તેના વિચિત્ર સ્વરૂપ અને તેની સાથે તે વસ્ત્ર રહિત હોવાને લીધે એક રાક્ષસી જેવી ભયાનક તે દેખાવા લાગી. તેને જોઇ લોકો નાસવા લાગ્યા. આ રાજકુંવર આ સમયનો લાગ જોઇ પેલી કન્યાને કહેવા લાગ્યો, કેઃ—જેવો પેલા બ્રાહ્મણના કુમારનો તેલ સિંદુર લગાવી તેં વાંદર જેવો વેષ ભજવ્યો હતો તેથી આ તારો વેશ સારો ભજયો છે કે કાંઇ અધુરૂં છે? જો બાકી હોય તો અહીં અજમાયશ થાય. આ સાંભળી પેલી ધૂર્ત કન્યા તો અજાયબ પામી વિચાર કરવા લાગીઃ—અહો! આ પુરૂષ કોઈ ધૂર્ત શિરોમણિ તેમજ મહચ્ચરિત્રવાન્ નિવડ્યો છે. તેના અદ્ભુત ખેલની પરિસીમા છે. તે પ્રમાણે વિચારી તેને બે હાથ જોડી તે કહેવા લાગી કેઃ—ક્ષમા કરો. હદ થઇ છે. તમે સર્વ રીતે જીત્યા છો. અમે હજાર વશા હાર્યાં. છીયે. અને અબળાની લાજ રાખો. એમ કહ્યું એટલે તેણે પોતાની પાસે તેનું મૂળ પહેરેલું વસ્ત્ર રાખ્યુ હતું તે તેને આપ્યુ. પછી તે વિષ્ણુ રૂપ ગરૂડ સહ વિસર્જન કરી લોકોને મધુર વચનથી હાંક મારી કહેવા લાગ્યો કેઃ—તમો નાસશો મા. ભય પામશો નહિ. આ બાળાની તમે હકિકત સાંભળશો એટલે તમને ખરી વાત જણાયા વગર રહેશે નહિ. આ શબ્દોથી લોકો તે ઠેકાણે પાછા આવ્યા. અને આ કન્યા અને રાજકુંવર, જ્યાં તે નગરનો રાજા જે હાલ અહીં દેવના દર્શન નિમિત્તે આવેલો હતો, તેની સમક્ષ જઇ ઉભાં. ત્યાં પોતાની સઘળી હકિકત આ રાજકુંવરે કહી બતાવી. તેથી બધા વિસ્મય પામ્યા. અને કન્યાને તેનો બરોબર બદલો મળ્યો છે એમ ન્યાયથી ઠર્યું. પછી આ રાજાએ પેલા બ્રાહ્મણ કુમાર તથા તેની પેલી ધૂર્ત સ્ત્રી એ બન્નેને જે ઠેકાણે નિવાસ કરી રહ્યાં

હતાં ત્યાંથી બોલાવી મંગાવ્યાં. તેમજ તે બન્ને કન્યાઓના માતાપિતા અને કુટુંબીયોને પણ તેમના શેહેરેથી બોલાવી મંગાવ્યાં. તેમના સમક્ષ આ બે ધૂર્ત કન્યાઓનું લગ્ન એ બ્રાહ્મણ કુમાર સાથે કરાવ્યું. અને તેમની મોટી મિલ્કત પણ એ કન્યા અને તેનો પતિ ભોગવે એવું ઠરાવ્યું પછી રાજ્ય તરફથી પણ કેટલુંક ધન આપી તેમને વિદાય કીધાં.

હવે આ રાજપુત્ર શશિવર્માએ પણ પેલા બ્રાહ્મણ કુમારને તેમજ પેલી બે કન્યાઓને મળી સર્વેને સારી શિખામણ આપી, એક એકના પ્રેમમાં મગ્ન રહીને અનેક વૈભવ સુખ ભોગવો એવો આશિર્વાદ આપ્યો પછી પોતાની પાસે જે દંડ છત્રી અને પાત્ર હતું તેઓને નમન કરી કહેવા લાગ્યો કેઃ—આપ દિવ્ય શકિત ધારણ કરનાર દિવ્ય કલ્પતરૂ છો. તે મારા જેવા એક મનુષ્યની પાસે રહેવાથી કેવળ સ્વાર્થને અર્થે તેણે તમારો ઉપયોગ કીધો છે પણ દેવતાઓને વા તેના ઈષ્ટને સંતોષ આપવા જેવું કાંઈ તેનાથી થયું નથી. વિભૂતિ છતાં જો કાંઈ પરમાર્થ ન થયું તો તે નષ્ટ થયા પછી એ કૃપણ મનુષ્ય હાય હાય શિવાય બીજું શું કરવાનો હતો ? તમો પહેલાં જેની પાસે હતાં તેણે તમારો સારે માર્ગે ઉપયોગ ન કીધો તેથી તેની દશા કેવી થઈ તે મેં જાણ્યુંજ છે. માટે હું તમને નમન કરી વરદાન માગું છું કેઃ—તમારી વિભૂતિ હવેથી જગતના કલ્યાણને અર્થે અને સાધુ પુરૂષોના હિતને અર્થે ફળીભૂત થાઓ. પૃથ્વી ઉપર રત્નોના ભંડારની ઉત્પત્તિ કરો. અને મેઘની યથાકાળે વૃષ્ટિ વરસાવો. ધાન્યનો મોટો વિસ્તાર કરો. પ્રજાના રોગ કલેશ હરણ કરો અને સર્વની સંપત્તિમાં વધારો કરો. સંપ વધારો. સર્વ રીતે પ્રજા માત્રને ઇચ્છીત સુખોની પ્રાપ્તિ આપો. અને આજથી મારા હસ્તકમાંથી તમે પ્રજાના હિતને અર્થે આકાશમાં જઇ તમારો નિવાસ કરો. મારા એકલાના સ્વાર્થનું કાંઇ ના થાઓ. જાઓ. તમને મારાં સઘળાં કામ પરવારી મેં સ્વતંત્રતા આપી છે, અને તમારી યોજના પરમાર્થમાં કીધી છે. આ રાજપુત્રની ઉદારતાનાં વખાણ કરી, તેની પરોપકાર બુદ્ધિને પૂજ્ય માની, એ રાજપુત્રની આજ્ઞા થવાથી તેજ વખતથી જગતના કલ્યાણ અર્થે મનુષ્યના સુખ વૈભવ અને શાન્તિનાં સાધનો રૂપે સ્વર્ગ મૃત્યુ અને પાતાળ, ભૂત ભવિષ્ય અને વર્તમાન, ઉત્પત્તિ સ્થિતિ અને લય, બ્રહ્મા વિષ્ણુ અને મહેશ, એવા અનુક્રમે એ ત્રણ શકિતઓ ત્રણ ભાગે વેહેં-

ચાઇને જગત્‌નું કલ્યાણ કરવા લાગી, જગતની સુખરૂપ અનેક વસ્તુ-ઓમાં પણ એજ શકિતઓ પ્રવર્તી રહી. સર્વ વસ્તુઓને એજ વસાવે છે. એમ સદાકાળ થાય છે. એનો હેતુ તે આ શકિતઓને જગતના કલ્યાણ માટે સ્વતંત્ર મૂકતાં રાજપુત્રે માગેલું વરદાન એજ છે. એજ ત્રણ શકિતઓ વસ્તુ માત્રમાં રહીને પ્રાણી માત્રનું સર્વ લોકમાં સર્વકાળમાં અંતર્ગત રહી પાલનપોષણ અને સુખનાં સાધનો પુરાં પાડે છે. એ ત્રણ શકિતઓ તે શું હતી? દંડ એ શંકરની વિભૂતિ હતી. છત્ર એ વિષ્ણુની વિભૂતિ હતી. અને પાત્ર એ બ્રહ્માની વિભૂતિ હતી. અને તેના પ્રતાપ પણ તેવાજ હતા. પાત્રમાં કરેલા સંકલ્પવડે વસ્તુ માત્રની ઉત્પત્તિ, છત્ર-વડે સર્વનું પોષણ અને વૃદ્ધિ, અને દંડવડે સર્વનું નિયમિતપણે ચલન તે નિયમવડે સર્વ વ્યવહાર તથા ગ્રહોની ગતિ હજુ પણ ચાલ્યાં કરેછે. આ શકિતઓનું પ્રમાણ બતાવવાને અને તેનું વિવેચન કરવાને પુસ્તકનાં પુસ્તક લખાયનો પણ પૂરૂં થઈ શકે નહિ એટલે ટુંકામાંજ સમાધાન કરી આ રાજ-પુત્રના વર્તન તરફ નજર કરીએ. એમ કહી વીરભદ્ર પૃથિરાજને કહેવા લાગ્યો કેઃ—આ મેહમયી વ્યવહાર પ્રપંચમાં અનિત્ય સુખને અર્થે કેવા કેવા દુર્ઘટ પ્રપંચો રચીને ખળ પુરૂષો ભોળા માણસોને ઢોંગથી કપટ જાળ પાથરી ઠગે છે. પણ તેનું પરિણામ તેઓ કેવા પ્રકારે ભોગવે છે એ આ દાખલાથી તમે જાણી લીધું છે. તેમ ઉદાર પુરૂષોનો મહાનુભાવ પણ આ રાજપુત્ર શશિવર્માના ચરિત્ર ઉપરથી જણાયા વગર રહેતો નથી.

પ્રકરણ ૭ મું.

દોહરો.

ક્રિયાબીજ કાળાંતરે, અવશ્ય ફળે અભંગ;
સગર રાય બી રોપીયું, ભગીરથ લાવ્યો ગંગ.
એમ ચરાચર વિશ્વમાં, સત સંગત કુસંગ;
સંચિત કર્મ વિરંચીથી, ટળે ન ભાવી પ્રસંગ.

વીરભદ્ર—રાજપુત્ર શશિવર્મા કૃપણ ખેદ પિશાચનું હિતકાર્ય કરીને ત્યાંથી પોતાને પંથે પળ્યો. જાવા બેટથી કેટલેક અંતરે આવેલા ઘણા વિસ્તારવાળા એક વનમાં તે ચાલતો હતો. આ પ્રદેશ ચોતરફ પર્વતોની ઊંચી કડણોથી ગગનમંડળ સુધી ઘેરાએલો, પવનના આઘાતથી ગાજી

રહેલો, પર્વતોની તળેટીનો ભાગ હતો. સુંદર આમ્ર પલ્લવો અને નવ પલ્લવ વેલીઓની લતાઓ વડે તથા સુપુષ્પ કળિ ખીલી રહેલી તેથી, સુગંધમય મરૂત્ મંદમંદ પ્રસરતો હોવાથી આ વનનો પ્રદેશ આનંદ ઉપજાવતો હતો. આ પ્રદેશ જોઇને કોઈપણ મુસાફરના મનની આધિ—વ્યાધિ ઉપાધિ ટળી જતી હતી. સુંદર લીલોતરી તથા ઘાસથી આ વન-ભૂમિ લીલારંગનો પોશાક સજીને પરિચયવાળાં મૃગ વાનર આદિ પશુ-ઓનાં ટોળાંઓ તથા શુક શારિકા કોકિલાદિ પક્ષીઓની સાથે જાણે બાળ-ભાવે કેલ કરતી હોય એવી રીતે તે જોનારને સહજ સ્નેહ ઉત્પન્ન કરતી હતી. જે પ્રમાણે બાલકો નિરદોષ ક્રિડા કરતાં બીજાઓને આનંદ આપે છે, તે પ્રમાણે આ વનપ્રદેશ નિર્ભય નિષ્કંટક તેમજ સુકોમળતાથી પો-તાના વિહારવડે કરીને સ્વાભાવિક શાન્તિ પ્રસારી અતિથિ પંથીઓને આલ્હાદ આપનાર હતો, આ વનપ્રદેશને જોતો જોતો રાજપુત્ર શશિવર્મા ચાલતો હતો. તે મજલ કરવાના પરિશ્રમથી તર્ષાતુર થયો, તેથી અહીં ક્યાંઈ પાણી મળી શકશે એમ વિચારીને પાણીના ઘાટને તે ચારે તરફ નજર કરી તપાસવા લાગ્યો, પણ તેને તે ક્યાંઇ જણાયો નહિ. કેટલેક અંતરે તેને એક પર્વતની શિલા બખોલમાં છાયાવાળો રમણ્ય દેખાવ નજરે પડ્યો. તે જોતો જોતો ત્યાં ગયો તો ત્યાં જંગલમાં વસનાર ગો-વાળ બાલકો રમતાં જણાયાં. તેમની પાસે જઇ પાણીના ઘાટ વિષે તે પૂછવા લાગ્યો. તેઓએ ઉત્તર આપ્યો કેઃ—અહીં કોઇ પાણીનો ઘાટ નથી. ત્યારે રાજપુત્રે પૂછ્યું:—આ વનપ્રદેશ આવો લીલો નવપલ્લવ તેમજ નવાંકુર ઘાસથી લીલોછમ કેવી રીતે રહ્યો છે? ગોવાળ બાળકોએ જણાવ્યું કેઃ—આ પ્રદેશમાં અનેક હરણો વસે છે. તેમાં એક હરણ એવું અલૌકિક છે કે એના શૃંગમાંથી હમેશાં પાણીનો પ્રવાહ પર્વતમાંથી ઝરતા ઝરાની માફક વહ્યાં કરેછે. અને તે આખા દિવસ રાત્રિમાં આ વનભૂમિ ઉપર હમેસાં ફરી વળે છે. તેના શૃંગ પ્રવાહથી વનની ભૂમિ ભીંજાઇને આ પ્રમાણે લીલોતરી ધારણ કરે છે. એ હરણ હગણાંજ અહીંથી આ પશ્ચિમ દિશા તરફ ગયુ છે. એટલામાં એક ગોવાળ બાળ એ તરફ જોતો હતો તે બોલ્યો કેઃ—ઓ જાય પેલું રહ્યું. રાજપુત્રની દૃષ્ટિએ એ પડ્યું. આ અદ્ભુત બનાવ નિહાળી રાજપુત્ર આશ્ચર્ય પામીને એ હરણ પછવાડે પળ્યો. થોડીવારમાં તે તેની લગભગ જઇ પહોંચ્યો. માણસ નજીક

આવતું જોઇ હરણ પોતાના સ્વભાવે ચંચળ હોવાને લીધે પલાયન કરવા લાગ્યું. રાજપુત્ર પણ તેની પાછળ પડ્યો. દોડતા હરણને પકડવા અહીં તેની પાસે બીજું શું સાધન હોય ! પણ હરણનો સ્વભાવ એવો હોય છે કે તે દોડે છે. વળી છેટે જઈને ઉભું રહે છે, ને માણસનો પગરવ સાંભળતું ને જોતું ચિકિત્સા કરે છે. એ પ્રમાણે હરણ જોતું ને દોડતું ઉભુ રહેતું ને ફરી દોડતું એથી કરીને રાજપુત્રને હાથ લાગતી કહેણી પ્રમાણે યાદ આવ્યું કે:—" ગળામાં ગાતું પણ ઉલટ વિના આવે નહિ, ખોળામાં ખાવું પણ ભુખ વિના ભાવે નહિ." અહીં યંત્રઆદિ બીજા સાધનને અભાવે પોતાના સુકંઠે મધુર રાગ તેણે આલાપ્યો. દોડતું હરણ કાને રાગધ્વનિ સંભળાયાથી એક પર્વતના ગુહાદ્વાર આગળ જઇ થોભ્યુ. રાજપુત્ર જલદી ત્યાં જઈ પહોચ્યો. રાગ આલાપ જરા બંધ થવાથી વળી તે ગુહામાં પ્રવેશ કરી પલાયન કરવા લાગ્યું. રાજપુત્રે પણ તેની પાછળ ગુહામાં પ્રવેશ કીધો. આ ગુહા પસાર કરી જતાં જોયુ તો એક અતિ રમણ્ય મુનિનો આશ્રમ અને તેમાં બગીચો અને બાજુનો સઘળો રમણીક પ્રદેશ થોડેક દૂરથી તેને દેખાયો. ત્યાંથી સારસ પંખીઓનો અવાજ સંભળાયો. રાજપુત્રે વિચાર કર્યો કે અદ્દભુત વિધિની આતો બલિહારી ! એક પંથમાં બીજું કાર્ય ! વિધિની ગહન ગતિ છે. એ પ્રમાણે અનુભવતો હરણની પુઠે તે પળે છે. વળી આ આશ્રમ નજીક જઇ પહોચતાં હરણ થોભ્યું. એટલે તે પોતાના રાગને આલાપવા લાગ્યો. હરણ તલ્લીન થઇ શ્રવણ કરતું હતું. માણસનો ભય જાણે બીલકુલ ટળી ગયો હોય તેમ તે લીન થઇ ગયેલું હોવાથી હળવે હળવે વૃક્ષોને ઓથે છુપાતો હરણની નજદીક જઇ કૂદકો મારીને તેના શ્રવતા શૃંગને તેણે પકડી લીધું. અચિન્તા ભયને લીધે હરણ બળ કરીને નાસવા જતાં મજબુતીથી પકડેલું શૃંગ ભાગ્યું. તે સાથે હરણનો શૃંગ પ્રવાહ બંધ પડવાની સાથે હરણ મૂર્છા ખાઈ જમીન ઉપર પડ્યું. પડતાની સાથે હરણ ફીટીને ને તે એક દેવાંગના અપ્સરા બનીને ઉભી. પોતાને અતિ વિનયથી ઉપકારી સહોદર કહી, ધન્યધન્ય ભૂભાર્ગવ, આર્ય મહાશય, કલ્યાણ ભવ, આ પ્રમાણે બોલતી દેવાંગનાને નિહાલી તે રાજપુત્રે આ વિચિત્ર બનાવથી સાનંદાશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો કે:— અહો ભગવતિ, આ અદ્દભૂત બનાવ તે શું ! આપ કોણ છો, અને આનો હેતુ શો ? એ જાણવાને હું તર્ષાતુર છું. અપસરા એટલુંજ બોલી કે:—આવો. પ્રસ-

અનુસાર આપને બધું વિદિત કરવામાં આવશે. એમ કહીને મુનિ આશ્રમમાં બગીચા મહી તે પ્રવેશ કરી અંતર્ધાન થઇ ગઈ. ક્યાં ગઇ તે જણાયું નહિ. વળી આ દેવાંગનાને પગલેપગલે રાજપુત્ર શશિવર્મા ચાલ્યો.

અહીં આ કાળે કામદેવની સેનાનો નાયક, મલયગિરિના ચારૂ પ્રદેશમાં ઉગેલા વૃક્ષોમાં વસનારા સર્પોએ મધુ પીવાથી બાકી રહેલા હરિચંદનના સુગંધને વહન કરવાને લીધે ધીમી ગતિ થએલી છે જેની, એવા દક્ષિણ દિશાના મંદ પવનને લીધે, પોતાની પ્રાણ પ્રીયામાં નિવાસ કરી રહેલું છે મન જેનું, એવા વિરહી પુરૂષોના હૃદયમાં રહેલા કામાગ્નિને પ્રદીપ્ત કરતો, અને આમ્ર પલ્લવની કોમળ કુંપલીયોનો રસ પીવાથી મત્ત થયેલા ભ્રમર તથા કોકિલોના સુકંઠિત મધુર શબ્દોથી સર્વ દિશાઓને ગજાવતો, સ્ત્રીયોને અતિ ઉત્કંઠિત કરતો, આંબ કદંબ બકુલ ચંપા અશોક પલાસ બપોરીયા અને ચંદન આદિ વૃક્ષોમાં તેમજ ગુલાબ મોતીઓ માલતીઆદિ ગુચ્છલતાઓમાં કુસુમ કલિયોને ઉત્પન્ન કરતો, તથા શંકરના કોપાનળમાંથી ઉમીયા એ બચાવેલા કામદેવના ઉત્સવ માટે રસિક જનોના મનને આલ્હાદ આપતો પવન સાથે વસંત ઋતુને આગળથી આ આશ્રમમાં પ્રવેશ કરાવીને જાણે પોતે અનુસરણ કરતો હોય તે પ્રમાણે એ રાજપુત્ર ચાલ્યો. આ વસંત સમયમાં અહીં આ ઉદ્યાનમાં મુનિ કુમારિકાઓની સાથમાં અન્યોઅન્ય પ્રિય સખીઓની મધ્યમાં એક નવ યૌવન ખીલતી કુસુમકળિ સરખી બાળા રમવાની ઈચ્છાથી આમ્ર વૃક્ષની છાયાએ શીતળ થએલી રેતીના પુલિંગ ઉપર ગંધ ચંદન અક્ષત અને અતિ બારીક રેશમી વસ્ત્ર તથા બીજા સુગંધી પદાર્થો વડે કામની પૂજા કર્યા પછી રમવા લાગી. આ વખતે આ અતિ મનોહર સુંદરીની મદના ભિલાષી ક્રીડા જોવા સારૂ જાણે વસંતની સાથે આવેલા અનંગની પેઠે પુષ્પોદ્ભવની જોડે રાજપુત્ર શશિવર્મા તે બાગમાં આવ્યો, અને ચારે ગમથી પ્રસરતા મલયાચળના પવનને લીધે ડોલતી આંબાની ડાળીયોનાં કોમળ પાત્રોને કરડતાં ડાળીયો પર બેઠેલાં કોયલ કિર, ભ્રમર આદિ પક્ષીયોના મધુર શબ્દો સાંભળવા લાગ્યો. પ્રફુલ્લિત થએલાં રાતાં શ્યામ તથા સ્વેત કમળો ઉપર વિહાર કરવા બેઠેલાં કલહંસ ચક્રવાક સારસ આદિ બીજાં અનેક પક્ષીયોના મધુર સ્વરથી શબ્દાયમાન થએલા નિર્મળ જળથી ભરેલા ઉદ્યાન માંહેલા સરોવરની શોભા જોતો જોતો તે સ્ત્રી સમુદાયની નજદીક ગયો. નક્ષત્ર

મંડળમાં શોભતી ચંદ્રિકાઓમાં રોહિણી તેમ આ અતિ સુકુમાર બાળ ચંદ્રિકાઓના મધ્યમાં ઉભેલી મુનિના મઠમાં આ કોઇ રાજ્યકુમારિકા આવેલી હોવી જોઇએ, એવું અનુમાન કરીને તેઓની ક્રીડાને જોતો એ સન્મુખ જવા લાગ્યો. પોતાના તરફ આ કોઇ દેવાંશી પુરૂષ આવતો જાણી લેઇ એ રાજકુમારિકાની પાસે ઉભેલી એક તરૂણ બાળાએ છેટેથી આંગળીની ઇશારત કરી કે:—અહીં આવો. તેથી રાજપુત્ર શશિવર્મા તુરત તેઓના વર્તનને માન આપી તેમની પાસે ગયો. એ રાજકુમારી છે એવાં તેનાં ચિન્હો તેને દેખાયાં, આ વખતે એ મનોહર સુદરી જાણે વસંતની સહાયતાથી અનંગે પોતાની સ્ત્રીને રંજન કરવા માટે બનાવેલી પુતળી હોય એવી તે દેખાતી હતી. તેના ચરણ દ્રય ક્રીડા સરોવરના જાણે મૃણાલ દંડ જેવા શોભાયમાન દેખાતા હતા. તેની ચાલ ઉપવનની વાપિકામાં વસનારી મત્ત બનેલી હંસિનીની સરખી હતી. યોગિઓના મનોરથનો નાશ કરનાર વિજયરથ રૂપી ઘણાજ પુષ્ટ તે સ્ત્રીના જઘન હતા. સર્વ કર્મોનો નાશ કરનાર સન્યાસીયોના તપનો ભંગ કરનાર ક્રીડા મંદિરના આંગણામાં રોપેલા કેળ સ્તંભ અધોમુખે રહેલા હોય તેવા તેના ઉરૂસ્થંભ શોભતા હતા. તેની નાભિ જરા વિકાશ પામતાં રક્ત અરવિંદો-ની કળિના મધ્ય ભાગ જેવી રતાશ વાળી અને જળ પ્રવાહથી સરિતાના સંગમમાંથી થતી ઘુમરીના જેવી હતી, તેની ત્રીવલ્લી પગથીઆના આકારે અંકિત થઇ રહેલી હતી. તેની રોમરાજી રેશમી તામરીન હરિના સમાન કોમળ હતી. તેનાં ચક્રવાકને અનુસરતાં બેસ્તન નાના સુવર્ણ કળશ સમાન દેખાતાં હતાં. તેના બાહુ યુગલ કરિણીની સુંઢ સમાન દેખાતા હતા. તેનો કંઠ પ્રદેશ કંબુકના સમાન શોભતો હતો. રસિક પુરૂષોના હૃદયને ઘાયલ કરવામાં આસિરૂપ પ્રવાસે તેના ઓષ્ટનો આશ્રય લીધો હતો. રતિપતિના ધનુષ્યનું આચરણ કરનારા પુષ્પ સમાન તેનું હાસ્ય હતું. કોકિલના મધુર શબ્દ સમાન તેની વાણી ચિત્તને આકર્ષણ કરનારી હતી. તેના મુખના પવનની સુગંધ મલય વાયુના સરખી હતી. ભ્રકુટી કામદેવના ધનુષ જેવી વાંકી હતી. જય દ્રજનું અનુકરણ કરનાર ચપળતા ધરાવનાર મત્સ્ય પોતાની સ્ત્રી સહિત નેત્રમાં રહેલો હોય એવાં તેનાં નેત્ર જણાતાં હતાં. તેનું કેશપાસથીવીંટાએલું મુખકમલ, અભ્રઘટાથી વિંટાએલ શશિ કીંવા ભ્રમર પંક્તિથી વેષ્ટીત કમલ સમ દીસતું હતું. કમળને પરાભવ પમાડનાર

અને કુમુદને આલ્હાદિત કરનાર પ્રીતિને પાત્ર ચંદ્રમાએ તેના મુખમાં વાસ કર્યો હતો તેથી તેની સર્વાંગ શોભા જોઇને ક્રોધથિ રક્ત નયન વાળા શંકરના ભયથી બિનેલો કામદેવ આ સ્ત્રી દોષ રહિત છે એમ જાણીને તેના શરીરમાં વાસ કરી રહેલો હતો, અને તેથી તેના હથિઆર રૂપ પુષ્પો આ સુકુમારીના ઇતર અંગને વિષે નિવાસ કરી રહેલાં હતાં આવી અતિ ખુબસુરત સ્ત્રી તમામ પુષ્પરસથી અને કસ્તુરી સાથે મેળવેલા ચંદન રસથી નાહીને જાણે શરીરે કર્પુરનો લેપ કર્યો હોય તેવી શોભતી હતી. મૂર્તિમાન રતિસમાન રૂપવાલી આ કન્યા પ્રસન્ન થએલા અને તેના ઇચ્છિત વર પ્રદાનને માટે આવેલા રતિવર સરખા આ રાજકુમારને જોઇને મંદપવનને લીધે હાલતી લતાની માફક કામાતુર થઇ ધ્રુજવા લાગી, અને ચાલતી ક્રીડા બંધ કરીને કેટલાએક હાવભાવ બતાવવા લાગી. એકદમ બાલભાવ તજીને વિવેક મર્યાદા અને મનહરણ કરવાની આવી પ્રેરણા તેને કોણે શીખવી એ બાબત બીજી બાળાઓને કંઇ સમજ પડી નહિ. પણ આ સૌજન્યશાળી કુમારિકાના ચરિત્ર ઉપરથી એટલું તો સિદ્ધ થશે કે મન્મથે પ્રેરેલી લાગણીને આધિન થએલાં મનુષ્યોને એ દેહ વિનાનો કામદેવ અંતર્ગત રહીને એ બધું શીખવેજ છે. રાજપુત્ર શશિવર્મા પણ આને જોઈ વિચાર કરવા લાગ્યો કેઃ—બ્રહ્માએ આને વેલી વિહાર ન્યાયની પેઠે નીર્માણ કીધેલી હોવી જોઇએ. નહિતો બીજી પરિચયવાળી સખીઓના તેમજ ઇષ્ટજનોમાં એમનો પરસ્પર પ્રેમનો સંબંધ અળગો થઇ શકે નહિ એવો હોય છે, છતાં પણ ઓળખાણ વિનાના અનાયાસે મળેલાં મનુષ્યોને પરસ્પર પોતપોતાના અંતઃકરણમાં વસવાની જગ્યા કેમ મળતી હશે ! એ પણ પૂર્વ સંબંધનું આધીક્ય પ્રબળપણું છે એમ માનવું જોઇએ. આવી રીતે તે વિચાર કરતો હતો એટલામાં તે સુમધ્યમ કુમારી તેની સન્મુખ આવતાં શરમાઈ જવાથી પોતાની સખીના શરીર જોડે લપેટાઇ જઈને મૃગ સમાન કટાક્ષથી આ અતિરૂપવાન રાજકુમારના પ્રતિ જોવા લાગી. એ રાજકુમાર પણ આ મૃગાક્ષિને જોઇ પરતંત્ર થયો, પોતાનું અંતઃકરણ એ સુકુમારીને અર્પણ કરી ચુકયો. તે બોલ્યો.

ઉપેંદ્ર વજ્ર.

મૃગાક્ષિ બાળા શુભકામ માળા, કાળા સુવાળા શીર કેશ ભાસે
અંગોક્તિ જાણે શુભ હેમવલ્લિ, મૂખ ચંદ્ર વિલસિત વાણી વિલાસે;

મૂખ ચંદ્ર બિંબે મિન યુગ્મ રાજે, યુગ્મે મિને પંચ બાણ:પ્રસારે.
(એ) બાણે વિધાયુ મુજ મન ધારો, સ્નેહાભિલાષી હું છું તમારો. ૧
દૃષ્ટિ કટાક્ષે મુજ મન હેર્યું, અર્પ્યું વપુ આ શુદ્ધ પ્રેમ પ્રેર્યું,
ફરજો કરારે ઉપયોગ એનો, ઇષ્ટે અનિષ્ટે મન ચાહ્ય તેવો;
યોગે વિયોગે સમદૃષ્ટિ ભાવે, વર્તો વરાંગે તમને સોહાવે,
ભારે ભરોંસો અમને તમારો, સ્નેહા ભિલાષી હું છું તમારો. ૨
રાગે પરાગે ભ્રંગે તરંગે, કંજે વિકાસે ભ્રમરો ભિલાષે,
રસ પુર્ણ પ્રાસે શુભ મિત્ર યોગે, દિનમૂખ દિસે દિનકર વિયોગે;
પાત્રે વસેલી પ્રીતિ વ્રજેના, સંધ્યા સમયમાં શ્રધા તજેના
આસા અમર એ ધારો અમારો, સ્નેહાભિલાષી હું છું તમારો. ૩
ઉમદા ભૂમિપર પ્રમદા નિવાસો, ઉમદા અવાસો ઉમદા ખવાસો,
ઉમદા વિહારો ઉમદા વિચારો, ઉમરાવજાદી દીલદાર દારો;
વહાલાં રસાળાં ગુણ મર્મવાળાં, વાક્યો સુધામય લાગે તમારાં,
શૌજન્યશાળી કન્યાકુમારી, સ્નેહાભિલાષી હું છું તમારો. ૪

આવાં તેનાં પ્રેમપૂર્ણ વચન સાંભળી આ બાળા મનમાં વિચાર કરવા લાગી કે:—આ રાજકુમાર ઘણોજ ખુબ સુરત છે. આહા ! આ કુમારના મુખ દર્શનનો લાભ કઈ ભાગ્યશાળી સ્ત્રી ભોગવતી હશે ? તેમજ પુત્રવતી સ્ત્રીઓમાં પુન્યશાળી એવી કઈ માતાએ આમને જન્મ આપી શ્રીમંતોત્સવનો લાભ લીધો હશે, તથા વાત્સલ્ય પ્રેમથી અંત્યત હિત સાધીને અતિ લાડથી ઉચ્છંગમાં લેઈ પોતાના કોડ પુરા કીધા હશે ? આમની સ્ત્રીનું નામ શું હશે ? અને આમને અહી આવવાનું કારણ શું હશે ? કામદેવ પણ પોતાનો મન્મથ નામના ગુણનો ધર્મ બજાવતો હોય તે પ્રમાણે અહીંઆં એ મારા મનને ભમાવે છે. હવે મારાથી શું કરવાથી આમની હકીકતથી વ્રાહિત થવાય ! આવી રીતના અનેક તર્ક વિતર્ક તેના મનમાં આવવા લાગ્યા. આવી તેની સ્થિતિ રીતિ જોઇને પાસે ઉભેલી તેની પ્રિય સખી મૃગાક્ષિ મૃગશિરા એના મનના ધર્મોને જાણી ગઈ, અને સંક્ષેપમાં તે બીજી સખીઓને અન્ય અન્ય વ્યવસાયમાં પ્રેરવા લાગી, તે બોલી કે:—ઉઠો પ્રિય સખીઓ, આપણે આપણી પ્રીતિપાત્ર વસ્તુઓને સંભાળીએ. આપણું કર્તવ્ય કર્મ કરીને પછી અહીં આવી આનંદ—પૂર્વક ગોષ્ટિ કરીએ. ચાલે, આલિ, હું મારી મૃગ બાલને સંભાળવાને પહેલ કરૂંછું.

હરિગીત.

મૃગ બાળને સંભાળવા, કરધારી ઝારી વારીની;
વારી હમારી સાધવા, જઈ ભેઠ લઇએ પ્યારીની. ૧
આ રૂદ્ર દેહા રૂદ્ર તરૂનાં, રૂક્ષ રૂડાં બીજ લે;
પુનર્વશુ જળ સિંચ, માલતીને પછી આરામલે. ૨
અલી પુષ્ય પુરણ પ્રીતથી, ક્રીડા સરોવર પાસ જઈ;
નર મીથુન હંસી હંસને, ખવરાવ્ય તંતુ મૃણાલલઇ. ૩
અશ્લેષ ભાષા બોલનારી, સરળ હૃદયી બાળીકા;
ગુલદાવરી ગુલબાસને જા, સિંચ જઇ ગુલમાલીકા. ૪
પ્યારી મઘા જા જુઇ જાઇ, માલતીને મોગરો;
ચંપા ચમેલીને ગુલાબી, ગુચ્છ લઇ પાછાં ફરો. ૫
પુર્વા પુરંદર પુષ્પ, પારીજાત પારસ પીપળો;
લેજે ઉતારી ફાલ, ગુણીયલ સરસ બીલી કુપળો. ૬
નીજ હસ્ત વીણી લાવ, લીલી દ્રાક્ષ દાડમ કેળને,
સંભાળ આસોપાલ ચીત્રા, ભાળ નુંતન વેલને. ૭
જો સર્વમાં સર્વેશ સ્વાતિ, સુક મેનાં મોરને;
જા વાવમાંથી લાવ્ય, પાણી પાઇ આવ્ય ચકોરને. ૮
તું છોડ એના છોડ, વીશાખા ફળે એ કામના;
તું લે શીતાફળ સાખ, અનુરાધા અવર નહિ કામના. ૯
કરી બાળને સંભાળ, આશ્રમ દ્વારમાં પંપાળ જા;
તું અંબ તરૂની હારમાં, પઈ બાંધ જ્યેષ્ટા બાળજા. ૧૦
તું મુળ સર્વે વૃક્ષ, વેલીનાં તપાસી મુળ જો;
કપુર ભુકાદિ સુગંધીદાર, ખાતર પુરય જો. ૧૧
પાળી કબુતર જોડ તેના, કોડ પુરા પાડય તું;
લે જવાર જઇ ખવરાવ, અંજીર બોર પુર્વાષાડ તું. ૧૨
સખી શેલડી સેતુરને, જળયંત્ર છોડી પાણ દે;
ભાંગી પણે જો પાળ, ઉતરાષાડ ત્યાં જઈ પાણદે. ૧૩
શ્રવણે સુણાવા માટ, તંતુ વાદ્ય સાધી બીનલે;
વાણી મધુરી રાગ કંઠે, સુર સુંદર પીનલે. ૧૪
તું જા ધનેષ્ટા પુષ્પ, સાથે સમીધ લઇને આવજે,

સત તારીકાને સાથ લઇજા, સાથ પાછી લાવજે. ૧૫
જળ લાવ્ય પુર્વા ભાદ્રપદ, તું લેકમંડળ હાથમાં;
જોડે તુંજા અલી ભાદ્રપદ, ઘસી લાવ્ય ચંદન સાથમાં. ૧૬
ઉપંગ નાદે રેવતી તું, સર્વને સમજાવજે;
મેંદી સમારી અશ્વની તું, સર્વ પહેલી આવજે. ૧૭
ભરણી જઇ ભરી લાવ્ય, મોતી થાળ પુરી સાથીએ;
કૃતિકા તું કર તૈયાર, આરતિ આર્ત કર્મો સાધીએ. ૧૮
પ્યારાં સખીબા રોહિણી, નક્ષત્ર મંડળને જુઓ;
ખામી અધુરી પુરી કરી આ, ચંદ્રને નીરખી જુઓ. ૧૯
જોતાં દીલે આરામ પહોંચે, હામ ક્રિડા મોદની;
લેતાં વિશેષણ આમ, તો જેમ ચંદ્રને કુમુદની. ૨૦

આ પ્રમાણે સખીઓને પોતપોતાના કામે લગાડી રાજકુમારી રોહિણીની પ્રિય સખી મૃગશિરા પોતાના પાળેલા મૃગબાળની સંભાળ લેઇ જલદીથી આમની પાસે આવી. રાજપુત્રને ઉદ્દેશી પોતાની સખી રોહિણીને તે કહેવા લાગી કેઃ—પ્રિય સખિ, આ રાજકુમાર તમામ કળા કૌશલ્યમાં ઘણાજ હુશિઆર છે. દેવ ગણ પણ તેમની સાનિધ્ય રહે છે એવા એ મહાશય છે, માટે એમની સેવા કરવી જોઇએ. વિશ્વાસુ સખી મૃગશિરાનાં આવાં મનગમતાં વચન શાંભળીને તે ઘણીજ પ્રસન્ન થઈ અને મંદગંદ પવનથી જેમ જળ તરંગો પેદા થાય તેમ સંકલ્પથી આકુળ વ્યાકુળ થઇને રાજપુત્રને શ્રેષ્ટ આસન આપીને પોતાની સખીના હાથથી ગંધ અક્ષત પુષ્પ ધુપ કર્પુર અને તાંબુળાદિક વડે તેમનું પુજન કરાવ્યું. અને સ્વચ્છ મૃત્તિકાના પાત્રમાં ઠારી રાખેલું શીતળ જળ સુશોભિત પાત્રમાં ભરી એમને નિવેદન કીધું. તે સર્વ વિનય પૂર્વક રાજપુત્રે સ્વીકારી લીધું. જળ પીધું શાન્ત થઈ આ પ્રકારની સર્વ વિધિ જોઇ રાજકુમાર શશિવર્માના મનમાં નિશ્ચય થયો કેઃ—દેવી વિધાતાએ કહેલી. અને નિર્માણ કરેલી આજ મારી પૂર્વ જન્મની સ્ત્રી હોવી જોઈએ. જો એમ ન હોતતો તેના અને મારા મનમાં આવી અપૂર્વ વૃત્તિ ઉત્પન્ન થાયજ નહિ. અનુચિત પાશ્ચિમાત્ય પશ્ચાતાપ કરીને દેહ તજ્યાની વાત કહેવાનો હાલ સમય નથી, પણ સમય મળે કહીશ, ત્યારે પૂર્વના તપ પ્રભાવના સંસ્કારને લીધે પૂર્વની વાત એને યાદ આવશે ખરી. એવો વિચાર કરે છે એટલામાં આ રાજબાળા પોતાની સખીને કહેવા લાગી કેઃ—જો પેલા

ક્રિડા સરોવરના કિનારા ઉપર શુક અને સારિકા વિગ્રહ કરીને લઢે છે. કેમ? તેમાં સારિકા એના પતિનો તિરસ્કાર કરી નાશી જાયછે એવો અવિનય એને કોણે શીખવ્યો? શું અહીંયાં એને આપણામાંથી કોઇએ એવું અસભ્ય શિક્ષણ આપ્યું છે કે? એને અનુકરણ કરવા યોગ્ય એવી કૃતિ જોવાની ક્યાંથી મળી છે કે તે આમ કરતાં શીખી. આ આશ્રમમાં એવો અવિનય થતો આપણે જોયો કે સાંભળ્યો પણ નથી, તેમ પિતાશ્રી વામકર્ણ તો હમેશાં આપણને નિતિનો બોધ આપે છે. અને આપણાં પાળેલ એ પક્ષીઓ છે તો એવું અદ્ભૂત ચરિત્ર આરંભી કલેશ દર્શાવે એ મોટો અવિનય કહેવાય! જા જલદી જઇ તેનું કારણ પૂછ અથવા તેમને અહીં લઈ આવ્ય કે આપણે તેમને પૂછીએ. જલદીથી ઉઠીને તે ક્રીડા સરોવર પાસે ગઇ. આ લાગ જોઇને રાજપુત્રે આ રાજકુમારિકાને વિધાતાના મુખથી પોતે જાણેલી પૂર્વની હકીકત વિદિત કરી એટલે જાણે તેને બધું યાદ આવ્યું હોય એવો અપૂર્વ પ્રેમ ઉત્પન્ન થતાં પોતાની હકીકત તે કહેવાનું કરતી હતી, એટલામાં મૃગશિરા તે શુક સારિકાને લઈ આવી તેમને આમની પાસે ઉભાં રાખ્યાં. એટલે આ બેમાંથી સારિકાને રાજકુમારી રોહિણીએ પાસે બોલાવી અતિ વહાલથી તેના ઉપર હાથ ફેરવતી કુશળ પૂછવા લાગી તેમજ ઝઘડાનું કારણ જાણવા માગ્યું. એટલે પોપટ બોલ્યો કે:—બા, એતો પક્ષપાત! કેમકે એને તમે માનથી પાસે બેસારી હેતથી બોલાવો છો, અને મને અળગો રાખ્યો છે એનું કેમ? રાજકુમારી કહે છે:—લે, ત્યારે તું પણ આમ આવ્ય. એમ કહી પાસે બોલાવી તેના પર મમતાથી હાથ ફેરવ્યો અને પૂર્વ પ્રમાણે ઝઘડાનું કારણ પૂછ્યું. પોપટ કહે છે:—પહેલું એ કહેશે, પછી હું કહીશ. સારિકા કહે છે:—ના, પહેલું એ કહે. જો એમ નહિ તો પછી એ બચાવ ખોળશે. એ સાંભળી પોપટને આજ્ઞા કરી કે:—ત્યારે તું કહે.પોપટ કહેછે:—બા, સાંભળો. અહીં સર્વે સ્નેહથી વસે છે. તેમ પક્ષી જાતિમાં સારસ નરમાદા એક બીજાને અનુસરી વર્તે છે. હંસ નરમાદા કોઈ પ્રકારે કલેશ કરી પોતાનું છિદ્ર બતાવતાં નથી, અને પોતે સ્નેહથી વર્તે છે. મોર પણ ઘણી માનનીઓને પોતાની પાછળ ફેરવે છે, અને તેમને અનુસરીને નૃત્ય કરી આનંદ ભોગવે છે. આશ્રમનો કુકડો પોતાની પત્નીઓને પાંખને ઝપાટે વશ વર્તાવી પોતાને આધીન રાખી શકે છે. પરંતુ મારી જાતિમાં

આવી રીતે માદાઓ માનથી વર્તે છે અને પ્રીતમને માનથી જોય છે. મારે આ એકલી એકજ તેને આપે ગાનથી ફૂલાવી બહેકાવી દીધી છે, તેથી મારી જાતિમાં તે મને તિરસ્કાર કરી હલકો પાડીને મગરૂબીથી વર્તે, એ મારાથી કેમ સહન થઇ શકે ? એજ મારૂ ક્લેશનું કારણ છે. એ સાંભળી સારિકા બોલી કેઃ—બા, ખરૂં કારણતો હુંજ કહીશ. તે એ છે કે જો કે ધર્મ નીતિની મર્યાદા આપે મને શીખવી છે, તે છતાં પણ એમની અ મર્યાદા જોઈ ત્યારથીજ મારૂં ચિત્ત ઠેકાણે રહેતું નથી. ગઇ કાલેજ કોઇ જંગલની સુડી સિંચાણના ભયને લીધે આ આશ્રમનું શરણ લઇ આવી હતી. શરણે આવેલાં પ્રાણીની તેમજ જ્ઞાતિ જનની આતિથ્ય સેવા કેમ કરવી એ આ આશ્રમમાં કોનાથી અજાણ્યું છે ! નીતિને ઉલંઘી નિંદ્ય દુર્વિનીત કૃત્યને અનુસરવાને કયા પુરૂષને સત્તા છે, અને એવી સત્તા વાપરે તો દેવ ગાંધર્વ રાક્ષસ મનુષ્ય તેમજ પશુ પક્ષી આદિ સર્વ જાતિમાં વૈર કલેશ દુઃખ નિંદા અપમાન કોને પ્રાપ્ત થયાં નથી ? એમનું આવું આચરણ જોઈને મને અતિ રોષ આવ્યો છે. મૃગશિરા કહેવા લાગી કેઃ—ના, ના, એમનો હોય નહિ. એતો તારો ચક્ષુ દોષ થયેલો હોવો જોઈએ. તારે કાને કાંઇ સાંભળ્યું હતું ? અને એમ હોય તોયપણુ એ દોષ મન સ્વીકારે ત્યારેજ ઈનસાફ મળી શકે, કેમકે દીઠેલી અને સાંભળેલી એવી વાતો પણ ખોટી પડે છે, તો પછી તારે એવો રોષ લાવવો નહોતો. ઘરનું છિદ્ર અને તેમાં દંપતી વચ્ચેનો વિગ્રહ એનું કારણ બીજાને કહેવાથી શું ફળ ! સારિકા બોલીઃ—પણ બા, તમને અન્ય ગણવાં કે કેમ ! એનો નીતિની મર્યાદા બતાવવાને તમને કહ્યું છે. મૃગશિરાએ રોહિણીને કહ્યુંઃ—આના કહેવા પ્રમાણે આ પોપટની ધૂર્તતા ખરી ઠરે તો સારિકા રોષ ધરી શકે ખરી ? પતિ પત્ની વચ્ચેનો રોષ કેટલી હદ સુધી, માત્ર બીજી વખત ભોજનનો સમય થાય ત્યાં સુધીજ. રાજપુત્ર શશિવર્મા આ વિષ્ટી સાંભળતો હતો. તેણે મેનાને ઉદ્દેશી કહ્યું કેઃ—જો એમજ હોય તો એતો હજુ સારી છે કે એ અપમાનનો બદલો એણે આપઘાત કરીને વાળ્યો નથી અથવા એવા વિશ્વાસઘાતી પુરૂષનું જન્માંતરમાં પણ મુખ જોવું ઉચિત નહિ. પણ આ વાત સંશયી છે, તો જવા દો એમને બન્નેને. મૃગશિરા બોલીઃ— શુક સારિકા, આ મહાશયના વચનને માન્ય કરી અમે તમને અહીંથી જવાની રજા આપીએ છીએ. ફરીથી આવો ક્લેશ કરશો નહિ.

વીરભદ્ર કહે છેઃ— મહારાજ પૃથવિપતિ પૃથિરાજ, એ કાળની વિદ્વત્તા અને મહાનુભાવતા, અવર વિવાદમાંથી એક એકના મનના ધર્મ, ન્યાય નીતિનું અવલોકન કરીને જોવાનો એ સમય હતો. એ આ દષ્ટાંતનું રહસ્ય જણાવે છે. એ કાળના માનવીના સુખ વૈભવ અને જ્ઞાન વિષે આપણે કેટલું ઉંચ મત્ત ધારવું જોઇએ! હવે આપણે આ ચાલતી કથાને ચાલવા ઘો.

શુક સારિકાને રત્ન આપીને બીજી નીતિ સંબંધી વાતો તેઓ કરવા લાગ્યાં. એટલામાં એ ઠેકાણે સન્યાસી વેષ ધારણ કીધેલો છે, એવી એક યોગિની આવી વિયોગ દશાને લીધે ખિન્ન થયેલું છે મુખ જેનું, તથા પર્યટન કરવાના શ્રમને લીધે હીન થયેલી છે શિક્ત જેની એવી શ્યામા, આ બાળિકાને જોઇને અતિ હર્ષ પામતી, અને હર્ષને લીધે રૂવા ઉભાં થયાં છે જેનાં એવી આની પાસે આવી પ્રશ્ન કરવા લાગી કેઃ— રાજપુત્રી સુકુમારી સરિત સુલભા, આ તારી ધાત્રીને તું જો. તે કન્યા બોલી કોણ સરિત સુલભા એ હું જાણતી નથી. પણ અહીંતો આ મુનિ બાળા રોહિણી છે. હું તે રાજપુત્રીને ઓળખતી નથી. ભગવતી તમારી દૃષ્ટિ વિકાર પામી હશે. યોગિની કહેવા લાગીકેઃ—પુત્રી મારી બુદ્ધિ દોષિત થયેલી નથી. હું તને બરોબર ઓળખું છું, પણ કુમાર પુરૂરવા કયાં છે તે મને બતાવ, એટલે હું સુખી થઇશ. આ સાંભળી તે બોલી કેઃ— વળી કુમારની વાતશી! આ કુમારતો હમણાંજ પધાર્યા છે, એમને તમે જુવોજ છો. તેમ છતાં કુમાર કયાં છે એમ કેમ પૂછોછો એ હું સમજતી નથી. યોગિની કહે છેઃ— પુત્રી એ તો નહીંજ. રાજબાળાઃ— ત્યારે તમે કોને મળવા ઇચ્છો છો. આમ વાત કરે છે એટલામાં સાયંકાળનો સમય થવા આવ્યો છે. પાસેના ઝાડોની ઘટામાં કોઇ પ્રાણીની દુર્ગંધી વાસ આવતી જણાઇ. ઉદ્યાનમાંથી દોડતી સર્વ સખીઓ આશ્રમમાં જઇ ભરાઇને શોર બકોર કરવા લાગી કેઃ— સખીઓ રોહિણી અને મૃગશિરા તમે આવતાં રહો. વાઘ આવ્યો છે તે તમારા ભણીના પ્રદેશમાં ઘુરકે છે . આ સખીઓનો શોર સાંભળી પાસેની તરૂ લતાની હારમાં જુવે છે તો એક મહાવિકાળ વાઘણ ગલોફાં ચાટતી પુછડાને જમીન સાથે અફાળતી અહીં બેઠેલાં સર્વેએ દીઠી. કુમારી રોહિણી તો એ દેખી યોગિની વેષે આવેલી પોતાની ધાત્રીની સોડમાં ભરાઇ ગઇ. જાણે પૂર્વ વાત્સલ્યતાને સંભારી બગલમાં ડાબી રાખી માતાની પેઠે પોતાના કોડ પુરા પાડતી હોય તેમ એ યોગિનીએ ધીરજ આપી કહ્યુંઃ—

પુત્રી ખમા તને, ફરીશ નહિ. આ પ્રસંગ આવેલો જોઈ રાજપુત્ર કેડ કસી હાથમાં ખડ્ગ લઇ વાઘણુની સામે ગયો. એવીજ વાઘણ તેના ઉપર આવી કે તેણે તેના ડાબા પડખામાં એક શસ્ત્રનો ઘા કર્યો, તેથી એ વિકાળ વાઘણે ક્રોધે ભરાઇ રાજપુત્ર ઉપર તલપ મારી. એ જોતાંજ છેટેથી જાણે પોતાનેજ વાઘણનો પંજો લાગ્યો હોય એમ રોહિણીએ ચીસ પાડી આ પ્રીતિનું રહસ્ય સંકટ વખતે જણાય છે. અરે આ રાજપુત્રનો ઘાત કરશે એમ જાણીને તેણે એકદમ ધાત્રીની સોડમાંથી નિકળીને સમય પરત્વે હાથ આવ્યું એ સમિધ કાપવાનું શસ્ત્ર લેઈ દોડીને વાઘણના કપાળમાં વજ્રની પેઠે ઘા કીધો. તેવોજ રાજપુત્રે બીજા ઘાથી એ પ્રાણીનો શિરચ્છેદ કીધો. પણ વાઘણના પંજાની ચોટ એ કુમારના સાથળ ભાગમાં લાગેલી હોવાથી રૂધિર સ્રાવ થતો હવે એના જોવામાં આવ્યો. વાઘણ તો મરાઇ, પણ રાજપુત્ર હવે શિથિળ થઇ જમીનપર મુર્છા વશ થઈ સુતો. આ જોઇ રાજકુમારી ખેદ પામી મનથી મુંજવા લાગી. બધો શ્રમ નિષ્ફળ જાય તો હવે મારી શી દશા! સઉથી પહેલાં વહાલાં જનના મનમાં અનિષ્ટનો વિચાર આવે છે, એ પણ પ્રીતિનોજ સાધારણ ધર્મ છે. હવે આ કુમારને સર્વ મળી આ શ્રમમાં ઉપાડી લઇ ગયાં. ત્યાં સર્વ બાળાઓ એકઠી થઇ આને જોઇ ખેદ કરતી હતી. એટલામાં મહામુનિવામકર્ણ આવી પહોંચ્યા. કુંવરને જોઇ સર્વને ધીરજ આપી. તેનો વ્રણ જોઇ કહેવા લાગ્યા કે આતો સાથળના ભાગમાં પંઝો લાગેલો છે. એની કાંઇ ફિકર નથી. હમણાં તે ઉઠશે. સહજ વાગેલું છે. એ સજ્જન કુમારનું અહીં આગમન કયાંથી? એ આદિ તેની ખબર પૂછીને તેની સારવાર કરતા તે બેઠા. પુત્રી રોહિણી તુંજ એમની સારી રીતે બરદાશ કરજે. થોડાજ વખતમાં આરામ થઈ જશે. સર્વને વિશ્વાસ આપી ઋષિવર્ય વામકર્ણ અત્રે ઉભેલી યોગિની તરફ જોઇને કહેવા લાગ્યા કે :— ભગવતિ તમે પણ આમની સાથેજ છો કે? મહાત્મા હું તેમને ઓળખતી નથી. એ મહાશય કોણ છે? એમનેજ બતાવીને આ બાળિકા મારા પ્રશ્નના ઉત્તરનો સમાવેશ કરતી હતી. એ સંબંધી ચરચા ચાલતી હતી એ અરસામાં આ બનાવ બન્યો છે. હું એટલુંજ જાણું છું અને હું આજેજ આવી છું. બાકીનો વિષય આ બાળાના સંબંધનો હું આપની સમક્ષ ખુલાસેથી વિદિત કરીશ. આ બાળાને હું એમ પૂછુંછું કે તને બાળ શિક્ષણની વાતતો યાદ હશે. ના, પણ, એ કયાંથી યાદ હોય?

લ્યો, ત્યારે હું ફરીથી કહી જઉં. પોતાની ઝોળીમાંથી એક અપૂર્વ ફુલની માળા કાઢી હાથમાં લઇ યોગિની બોલી કે:—બાળા, લે આ ફુલમાળા. આજ એ સમયના તારા કોડને પુરા પાડ, ને પછી સાંભળ. પુસ્કરણી સરિતાની તીરે એક પુરાતન પુષ્કરેશ ભગવાન શશિ શેખરનાં દર્શન કરવા સારૂ પુત્રી સરિતસુલભા તને, અને તારા સમવયના બંધુ પુરૂરવા ને લઇ તારી સાવકી માતા સાથે હું આદિ પરિજન વર્ગ ગયાં હતાં. ત્યાં ભગવાન શંકરનાં દર્શનકરીને તમો બંને ભાઇ બેન મને સાથે રાખી રમતાં હતાં. રમત માટે આ સોટી પેલી સોટીએમ કહી નેતરનાં તરૂ મારી પાસે ઉપડાવી માગતાં હતાં. રમતાં રમતાં પુસ્કરણીની તીરે ગયાં ત્યાં નદીમાં તરતાં કેટલાંક કમળો જોયાં. વળી તેમાં આ ફુલનો કુંજ પણ તમોએ જોયો. જોઈને તમો મને કહેવા લાગ્યાં કે:— ધાત્રી,ઓ પેલું ફુલ લાવી આપ. હું તમને સમજાવતી હતી કે તે પાણીમાં તરે છે. હું શી રીતે લાવી આપું? ત્યારે તમો એમ કહેતાં હતાં કે:— લે, ત્યારે, અમે લઇ આવીએ. એમ નહિ તો તું લઈ આવ્ય. પણ એ ફુલ લીધા વિના તો અમે જઇશું નહિ. પુરૂરવાને તો મેં અન્ય વાતો કરીને ફુલની વાત ભુલાવી દીધી, પણ તારે મનતો એની એજ રઢ લાગેલી હતી. ના, એ ફુલ લીધા વિનાતો હું અહીંથી આવીશજ નહિ. અહીં કોઇ અન્યસેવક વર્ગ હાજર ન હતો. એટલે તમને કોને સોંપી હું ફુલ લેવા સરિતામાં જાઉં? તમને એકલાં મુકી હું ફુલ લેવાને જઉં, એમાં પણ હું ભય સમજતી હતી. પણ તારી હઠીલી લાગણીને આધીન થઈ હું નિરૂપાય! એ વખતે તમને રમતાં મુકીને હું ફુલ લેવાને ગઈ. રમત રમતાં તમો બંને જણ એ પ્રદેશમાંથી દુર ગયાં, અને પછી ક્યાં ગયાં તે મેં જાણ્યું નહિ.

॥ લીલાવતીછંદ ॥

સાંભળ શાણીસુંદર બાળા હું પૂર્વ કથા તુજને કહું પ્રીતે;
પુષ્કરણી સરિતાની તીરે બનીયું તે ધરજે તું ચિત્તે ; ૧
વિશ્વ વિષે વિખ્યાત પુરાતન શંકરનું દેવળ છે જ્યાં;
તમને લઈ માતા સાથે હું પરિજનમાં સંગ વશી જઈ ત્યાં; ૨
ભગવાન મહેશ્વરના દરશન કરીને ચિત્ત પાવન કીધાં ત્યાં;
સર્વે જન મનરંજન થઇને દુઃખ ભંજન શર્ણ વસ્યાં જે ત્યાં; ૩

બેની બાંધવ લઈ ફરવા નિકળી સાંજ સમે હું સરિતા જ્યાં,
સરિતામાં અવલોકન કરતાં દીઠાં સુ પુષ્પ અલૌકિક ત્યાં; ૪
તમને અભિલાષા તે લેવા લાવી દેવા મુજને કીધું;
મેં કારણ સર ના કીધી પણ તેં હઠ લીધાં ભાવી હેતુ. ૫
લાચાર થઇ છેવટ લેવા હું પેઠી સરિતાના જળમાં;
રમતાં મૂકી તમને સુનાં આવું છું કહી થોડી પળમાં. ૬
તે વાર પછી તુને તે બાળક ટાળક સૌખ્ય અમારાં જે;
બાળક ભાવે ચેષ્ટા આરંભી સ્વેચ્છાએ પરવરિયાં તે. ૭
જ્યાં આ તરૂવર પેલું તરૂવર સરિતા પર તરતાં ફુલ જોતાં;
નેતર તેતર ખેતર અનુસરતાં પડતાં આખડતાં રોતાં. ૮
રમતાં ભમતાં મનમાં ગમતાં મંદાર ફુલો વીણી લેતાં;
ગલગો ડમરો દાનો મરૂવો ચમરી ચારૂ ધારી જોતાં; ૯
વન તર્ફ તમે સરિતા તીર છોડી ગમન કરીને દુર ગયાં;
આવી જોયાં તમને નવ દીઠાં નયને શ્રાવણ નીર વહ્યાં. ૧૦
સરિતા વન ગિરિવર તરૂવર જોયાં તો પણ ક્યાંયેનાં જડીયાં
પીરહાતુર આતુર ચિંતાતુર થૈ પરિજન સઘળે આથડીયાં. ૧૧
તુજ માતા સ્થાન જઈ જોયું તો તે પણ ત્યાં આગળ નહોતાં;
એ અવસરમાં ઉચ્ચાટ થયો બાંધવ સમ બેનીને ખોતાં. ૧૨
ચાલ્યું ત્યાં સુધી શોધ કરી આખર ચાલ્યાં આંસુ લોતાં;
તમને સમ સરિતાને છોડી ચાલી ભમવાં ધારી જ્યાં ત્યાં. ૧૩
ખોળ્યાં મેં તમને ખેતરમાં વાવેતરમાં કુવેતરમાં;
જોયાં સઘળે દેવાલયમાં શિવાલયમાં સહુઆલયમાં. ૧૪
રખડી પગ પાળે ઝાડીમાં ફુલ વાળી સુંદર વાડીમાં;
વીરાગણ પણ વન વગડામાં કંટાળી દુસ્તર પહાડીમાં. ૧૫
પડતાં ઝરણાંને પેખ્યાંમે ફરતાં હરણાંને દેખ્યાં મેં;
વાઘણ નાગણ ઉવેખ્યાં મેં કરિના યુથોને લેખ્યાં મેં. ૧૬
વાનર કિન્નરને ભાળ્યાં મેં પર્વતના શૃંગ નિહાળ્યાં મેં;
ભુચર ખેચર વિચરતાં મેં દીઠાં વનચરને ચરતાં મેં. ૧૭
પૂછ્યાં પંથીને પળતાં મેં લૂછ્યાં આંસુને ગળતાં મેં;
નદીઓ નાળાં ઓવારાં મેં શોધ્યાં સિંધુનાં બારાં મેં. ૧૮

પઢતાં બાળકની શાળા મેં ગૌતમ ગુરૂની પોશાળા મેં;
મોટી નાની ગૌ શાળા મેં રાજાઓની હય શાળા મેં. ૧૯
ગોત્યાં જંગલ વિશાળાં મેં ખાંતે ખોળ્યાં ગિરનારી મેં;
ખોળ્યાં વેરાવળ ખાડીમાં ગબ્બરની ઘાડી ઝાડીમાં. ૨૦
ત્યાંથી આવી આરાસરમાં કોટેસુરમાં ચોટેસુરમાં;
આબુમાં અરબુદ માતામાં ગોરખ ગુણ દાયક દાતામાં. ૨
ફરતી ફરતી ચંડેસરમાં મંડેસરમાં સીધેસરમાં;
બાળી આવી ભવનેશ્વરમાં ભૂતેશ્વરમાં વિશ્વેસરમાં. ૨૨
અહીં આવી બાળાને ભાળી પણ બાળકના જોયો ન્યાળી;
મેં જાણ્યું માતા સાથ ગયો સાતાએથી મનમાં વાળી. ૨૩
એની કહે તું એ બાંધવ ક્યાં આ ફુલ માળા લે સંભાળી;
પુષ્કરણી કરણી વરણી કહી તે સંભારી થા સુખવાળી. ૨૪
સુખ આલી સુખને મલકાવી દુખડાં ટાળી દેસદૃપાત્રી;
આ ધાત્રી પાત્રી માતા જેવી ખાત્રી કરતું શુભ ગાત્રી. ૨૫
અજાસા સાસા નિશાસા દેડી કર પુરી અભિલાષા;
બેટી લે ભેટી ભાવ ધરી વાણીથી વદ મીઠી ભાષા. ૨૬

આ છેલા શબ્દ યોગિની બોલી રહી, તે સાંભળી રાજપુત્ર શશિવર્મા તેમજ રોહિણી નામથી ઓળખાતી રાજપુત્રી આશ્ચર્ય પામ્યાં. અને રાજપુત્ર કહેવા લાગ્યો કે:—કદાચ તમો કહોછો તેમ હોય તો એ રાજકુમાર પુરૂરવાક્યાં. અને તેની માતા ક્યાં એ દાખલો મળતો નથી. યોગિની કહે છે:—મહાશય, આપ એક ઘડીના અરસામાં આમ શાન્તિ પૂર્વક પ્રશ્ન પૂછોછો, એથી આપને આરામ જોઇ હું ઘણી ખુશી થાઉં છું. આપ પૂછોછો એજ હું પૂછુંછું કે એ માતા અને એ બાળક ક્યાં છે. આમ વાતચિત કરે છે એટલામાં એમની પાસે એક અપૂર્વ સૌંદર્ય રૂપવાળી સ્ત્રી આવી મુનિને ચરણે પડી મસ્તક નમાવી ક્ષમા દાન માગતી મુનિના સન્મુખ આમની પાસે બેઠી. એનું અલૌકિક રૂપ જોઈ ઋષિવર્ય વામ કર્ણની પાસે બેઠેલાં આ સર્વેએ અનુમાન કર્યું કે:—આ કોઇ દેવાંગના છે આ લોકમાં આવી રૂપવાન સ્ત્રી જોવામાં આવી નથી. આ દેવાંગનાને ઋષિએ કહ્યું:—હે સુગન્ધમે, હવે તું દોષ રહિત થઇ છે. આટલો કાળ તેં તારા દુષ્કૃત્યનું ફળ ભોગવ્યું છે. હવે આમની સમક્ષ તું તારા દોષ કહી સંભળાવીને નિર્મળ અંતઃકરણ વાળી થા, અને સંબંધીયોની ક્ષમા

મેળવ. કેમકે પૂર્વ રાગના આવેશે કરી પરંપરા સુકૃત્ય કે દુષ્કૃત્યનો કર્મ સંચિત પ્રારબ્ધ યોગ વધતો ચાલે છે. એ તને અનુભવથી પણ જણાયું છે. માટે તારા દોષ કહીને નિવૃત થા. એમ આજ્ઞા કરીને મહામૂનિ વામકર્ણુ સ્નાન કરવા સારૂ દંડ કમંડળ અને મૃગચર્મ આદિ પવિત્ર વસ્તુઓ લેઈ ગંગા કિનારે ગયા. મુનિની આજ્ઞા સાંભળી આ દેવાંગના પ્રથમ રાજપુત્રને કહેવા લાગી કે:—મહાશય, આપે જે હરણ અને સિંહણનો ઉદ્ધાર કરી શાપથી મુકાવી તે હું આપની આભારીછું. તેમજ યોગિની તરફ મુખ રાખીને તે બોલી, જે માતાને માટે આ બાળાને તમે પૂછોછો તે પાપિણી માતા હું પોતેજ છું. બાળક મુકરવાનું પછીથી શું થયું એ હું જાણુતી નથી. પરંતુ એ સંભારવાથી હુ હૃદય કંપિત થાઉંછું. આવું વિસ્મય પમાડનારૂં વૃત્તાંત સાંભળી એકવાર બધાં ચકિત થઈ પૂછવા લાગ્યાં કે:—પરિચયમાં રહેલાં સર્વેએ તમને ઓળખ્યાં નહિ એવું અલૌકિક રૂપ કેમ પ્રાપ્ત થયું ? આ સાંભળી દેવાંગના બોલી કે:— સાંભળો ત્યારે.

હું સ્વર્ગમાં રહેનારી મિશ્રકેશી નામે અપસરા છું. પૂર્વે સંભળપુર નામે નગરનો વસુમાન નામે રાજા હતો. એનાવૈભવની બરોબરી પૃથ્વીના કોઇ રાજાઓ એ વખતમાં કરી શકતા નહતા. કુબેરના સરખો અતિ ધનવાન તથા ઇંદ્ર સરખો બળવાન હોવાથી એનો પૃથ્વીપર સઘળે સંપુર્ણ પ્રતાપ વિસ્તરેલો હતો. તેથી નાના મોટા માંડલિક રાજાઓ એને આધીન રહીને પોતાની રાજ્ય સત્તા ભોગવતા હતા. એ કાળમાં એજ રાજા સાર્વ ભોમાધિપતિ મનાયો હતો. એક વખત એ વસુમાન રાજા પુષ્પ શય્યામાં પોઢી, આજુ બાજુ સુકુમારી વારાંગનાઓ સંગીત વાદ્ય બજાવતી મધુર રાગથી ગાતી હતી તે સાંભળતો હતો. કેટલીક પોતાના હસ્તમાં ચંદનના પંખા ધારણ કરીને તેને પવન નાંખતી હતી. એથી કરી તેઓના હસ્તમાં પહેરેલાં મણિકંકણનોતીનો મધુર ધ્વનિ સંગીત વાદ્યમાં જાણે તાલ સાથે સુર પુરતો હોય એમ દીસતું હતું. એ સમયે એ રાજા પરમાનંદમાં મગ્ન હતો. અને પોતાના કયા પુન્યના પ્રભાવે આ ભોગ પોતાને પ્રાપ્ત થયા છે એ વિષે વિચાર કરતાં કરતાં તે નિદ્રાવસ થયો. નિદ્રામાં તેને એવું સ્વપ્ન થયું કે:— પોતે બ્રહ્માની સત્યવતી નગરીમાં દાખલ થયો. ત્યાંના લોક ઘણા કાન્તિમાન, ઘણા પ્રતાપવાન, તેમજ વૈભવમાં એક

બીજાની સ્પર્દ્ધા કરીને પોત પોતાનું આધિક્ય પણું દર્શાવતા એણે જોયા. એ પ્રકારે ફરતો હતો ત્યાં એક સુવર્ણનો મહાલય બનતો તેણે જોયો. તે બે મજલા સુધી તૈયાર થએલો હતો. તેમાં પ્રવેશ કરી જોયું તો તે વિસ્તારમાં ઘણો મોહોટો હતો, સૌંદર્યતામાં ભરપુર હતો. નાના પ્રકારનાં આસનો શય્યાઓ આદિ ઘણાં શાહિત્ય તેમાં તૈયાર હતાં. ઠામઠામ અપસરાઓ જાણે કોઇના આગમન અર્થે સજાવતી હોય એમ તેણે દીઠી. એણે એક અપસરાને પુછ્યું:— આ મહાલય કોને વાસ્તે તૈયાર થાય છે, અપ્સરાએ જવાબ દીધો:—પૃથ્વી ઉપર પુન્યશાળી વસુમાન રાજા, જે હમેશાં યાચકોને સુવર્ણઆદિ ઘણું દ્રવ્ય આપે છે, તેમના પુન્ય સંચયના પ્રભાવે અહીં આ લોકમાં એમને માટે આ આલય થાય છે. હવે તે પૃથ્વીના અલ્પ ભોગમાં તૃપ્ત થવા લાગ્યો છે, એટલે અહીંથી આ કામ આટલે આવી અટક્યું છે. આ જોઇ રાજાએ પૂછ્યું:— ત્યારે આમાં બીજુ કાંઇ વધારે શું થવાનું બાકી રહ્યું? તે કેમ જાણી શકાય? એ સાંભળી એક વિદ્યોતા નામે અપ્સરા એના સામું મંદહાસ્ય કરીને સ્નેહ જણાવી પાસે આવી એનો હાથ ઝાલી તે મહાલયમાંના ઉદ્યાનો આદિ બતાવતી બતાવતી એક મોટા ચોગાનને ઉલંઘી એક બીજાથી અધિક શોભિતા આલયમાં પ્રવેશ કરાવી બતાવવા લાગી. તો એમાં ઘણી જાતની અનુકુળતાઓ, શય્યાઓ, બેઠકો, આસનો, ઉદ્યાનો, દાસદાસીઓ, અપ્સરાઓ, વાહનો અને ખાનપાનાદિ અનેક પ્રકારના સુખનાં સાધનો તેણે જોઇને તેને પુછ્યું:— આ કોને માટે? અપ્સરાએ કહ્યું:— એજ વસુમાન રાજાના સાર્વભોમાધિપત્યમાં એક સુમનુષ્ય નામે માંડળિક રાજા હતો. તેનું રાજ્યપદ લઇ લેવામાં આવવાથી તે રાજા તથા તેની સૈમિત્રા નામે રાણી એબંને પ્રકૃતિમાં ધીરજવાન તેમજ સત્યશીળવાન હોવાથી પોતે વનમાં જઈ આશ્રમવાસી થઇ મુનિઓની સોબતમાં પર્ણકુટી બાંધીને રહે છે. તે રાજા રાણી સમદષ્ટી હોઇને શત્રુ મિત્રનું હિત ઇચ્છીને પરમાનંદમાં મગ્ન રહે છે. એમને ચિન્તાહરણ નામે એક સુપુત્ર છે. તે પણ એના માતા પિતા જેવોજ સત્યશીલ ડાહાપણવાળો છે. એ હમેશાં માતાપિતાની સેવામાં તત્પર રહીને જીતેન્દ્રીય રહીને બ્રહ્મચર્યવ્રત પાળે છે, તેમજ શકિત પ્રમાણે દાન આપે છે, તથા અતિથિનો સત્કાર દેવપ્રમાણે કરીને યથાશકિત ભોજન અર્પણ કરીને માતા પિતાને જમાડીને પોતે જમે છે. એ તેના તપને પ્રભાવે અહીં આ લોકમાં તેને માટેજ આ

મહાલય બનાવી રાખવામાં આવ્યો છે. એ તમે અહીં જુવોજ છો. જો કે પૃથ્વી ઉપર તે વસુમાન રાજા સાર્વે ભૌમપદ ભોગવે છે તેને માટે બનતું આલય અધવચ અટકેલું તમે જોયું. એ દરજ્જે તે રહેશે કે નહિ એ પણ હજુ કહેવાય નહિ, કેમકે તે પૃથ્વીના ભોગવિલાસમાં રંજન છે. એટલે આ લોકના ભોગનો એનો અભિલાષ કયાંથી પુરો પડે? આમ બે જણનો સંવાદ ચાલે છે એટલામાં એક દુરાલંબ નામે નીચ દુર્જન પુરૂષ એમની પાસે આવીને ઉભો. આ પ્રસંગે દૈવ દુર્બળ થવાથી કિંવા દશા મંદ આવવાથી અને કોઈ પુર્વ જન્મનાં પાપનો પરિણામ આવવાને લીધે એની સોબતમાં રહી તે બંન્ને એની વાતો સાંભળવા લાગ્યાં. જો કે તેઓ પવિત્ર મનોવૃત્તિવાળાં હોવાથી એ દુરાલંબની ક્ષણે ક્ષણે દુરાચરણની વાતોનો તીરસ્કાર કરતાં હતાં, તથા નિંદા કરતાં હતાં, તોપણ છેવટ કુસંગને તેઓ આધીન થવાથી એની જોડે હરવા ફરવાને પરિચયમાં ઉત્તરોત્તર વધતાં ચાલ્યા. એક વેળા સુરસરિતા કાંઠા ઉપર પવિત્ર મનથી સ્નાન કરી ભગવાન સૂર્યનારાયણને પ્રણામ કરતી એક સોમશર્મા નામના ધર્મિષ્ટ બ્રાહ્મણની પવિત્ર મનવાળી પતિવ્રતા સ્ત્રી પારિજાત મંજરીને બતાવીને એના અલૌકિક રૂપગુણથી મોહ પમાડી આ વસુમાન રાજાને તે કહેવા લાગ્યો કે:— આવી સર્વકળા સંપૂર્ણ તેમજ આવી લાવણ્યવતી લલના અપ્સરાઓમાં પણ હોતી નથી. એને તમે નિહાળો. એમ કહેવાથી આ રાજા છુપીરીતે એને જોઇને મોહ પામીને હવે તે પાપ વાસનાને અવલંબી પાપ દૃષ્ટિથી તેના અંગના અવયવો નિહાળતો ઉભો. બે ચાર ક્ષણ જોઇ એટલે સર્વાંગે એના અંગમાં પાપરૂપ કામે પ્રવેશ કીધો. ઇશ્વરની આરાધના અને પવિત્રતાઆદિ સદ્‌ગુણો તેનામાં ઘણા હતા. તેથી તેને દુઃસંગ વધારે પરાભવ કરી શક્યો નહિ, તોપણ તેનું આ પાપ ઓછું નહતું. બે ચાર નિમિષ માત્ર પણ પર સ્ત્રી સામું પાપદૃષ્ટિથી જોવું એ શું ઓછું પાપ છે? સ્ત્રીઓએ પુરૂષો સામું તેમજ પુરૂષોએ સ્ત્રીઓ સામુ સ્વપ્નામાં પણ પાપદૃષ્ટિથી જોવું, એના જેવું બીજું પાપ નથી. પરસ્ત્રીની અભિરુચિએ સર્વે પાપનું મુળ છે, તથા સર્વે પાપકર્મોની સીમા છે. પાપદૃષ્ટિ એજ સર્વે વિનાશનું કારણ છે. પાપદૃષ્ટી એજ સર્વે સદ્‌ગુણોની વધ્યશિલા છે. એજ સર્વે દુર્ગુણોની જન્મ ભૂમિ છે. એજ સભ્યતા રૂપ કલ્પલતાને નિર્મુળ કરનારી છે, એજ સદ્‌વિધાને ફળવા દેતી નથી. એજ વિવેકરૂપી ચિન્તામણીને આંખો

પાડે છે. એજ સન્માર્ગેથી ભ્રષ્ટ કરનારી છે. પાપદૃષ્ટિ એજ નીચપણું શિખવનારી પાઠશાળા છે. પાપદૃષ્ટિ એજ લાજને લુંટનારી છે. એ પ્રમાણે સર્વ શાસ્ત્રો બોધ કરે છે, અને ઇતિહાસ પુરાણોથી પણ પાપદૃષ્ટિનાં પરિણામ સર્વ કોઇથી અજાણ્યાં નથી. જો કે આ રાજા સ્વપ્નામાં પોતાના તરફ કુદૃષ્ટિએ જુવે છે એ વિષે સુરસરિતાના રમ્યકાંઠા ઉપર ઉભી રહી રાશિપતિ સુર્યદેવને અર્ઘ્ય આપનારી પવિત્ર પતિવ્રતા કાંઇ જાણુતી નહતી. તોપણ અખિલ વિશ્વનાં શુભાશુભ કર્મને જોનાર રાત્રિદિવસ ઋતુઓ અને દિશાઓ તેના નીચ કર્મથી અજાણ્યા નહતાં. તેમજ ચરાચર ભૂત માત્રમાં વિશ્વરૂપે વ્યાપી રહેલો એનો અંતરાત્મા સાક્ષીરૂપે જોતોજ હતો. તે એને સુચવતો હતો કે કોઇપણ શુભાશુભ કામ આપણે કરીએ તે કરોડ કલ્પે પણ પ્રારબ્ધરૂપે ભોગવવો પડેજ છે. સ્વપ્નમાં થયેલો દુઃસંગ પણ અક્ષયપદના માર્ગને વિઘ્ન કરતા નિવડે છે. આ રાજાએ પાછું વાળી જોયું એટલે પોતાને માટે નિર્માણ થએલું પેલું આલય પણ તેને દેખાયું નહિ. પણ માતાપિતાની શેવા કરનાર સદ્પુત્રને માટે બનતું આલય તેની નજરે આવતું હતું. જોકે આથી એણે એટલું તો જાણી લીધું કે બેમાંથી એક મહાલય ન દેખાયું એનું કારણુ મારા સુકૃત્યની અવધિ હોવી જોઇએ, પણ પાપબુદ્ધિએ ઘેરાયેલો પોતે કુદૃષ્ટિથી પરસ્ત્રીને નિહાળે છે તેનું આ પરિણામ છે, એમ તેને હાલ જણાતું નથી. અત્યારે એના મનને મન્મથ પ્રવર્તાવે છે, તેથી હાલ એ બધા લાભોને તજીને એનીએ સ્ત્રી મેળવવાની તેની અભિલાષા છે. આ પ્રમાણે એસ્ત્રી તરફ તેની એકાગ્રતા લાગી રહીછે. એ અરસામાં એ રાજા જ્યાં પુષ્પશયામાં ઉંઘેછે. તેની પાસે જે વારાંગનાઓ સેવામાં ઉભેલી હતી, તેમાંથી એકે તેના દેહને ચંદનનો લેપ કરવાથી શરીરને લાગેલી શિતળતાવાળા કોમળ હસ્તના સ્પર્શને લીધે તે વસુમાન રાજા જાગી ઉઠયો. જાગીને તે ચારે તરફ નિહાળવા લાગ્યો, નિહાળીને તે કહેવા લાગ્યો કેઃ—આમ કેમ! આ નહિ! આતો નહિજ! આ પાપણીયો મને અહીં કેમ વિઘ્ન કરે છેઃ—વળી તે પાછો સુતો. જાણે પૂર્વ સુખને અનુભવવાની ઈચ્છાથી પ્રિય વસ્તુનું ચિન્તન કરીને તે અદ્ભૂત બનાવ પાછો સાંપડે એવી મનોભાવના ધરીને ઘડી બે ઘડીવાર આંખો મીંચી તેણે ઉંઘવાનો યત્ન કર્યો, પણ તેને તે પ્રાપ્ત ન થવાથી કંટાળી પાછો ઉઠયો. ઉઠીને ચારે તરફ તે ફરવા લાગ્યો, જોવા લાગ્યો ને કહેવા લાગ્યો કે આ તે નહીજ. ત્યારે હું જોઉંછું એ

આ ખરૂ છે કે મેં જોયું છે તે ખરૂ છે ! અને જો તે ખોટું હોત તો હું જોતો હતો કે નહિ. એ પ્રમાણે એની બુદ્ધિ વિભ્રમ થઇ. ખરો નિશ્ચય એણે એજ કર્યો કેઃ—ના, આતો નહિજ. આમ આ રાજાની આવી સ્થિતિ જોઇને એની પ્રિય અંગનાઓ વિચારશીલ થતી વિસ્મય પામીને તેની આગળ વિનય પૂર્વક કહેવા લાગી કેઃ—પ્રભુ, આપ અહીં અમારી નજરને સંતોષ આપતા, આરામ લેતાં આ પુષ્પ શય્યામાં પોઢયાછો, એ એક પ્રહરમાંજ વિસ્મૃત થાઓછો, એ વિધિની કેટલી દુર્ઘટ રચના ! જુઓ, આ તમારી શૃંગારલતિકા, આ આપની પ્રિયંવદા, એ આપના સુકોમળ અંગને આ ચંદનના પંખાવડે પવન ઢોળતી અહીંઆંજ બેઠી છે. તે અહીંથી ઉઠીજ નથી. આ આપની વસંતવિલાસિની આ તરફ આ પારિજાતમંજરી પુષ્પકળિનો મનોહર હાર સજાવી આપને ઉઠવાની રાહ જોતી ઉભી છે. એનો આ હાર ગ્રહણ કરીને એમનો વિહાર આપ પરિતૃપ્ત કરો. આ આપની ચામર ગ્રાહિણી રત્નપ્રભા હસ્તમાં ચામર ગ્રહીને કર કંકણના મધુર રણકા સાથે આપને ચામર ઢોળે છે. એની પ્રીતિને આપ કેમ નિવારોછો ? આ કર્પુરમાલિકાએ આપના વક્ષસ્થળને હમણાંજ ચંદનનો સ્પર્શ કરીને આપને જાગૃત કર્યા છે. એના અપૂર્વ પ્રેમને કેમ વિસારોછો ? આ અમે સર્વ સ્ત્રી સમાજ અહીંને અહીં છતાં અમારાં નયનને આનંદ આપતા આપ આની આ શય્યામાં સુતા છો, છતાં એમ કેમ પૂછોછો કે આતો નહિ? એજ ખરૂં ? આપ અહીંથી ક્યાં ગયાછો કે એજ ખરૂ એમ બોલોછો ? એની અમને સમજ પડતી નથી. આ વસુમાન રાજા આમના એક પણ શબ્દને સ્વીકારતો નથી. એ પોતે પોતાના તરંગમાં અફળાયા કરે છે. અરે ! એનું નામ શું. એ પણ મેં પૂછાયું નહિ. અરે ! સુકુમારી આમ સંતાઇને મારા હૃદયને કેમ સંતાપે-છે ! હું તો ફક્ત તારા દર્શનનો અભિલાષીછું. અહાહા ! આવો પુન્યશાળી રાજા એની શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા એની સ્વજન ઉપરની મમતા, એની સુજનતા આદિ સર્વ સદ્‌ગુણો એકજ ઘડીમાં સાથે લાગાં પરવાર્યા ! માત્ર બેચાર ક્ષણ સ્વપ્નામાં યોજેલી પાપદૃષ્ટિનો વિકાર અને દુઃસંગને લીધે ઉપજેલો વિકાર આના મનને ડહોળી નાંખી પુન્યરૂપી પર્વતના શિખરે પોહોચેલાને આમ ગરબડાવી ઉંડી ખીણમાં ડબાવી ઘાલે છે, તો જાણી-

બુજી મનકર્મ વચનથી કરેલા દુઃસંગનું કે પાપનું પરિણામ કેવું આવે ! એ સજ્જન માણસોને સ્પષ્ટ જણાતું હશેજ. આ રાજા એટલુંજ બોલીને જણાવતો હતો કેઃ— હરીગીત છંદ.

સરીતા તરંગે રંગરંગે અંગ બંગે ઓપતી;
સવીતા સ્વયંમુખ જાપ જપતી હે સુદર્શન શોભતી.
એ સત્ય કે આ સત્ય કાં આપત્ય કે અપંત્ય છે;
આ ખેલ કે આખેર એ નહિ સત્યતો અવગત્ય છે.

આ બધી સૌજન્યશાળી સુંદરીઓએ આવું એનું મર્મ વાચક ભાષણ સાંભળી એની શુદ્ધિ ઠેકાણે લાવવાને ઘણુંએ મથન કર્યું, પણ આખર તેમનું કાંઇ વળ્યું નહિ. વસુમાન રાજા એના નામનો મંત્ર ઉચ્ચારણ કરતો અહીંથી સર્વ સ્વજન પરિજનનો ત્યાગ કરીને, સમસ્ત પૃથ્વીમાં સ્ત્રી સમાજનું અવલોકન કરતો, ફરતાં ફરતાં કોઇપણ કામમાં પોતાનું ચિત્ત ન લગાડતાં, એ મનમોહક પદ્મિનીનું ચિન્તન કરતો, રખડી રખડીને આખર પોતાનો દેહ મુકવી અવસાન સ્થિતિએ પહોચ્યો. તોપણ એને એ સ્ત્રી પ્રાપ્ત થઇ નહિ. એ પ્રમાણે એણે દુઃસંગને સેવવાથી રવડી રવડીને પોતાનો દેહત્યજી દીધો. પૂર્વ પુન્યના સંચિત પ્રારબ્ધના યોગે એને સ્વપ્નમાં અવલોકન કરેલા દેવલોકની પ્રાપ્તી થઇ. નિર્માણ થયેલા પ્રારબ્ધ વશાત્ બ્રહ્મદેવે હું આદયે મનોહરા અને સુકેશી, એ ત્રણ અપ્સરાઓને એની સેવાને અર્થે નિર્માણ કીધી. એથી કરીને દેવની આજ્ઞાનુસારે અમારે દેવલોકમાં એ વસુમાન રાજાની સંગતિ થઇ, અનેક સુખ વૈભવ અને વિહારવડે કરીને એને રંજન કરવાના અમારા અનેક યત્નો અમે કામે લગાડયા, પણ એ પોતે સ્વર્ગમાં છે કે, અપવર્ગમાં છે એનુંએ તેને ભાન રહેતું નહતું. ફક્ત જે વાસના એની દઢીભૂત થયેલી અને જેના સંબધમાં એનો ભાવી યોગ નિર્માણ થયો છે તેજ વાત એના ચિત્તમાંથી ખસતી નહોતી. એક વખત એક પુરૂષ એ માર્ગે થઇને જતો હતો. તેને વેગજેથી એણે દીઠો. પૂર્વનું જાણે કાંઇ ઓળખાણ હોય એવા રાગને અવલંબી તેને બોલાવવા અમને એણે આજ્ઞા કરી. મેં મારી પ્રિયસખી મનોહરાને બોલાવી લાવવા સમંતી આપી. તેથી એ પુરૂષને તે બોલાવી લાવી, મારી સખીએ મને જણાંવ્યું કેઃ— આ તો અતિ નીચ કામો કરનારો દુરાલંબ નામે દુર્જન ભમતો ભૂત છે. દેવલોકોમાં વિગ્રહ કરાવનારો ઉચ્ચપદથી ભ્રષ્ટ કરાવના-

રો, રાજ્યપદથી ભ્રષ્ટ થવાના ભયને લીધે, તપસ્વીઓના તપમાં ખામી. આણવાને માટે અધીર એવા ઈંદ્રે પ્રેરેલો ખરેખરો એ કળિકાળ મૂર્તિ છે. એણે ઘણાઓને આ સ્વર્ગમાંથી નીચે પાડયા છે, ઘણાઓને તપથી ચળાવ્યા-છે, અને ઘણાઓને ભંભેરીને નીચકૃતિમાં યોજ્યા છે. આટલું બોલી તે બંધ રહી. આને આવતો જોઇ વસુમાન રાજાએ પુર્વે સ્નેહને સંભારી કહ્યું:— અહો! મિત્ર દુરાલંબ, આટલા દિવસ તને મેં કયાંઇ પણ જોયો નહિ! તું કયાં ગયો હતો? દુરાલંબ હસીને બોલ્યો:—

મિત્ર, હું તારા કામની યોજનામાંજ ફરૂં છું. એમ કહી અમને સર્વને તે સુરસરિતાને કાંઠે ફરવા લઈ ચાલ્યો. ભાવીયોગને કોઈ મિથ્યા કરનાર નથી. જો કે અમે એના સંકેતને જાણતાં નહતાં, તોપણ વસુમાન રાજાના સ્વાધીનમાં હતાં, એટલે એની ઈચ્છા વિરૂદ્ધ કાંઈ કરીએ તેમ નહોતું. વેગળેથી એ દુરાલંબે વસુમાન રાજાને આંગળીવડે બતાવીને કહ્યું કે:—જો, આ સુરસરિતાના પ્રવાહમાં જળ તરંગોની મધ્યે ઉભેલી પેલી નવયૌવન સુંદરીને. જેને પૂર્વે તેં અને મેં જોયેલી હતી તેને નીહાળી તું તારા નયનને ઠંડક આપ. એ પ્રમાણે પૂર્વવાસનાને સતેજ કરી બહુ આનંદ પામતો તે વસુમાન રાજા અમારી પછવાડે રહી અમને આગળ કરીને એ સુંદરીના નજીક જઇ તે પતિવ્રતાને દુષ્ટ નજરથી જોવા લાગ્યો. આવું એનું દુરાચરણ એ પતિવ્રતાના જાણવામાં આવ્યું. એથી તુરતજ એ દુરજન દુરાલંબનું કૃત્ય જાણી અમારા ભણીથી પોતાનું મોં અવળું ફેરવી, ફરીથી એમને કોઇને પોતાનું મોં ન બતાવવું એવો નિશ્ચય કરીને; પોતા-ના ઘર તરફ જલદી તે ગતિ કરી ગયાં. જતાં જતાં અમારા પ્રતિ પોતે એટલું બોલ્યાં કે:—બેહેનો, જો કે તમારી આવી અનીતિ ભરેલી અયોગ્ય રીતભાતથી મને જે ખેદ, જે દુ:ખ, અને જે ઉદાસી ઉત્પન્ન થએલી છે, તે હું કહી શકતી નથી, તોપણ મને તમારી અલ્પજ્ઞતા જોઈ કરૂણા આ-વેછે. તેથી ઇશ્વર પાસે હું એટલુંજ માગું છું કે તે તમારા આ મહા અપરાધને ક્ષમા કરે. એક સદવ્યવહારમાં સન્માર્ગે ચાલતા માણુસને અવ-ળી નજરે જોવું એ કાંઈ ઈશ્વરનો તેમજ માણુસ જાતનો ઓછો અપરા-ધ નથી. આ પ્રમાણે એ પતિવ્રતાનાં વાકય સાંભળી અમો ત્રણે અપ્સરા-ઓ શ્રાપના ભયથી કંપતી કંપતી નિરાશ થઇ એ પ્રદેશમાંથી જતી રહીઓ, અને એ શિળવતી મહામાયા પોતાને ઘેર ગયાં. ઘેરજઇ પોતાના પતિ મહા-

સમર્થ યોગ સમૃદ્ધિવાન તથા તપસિદ્ધિવાન મહામુનિ સત્તાનંદને સર્વે હકીકત તેમણે વિદિત કરી. તે સાંભળીને સત્તાનંદ મહામુનિએ હસીને કહ્યું કઃ—પ્રિયા, એમાં તે બિચારી ત્રણ અપ્સરાઓનો કાંઇ અપરાધ નથી. તેમ એ બિચારો વસુમાન રાજા જે હાલ દેવ પદવી ભોગવે છે, તે પણ ઝાઝો અપરાધી નથી. માત્ર દુઃસંગનોજ એ બધો પ્રભાવ છે. તોપણ હું એમ ધારૂં છું કે એમને એટલા દોષ માટે શાસન નહિ થાય તો હજુ પણ તે વધારે વધારે અપરાધો કરશે. માટે તે વસુમાન રાજા અને અપ્સરાઓ એ સર્વે આ લોકના નિરંતર સુખના ભોક્તા રેહે નહિજ, માટે એમના બાકી રહેલા પુન્યનો અનુભવ પાછાં માનવ લોકમાં જઇને કરે, એટલોજ હું તેઓને શ્રાપ આપું છું. એ શ્રાપના પ્રભાવથી વસુમાન રાજા દેવલોકથી સ્ખલિત થઇને પૃથ્વી ઉપર માનસર નામે રાજા થયો, અને અમે ત્રણે જણીઓ પૃથ્વીપર ઉતરીને હું (મિશ્રકેશી) સંગીતવાદિની, (મનોહરા) સુરતાળમંજરી, (સુકેશી) કળાવિલાસી નામ ધારણ કરીને પુર્વ સબંધને અવલંબી વર્ત્યાં. વસુમાન રાજાની પૂર્વ પત્ની ચંપાકળી સ્ત્રી રત્ન હતી. હું સંગિતવાદિની એની વારાંગના થઇને એ રાજાને અનુસરીને રહી. એ રાજાને પેટે કાંઇ સંતાન ન હોતું. તેથી તે શ્રી મહેશ્વરની ઉપાસના કરવા લાગ્યાં. એક વખત ઉમયાપતિ ભગવાન શંકરે પ્રસન્ન થઇ તેને ઇચ્છિત વર માગવાનું કહેવાથી એણે ઇશ્વરની મરજી પ્રમાણે પોતાની એક પુત્ર અને પુત્રીની અભિલાષા પુરી પાડવા માગણી કીધી. તે પ્રમાણે અસ્તુ કહી ભાવી પ્રમાણે થશે એમ કહી પાર્વતીપતિ અંતર્ધાન થયા. કાળે કરી એ રાજાની પટરાણીને ગર્ભ રહ્યો. એક વખત પ્રસંગ એવો બન્યો કે એ માનસર રાજા પોતાના ઉદ્યાનમાં માનસરોવરની તીરે મને લઇને વસંત રૂતુમાં સાંજના પ્રહરનો વિહાર કરતો કરતો ફરતો હતો. ત્યાં કમળવનમાં હંસપક્ષીઓ નરમાદા આદિ પુત્ર પરિવાર સહિત ઇચ્છાનુસાર રમતાં હતાં તે જોઇ એ રાજા કમળવનમાં પ્રવેશ કરી કમળકળિ લતામાં પેસી નિરાંતે બેઠેલા એક હંસ મુનીને તપ કરતો પકડી લીધો, અને તેના હાથ પગ બાંધીને તે કહેવા લાગ્યો કેઃ—આ હંસ હવે અહીથી એની ઇચ્છા પ્રમાણે ભલે ગમે ત્યાં જાય. એ સાંભળી હંસ બોલ્યો રાજા તું અમને તુચ્છ પ્રાણી ગણીને ગર્વ કરીને અમારી હાંસી કરે છે. તેમજ અવગણના કરે છે. એ તને છાજતું નથી. ઈશ્વરને કોઇપણ પ્રાણી અધિક ન્યુન નથી. એ સર્વનું

ન્યાયપરાયણતાથી સંરક્ષણ અને પાલનપોષણ કરે છે. કીડીને કણુ અને હાથીને મણુ તે પૂરૂં પાડે છે. સાગરમાં સો યોજન વિસ્તારવાળા દેહધારી મચ્છને પણુ જે જોઈએ તે આહાર આપીને તે પોષે છે. એવી એ પ્રભુની સમાન દૃષ્ટિ છે! તેનો પાડ માનીને કોઈ પ્રાણીનો તિરસ્કાર કર નહિ. જો કે અહીં તું મારા પગ બાંધી તારી પ્યારીને રીઝાવે છે, પણ મારી પત્નીને તેમજ મારાં બાળકોના મનને અધીરપણે કેટલો ખેદ અને વિયોગ થતો હશે એનો ખ્યાલ તને આવતો નથી. એ તારા ગર્વનું લક્ષણ છે. પણુ જો કે આ મારી વાણી સત્ય હોયતો હું કહું છું કે તને પણુ તારી આ પ્રિયાંગના તેમજ તારા બાળકો વચ્ચે વિયોગ દુઃખ પ્રાપ્ત થાઓ. આ સાંભળી રાજા પોતે તેમજ હું બંને જણાં મનમાં ખેદ કરવા લાગ્યાં. પણુ ભાવીના આગળ કોઇનું ચાલતું નથી, એમ ધારી ત્યાંથી ચાલીને રાજમહાલયમાં અમે આવ્યાં. હંસની વાતને કાળે કરીને અમે વિસ્મૃત થયાં. કેટલેક માસે આ રાજાની ચંપાકળિ રાણીને પેટે એક પુત્ર અને પુત્રી બંનેનો સાથે જન્મ થયો. એ વખતે એમના પુજ્ય ગુરૂ સુતપાનામે મુનિ ત્યાં આવેલા હતા. તેમણે આ બે બાળકોના જન્માક્ષર સાધી ફલ જણાવ્યું કે:—આ બાળકોનો તમને કેટલોક કાળ વિયોગ થશે, પણુ તેઓ દીર્ધાયુષી રહેવાનાં. તે વિજયી છે. આ પુત્રીનું નામ સરિતસુલભા એવું રાખજો, અને આ પુત્રનું નામ પુરૂરવ રાખજો. આમના આ જન્માક્ષરની કુંડળી નામાભિધાન સાથે દરેકના માદળીયામાં ઘાલીને તેમને હાથેજ બાંધી રાખજો. એજ તમને કોઇ વખતે સાહ્ય કરતા થઈ પડશે. એમ કહી તે પોતે વિદાય થયા. આ રાજાએ જાણી લીધું કે:—આ મહાપ્રતાપી તપસ્વી મુનિનાં વાક્ય કદી અસત્ય થવાનાં નથી. એવું જાણ્યા છતાં પણુ બાળકમાં મમતાવાન્ પિતૃધર્મ પ્રમાણે વાત્સલ્ય મમતાથી તેમનું શુભ રીતે યથાવિધિ તે પાલન કરવા લાગ્યો. ચંપાકળિ રાણીને આ બે ફરજંદો સાંપડવાથી હવે તે ઘણી માનીતી થશે, એવો મારા મનમાં ઇર્ષાનો અંકુર ઉત્પન્ન થયો. દિવસે દિવસે એ ઝેરી છોડનો ફણુગો ફુટીને હવે તે પલ્લવિત થવા લાગ્યો. સ્ત્રીએ સ્ત્રી જાતિનું સપત્નીનું સુખ દેખી સહન થઇ શકતું નથી. તેમ મારા મનમાં પણુ એની ઈર્ષા આવવા લાગી, ને તે મારા મનમાં વસી રહી. એમ કરતાં આ બંને બાળકો પાંચ વરસનાં થયાં, ત્યાં સુધી મને કંઇ તેઓનું અનિષ્ટ કરી શકવાનો લાગ મળતો નહતો. ઉપરથી હું તેમના ઉપર અપૂર્વ સ્નેહ બતાવતી હતી, પણુ હું મારામનમાં બળતીજ હતી.

એક દિવસ આ (સુભાગી) સન્યાસિની કહે છે તેમ શિવપુજનનિમિતે આ બે બાળકોને લઇને તીર્થયાત્રા સારૂ પુષ્કરણી મહેશ્વરનાં દર્શન કરવા મારી સાથે આ યોગીની વેષે ઉભેલી પરીજનવર્ગમાં વિશ્વાસુ (દાસી)ને મોકલી હતી. તેમ બીજા કેટલાક દાસદાસી સ્વાર પાળાદિ સેવકો. પણ હતા. કેટલાંક વાહનો પણ અમે સાથે લીધાં હતાં. ત્યાં જઇ ભગવાન મહેશ્વરનાં દર્શન કરીને ભોજન સામગ્રી તૈયાર કરાવીને બધાં જમી પરવારી ઉત્સાહથી મહાલતાં હતાં. સાયંકાળ થવાનો વખત નજીક હતો. રાત અજવાળી હતી. એ સમયના યોગે આ બાળા અને પુરૂરવ એ બંને ભાઇ બેહેનને લઈ આ સુભાગિની પુસ્કરણી સરિતાની તીરે કુદરતની લીલા અવલોકન કરાવતી હતી, ત્યાં એ કહે છે તે પ્રમાણે આ બાળાએ પુષ્કરણીમાં તરતાં ફુલ જોઈ એ લાવવાની હઠ લીધી. તેથી એ પુષ્પો લેવાને એ પોતે સરિતાના જળમાં ઉતરી બાળકોને રમતાં મૂકી ગઇ. રમતાં રમતાં બાળકો દૂર પ્રદેશમાં ગયેલાં મેં ભાળ્યાં. તે જોઇ મારા મૂળ ઉદ્દેશ ને ઉદ્દેશી હું ત્યાંથી ઉઠી. એ બે બાળકોનો હાથ ઝાલી સરિતાના અવાવર સ્થાને લઈ ગઈ. બંનેને નવરાવી એક પછી એકને સરિતામાં હડસેલી મૂકયાં. એ પછી આ કન્યા કરૂણ અવાજે રડતી માતાના સ્નેહને સંભારતી તમને આમ ઘટે નહિ એમ કહેતી સરિતામાં તણાતી ચાલી. એટલામાં સરિતાના કિનારે રહેલા વૃક્ષની સુકી ડાળી ભાગી પડી. તે મેં પડતાં દીઠી. પડી તેવી એણે પકડી લીધી. ચંદ્રની પ્રભાકાન્તિ જેવી આ કોમળ બાળાને વૃક્ષ ડાળીનો આશ્રય મળવાથી તે દૈવયોગે તેના ઉપર ચઢી બેઠી. જાણે નાવમાં બેઠી હોય એ પ્રમાણે તે બચી ગઈ. આને એજ વૃક્ષ ઉપર પાત્ર લેવા ચઢેલા એક મૂનિ કુમારે દીઠી. જેવી એને તણાતી દીઠી તેવીજ તેને સાહ્ય કરવાના હેતુથી તુરતજ મુનિ કુમારે નદીના જળમાં વૃક્ષ ઉપરથી ઝંપાવી દીધું. તરતાં તરતાં ડાળી ઉપર બેઠેલી એ બાળાને કિનારે આણી બહાર કાઢીને એના ગુરૂ મહાત્મા મહામુની વામકર્ણ એમને શરણે લાવી મુનીકુમારે રજુ કરી. આ અચિંત્યો અસંભવિત બનાવ જોઇ મારા પાપનો મને પશ્ચાતાપ થવા લાગ્યો. હવે મારૂં પાપ છાનું રહેવાનું નથી એમ ધારી હું સરીતાને તરીને મુનિના આશ્રમે જઈ મિથ્યા વિલાપ કરીને ઘણા કરૂણાજનક ઢોંગ કરતી આ બાળાની યાચના કરતી ઉભી. ભગવાન વામકર્ણ દુરાચરણી સ્રીયોના ચરિત્રથી કાંઇ અજાણ્યા

નહતા. એમણે જ્ઞાનદૃષ્ટિથી તપાસી જોયુ તો મારૂં સાહસ તેમને અતિ ઘાતકી જણાયું. મારા સામું જોઇને તે એમ બોલ્યા કેઃ—માતા થઈને આવો વિશ્વાસઘાત કરીને વાઘેણના જેવી ક્રુરતા વાપરી આ બે નિર્દોષ બાળકોનો ઘાત કરવાના ઉદ્દેશે હરણ કરી લાવી નદીમાં ધકેલી મૂકયાં, એના જેવું બીજું કયું ઘાતકી અને કૃપણ કામ હશે ! તેમ છતાં પણ વળી વિશેષ કપટ જાળ પાથરીને મુનિઓના નિર્દોષ કૃત્યને તું દુષિત કરવા માગે છે તો તારા દુષ્ટ કર્મનું પરિણામ તને મળવુંજ જોઇયે. જો કે તું બાળકોને પ્રથમ હરણ કરી લાવી છે તો હું તને શ્રાપ આપુંછું કે તું હરણ થઇને આ વનમાં વિચરજે. વળી વાઘણની પેઠે ક્રુરતા વાપરીને તેમનો ઘાત તારા મનથી તો તું કરી ચૂકી છે, પરંતુ તેમના દીર્ઘાયુષે તેમને બચાવ્યાં છે તો બીજો વાઘેણનો દેહ પણ ધારણ કરજે, ને આ વનમાં વસજે. આ શ્રાપ સાંભળી હું તો થરથર કંપવા લાગી ને તુરતજ હરણ થઇ આ વન પ્રદેશમાં દીન થઇ ઉભી. મને દીન થયેલી જોઇ મહામુનિ વામકર્ણ બોલ્યા કેઃ—પુત્ર પુરૂરવા આરોગ્ય છે. એનો મેળાપ થવાને હજુ થોડો કાળ તારે રાહ જોવી પડશે. એટલું કહી પોતે પોતાના ઉચિત કાર્યમાં પ્રવૃત્ત થયા. અહીં આ તથા બીજી બાળાઓના સંબંધમાં અને હું અહીં રહી ત્યાર પછી મારા અને પોતાનાં વહાલાં બે બાળકોના ખોવાયાના દુઃખદ સમાચાર મારા પ્રીતમ માનસર રાજાને પરિજનોના મુખથી મળ્યાહશે અને સમસ્ત દેશમાં શોધ કરવા માંડી હશે ! તે તથા મારી પ્રિય સખી સુરતાળમંજરી અને કળાવિલાસીનીને આ વાત્તની જાણ થતાં તે અતિ આર્ત થઇને મારી શોધ માટે દિગાંતરમાં ફરતી હશે ! તેમનું શું થયું તે હું જાણતી નથી ! હું હરણ થયા પછી થોડેક કાળે મારા આ શૃંગમાંથી જળપ્રવાહ વહેવા લાગ્યો. અને મારો ઉદ્ધાર આ મહાશયને હાથે થવાનો હેતુ શો હશે તે પણ હું જાણતી નથી. ફક્ત આમને હાથે હું પશુ યોનિથી મુક્ત થઇછું, એટલું હું સ્વાનુભવથી જાણુંછું. બાકી વિશેષ હું કશું જાણતી નથી. હું મારા સર્વ અપરાધોની ક્ષમા માગી આપ સર્વનો અનુગ્રહ માગુછું.

વીરભદ્ર કહે છેઃ— પૃથ્વીરાજ આટલું કહીને તે નીચે બેઠી અને મુનિ વામકર્ણ સ્નાન કરવા સરિતા કિનારે ગયા. આ સુંદરીના મુખથી વર્ણવેલી અદ્ભૂત કથા અહીં મુનિકુમારી મૃગશિરા સાંભળતી બેઠી હતી. તે ઉઠીને આશ્રમમાં ગઇ, ત્યાં પોતાની માતાના આગળ

સર્વે કથા તેણે ઇત્થંભુત કહી સંભળાવી. પોતે આ વૃત્તાંત સાંભળી અતિ હર્ષ પામી. ત્યાંથી ઉઠી તે વેગથી આ સર્વે બેઠાં છે ત્યાં આગળ આવી. ખરેખર અહીં પોતાની પ્રિય સખીને નિરખીને હર્ષથી એકદમ તેનાં રૂવાડાં ઉભાં થઇ ગયાં. ઘણે કાળે બંને બેનોનો સમાગમ થયો એવું જોતાં તેને હર્ષાશ્રુ આવી ગયાં. એકમેક બંને સખીઓ ઉતાવળથી દોડીને ભેટી પડી. એક એકનાં નામ લેઇ મળીને તેઓ આનંદ પામ્યાં. આ રાજપુત્ર આદિ સર્વ આ બીજો આશ્ચર્યકારક બનાવ જોઈને ચકિત થઈ આમની વાત સાંભળતાં બેઠાં. સુરતાળમંજરી બોલી:— બેહેન સંગીતવાદિનિ, તારૂં અને તારા પ્રીતમ માનસરરાજાના બે પ્રિય બાળકોના સંબંધી દુઃખદ વૃત્તાંત મેં કુસુમપુરમાં સાંભળ્યું. તમારૂં અચિંત્યું અદૃષ્ટ થવું જાણીને હું મનમાં સંતાપ કરતી તુરત પુષ્કરણી સરિતાને કાંઠે જ્યાં તમોએ પ્રસ્થાન કર્યું હતું તે સ્થળે આવી, ત્યાંથી સરિતાને કાંઠે બાળકોના પગલે પગલે અવલોકન કરતી ચાલી. સરિતા સુધી પતો મળ્યો: ત્યાંથી આગળ ક્યાં ગયાં તે કાંઈ જણાયું નહિ. એટલે હું નદીના જળમાં પડી તરીને આ પ્રદેશમાં આવી. મુનિ આશ્રમમાં પ્રવેશ કરતાં વેગળેથી મેં તને દીઠી. હું જલદી તારી પાસે આવું છું એટલામાં તું અંતર્ધાન થઈ તારી એવી સ્થિતિ નિહાળી મેં અનુમાન કર્યું કે કાંઈ વિપરીત પરિણામ જણાય છે. એ પ્રમાણે તુરત નજરે જોયેલી તને પશુ અવસ્થા પ્રાપ્ત થયેલી જોઈને મેં વિચાર્યું કેઃ—હું પણ અહીં તારી પેઠે મહામુનિના કોપાનળમાં ભસ્મ થઇ જઇશ. એમ થશે તો પછી મારીને તારી એકજ દશા થયે કોણ કોને દુઃખથી મુક્ત કરી શકશે! એમ ધારી હું આ પ્રદેશમાં અદૃષ્ટ રહી, અહીંથી તું હરિણી થઈ વનમાં વિચરી તે મેં જોયું. હવે આ મુનિનો તને શ્રાપ થયો એ તો મેં નક્કી જાણ્યું. હવે મારે શો યત્ન કરવો એ વાતનો મેં મારા મનથી નિશ્ચય કીધો કેઃ— કાંઇ કપટ કીધાથી કે સ્ત્રી ચરિત્ર કરવાથી અહીં ઉલટું વિપરીત થવાનો સંભવ છે, તો આ ઠેકાણે હું સત્યપારાયણથી ભગવાન મહામુનિની સેવા કરીને એમનું મન પ્રસન્ન કરીને એમનીજ ચરણુરજવત્ દાસી થઇ રહું એવો નિશ્ચય કરીને હું એમની સેવારૂપ કૃત્યોને આરંભી તેમના દર્શનની વાટ જોતી રહી. મહામુનિ સ્નાન કરવા સારૂ ગયા. ત્યાં એમણે જે જે કર્યું તે મેં જોયું. બીજે દિવસે જ્યારે તે સ્નાન કરવા સારૂ ગયા ત્યારે એ-

મના ગયા પછી આશ્રમના તમામ રસ્તા અને સર્વ સ્થળો વાળી સ્વચ્છ કરી રસ્તામાં સૌગંધીવાળાં પુષ્પો વેરીને મનને આલ્હાદકારી લાગે તેવાં તે સ્થળ સુંદર બનાવી રાખ્યાં, દેવપૂજન સારૂ અતિ સુંદર પુષ્પો તથા બીજી આદિ સર્વ પુજાની સામગ્રીથી છાબ ભરી રાખી.

આ પ્રમાણે પ્રથમ દિવસેજ હું અદૃષ્ટ રહી મુનિવર્ય સ્નાન કરી આશ્રમમાં પ્રવેસ કરતાં સુંદર રસ્તાઓ જોઈને આનંદ પામી કહેવા લાગ્યા:— આ કોણે કર્યું હશે ! વળી દેવપૂજન માટે સર્વ સામગ્રી તૈયાર કરેલી જોઇ તે અધિક આનંદ પામ્યા. આ કોણે યોજી રાખ્યું હશે કોઇ સજ્જન વગર આમ કરવાનું કોને પ્રયોજન હોય ! એવું તે મુખથી બોલ્યા. આ પ્રમાણે હમેશ એમના ઉઠતા પહેલાં અદૃષ્ટ રહી હું રસ્તા વાળી સાફ કરી રાખતી, અને આશ્રમમાં જળપાત્રો ભરી લાવી મુકતી, એમનાં વસ્ત્ર ધોઇ સુકવી મુકતી. આ પ્રમાણે અપુર્વ સ્નેહથી, શ્રદ્ધાથી, મમતાથી મુનિની સેવા કરતાં એક માસ વિત્યો. આ પ્રમાણે હમેશાં બધો પ્રદેશ સ્વચ્છ કરેલો, જળથી છંટકાવ કરેલો તથા પોતાને માર્ગે પુષ્પો પાથરેલાં જોઇ તેમનું મન અતિ પ્રસન્ન થઇ ગયું. તેમણે જાણ્યું કે કોઇપણ ભક્તિમાન માણસ આ કૃત્ય કરે છે. ગમે તે હો, આપણે શું છે ! એમ વિચારી સ્નાન કરી આવી નિત્ય પ્રમાણે શિવપુજન વીગેરે કરી મુનિ સમાધિ ચઢાવી બેસે કે તુરત હું અદૃષ્ટ રહેલી લતાગૃહમાંથી નિકળી ને વળી સાયંકાળને માટે બધી સામગ્રી તૈયાર કરી આવતી, તથા સ્નાન કરવા જવાના માર્ગ ઉપર કરમાયેલાં પુષ્પો દૂર કરી નવાં પુષ્પોને પલ્લવો પાથરી છેક સરિતા સુધી સ્વચ્છ કરી એમની પહેલાં હું શિવદર્શન કરીને પાછી શિવાલય જળથી ધોઇને સ્વચ્છ કરી રાખતી. એ પ્રમાણે હમેશાં મારે માટે શિવાલય ધોઈ સ્વચ્છ કરી રાખે છે એવું તેમના જોવામાં આવે એ પ્રમાણે કરતી, ને પાછી વૃક્ષલતાઓમાં અદૃષ્ટ થઈ બેસતી. અને વળી મુનિરાજ નિયમસર બંને વખત સમાધિમાંથી જાગૃત થઇ જોતા. તે સમયે નિયત કરેલાં પૂર્વ પ્રમાણેજ ફળ, ફુલ, પત્ર, કંદ, મુળ, જળ, અને વલ્કલવસ્ત્રો એ સર્વે તૈયાર રાખેલાં તેમના જોવામાં આવતાં. તેમજ સ્વચ્છ કરેલું શિવાલય અને શિવાલયથી સરિતા તેમજ સરિતાથી આશ્રમ સુધી જળથી છાંટેલો અને પુષ્પ પાથરી રાખેલા પોતાને ચાલવાના સુંદર માર્ગે થઇ સ્નાન કરી આવી, શિવપુજન કરીને સમાધિમાં બેસતા.

એ પ્રમાણે મેં મુનિરાજની સેવા તેમજ શિવપુજન નિષ્કપટ ભક્તિથી કર્યું. એ તો સર્વ કોઈ જાણે છે કે જગતમાં ભક્તિ જેવું કોઇ પણ બીજું કલ્યાણનું સાધન નથી. નિષ્કપટ ભક્તિ એ એક ભક્ત જનોની કામનઓ પુરવામાં કામદુધા છે. નિષ્કપટ ભક્તિ એ એક ભક્તજનોના સંકલ્પ સિદ્ધ કરવાની કલ્પલતા છે. ભક્તિથી દેવ દાનવો માનવો પશુઓ પક્ષીઓ વાનરો કિન્નરો આદિ સર્વ ભૂતો સિદ્ધ થઈ ગયેલા છે. ભક્તિ નથી જોતી જ્ઞાતી જાતિનો ભેદ, ભક્તિ નથી ગણુતી રૂપ કુરૂપ. સુકુળ દુષ્કુળ. સદ્‌ગુણુ કે દુર્ગુણુ માત્ર જે પોતાને અનુસરે છે, તે ગમે તેવો પાપી હોય; નીચ હોય, દુરાચરણી હોય, કે પછી પતીત હોય તેને પણ તે પાવન કરે છે. તો પછી મારી કામના કેમ પૂર્ણ નહિ થાય! એવી શ્રધા રાખીને હું વર્તતી હતી. એ પ્રમાણે મેં નિષ્કપટ મનકર્મ વચનથી શિવની તેમજ મહામુનિ વામકર્ણુની ભક્તિ કરી. તે નિષ્ફળ નિવડેજ કેમ! વામકર્ણ મુનિના મનમાં એક દિવસ એવું થયું કે આજે એક માસ થયાં કોઇ પણ મારી આવી રીતની પ્રીતિથી સેવા કરે છે, પણ મારી નજરે જોવામાં આવતું નથી. માટે આજ રાત્રિએ સમાધિ ન કરતાં માંડ માંડ સમાધિ કરીને જોવું કે આ સર્વ સેવા કોણ કરે છે. આ વિચાર હૃદયમાં રાખી સાયંકાળે સૂર્યાર્ધ્ય શિવપુજન વિગેરે સત્કર્મ સમાપ્તિ કરી હમેશ પ્રમાણે નેત્ર મીંચીને બેઠા. કેટલીક રાત્રિ વીતી ગયા પછી ચંદ્રોદયનો પૂર્ણ પ્રકાશ થયા પછી મેં જે જે સેવાની સામગ્રી તૈયાર કરી, તે મુનિરાજે જોઇ. છેવટ હું શિવપુજન સ્તુતિ પાઠ કરીને બોલી કેઃ—હે કૃપાનિધિ શંકર, આ મુનિરાજ વામકર્ણના તપની નિર્વિઘ્ને સિદ્ધિ થાઓ, ને મારી સખીના પતિ માનસર રાજા સદાય સુખી રહો! અને આપના પ્રસાદથી મારી સખી સંગીતવાદિની શ્રાપથી મુક્ત થાઓ. એ પ્રમાણે પ્રાર્થના કરી દંડવત્ પ્રણામ કરી શિવાલયમાંથી બહાર નિકળી, મુનિરાજને પણ તેજ પ્રમાણે પૂર્ણ ભક્તિથી પ્રણામ કરી, વૃક્ષોની લતા તરફ જવા ચાલવા માંડી, પાછું વાળી જોયું, તો મુનિરાજે નેત્ર ઉઘાડયાં. હું મુનિરાજનાં નેત્ર ઉઘાડાં જોઈ ઘણાજ હર્ષથી પાછી ફરી પ્રણામ કરી ઉભી રહી. વામકર્ણ મુનિએ કહ્યું કેઃ—હે તપસિદ્ધિવાન્ સુંદરી! તારી નિષ્કપટ ભક્તિથી હું તારા ઉપર ઘણો પ્રસન્ન થયો છું. માટે જે ઇચ્છિત વરદાન માગવું હોય તે તું માગી લે. આવાં મુનિરાજનાં વચન સાંભળી પરમ આનંદથી હું બોલી કેઃ—મુનિરાજ, મેં તો આપની કાંઇ ભક્તિ

કે સેવા કરી નથી. પણ આપને દુઃખ અને ખેદ ઉપજાવનાર કારણ રૂપજ હું છું. તેમ છતાં આપ મારી હાલની થોડી બનેલી સેવાથી સંતોષ પામોછો, એજ આપની મહત્તા છે. આપ જેવા મહાત્માઓ મોટા મોટા અપકારોથી રોષ પામતા નથી, પણ થોડા ઉપકારથી સંતોષ પામેછે. એવા મહાત્માઓનાં પવિત્ર ચરિત્રો કાંઈ જુદાજ પ્રકારનાં હોય છે. એ વિષે હું અલ્પ બુદ્ધિથી શું કહી શકું ? ।

મહાત્માઓની પ્રકૃતિ કાંઇ જૂદાજ પ્રકારની હોય છે. મહાત્માઓની કૃતિ રીતિ અને કોમળતા કાંઇ જૂદાજ પ્રકારની હોય છે. મહાત્માઓ પોતાના શત્રુ પ્રત્યે પણ મિત્રતાથી વર્તે છે. તેઓ દુઃખ દેનારને પણ સુખ આપે છે. અને પોતાને અપકાર કરનારનો પણ ઉપકાર કરે છે. ટુંકામાં કહું તો મહાત્માઓની ઉપમા મહાત્માઓનેજ આપી શકાય, એમ હું માનું છું. આપ જેવા મહાત્માઓના પ્રભાવથીજ સર્વ જગતનું કલ્યાણ થાય છે. ઈત્યાદિ અનેક નમ્ર ભાવ ભરેલાં મારાં વચન સાંભળી ફરીથી વામકર્ણે કહ્યું કેઃ—હે વારાંગને તારાં નમ્રતાવાળાં કોમળ વચનોથી તારી સરળતાથી તારી સુશીલતાથી મારૂં મન ઘણુંજ પ્રસન્ન થયું છે. માટે તું કાંઇ પણ શંકા ન લાવતાં તારૂં ઈચ્છિત વરદાન માગી લે. એવાં એમનાં કૃપાપુર્ણ વચન સાંભળી મેં હાથ જોડી પ્રાર્થના કરી કેઃ—મુનિરાજ આ માણસ નિરંતર જે ઈશ્વર પાસે માગે છે તે વિષે આપ અજાણ્યા નથી. તોપણ આપ આજ્ઞા કરો છો તો વિજ્ઞપ્તિ કરૂંછું કે ઈશ્વર આપના તપની સિદ્ધિ નિર્વિઘ્ન કરે. મારી સખીનો પ્રિય પતિ સદાય સુખી રહે; અને મારી પ્રિય સખી સંગીતવાદિની શ્રાપથી મુક્ત થાય ! છેવટે હું પણ એ માગી લઉછું કે મારામાં કાંઇ પણ ગુણ નથી છતાં આપની સેવા કરવાની મારી સંપુર્ણ અભિલાષા પુરી પડો ! અને મારી બાંહ્ય પકડી આપની કૃપા પાત્ર દાસી તરીકે અર્ધાંગે સ્વીકારો અને જ્યાં સુધી મારી પ્રિય સખી પોતાના શ્રાપથી મુક્ત થઈ અસલ સ્વરૂપમાં આવે નહિ ત્યાં સુધી આપને મળેલી દુહિતા પાલન કરવાને ઘણો આયાસ મળતો હશે. તેમાંથી અવકાશ મળે તે સારૂ મને એ કન્યા સોંપો. હું તેની આપની વૃત્તિ પ્રમાણે બરદાશ કરીશ.

જો કે મારી એ પ્રિય સખીનો અપરાધ ઘણો છે પણ તે આપ ક્ષમા કરવા યોગ્યછો એવું જાણીને એનાપર આપનો અનુગ્રહ થાય એમ હું

ઇચ્છુંછું. હવે એ એના પાપનો પશ્ચાતાપ કરીને પવિત્ર થશે એ હું સત્ય કહું છું. એમ સાંભળી મહામુનિ પોતે બોલ્યા કે:—તારી સેવા વડે પ્રસન્ન થયો છું તેથી તારી અન્ય ઇચ્છા હું પૂર્ણ કરવાને તને અંગિકાર કરૂં છું. અને તારા કહેવા પ્રમાણે આશ્રમમાં જઇ એ પુત્રીને તારે સ્વાધીન લેઇ પાલન કર. એનું રોહિણી નક્ષત્રમાં અહીં આવવું થયું છે માટે એનું રોહિણી નામ રાખ્યું છે. તેને ઉચ્ચ વૃત્તિથી રાજનીતિ સંપૂર્ણ શીખવાડીને ભાંડુંભાવ પતિપ્રેમ આદિ સદ્‌ગુણોનું તે પાત્ર નિવડે એમ તું કરજે. વળી તું તારી પ્રિય સખીના શ્રાપનો અનુગ્રહ ઇચ્છે છે. પણ તે ચાંડાળ જેવી માતાના અપરાધ જો કે ક્ષમા કરવા યોગ્ય નથી, તોપણ ઘણું કરીને સ્ત્રીઓને બ્રહ્માએજ જાતિએ તથા સ્વભાવેજ દુસ્તર બનાવી છે. એટલે એમની પ્રકૃતિ અનુસારે એ સાહસ આદરે છે. પણ વિધિનો દોષજ ગણવાને હાલ પ્રયોજન સપ્રમાણ જણાતું નથી. તોપછી સ્ત્રીઓના સ્વભાવજ એવા નિષ્ઠુર છે કે તેઓ એમજ કરતાં કરતાં પુરૂષોને ઠગે છે. પણ તારો આગ્રહછે તો જા હું તેના શ્રાપનો અનુગ્રહ કરી કહુંછું—કે એ કુમારિકા (રોહિણી)ના કર્મ યોગે વિધિએ નિર્માણ કરેલો ભાવી થનાર પતિ સુકુળ રાજકુમાર અનાયાસે આ વન પ્રદેશમાં અહીં આવી મળશે. તે અવાંતરમાં એને હાથે તારી સખીનો ઉદ્ધાર થશે. એ સાંભળી મેં વિનયથી કહ્યું કે:—પ્રભુ, આ વનમાં અનેક હરણો વસે છે તોપછી એ પ્રતાપી પુરૂષનું ધ્યાન એ દુરાચરણી શ્રાપિત હરણી તરફ કેમ ખેંચાશે. એ-પ્રમાણેનું મારૂં વચન સાંભળી મુનિરાજે વિચાર કરી કહ્યું કે:—અદ્યપિ એની જમણી બાજુના શૃગમાંથી જળનો પ્રવાહ શરૂ થઇ હમેશાં ચાલતો રહેશે. તેથી તે આખા વન પ્રદેશમાં ફરીને સર્વ પ્રાણીને તેમજ વનસ્પતિને પોષણદાતા થઇ ઉપકારી થઇ પડશે. એ પરોપકારના હેતુથી સર્વે પ્રાણીમાત્રનો આશીર્વાદ મેળવશે, અને એ રાજકુમારનું પણ એ અદ્‌ભૂત ચમત્કાર વડે ધ્યાન ખેંચાશે. એટલે એનો ઘણો વહેલો ઉદ્ધાર થશે. પછી વાઘેણનો બીજો દેહ ધારણ કરશે એનો પણ એજ રાજપુત્રના હાથે ઉદ્ધાર થશે. એ પ્રમાણે અનુગ્રહ મેળવીને આજ પર્યંત સમયની રાહ જોઇ વર્તતાં આજ આ મહાશય રાજકુમાર અને તમો સર્વેના સમક્ષ જે બનાવ બન્યો છે એતો તમોને વિદિતજ છે. અને રાજકુમાર પુરૂરવાનું શું થયું તે હું જાણતી નથી. એના ભવિષ્ય સંબંધી મહામુનિ

વામકર્ણ સર્વજ્ઞ છે. તે અત્રે આવશે ત્યારે કહેશે. અને આ પુત્રી મૃગશિરા મુનિરાજનાથકી મને પુત્રી રત્ન પ્રાપ્ત થયું છે. એનો જન્મ મૃગશિર-નક્ષત્રમાં થયો છે તેથી એનું નામ મૃગશિરા રાખ્યું છે. બીજી મુનિ કુમારિકાઓ અત્રે આ બાળાઓના સંગમાં વિદ્યાભ્યાસ કરવા આવે છે. તેમનું જે જે નક્ષત્રમાં અહીં આવવું થયુ છે તે તે નક્ષત્ર ઉપરથી તેમના નામોની સંજ્ઞા આપી તેમને બોલાવવામાં આવે છે. એ પ્રમાણે અહીં એ બાળાઓનું નક્ષત્ર મંડળ આવી મળ્યું છે. બેહેન! ઘણા દિવસોનો વિયોગ આજ તારા સંયોગ વડે નિવારણ થયો છે. તેમાં વળી આ સૌજન્યશાળી રાજકુમાર એમનું આતિથ્ય અતિ મંગળકારી નિવડયું છે. આમ સર્વનું એક પછી એક પૂર્વ વૃત્તાંત કહી રહયાં, એટલે મહામુનિ વામકર્ણ સંધ્યા વંદન કરીને પાછા અત્રે પધાર્યા. તેમણે કહ્યું:—અહો મનોહર દેવ કન્યા સંગીતવાદિની હવે તું પાપ રહિત થઈ છે. જોયો તેં દુસંગતિનો પ્રભાવ કેવો દુઃખ દાયક નિવડે છે સંસર્ગ દોષ પણ આવરણ રૂપ થઈ પડે છે. જો કે તેં મનવડે કરીને દોષ બુદ્ધિ કરી નથી, તથાપિ અજાણે પણ એકવાર દોષ થઇ જાય તો એ બીજના અંકુર ફુટીને પત્ર શાખાઓ નિકળી તે પર્વત સમાન દોષનું ઝાડ બને છે, જોકે વસુમાન રાજાને સ્વપ્નમાં લાગેલો દુઃસંગ, એ દુઃસંગે કરીને દુષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થઇ. દુષ્ટ બુદ્ધિથી રાગ ઉત્પન્ન થયો. રાગવડે કરીને ઇચ્છા વૃદ્ધિ પામી. ઇચ્છાવડે કરીને નિર્દોષ પતિવ્રતાની અભિરૂચિ થઇ. એ અભિલાષા પાર પાડવાને યત્ન એણે યોજ્યો યત્નમાં તમારી સહાય્ય લીધી. પાપબુદ્ધિના પરિણામે સ્વર્ગમાં દેવ લોકના વૈભવ નષ્ટ થયા, અને માનવ લોકની પ્રાપ્તિ થઇ.

માનવ લોકમાં પણ ઇર્ષાભાવ સતેજ થયો. ઇર્ષા વડે કરીને નિર્દોષ બાળકોનો ઘાત ઇચ્છયો. એથી માનવ દેહ ત્યજીને પશુ દેહ પ્રાપ્ત થયો. તેમાં તુલના કરતાં ક્યાં દેવતાઓના વિહાર અને ક્યાં વનમાં વસવું! ક્યાં નાના પ્રકારની શય્યાઓ, અને ક્યાં પથ્થરની શીલાને અઢેલી મયુરવૃતિથી ઊંઘવું! ક્યાં વિવિધ પ્રકારના ઇચ્છિત અહાર, અને ક્યાં મુખે તરણાં લઇ ઘાસચારો કરવો એ આદિ અનેક દુઃખોનો અનુભવ કરી છેવટ આજ પૂર્વ સ્થિતિએ તું પહોચી છે. એ પણ આવા સર્જન મહાશયના પુન્યના પ્રભાવથીજ. બાકી એ પાપના પરિણામ રૂપ હજુ પણ કેટલો કાળ નર્ક યાતના ભોગવવી પડત, એ કહેવાય નહી. માટે કોઈપણ મનુષ્ય વા દેવતાએ દુઃસંગને

તેમજ દુષ્ટ બુદ્ધિને હમેશાં યત્કિંચિત અડવા દેવો નહિ. રાજપુત્ર પુરૂરવા અક્ષય છે, કુશળ છે, એટલુંજ કહુંછું. અને સમય મળતા સુધી સબુરી રાખી ઇશ્વિર આરાધન તેમજ સત્કર્મો કરતાં રહેજો. આ પ્રમાણે મુનિના મુખથી સદ્બોધ વચન સાંભળી મુનિપત્ની સુરતાળમંજરી અને આપથી મુકાયેલી સંગીતવાદિની એ બે અપ્સરાઓ ઉઠી સવિનય વિજ્ઞપ્તિ કરી મુનિ વામકર્ણને ચર્ણે નમી કહેવા લાગી કેઃ—ભગવાન, આપના અનુગ્રહ વડે અને આ મહાશયના સમાગમ યોગથી અમારા અર્થની સિદ્ધિ થઇ, આજ અમે અમારા મુળ સ્વરૂપને પામી, અપ્સરાના લોકમાં જવાની અનુજ્ઞા માગીએ છીયે. કેમકે અમે દેવ આજ્ઞાને અનુસરનાર પુન્ય લોકનાં વસનાર છીએ, એતો આપ જાણોજછો. એમનું વાક્ય સાંભળી મુનિ બોલ્યાઃ—સંગીતવાદિની તારી આ સખી સુરતાળમંજરીની ભકિતથી હું બહુ પ્રસન્ન થયોછું. એના અને મારા પ્રારબ્ધ યોગે નિર્માણ થયેલા ભોગની અવધિ પુરી થયે આજ તમો બંનેને તમારા લોકમાં જવાની આજ્ઞા આપુંછું. પણ એના થકી આ પુત્રી મૃગશિરા મને પ્રાપ્ત થઇ છે. તે આ આશ્રમમાં કેવી રીતે ઉદ્ધાર પામશે ! પુત્રીયોને માતા સિવાય આશ્રયદાતા બીજું કોણ છે. પિતા ગમે તેવો ધીમાન શ્રીમાન કે પ્રતાપવાન હોય તોપણ તેનું યથાવિધિ પાલન કરી શકે નહિ. તેમાં વળી આતો મુનિઓનું સ્થાનક! એમનાં કર્મ જૂદાં, એમના ધર્મ જૂદા, એમના નિયમ જૂદા. એટલે ફક્ત એનેતો સેવા રૂપ કષ્ટજ સોંપીને તું જાય છે. તેમજ વળી મને પણ આવરણ મૂકીને જાય છે એટલુંજ. એ સાંભળી સુરતાળમંજરી હાથ જોડી કહેવા લાગી કેઃ—પ્રભુ માણસનો સમાગમ એક સમુદ્રના મોજાઓમાં અફળાએલા બે કાષ્ટના કકડા સમાન છે. એકએકનો સ્પર્શ સમુદ્રમાં ઉઠેલા જળના મોજાને યોગે થયો, અને બીજો તરંગ ઉઠતાં બંને એકએકથી જૂદા પડી જૂદીજૂદી દિશાએ પ્રવર્તે છે એજ પ્રમાણે આ ભવસાગરમાં ઉઠતા કર્મરૂપી મોજાને યોગે સમાગમ પ્રાપ્ત થયો, અને વળી આજે છૂટું પડવું છે. એવો ભાવી સંકેત આપના અનુભવથી અજાણ્યો નથી. તોપછી આ પુત્રીનો યોગ પણ એમજ સંભવે છે. તો એને એની પ્રિય સખી રોહિણીની સાથેજ રહેતાં એનું જે થશે તે એનું પણ થશે એમ માનીને આપ એ બંનેનું હિત વિચારશો. મુનિયે ઉત્તર આપ્યોઃ—ભલે જાઓ, તમારી ઇચ્છા પ્રમાણે વર્તો. મુનિની આજ્ઞા મળતાં

અહીં બેઠેલા રાજપુત્રને સંગીતવાદિની કહેવા લાગી કેઃ—આપ પણ ભગવાન્ વામકર્ણ મુનિની આજ્ઞા સ્વીકારી અમને જવાની અનુમતિ આપો. લ્યો, આ એક વીંટી આપ ગ્રહણ કરો. આપનો અનહદ ઉપકારનો બદલો હું શું વાળી આપું? પણ આ તો મારા મનની લાગણીને સમાવવા મારી યાદગીરી માટે આપુંછું, તે સ્વીકારશો.

રાજપુત્રે પોતાનો હાથ લાંબો કરી વીંટી પોતાના હાથે અપ્સરાએ પહેરાવી તે માનપૂર્વક ગ્રહણ કરી. આ પ્રમાણે કરીને બંને પ્રિય બાળાઓને ભેટીને વહાલથી કોમળ શરીરે હાથ ફેરવી વાત્સલ્ય ભાવે પ્રેમાશ્રુરૂપી પુષ્પથી વધાવીને બંને અપ્સરાઓ સ્વર્ગ પ્રત્યે ગમન કરી ગઈ. ત્યાર પછી રાજપુત્ર શશિવર્મા આ આશ્રમમાં રહીને આ સૌજન્યશાળી બાળાઓના નિર્દોષ પણ રમ્ય વિહારનો અનુભવ અને સમાગમ લાભ મેળવતાં. એકએકના સ્નેહમાં જોડાઇને આનંદથી વર્તતાં એક પ્રહર રાત્ર વીતી. એ વખતે એક મુનિ બાળકની સાથે એક રાજ્યનીતિજ્ઞ પુરૂષ અને કેટલાક વાહન પાળાદિ પરિજન વર્ગના માણુસોએ આવીને આશ્રમમાં મુકામ કીધો. મુનિ વામકર્ણને ચરણે નમીને મુનિ સાથે કાંઇ સંકેતિક વાતચિત કરીને બતાવી તે જગ્યાએ આશ્રમના એકાંત સ્થળમાં તેમણે વિશ્રાંતિ લીધી. બે પ્રહર રાત્ર વીતી જવાથી સર્વેએ પોતપોતાને માટે નિર્મિત કીધેલા સ્થાને જઇ શયન કીધું. રાજપુત્ર શશિવર્મા પણ રોહિણી અને મૃગાશિરાની આજ્ઞા માગી આશ્રમથી થોડેક દૂર વિદ્યામંદિર હતું તેમાં જઈ સ્વચ્છ પથારી બિછાવીને નિરાંતે સુતો; અને ઉંઘ્યો. પાછલી ચાર ઘડી રાત્રિ રહી એટલે મુનિ વામકર્ણ નિત્ય કર્મ કરવાના નિયમ પ્રમાણે જાગૃત થયા. તેમજ રોહિણી અને મૃગશિરા એમની સેવામાં નિયમ પ્રમાણે ઉઠી સેવાના કૃત્યોમાં સજ્જ હતી. સ્નાન કરવા જતા પહેલાં આવેલા રાજ્યનીતિજ્ઞ પુરૂષને તેમજ પરિજન વર્ગના માણુસોને જાગૃત કરીને વાહન આદિ સાહિત્ય સજ્જ કરવાનું કહીને, પુત્રી રોહિણી તેમજ મૃગશિરાને આજ્ઞા કરીઃ—પુત્રીયો, આજ તમારે આમની સાથે આ રોહિણીના પિતાશ્રીના પવિત્ર નગરમાં જવાનું છે. ત્યાં જઇ તેમનો ઘણા દિવસનો વિયોગ તમારે નિવારણ કરવો. એ કૃત્ય તમો બંને બાળાઓને સર્વ વાતે સફળદાતા છે પૂર્વ વૃત્તાંત આ યોગિનીના મુખથી તમે જાણી લીધું છે, એટલે પુનરોક્તિ કરવાનું કાંઇ કારણ રહ્યું નથી. ત્યાં જઇ અહીંની પેઠે પિતાના સદનમાં

નિવાસ કરીને એમની આજ્ઞા પ્રમાણે સેવા કરીને વર્તજો. એવી મારી શુભ આજ્ઞા છે. વળી તમારી ઇચ્છામાં આવે ત્યારે અહીં પણ આવીને રહેવાનું તમારે અનુકુળજ છે. આ પ્રમાણે પિતાશ્રી વામકર્ણની આજ્ઞા સાંભળી આ પુત્રીઓ જવાને માટે તત્પર થઇ, પણ રાજકુમાર શશિવર્માને મળવાની અતિ ઉત્કંઠા હોવા છતાં કયું ખાસ કારણ જણાવી તેની પાસે જવું, તેમજ પાણિગ્રહણ થતા પહેલાં કુમારિકાઓને ધર્મે વર્તવું, એ સર્વે વાતનો વિચાર કરતાં અત્યારે પ્રિય સંબંધી પ્રેમની લાગણી મનમાંને મનમાં વસાવી રાખી પ્રિયકુમારની ઝંખના કરતી તૈયાર રાખેલા સુખાસનમાં બેસી બંને કુમારિકાઓ મુનિ વામકર્ણનો સુભ આર્શીવાદ મેળવી પિતાના નગર તરફ રવાના થઇ, અને મુનિ વામકર્ણ સ્નાન કરવા સારૂ સરિતા તીરે પધાર્યા.

સવાર થતાં અરૂણોદય થયો. એ વખતે રાજપુત્ર શશિવર્મા જાગૃત થઇ શયન તળથી ઉઠી બેઠો થઇને, પક્ષીઓના મધુર અવાજ સાંભળી, ઇશ્વિર આરાધન કરતાં ઉઠીને મુનિ વામકર્ણના દર્શન સારૂ આશ્રમમાં આવ્યો. આશ્રમમાં પ્રવેશ કરી જુવે છે તો સર્વ સ્થળ શૂન્ય જણાયું. એ જોઇ એણે વિચાર કીધો કે મુનિ બાળાઓ તેમજ અતિથી સન્યાસિની આદિ સર્વે મુનિની સાથે તીર્થ સ્નાન કરવા ગયાં હશે. એવું જાણીને પોતે પણ સરિતા તીરે સ્નાન કરવા નિમિત્તે સ્વચ્છ વસ્ત્ર ગ્રહણ કરીને ચાલ્યો. ત્યાં જઇ સરિતાના ઘાટે જોયું તો કોઇ નહતું. પણ અહીં આવ્યો છું એટલે સ્નાન સંધ્યા કરીનેજ જવું એ જરૂરનું છે એમ ધારી સ્નાનવિધિ કરીને પોતે શિવ દર્શન કરવા ગયો. ત્યાં આગળ પણ કોઇ જણાયું નહિ. શિવ દર્શન કરીને પાછો આશ્રમમાં આવ્યો, એટલે મુનિ વામકર્ણ પગમાં પાવડીઓ પહેરી ઉભા રહીને મૃગબાળના વદનપર હાથ ફેરવતા ફેરવતા આશ્રમના વૃક્ષોને નિહાળી બોલ્યા કેઃ—આજ તમો મારી પેઠે સ્નેહ મમતાને લીધે રોહિણી અને મૃગશિરાના વિયોગે કરી શૂન્યતા દર્શાવતાં જણાઓ છો. વાત્સલ્ય સ્નેહ અગાધ છે. મને પણ આજ એમના વગર ઉદાસીનતા લાગે છે. આમ મુનિને બોલતાં સાંભળી રાજપુત્રે પૂછયું:—ભગવાન, આપ શું રોહિણી અને મૃગશિરાના વિયોગનું સ્મરણ કરોછો! ને એ ક્યાં સિધાવ્યાં! એમ એકાએક કેમ જવું પડયું! એ તો મેં પણ જાણ્યું નહિ થોડા સમયનો પરિચય પણ એ બાળાઓની સરળતા એ સહવાસમાં

રહેનારાઓનું દીલ આકર્ષણ કરેછેજ. એમ કહેતાં મનમાં તે દુઃખિત થવા લાગ્યો. પોતાના મનમાં તે પશ્ચાતાપ કરવા લાગ્યો કે:—આમ એકાએક એમને જવાનું જાણ્યું હોત તો હું વિદ્યામંદિરમાં જઈ એકાંત શામાટે સેવત ! એમને મળાયું કે પૂછાયું પણ નહિ કે તમો ક્યારે અહીં આવશો? ક્યાં આગળ મળશો? અને આ થોડા વખતના સમાગમ સ્નેહને વિસારશો નહિ. એમ પણ કહેવાયું નહિ! અરે, ભાવી આગળ ભાવતું કરવા કોણ સમર્થ થઈ શકે છે! એ તો આજ સુધીના અનુભવથી મેં જાણી લીધું છે, તો હવે મિથ્યા આક્રોશ કરવો શું કામનો છે. હવે તો કર્તવ્ય તરફ લક્ષ રાખવો એજ આવસ્યકતા છે. એ પ્રમાણે મનનું સમાધાન કરીને ભગવાન મુનિ વામકર્ણને ચરણે નમી મુનિ પોતે બેઠા એટલે પાસે નાખેલા દર્ભાસન ઉપર એ કુમાર પણ બેટો. થોડીવાર એ બાળાઓ સંબંધી વાત કર્યા પછી પોતે જવા માટે મુનિની આજ્ઞા માગી. એટલે મુનિએ પ્રસન્ન થઇ આર્શિવાદ આપ્યો કે:—પુત્ર પધારો. તમારી મન કામના સિદ્ધ થાઓ. એ પ્રમાણે આર્શિવાદ મેળવીને રાજપુત્ર પોતાને પંથે પળ્યો. એક અઠવાડીયું તેણે ચાલ્યા કીધું. ત્યાર પછી એણે એક નગર આવ્યું તેમાં પ્રવેશ કર્યો. નગરમાં જઇ એક રમણીય પ્રદેશમાં બગીચો જોયો. તેમાં એક શિવાલય દીઠું. શિવાલયની બાજુએ અતિથીઓને ઉતરવા યોગ્ય સુશોભિત અવાસ બંધાવેલાં હતાં. તેમાંના એકમાં એણે નિવાસ કીધો. આ જગ્યા ઘણી સુંદર હતી, તેમજ નગર જનોની સામાજીક મેલાવડા અને વિશ્રામ કુંજવાટિકામાં હરવા ફરવા માટે નિર્માણ કરવામાં આવેલી હતી. તેથી ત્યાં ઘણા સંભાવિત માણસો આવતા જતા. એમનો સમાગમ લાભ તેને મળવા લાગ્યો. તેથી એક અઠવાડીયું એ ત્યાં રહ્યો.

એટલા વખતમાં લોકોના સમાગમથી એ દેશસંબંધી, રાજ્યસંબંધી, લોકોના વેપાર વૈભવસંબંધી સર્વ હકીકત પૂછી માહિતગાર થયો. આ જે નગરમાં પોતે આવ્યો છે. એ નગર જાવા બંદરથી સોએક કોશને અંતરે છે, એવું માલમ પડવાથી એણે પોતાના મામા રાજ્યવલ્લભ શેઠ જે બંદર તરફ જવા ઘેરથી કુચ કરી નિકળ્યા છે તે શેહેર નજીક હુ આવ્યો છું, એમ જણાયાથી તે તરફ જવાનો તેણે રસ્તો લીધો. પંદર દિવસમાં તે બંદર તે જઈ પહોંચ્યો. છેટેથી ત્યાંના દરિયા ઉપર આવેલા ડક્કામાં જરીયાની વાવટા ફરકતું એક મોટું વહાણ જણાયું. તે તરફ

જવા તેનું લક્ષ ખેંચાયું. તેથી તે એ વહાણ તરફ ગયો. ત્યાં સર્વ માણુસો માલની ગાંસડીઓ, વસ્ત્રનાં પોટલાં અને બીજી મુસાફરીની અગત્યની વસ્તુઓ લાવી લાવીને વહાણમાં ગોઠવતા હતા. તેમને પૂછ્યું;—આ બંદર તે શું જાવા દ્વીપ છે ? અને જો તેમ હોય તો આ વહાણ કોનું અને ક્યાં જવાની તૈયારી કરે છે ? આનો એ પ્રશ્ન સાંભળીને તેમાંનો એક માણસ જે સર્વ વ્યવસ્થા કરનાર હતો તેણે જવાબ દીધો કેઃ—આ વહાણ હસ્તિનાપુરવાસી નગરશેઠ રાજ્યવલ્લભનું છે. અને તે પોતાને વતન એક બે દિવસ પછી જવાના છે. તે માટે આ સઘળી તૈયારી થાય છે. રાજ્યવલ્લભ શેઠનું નામ સાંભળી આની ખુશાલીનો તો પારજ રહ્યો નહિ. પ્રભુની ખુબી અને તેનું અગાધ મહાત્મ્ય વિચારતો વિચારતો તેણે તે વ્યવસ્થાપક જે એજ નગરનો રહીશ હતો, તેને પૂછ્યુંઃ—ભાઈ તે ક્યાં છે ? તેણે કહ્યુંઃ—આવો મારી સાથે, હું તમને તેને મેળવું. તેની સાથે એ વહાણપર ચઢયો. અંદર લઈ જઈ માણુસોને બેસવાનું ભવ્ય દીવાનખાનું બનાવેલું હતું, ત્યાં ઉત્તમ પ્રકારનાં આસનો હતાં. તેનાપર તેને બેસાડીને તેણે કહ્યુંઃ—સઘળી તૈયારી થઈ ગઇ છે. એટલે પ્રસ્થાન કરવા તે હાલજ અહીં આવનાર છે. હમણાં શહેરમાંથી વિદાયગીરી લઈ આવશે. થોડીવાર તે રાજપુત્ર ત્યાં બેઠો. પછી વહાણના તુતકરપર ચઢી નગરની રચના અને તેનો દેખાવ નિહાળતો હતો. એટલામાં શેઠની સ્વારી ઘણા માણુસોના સમુહ સહિત આવતી જણાઈ. સ્વારી નજીક આવતાં તે ધશીને પોતાના મામાની સામે ગયો. પ્રથમ તેને દેખતાંજ એક એકના હર્ષનો પાર રહ્યો નહિ.

શેઠે કહ્યુંઃ—વત્સ શશિવર્મા! અહો! ઘણા આનંદની વાત! અનાયાસે મેળાપ! એનો અદ્‌ભુત વિધિનું કર્તવ્ય! બંને જણ બહુ વહાલથી એક એકને ભેટયા. પછી સર્વ મિત્ર મંડળને મળ્યો અને સઘળા સાથમાં આનંદ લહેર વરતાઈ રહી. આજ અહી રસોઈ કરાવી હતી. તે સર્વ સાથે બેશી જમ્યા. ત્યારબાદ પરવારી તેમણે વાતોમાં દિવસ નિર્ગમન કીધો. રાત્ર પડી એટલે સર્વ સુતા. રાજપુત્ર થાકેલો હોવાથી ઉંઘી ગયો. આજે એક અદ્‌ભૂત બનાવ બન્યોકેઃ—આ શહેરના રાજાની કન્યાનો લગ્ન દિવસ હતો, તેથી આખા શહેરમાં આનંદ વર્તાઈ રહ્યો હતો. ઘેર ઘેર ધોળેલાં મંદિરોમાં નાના પ્રકારની રોશની કરી ઉજવળતાનો વધારો કીધો હતો.

રાજાનો મેહેલ ભવ્ય અને ઉંચો ગગન સાથે વાત કરતો હોય અથવા આકાશનું જાણે માપ લેતો હોય તેવો હતો. તેનાપર દીપમાળથી સર્વ સ્થળે રોશની કરી હતી. તેથી તેની અપૂર્વ શોભા અહીંથી જણાતી હતી. આ શેઠને તેમજ તેના નોકર વર્ગને તો આ બાબતની ખબરજ હતી. તેથી તેઓ જાગતા રહી લગ્ન સમારંભ જોવાની તૈયારી કરી રહ્યા હતા. તેઓ બધા વહાણપર ચોકી પેરાનો બંદોબસ્ત કરી શહેરમાં જોવા જવા નિકળ્યા. પણ રાજપુત્ર ઉંઘતો હતો તેથી અને જવાની સઘળી તૈયારી થઈ રહી હતી અને આનું સાહસ તેઓ જણાતાજ હતા તેથી તેનો ઘણે દિવસે થયેલો મેળાપ વળી કાંઈ અણધારી બલામાં ફસાઈ પાડશે એવા ભયને લીધે, તેમજ આ શેહેર એણે જોયેલું નથી તેથી એ અજાણ્યો હોવાથી ભુલો પડે, તેમજ જો તે એકવાર શહેરમાં દાખલ થશે તો તેનું પુરેપુંરૂ અવલોકન કીધા વગર પાછો ફરશે નહિ, એવી ઘણી શંકાઓ કરી, તેન એમનેએમજ ઉંઘતો મુકી શેઠ અને સર્વ નોકર વર્ગ લગ્ન સમારંભ જોવાને ગયા. અહીં તેના રક્ષણ માટે જે માણસ તેને દિવસે પ્રથમ મળ્યો હતો, તેને મૂકી ગયા. રાજપુત્ર નિરાંતે સારી એક ઉંઘ લેઈ જાગૃત થતાં આંખ ઉઘાડી જુએછે તો આખાશહેરમાં રોશનીની અપૂર્વ શોભા તેની નજરે પડી. તેમજ વાજીંત્રના નાના પ્રકારના ઘોષ એને કાને પડયા. એથી તે બાબત પેલા પુરૂષને પ્રશ્ન કરવા લાગ્યોકેઃ—આશી બાબતનો આનંદનો દિવસછો તેણે કહ્યુંઃ—આ શહેરના રાજાની પુત્રીનું આજે લગ્ન થનાર છે. પણ વર કોણ થશે એ તેના પૂર્વ પુણ્ય ઊપર આધાર છે. કેમકે તે કન્યા પોતાને કોઈ દેવતાના વરદાનથી મળેલી ફુલની માળા એક હાથણીની સુંઢમાં આપશે. દેશ દેશથી આવેલા રાજાઓના મંડળમાં પ્રથમ તે હાથણીને ફેરવશે. પછી શ્રીમંત મંડળમાં તેને ફેરવશે. પછી પ્રજા સમસ્તના સમૂહમાં તેને ફેરવશે. અને એ હાથણી જે પુરૂષના ગળામાં એ માળા આરોપણ કરશે, તે પુરૂષની સાથે એ કન્યા પરણશે. આ સાંભળી તે રાજપુત્રતો ઘણો ઉત્કંઠિત થઈ મનમાં વિચારવા લાગ્યોઃ—આપણે પરણવાની અભિલાષાતો છેજ નહિ, પરંતુ આવો અપૂર્વ સમારંભ અને જન મંડળના મૂખ દર્શનનો લાભ તથા દેશનો લગ્ન રિવાજ જોવા જરૂર જવુંજ જોઈએ. એવો નિશ્ચય કરી તે તૈયાર થયો.

પેલા રક્ષક નાયકે તેને વાર્યો તો ખરો, પણ આ બાહોશ અને સાહસિક પુરૂષ તેના કહ્યાથી બેશી રહે તેવો નહોતો. તેનો જવાનો નિશ્ચય જાણી તેણે તેને કહ્યું:—અમુક રસ્તે થઈ જજો. આપણે અહીંથી ઘોડો લેઈને જાઓ. અને શેઠ આવતા પહેલાં જલદી આવતા રહેજો કે મુને ઠપકો મળે નહિ. શહેરમાં દાખલ થતાં દરવાજાની પાસે આપણો મુકામ છે. તે ગુલાબી રંગથી રંગેલો છે. શેઠનું નામ દરવાજે મોટા અક્ષરથી લખેલું છે. તે નિશાનિથી ખોળી કાઢી ઘોડો ત્યાં બાંધીને અંદર જજો. રાતના બે પ્રહર વહ્યા છે. તે વખતે આ કુંવર જોવાની મોટી જીજ્ઞાસા પૂર્વક અતિવેગથી દરવાજે જઇ પહોચ્યો, તો દરવાજો અડકાયેલો જોયો. ઘણોએ ઠોકયો પણ કોઇ રક્ષક બોલ્યો નહિ. તેથી તેણે ધાર્યુકે તેઓ જોવા ગયેલા હશે. ઘોડો દોડાવી કિલ્લે કિલ્લે બીજે દરવાજે ગયો, તો તેપણ બંધજ હતો. એમ ત્રીજે ચોથે અનુક્રમે બધા દરવાજા ફરી વળ્યો. ઘોડો ઘણા વેગથી તેની વધી ગયેલી જીજ્ઞાસાના પ્રમાણમાં દોડાવી પ્રથમની જગ્યાએ આવ્યો, તોપણ પેસવાની જગ્યા તેને મળી નહિ. તેથી હવે ઘોડો તો બતાવેલી જગ્યા નજીક દરવાજા બહાર હતી ત્યાં બાંધ્યો, પણ દરવાજો બંધ હોવાથી અંદર તે જઈ શકયો નહિ. હવે આટલી મેહેનત કર્યા પછી જોયા વગરજ પાછા ફરવું એતો મારા જેવા ઉત્સુક વૃત્તિવાળાને છાજતું નથી, એમધારી તે નાહિમત થયો નહિ, અને પાછો અંદર જવાની વૃતિને ઉદ્દેશી કિલ્લામાં પ્રવેશ કરવાનું કંઇક દ્વાર હાથ લાગે તો ઠીક એમ ધારી કિલ્લા તરફ તેણે નજર કરી. તો થોડેક દૂર કિલ્લાને લગતો એક મેહેલ ઝૂકિ રહેલો હતો. તેની બારીયોમાં ઘણો પ્રકાશ જણાતો હતો. તેથી તે ત્યાં ગયો. ત્યાં કોઇ હિંદોળે હિંચતાનો કોયલ સમ અવાજ બારીવાટે નિકળતો સંભળાયો. તેણે હિમત રાખી પોતાના હાથની એક અમૂલ્ય વીંટી કાઢી તે બારી વાટે ફેંકી. તે અનાયાસે હિદોળાપર હિંચનાર મનુષ્ય જે એક અપૂર્વ રૂપનો ભંડાર પદ્મની સ્ત્રી હતી, તેના ખોળામાં ચિત્ત્આકર્ષણ કરે તેવા પ્રકારે જઇ પડી. નજરે પડતી તે વીંટી અતિ વિસ્મયથી તેણે નિહાળી. આ વીંટી અને રોશનીનો પ્રકાશ એક થવાથી એક હજાર ઘણો પ્રકાશ દેખાવા લાગ્યો. જેથી એ મેહેલ જાણે તેજ સમૂહનો ભંડાર હોય અથવા સાક્ષાત્ અગ્નિ દેવતાને વસવાનું નિવાસ સ્થાન હોય તેવો પ્રકાશવા લાગ્યો. આ વીંટી જોઇને એ કન્યા ઘણો હર્ષ પામી મુખથી બોલી:—કેવો

અદ્દભૂત ચમત્કાર ! આ વીંટી મારી પ્રિય સખી સંગીતવાદિનીનીછે ! શું એ અત્યારે અહીં આવી છે. ઘણા હર્ષની વાત ! અનાયાસે પ્રિય સખીનોમેળાપ ! એતો અપૂર્વ લાભ ! એ પ્રમાણે ચિન્તનકરતી હિંચકેથી ઉઠી બારીવાટે તે જુએ છે, તો પોતાની પ્રિય સખીને બદલે ઘણા રૂપનો ભંડાર અને ઉત્તમ પોશાક ધારણ કીધેલો સાક્ષાત્ કામદેવની મૂર્તિ સમાન એક પુરૂષને તેણે દીઠો. તેને તે યુવતીએ પૂછયું:—કેમ કોનું કામ છે? શે અર્થે અત્યારે અહીં આવવું પડયું? અને આ વીંટી નાખી ઘરના માણસને ચેતવણી આપવામાં તમારો હેતુ શો છે ? એ તમને કયાંથી પ્રાપ્ત થઈ ?

રાજપુત્રે વિનયથી પોતાનો હેતુ જણાવી દીધો. અને આ વીંટી સંબંધી વૃત્તાંત સમય મળે કહીશ. એ સાંભળી આ સ્ત્રી એકવાર મનમાં શંકાશીળ થઈ ધારવા લાગી કે આખા મેહેલમાં હું સ્ત્રી જાત એકલી છું તેની સાથે મારૂં યૌવન અને તેને અનુકુળ આ સુંદર સ્વરૂપ, વળી આ કામ દેવ જેવો પુરૂષ, તેને એકાંતમાં આવી અણઘટતી રીતે આપણા અવાસમાં દાખલ કરવાથી કોણ મનુષ્ય મારી જાતને તથા કુળને દૂષણ આપ્યા વગર રહેશે ? પણ આવા સજ્જન પરદેશી અને જોવાની અતિ આકાંક્ષાવાળાને તેના હેતુથી પાછો ફેરવવામાં મોટો દોષ છે. જોકે તેણે આ કરોડો રૂપીઆની વીંટીની સ્પૃહા રાખી નથી. પણ ફકત જોવાની ઉત્સુકતામાં ફેંકી છે. તેથી તેના મનની ઉત્સુકતા ઘણીજ માલમ પડે છે. એમ ધારીને તથા વીંટી સંબંધી વૃત્તાંત જાણવાની અભિલાષા રાખીને પોતાની ઉપરથી જણાતી ઉજ્વળતાને હૃદયમાં વસાવી તે રાજપૂત્રને લેવા માટે એક પંખે બાંધેલી રેશમની દોરી છોડીને બારીના કઠેરા સાથે એક છેડો બાંધીને નીચે લટકતી મૂકી. આ રાજકુંવર પગમાં પહેરેલી મોજડીઓ સહિત પોતાના મનનાવેગ સાથે જાણે ઉત્સુકતાના મેહેલપર ચઢતો હોય તે પ્રમાણે ચઢી ગયો. બારીએ આવતાં ચઢવાનું કાંઈ સાધન નહતું તેથી પેલી તરૂણ સ્ત્રીએ પોતાનો જય કુંજરની સુંઢ જેવો હાથ કાઢીને તે રાજકુંવરનો હાથ પકડયો. બંને સ્વરૂપવાન ભેગાં મળ્યાં. રોશનીનો સંપૂર્ણ પ્રકાશ, રાત્રિનો સમય, એકાન્ત સ્થળ, આ પ્રસંગે કયાં સ્ત્રી પુરૂષ ધીર પ્રકૃતિ ધારણ કરી શકે ? એક એકનાં દીલ અગ્નિપર ઘૃત ઓગળે તેમ ગળ્યા વગર કેમ રહ્યાં હશે ? એવી કોણ મનુષ્ય આ વાંચતાં કે તે વખતનો દેખાવ નજરે જોઇને અટકળ કરશે નહિ ! પણ ના, તેથી આ તો કાંઈ વિચિત્ર દેખાવ ધારતાં હતાં. જેમ

ઘૃત ઉપર જળ સિંચન કરેથી ઘટ બનતું જાય છે, તેમ તેઓનાં દીલ આ પ્રસંગે ધીરપણું બતાવવાને સમર્થ નિવડયાં. બંને જણનાં દીલ પોતાના શિયળવ્રતને ઉદ્દેશીને અંદરની વિશુદ્ધિના તેજથી પ્રકાશવા લાગ્યાં. હરકોઈ અનુમાન કરનારાઓનાં દીલ વિશુદ્ધિનું મહાત્મ્ય બતાવા તરફ. ખેંચાય, એવો હાલનો પ્રસંગ હતો. જેવો તેણે આ રાજકુંવરનો હાથ પકડયો કે તુરત તેનો આધાર લઈ બારીએથી તે અંદર દાખલ થયો. પછી તો કહેવાનુંજ શું હતું. આ ઠેકાણે શૃંગાર વૃત્તિને પુષ્ટી આપનાર દરેક અનુકુળતા હતી. નાના પ્રકારનાં વાદ્ય, શૈય્યા સિતાર, રોશની વગેરે સર્વ હાજર હતું. આ બંને જણાં પણ ખીલતી જુવાનીમાં હતાં. આ સંજોગમાં વાંચનારનું દીલ તે પવિત્ર ગાણસોને માટે હિંદોળાની સમાન હાલતુ રાખવા કરતાં ટુંકામાં કહીએ કે એટલું સાધન છતાં તેઓ વિશુદ્ધિ રાહે પવિત્રજ રહ્યાં. રાજપુત્ર આ યુવતી સાથે બોલ્યો:—હે સજ્જન અને પવિત્ર મનની તારૂણી, આ વીંટી મને મહામુનિ વામકર્ણના આશ્રમમાં સંગીતવાદિની નામે અપ્સરા પાસેથી મળી છે. આ વાત સાંભળીને આ તરૂણીએ પૂછયું:—એ સંબંધી સર્વ વૃત્તાંત કહેશો તો હું આપની અતિ ઉપકારિણી થઈશ. એ સાંભળી રાજપુત્રે સર્વ વૃત્તાંત અથઇતિ કહી સંભળાવ્યું. એટલે આ તારૂણીએ કહ્યું:—મહાશય, આપ એટલું જાણતા હશો કે એ દેવાંગનાઓ સંગીતવાદિની તથા સુરતાળમંજરી તથા કળાવિલાસિની એ ત્રણે અપ્સરાઓ એકજ સ્થળમાંથી ઉતરી આ ભૂલોકમાં આવી હતી. તેમાંની બે જણીયો પોતાના લોકમાં ગઈ. એ આપના કહ્યાથી મેં જાણી લીધું છે. ત્રીજી જે કળાવિલાસિની કહી તે હું પોતે છું. અને એ બે મારી પ્રિય સખીઓ હતી. એમના પર આપનો મહત ઉપકાર થયો છે. તેમ મને એમના સંબંધી વૃત્તાંત આપે કહી પાવન કરી છે. એથી મારા ઉપર પણ આપે મોટો ઉપકાર કર્યો છે તો આપને અહીં આવવાનું પ્રયોજન ફળીભૂત થાઓ. હું આપના હિતકાર્યમાં અનુકુળ થઇશ. આ સાંભળી રાજપુત્રે કહ્યું કે:—આ તમારા અતિથીને પોતાની ધારણામાં પાર પાડવા સારૂ તમારી મદદની જરૂર છે. તે એટલીજ કે આપના ઘરમાં ક્યાંઈ જુનાં પુરાણાં વસ્ત્ર હોય તો તે મને આપશો. તે પહેરી આ મારાં વસ્ત્રો અહીંજ મુકીને જે રાજ્યકન્યાનો લગ્ન સમારંભ થનાર છે, તે જોઈ મારી જીજ્ઞાસા પૂરી પાડું

આ સાંભળી તે સુંદરી પોતાના મનમાં ધારેલા સંકલ્પને ઉદ્દેશી બોલી કે:—પરમેશ્વરની કૃપાએ કરીને એ રાજકુમારીની મન કામના

આજ ફળીભૂત થાય તો ઘણું સારૂ ! આ પ્રમાણે આને બોલતી સાંભળી રાજપુત્રે પૂછ્યું:—એમ કેમ ? જો કે સ્વયંવર નિર્માણ થયો છે તો પછી આવેલા રાજાઓ કિંવા કોઈ પણ ભાગ્યશાળી પુરૂષને પસંદ કરી વરવાનું છેજ તો. એ સાંભળી કળાવિલાસિની બોલી:—ના, ના, એમ હોત તો આપ કહો છો તેમજ થવું યોગ્ય હતું. પણ એ કન્યા તો એવો દૃઢ નિશ્ચય કરી બેઠી છે કે એક વખત મેં મારા મનથી જે વરને વરવાનો સંકલ્પ કર્યો છે એજ પતિ મળે તોજ હું લગ્ન કરીશ. જો એમનો સમાગમ ફરી નહિ થાય તો હું એમને એમ કૂવારી અવસ્થામાં આખો ભવ ગાળીશ. આવી એ કન્યાની પ્રતિજ્ઞા છે. અને એના પિતાએ સર્વે ઠેકાણે શોધ કરાવી પણ જ્યારે કયાંઈ પત્તો ના લાગ્યો ત્યારે આ સ્વંયવરની યોજના તેણે કીધી છે. આ વાતમાં કન્યાની સંમતિ માત્ર એટલીજ છે કે સ્વંયવર નિમિત્તે રાજપુત્રો ભેગા મળશે. તેમાં એ મનમોહન આવે તો સદ્ભાગ્ય ફળે. અને ના આવે તો મારી સ્વતંત્રતા ઉપર માતા પિતા કે અન્ય કોઇ પુરૂષની સત્તા કે હક નથી, અને તે હું નહિ થવા દઉ. આ વાત ફકત હું અને એની પ્રિય સખી બેજ જણ જાણીયે છીયે, અન્ય કોઇને જણાવા દીધું નથી, તમને કહેવાનો મારો હેતુ એટલોજ છે કે આપે મને મુનિના આશ્રમ સંબંધી વૃત્તાંત કહ્યું, તેમાં આપનો સંબંધ આવે છે એમ જાણીને કહ્યું છે. એ સત્ય પણ નિવડે. આની વાર્તા સાંભળી રાજપુત્રે મુનિના આશ્રમમાં જે કન્યા નિહાળી થોડો વખત એના પરિચયમાં રહ્યો હતો, એના પ્રેમની પોતાના તરફની લાગણી આવી દૃઢ જાણી લીધી. તેથી હવે તો ત્વરાથી અવશ્ય ત્યાં જવુંજ જોઇએ. એવો નિશ્ચય કરીને ફરીથી એણે આ સુંદરી પાસે જુનાં કપડાં માગ્યાં. તે પ્રમાણે એ સુંદરીએ પોતાના ઘરમાંથી તેવાં જુનાં વસ્ત્ર કાઢી આપ્યાં. તે રાજકુમારે પરિધાન કીધાં. પોતાનાં વસ્ત્ર ત્યાં મૂકી વેષ બદલી એક વાણિઆનો સ્વાંગ ધારણ કરી મધ્ય રાત્રીને સમયે જ્યાં સ્વંયવર સમાજ મળ્યો છે તે ઠેકાણે જઇ સાહુકાર મંડળ જ્યાં જોવા ઉભેલું ત્યાં તેઓના ભેગો મળી જઈ સાધારણ પ્રજા તરીકે તે જોવા ઉભો. એટલામાં સમય થયો, એટલે એક હાથણી શણગારી તેની સુંઢમાં રાજકન્યાને પુષ્કરણી સરિતામાંથી પોતાની ધાત્રીએ આણી આપેલા દૈવતાઇ પુષ્પોની માળા આપી હતી. તે માળા આપીને રાજકન્યા રોહિણી જે અહીં નિજ પિતાના સદનમાં સરિતસુલભાના નામથી બોલાવવામાં આવે છે. (હવે તેના

એ નામથી વાંચનાર તમને ઓળખાણ આપી તેના સંબંધમાં વાર્તાનો સંબંધ ચાલુ કરીએ) તેને માટે સ્વયંવર સમાજમાં એક મંગળમયી મંડપ રચેલો છે. ત્યાં સર્વ સખી મંડળ સાથે એ કન્યા આવીને બેઠી.

આ મંડપની રચના એવી રીતે કરવામાં આવેલી છે કે અહીં બેઠે બેઠે સ્વયંવર સમાજમાં મળેલા સર્વ રાજકુમારોને તથા પ્રજા સમસ્ત બીજા સર્વે માણસોને તે નિહાળી શકે. અહીં બેઠા પછી થતી સ્વયંવર ક્રિયાને લક્ષ રાખી તે નિહાળવા લાગી. હાથણીને પ્રથમ રાજાઓની હારમાં ફેરવવામાં આવી. પછી શાહુકાર મંડળમાં ફેરવતાં રાજપુત્ર શશિવર્મા જે જગ્યાએ ઉભો છે એના તરફ સર્વેનું ધ્યાન ખેંચાતું હતું. એનું રૂપ જોઈને પ્રજાજન એમજ અનુમાન કરતાં હતાં કે રાજ્યકન્યાને યોગ્ય આ વર બ્રહ્માએ નિર્માણ કર્યો હોય તો ઘણું સારૂ. સર્વેનું ધ્યાન એની તરફ ખેંચાયલું છે. સર્વ શંકા એટલીજ કરે છે કે તે રાજાઓના સમાજમાં કેમ નહિ આવેલ હોય. સાધારણ પ્રજાના એવા ઉંચ ગ્રહ કયાંથી હોયકે અતિ મનોહર એ રાજ્ય કન્યાનો પાણિગ્રહણ કરવાને ભાગ્યશાળી નિવડે ? એ પ્રમાણે પ્રજા વર્ગમાં તેમજ સ્ત્રી સમાજમાં ચર્ચા ચાલી રહીછે. એ ચર્ચાએ બોહોળા સમુદાયમાં ફેલાતાં રાજકન્યાના સખી મંડળનું તેમજ રાજકન્યાનું ધ્યાન ખેચ્યુ. આવો અલૌકિક સ્વરૂપવાન માણસ કોણ હશે, આ પ્રમાણે વાતો કરે છે. અને પ્રજાજન તરફ નિહાળતી રાજ્યકન્યાને તેની સખી મૃગશિરાએ આંગળીથી છેટે ઉભેલા રાજપુત્ર શશિવર્માને બતાવીને કહેવા લાગી કેઃ—જુઓ, જુઓ, બેહેન સરિતસુલભા ! તમારા મનના માન્યા અને તમારા મનનું આકર્ષણ કરનાર મહાશય અહીં પધાર્યા છે. તો અનાયાસે આવો યોગ વિધિએ યોજ્યા સિવાય કયાંથી મળે ! જો યોગ્ય અવસરે તેમનું આગમન થયું છે તો પરમેશ્વર તમારૂં પણ પળાવશેજ ? રાજકન્યા તેને જોઈમનમાં અતિ મગ્ન થઈ મૃગશિરાને-કહેવા લાગી કેઃ— પ્રિયજન દેખતાંજ પ્રીતિનાં કિરણ લંબાવી તેની મુલાકાત ન લઈએ તો હવે બીજાની સ્પૃહા કરીએ છીયે એવું મનાય. આપણે હવે કોની રાહ જોવાની છે. એમ કહીને ઉભી થવા જાય છે એ જોઈને મૃગશિરા કહે છેઃ—બેહેન ,તમે અતિ આતુર થયાં છો, એહુ જાણું-છું. પણ હવે થોડીવાર તમારી લાગણીને દબાવી મનોનિગ્રહ કરો. કેમકે એકવાર પ્રસિદ્ધ કરેલું પણ છોડી દઈને ઉતાવળું પગલું ભરવામાં આવેતો મોટો વિગ્રહ પેદા થાય, અને તેડાવેલા રાજાઓની હાંસી કરવારૂપ

અપમાનનો બદલો મેળવવા બધા રાજાઓ તપી ઉઠે. જે વિધિએ તમારા મનને એમનામાં આવિર્ભૂત કીધું છે, એ પૂર્વનો સંકેત અને પૂર્વ પુન્યનો ઉદય થઇને તમારી ઈચ્છા એજ પૂરી પાડશે. માટે થોડીવાર થોભો અને જુઓકે કેમ બને છે. એ પ્રમાણે સખીનો બોધ સાંભળી રાજકન્યા કહેવા લાગીકેઃ—પ્રિય સખી એ તો તુંપણ જાણુતી હશે કે હાથણી પશુ જાત છે. એને એવું જ્ઞાન કયાંથી હોયકે મારી મનોવાસના જાણી લઈ એજ પ્રતાપી રાજપુત્રને ફુલમાળા આરોપે જો તે બીજાનેજ આરોપણ કરે તો મારો આ દેહ ત્યજવાનોજ! એ મારૂં પણ તું અને કળાવિલાસિની એ બેજ જાણોછો, તો એનો ઉપાય શો કરવો! આમ તે વાત કરેછે એટલામાં હાથણીએ ફરતી ફરતી આ રાજપુત્ર પાસે આવી ફૂલની માળા એના ગળામાં આરોપણ કરી. આ જોતાંજ રાજકન્યા હર્ષમાં ને હર્ષમાં એકદમ ઉઠી, સખી મૃગશિરાને લઈ ચાલવાનુ કરે છે, એટલે સર્વ સમાજમાં શોરબકોર થવા લાગ્યો. સર્વ લોકોએ સાધુ સાધુ શબ્દ કરી મોટો જયઘોષ વર્તાવ્યો. આમ બન્યું એ સર્વએ જોયું. પણ સમાજમાં મળેલા રાજ્ય વર્ગના લોકોને એ વાત અનુકુળ થઈ નહિ. એમના તરફથી એમ બોલાયુંકે હાથણી ભુલી. રાજા સિવાય રાજકન્યાનું આલંબન બીજાથી કરાયજ કેમ? જો કે માનસર રાજા આ કન્યાનો પિતા એને તો આ વાત માન્યજ હતી, પણ હાથણી ભુલી ગઈ છે. એવુંજ જણાવી, રાજ્ય લોકોના અનુયાયી મતથી હાથણીને ફરીથી ફેરવવી એમ ઠર્યું. આમ થવાથી રાજકન્યા બહુ ચિંતાતુર થઈ, પણ તેને તેની સખીએ દિલાસો આપ્યોઃ—બેહેન, જે પ્રભુએ આટલો બધો સંજોગ મેળવી આપ્યોછે તેજ પ્રભુ તમારૂં પણ એકવાર તો શું પણ અનેકવાર રાખશેજ. એ પ્રભુનો વિશ્વાસ રાખજો, બેહેન. એમ કહીને તેને પાછી બેસારી. વળી હાથણીને પ્રથમની પેરે સમાજમાં ફેરવવા માંડી. રાજસમાજમાં તેને ફેરવી પણ એકે રાજકુમારનું ભાગ્ય ફળ્યું નહિ. વળી સાહુકાર મંડળમાં તેને ફેરવવા માંડી. રાજપુત્ર શશિવર્મા પોતાનું આવું અપમાન થોડીવાર સહન કરી રહ્યો. કેમકે જે વર્ગમાં તે ઉભો છે તે વર્ગનો દરજ્જો એણે સ્વીકારવો. એમાં એની પ્રતિષ્ટાનો વધારોજ હતો. એવું જાણીને તે ઉભો હતો ત્યાંથી છેક પાછલા ભાગમાં જઈ ઉભો રહ્યો. હાથણી ફરતી ફરતી આ તરફ આવી તો અસલ જગ્યાએ આ કુંવરને જોયો નહિ. છેટેથી એને પાછળ ઉભેલો જોઇને એકદમ માણસના સમુદાયમાં હાથણીએ ધસીને પ્રવેશ

કીધો. એટલે લોકો એકદમ ખસવા જતાં કેટલાએક પડી ગયા. પડતાં પડતાં ઉઠી નાસ ભાગ કરી રહ્યા, ને રસ્તો મોકળો કર્યો. એટલે રાજપુત્ર જ્યાં ઉભો હતો ત્યાં જઈ બીજી વખત તેનાજ કંઠે ફુલનીમાળા તેણે આરોપણ કરી. આ જોઈને પ્રજા વર્ગ તેમજ સમદૃષ્ટિથી જોનાર રાજ વર્ગના વૃદ્ધ પુરૂષો આના ભાગ્યને ધન્યવાદ આપવા લાગ્યા પણ રાજ વર્ગના જુવાન પુરૂષોએ દુરાગ્રહને વળગી રહી ત્રીજી વખત એ હાથણી નહિ પણ હાથી ફેરવવો એમ ઠરાવ્યુ. ત્રીજી વખત હાથણીને બદલે હાથીને લાવી ઉભો કીધો. તેની શુંઢમાં ફુલની માળા આપી રાજમંડળમાં ફેરવ્યો, પણ કોઈઉપર તેણે એ ફૂલમાળા આરોપણ કરી નહિ. પછી શાહુકાર મંડળમાં ફેરવતાં એના એજ રાજપુત્રના ગળાગમાં હાથીએ પણ ફૂલમાળા આરોપી. ત્રીજી વખત આમ થયું, એટલે સર્વને આ વાત માન્ય થઈ. કેટલાક દુરાગ્રહી રાજપુરૂષો એમને એમ મનમાં બળતાજ રહ્યા. હવે માનસર રાજાએ રાજપુત્ર પાસેથી એ ફૂલમાળા મંગાવી પોતાની પુત્રીને આપીને આજ્ઞા કરીકે:—પુત્રી, આ ફૂલમાળા તારા ઈચ્છિત વરને તારે હાથે અર્પણ કરીને એમને અહીં વૃદ્ધ ગુરૂજનોની સમક્ષ મંગળમય મડપમાં તારી સખીઓ સહવર્તમાન જઈને લઈ આવો. પોતાના-પિતાની આજ્ઞા સ્વીકારી સખી મૃગશિરા આદિ સર્વ સખીઓને લઈ ફૂલમાળા પોતાના હાથમાં ગ્રહણ કરીને રાજપુત્રી સરિતસુલભા રાજપુત્ર શશિવર્મા તરફ ગમન કરવા લાગી. ગંગા નદી પોતાના તરંગોને ઉઠાવતી પોતાના પતિ સમુદ્રને મળવા જતી હોય તેમ આ કન્યા પણ પોતાના તરંગોને હર્ષથી ઉભરાવતી સમુદ્ર જેવા ગંભીર સ્વભાવના એ રાજપુત્રને મળવા ચાલી, અને એ રાજપુત્રની સનમુખ આવી ઉભી. કામદેવના પુષ્પની પેઠે પોતાનાં કમળ સરખાં વિકાસિત નેત્રોવડે તેને નિહાળીને ભ્રમરની પેઠે રાજપુત્રને પોતાના ચક્ષુદળમાં તેણે વસાવી રાખ્યો. પછીએ મુગ્ધબાળા શરમાતી શરમાતી પણ મનોમન ભાવનાએ મનમાં ઊપજેલી ઉત્કંઠાને ઉભરાતી રોકી શકી નહિ. એટલે તે એટલું પણ બોલી ગઇકે આજ આપે આ ભૂમીને પવિત્ર કરી આ નયનને આનંદ આપી આ હૃદયને પ્રફુલ્લિત કર્યું છે. મારા હૃદયમાં યોજેલા શબ્દ પુષ્પો એકી વખતે બોલવા જાઉતો સુંદર વાક્ય માળા ગુંથાય નહિં તેથી એ સર્વ શબ્દ પુષ્પોઆ પુષ્પમાળાના પુષ્પમાં આરોપણ કરીને આ માળા હું આપને અર્પણકરૂંછું. એમ કહીને બંને હાથમાં ફૂલમાળા ધારણ કરીને હાથ લાંબા કરી જેવી રાજપુત્રના ગ-

ળામાં તે આરોપણ કરવા જાય છે તેવામાં એક અલૌકિક મહા તેજસ્વી પુરૂષ રાજપુત્ર શશિવર્માની આગળ ધસી પોતાની ડોક આગળ ધરીને ઉભો રહ્યો. આ બનાવ જોઈ અને એનું અદ્ભૂત રૂપ તથા તેજનો પ્રકાશ પડતાં રાજકન્યાએ ફૂલની માળાસાથ પેતાના બંને હાથ પાછા ખેંચી લીધા. તેની બંને આંખો મીંચાઇ ગઈ. આની આ સ્થિતિ સર્વ સખીઓએ દીઠી, પણ કોઇ તેનો ભેદ પામી શકી નહિ. મૃગશિરા કહેવા લાગીકે;—બેહેન, આમ કેમ? ફૂલમાળા કેમ હાથ ખેંચી પાછી ધરોછો? સરિતસુલભા કહે છેઃ—બેહેન, આ કાંઇ અદ્ભૂત બનાવ હું જોઉછું એશું? આ કોઇ દેવાંસી પુરૂષને આમની આગળ આવી ઉભેલા જોઉછું. મૃગશિરા કહે-છે તું જુવે છે એ બીજા પુરૂષને હું જોતી નથી. તારા ચક્ષુનો વિકાર છે કે શું? સરિત સુલભા કહે છેઃ—ના, બેહેન, એમ નથી આ અંતરિક્ષ ઉભેલા એક બીજા અતિ રૂપવંત અને કાન્તિમાન પુરૂષને હું જોઉછુંજ. આ સાંભળી મૃગશિરા કહે છેઃ—બેહેન, ત્યારેતો તે કોઈ દેવતાનો છળ હોવો જોઈયે. આ-વેલા આ દેવાંશી પુરૂષે એની સખી મૃગશિરાને પણ પોતાનું રૂપ દેખાડયું. હવે એની પણ ખાત્રી થઇકે આ બે સમાન રૂપના પુરૂષોમાં એક પૃથ્વી પર ઉભા છે ને એક પૃથ્વીથી એક તસુ અંતરિક્ષ ઉભા છે- એજ ઉપરથી રાજપુત્રીને ઓળખાણ આપી તે કહેવા લાગીકેઃ—બેહેન, આતો ખચીતજ કોઇ દેવ પધાર્યા છે. માટે આપણે એમને પુછીએકે આપને અહીં આવી અમારા આ મંગળ કૃત્યમાં વિઘ્ન આણવાનું શું પ્રયોજન છે? અને આપ કોણછો? બેહેન, તમારો નિશ્ચય સવિનયથી એમને જણાવો, અને એમની સહાય્ય માગો. સખીની આ સલાહ ધ્યાનમાં લઇ રાજપુત્રી બોલીકેઃ—

ઇંદ્ર વિજય.

શેષ મહેશ રમેશ રતિ પતિ ભાનુ કુબેર મરૂત ભૂદેવા
વ્યાસ વિશારદ કે ગણુનાયક લાયક છો વરદાયક દેવા
શુંભનીશુંભ દશાનન કે પછી મચ્છ વરાહ વિપૂલકો દેવા
મેષ મિથુન કરક વરખ છો કે પછી રાશિપતિ પર દેવા.

ત્રોટક.

ઋષિનારદ કે ગુણ નાગર છો, અહી રાવણ કે રતનાકર છો;
સનિશ્ચર છો કે અનિશ્ચર છો, પદમાપતિ કે પદમા કર છો.
ભ્રગુ બલી કે દીનકર વર છો મયદાનવ કે મનવંતર છો.
શુંસ્વતંતર કે પરતંતર છો વળિ ગુહ્યક કે ધનવંતર છો

શું સુધાકરકે વસુધા સુત છો બુધ કે ગુરૂ કેતુ પુરંદર છો
ઉચ્ચ કે નીચના ગ્રહરાહ વિષે અજરામર કે ક્ષણુ ભંગુર છો
વળતાં વર દેવ વદે વરણી રમણી રૂપ તારૂ સુણી રમણી
ઋષિનારદજી ગુણુગાન કરી સુરમાં સુરતુશુર લીધું હરી
સુરના પુરમાં ને પુરંદરના ઘરમાં તુજ રૂપ બરોબરના
લલના નહિ લાયક લોક મહિ સુખદાયક નાયક કોક કહીં
અમને કહી અંતરધાન થયા મુજ અંતરમાં અભિલાષ રહ્યા
શચીને તજીને શચીનો તે પતિ વિનવે તુજને કરીને વિનતી
વરમાળ વરી વરદે અમને અરપુ અમરાપુર હું તમને
ધર વૈભવ વાસવના ઘરના વસવું સુરનાયકના ઘરમાં
શચી ઉરવશી શકુંતલ જા ગણુશે તુજ વાસવસા દરજા
સજસે તુજ સાદર સેવ બહુ કરસે તુજ આદર દેવ સહુ
ગમતા સુખ ભોગવિલાસ ઘણા મનુષ્યો થકી કોટયત્રધી ન મણા
કરીને તુલના ભજ દેવ પતી ફરીને તક આ મળનાર નથી
સુણ તું સુરલોક અધીપ અરે સુરલોક તને શિરછત્ર ગણે
પણુ દોષિત છો પર યોષિતથી કમણે ગુણી લોક અધીક મને
ગૌતમ ઘરતું માંઝાર થઈ પેઠો પરદાર વિચારી નહિ
પરવા ન ગણી પરમેશ્વરની તુજ કામી સમો કુણુ બેશરમી
વય બાળક વૃદ્ધ યુવાન છતે મનકર્મ વદી ગણીગો વરજે
સુખ કે દુઃખદાયક નાયકએ સતિને પતિદેવ બરોબર તે
સુરનાયકની પરવા ન કશી પછી વૈભવની અભિલાષા શી
મન વાંછિત આ વરને વરતાં વરવી વદવી સુખ ભાષા શી.

છંદ.

માનવમાં માનવની પ્રિતી પરતીતી દેવ તણી રીતી
વર્તેથી વર્ત જવાની છે ભજવાથી તજવી ખ્યાતી છે
અહી સત્યપરાયણુતા વર્તી પરજન્ય સમોવડતા ધરશો
ગરજી અણુગર્જ્ય પણે દૈને ખાલી થૈ ખલક મહી વરશો
દાતા થઇ અર્ણુવ રૂપ ધરી ગંભીર ગુણુ ભારી આદરશો
સરખુ દૈ સરવેને નભ કે મહિમાં પગ ઉચ્ચ પદે ધરશો
ક્યાં છે માનવમાં કલ્પલતા ક્યાં છે સુંદરતા માધુરતા
ક્યાં છે મૃદુ વદિતા ગંભીરતા દેવો સમ દીનમાં દુર્લભતા

તો સંભવ શું ધારી મમતા સમતાદિ ગુણને દુર કરી
દેવા ધિશ થઇને દૈન્ય પણું માગો માનવ સ્વિકાર કરી
આ અવસર હું તમને વીનવું દીન બાળકને કરૂણા કરવી
અંગળકારી વરમાળા અર્પી વર વધુને કંઠે ધરવી.
છે ધર્મ જ્યાં સુધી ધર્ણી મહી છે કર્મ જ્યાં સુધી કર્ણી મહી
છે વન્હી જ્યાં સુધી અર્ણી મહી છે આત્મ વિદુષીવર્ણી મહી
છે તેજ જ્યાં સુધી દીનકરમાં છે સૌમ્ય જ્યાં સુધી હિમકરમાં
છે નારાયણ પ્રિતી નરમાં ત્યમ પતિવ્રતની પ્રિતી વરમાં
છે વિશ્નુરમા શું રમણેશં છે પશુ પતિ ગંગા ધરણેશં
છે વેદવિધી મુખ વર્ણેશં છેસતિ મતિ પતિને ચરણેશં
છે શુક સનકાદિ અષ્ટ વસુ છે નભનીર આદી તત્વ મસુ
છે સરીત રતી ગત અર્ણવશુ ત્યમ પતિવ્રત મહિમા વર્ણવશું
છે સત્ય નીરંતર પરમેશં છેધર્ણીધર જ્યાં લગ શેષ
છે અદ્રી સુતાવર માહેશં છે પતિ પ્રાણાનીજ ઉદ્દેશં
છે ગજ પતિ અજનીજ ધર્મેશં છે ગ્રહ ગતિ આધશુધર્મેશં
છે ષટ રૂતું નીસી દીન ધર્મેશં છે સતિ શિળ ધારી ધર્મેશં

ઉપેદ્ર વજ્ર.

ક્રીયા કરેલી ફળતી સદાય આ વિશ્વનો નીમ જુવો જણાય
ભલો બુરો તર્ક કરો ન લાંબો વાવી જુવો બાવળ કેળ આંબો

હે દેવેંદ્ર ! આ પ્રમાણે કર્મ સંચિત નીયમોનું કોઈ ઉલંઘન કરી શકતું નથી. તોપણ માણસ કિંવા દેવ તથા સતૂસંગ તથા દુઃસંગ, સારા કે નરતા કર્મોમાં જોડેલી પ્રકૃતિ ફેરવી શકવા સમર્થ થતું નથી. એ આશ્ચર્ય જેવું ભાષે છે. જો કે તને મહાત્મા ગૌતમ મહામુનિએ તારા દુષ્કર્મને જાણીને સહસ્ત્ર ભગ આપી આંકીને છોડી મૂકયો અને તારા યોગે નિષ્કલંક ચંદ્રને મહારોગ અપાવી કંલકિત કરાવ્યો, તોયપણ તારી પરદારા અભિલાષી મુળ પ્રકૃતિને તું ત્યજી શકયો નહિ. વળી મહામુનિ દેવશર્માની પત્ની રૂચિની અભિલાષા કરીને તુ તેમના પવિત્ર આ-શ્રમમાં ચોરની પેઠે પ્રવેશ કરીને ગયો. ત્યાં તેની રક્ષા કરતા મુનિકુમાર વિપુલે તારાં નીચ ચરિત્રોને જાણી લીધાં, તો પણ પોતાના તપવડે કરી તને બાળી મૂકવાને સમર્થ હોવા છતાં મુનિયોની કૃપા પાત્ર પ્રકૃતિને

અનુસરી તે વિપુલે દયા લાવી ઠપકો આપી તને જતો મુકયો. આ તારા દુષ્કર્મની કથા અથઇતિ હું જાણું છું. તે આજ ફરીથી તને સ્મરણ થવા કહું તે સાંભળ. વળી તું સ્ત્રીયોની સાધારણ દુષ્ટ પ્રકૃતિજ છે, એમ જાણીને પતિવ્રતાઓની કરણી અતિ દુસ્તર છતાં તેમનાં વ્રત ખંડન કરવા યત્ન કરે છે, એ પણ રાજારૂપ ઇંદ્ર તારી પ્રકૃતિનો દોષજ છે. જો સ્ત્રીયોના સ્વભાવ ઘણા ભાગે ખરાબ આચરણ આચરનારા છે એમ જાણીને તું મારી સ્પૃહા કરતો હોયતો તે તારા મનમાંથી કાઢી નાંખ. હું સત્ય કહુંછુંકે તેવી બીજી સ્ત્રીયોની ગણનામાં મને લેખાવીશ નહિ. સ્ત્રીયો ખરાબ આચરણવાળી છે, ને એ વાત કબુલ કરતાં મારે કહેવું જોઇએ કે તેમાં પતિવ્રતાનો સમાવેશ થશેજ નહિ. પણ જે સમુદાયમાં ઘણું અસત્ય અને થોડું સત્ય સમાયલું હોય તેમને માટે એકંદરે કુલ સમુદાયજ ખરાબ આચરણનો કહેવાય છે. એવી સ્ત્રીયોના દોષ પ્રગટ કરવામાં હું સ્ત્રી જાત છતાં સ્ત્રી જાતિની નિંદા કરૂછું એમ કોઇથી કહેવાશે નહિ. શાસ્ત્રો પુરાણો કથા અનેકથાનકોમાં તેમજ લોકોમાં સાધારણ એમ બોલાય છે અને હું પણ એમજ કબુલ કરૂછુંકે અવશ્ય સઘળા દોષોનું મુળ સ્ત્રીયો છે. કેમકે વાયુની પેઠે તેઓ ચળચિત્ત વાળી છે એવું કહેવાય છે. એ સંબંધે નારદ અને બ્રહ્માની પંચમુડા નામની અપ્સરાનો સંવાદ રૂપ ઈતિહાસ કહુંતે સાંભળ પૂર્વે સઘળા લોકમાં ફરતાં ફરતાં દેવ, ઋષિ નારદ મહામુનિયે બ્રહ્માની પંચચુડા નામની સુંદર અપ્સરા દીઠી, તે અતિ મનોહર સુંદર અવયવો વાળી અપ્સરાને જોઇ ભગવાન નારદ મુનિ પુછવા લાગ્યા કેઃ—હે શ્રેષ્ટ અંગવાળી સુંદરી, મારા મનમાં કાંઈ સંશય છે, તેનો તું મને ખુલાસો કરી આપ. નારદનું એવું વચન સાંભળી અપ્સરા બોલીઃ—તમે મને ઉત્તર આપવાને યોગ્ય માનતા હોતો ફક્ત હું જે વિષય જાણુંછું એજ વિષય ઉપર બોલી શકીશ. એનું એવું બોલવું સાંભળી નારદ મુનિ કહે છે કેઃ—હે કલ્યાણિ, હું તને અયોગ્ય વિષયમાં જોડવા કદી ચાહાતો નથી. પણ હે સુમધ્યમો રૂડા ભાગ્યવાળી સુંદરી, હું તારાથી સ્ત્રીયોના સ્વભાવ સાંભળવાની તથા જાણવાની ઇચ્છા રાખું છું. નારદ મુનિનું એ પ્રકારનું વચન સાંભળી તે ઉત્તમ અપસરા કહેવા લાગીકેઃ—હું સ્ત્રી છતાં સ્ત્રીયોની નિંદા કરવા ઇચ્છતી નથી. જોકે સ્ત્રીયોના સ્વભાવ તમારા જાણેલા છે તે છતાં આવા કર્મમાં મને ઉમેરવા તમે યોગ્ય ધારશો નહિ. નારદ મુનિ કહે છે કેઃ—

એ તો તને માલમમજ હશે કે જુઠું બોલવાથી દોષ લાગે છે માટે સત્ય કહેવામાં કે પ્રગટ કરવામાં કશો દોષ નથી તો સાચેસાચું કહેવામાં કાંઈ હરકત નથી. એવો નારદનો આગ્રહ જોઈ તે અપ્સરાએ સ્ત્રીયોના સ્વાભાવિક ખરા દોષોને કહેવાનો આરંભ કર્યો, પંચચુડા કહે છેઃ—હે દેવર્ષિ, સારા કુળમાં જન્મેલી રૂપાળી તથા સારા સ્વામિવાળી છતાં પણ મર્યાદામાં રહેતી નથી એ સ્ત્રીમાં દોષજ છે. તો અવશ્ય સ્ત્રીઓના જેટલું અત્યંત પાપી બીજું કોઈ નથી એમ કહ્યા વિના ચાલશે નહિ. સઘળા પાપનું મુળ સ્ત્રીયો છે, એ તમારાથી ક્યાં અજાણ્યું છે? સમાન પૈસાવાળો રૂપાળો તથા પોતાને વશ એવા પતિનું પોતાના વચ્ચે અંતર પડવા પછી એ સ્ત્રીઓ તેની વાટ જોતી નથી, તે સ્ત્રી જાતિનો મોટો અસત્ ધર્મ છે. અમે સ્ત્રીઓ લજ્જાનો ત્યાગ કરી પાપી પુરૂષોને ભજીએ છીએ, વળી જે પુરૂષો હમેશા સ્ત્રીની પ્રાર્થના કરે છે, તેમની નજીક જાય છે અને કાંઈક સેવા કરે છે, તે પુરૂષની જરૂર તેઓ ઈચ્છા કરે છે. જન સમુહ અથવા પરિ—જનોના ભયથી મર્યાદા વગરની સ્ત્રીયો ભર્તાઓની આમન્યામાં રહે છે. તેમ છતાં પણ તેઓને કોઈ અગમ્ય નથી. તેમ કંઈ પણ સમાન વયનું પ્રમાણ તેઓ જોતી નથી. માત્ર પુરૂષ જોઈનેજ તેને તેઓ ભોગવે છે. ભયથી કે ઠપકો આપવાથી અથવા દ્રવ્યની લાલચે અથવા અલંકાર કે કુળના સંબંધથી સ્ત્રીયો સ્વામીની આજ્ઞામાં કદી રહેતીજ નથી. કુળવાન સ્ત્રીયો પણ યુવાવસ્થાવાળી સુંદર ઘરેણાં તથા નૌતમ વસ્ત્રો ધારણ કરનારીયો પણ સ્વેચ્છાચારી સ્ત્રીયો પરપુરૂષની સ્પૃહા કરે છે. જેઓ સુરક્ષિત પતિવલ્લભ સ્ત્રીયો હતી, તેઓ પણ કાંણાકુબડા લુલાલંગડા ભિક્ષુક ભંગી કે રોગી ભોગી કિંવા જોગીયોની સાથે વિહ્વળપણે બગડેલી જણાઈયો છે. કુત્સિત આચરણવાળા કામી પુરૂષો સ્ત્રીયોને અગમ્ય છે, એમ આ લોકમાં નથી. જો કોઇ પ્રકારના ઉપાયથી પુરૂષની પ્રાપ્તિ ન થાય તો અન્યોઅન્ય સ્ત્રીયો કૃત્રિમ વ્યવહારમાં પ્રવર્તે છે. પરંતુ ભર્તાની મર્યાદામાં રહેતી નથી, ફકત તેઓ રહે છે તે પુરૂષો ન મળવાથી, અથવા પરિજનોના ભયથી કિંવા વધ કે બંધનના ભયથી. તેઓ પોતે પોતાની મેળેજ પોતાનું રક્ષણ કરે તો તે થાય છે. તે ચંચળ સ્વભાવવાળીઓ દુઃખ વડેજ સેવવા યોગ્ય છે. પ્રાજ્ઞ પુરૂષની વાણીની પેઠે સ્ત્રીયોનો સ્વભાવ જાણવો ઘણો કઠીણ છે. જેમ

કાષ્ટથી હુતાશન તૃપ્ત થતો નથી, જેમ નદીયોના સમાગમથી સમુદ્ર તૃપ્ત થતો નથી, અને જેમ સર્વ ભૂતોના નાશથી કાળ તૃપ્તિ પામતો નથી, તેમ પુરૂષોને ભોગવતાં ભોગવતાં સ્ત્રીયોને સંતોષ થતો નથી. પોતાને વલ્લભ એવા પુરૂષને જોવાથી સ્ત્રીયો પોતાનું મન વશ રાખી શકતી નથી. તેઓ કેવળ પરતંત્ર થઈ રહે છે. કામનાઓને પુરી પાડનાર મનને પ્રિય-લગાડનાર તથા રક્ષણ કરનાર એવા પતિને પણ તેઓ વશ થતી નથી. કામ ભોગ ભારે અલંકાર કે હમેશા પાસે રહેવાથી જેટલી સ્ત્રીયો પતિને વશ થતી નથી, તેટલી રતિમાં સદૃઢ થવાથી વશ થાય છે. કાળ પવન પાતાળ વડવાનળ વિષ સર્પ અગ્નિ એમની પેઠે સ્ત્રીયો પણ જરૂર નાશ કરનારીઓ છે. જ્યારથી પંચ મહાભૂતો ઉત્પન્ન થયાં છે, જ્યારથી વિધાતાએ લોકનું નિર્માણ કર્યું છે, અને જ્યારથી સ્ત્રી અને પુરૂષોનું નિર્માણ કર્યું છે, ત્યારથીજ તે દોષો સ્ત્રીયોમાં સ્વભાવિક આરોપણ થયેલાજ છે. પરમેશ્વરે સૃજેલા મોહથી અતિશય વિંટાએલા આ મનુષ્યો જગતમાં ક્ષણે ક્ષણે સ્ત્રીયોમાં આસક્ત થાય છે, તેમ સ્ત્રીયો પણ પુરૂષોમાં આસકત થતી પ્રત્યક્ષ દેખીયે છીયે. એવી સ્વભાવ દુષ્ટ સ્ત્રીઓનો સંગ પુરૂષો કેમ કરે છે ? વળી સ્ત્રીઓ કેટલાક પુરૂષોમાં આસકત થઈ રહે છે, તેમ નથી પણ થતી, તેનું કારણ શું ? એવા દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રીઓનું પુરૂષથી રક્ષણ કેમ થઈ શકે ? સ્ત્રીઓ પોતાની ચેષ્ટામાં પુરૂષોને ઠગે છે. તેઓ હાથમાં આવેલા કોઈ પુરૂષને છોડતી નથી. જેમ ગાયો હમેશાં નવાં નવાં તૃણ ગ્રહણ કરે છે તેમ સ્ત્રીઓ પણ નવા નવા પુરૂષની ઇચ્છા કરે છે. શંબર તથા નમુચિ દૈત્યની જે માયા તે સઘળી માયાઓરૂપ સ્ત્રીઓને જાણવી. તે હસતાની સાથે હસે છે, રડનાર સામે રડે છે, દેશકાળ અવસર જોઈ અપ્રિયને તે પ્રિય વચનોથી વશ કરે છે. શુક્રાચાર્ય તથા બૃહસ્પતિ જે શાસ્ત્રો જાણે છે તે સ્ત્રીની બુદ્ધિથી અવશેષ રહેતું નથી. ત્યારે હવે પુરૂષોએ તેમનું રક્ષણ કયે પ્રકારે કરવું ? જેઓ જુઠાને ખરૂં કરી આપે છે અને ખરાને જુઠું પણ તેઓ કરી આપે છે, એ પ્રકારના ચરિત્રવાળી સ્ત્રીઓનું રક્ષણ પુરૂષોએ શી રીતે થાય ? શુક્ર તથા બૃહસ્પતિએ સ્ત્રીની બુદ્ધિને અનુસરી વચનાદિ શાસ્ત્ર પ્રવર્તાવ્યું છે. મેં સાંભળ્યું હતું કે આગળ તો આ સઘળી પ્રજા ધાર્મિક હતી સત્કાર કરેલી અગર નહિ કરેલી પણ સ્ત્રીયો હમેશાં મનમાં વિકાર પેદા કરે-

છે. તેઓનું રક્ષણ કરવાને શક્તિમાન કોણ થાય ? તેઓનું રક્ષણ થવું જો શકય હોય તો મને કહો. પૂર્વે કોઇએ કરી છે વા નથી કરી તે મને કહેવાને તમે યોગ્ય છો. એ પ્રમાણે અપ્સરાના મુખથી સ્ત્રીયોની દુષ્ટતા જાણી નારદમુનિ કહે છેઃ—હે કોમલાંગિ, તું સ્ત્રીયોના સ્વભાવ જે પ્રમાણે વર્ણવી ગઈ તેમજ છે. એમાં યતૂકિંચિત્ ખોટું નથી.

આ પ્રમાણે સરિતસુલભા સુરલોકના અધિપતિ ઈંદ્ર પ્રત્યે બોલીને કહેવા લાગીકે આવા દુષ્ટ સ્વભાવની સ્ત્રીયોનાં મન ફેરવવા તું શક્તિમાન થઈ શકે એમધારીને તારી પ્રકૃતિ અનુસારે તું વર્તે છે. પણ તારે જાણવું જોઇયે કે પતિવ્રતાઓની કરણીપર બળ કે છળ વાપરવાથી તને કાંઈ લા’ણ મળનાર નથી, પણ ઉલટી હાણ પ્રાપ્ત થશે. હે દેવેંદ્ર? ઉપર પ્રમાણે પંચચુડા અપ્સરાએ પૂછવાથી સ્ત્રીયોનું રક્ષણ કરવા સંબંધી નારદ મુનિએ તેને કહેલું પુરાતન વૃત્તાંત માહાત્મા દેવશર્મા ઋષિની પત્નીનું તેના શિષ્ય વિપુલે તારા અનિવાર્ય ભેદ પ્રપંચોને પણ તરી જઇ રક્ષણ કર્યું હતું. બાકી બીજો એવો કોણ સમર્થ હોયકે ખરાબ આચરણવાળાં સ્ત્રીપુરૂષોને બંધનમાં રાખે?! એ તારૂ નિર્લજપણું બતાવવા સારૂ ફરીથી હું તને કહું તે સાંભળ.

પૂર્વે માહાત્મા વિપુલે કેવી રીતે તે સ્ત્રીનું રક્ષણ કર્યું છે તથા બ્રહ્માએ સ્ત્રીયોને શા માટે સરજી છે એ પણ હું તને કહીશ. એમ નારદમુનિ પંચચુડા અપ્સરા પ્રત્યે બોલ્યા. હે દેવાંગના અવસ્ય ઈન્દ્ર જેવો જગત્‌માં પ્રપંચી તેમજ કામી બીજો કોઇ નથી. તેમ સ્ત્રીયોથી બીજું મોટું પાપી કોઇ નથી. હે સુંદરી! તે ઝળહળતો વન્હિ છે. મયદાનવે રચેલી માયા એ સ્ત્રીયોજ છે. મેં સાંભળ્યું છે કે પૂર્વે સઘળી પ્રજા ધાર્મિક હતી અને સર્વે પોતાની મેળે દેવપણાને પામી જતી હતી. તેથી દેવતાઓના મનને ભય ઉત્પન્ન થયું. એટલામાટે તે સર્વે દેવતાઓ બ્રહ્મા પાસે ગયા. પોતાનું સઘળું દુઃખ બ્રહ્માને નિવેદન કરી છાનામાના નીચું મુખ રાખી તેઓ ઉભા રહયા. દેવતાઓનો અંતર્ગત ભાવ સમજી મનુષ્યોને અત્યંત મોહ પમાડવાને માટે બ્રહ્માએ સ્ત્રીયોને ઉત્પન્ન કરી. પૂર્વસર્ગમાં સ્ત્રીયો સાધવી જેવી રહેતી. ત્યાર પછીના સર્ગમાં સ્ત્રીયો અસાધવી ઉત્પન્ન થઈ. તેમને બ્રહ્માએ કામ અર્પણ કર્યો. તેથી કામ લુબ્ધ પ્રમદાઓ હમેશા પુરૂષોને નડે છે. કામની સહાયતાને માટે બ્રહ્માએ ક્રોધને ઉત્પન્ન કર્યો, સઘળી પ્રજા તે કામ ક્રોધને વશ થઇ રહી. સ્ત્રીયોની કાંઇ ક્રિયાઓ નથી, એવો ધર્મનો નિશ્ચય છે.

અશાસ્ત્ર અને જુઠું એ સ્ત્રીયોનું સ્વાભાવિક આચરણ છે, એમ શ્રુતિ પણ કહે છે. શય્યા આસન અલંકાર અન્નપાન અપવિત્રતા ખોટી વાણી કામ તથા રતિ એટલાં વાનાં પ્રજાપતિએ સ્ત્રીયોને આપ્યાં. તેઓનું પુરૂષોથી કોઈ પ્રકારે રક્ષણ થવું અશકય છે. વાણી વધ બંધ તથા કલેશ અને વિવિધ પ્રકારના ઉપાયોથી જગતના રચનાર બ્રહ્માથી પણ સ્ત્રીયોનું રક્ષણ થઇ શકવું અશકય છે, તો પુરૂષોથી તેઓનું રક્ષણ શી રીતે થઇ શકે ! તેમાં વળી અસયમ વાળી સ્ત્રીયોનું રક્ષણ થવું ઘણું અશકય છે. પૂર્વે કોઇ વિપુલ નામના શિષ્યે પોતાના ગુરૂની સ્ત્રીનું રક્ષણ જે પ્રકારે કર્યું છે તે હું તને કહુંછું.

એક દેવશર્મા નામના મહા ભાગ્યશાળી તપસ્વી ઋષિ જગતમાં ઘણા વિખ્યાત હતા, તેમની રુચિ નામની અતી સૌદર્યવાન સ્ત્રી હતી. એના સરખું રૂપ પૃથ્વીમાં બીજી કોઇ ભામિનીનુ નહતું. તેના સ્વરૂપથી દેવ ગાંધર્વ તથા દાનવ મોહ પામતા હતા, તે દેવશર્મા ઋષિની પત્નીને જોઇ દેવતાનો રાજા ઇદ્ર તું, મોહ પામ્યો હતો. સ્ત્રીયોનુ ચેષ્ટિત જાણનારા મહામુનિ દેવશર્માએ જાણી લીધું કે:—પ્રારકી સ્ત્રીમાં કામની અભિલાષાવાળો ઇંદ્ર આ મારી સ્ત્રીમાં કામનાવાળો છે. એમ જાણીને યથાશક્તિ ઉત્સાહથી તે પોતાની સ્ત્રી રુચિનું રક્ષણ કરતો હતો. ઇંદ્ર પરસ્ત્રી કામુક છે એવું તે નક્કી જાણતો હતો. એક દિવસ તે દેવશર્માને યજ્ઞ કરવાને નિમિત્તે જવાની ઇચ્છા થઈ. પણ તણે વિચાર્યું કે મારી સ્ત્રીનું રક્ષણ કયે પ્રકારે કરવું? તે સારૂ તે ચિન્તા કરવા લાગ્યો. મોટા તપસ્વી દેવશર્માએ પોતાના મન સાથે વિચારી ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા વિપુલ નામના પોતાના વહાલા શિષ્યને બોલાવી કહ્યું કે:—હું યજ્ઞ કરવા માટે જઇશ, પણ આ મારી સ્ત્રી રુચિની હમેશા ઇદ્ર પ્રાર્થના કરે છે, માટે યથા શક્તિ તું તેનું રક્ષણ કરજે. કેમકે એ ઇંદ્રિ અનેક વિધનાં રૂપ ધારણ કરી આવે છે. માટે તું તેનાથી ગાફેલ રહીશ નહિ. નારદ ઋષિએ પંચચુડાને કહેલું તે પ્રમાણે અહીં સરિતસુલભા ઇદ્રને તેનું પૂર્વ વૃતાંત સંભળાવતાં કહેવા લાગીકે:—એવાં તારાં નિંદ્ય કર્મોને ધ્યાનમાં રાખી પોતાના ગુરૂએ માહિતગાર કરેલો ઇંદ્રિયોને વશ રાખનારો, હમેશા ઉગ્રતપ આચરનારો, અગ્નિ સરખી કાન્તિવાળો, તપસ્વી ધર્મને જાણનાર, સત્યવાદી વિપુલ બોલ્યો:—બહુ સારૂ હું તેનું યત્નથી રક્ષણ કરીશ. નજીકમાં ઉભેલા પોતાના ગુરૂને તેણે ફરીથી

પૂછ્યું કે:—હે મહાભાગ, ઈંદ્ર અહીં આવતાં કેવાં રૂપ ધારણ કરે છે? તેનું શરીર કેવું હોય છે? તેનું તેજ તથા બળ કેવા પ્રકારનું હોય છે? તે તમે મને કહેવા યોગ્ય છો. વિપુલનો એવો પ્રશ્ન સાંભળી તે દેવશર્માએ કહ્યું કે:—હે શિષ્ય, ઈંદ્ર ઘણો માયાવી છે. તે વારે વારે જે જે પ્રકારનું રૂપ ધારણ કરે છે તે તે પ્રકારના બરોબર ભાવ તે ભજાવે છે. તે વખતે મુકુટ પહેરી આવે છે, વખતે વજ્ર ધારણ કરે છે. કોઈ સમયે ધનુષ ધારીને તે આવે છે. ઘડીમાં ચંડાળ બની જાય છે, ઘડીમાં ચોટલીવાળો, ઘડીમાં જટાવાળો, ઘડીમાં વલકલ ધારણ કરેલો તે જણાય છે. ઘડીમાં ભારે દેહ ધરીને, ઘડીમાં પાતળો બનીને, ઘડીમાં રૂપાળો થઇને, ઘડીમાં મધુર ભાષા બોલીને, પોપટ કે કોયલનું રૂપ તે પ્રકાશે છે. ઘડીમાં નીચ વૃત્તિથી અનાથ એવા દીન જનો પાસેથી કર લેનાર થઇને તે કાગડો બની જાય છે. ઘડીમાં કૃપણતા ધરીને તે કદરૂપો બની જાય છે. ને પાછો ઉદાર બની ગોર વર્ણનો પણ બને છે. ઘડીમાં બોલ બોલ કરીને મિથ્યા લવનારો તથા બીજાની મોરલીપર નાચનાર બાળક બનીને રહે છે. ઘડીમાં યુવાન રૂપ ધારણ કરીને તે ઉદ્યોગી બને છે, ઘડીમાં વૃદ્ધ બનીને આપેલું વચન તે વિસમૃત થઇ જાય છે. વળી તે પ્રજાને પીડા રૂપ કર મૂકીને વાઘ તથા સિંહ રૂપ બતાવી આપે છે. વળી તે ક્રોધ કરીને મનુષ્યને ફાડી ખાનાર વરૂનું રૂપ પણ ધારણ કરે છે. વખતે કપટ ભેદ રચીને તે જાંબુકનું રૂપ ધરે છે. વખતે ન્યાય પરાયણ ચાલીને સત્યાસત્ય નિરાળુ કરીને, હંસનું રૂપ બતાવી આપે છે. ઘડીમાં રાજ્ય ભારને વહન કરતો તે હાથી પાડા અશ્વ બળદ આદિ પશુઓની ગતિ ધારણ કરે છે. ઘડીમાં તે બિલાડો બનીને આંખો મીચી પ્રજાનું ધન ઓહીયાં કરી જાય છે. ઘડીમાં શ્વાન રૂપ ધરીને મિથ્યા અટણ કરનારો તથા બહુ લવારો કરવા રૂપ ભાસણ કરતો, તથા નિર્લજપણું, સ્વજાતિમાં વૈર, અને પ્રજાની સમ્મતિ વગરના ભારે કર મૂકી કરડવાપણું બતાવી શ્વાન ગતિઓ તે આચરે છે. કોઇવાર તે સાદ્રસ દૈત્ય બનીને રહે છે. કોઇવાર દેવ તથા રાજાનું રૂપ ધરીને પ્રજાને પાળનારો તે નિવડે છે. એવો બહુરૂપી ઇંદ્ર આખ્યો તથા મગતરાંનું રૂપ ધારણ કરવાને પણ ચૂકતો નથી. હે વિપુલ, કોઇ પણ ઉપાયથી એ ઇંદ્ર રૂપ રાજાની પ્રકૃતિને તરી શકવું એ ઘણું અશક્ય છે. તેનું ગ્રહણ થવું અતિ મુશકેલ છે. જેણે આવડું મોટું જગત

રચ્યું છે એવા બ્રહ્માથી પણ પકડાવો તે દુઃસહ છે. વળી તે અંતરધાન થાય છે. પાછો ચક્ષુવડે તે દેખાય છે. વળી વાયુરૂપ તે થઇ જાય છે. એમ સદાકાળ જૂદાં જૂદાં રૂપ ધરીને તે આવે છે. માટે હે વિપુલ ! આ મારી રૂડા ભાગ્યવાળી સુમધ્યમ પત્નીનું યત્નથી તું રક્ષણ કરજે. જેમ યજ્ઞમાં અગ્નિ શાન્ત થયા પછી હોમેલું હવી તેને નથી અડકતું તેમ દુરાત્મા દેવેન્દ્ર રુચિને સ્પર્શ ન કરે તેમ તું કરજે. એમ કહીને દેવશર્મા યજ્ઞ કરવા સારૂ ગયા. ગુરૂનું વચન સાંભળી વિપુલના મનમાં ચિન્તા થઇ કે હવે મોટા બળવાન દેવના અધિપતિ ઇંદ્રથી ગુરૂ પત્નીનું રક્ષણ કરવું જોઇએ. ઇંદ્ર માયાવી છે. તથા દુઃખવડે પણ સામા ન થવાય એવો તે બળવાળો છે. માટે ગુરૂ પત્નીના રક્ષણની શી યુક્તિ કરવી ? એ નાના પ્રકારનાં રૂપ ધરનાર છે. માટે આશ્રમ કે પર્ણકુટીને રોકી બેસવાથી ઠીક પડે તેમ નથી. કેમકે વાયુરૂપ ધરીને અદષ્ટ થઇ માંહ્ય પેશીને તે ગુરૂ પત્નીનો સ્પર્શ કરે તો મોટો અપરાધ મારે માથે બેસે એ પણ ઠીક નહિ. માટે આ રુચિના શરીરમાં હુંજ પ્રવેશ કરીને રહું. બીજા કોઇ થી રુચિનું રક્ષણ થઇ શકે તેમ નથી. મેં ગુરૂના મુખથી સાંભળ્યું છે કે તું કોઇનો વિશ્વાસ કરીશ નહિ. યોગ બળવડે એનું મારેજ રક્ષણ કરવું. એવો નિશ્ચય કરીને તેના ગાત્રે ગાત્રો સાથે એ પોતાનાં ગાત્રો મેળવી રક્ષણ કરવા તત્પર થયો. વળી તે વિચાર કરવા લાગ્યો કેઃ—આ રુચિના શરીરમાં પ્રવેશ કરવાથી તેને ઉચ્છિષ્ટ થયેલી જોઇ કદાપિ તે દિવ્ય જ્ઞાનવાળા મોટા તપસ્વી ગુરૂ મને શાપતો નહિ દે ! પુરૂષો જેમ બીજી સ્ત્રીયોનું રક્ષણ કરે છે તેમ આ રુચિનું રક્ષણ થવું અશક્ય છે. તેમજ દેવતાઓનો રાજા ઇંદ્ર પણ ઘણો માયાવી છે. અહો ? મને મોટો શંસય આવી નડ્યો ! પરંતુ ગુરૂની આજ્ઞા પ્રમાણે મારે જરૂર એનું રક્ષણ કરવું તો જોઇયે. જો હું રુચિનું રક્ષણ તેમના કહેવા પ્રમાણે કરીશ તો મારૂં કૃત્ય આશ્ચર્ય રૂપ ગણાશે. જેમ જળમાં રહેલાં કમળ પત્રો ઉપર રહેલું જળ તેના અડક્યા સિવાય ચળ રહે છે, તેમ ગુરૂ પત્નીના શરીરમાં મારો પણ પરિચાર થશે. જેમ પોતાની પાળેલી કૂતરીને માટે કોઇ વટેમાર્ગુ સભામાંથી નિકળી તેને જોતો રસ્તાપર આવી બેસે, તેમ હું પણ યોગ બળવડે આ ગુરૂ પત્નીના કલેવરમાં પ્રવેશ કરીને રહીશ. ખરેખર સાવચેત રહીને એના શરીરમાં પ્રવેશ કરૂં. એ પ્રસાણે નિશ્ચય કરી સર્વ ધર્મોનું અવલોકન

કરી જઇ ગુરૂ તથા પોતાનું તપ તે બંનેનો વિચાર કરીને ગુરૂ પત્નીના રક્ષણ માટે એજ નિશ્ચય કરી તે બેઠો. આ પ્રમાણે મોટો તપસ્વી વિપુલ ગુરૂ પત્નિના સામો બેઠો. પાસે બેઠેલી કમળ નયની રુચિને યથાર્થ લોભાવી તેણે તેના નેત્ર સાથે પોતાનાં નેત્ર મેળવ્યાં. રશ્મિયોની સાથે પોતાની રશ્મિયો મેળવી, જેમ આકાશમાં પવન પ્રવેશ કરે, તેમ ગુરૂ પત્નીના શરીરમાં કામની સાથે વિપુલે પ્રવેશ કર્યો. એના લક્ષણે લક્ષણ તથા મોઢે મોઢું મેળવી ચેષ્ટા વગરનો મુનિકુમાર તેના અંતઃકરણમાં રમી રહ્યો. પોતાના શરીરને થંભાવી રક્ષણને માટે તેમાં રહેલા વિપુલને પોતાનો શિષ્ય છે એમ તે સ્ત્રીયે જાણ્યો પણ નહિ. એ વિપુલને જોઇને તેમજ વિપુલ એને જોતો બેઠો. એ ગુરૂ મહાત્મા ઘેર ન આવ્યા તેટલો કાળ તેણે તે સ્ત્રીનું રક્ષણ કર્યું. એ અરસામાં દેવશર્મા ઘેર નથી એમ જાણી, આ લાગ છે એવું ધારીને, એક દિવસ દિવ્ય શરીર ધારણ કરીને (હે દેવેશતું) દેવશર્માના આશ્રમમાં આવ્યો. કોઇને લોભાવે તેવું અપ્રતીમ રૂપ ધારણ કરીને ઘણો દેખાવડો બની તેં તેમના આશ્રમમાં પ્રવેશ કર્યો. ચેષ્ટા વગરનું સ્તબ્ધ નેત્રવાળુ જેમ ચિત્ર હોય તેવું વિપુલનું શરીર તેણે દીઠું. પછી તેં રુચિકર કટાક્ષવાળી તથા કમળદળ સમાન વિશાળ અને મીન સરખાં ચપળ નેત્ર તથા પુર્ણચંદ્ર સરખા મુખવાળી કામદેવના પુષ્પ સમાન સુંદર હાસ્ય કરનારી પીનપયોધરા રુચિને દીઠી. સહસા તને આવતો જોઇ તારા સ્વરૂપથી વિસ્મિત થયેલી રુચી તારા પ્રતિ આવવાને તથા તું કોણ છે એમ પૂછવાને ઇચ્છતી હોય એવી જણાઇ. પણ હે દેવેશ! ઉઠવાને ઇચ્છા કરતી રુચિને વિપુલે થંભાવી. તેના યોગના બળથી બંધાયેલી રુચિ કાંઇ બોલવાને શક્તિવાળી ન થઇ. એ વખતે તું ઘણાં મીઠાં વચનથી તેની પ્રત્યે બોલ્યો:—હે પવિત્ર હાસ્યવાળી, હું તારે માટે અહીં આવ્યો છું. હે રૂડી ભ્રગુટીવાળી મોહિની, ઘણા વખતથી તારે માટે કામદેવ મને કલેશ પમાડે છે, માટે હું તારી પાસે આવ્યો છું. તું મારી ઇચ્છા પૂર્ણ કરવા સમર્થ છે. એ પ્રકારે બોલતો તને વિપુલ મુનિયે સાંભળ્યો. ગુરૂ પત્નીના શરીરમાં રહી તેણે તને દીઠો. એણે થંભાવેલી રુચિ તારા સન્મુખ જવાને તથા બોલવાને સમર્થ થઇ નહિ. મહાતપ રૂપી બળવાળા વિપુલે ગુરૂપત્નીનું ચેસ્ટિત જાણી તેને યોગબળથી ઝાલી રાખી. યોગના બંધનથી તેની સઘળી ઇંદ્રીયો વશ કરી લીધી. યોગના બળથી મોહિત

થયેલી તે નિર્વિકાર સ્ત્રીને જોઇ લજવાયેલો તું એમ બોલ્યો કેઃ—હે રુચિ તું અહીં આવ્ય, અહીં આવ્ય, એ પ્રકારનું તારૂં વચન સાંભળી તને પ્રતિઉત્તર આપવાને તે ઇચ્છા કરતી હતી. તેવામાં એ વિપુલે ગુરૂ પત્નીની વાણી ફેરવી નાખી. તેથી તે બોલીઃ—હે ઇંદ્ર, ત્યાં આવવાનું શું પ્રયોજન છે? એવી અપ્રિયવાણી તેના મુખમાંથી નિકળી ગઇ. ચંદ્રસરખા મુખમાંથી આવી સંસ્કાર ભૂષણ વાણી નિકળી, તે સમયે પરવશ થવાથી આવું વાક્ય કહીને તે લજ્યા પામી. તેમજ ત્યાં ઉભેલો તું પણ ખેદ અને લજ્યા બંને પામ્યો. એ વખતે આવું વિલક્ષણપણું જોઇ હજાર નેત્રવાન તેં દિવ્ય ચક્ષુથી નિહાળ્યું, તો દર્પણમાં પ્રતિબિમ્બ દેખાય તેમ તે રુચિના શરીરમાં રહેલા વિપુલ મહાત્માને તેં દીઠો. તેને જોઇ શ્રાપના ભયથી તું અત્યંત ધ્રુજવા લાગ્યો, તને ભયભીત જોઇ વિપુલ રુચિના શરીરમાંથી નિકળી પોતાના કલેવરમાં આવી તારા પ્રત્યે આ પ્રકારે બોલ્યોઃ—અરે અજીતેન્દ્રીય દુષ્ટ બુદ્ધિવાળા તથા પારકી યોષિતામાં પાપ બુદ્ધિ કરનારા પુરંદર! દેવ તથા મનુષ્યો તને આવાં ખરાબ આચરણવાળો જાણીને ઘણો કાળ નહિ પુંજે! હે શક્ર સું તું ભુલી ગયો? તારા મનમાં એ વાત નથી રહી કે તને ગૌતમ મહામુનિયે હજાર ભગના ચિન્હોથી શિક્ષા દઈ છોડી મુક્યો છે? હું તને જાણું છું કે તું બાળક બુદ્ધિવાળો ઉછાંછળો અને અનિશ્ચર છે. હે મૂઢ, આ મારા ગુરૂની પત્ની રુચિનું હું રક્ષણ કરૂં છું તે તું જાણતોએ નથી કે? હે પાપી! તું જયાંથી આવ્યો ત્યાં પાછો ચાલ્યો જા. હે મૂઢ! મારા તપોબળવડે હમણાં હું તને બાળતો નથી. તેનું કારણ મને દયા આવવાથી તને દગ્ધ કરવાની હું ઇચ્છા કરતો નથી. હે વાસવ! તે શ્રેષ્ટ બુદ્ધિવાન મારા ગુરૂ તને પાપી અંતઃકરણવાળાને જોશે તો ક્રોધવડે દિવ્ય નેત્રથી હમણાં તને બાળી નાખશે. જા તું અહીંથી. ફરીને આવું ન કરીશ. કેમકે બ્રાહ્મણો તારે માનવાને યોગ્ય છે. હું દેવ છું એવી બુદ્ધિ રાખીને તું નિષેધ કર્મમાં પડે છે, પણ બ્રાહ્મણોની અવગણના કરવાથી તપવડે તેઓ ચાહય તેમ કરી શકેછે. એ વાત તું જાણે છે. છતાં પણ આવું કૃત્ય આદરે છે, એ તારી નિર્લજ પ્રકૃતિજ તને નીચ કર્મોમાં પ્રેરે છે. મહાત્મા વિપુલનું એવું વચન સાંભળી કંઇ પણ બોલ્યા સિવાય લજવાયેલો તું અંતર્ધાન થઈ ગયો. ત્યાર પછી થોડીવારે યજ્ઞથી પરવારી મહાતપસ્વી દેવશર્મા પોતાના આશ્રમમાં આવ્યા. પોતાના

ગુરૂ ઘેર આવ્યા એટલે પ્રિય કર્મના કરનાર વિપુલે રક્ષણ કરેલી અક્ષત ગુરૂ પત્ની ગુરૂને નિવેદન કરી ગુરૂને વિષે પ્રીતિવાળો શાન્ત પ્રકૃતિનો વિપુલ ગુરૂને અભિવાદ્ય કરી પૂર્વની પેઠે શંકા રહિત સન્મુખ ઉભો રહ્યો. થાક ઉતરી જવા પછી રુચિની સાથે બિરાજેલા ગુરૂને ઈંદ્ર, તારૂં કરેલું કર્મ તેણે કહી દીધું. દેવશર્મા એ વૃત્તાંત સાંભળી તેના શીળવ્રત અને તપ નિયમથી ખુશી થયા. ગુરૂને વિષે એક નિષ્ઠાથી ભક્તિ તથા ધર્મમાં સ્થિરતા વાળા વિપુલને જોઈ ગુરૂએ સાધુ સાધુએ પ્રકારે કહ્યું. ધર્મ પારાયણ શિષ્ય મળવાથી મોટા ધર્માત્મા દેવશર્માયે યથેચ્છિત વરદાન માગવાને શિષ્યને કહ્યું.. ગુરૂ ભક્તિમાં આશક્ત વિપુલે ધર્મને વિષે મારી સ્થિતિ હો, એવો વર ગુરૂ પાસેથી માગી લીધો. ગુરૂની આજ્ઞા લઇ વિપુલ બારે તપ કરવા લાગ્યો, પછી મહા તપસ્વી દેવશર્મા તારા ભયથી મુક્તથઈ સ્ત્રી સહવર્તમાન નિર્જન વનમાં નિરાંતે ફરવા લાગ્યો. ગુરૂની આજ્ઞા લઈ વિપુલ તપ કરવા ગયો. પોતાના દેહને અતિ કષ્ટ આપતાં મોટું તપ તે આચરતો હતો. પોતાના ગુરૂની સ્ત્રીનું રક્ષણ કર્યું અને પોતે નિર્મળ રહ્યો. પોતાના ધૈર્ય માટે પૃથ્વીની સ્પર્ધા કરતો કીર્તિ પામેલો વિપુલ પ્રસન્ન મન વાળો થઈ નિર્ભયપણે રહેવા લાગ્યો, અને તે માનતો હતો કે મારા આ શ્રેષ્ટ કર્મથી મેં બેઉ લોકને જીત્યા છે. કેટલોક વખત વિત્યા પછી કોઈ એક સમયે પોતાના ગુરૂની પત્ની રુચિની બેહેનનું લગ્ન થયું. તે સમારંભમાં કોઈ સ્વર્ગની અપ્સરા વિમાનમાં બેસી સ્વર્ગ માર્ગે ચાલી જતી હતી. એ સુંદર અપ્સરાના શરીર ઉપરથી કેટલાંક પુષ્પ પૃથ્વીમાં ખરી પડ્યાં, તે રુચિના આશ્રમથી થોડેક છેટે વેરાએલાં હતાં. દિવ્ય ગંધવાળાં તે પુષ્પો ફરતાં ફરતાં સુંદર લોચન વાળી રુચિના હાથમાં આવ્યાં. એવામાં અંગ દેશથી રુચિને તેડવા માટે ઉતાવળો એક અનુચર તેના આશ્રમમાં આવ્યો. પ્રભાવતી નામની રુચિની મોટી બેહેન અંગ દેશના ચિત્રરથ નામે રાજાની સાથે પરણી હતી. પોતાની મોટી બેહેને તેડાવેલી રુચિ પેલાં દિવ્ય પુષ્પો ચોટલામાં ઘાલી હરખાતી પોતાના બનેવી અંગદેશાધિપતિ ચિત્રરથના ઘર પ્રત્યે ગઇ. ત્યાં જઈ પોતાની બેહેનને મળતાં પ્રભાવતી રાણીએ પોતાની નાની બેહેનના ચોટલામાં ધારણ કરેલાં એ સુંદર પુષ્પો દીઠાં. સુંદર નેત્રવાળી પ્રભાવતીએ પુષ્પને માટે પોતાની બેહેન રુચિને પ્રેરણા

કરી. અતિ રુચિકારક મુખવાળી રુચિયે પોતાને ઘેર આવી પોતાના પતિ દેવશર્માને પુષ્પ સંબંધી વૃત્તાંતકહી પ્રાર્થના કરી કે:—મારી બેહેનને આવાં પુષ્પો જોઇયે છીયે તે લાવી આપો, તો ઘણું સારૂં, પોતાની સાળીએ કહાવેલું વૃતાંત ઋષિએ માન્ય કર્યું. મોટા તપસ્વી ઋષિ દેવશર્માએ પોતાના શિષ્ય વિપુલને બોલાવી તે પુષ્પો લેવાને તું જા એવી આજ્ઞા કરી. આજ્ઞા પાળક વિપુલે વગર વિચારે ગુરૂનું વચન અંગિકાર કરી, આ ચાલ્યો હું આપના કહેવા પ્રમાણેજ કરીશ. એ પ્રમાણે કહી ગુરૂપત્નિએ બતાવેલા દેશ પ્રત્યે ચાલ્યો. જે દેશમાં તે કરમાય નહિ તેવાં અને સુગંધી વાળાં બીજાં પણ પુષ્પો ખીલેલાં હતાં, તે જગોમાં વિપુલ આવ્યો. તે રુચિકારક પુષ્પો વિપુલે ત્યાંથી વીણી લીધાં. પોતાના તપથી દિવ્ય ગંધ વાળાં પુષ્પ તેને મળ્યાં તે લઈ ગુરૂની આજ્ઞા પાળનાર વિપુલ ઉતાવળો ચારૂ દેખાવવાળી ચંપાનગરી પ્રત્યે આવ્યો. પુષ્પો લઇને પાછા ફરતાં નિર્જન વનમાં એકએકનો હાથ પકડી ચક્રની પેઠે વિટાયેલું પુરૂષોનું જોડું તેણે દીઠું. તેમાં એક જણ આકર્ષણથી બીજાના પગને તરછોડી ઉતાવળો જવા લાગ્યો. બીજો તે પ્રકારે કરવાને ના કહેતો હતો. બેઉ એ પ્રકારે કલહ કરતા હતા. એક પુરૂષ કહેવા લાગ્યો:—તું ઉતાવળો જાય છે. બીજો કહે ના હું તેમ નથી કરતો. એમ અન્યોઅન્ય એક બીજાને આનાકાની કરતા હતા. તે બેઉ પરસ્પર ભાષણ થતાં સોગન લેવા લાગ્યા. સહસા પુષ્પ લઇને આવતા વિપુલને ઉદ્દેશી બેઉ જણા સાથે બોલી ઉઠયા:—આપણા બંનેમાં જે જૂઠું બોલે છે તેની પરલોકમાં વિપુલના જેવી ગતિ થશે. એવી વાણી સાંભળી વિપુલનું મુખ કરમાઇ ગયું. હું તીવ્ર તપવાળો છતાં શું મારૂં તપ કષ્ટ અને પરિશ્રમ રૂપ થયું? પાપ કરેલા આ નર મિથુનના સરખી મારી ગતિ થશે! હમણાં એણે સઘળા પ્રાણીયોમાં મારી અનિષ્ટ ગતિ કહી દેખાડી. એ પ્રકારે ચિંતવન કરતાં વિપુલ નીચે મોઢે દીન મનવાળો પોતાના આત્માનું દુષ્કર્મ વિચારવા લાગ્યો. ત્યાંથી જરા આગળ ચાલ્યો એટલામાં લોભ તથા હર્ષથી વિંટાયેલા છ પુરૂષો એક એકને જીતવાની અભિલાષા રાખીને સોનાના પાસાથી જુગટું રમતા દીઠા. તેમણે પણ વિપુલને આવતો જોઇ એને ઉદ્દેશી પેલા બે પુરૂષની પ્રમાણે પ્રતિજ્ઞા કરી જુગારી પુરૂષો બોલ્યા:--આપણામાં લોભને વશ થઇ જે પુરૂષ જૂઠું બોલી ઉલટું ચાલશે, તેની ગતિ પરલોકમાં આ વિપુલ બ્રાહ્મણના

જેવી થશે. એમનું બીજા આ પ્રસંગે બોલવું સાંભળી વિપુલે જન્મથી આરંભી અત્યાર સુધીનું પોતાનું કૃત્ય વિચારી જોયું, પણ તેણે કાંઈ પોતાનું દુષ્કૃત્ય જોયુ નહિ. અગ્નિમાં જેમ વધારે અગ્નિ ઉમેરાય અને જવાળા વધતી જાય તેમ પ્રથમની પેઠેજ આ બીજો પણ શ્રાપ સાંભળી દાઝતા મનવડે વિપૂલ વિચારમાં પડ્યો ચિંતવન કરતાં તેને ઘણા દિવસ વિત્યા છેવટે મનમાં નિશ્ચય થયો કે મેં ગુરૂપત્ની રુચિનું રક્ષણ કર્યું તેમાં લક્ષણે લક્ષણ તથા વદને વદન તેની સાથે મેળવ્યું તે સત્યવાર્તા ગુરૂને મેં ન કહી. એ મેં દુષ્કૃત્ય કરયું એમાં સંશય નહિ. એ કર્મને એણે દુષ્કૃત્ય માન્યું. પછી તેણે ગુરૂના આશ્રમમાં આવી પુષ્પો તેમના હાથમાં આપ્યાં. ગુરૂનું વિધિ વડે તેણે પૂજન કર્યું. તે બેઠો, પણ પોતાનું તે દુષ્કર્મ સંભારી ખેદ પામતોજ રહ્યો. એ પ્રમાણે ખિન વદનવાળા શિષ્યને જોઇ મોટા તપસ્વી દેવશર્મા બોલ્યા કે—હે વિપુલ, તે મહાવનમાં તેં શું દીઠું ? હે શિષ્ય? તું પોતે રુચિ તથા જે તેં દીઠું તેઓ તે વાત અવસ્ય જાણે છે ? વિપુલ બોલ્યોઃ—હે ગુરૂવર્ય મેં જે પુરૂષોને વનમાં જોયા તેઓ કોણ હતા ? અને તેઓ શું જાણે છે? તમે મને પુછોછો તેનો ભેદ બતાવશો. વિપુલને એવું બોલતો સાંભળી દેવશર્મા કહે છેઃ—હે શિષ્ય ? જે તેં નર મિથુનનું બાઝેલું જોડું દીઠું તેજ રાત્રિ અને દિવસ આંટી ભરવેલી એકએકને કહેતાં કે તું ઉતાવળે ગતિ કરી જાય છે એમ બોલતાં તેં સાંભળ્યું જ હતું. તેઓ ચક્રની પેઠે પરિવર્તન કરતાં તારૂં સઘળું દુષ્કૃત્યને જાણે છે. વળી જે છ પુરૂષો પાસાવડે હર્ષયુક્ત જુગટું રમતાં દીઠા તે છ ઋતુઓ હતી, એમ તું જાણજે. તે સઘળાં તારૂં ખોટું કૃત્ય જાણે છે. એકાંતમાં પાપી પુરૂષોએ પાપ કરીને એવા વિશ્વાસથી ન રહેવું કે મારૂં નઠારૂં કૃત્ય કોઇ જાણતું નથી. જરૂર મનુષ્યનું એકાંતમાં કરેલું પાપ હમેશાં ઋતુઓ દિવસ તથા રાત્રિ દેખે છે. માટે પાપ કરનારાઓને જે લોકની પ્રાપ્તિ થાય છે તે તને પણ થવાની. કેમકે મારી ગેરહાજરીમાં જે કર્મ તેં કરેલું તે તેં મને સ્પષ્ટ કહ્યું નહિ. પોતાના ગુરૂને પોતે કરેલું કર્મ નહિ નિવેદન કરનારા તને હર્ષથી ખુશી થતો જોઈ રાત્રિ દિવસ અને ઋતુઓએ પુરૂષ રૂપ લઈ તારૂં દુષ્કૃત્ય તને સંભારી આપી, તેમણે જે કહ્યું તે તેં બરોબર સ્પષ્ટ સાંભળ્યું. રાત્રિ દિવસ તથા ઋતુઓ પણ નિત્યે કર્મ કરનાર પુરૂષને વિષે શુભાશુભ કર્મને જાણે છે. હે શિષ્ય ! વ્યભિચા-

રના ભયથી તેં (ગુરૂપત્નીના શરીરમાં પ્રવેશ રૂપ) કરેલું કર્મ મને ન કહેતાં ફક્ત ઇંદ્ર સંબંધી વૃત્તાંત કહી સંભળાવ્યું. એ પ્રમાણે તેં તથા રુચિએ છુપું રાખ્યું. પણ દિવસ રાત્રિ તથા ઋતુઓ તે જાણતાં હોવાથી તેમણે તને તે પ્રકારે કહી દીધું. તેં કરેલું કર્મ મને ન કહ્યું માટે પાપીઓને જે પ્રકારે જે લોકની પ્રાપ્તિ થાય છે તે લોક તને પણ પ્રાપ્ત થશે. હે શિષ્ય! દુર્વૃતિથી તે પ્રમદાનું રક્ષણ થવું અશકય છે. હું જાણુંછું કે તેં કંઈ કર્યું નથી. માટે તારા કૃત્યથી હું પ્રસન્ન છું. હે વત્સ! જો હું તને દુર્વૃત્તિવાળો જોઉં તો ક્રોધથી શ્રાપ દઉ તેમાં જરા પણ વિચાર ન કરૂં. સ્ત્રીયો પુરૂષમાં આશક્ત થાય છે, તેમ પુરૂષોને પણ તે અર્થની અભિલાષા પુષ્કળ હોય છે. મર્યાદા તોડી આડે માર્ગે સ્ત્રીનું રક્ષણ કરનાર પુરૂષને પાપ લાગે છે, તથા શ્રાપ પણ તેનેજ લાગે છે, એમ હું ધારૂં છું, હે પુત્ર! તેં એનું એમ રક્ષણ કર્યું તે વાત મને હાલ નિવેદન પણ કરી. તેથી હું તારા ઉપર પ્રસન્નછું. તુ નિરાંતે સ્વર્ગમાં જઈશ, દેવશર્મા ઋષિ પ્રસન્ન થઇ વિપુલને એ પ્રકારે કહી તપશ્ચર્યા કરતા કેટલેકકાળે પોતાની ભાર્યા તથા શિષ્યને લઈ સ્વર્ગમાં જઇ રહ્યા, અને સુખભાગી થઇ દેવલોકમાં પૂજાયા.

સરિત સુલભા કહેછેઃ—હે પુરંદર! તારૂં આ નિષેધ કર્મ સ્ત્રીયોના દુષ્ટ સ્વભાવ સાથે ગવાયું છે. નારદ અને પંચચુડાના સંવાદરૂપે કથાયુ છે. તથા તે તારૂં ચરિત્ર પૂર્વે ગંગાના તટ ઉપર ઋષીયો અને વૃદ્ધ રાજાઓના સમુદાયમાં માર્કંડેય ઋષીએ કહ્યું હતું. તે અમારા પુજ્ય પિતા વામકર્ણ ઋષિયે સાંભળેલું તે એમણે પોતાની પત્નીને કહેલું. એમણે અમને નીતિનું શિક્ષણ આપતાં સ્ત્રીયોના સ્વભાવ આવા દુષ્ટ હોય છે. તેમ ઇંદ્ર જેવા વ્યભિચારી પુરૂષો એવા નિર્લજ હોય છે, તેઓનાથી હમેશાં અળગા રહેવું, એમ અમને ભણાવેલું છે, તે આયોગ્ય અવસરે તને કહી સંભળાવ્યું. હું તને કહુંછું કે હમેશાં સ્ત્રીયો રક્ષણ કરવા યોગ્ય છે ખરી, તેમ પુરૂષોમાં પણ તારા જેવા ઉંચપદવાળા પુરૂષો નીચકૃતિ આચરનારા પણ હોય છે. એ અતિ ખેદકારક વાત છે. સ્ત્રીયોમાં પણ સારો તથા નઠારો એવા બે વર્ગ છે. તેમાં મહાભાગ્યશાળી લોકની માતાઓ એવી સાધવી સ્ત્રીયો વન અરણ્ય સહવર્તમાન સઘળી પૃથ્વીને ધારણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. અને તેમનાજ પતિવ્રત ઉપર બ્રહ્માંડની પ્રવૃત્તિ

ટકી રહેલી છે. તથા બીજો વર્ગ જે કુળને હણનારીયો પાપ બુદ્ધિવાળી દુરાચરણી સ્ત્રીયો પણ છે. તે પોતાના શરીરનાં દુષ્ટ ચિન્હો તથા તેમનાં લક્ષણો ઉપરથી ઓળખાય છે. એટલા માટે તેમનું રક્ષણ મહાત્માઓ-થીજ થઇ શકે છે. બીજાઓથી સ્ત્રીયોનું રક્ષણ થવું અશકય છે. પુરૂષનો પ્રાણ હરનારી વ્યભિચારિણી સ્ત્રીયો તિક્ષ્ણ પરાક્રમવાળીયો છે. તેઓ એક પુરૂષમાં રમતી નથી, તો પુરૂષોયે તેવીઓમાં સ્નેહ ન રાખવો. તેમ તેઓની ઈર્ષા પણ ન કરવી. ખેદનો આશ્રય કરી અથવા તો ધર્મનો આશ્રય કરી તેમને ભજવી. એથી ઉલટું વર્તવાથી પુરૂષની હાનિ થાય છે. સર્વ પ્રકારે સઘળે અનાશક્તિજ પૂજાય છે. એકલા વિપુલે સ્ત્રીનું રક્ષણ કર્યું એમ કહેવાય છે. બાકી બીજો કોઇ પુરૂષ આ ત્રણ લોકમાં ભાર્યાનું રક્ષણ કરવાને શક્તિમાન નથી. તેમ પતિવ્રતાઓનું દુરાગ્રહથી કે વિનયથી અન્ય પુરૂષ ગ્રહણ કરવાને શકિતમાન થયો નથી, તેમ થઇ શકેજ નહિ આ પ્રમાણે સ્ત્રીયોના સ્વભાવ તને કહીને મારે કહેવાનું તાત્પર્ય તને એટલુંજ છે કે મને બીજા વર્ગની સ્ત્રી તારે માનવી નહિ હે શઠ અહીંથી તું ચાલ્યો જા.

વીરભદ્ર પૃથિરાજને કહેછે. એ પ્રમાણે સ્વયંવર મંડપમાં વરવાની ઇચ્છાથી આવેલા દેવતાના રાજા ઇંદ્રને માનસર રાજાની પુત્રી સરિત સુલભાયે પોતાની સખી મૃગશિરાને સાંભળતાં તિરસ્કારનાં વચન કહ્યાં. તે ખેદથી ઇંદ્ર સહન કરી રહ્યો. (આ વૃત્તાંત ઉપરથી સાર એ નિકળે છે કે સ્ત્રીયો દુસ્તર સ્વભાવવાળીયો છે. તેમને કોણ સાચવી શકે? જો કે સાચવવા સારૂ વિશ્વાસપાત્ર શિષ્ય, અનુજ, દાસકે બીજો ગમે તે મુકયો હોય, તોપણ તેઓની સાથે તે હળી જાય છે, તો પછી સાચવવાનું કયાં રહ્યું? નથી કાંઇ વયનું પ્રમાણ કે નથી કાંઇ રૂપ જાતિ કે સરળ સ્વભાવનું પ્રમાણ, મૈથુનમાં સંગમ એજ તેમને પ્રિય હોય છે. એટલે બાકી ગમે તેવો બોધ કે શાણપણથી તેને કેમ વશ કરી શકાય. તેમ વ્યભિચારી પુરૂષો કેવા નિર્લજ શઠ અને ખરાબ પ્રકૃતિવાળા હોય છે. જો કે ઇંદ્ર જેવા પણ પોતાના મહાનપદનું ભાન ભૂલીને સાધારણ માણસ જેવા તિરસ્કારને યોગ્ય નહિ એવા અસહ્ય તિરસ્કારને પણ સહન કરી રહે છે. તેઓ પતિવ્રતાઓનો કેડો લેવામાં ભારે શ્રાપના બળિદાન થાય છે, તોયપણ પ્રકૃતિ વસાત ખોટી લત છોડતા નથી. એ પણ આશ્ચર્ય નહિ તો બીજું શું?)

એ પ્રમાણે સરિત સુલભાનાં વચન સાંભળી ઈંદ્ર લજ્યા પામતો તથા ખેદ કરતો હજુ પણ તેને કહેવા લાગ્યો કે:-હે ! મુગ્ધા, તું અલ્પેતીઆળા છે. તારો તિરસ્કાર હું સહન કરૂંછું, પણ હજુ તું એકવાર સારીપેઠે વિચાર કરી જો કે દેવતાઓનું સુખ અતિ દુર્લભ છે. ક્યાં મનુષ્ય અને ક્યાં દેવતાઓ મનુષ્યોનું આયુષ્ય ટુંકું તથા કિંચિત્ ભોગ તેમાં મોહ પામીને દેવતાનું વચન પાછું ઠેલે છે એ દુર્ભાગ્ય નહિ તો બીજું શું ? જો દેવતાના વૈભવ ભોગવવા હોય તો ત્યાં નિવાસ કરીને સુધાપાન કર ને પછી દીર્ઘાયુષી થઇને ઘણો કાળ સુખ ભોગવ એથી તારા હકમાં બીજું વધારે બેહેતર શું છે, એ સંબંધમાં તેં કાંઇ વિચાર કર્યો છે વા નથી કર્યો ? જો સુખની અભિલાષા રાખું તો દેવાધિપતિને ભજ અને દુઃખ કલેશને ગ્રહણ કરવા માગતી હોય તો માનવીમાં પ્રીતિ વાળી થા. એ સાંભળી રાજકન્યાએ ઉત્તર આપ્યો કે:— હે શઠ હજુ પણ તું નિર્લજ બની એનો એજ વિચાર પ્રગટ કરે છે. બળ્યા એ ઉંચા વૈભવ અને બળ્યું તારૂં મહાન દેવ પણું ! અરે નિષ્ઠુર ! હજુ પણ તું મારા મનની કસોટી કાઢે છે અને મનથી તપાવે છે ? અહીંથી ચાલ્યો જા. નહિતો ઘડીમાં તારા બધા ભોગ ભસ્મ થઈ જશે. અને નીચમાં નીચ ગતિ તને પ્રાપ્ત થશે. પણ મને દયા આવે છે કે એકનો નાશ કરતાં સઘળી પ્રજા ધણી વગરની થઈ મોટા કલેશને ધારણ કરે ! હવે આની ક્રોધમય મુખમુદ્રા જોઈ ઇંદ્ર ડર પામીને ખિન્ન વદને ચાલતો થયો. પણ આશાને હદમાં નહિ રાખનારા અધમ પુરૂષો એવું ક્યાં સમજે છે કે પતિવ્રતાઓએ એક વાર મને કરીને સત્ય કરેલો સંકલ્પ ફેરવવો અતિ દુસ્તર છે! ઇંદ્ર ત્યાંથી અંતર્ધાન થઇને પોતાના એક વજ્રદંત નામના દુતને મોકલી સ્વયંવર મંડપમાં રાજપુત્રી સરિતસુલભા સન્મુખ ઉભેલા રાજપુત્ર શશિવર્માને અંતરીક્ષ ઉપાડી લેવરાવી ચોપાસ પર્વતોથી વિંટાયેલા દ્રોણાચળ પર્વતની તલેટીમાં મૂકાવ્યો. એમ કરવાનો એનો મનસુબો એ હતો કે એ વરવધુનો વિયોગ કરાવી લગ્નકાળ ચૂકાવવો, તથા આડકતરી રીતે રાજારાજાઓમાં વિગ્રહ ઉત્પન્ન કરીને વૈરથી લડાવી તેમનો હેતુ પાર પાડવા નદેવો. છેવટ દુઃખથી કંટાળી તે પસ્તાશે ત્યારે મારૂં કહેણુ સ્વીકારશે. એવું ધારીને આ સંકેત તેણે યોજ્યો. રાજપુત્રનું અદર્શ થવું જોઇને સરિતસુલભા એકદમ પોતાના અવાસ તરફ પાછી ફરી. એટલામાં સભા-

જમાં ભેગા મળેલા રાજાઓમાં આવેલો માલવ દેશનો અધિપતિ સમર્દન રાજાને ઇંદ્રે વૈતાળરૂપ બનીને ભરદાવ્યો કે આ માનસર રાજાએ સર્વ રાજાઓની હાંસીરૂપ આ સ્વયંવરનો પ્રપંચ રચ્યો છે. એમને આવેલા આ સઘળા રાજાઓમાં એવો કોઈ યોગ્ય વર જણાયો નહિ કે મોટા મોટા કિરિટધારી તથા છત્રધારી રાજાઓની મધ્યમાં એક કુળ જાતનું ઠેકાણું નહિ એવા અ પ્રખ્યાત પુરૂષને પોતાની કન્યા આપવાને તે તત્પર થયોછે? એવું અપમાન પુરૂષોમા સિંહ જેવા રાજાઓ તે કેમ સહન કરી શકે? આવાં વૈતાળનાં વચન સાંભળી સર્વ રાજ્યસમાજનાં મન ઉકળી ઉઠયાં, અને બધા ક્રોધ મૂર્તિ ધારણ કરીને ઉઠી ઉભા થઈ બોલવા લાગ્યા કે; કાંતો કન્યાને બળથી હરણકરીને કે કાંતો યુદ્ધકરીને ગ્રહણ કરવી. એ પ્રમાણે સંકેત કરીને સમર્દન રાજા ઉઠીને ચાલતો થયો. એ પ્રમાણે એક પછી એક સર્વ રાજાઓ ચાલી નીકળ્યા. અહીં જોવા મળેલા શાહુકાર મંડળમાં રાજ્યવલભ શેઠ આ રાજપુત્ર શશિવર્માના જેવો કોઈ પુરૂષ છે એવું અનુમાન કરીને એ સદ્‌ભાગી પુરૂષના વિલક્ષણ ભાગ્યનો સમુદય સમજતો હતો, તે આ રાજાઓનો કોલાહલ સાંભળી સખેદ થવા લાગ્યો. એ સાહસિક પુરૂષ જો શશિવર્માજ હોય તો વળી આ દુઃખજ પ્રાપ્ત કીધું. પણ એ અહીં જણાતો નથી એનું કારણ શું એ કાંઈ સમજાતું નથી, રાજ્યવલભ શેઠ પોતાના સ્વજન પરિજનો સહ ઉઠીને પોતાને મુકામે આવ્યો. ત્યાં તપાસ કરી તો રાજપુત્ર શશિવર્મા મળ્યો નહિ. પૂછવાથી માલમ પડયું કે એ પણ સ્વયંવર જોવાજ ગયેલો છે. ફરી પોતાના માણસોને મોકલી જોવરાવ્યું તો કયાંઈ એ માલમ પડયો નહિ. ત્યાંતો રાજાઓ મોટા વિગ્રહ માંડી બેઠેલા જણાયા. માનસર રાજાને તેઓના વતી કેહેરાવ્યું કે તારી પુત્રી આ રાજાઓ પૈકી કોઈને પણ આપે તો ઠીક, તેમ નહિ કરે તો બળથી યુદ્ધ કરીને વા હરણ કરીને તારી પુત્રીને બળાત્કારથી રાજાઓમાં બળવાન રાજા ગ્રહણ કરશે. આ સંદેશો સાંભળીને માનસર રાજા ઘણો તપી ગયો અને કિલ્લાનું તથા નગરમાં સર્વનું રક્ષણ કરવા પોતાના સૈનિકોને તેણે હુકમ કીધો, અને તેઓને કહ્યું કે ગર્વથી ફુલાઇને જેઓ યુદ્ધની પરવા કરીને લવનાર જણાય તેને નગરમાંથી હાંકી કાઢો, આ પ્રમાણે આજ્ઞા મળતાં જે જે વિરૂદ્ધ રાજા હતા તેઓ અહીંથી કહ્યા વગર પણ ઉઠીને ચાલી નિકળ્યા. તેઓ નગર બહાર જઈ યુદ્ધની તૈયારી કરવા

લાગ્યા. આ તરફ માનસર રાજા પણ પોતાના સૈનિકો લઇ સજ્જ થઈ નગર બહાર આવી તેમની સામે ઉભો. એટલામાં એક અનુચર આવી કહેવા લાગ્યો કેઃ—રાજપુત્રી સરીતસુલભાને દાસીરૂપ વેશ ધારણ કરીને કપટથી કોઇ હરણ કરી ગયું. આ ખબર સાંભળતાં માનસર રાજા મોટી ચિન્તામાં પડી ગયો, ને ખેદ કરવા લાગ્યો. મારો સર્વ ઉદ્યોગ નિષ્ફળ નિવડયો, આમ વિચાર કરે છે એટલામાં વળી દોડતો બીજો અનુચર આવીને કહેવા લાગ્યો કેઃ—સરિતસુલભાની પ્રિય સખી મૃગશિરાનું પણ કોઇ ઘોડાવાળા પુરૂષે હરણ કર્યું છે. એ પુરૂષના દેખાવ ઉપરથી કોઈ રાજવંશી પુરૂષ હોય એવો તે જણતો હતો. આ પ્રમાણે વિપરીત બનાવ બન્યાની ખબર સાંભળી માનસર રાજા તેઓની શોધમાં પાછળ પુઠ પકડવાને અહીંથી પોતાની પીઠ ફેરવે એટલામાં તો સામે ઉભેલા રાજાઓ-એ શંખનાદ કરીને સંગ્રામની સંજ્ઞા જણાવી. આવે પ્રસંગે પાછા ફરવામાં કાયરપણું બતાવી ભાગી ગયો એમ કહેવડાવવું એ તો રાજાને કીર્તિના શિખર ઉપરથી ગબડી પડવા જેવું છે એમ જાણી તે અહીયાં ઉભો. એવામાં સામેથી બાણો છૂટવા લાગ્યાં. માનસર રાજાએ પણ આવતાં બાણોને નિવારણ કરતાં પોતાના સૈનિકો સાથે હલ્લો કરીને ક્રોધયુક્ત થઇને તેઓના ઉપર બાણોનો વરસાદ વરસાવતો આગળ વધીને તેઓને પાછા હઠાવતો ચાલ્યો, માનસરરાજાના સૈનિકો એમ સમજતા હતા કેઃ— પોતાના દેશ ઉપર વગર કારણે અન્યાયનું બાનું ધારણ કરીને આ રાજાઓ લઢવા ઉભા છે, તેઓનો ધાણ કાઢી નાંખવો અને બારે સેહ પોહોચાડવી કે ફરીથી તેઓ કદી કોઇની સામે આવી રીતે માથું ઉચકી શકે નહિ. એવું ધારી ઉત્સાહથી પોતાના દેશના, નગરના અને રાજાના દેશાભિમાનને ઉદ્દેશી પ્રાણની પણ દરકાર ન કરતાં, યુદ્ધમાંજ જય છે, તો આ પાર કે પેલે પાર ઉતરવું, એમાંજ સિદ્ધિ છે, એમ માની મહા મોટું ઘોર યુદ્ધ મચાવીને કેટલાકોને શસ્ત્રથી તેમણે કાપી નાખ્યા કેટલાકોને વિંધી નાંખ્યા, કેટલાકોને ઘોડાઓ તથા હાથીઓના પગ તળે કચરી નાંખ્યા, અને સામી બાજુના રાજા-ઓના સૈન્યમાં ભંગાણ પડયું. આ રાજાઓ ફક્ત પરણવાની અભિલાષા રાખી આવેલા હોવાથી પોતાનું સુંબળું સૈન્ય લાવેલા નહોતા. તેથી જુજ સેનાથીજ તેમનો ધાણ નીકળી ગયો, અને એટલામાં તેમને પણ ખબર પડી કે કન્યાનું હરણ થયું છે. હવે નકામું લઢીને સુર પુરૂષોના પ્રાણ શુંકા.

વવા એજ ફળ મેળવવાનું શેષ રહ્યું છે. તો હવે શા માટે લઢવું ? એમ ધારીને સલાહનો સંદેશો મોકલાવી તેમણે લઢાઈ બંધ પાડી, ને સર્વે પોતપોતાના દેશ પ્રતિ સિધાવ્યા. અને માનસર રાજા પોતાની પ્રિય પુત્રીઓની શોધ પાછળ લાગ્યો. તે પૂર્વ દેશ તરફ વિદાય થયો.

' પૃથિરાજ વીરભદ્રને પુછવા લાગ્યો કેઃ—એ કન્યાઓનું કેવી રીતે હરણુ કરવામાં આવ્યું અને તે હરણુ કરનાર કોણ હતું તે અમને કહી સંભળાવવા કૃપા કરશો.

વીરભદ્ર કહે છેઃ—જ્યારે રાજાઓ એક બાજુ આમ યુદ્ધનો મામલો લઇ બેઠા છે, ત્યારે આ એક લાગ છે, એમ જાણીને ઇંદ્રે એનાએજ પોતાના વજ્રદંત નામના સેવકને બોલાવી કહ્યું કે દાસીરૂપ બનીને એ માનસર રાજાની કન્યાનું હરણુ કરજે. એવી આજ્ઞા આપીને તેને તેણે મોકલ્યો. તેણે આવીને એ પ્રમાણે તેનું હરણ કર્યું. એનો આરોપ કોઇ પણ રાજાને માથે રહેશે એવું ધારીને એ ખેલ ઇંદ્રે રચાવ્યો હતો. એ રાજપુત્રીને લઇને તે અહીં આવ્યો. આ પાસેના પેલા પર્વત ઉપર એક યોગિની વસ્તી હતી. એ તેની કોઇ સહોદર હોવાથી તેના આશ્રમમાં તેને લાવીને ઉતારી, ને પછી કહ્યું કેઃ—હું હવે રાજપુત્રની શોધ કરવા જાઊં છું, અહીં આ ગિરિવજ્રા નામે યોગિની તમારી સંપુર્ણ બરદાશ કરશે. એમના સહવાસમાં રહીને તમે સુખે દિવસો નિર્ગમન કરજો. એને આવું બોલતાં સાંભળી યોગિની કહેવા લાગી કેઃ—હા એતો ખઇજ છે. અહીં તમારા જેવાં સુજ્ઞમાણસ વસે તેમાં અમારે કોઇ જાતની હરકત નથી. તમો પોતે તમારા મહિયરમાંજ વસો છો એવું માની સર્વ સંશયને દૂર કરીને અહીં વિશ્વાસ રાખીને નિરાંતે વસજો અહીં સ્ત્રી જાત સિવાય પુરૂષોનું કવચિતજ આગમન થાય છે. તેથી તમને સ્વતંત્રપણે ફરવા હરવાને પણ કોઇ વાતની અડચણુ પડશે નહિ. આવાં એનાં વિશ્વાસવાળાં વચન સાંભળી રાજપુત્રી સરિતસુલભા અહીં રહી. પણ દાસીરૂપ બનેલા દુતને હા પાડતા પહેલાં એને શંકા એ ઉઠી કે જો રાજપુત્રની શોધ કરવા એ જવાને ઉત્સુક હતી તો મને અહીં લાવવાનું એને શું પ્રયોજન હતું ? હવે અહીં આવ્યા પછી વિશેષ અંદેશો કરવાથી શું ફળ મળવાનું છે ? એતો ભાવીને આધીન છે એમ માનીને એણે તેને પ્રશ્ન કર્યોઃ—ત્યારે મને તું અહીં કેમ લાવી ? જ્યારે રાજપુત્રની શોધ તું એક-

બીજ કરશે ત્યારે મને મારા પિતાને ત્યાં રહેવા દીધી હોત તોપણ એમ બની શકત, એ સાંભળી કપટરૂપ બનેલી દાસીએ ઉત્તર વાળ્યો કે:—એ વિગ્રહી મામલામાં કદાચ અન્ય કોઇ રાજપુરૂષ બળથી તમારા પિતાને જીતી તમારૂં ગ્રહણ કરે તો મોટી હાણ નિવડે, તે પહેલાં મેં દીર્ધદૃષ્ટિ વાપરીને આ યોજના કરી. જેથી આ સમાચાર જાણીને હાથ ઘસતા સર્વે પોતાનો મમત છોડીને આવ્યા હતા તેમ પાછા પોતાને ઘેર સિધાવશે. એમ કરવાથી સર્વ જાતની વિપત્તિને તરી આપણે પાર ઉતરીશું, ને મારૂં એ અનુમાન ખરૂંજ પડશે આ કારણ રાજપુત્રીને કાંઇક સંભવિત લાગ્યાથી એણે કહ્યું. ઠીક, ત્યારે તું જાય છે પણ પાછી ક્યારે આવશે ? એ સાંભળી એણે ઉત્તર આપ્યો કે:—એ તો વિધિના હાથમાં છે. રાજપુત્રનો પત્તો મળે તુરત આવવાની પણ એમનું કયા દેશમાં વસતું છે એની આપણને કાંઇ ખબર છે વારૂ ? ત્યારે તું જા, પણ એ મહાશયને તું વધારે ખંત કરીને ખોળજે. રાજપુત્રીનું આ વચન સાંભળી દાસીરૂપ બનેલો અનુચર એની પાસેથી વિદાય થયો. ત્યાર પછી થોડેક દિવસે કળાવિલાસિની નામે અપ્સરા એની શોધ કરતી કરતી એ યોગિનીના આશ્રમમાં આવી. એને મળીને રાજપુત્રનાં વસ્ત્ર અંલકાર આદિ વસ્તુઓ નિવેદન કરી તેને કહેવા લાગી કે આ વસ્ત્રો તથા અંલકાર આદિ સોટકાં બાજી સુદ્ધાં સર્વ વસ્તુઓ એમણે સ્વયંવર વિલાસ જોવા સારૂ જવા નિમિત્તે મારે ત્યાં મૂકીને મારી પાસેથી જુનાં વસ્ત્રો લઇને પોતે ધારણ કરી આવેલા હતા. આ સર્વ વસ્તુઓ એકે એકે રાજ્યપુત્રી જોવા લાગી. એમાં પ્રથમ એનો ઉંચી જાતનો પોશાક નિરખીને એને ખાત્રી થઈ કે એ મહાશય ખચીત કોઇ રાજવંશી તો હોવાજ જોઇએ. સાધારણ માણસનાં આવાં શ્રેષ્ટ વસ્ત્ર અને અંલકાર ન હોય ! આમ વિચાર કરે છે એટલામાં જે દાસી એની પાસેથી રજા લઇને રાજપુત્રની શોધ કરવા નિમિત્તે ગઈ હતી તે તથા તેની સાથે એ મહાશય રાજકુમારનું સ્વરૂપ ધારણ કરીને ઇંદ્ર ત્યાં આવી ઉભો. એને વેગળેથી આવતો જોઈ રાજપુત્રી અતિ હર્ષ પામીને સામી જવા માટે ઉઠતી હતી, એવામાં ગિરિવજ્રા યોગિની ઇંદ્રને અહીં આવવાનું તથા આ બાળાને અહીં મૂકી જવાનું પ્રયોજન જાણતી ન હતી, તેથી તે કપટરૂપ ઇંદ્રને છેટેથી આવતો જોઇ અહો દેવેંદ્ર પધારે છે એટલું સહેજ બોલી ગઇ. એ બીજા

કોઇએ સાંભળ્યું નહિ, પણ આ ચતુર રાજકુમારી જાણી ગઇ કે આતો કપટી ઇંદ્રનો પ્રપંચ દેખાય છે. આવવા ઘો એને એમ વિચારી તે ત્યાંને ત્યાંજ બેસી રહી, ઉપર પ્રમાણે ગિરિવજ્જાના આશ્રમમાં ઇંદ્ર આવી ઉભો. તેને જોઇ રાજપુત્રીએ જે વસ્ત્ર તથા અલંકાર જોતી હતી તેમાંથી પોતાનું ચિત ખસેડ્યું નહિ. પાસે બેઠેલી કળાવિલાસિનીને ઉદ્દેશી રાજકન્યા બોલીઃ—આ કોઇ પારકા માણસ આવે છે તો આપણે અહીંથી દૂર જઇ બેસવું જોઇએ. એવું કહીને તે ઉભી થઇ. કળાવિલાસીની કહેવા લાગી કેઃ—આ મહાશય પધારે છે તેમનું કલ્યાણકારી આગમન તરછોડી તમે ક્યાં જવા ઇચ્છો છો ? એવું રાજપુત્રનું રૂપ ધારણ કરનાર ઇંદ્રને સાંભળતાં તે બોલી. એનો ઉત્તર આપતાં રાજપુત્રીએ જણાવ્યું કેઃ—શાણી સખી થઇને તું ભુલે છે કેમ ? અકલ્યાણકારીને તું કલ્યાણકારી આગમન કહે છે! હું જાણી ગઇ છું કે એ ઇંદ્ર છે, એવું કહીને તે બીજા સ્થળમાં જવા ચાલ્યા છે, એટલામાં તેની પાસે આવીને દાસીરૂપ બનેલા કપટી અનુચર વજ્રદંતે કહ્યું કેઃ—દેવિ, આ મહાશયને હું અહીં લઇ આવી છું. તેમનું મંગળકારી આગમન દેવીશ્રીએ સફળ કરવું જોઈએ. એનું આવું બોલવું સાંભળીને રાજપુત્રી રક્તનેત્ર કરીને બોલી કેઃ—હે દુષ્ટ, તું મારી દાસી નથી, પણ ખરેખર કોઇ દેવનો દુત છે, જા તેનું આગમન તુંજ સફળ કરજે, મારે એનું કાંઇ પ્રયોજન નથી, જો આ પ્રમાણે ફરીથી હવે તું મારી પાસે આવશે તો તને અને તેને મોટું અનીષ્ટ પ્રાપ્ત થશે. આવું તેનું ક્રોધ ભર્યું બોલવું સાંભળીને તે બંને જણા સમજી ગયા કે આ શાણી રાજકન્યા આગળ કપટથી કાંઇ ફાવવાનું નથી એમ જાણીને તે અનુચર બોલ્યો કેઃ—જો તમારૂં આવું બે દીલ જાણ્યું હોત તો એમને હું અહીં લાવતજ નહિ. એમને અન્ય પુરૂષ જાણીને તમે ભરમમાં ભુલતાં હો તો હું કહું છું કે હાથ ધરેલી બાજી તમે હારો છો. (આ વખત રાજપુત્રીના હાથમાં શશિવર્મા વાળી બાજી તેણે જોવા લીધી હતી તે એમને એમ એના હાથમાં જ રહેલી છે) એ સાંભળી રાજપુત્રી સાક્ષાત્ ભવાનીરૂપ પ્રકાશીને બોલી કેઃ— શું આ હાથમાં ધરેલી બાજી તારા દુર્વિનીત સ્વામીની છે ? એ હું કેમ હારી જઇશ ? આ સાંભળી માયાવી બનેલો રાજપુત્ર ઇંદ્ર બોલ્યો કેઃ—ના, એ બાજી મારી નથી. એના ઉપર મુદ્દલ મારો હક નથી. એ બાજીને માટે તમને ભય ઉપજો મા.

(આ બાજી વસ્ત્ર તથા અંલકારના વિષયથી ઇંદ્ર તદન અજાણ્યો હોવાથી એણે એ પ્રમાણે જવાબ દીધો.) એ બાજી તમારા હાથમાં અક્ષય રહો. એ દાસી અને હું કહું છું કે તે સ્વયંવરમાં સર્વ રાજાઓ સમક્ષ તમારી અભિલાષા રૂપ જણાવેલી બાજીને માટે સમજજો. રાજપુત્રી કહે છેઃ—હા, હું પણ એજ બાજી આ હાથમાં ધરીને બેઠી છું. એ બાજી તમારા કહેવા પ્રમાણે તમારી નથી; તેમ તેના પર તમારો હક નથી, તો મારા ઉપર તમારો શો હક છે ? આ સાંભળી એ બંને જણા બાજીનો ભેદ જાણ્યા વગર બોલી ગયા. તેમાં પોતાનો ભેદ ખુલ્લો પડી ગયો ને તેઓ ખસીયાણા પડયા. રાજપુત્રીના બોલવા ઉપરથી જણાયું કે એ બાજી તો રાજપુત્ર શશિવર્માની છે. આવું નિર્લજપણું જણાઇ આવવાથી એ બંનેને ભય તથા આશ્ચર્ય પ્રાપ્ત થયું, આપણા બોલવાથી જ આપણું અસત્ય બહાર પડયું છે, એ બાબતહવે શી તજવીજ કરવી ? નિર્લજ એવા કામી પુરૂષો પોતાને અપમાનની વા તિરસ્કારની ક્યારે ગણના કરે છે ! ઈંદ્ર પણ અહીં શઠ હૃદયનો બનીને આ કોમળ કળી બળાત્કારથી ચુંટી લેવાનો મનસુબો કરીને ગ્રહણ કરવા તેની પાસે આવીને જેવો તેને ગ્રહણ કરવા જાય છે, એ પ્રસંગે આ બાળા મનમાં ભયથી કંપી તો ખરી, પણ તુરતજ સક્રોધ બનીને લાલ નેત્ર કરી બોલી કેઃ— હે દુષ્ટ તું અળગો રહેજે નહિ તો બળીને ભસ્મ થઈ જઈશ. વીરભદ્ર પ્રથીરાજને કેહે છેઃ—આ વચન બોલતાની સાથે આ પ્રદેશમાં અમારા ગુરૂ ઋષિવર મહામુનિ ભગવાન આપવ ઋષિ પોતાના એક પૈષ્ય નામના શિષ્યને સમિધ અને પુષ્પ લેવા મોકલેલો, તે વખતવટી ગયા સુધીમાં ન આવવાથી, વાત્સલ્ય પ્રેમને લીધે આતુર થઇને તેને શોધવા એક ચૌદ વરસના નાના અર્ક નામના શિષ્યને લઇને નિકળ્યા હતા, તે ત્યાં આવી લાગ્યા. તેમણે આ બાળાનાં આવાં ભયયુક્ત ક્રોધવાળાં આર્ત્ત વચન સાંભળીને એ આશ્રમમાં આવ્યા. આવતાં આવતાં દુરથી એમ કહેવા લાગ્યા કેઃ— હે પુત્ર પૈષ્ય ! આમ ભયમાં આવેલો તું બોલે છે કે શું ? આ હું આવ્યો તું ડરીશ નહિ. એટલામાં સમીધ પુષ્પ લઇને પૈષ્ય એમની સન્મુખ આવતો હતો. તે પાસે આવીને એમના ચરણમાં શિર નમાવી ઉભો. ને બોલ્યોઃ—સ્વામી આપના પ્રતાપથી મને કાંઇ ભય હોય જ નહિ. આ સાંભળી ભગવાન આપવ ઋષિ બોલ્યાઃ—ત્યારે પુત્ર, અહીં મેં એવો

અવાજ કોનો સાંભળ્યો. ચાલો આપણે આ આશ્રમમાં જોઇએ. એ પ્રમાણે ત્રણે જણ આ આશ્રમમાં આવ્યા તો એક પુરૂષને આ બાળા તરફ બળાત્કાર વાપરતાં જોઇને એમણે દીવ્યજ્ઞાનથી જાણી લીધું કે આ તો ઇંદ્રનું કૃત્ય જણાય છે. એ દુષ્ટને પશ્ચાતાપ થયા સિવાય આ બાળાનો તે કેડો મૂકનાર નથી. કદાચ અહીંથી હું એને છોડાવીશ તો પણ વારંવાર એને તે ઘણું સતાવતો રહેશે. એમ જાણીને એમણે પોતાના તપોબળથી એવી એક અદ્ભૂત માયા રચી કે એનો એ દુરાત્માને પ્રત્યક્ષ અનુભવ થાય. એક તરફ ભગવાન્ આપવ ઋષિ આ આશ્રમમાં પ્રવેશ કરતા જણાય છે, ત્યારે એક તરફ એક મહા ભયંકર વૃષપરવા નામનો દૈત્ય જે ઇંદ્રનો શત્રુ મનાયો હતો તેજ રૂપે એની કૃતિ આકૃતિ ધરીને ઇંદ્રની શચી નામની પત્નીને હરણ કરી વિલાપ કરતી તારૂણીને ખભે બેસારી આ આશ્રમમાં અચાનક આકાશ માર્ગેથી ઉતરતો એમની માયાએ કરીને બતાવ્યો. આ પ્રમાણે ઇંદ્રે પોતાની પત્ની શચીને શત્રુના હાથમાં ગયેલી દીઠી, તેમ શચી પોતાના સ્વામીને અહીં નિરખીને આક્રંદ કરવા લાગી કેઃ—હે સ્વામિન, આ દુરાત્માએ મને બળથી ગ્રહણ કરી આણી છે. તે દુષ્ટથી મને મુક્ત કરો. હું આવો ક્લેશ સહન કરવાને શક્તિમાન નથી, વિધિના યોગે આપનું સાનિધ્ય દર્શન પ્રાપ્ત થયું છે. એ બનાવ મને અભય આપવા સારૂજ હોવો જોઈએ. જો કે સ્વામી ગમે તેવો નિર્બળ હોય તોપણ પોતાની ધર્મ પત્નીનું પારકા પુરૂષથી રક્ષણ કરવા પોતાની શક્તિ પ્રમાણે ઉત્સાહથી તે યત્ન કરે છે. આવા પ્રસંગે પોતાનો દેહાંત થતા સુધી પણ શત્રુ સામે થવા તે સમર્થ બને છે. કેમકે.

દહોરો.

ત્રીયા હરણ બાંધવ મરણ, એ દુઃખ સહ્યો ન જાય;
પતન વપુ કદી થાય પણ, થાય સમર્થ સહાય.

તો દેવતાનો અધિપતિ સાનિધ્ય છતાં પોતાની વિલાપ કરતી પત્ની પ્રતિ શત્રુને દુષ્ટકાર્યમાં ફાવવાદે એમ હું ધારતી નથી. આ પ્રકારે વિલાપ કરતી અને પોકારતી પોતાની પત્નીને શત્રુના હાથમાં ગયેલી જોઇને ઇંદ્ર આ સરિતસુલભા રાજબાળાને તજીને વૃષપરવા દૈત્યની સામે યુદ્ધ કરવાને મહાક્રોધ યુક્ત થઇને દોડયો. હાથમાં વજ્ર ધારણ કરીને એ

દૈત્યના અંગ ઉપર પ્રહાર કરવા જાય છે તેથી એ દૈત્યે ઇંદ્રને આવતો જોઈ શચીને ખભેથી ઉતારી એક ભયંકર ગર્જના કીધી કે તુરત પોતાના સમાન બળવાળો દૈત્ય તેનો સહાયક આવી ઉભો. તેને આ શચીની સાંપણુ કરીને પોતે ઇંદ્રના સન્મુખ ઉભો. જેવો ઇંદ્રે વજ્ર પ્રહાર કીધો કે તેણે તે પોતાની ગદાવડે કરીને નિવારણ કીધો. આ સર્વ યુદ્ધ રાજબાળા સરિતસુલભા નિહાળીને એકવાર કંપી તો ખરી, પણ એટલામાં તેની પાસે મહાત્મા આપવ ઋષિ શિષ્યો સાથે પધાર્યા ને બોલ્યાઃ– પુત્રી, ભય પામીશમા. એકાએક ઉભય પ્રસંગ આવેલો જોઇને તે બાળા વિસ્મય પામીને પ્રભુની અદ્‌ભૂત કૃતિને ધન્યવાદ આપતી ને માહાત્મ્ય વખાણુતી શાન્ત થતી થતી મહાત્માને ચરણે નમીને કહેવા લાગી કેઃ–હું દીન બાળા આપને શરણ છું. ભગવાન્ આપ મારૂં રક્ષણ કરો. એ સાંભળી મહાત્મા આપવ ઋષી બોલ્યાઃ–બાળા નિર્ભય થઈને બેસ. તારાપર દુષ્ટ વાસના રાખનાર એ શઠ પોતાની કૃતિને યોગ્ય પ્રાપ્ત થયેલું ફળ અનુભવે છે. તે તું પ્રત્યક્ષ જો. એમ કહીને તેને પાસે બેસારી. તે સાથે એની સખી કળાવિલાસિનીને પણ બેસવાનું કહ્યાથી તે પણ બેઠી. અહીં બેઠા પછી સર્વે એ બંને જણાનો ઘોર સંગ્રામ થતો નિહાળે છે, એટલામાં એક ચોથા મિત્રા વરૂણ નામના પોતાના શિષ્યને એક વૃદ્ધ રાજપુરૂષ તથા બીજા તેના અંગીભૂતો સાથે આવતો તેમણે જોયો, પાસે આવી સર્વે મહાત્માને ચરણે નમ્યા. પછી મિત્રાવરૂણે કહ્યું કેઃ—આ હસ્તિનાપુર પતિ મહારાજ સુહૃદય રાજા આપણા આશ્રમમાં આપના દર્શન માટે પધારવાથી એમની ઇચ્છા પ્રમાણે આપને પગલે પગલે એમને હું અહીં લઈ આવ્યો છું. તે સાંભળી મહાત્મા બોલ્યા કેઃ—વત્સ તેમજ રાજેંદ્ર તમે આવ્યા એ બહુ સારૂં કીધું. તમે પણ બેસો. જુઓ પેલા બંને દુરાત્મા પોતાની કૃતિનો સ્વાદ અનુભવે છે. એ સાંભળી સુહૃદય રાજા બોલ્યો કેઃ–ભગવાન્ યુદ્ધ પ્રસંગ નિહાળી ક્ષત્રિય રાજવંશીયે બેઠે બેઠે જોવું એ કરતાં આપ આજ્ઞા આપો તો દુષ્ટ કૃત્ય કરનાર અધર્મી દૈત્યને દંડ આપવામાં સહાયક થઈ ઉભા રહેવું એ મને ઘટિત છે. એ સાંભળી મહાત્મા બોલ્યા કેઃ—બંને જણાની સમાન દુષ્ટ કૃતિ છે, તો બંને જણાના કાર્યમાં તમારા જેવા સત્પુરૂને સહાય કરવા આજ્ઞા દેવી એતો ઘટિત નહિ. માટે તમે પણ જુઓ કે એ પોતાના પાપે ઉભય લ-

ઢીને વિરામે છે કે નહિ. એમનું એવું વચન સાંભળીને સુહૃદય રાજા આદિ સર્વે જણ ત્યાં બેઠા. આ બાળા સંબંધી હકિકત મુનિયે એમને કહી, અને પછી કળાવિલાસિનીએ એ કયાંથી આવી ? એ કોની પુત્રી ? અહીં આવવાનું તેને કેમ પ્રયોજન પડયું ? એ સર્વ વૃત્તાંત અથપ્રતિથી કહેવા માંડયું. તે આપવ મહામુનિ આદિ સર્વે એ ધ્યાન દેઇ સાંભળ્યું. એનું અને રાજપુત્ર શશિવર્માનું અદ્ભૂત ચરિત્ર સાંભળીને તે વિસ્મય પામ્યા. એક બાજુ ઈંદ્રનું અને માયાવી વૃષપરવાનું ઘોર યુદ્ધ મચ્યું છે ત્યારે એક બાજુ આમનુ આશ્ચર્યકારક વૃત્તાંત સાંભળીને એમને અનુકંપા ઉપજી, આ સરિતસુલભા બાળાને મહામુનિ આપવઋષીએ કહ્યું બાળા, તું વામકર્ણમુનિના હાથે ઉદ્ધાર પામી છે, એ જાણીને હું બહુ આનંદ પામું છું. હવે એમના આશ્રમમાં હું અને આ મહારાજ સુહૃદયરાજા એ આદિ સર્વેજણ તમને સુરક્ષિતપણે પહોચાડીશું. આવાં એમનાં વચન સાંભળી રાજબાળા બોલી કે:–હા એમજ બને તો હું મારા પિતાના સદનમાં વરતી હોઉ એ પ્રમાણે સુખી થઈશ, અને તે રાજપુત્રની શોધ કરવવાનું પણ મને અનુકુળ થશે. ભગવાન્ આપવઋષીએ આ પ્રમાણે રાજકન્યાનો અભિપ્રાય જાણીને પોતાના તપોબળથી ઉત્પન્ન કરેલા માયાવી દૈત્યને યોગ બળથી વધુ બળ આપીને ઈંદ્રની સામે પ્રેર્યો. જો કે તે દેવતાનો રાજા ઈંદ્ર શત્રુ સામે લઢવાને સમર્થ હોવા છતાં અનીતિ યુકત કામમાં પ્રવર્તેલો હોવાથી, આ રાજબાળાનાં ક્રોધ યુક્ત તિરસ્કાર ભરેલાં વચનો સાંભળીને ખિન્ન થયેલો હતો. તેને લીધે પોતાનું બળ તે હારેલો હતો. અહીં એ બંને જણા દ્વંદ્વ યુદ્ધમાં મચ્યા. તેમાં વૃષપરવા દૈત્ય ઈંદ્રને બળથી ગ્રહણ કરી જમીનપર નીચે પાડીને એની છાતી ઉપર ચઢી બેઠો, અને તેનાં બધાં અંગ તેણે નરમ કરી નાંખ્યાં. અને પછી એની છાતી ઉપરથી ઉઠીને દૂર બેઠેલી શચીને ઉપાડી તે ચાલવા લાગ્યો. એ અહીં સર્વે એ જોયું. પુરંદરની પત્ની રૂદન કરતી અને આશ્રય માગતી બોલી કે:–અરે, ઓ મહાશયો આજ આ મારા નિર્બળ થયેલા પતિને તમે સહાય કરો અને આ અધમેથી મારૂં હરણ કરનાર આ દૈત્યના હાથમાંથી મને છોડાવો. વળી ઇંદ્રને ઉદ્દેશી તે કહેવા લાગી કે:–હે નાથ, તમે મોટા સમર્થ થઇને આજ આમ પોતાની પત્નીનું રક્ષણ કરવા અસમર્થ થયા એ શું ! પડતા સમયની નિશાનિ જણાય છે કે કેમ ?

સુરલોકમાં તમને કેવું વિશેષણ મળશે ? આ પ્રમાણે રૂદન કરતી શચીને જોઇને વળી ઇંદ્ર એ દૈત્યની પછવાડે દોડયો. તેમજ ભગવાન્ આપવ-ઋષિ પોતાની માયાએ પ્રેરેલા દૈત્યને જાણતા છતાં પણ સુબોધદાયક અ-નુભવ જાહેર થવા નિમિત્તે અહીં બેઠેલા આ સુહૃદયરાજાને ઇંદ્રને સહાય કરવાનું કહીને એમ કહેવા લાગ્યા કેઃ–હું આ બાળાઓને લઈને વામક-ર્ણ મુનિના આશ્રમે આવુંછું, ત્યાં તમે પણ એ ઇંદ્રની પત્નીને છોડાવી લઇ આવજો. મુનિની આજ્ઞા સાંભળી સુહૃદયરાજા કમરકસી હાથમાં ધનુષ્ય બાણ ધારણ કરીને તત્પર થયો. જેમ એ પુરંદર તેમ આ રાજાઃ એ બંને જણ તે વૃષપરવા દૈત્યની પુઠે ધાયા. ભગવાન્ આપવ મહામુનિ અહીંથી આ કન્યાઓને લઇને વામકર્ણ મુનિના આશ્રમ તરફ ચાલ્યા. થોડા દિવસમાં તેઓ ત્યાં જઇ પહોચ્યાં. મુનિ વામકર્ણ આપવઋષિ આવે છે એવી ખબર થવાથી પોતાના શિષ્ય વર્ગને લઈ સામા આવી મહાત્મા આપવઋષિને આદર પૂર્વક સત્કાર કરીને પોતાના આશ્રમમાં તેડી ગયા. પછી વિધિ પૂર્વક પૂજા કરીને એમની સાથમાં આવેલી રાજપુત્રી સરિત-સુલભાને જોઇને તે ઘણો આનંદ પામ્યા. વાત્સલ્ય પ્રેમે એનું કુશળ પૂછીને પછી મુનિને પધારવાનું પ્રયોજન પૂછીને જાણી લીધું.

અહીં સર્વે બેઠા પછી થોડીવાર થઇ એટલામાં મુનિકુમારી મૃગ-શિરાને એક રાજવંશી પુરૂષની સાથે આવતી દેખીને આ રાજપુત્રી સરિ-તસુલભા એકદમ સહર્ષ બનીને પોતાની સખીની સામે જઈ તેની કોટે વળગી પડી ને બોલી કેઃ—બેની! અચિંત્યો સમાગમ એ સંચિત કર્મનો પુન્ય પ્રભાવ નહિતો બીજું શું ! અને તેની સાથમાં આવેલા રાજપુત્ર ને જોઈ તે વિચારમાં પડી મનમાં ધારવા લાગી કેઃ—જાણે આ પુરૂષનો મને પરિચય હોય એમ લાગે છે. અને તેથી મારો સહજ સ્નેહ એમના તરફ ઢળે છે. પણ ખબર નથી પડતી કે કયારે અને કયે પ્રસંગે એમના સહવાસમાં હું આવી હોઇશ. એ રાજપુત્રના મનમાં પણ આ રાજબાળાની પેઠે પૂર્વ સંબંધનું સ્મરણ થવા લાગ્યું, ને તે વિચાર કરતો હતો કે આ તે મને કાંઇ સ્વપ્નની વાતનું ભાન થાય છે કે ઘણા જુના પરિચયનું સ્મરણ આવે છે, એ કાંઇ સમજાતું નથી. એમ સહજ સ્નેહે બંનેના અંતઃકરણમાં નિર્મળ પ્રેમનાં બીજ રોપાયાં. એ રાજપુત્રની સાથે મૃગશિરા આશ્રમમાં પ્રવેશ કરતાં શરમાતી હતી. તેથી

સખીની બેલમાં વળગીને કુશળની વાત કરતાં કરતાં આશ્રમમાં આવી. વાતમાં પોતાનું હારદ પ્રિય સખીને સમજાવી દીધું. એથી એની પાછળ આવતા રાજપુત્રને બતાવી સરિત સુલભાએ વૃદ્ધ પિતા શ્રી વામકર્ણને જણાવી દીધું કેઃ— કુમારી મૃગશિરા આ તરૂણ રાજકુમારને મનવડે સ્વેચ્છાથી પતિ ગણીને વરી ચૂકી છે, પણ વડીલોની આજ્ઞા મેળવવી એટલી વાત બાકી છે. આ રાજપુત્રીના મુખથી આવો માંગળિક સમાચાર પામીને બંને વૃદ્ધ મુનિઓ સાથે બોલ્યા કેઃ—પુત્રીઓ શુભંભવંતુ પુત્રી મૃગશિરા યોગ્ય પતિને મેળવી શકી છે, એ જાણીને તેમજ એમનો સમાગમ પ્રેમથી અંકિત થયેલો છે, એ પ્રસક્ષ નિહાળીને અમે ઘણા પ્રસન્ન થયા છીએ. પણ આ રાજપુત્રી રોહિણી (સરિતસુલભા) ના મનને આનંદ આપનાર ચંદ્રરૂપ રાજકુમારનું એકાએક અદર્શન થવું એ સંબંધી કારણસર વૃત્તાંત મૃગશિરાએ કહ્યું. એ સાંભળીને મોટું આશ્ચર્ય તેમજ કરૂણા ઉપજે છે. મહામુનિ આપવઋષિએ પણ પોતાને અહીં આવવાનું એજ પ્રયોજન કહી સંભળાવ્યું. એ ઉપરથી અને મૃગશિરાએ કહ્યું એ વૃત્તાંત ઉપરથી બંને મુનિયોએ વિચાર્યું કે રાજપુત્રનું અદર્શન થવું એ તો ઇંદ્રનુંજ કામ છે. એ રાજપુત્રના ભવિષ્ય વિષે તેઓ કલ્પના કરતા હતા, એવામાં પૂર્વ દિશા તરફ આકાશને આચ્છાદન કરતું મેઘમંડળ ચઢી આવતું હોય એવું ઘેરાયેલું વાદળ જોઇને રાજપુત્રી સરિતસુલભા (રોહિણી) એ વૃદ્ધ મુનિયોને કહ્યું કેઃ—પિતા શ્રી આજ અકાળે આ મેઘમંડળ ચડી આવે છે એ તમે જુઓ. મુનિ વામકર્ણ એ તરફ જોઇને કહેવા લાગ્યા કેઃ—પુત્રી, આજ વૃષ્ટિ થવા જેવો હવામાં કાંઈ ફેરફાર થયો નથી. તેમ વૃષ્ટિ થવાનાં બીજા કાંઇ ચિન્હ અગાઉથી દેખાયાં નથી તો એ મેઘ મંડળ છે એવું અનુમાન થતું નથી. પુત્રી તે વાદળ નથી પણ મેઘ સમાન ભાસ કરતી આકાશ માર્ગે ચઢતી ધૂળ છે. રાજપુત્રી કહે છેઃ—પિતા શ્રી આવડી બધી ધૂળ ઉડવાનું કારણ શું હશે? એમ વિચાર કરે છે એટલે વામકર્ણ મુનિ બોલ્યા કેઃ—અહો પુત્રી, આમ જો. આ કોઇ મોટું સૈન્ય આ માર્ગે પ્રવાસ કરતું આવે છે. તેમાં હાથી ઘોડા પાયદળ આદિના પગ પસારથી ઉડતી રજનો સમૂહ આકાશમાં પ્રસરવાથી વાદળ સમાન દેખાય છે. એમ વાત કરે છે એટલામાં થોડીજ વખતમાં એ અનુમાન ખરૂજ પડચું. આવું એક મોટું દળ આ આશ્રમ તરફ

આવતું જણાયું. તે આવીને આશ્રમથી થોડેક નજીક થોભ્યું, ને તેમાંથી એક સ્વાર આવ્યો. તે મુનિયોને ચરણે નમી ખબર કહેવા લાગ્યો કેઃ—આપના ચરણસ્પર્શ અને દર્શનની ઇચ્છા કરીને માનસરરાજા અહીં આવે છે. અહીં આવવાનું પ્રયોજન એવું છે કે તે પોતાની પુત્રી અને જમાઇની શોધ કરવા નિમિત્તે પોતાનું સઘળું સૈન્ય લઈ નિકળ્યા છે. કેમકે તે બંનેનું કોઇ હરણ કરી ગયું છે. એ પ્રમાણે દુતનું વચન સાંભળી મુનિ વામકર્ણ બોલ્યા કેઃ—મહારાજને કહો કે તમે અહીં પધાર્યા એ ઘણું સારૂં કર્યું છે. અહીં તમારી સઘળી ચિન્તા દૂર થશે. આ પ્રમાણે સંદેશો લઈ આવનાર માણસે મુનિની આજ્ઞા સાંભળી માનસરરાજા પાસે જઈ મુનિયે કહાવેલો સંદેશો વિદિત કર્યો. તેથી માનસરરાજા ખુશી થતા થતા મુનિ વામકર્ણના આશ્રમમાં આવીને મહાત્મા આપવઋષિને તેમજ વામકર્ણ મુનિને ચરણે નમ્યા. અને કારભારી આદિ સર્વે જણ દંડવત પ્રણામ કરીને આ રાજા સાથે સર્વે બેઠા. મુનિએ એમના કુશળ સમાચાર પૂછ્યા, અને એક આસન મંગાવી આપ્યું. તેનો સ્વીકાર કરીને માનસર રાજા તે ઉપર બેઠા. પછી થોડીવાર થઈ એટલામાં એક મોટી કાયાવાળો અસુર એક અતિ સૌંદર્ય અને નાજુક અવયવોવાળી તથા અતિ સુંદર મુખવાળી સુકુમાર સુંદરીને પોતાને ખભે બેસારી દોડતો અને પાછું વાળી જોતો, ભગવાન મારી રક્ષા કરો હું તમારે શરણે આવ્યો છું એ પ્રમાણે સહાય માગતો આવીને બંને મુનિયોને ચરણે નમ્યો. ભયથી કંપતો, વારંવાર શ્વાસો શ્વાસ ખેંચતો, ને પોતે આણેલી સુંદરીને એમની પાસે ઉતારી, તે એક બાજુ જઈને બેઠો. એટલામાં એની પછવાડે ઉતાવળે ગતિ કરતા બે શસ્ત્રધારી પુરૂષો આવતા હતા. એક પાસે ઘણી જાતનાં શસ્ત્રો હતાં, અને બીજા પાસે આ નિશાચરપર છોડવા ધનુષ્યપર બાણ સંધાન કરેલું હતું. પણ આશ્રમમાં પ્રવેશ કરતા પહેલાં સામેથી ભગવાન્ વામકર્ણે ઉંચા હાથ કરી આમને વારવા સંજ્ઞા કરી. તેથી શસ્ત્ર પાછાં ખેંચીને તથા બાણ પાછું ભાથામાં ધરીને તેઓ આશ્રમમાં આવ્યા. આવીને બંને જણા આ બે મુનિયોને પ્રદક્ષિણા કરી ચરણે નમ્યા. બીજા સર્વ બેઠેલા રાજવર્ગના પુરૂષોને યથાયોગ્ય કુશળ પૂછી એમની પેઠે એ પણ બેઠા. એટલે માયાવી અસુર વૃષપરવા ઉભો થઇ મહાત્મા આપવ ઋષિ પાસે આવીને બે હાથ જોડી વિનંતિ કરવા લાગ્યો કેઃ—ભગવા-

ન. આ મહાશય પ્રતાપી મહારાજ એક પત્નીવ્રત ધારણ કરનાર સત્ય ટેકી છે. એમના પુન્ય પ્રભાવના બળવડે કરીને તે અહીં મારો પરાભવ કરવાને સમર્થ થયા છે. પરંતુ આ દેવતાનો રાજા ઇંદ્ર ચોરની પેઠે છૂપાં કૃત્ય કરનારો અને પારકી સ્ત્રીયોને શી રીતે હાથ કરી શકાય એવી રાત્રિ દિવસ યોજના યોજનારો, તે પાપ બુદ્ધિને લીધે ખિન્ન મનવાળો, જ્યાં ત્યાંથી એવાં નિંદ્ય કામના પરિણામે શરમ ધિક્કાર અપમાન અને શ્રાપનો બળિદાન થઇને પસ્તાવો કરતો, વારંવાર પરાભવ પામીને પાછો પડે છે. તોય પણ દુર્વૃત્તિને દૂર કરતો નથી. તેથીજ આજ એને માનવીની સહાય માગવી પડી છે. એવા પુન્ય સમૃદ્ધિવાન માનવીઓ દેવદાનવ તેમજ જન સમુદાયને સહાય્યકારી તેમજ શ્રેયકર છે. આ દૈત્યનાં વચન સાંભળી ઇંદ્રનો તિરસ્કાર કરી બંને મહાત્માઓએ કહ્યું કે:—હે દેવેન્દ્ર ! જોયો તેં પરસ્ત્રી લંપટપણાનો પરિણામ કેવો આવે છે તે! આ તારી શચીને આ અસુરે હરણ કરી આણી છે તે જોઇને તને જે વૈર જે ક્રોધ અને જે શુરનો આવેશ આવ્યો છે તથા પરાભવ પામીને જે ક્લેશ ઉત્પન્ન થયો છે તેનો ખ્યાલ તને જેમ આવવોજ જોઇએ એજ પ્રમાણે પારકો હક લુંટવામાં સામા જનના મનમાં એટલું વૈર એટલો ક્રોધ તથા એવું શુર છુટે છે અને તેટલોજ ક્લેશ તેમને પેદા થાય છે એવું તારે જાણવું જોઇએ. જો હવે ફરીથી આવું દુષ્ટ કામ આદરીશ નહિ. એવું કહીને વૃષપરવા (માયાવી) અસુરને આજ્ઞા કરી કે આ પુરંદરની પત્ની એને સ્વાધીન કર ને પછી તું તારે અવાસે જા. નહિ તો તું પણ દંડને પાત્ર થયોજ છું એમ જાણ. મુનિની આજ્ઞા માથે ચઢાવી (માયાવી) શચીને ઇંદ્રને હવાલે કરી તે પોતે ચાલતો થયો. ઇંદ્ર એ ઇંદ્રાણીને લઇને સ્વર્ગમાં પોતાને આવાસે ગયો. જો કે પોતાની પત્ની પોતાના આવાસમાંજ હતી તો પણ એ માયાવી અસુરના હાથમાં આ માયાવી શચી આવેલી જોઇને તેણે પોતાની પત્ની પ્રત્યક્ષ નિહાળી તે મેળવવા યત્ન કરીને મહાત્માઓની સહાય મેળવીને તેને લઇને તે પોતાને આવાસે આવ્યો. ત્યાં પોતાની પૂર્વ પત્નીને તેણે દીઠી.

શચીએ પોતાના સમાન રૂપવાળી બીજી ઇંદ્રાણીને લઇ ઇંદ્રને આવતો દીઠો. એ જોઇ તેણે કહ્યું કે:—હે સ્વામીનાં વિધિએ તમારે માટે આ બીજું રત્ન ક્યાં નિર્માણ કરી રાખ્યું હતું અને તે આપને કયા પુન્ય

પ્રભાવે ક્યાંથી પ્રાપ્ત થયું છે? એનો આ પ્રશ્ન સાંભળી ઇંદ્ર કાંઈ બોલી શક્યો નહિ. પણ એની સાથે આવેલી (માયાવી) ઇંદ્રાણી બોલી કેઃ— પ્રિય બેહેન, તમારા સ્વામીની કરણીગી તમો અજાણ્યાં તો નહિજ હશો. તોપણ આજનું એમનું ચરિત્ર હું તમને કહી જાઉં. એથી તમોને સંતોષ મળે તો મેળવજો. એવું કહીને સઘળું વૃત્તાંત તેણે તેને કહી દીધું. એ-થી ઇંદ્ર પોતાની પત્ની આગળ ઘણો ખસીઆણો પડી ગયો અને શર-માતો શરમાતો પોતાના ભુવનમાં જઇ પશ્ચાતાપ કરતાં જાણે જમીનમાં સંતાઈ જાઉં કે આ મારૂં મુખ મારી પત્નીને ફરીથી બતાવવું ન પડે એવું તે ધારવા લાગ્યો. ભગવાન્ આપવઋષિની માયા આ પ્રમાણે મુ-નિની અદ્ભુત કૃતિનું વર્ણન કરીને પછી અંતર્ધાન થઇ ગઈ.

વીરભદ્ર કહે છેઃ—આ વૃત્તાંત નારદમુનિ જે પ્રસંગે ઇંદ્ર ભુવનમાં શચી પાસે આવ્યા ત્યારે તેમને શચીયે કહેલું તે અહીં વામકર્ણમુનિના આશ્રમમાં આવીને તેમણે મહાત્મા આપવઋષિને કહ્યું. તે ભગવાન્ આપવઋષિએ અમને કહેલું. તે મેં તમને કહ્યું. એમાં પરસ્ત્રી લંપટ માણસોએ ધડો લેવાનો છે. એ આમાં રહસ્ય સમાયલું છે. હવે થોડી વાર થયા પછી આ આશ્રમમાં એક વૃદ્ધ બ્રાહ્મણ મુસાફર આવતો જ-ણાયો જે પર્યટણ કરવાના પરિશ્રમથી શરીરે સૂકાઇ ગયેલો હતો. એના મોઢા ઉપર નિરાશાના વિચારને લીધે ગ્લાનિ ઉપજેલી હોય તેમ શોકનાં ચિન્હો જણાતાં હતાં. ખભે ભરવેલી દોરી સાથે એક તુંબડી બાંધેલી એ-જ તેને પાણી પીવાનું પાત્ર હતું. તેણે હાથમાં વાંસની એક જેષ્ટિકા ધારણ કરેલી હતી. એ પુરૂષ આ આશ્રમમાં આવ્યો. આવીને તે બીજું કાંઈ જોતો નહતો, પણ અહીં જ્યાં આ ત્રણ બાળાઓ તથા બીજી મુનિ કુમારીયો બેઠી છે તેમના સમુદાય તરફ પાસે જઇને તે ધ્યાનપૂર્વક અવલોકન કરવા લાગ્યો. આને બીજા પુરૂષો સાથે કાંઇ પ્રયોજન નહોય અને અહીં બેઠેલા પુરૂષોને જાણે તે દેખતોજ ન હોય એવી તેની સ્વાર્થ-મય વૃત્તિ જણાતી હતી. આવી એની સ્થિતિ રીતિ જોઇને ઋષિવર્ય વામકર્ણે પૂછ્યું કેઃ—હે ભલા પંથી, તું આમ આવ્ય. તારે કોનું પ્રયોજન છે? અને કયા અર્થે તું સ્ત્રીયોનું અવલોકન કરે છે? જ્યારે એણે આ પ્રશ્ન સાંભળ્યો ત્યારેજ એનું ખરેખરૂં લક્ષ પુરૂષો તરફ ગયું, અને એને આ મહાત્માઓ અને મહાશયો બેઠેલા જણાયા. જો કે તેઓ બેઠેલા તો

એને જોતાજ હતા પણ એ જાણે કોઇને દેખતો ન હોય એવી તેની સ્વાર્થમય વૃત્તિ હતી. તેથી તેણે કોઇને દીઠા ન હતા. તે હવે મુનિ તરફ આવીને તેમને ચરણે નમીને બોલ્યોઃ—મહાત્માઓ, મારો અવિનય ક્ષમા કરજો. મેં આપને પ્રથમ જાણે દીઠાજ નહતા એ હું સત્યજ કહું છું. વળી તે પાસે બેઠેલા સત્પુરૂષો તરફ નજર કરી જોવા લાગ્યો તો અચિંતી જાણે કંઇ એની સ્થિતિ ફરી ગઈ હોય અને જાણે છેકજ નિરાશ થઇ ગયો હોય એવો તે દેખાયો. તે બોલ્યોઃ—મહારાજ સુહૃદય રાજા, આપ અહીંયાં છો? તમને હું મારૂં મુખ બતાવતાં ઘણો શરમાઉં છું. કેમકે મને સોંપેલા કામમાં હું ફળીભૂત થયો નથી. આ સાંભળી સુહૃદયરાજા બોલ્યાઃ—અહો પુરોહિત તમે અહીં આજ ઘણા વરસોએ મળ્યા. તમારા ભારે પરિશ્રમને લીધે તમારા મુખનો ચહેરો તદન ફરી ગયેલો હોવાથી મેં તમને ઓળખી શકયા નહિ. પણ તમે ફરીને કોઇ વખત રાજનગર તરફ પાછા ફરયા નહિ એવા તમારા ભારે પરિશ્રમનો હું ઘણો આભારી થયો છું. તમારા જેવો નિમકહલાલ અને સ્વામિભક્ત રાજભક્તિ બજાવનારા પુરૂષોમાં ઉતમ એવો વિશ્વાસ પાત્ર માણસ મને બીજો કોણ મળનાર હતો! એવાં સુહૃદય રાજાનાં વચન સાંભળી પુરોહિત તેમની પાસે આવી નિરાશા ભરેલા વચનોથી પોતાની પ્રવાસની હકિકત કહેવા લાગ્યો. મહારાજ, હું સગ્રગ્ર પૃથ્વીમાં પર્યટણ કરી વળ્યો છું.

દોહરા.

અંગ બંગ પાંચાળને, ગૌડ દ્રવીડ તાતાર;
મધ્ય દેશ મરૂ માળવા, મદ્ર દેશ ગાન્ધાર.
વિંધ્ય હીમાદ્રી નિલગીરી, મહાબળેશ હરદ્વાર;
સોરઠેશ દ્વારામતિ, સપ્તપુરી શ્રીદ્વાર.
યવન ભવન મુનિ આશ્રમો, ગિરી ગહવર ગતિ કીધ;
નગર ડગર જઈ ઝાંખતાં, કાર્ય કહી નવ સિદ્ધ.
સપ્ત દ્વીપ નવખંડમાં, ફરી વળ્યો હું મહીનાથ;
મનહર છબી મનોહરી, મુક્ત માલ નહિ હાથ.
પણ એક પત્તો પત્રમાં, ત્રંબક તરૂવર નીચ;
શિળા તળે સુતો તહાં, અંક દર્વ અધવીચ.

તેથી તુલના એ થઈ, આપ ત્રિયા આરોગ્ય;
પણ એક શંકા એ રહી, કયમ અદર્શ એ યોગ.
એમ કહીને આપીયો, પત્ર રાયને હાથ;
પછે પુરોહિત પામીયો, મન વિરામ તે સાથ.

છેલ્લે તે એમ બોલ્યો કેઃ—હે મહારાજ, તમારી પ્રિય અર્ધાંગના મનોહરમુક્તમાળા મને કયાંયે હાથ લાગી નહિ! તેમ એમના સંબંધી ફરીથી કોઈ પણ ઠેકાણેથી હું કંઇ પણ વૃત્તાંત મેળવી શક્યો નથી. આ પ્રમાણે બોલીને તે એક બાજુ જઇ બેઠો. આ છેલ્લા શબ્દ બોલ્યો કે મનોહરમુકતમાળા મારે હાથ લાગી નહિ એ અરસામાં ત્રણ પુરૂષો એકાએક આ આશ્રમમાં આ સર્વની સમક્ષ આવી ઉભા. તેમાં એક રાજકુમાર હતો જુવાન બીજો એક સાધારણ માણસ હતો. અને ત્રીજો સુંદર આકૃતિવાળો જુવાન પુરૂપ હતો. તેમાં આ રાજકુમાર પુરોહિતનો બોલ સાંભળી બોલ્યોઃ—શું! મારી માતા મનોહરમુકતમાળા સમગ્ર પૃથ્વીમાં કયાંઈ નથી એ વાત ખરી છે! આને આમ બોલતો જોઇને સર્વ બેઠેલા મનુષ્યો પૈકી કેટલાકને હર્ષ કોઇને આશ્ચર્ય અને રાજબાળા સરિતસુલભા એને પ્રીતિહર્ષ અને શોક એ સર્વે સાથેજ પ્રાપ્ત થયાં. રાજપુત્રે પણ રાજપુત્રીને દીઠી. તેથી એક તરફ પ્રિયજનના મેળાપ માટે હર્ષ અને બીજી તરફ નિજ માતાના અનિષ્ટ સમાચાર જાણીને શોક એ બે સાથેજ એને પ્રાપ્ત થયાં. એથી કરી બંને તરફ લોહચુમ્બકના આકર્ષણથી જેમ એક સોય અધર લટકતી રહે તેમ એ પ્રીતિ અને વિરહ એ બંનેના સંમેલન વચ્ચે વિચારમાં અધર લટકતો રહ્યો. આ જોઇ સુહૃદયરાજા પણ વિસ્મય થઇ ગયા. આ શું કહે છે! મનોહરમુકતમાળા મારી મારી સ્ત્રી તેનો આ પુત્ર!! એને પુત્ર કયાંથી પ્રાપ્ત થાયા આતો અદ્‌ભૂત બનાવ! વીરભદ્ર પૃથિરાજને કહેવા લાગ્યો કેઃ—આ રાજપુત્ર કોણ એ તમે જાણ્યું, તો હશેજ, તો પણ વાર્તાનો સંબંધ જણાવા સારૂ મારે કહેવું જોઇએ, કે એ આ વાર્તાનો નાયક શશિવર્મા હતો. તેને એ પ્રમાણે બોલતો સાંભળી ઋષીવર્ય વામકર્ણે પૂછ્યુંઃ—વત્સ તને અહીં એકાએક આવેલો જોઇ અમે ઘણા ખુશી થયા છીએ, તેમાં વળી અહીં તો પરસ્પર સંબંધીયોનું અનાયાસે સંમીલન થવું એ તો વિધિનો મહાત્મ ભરેલો સંકેત! વિશ્વ કર્તાની મહાનશક્તિ તરફ માણસના મનમાં મોટો વિશ્વાસ ઉત્પન્ન કરે

છે. વત્સ તારૂં વૃતાંત શ્રોતાઓનું મનરંજન કરનારૂં છે. એકવાર તું રાજબાળા સરિતસુલભાને મળી વિશ્રાંતિ લે. પછી આપણે સર્વે સમાજ ફરીથી મેળવીશું. ઉઠો હવે ભોજનનો સમય થયો છે. એ પ્રમાણે આજ્ઞા સાંભળી સર્વે ભોજન કરવા ઉઠયા. રાજપુત્ર શશિવર્મા સરિતસુલભાને મળી કુશળ વાતો પૂછીને સર્વેની સાથે જમવા બેઠો. પણ નિજ માતા સંબંધી અનિષ્ટ ખબર જાણીને માતાના વિરહને લીધે તે દુઃખી હતો. તેથી કાંઇ ખાવાનું તેને રૂચ્યું નહિ પણ યથાયોગ્ય ભાવ્યું તે જમી સર્વેની સાથે તે ઉઠયો.

ભોજન કરી રહ્યા પછી તાંબુળાદી મુખવાસ લીધા પછી સર્વે પોતાને યોગ્ય સ્થાને જઇ વિશ્રાંતિ લીધા પછી પાછલા પ્રહરના સભા મંડપમાં મહાત્માઓની સમક્ષ આવીને બેઠાં. એટલે પુત્રી સરિત સુલભા મૃગશિરા અને બે રાજપુત્ર ચારે જણ આની રુષિઓને તથા રાજાઓને પગે લાગ્યાં. એમને સાથે જોઇને આ રાજા બહુ ખુશી થયા. આ બે પૈકી પ્રથમ આવેલા રાજપુત્રને જોતાંજ માનસર રાજાનું હૃદય ઉભરાઈ જવા લાગ્યું જાણે પોતાના પુત્ર સમાન આની આકૃતિ મળતી આવે છે એવું ધારીને ભગવાન વામકર્ણ મુનિને તે કહેવા લાગ્યોઃ—અહા, આ મનોહર કુમારે કઈ માતાની કુખે જન્મ ધારણ કરીને કયા પુન્યશાળી રાજકુળને દીપાવ્યું હશે! અને કુમારી મૃગશિરા અને એમનો યોગ શી રીતે પ્રાપ્ત થયો એ વિષે આપ કાંઇ જાણતા હો તો કૃપા કરીને કહેશો. એ સાંભળી મુનિ વામકર્ણ કહે છેઃ—તમારા પહેલાં થોડીજ વાર અગાઉ તેઓ આજ આ આશ્રમમાં પધારેલા છે. એટલે એમને અમે કાંઈ પુછયું નથી. પણ પુત્રી મૃગશિરાએ એની પ્રિય સખીઓને પોતાનું વૃત્તાંત કહ્યું હશે, તો આપણે એમને પૂછીએ. એમ કહીને એમણે આ બે બાળાઓની સાથે આશ્રમમાં રહેલી એની સખી કળાવિલાસીનીને પુછયુંઃ—બાળા, આ માનસર રાજા પૂછેછે એ સંબંધી વૃત્તાંત તને માલમ હોય તો તે વિદિત કરીને એમનો સંદેહ દૂર કર.

કળાવિલાસિની કહે છેઃ—આ મારી પ્રિય સખી મૃગશિરાએ પોતાનું વૃત્તાંત મને કહ્યું છે, તે પ્રમાણે હું આપની સમક્ષ કહીશ. તેથી આપ પૂજ્ય વડીલોને સર્વ વાતની માહિતિ મળશે. એમ કહી તેણે કહેવાનો આરંભ કર્યો. તે બોલીઃ—કુસુમપુર નામે નગરમાં કુસુમશર નામે રાજા

રાજ્ય કરતા હતા. એમની કીર્તિને ઉજ્વળ કરનાર, સત્ધર્મપ્રતિપાળક, રાજધર્મ નીતિજ્ઞ, સર્વ કળામાં કુશળ, વિદ્યાવાદમાં નિપુણ, અને ક્ષત્રિય ધર્મ બજાવનાર, ગૌબ્રાહ્મણની રક્ષા કરનાર તથા યુદ્ધ પ્રસંગે સાનિધ્ય રહીને લઢવાની જેમની સત્ય પ્રતિજ્ઞા છે એવા, અને એ નગરને ભુષણરૂપ રાજ્યપાટને શોભાવનાર, ઘટોદ્ભવ નામે રાજા છે તે પોતાનું રાજ્ય નગર છોડીને આસ્મક ઋષિના યજ્ઞની રક્ષા કરવા સારૂ નિકળીને એ મહાત્માના આશ્રમે આવી વસ્યા હતા. યજ્ઞ કર્મ સમાપ્ત થયા પછી એ મહાત્માની રજા લઇ પોતાના નગર તરફ જવાની તેમણે તૈયારી કરી. જતી વખત આસ્મક ઋષીએ પ્રસન્ન થઇ એક અપૂર્વ પુષ્પની માળા તેમને આપીને કહ્યું કેઃ—આ વિજયવંતી માળા અમને કુબેરના બગીચામાંથી પ્રાપ્ત થયેલી છે. મનુષ્યલોકમાં એ માળા સર્વે કોઇનું ધ્યાન ખેંચનારી છે, કેમકે તે કદી કરમાતી નથી. ને તે ધારણ કરવાથી હમેશાં માણસનું મન પ્રસન્ન રહે છે. તે તમને આશીર્વાદરૂપે ફળ દાયક હો. એ માળા લઇને તે મહાત્માનાં દર્શન કરીને નિકળ્યા. થોડેક દૂર ગયા એટલે વનમાં વિચરતાં કેટલાંએક મૃગો તેમની નજરે પડયાં. એ જોઇને મૃગયાની ઇચ્છાએ કરી તેઓની પછવાડે પોતાના ઘોડાને અનુસરવાને પગની એડી લગાવી તેજી ઘોડો પગની એડીની સંજ્ઞા મળતાં મૃગ ટોળાની પછવાડે દોડયો. ઘોડાની પડઘી સાંભળીને કુરંગો ફાળે ચઢતાં દોડવા લાગ્યાં. એક દિશા પકડી દોડતા કુરંગોની પછવાડે હાથમાં અણીદાર ભાલો પકડી પલાયન કર્યું. ઘડીમાં મૃગ એમની નજીક ઘોડાની ફાળમાં આ પકડયું એમ પાસે આવી જાય, ઘડીમાં જોતજોતાંમાં વળી તે ફાળ ભરીને કૂદી જાય, એથી કરી એમને ઘણી મોજ મળતી હતી. કેટલાંએકને ભાલાની અણીયે તેમણે વિંધી નાખી એમનેએમ પડતાં મૂકયાં કેટલાંએક બાજુપર નાઠાં. તેમને જતાં મૂકી એક કુરંગ જે એક દિશા પકડી ઘણા વેગથી દોડતું હતું તેની પછવાડે તેમણે અનુસરણ કીધું. મૃગયાના તરંગે તે આ મહારાજ (માનસર રાજા) ના ઉદ્યાનમાં આવી લાગ્યા. અહીં આવી તે મૃગ વૃક્ષોની ઘટામાં કયાંક ભરાઇ ગયું. તેથી એ પોતે મૃગના નિમિત્તે વૃક્ષોની લતાઓમાં જોતાજોતા ફરતા હતા. એ અરસામાં આ સુકુમારી મૃગશિરા એ ઉદ્યાનમાં આવીને પોતે પોતાની પ્રિય સખી આ સરિતસુલભાને—સારૂ મંગળ સમયે પોતાની હસ્તકારીગરીથી પુષ્પની ઓઢણી બનાવી—

રાખવા સારૂ પુષ્પો વીણતી હતી. ત્યાં આ રાજકુમારને અનાયાસે આવી જોતાં કુરંગોનો તો કયાંઈ પતો લાગ્યો નહિ. પણ આ કુરાંગાક્ષીને તેણે દીઠી. તેમ આ કુમારીએ રાજકુમારને પણ દીઠો. એકાએક આ નિર્જન સ્થાનમાં ઉદ્યાનમાં પ્રસરતા સુગંધમય મંદ પવનની સાથે બંનેજણના મનમાં મનમથે પ્રેરેલી પ્રેમવાસનાયે નિવાસ કીધો. કુમારી મૃગશિરા કાંઈ શરમાઈ તો ખરી. એને જોઇને આ રાજકુમારે પૂછ્યું:—હે સુકુમારી વિદુષીબાળા, અહીં ક્યાંઈ એક કુરંગ છૂપાઈ પેઠું છે તે તમ કયાંએ નિહાળ્યું છે ? એ સાંભળી આ બાળાને બોલવાને હિમત મળી. તે કહેવા લાગી કે:—હા સખીઓના ટોળાથી એકલી વિખૂટી પડી પુષ્પ નિમિત્તે એક મૃગલી (મૃગશિરા) અહીં આ ઉદ્યાનમાં આવીછે ખરી. એને આપ જુવોજ છો. તેમ છતાં જાણીને પૂછોછો એ આપનું ધૂર્તપણું પ્રગટ કરવા બરાબર છે. પણ આ આપની પાસે પુષ્પની અપૂર્વમાળા હું જોઉં છું. તેથી મને કાંઇક આપનો વિશ્વાસ ધરવાનું કારણ મળે છે, કેમકે મારી પ્રિય સખીના મનક્રમ વચનથી સ્વીકારેલા સ્વામીની પાસે આવી એક માળા હતી. તે એમણે આપને આપીને અહીં મારી પાસે આપને મોકલીને મારી પ્રિય સખીને કાંઈ કહેવા સારૂ મોકલ્યા હોય તો તે સંદેશો સુખે વિદિત કરશો. કેમકે એમના તમે કોઈ સન્મિત્ર હો એવું અનુમાન થાય છે, નિખાલસ-પણે જે કહેવાનું હોય તે કહો. આ માળા જોઇને હું આપનામાં વિશ્વાસ કરૂં છું. એ સાંભળી આ રાજકુમાર બોલ્યો:—હું સત્યજ કહું છું કે:—જે કુમારને ઉદ્દેશી તું પૂછે છે તેમને હું ઓળખતો નથી, તેમ તમારા આગળના સંકેતથી હું બિન માહિતગાર છું. પણ હે સુકુમારી, તું સત્ય વચન બોલજે. કે તું કુમારી સ્થિતિમાં છે કે કોઇનો પાણિગ્રહણ કીધો છે જો કુમારી હોય તો હું કાંઈક તારી સાથે બોલવા ઇચ્છા કરૂં છું. તેમ ન હોય તો એકાન્તમાં તારી સામે ઉભું રહેવું એને હું અધર્મ સમજું છું.

એ સાંભળી આ બોલી કે:—આપના વિષે પણ હું એજ શંકા ધરાવુંછું. પરસ્પર બંને જણાંએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. રાજ-કુમારે કહ્યું કે:—બાળા, આ પુષ્પમાળા જો તને વિશ્વાસ કરાવતી હોય તો લે એ સદાને માટે તારીજ છે. અને હું પણ તારે સ્નેહે રાચવા વાળો છું. તું કોઇ પણ પુરૂષનો પાણિગ્રહણ કરશે તો ખરીજ. ત્યારે જો તારી ઇચ્છા હોયતો ખુલ્લેખુલ્લું જણાવી દે કે મારા પ્રમાણે તારૂં

અંતઃકરણ મારામાં જોડાતું હોયતો આપણો સંબંધ સુખકર નિવડશે. એ સાંભળી આ બાળા બોલી કેઃ—મારા પોતાના અભિપ્રાયથી વિશેષ સંમતિ ગુરૂજનની મેળવવી જોઇએ, કેમકે કન્યાઓ પરતંત્ર છે. તોપણ ગુરૂજન પોતાના ફરજંદનો અભિપ્રાય જાણીને તેમના હિતમાં રાજી હોય છે, એટલે પોતાનું અનુમોદન આપવામાં તેઓ સાનુકુળ થશે, એમ મારો નિશ્ચય છે. આપ આ માળા પ્રેમપૂર્વક મને અર્પણ કરોછો તે હું હેતથી સ્વીકારૂં છું. આમ પરસ્પર બંનેજણ વાત કરે છે એટલામાં ખબર મળી કેઃ—રાજપુત્રી સરિતસુભભાનું કોઇએ હરણ કર્યું છે, અને ત્યાં તો રાજાઓ મોટો વિગ્રહ લઇ બેઠા છે. માનસર રાજાએ તેમને નિવારવાના હેતુથી પોતાનું સૈન્ય લઈ ત્વરાથી તેમને સામે જઇ નગર બહાર હાંકી કાઢયા છે. આવો ચોકસ સંદેશો પામીને આ બાળાએ વિચાર કીધો કેઃ—હવે હું પણ ત્યાં જઇશ તેથી શું પરિણામ આવવાનું છે. વખતે કોઇ અયોગ્ય પુરૂષ બળાત્કારથી મારૂં પણ હરણ કરે તો મારો અર્થ નિષ્ફળ નિવડે, તે કરતાં બેહેતર છે કે આ રાજકુમારની સાથે ચાલી નિકળવું. અને મારી સખીને અને તેના પતિને મેળવી આપવામાં આમની સહાય મળશે એવું વિચારીને તે બોલી કેઃ—મહાશય આપ મને મારી પ્રિય સખીની શોધમાં સહાય કરશો, તેમજ મારા ગુરૂજનને મળતા સુધી મને મારા ધર્મે વર્તવા દેશો, તો આપના વિચારને હું ગળતી છું. આ કુમારીનો અભિપ્રાય જાણીને રાજકુમાર એને પોતાની સાથે લેવા કબુલ થયો, અને બંને જણ ઘોડેસ્વાર થઇ ચાલી નિકળ્યાં. રાજકુમાર અને રાજપુત્રીની શોધ કરતાં કરતાં તેઓ અહીં આપની સમક્ષ આ આશ્રમમાં આવ્યાંજ છે, અને એમનો શ્રમ આજ આપણે સફળ થયેલો જોઇએજ છીયે. અનાયાસે એક પછી એક સંબંધીનો યોગ એમ મળી ગયો છે. આ સાંભળી ગુરૂજનો તેમજ આ સર્વ રાજપુરૂષો અને શશિવર્મા સંતોષ થયા. અહીં રાજપુત્ર શશિવર્મા સાથે આવેલા જે બે પુરૂષો બેઠા હતા તેમાંનો એક આ રાજપુત્ર સામે નિહાળી જોતો હતો તે પોતાની પૂર્વ સંજ્ઞાને યાદ કરી જાણે કોઇ વખત આ રાજપુત્રને સંબંધી તરીકે લેખતો હતો એવો નિશ્ચય થવાથી તે બોલ્યો કેઃ—આ (શશિવર્માને બતાવીને) મહાશયની સાથે સાથે હું આવ્યો છું. તેના કારણનો સંબંધ એમના વૃત્તાંતથી જણાશે પણ આ (ઘટોદ્ભવ) બીજા રાજકુમાર

સંબંધી વૃત્તાંત પૂર્વે મારા અનુભવમાં આવેલ છે, તે હું આપને વિદિત કરૂં છું. એમને ઓળખીને મેં નિશ્ચય કર્યો છે કેઃ—હું મારા વૃત્તાંતમાં જણાવીશ તે પુરૂષ આ રાજપુત્રજ છે. એમ કહી તેણે પોતાનું વૃત્તાંત કહેવાનો આરંભ કીધો. તે બોલ્યોઃ—કૌશલગઢ નામે એક પ્રખ્યાત નાનું ગામડું છે. ત્યાંનો હું રહેવાશી છું. મારૂં નામ ગવાક્ષ છે. મારી જાતિ ઢીંમરની છે. મારો ધંધો વહાણ ચલાવવાનો છે. મારી સ્ત્રીનું નામ સુવ્રતા છે. અને જે વ્રત આચરવાથી લોકમાં પ્રમાણ મનાય એવાં સત્ય વચન બોલવાનો મેં સ્વીકાર કીધેલો છે. એટલે હું કદી અસત્ય બોલતો નથી. મારા ધંધાને નિમિત્તે હું પુષ્કરણી સરિતાને તીરે તાલવન નામના પ્રદેશમાં મારી જાતના બીજા લોકોની સાથે આવીને મને અનુકૂળ એક નાનું સરખું ઘર બનાવીને વસ્યું. મારી સ્ત્રીને પેટે કાંઇ સંતાન ન હોવાથી એ હમેશા પુત્રની કામનાવાળી મનથી સંતાપ કરતી રહેતી. વરૂણ દેવ અમારે ઇષ્ટ હોવાથી તે રોજ વરૂણની પૂજા કરતી હતી. એક દિવસ કોઇ વૃદ્ધ બ્રાહ્મણ અતિથિ મારે દ્વારે આવ્યો. તેની મેં અને એણે શુદ્ધ ભાવથી સેવા કીધી. તેણે અમારૂં ગ્રહસુત્ર કેવા પ્રકારનું છે તે વિષે પૂછ્યું. મારી સ્ત્રીના કહેવાથી અમારૂં હિતાહિત જાણીને તેણે વરૂણની પૂજાનો વિધિ બતાવ્યો. તે પ્રમાણે એક દિવસ એ બ્રાહ્મણના ગયા પછી મારી સ્ત્રી બીજી સંબંધી સ્ત્રીઓને લઇ પુષ્કરણી સરિતાની તીરે આવી વરૂણ દેવની પૂજા કરીને એક કોરા ઘટમાં અશોક પલ્લવનાં પાત્ર તથા દુર્વા તથા સુપુષ્પો ધરી મથાળે દીપક પ્રગટીને તેને નદીમાં તરતો મૂકી મારી કામના સિદ્ધ કરજો, એ પ્રમાણે સ્તુતિ કરીને મારે ઘેર ગઈ, હું નદીમાં વહાણ ઉતારી કોઇ કારણસર વહાણ હંકારી જતો હતો. કેટલેક દૂર ગયો એટલે પેલો ઘટ કેટલેક છેટેથી મને આવતો દેખાયો. દીપકની જ્યોતિથી એજ ઘટ છે એવું મેં અનુમાન કર્યું. હું એમનેએમ મારૂં વહાણ ચલાવતો હતો. એ અરસામાં પેલો ઘટ નજીક આવતો ગયો. જ્યારે લગભગ નજીક આવ્યો ત્યારે તેનાપર મારી દૃષ્ટી ગઇ, તો મને મારા ઇષ્ટદેવ વરૂણદેવ ઉપર અગાધ શ્રદ્ધા ઉપજી કેમકે એજ ઘટને કાંઠે વળગેલો પાંચેક વરશની વયનો અપૂર્વ રૂપ સૌંદર્યવાન એક બાળકને મેં દીઠો. તુરતજ એ જોતાં હું સરિતામાં કૂદી પડ્યો, અને બાળકને પકડીને વહાણમાં લઇ પ્રભુનો અપાર

પાડ માનતો બાળકની સ્થિતિ જોવા લાગ્યો, તો તે જીવતો હતો. પરંતુ તે બેશુદ્ધ દેખાયો. કેમકે તે કેટલોક વખત જળમાં ઘડાના યોગે તરતો તણાઇ આવવાથી તેની મુઠીયો ઘડાના કાના સાથે સજડ અકડાઈ વળી ગયેલી હતી. તે શ્વાસોશ્વાસ ધીમે ધીમે લેતો હતો. તેથી એના જીવિતની આશા રાખીને હું સરિતાનો પાર પામીને વન પ્રદેશમાં નિકળ્યો. કેટલેક દૂર ચાલીને એક શિવાલય આવ્યું તેમાં હું એને લઇ પ્રવેશ કરીને એની સારવાર કરતો બેઠો. આ શિવાલય પાસે નજીકમાં સ્મશાન હતું. એ જગા જો કે ભયંકર તેમજ કરૂણા ભાવ ઉપજ્ન કરે તેવી હતી, તોપણ આ બાળકને લઈ બેસવા જેવો બીજો કોઇ આશ્રય સ્થાન ન હોવાથી, દિવસ બે ઘડી હતો, તોપણ રાત્રિ પડતાં અહીંજ નિવાસ કરીશ, એવું ધારીને હું ત્યાં નિશ્ચિંતપણે બેઠો.

અહીં એ અરસામાં એક વૃદ્ધ પુરૂષ તથા તેની સાથે એક બીજો પુરૂષ જણાયો. તેના દેખાવ ઉપરથી પહેલો પુરૂષ કોઇ રાજવૈભવ ભોગવનાર-ગંભીર આકૃતિનો તેમજ વજન પડતા દેખાવવાળો અને કરૂણામય મુખવાળો જણાતો હતો. બીજો કોઇ વિશ્વાસુ સેવક હોય એવું મારૂં અનુમાન હતું, અને તેખરૂં હતું. એ બીજા પુરૂષના સ્કંધે એક બાળકનું શબ ધરીને તેઓ સ્મશાન ભુમિપર આવીને તે શબ જમીનપર મૂકીને, એ વન પ્રદેશમાંથી કેટલાંક કાષ્ટ ભેગાં કરીને ચિતા ખડકી તેનાપર તે બાળકને સુવાડી તેઓએ ઘણું રૂદન કર્યું. એમના કરૂણામય શબ્દ સાંભળીને હમેશા સ્મશાનમાં શબ્દ વેગે માંસની અભિલાષાથી દોડી આવતાં કેટલેક દુર પ્રદેશમાં વસનાર પણ માંસ એજ જેમનું ઉદર નિમિત પોષણ દાયક છે એવાં એક જટાયુ નામે ગીધ અને બીજો સવર્તક નામે શિયાળ એ બે પ્રાણીયો એ ભુમિપર આવ્યાં. આવીને ગીધ એક વૃક્ષની શાખાપર બેઠો. બીજો જે શિયાળ તે થોડેક છેટે એક કુસના ભોથામાં ભરાઇ બેઠો.

આ બે પુરૂષોને રૂદન કરતા જોઇને ગીધ્ બોલ્યો કેઃ—હે માનવીઓ, એ બાળક હવે નિર્જીવ છે તો હવે એની તુલના કાષ્ટ બરોબરજ ગણવી જોઇએ. હવે તે તમારો નથી તો પછી રૂદન કરવાથી તમને દુઃખ કલેશ અને શોક એ સિવાય બીજું વધારે શું હાંસલ થવાનું હતું ? તો પછી એને છોડીને તમે ઘર તરફ કાં જતા નથી ? હે રાજન !

હું તું તથા સર્વ પ્રજા સુખ દુઃખ ભોગવી અંતે મરવાનાજ ! અને છેવટે આપણે આ સ્મશાનજ સેવવાનું છે. કેમકે સુખ દુઃખ ભોગવીને અંતે મૃત્યુ એ તો સર્વને અવશ્ય છે. માટે એમાં શોચ શો કરવો ? આ પ્રસંગે તને પ્રાચીન રાજાઓનું મહાત્મ કહું, તે તું સાંભળ. અને તે મનમાં ગ્રહણ કર, એટલે તારૂં દુઃખ ટળી જશે. મરણ પામેલા મહાન રાજાઓના પ્રભાવવાળાં વૃતાંત સાંભળીને તારા સાંતાપને તું દૂર કર. હે રાજા, ક્રુર ગ્રહને અભિશમન કરનાર આયુષ્યને વધારનાર શ્રવણ કરવા યોગ્ય એવું મનોહર પ્રાચીન રાજાઓનું મહાત્મ હું વિસ્તારથી કહું તે તું શ્રવણ કર. અવિક્ષિતનો પુત્ર મરૂતરાજા મોટો ભાગ્યવાન હતો, જેણે મોટો યજ્ઞ કર્યો હતો અને તેમાં બૃહસ્પતિ વરૂણ તથા વિશ્વસૃષ્ટા દેવતાઓ આવ્યા હતા. અને એણે સ્પધાયે દેવતાના રાજા ઇંદ્રને પણ જીત્યો હતો. એના રાજ્યમાં પૃથ્વી ખેડ્યા વગર પણ ઘણું ધાન્ય આપતી. અને એ સુવર્ણ આદિ બ્રાહ્મણોને દાન આપતો, તેને બ્રાહ્મણો ઉપાડી શક્યા નહોતા. એવો પુન્યશાળી રાજા અંતે મોતને શરણ થયો છે, તો પછી આ બાળકને માટે શોક કરવો એ તમને ઘટતું નથી, એ પ્રમાણે જટાયુ ગીધનાં વચન સાંભળી તેઓ ચાલવાનુ કરતા હતા. એ જોઇને સંવર્તક બોલ્યો:—અરે ! હે મનુષ્યો ! તમે ખરેખરા નિર્દય જણાઓછો. કેમકે તમારા કુળનાં દ્વાર આ બાંળકના જીવિતથી ખુલ્લાં હતાં. એક ઘડીના સમયાંતરમાં એની તમામ પ્રીતિ છોડીને ચાલ્યા જાઓછો એ તમને ઘટિત તથી. હજી તો દિવસ અસ્ત થયો નથી. તે પહેલાં જવાને તૈયાર થયા છો. મધુર બોલનાર આ બાળક જે માતાનો આધાર હતો, પિતાને વાત્સલ્ય પ્રેમનું સ્થાન હતો, બંધુઓને પ્રીતિનું પાત્ર હતો, જેના બોલવાથી સર્વ કોઈ રાજી થતું હતું, એ બાળક ઉપર શું એક ઘડીના ફેરફારમાં તમારો હવે કંઇજ સ્નેહ નથી કે તેને છોડીને તમે ચાલ્યા જાઓછો ? પશુ પક્ષીઓને પોતાનાં બાળક ઉપર કેવો સ્નેહ હોય છે, તેનો તો લગાર વિચાર કરો. તેઓ પોતાના બાળકોને ઉછેરે છે, તેમ છતાં તે બાળકો પાસેથી તેમને કોઇ પ્રકારના ફળની પ્રાપ્તિ નથી. પરલોકની ગતિમાં રહેલા મુનિની યજ્ઞ ક્રિયાની પેઠે પોતાના બાળકો ઉપર આશક્તિ કરનાર પશુ પક્ષી અને કીટ આદિક પ્રાંણીઓને જોકે કોઇ ફળની આશા નથી તોપણ તે પ્રાણીયો પુત્રની ઇચ્છા રાખે છે. તેમને આ લોકમાં

કે પરલોકમાં કોઈ પ્રકારનો ગુણ થતો નથી એમ છતાં પણ તેઓ પોતાની સંતતિનું પોષણ કરે છે. ત્યારે તે બાળકો મોટાં થાય છે. અને જ્યારે તેમનાં માતાપિતા તેમને દેખતાં નથી ત્યારે તેમને કાંઇ શોક થતો નથી. તેમ તે બાળકો પોતાના માતાપિતાનું પોષણ પણ કરતાં નથી. પણ જેમને બાળકોથી કૃતજ્ઞતાનોબદલો મળવો જોઇએ, જેમને એવા બાળકના મરણથી શોક માત્ર થવો જોઈએ. અરે ! પણ આવા મનુષ્યોને શોક શાનો હોય ! આ તમારા કુળની વૃદ્ધિ કરનાર પુત્રને છોડીને તમે ક્યાં જશો ? અરે ! તમે ઘણીવાર એની પાસે બેસીને આંસુ પાડો, ઘણીવાર સુધી સ્નેહ કરીને એની સામું જુઓ. આવાં આવાં ઇષ્ટજનનો ત્યાગ કરવો એ વિશેષ કરીને દુઃખદાયક છે. અરે ! આ કમળ સરખા નેત્રવાળા તથા ચંદ્ર સરખા મુખવાળા આ બાળકને જાણે પહેલવહેલો વિવાહ-કાળ પ્રાપ્ત થયો હોય તેની પેઠે એને નવરાવી ધોવરાવી કંઠમાં ફુલની માળા પહેરાવેલી હોય એવો એ અત્યારે જાણે જીવતો હોય એવો શોભે છે. આ પ્રમાણે કરૂણા ઉપજે એમ વચન બોલતા સંવર્તક શિયાળની વાણી સાંભળીને તે મનુષ્યો પાછા વળીને એ બાળકના શબની પાસે ગયા.

અહીં આમને પાછા વળતા જોઈ જટાયુ ગીધ કહેવા લાગ્યો કેઃ— મનુષ્યો, તમે વિચાર કરો અને જુઓ કે ઘણી દક્ષિણાવાળા એકસો યજ્ઞો જેણે કર્યા હતા, એવો અંગ દેશનો રાજા પણ કાળને શરણ થયો છે. વળી જેણે પોતાના રથના શબ્દેકરી પૃથ્વીને શબ્દાયમાન કરતાં જયકારક એક રથે કરી પૃથ્વીને એક છત્રવાળી કરી હતી, તથા સુવર્ણ રત્ન આદિ ધાતુઓ અને પશુઓ આદિ પોતાનું સર્વ ધન જેણે દક્ષિણામાં આપી દીધું હતું, એવો ઉસીનર પુત્ર શિબિર રાજાની બરોબર પ્રજાપતિ ઇંદ્રને પણ માનતા નહતા. એવો એ રાજા પણ મોતની પથારીએ સુતો છે. તથા ઘણુંક છે દ્રવ્ય જેની પાસે, એવો શકુન્તલાથી ઉત્પન્ન થયેલો અને દુષ્યંત રાજાનો પુત્ર ભરત રાજા, જેણે પૂર્વે યમુનાના તીર વિષે ત્રણસેં, અને સરસ્વતિના તીર વિષે બે હજાર, ગંગા તટ વિષે ચઉદસેં અશ્વ બાંધી, જેણે મહા પુન્યવાળા હજાર અશ્વમેધ તથા સો રાજસુયજ્ઞ કરયા હતા, તે પણ કાળે કરીને મોતને આધીન થયો છે. ત્યારે અયાજ્ઞિક એવા આ તારા પુત્રનો તું શું કામ શોક કરે છે ? સ્વાર્થ રહિત આ બાળકમાં તમે ખોટી મમતા રાખીને હવે તમારૂં

એનાથી કયું શ્રેય ઇચ્છોછો? વળી જેઓ ગતિમાન છે તેમ શબ્દ સ્પર્શ રૂપાદિ વિષયને ધારણ કરનારા છે, તે સર્વમાં કાળજ સર્વોત્તમ ગતિ કરનારો છે. અને કાળ એજ પ્રજાને ગતિમાન કરે છે. તું શા ધોરણે પ્રાકૃત માણસના જેવી બુદ્ધિ રાખીને આ પ્રલયરૂપ કાળને પણ જાણતો નથી. કાળથી વિંટાયલા પુરૂષો દુઃખ પામીને ભાગી ગયેલા નાવની પેઠે ડુબી જાય છે. હે રાજા, કાળના ચક્રમાં પુન્યશાળી કિંવા અપુન્યશાળી અને બીજા માણસો તેમજ હજારો દેવના રાજા થયા અને થશે તે સર્વે જે માર્ગે ગયા છે અને જશે તેજ માર્ગે હું અને તું આદિ સર્વે જન સમુહ જવાનો! જ્યારે કાળનો સમય આવશે ત્યારે આ તારા પુત્રની પેઠેજ સર્વને તે કાળ પોતાના ફેરામાં લઈ લેશે. કાળવડે અનેક દેવ દાનવો અને મનુષ્યો પ્રત્યેક યુગમાં નાશ પામી ગયા છે. માટે કાળનું અતિ ક્રમણ કોઇથી થઈ શકે એમ નથી. એવું જાણીને મિથ્યા શોક કરવો મૂકીને તમે અહીંથી પાછા ફરો. જટાયુનાં આ પ્રમાણે સિદ્ધાંત બતાવનારાં વચન સાંભળી તેઓ ઉઠીને ચાલતા થયા. એમને જવાના માર્ગે વચ્ચે આવીને સંવર્તક શિયાળ બોલ્યો કે:—અરે તમે પુત્રના સ્નેહવડે પરાભવ પામેલા અને અત્યંત શોક કરતા હતા તે તમારો સ્નેહ થોડી બુદ્ધિવાળા જટાયુ ગીધે મંદ કરી નાખ્યો જણાય છે. તેનાં સમાન અને સારી રીતે યોજેલાં તથા છેવટે સિદ્ધતા કરી બતાવનારાં વચનો સાંભળીને દુઃખે કરીને ન તજાય એવો સ્નેહ છોડીને આ લોકો ઘેર જાય છે! અરે! પુત્ર મરી જવાથી તેના વિયોગે કરીને શૂન્ય સરખા આ જગતમાં રહીને તેઓ શું કરશે! આ પુત્રના બાંધવોને આક્રંદ કરતા જોઈને કોને ખેદ ન થાય! જાણે વાછરડાના વિયોગથી ગાય દુઃખ પામતી હોય એવા તે દેખાય છે! પૃથ્વી ઉપર મનુષ્યોને કેવાં કેવાં દુઃખ અને શોક સહન કરવાં પડે છે તે મેં આજજ જાણ્યું. એમના સ્નેહને લીધે ઉત્પન્ન થતું દુઃખ જોઇને મારી આંખોમાંથી પણ આંસુ પડે છે. મનુષ્યે હમેશાં યત્ન તો કરવોજ પછી દૈવ યોગથી તે સિદ્ધ થાય, તો ઠીક છે. કદાચિત કાળના મોઢા આગળ પુરૂષ પ્રયત્ન ચાલતો નથી એમ કોઈ કહેશે તોપણ દૈવ યોગતો ખરોજ છે. મનુષ્યે સદા ઉત્સાહ તો રાખવોજ કેમકે અનુત્સાહથી સુખ પ્રાપ્તિ થાય કેમ? પ્રયત્ન કરવાથી અર્થની પ્રાપ્તિ થાય છે. માટે તમે આમ નિર્દય થઇને કેમ ચાલ્યા જાઓછો. પોતાના માંસથી નિર્માણ થયેલા અર્ધા

શરીરરૂપ તથા પિતૃઓના વંશની વૃદ્ધિ કરનાર આ દેહને વનમાં પડચો મૂકી ક્યાં જાઓ છો ? સૂર્ય આથમવાતોઘો, અને સંધ્યાકાળ થવા ઘો. તે વખતે કાંતો તમે તમારા પુત્રને પાછા ઘેર લઇને જશો, અથવા કાંતો અહીંજ તમે તેની પાસે બેસજો. શિયાળનાં એવાં વચન સાંભળીને વળી તેઓ પાછા ફરીને પુત્રના શબ પાસે આવીને બેઠા.

તેમને પાછા આવેલા જોઇને ગીધ તેમને કહેવા લાગ્યો કેઃ—હે મનુષ્યો, આજ મને પુરેપુરાં પાંચહજાર વર્ષ આ જગ્યાએ થયાં છે. પણ કોઇ સ્ત્રી પુરૂષ કે નપુંસકને મરી ગયા પછી જીવતું થયેલું મેં જોયું નથી. મરી ગયેલાં પાછાં ગર્ભમાં આવે છે ને જન્મ્યાં એટલે પાછાં મરે છે. કેટલાક જુવાનીમાં હોઇને ચાલતાં ચાલતાં મરે છે. ચોપગાં પ્રાણીઓ તેમજ પક્ષીઓનાં ભાગ્ય પણ આ લોકમાં અનિત્ય છે. જંગમ અને પર્વતઆદિ સ્થાવર પદાર્થોનો પણ આવરદા નિર્માણ થઈ ગયેલો છે. અનેક લોકો પોતાના ઇષ્ટ જનના શોકથીયુક્ત થઇને તથા શોકથી બળીને નિત્ય અહીં આવે છે, ને પ્રેત દહન કરીને પાછા ઘેર જાય છે. જ્યારે જીવે એના દેહને છોડી દીધોછે ત્યારે એ દેહની સાથે તમારે કશો સંબંધ રાખવાનો નથી, કેમકે એતો કાષ્ટ બરાબર થયેલો છે. એ તમારી સાથે મુખ થકી બોલીને વાત કરનાર નથી તેમ આંખ ઉઘાડીને દૃષ્ટિએ જોનાર પણ નથી. માટે હવે તમારે ઉઠીને ચાલ્યા જવું ઘટે છે. તમને શોક કરી અહીં બેસી રહેવાથી શું ફળ થવાનું છે ? તમે જુવો કે ઔરસ પુત્રની પેઠે પોતાની પ્રજાને નિરંતર દયા સહિત પાળતા હતા, અને જેના દેશમાં સ્ત્રીયો વિધવા થતી નહોતી, તેમ કોઈ અનાથ પણ નહોતા, જેના રાજ્યમાં વખતસર વરસાદ વરસતો હતો, જેમના રાજ્યમાં પ્રજા ઉઘાડે દ્વારે સૂઇ રહેતી હતી, કોઇ માણુસ અસત્ય આચરણ ચલાવતો નહોતો, કોઇપણ પ્રાણી જળમાં ડૂબતાં નહતાં, અને કોઇને પણ કોઇ જાતનો રોગ થતો નહોતો જેમના રાજ્યમાં હજારો વર્ષનાં સ્ત્રીયો તથા પુરૂષો થતાં હતાં—સ્ત્રીયોને પણ પરસ્પર વિવાદ થતો નહતો. ત્યારે પુરૂષોને તો ક્યાંથીજ થાય—જેના રાજ્યમાં કેવળ લોકમત ઉપર રાજ્ય તંત્ર ચાલતું હતું, જેના રાજ્યમાં વૃક્ષો નિરંતર ફળવાળાં રહેતાં હતાં, તે રામે પણ અગિઆર હજાર વર્ષ રાજ્ય કરીને અંતે કાળની મર્યાદા લોપી નહિ. હે રાજા, તારાથી અધિક ઐશ્વર્યવાન અને તારા આ પુત્રથી અતિશય પુન્યવાન એવા તેપણ જ્યારે

મરણ પામ્યા છે, ત્યારે તારા પુત્રનો તું શોચ શું કરવા કરે છે! જે ભગીરથ રાજાએ પૃથ્વીપર ગંગાને વસાવી હજારો લાખો જીવોનો ઉદ્ધાર ઇચ્છયો છે, તે ભગીરથ પણ મોતને આધીન વર્ત્યો છે. વળી મહા પુન્યશાળી દિલીપ રાજા, યૌવનાશ્વરાજા, અને તેનો પુત્ર માંધાતા રાજા —જે આખી પૃથ્વીનો ધણી કહેવાયો તે—તેમજ સાઠ હજાર પુત્રનો પિતા સગર રાજા, નહુષ, યયાતિ, અંબરીષ, શશબિંદુ અને પૃથુ આદિ રાજાઓ, તે પણ મરણ પામ્યા છે. એવો નિશ્ચય જાણીને હવે તમે અહીંથી ઉઠીને તમારા ઘર પ્રતિ જાઓ. ગીધનું વચન સાંભળીને તેઓ તે જગાએથી પાછા વળ્યા. તે જોઇને સંવર્તક શિયાળ ઉતાવળે જઇને એ શબના પેલા બંધુઓને કહેવા લાગ્યો કેઃ—

અરે! આ સોનાના રંગ જેવી કાન્તિવાળા બાળકનો તમે એક દુર્બુદ્ધિ વાળા સ્વાર્થી ગીધના વચનથી કેમ ત્યાગ કરો છો? વિલાપ કરીને રૂદન કરવાનો તથા શિશુ પ્રતિ તમારા સ્નેહનો તમે આમ એકદમ છેડો ન લાવશો. એને મરી ગયેલો જાણીને તજી દેવાથી તમને અત્યંત પરિતાપ થશે. મેં એમ સાંભળ્યું છે કે શ્રી રામચંદ્રથી ધર્મ પ્રાપ્ત કરીને બ્રાહ્મણના મરણ પામેલા બાળકને પૂર્વે તેમણે જીવતો કર્યો હતો, તેમજ શ્વેત નામે રાજર્ષિનો બાળક મરી ગયેલો તેને શ્વેતરાજર્ષિએ ફરીને જીવતો કર્યો હતો. હરિશ્ચંદ્ર રાજાના પુત્રને સ્મશાનમાંથીજ ધર્મ રાજાએ જીવતો કર્યો હતો. તેજ પ્રમાણે કદાચિત તમને પણ કોઇ સિદ્ધ તપસ્વી મુનિ અથવા દેવતા મળી જાય, અને આ બાળકને તમારૂં કરૂણામય રૂદન સાંભળીને કદાચ દયા કરી જીવતો કરી દે. એમ બને તો તમે હર્ષયુક્ત થઇને આ બાળકને લઇ પાછા ઘર તરફ ફરશો. માટે અહીં બેસો અને ઘણું રૂદન કરો. કદાચ રાત પડે તો અહીં આ દેવળમાંજ બેસજો. શિયાળનું વચન સાંભળીને વળી તેઓ સ્મશાનમાં આવી રોતા બેઠા. આમનેઆમ સંદેહમાંને સંદેહમાં આવ્યા ગયા અને છેવટ અસુર પડતાં એ બાળકને જીવવાની મુદ્દલ આશા નહોતી. તોપણ સ્વાર્થી ગીધ અને શિયાળના વચનથી તેઓ ભમ્યા. હવે અંધારૂં થયું એટલે ગીધ ઉડી ચાલી નિકળ્યો, અને આ પુરૂષો અહીં બાળકના શબને જોતા દેવાલયમાં બેઠા રહ્યા. એટલે શિયાળ પણ પોતાનો અર્થ સાધ્યો નહિ એમ જાણીને ચાલતો થયો. આ લોકો દેવાલયમાં મારી પાસે આવીને બેઠા. તેમને મેં પૂછ્યુંઃ—આ બાળકનું

મોત કયા નિમિત્તે થયું છે? તેમણે કહ્યું:—સાપ દંશે કરીને એનું મરણ નિપજેલું છે. મેં કહ્યું:—તમારી પેઠે આ બાળકને જીવિતના સંદેહ યુક્ત ગણીને હું અહીં લાવ્યોછું. તે હવે જીવિતની આશા આપનારો પળેપળે જાગૃતિમાં આવતો જાય છે, તો એ તમારો પુત્ર પણ મારી પેઠે તમને પણ હસતા વદને અહીંથી લઇ ચાલે તો કેવો ભાગ્યનો ઉદય!

ગવાક્ષ ઢીમરઃ—અહીં મારૂં આ પ્રમાણે તાજું દ્રષ્ટાંત જોઇને તેઓ મારી સોબતેજ બેઠા. મેં પૂછ્યું:—તમે ફક્ત બેજ મનુષ્યો એ બાળકના બંધુઓ છો કે બીજા પણ છે? એમ હોય તો તમારા આ શોકમાં તેઓ સામેલ કેમ નથી થયા? તેમાંના એકે જવાબ દીધો કે:—આ રાજાની પાછળ બીજો કોઇ નથી. એવા સંજોગમાં આ પુત્ર મરી ગયો છે. સ્વાર્થમય રાજતંત્ર ચલાવવો એમાં કાંઇક ભેદ રહેલો છે. એટલી વાત જણાવીને તેઓ અટકયા. એનો ભેદ હું કાંઇ સમજ્યો નહિ. તેમણે મને પૂછ્યું:—આ તમારા બાળકની આવી સ્થિતિ કેમ થઇ હતી? આવો સુકુમાર અતિ રૂપવાન્ બાળકને લઇને તમે અહીં કેમ આવ્યા. મેં મારી યથાસ્થિત હકીકત તેમને કહી દીધી. મારે પણ આ રાજાની પેઠે પછ-વાડે કોઈ વારસ ન હોવાથી પ્રભુએ કૃપા કરીને મને આ મેળવ્યો છે, તો હું પણ એને પામીને રાજ્યના જેવાં સુખ ભોગવીશ. આમ વાત કરતાં કરતાં હુંતો એ દેવાલયમાં એક ખાટ પડી હતી તેમાં આ કુમારને લઇ સુતો અને ઉંઘ્યો. મારા ઉંઘ્યા પછી પેલા બે પુરૂષો એજ સ્થીતીમાં અમને ઉપડાવી લઈ ગયા તે હું જાણવા પામ્યો નહિ. પરંતુ હું જ્યારે જાગ્યો ત્યારે મેં શું દીઠું તથા શું અનુભવ્યું તે હું તમને કહી સંભળાવુંછું. તે ઉપર આપ સર્વેએ ધ્યાન આપવાનું છે.

ગવાક્ષ કહે છે:—હું જાગીને જોઉંછું તો એ સ્મશાન ભૂમિ નથી. એ દેવાલય નથી, પરંતુ કોઇ સુર્યનું વસવાનું ધામ હોય કે પછી ઇદ્રનું સ્થાન હોય એવા એક મોટા મહાલયમાં મને તથા એ મારા બાળકને વિંટી રહેલી હજારો સ્ત્રીઓ તેમજ દાસ દાસીઓનો સમુદાય મારી નજરે પડયો. મેં એકવાર આંખો ઉઘાડી જોયાં કીધું. પછી આતે સત્ય કે અસત્ય છે એનો નિશ્ચય કરવા બોલતાં માણસોનું ભાષણ સાંભળવા લાગ્યો. તો-પણ મને નિશ્ચય ન થયો. વળી હું આંખો મીંચી ગયો કે જો સ્વપ્ન હશે તો તે ફરી જવાનું. એકાએક આમ કેમ બને! વળી ઘડી પછી આંખ

ઉઘાડી જોયું તો એજ બનાવ મારી નજરે પડયો. આ બનાવ સત્ય હોય એવો સંકલ્પ થતો નહતો, પણ પછી આવા વૈભવ વાળો મહાલય હું પોતાને શી રીતે પ્રાપ્ત કરી શકયો, એનો નિશ્ચય કરવા પ્રશ્ન કરવા પ્રકાશમાં હું બોલ્યો:—મને અહીં કોણ લાવ્યું ? જે હોય તે સત્ય કહો.

મારો પ્રશ્ન સાંભળી કેટલીએક યુવતીઓ કહેવા લાગી કે:—અમને અમુક અમુક સેવામાં યોજીને આપ પહોડયા છો, અને આમ કેમ પૂછો છો. આપના મિત્ર દર્શેંદ્રિય નગરના અધિપતિં સુસ્વભાવ રાજા તરફથી આ કુમારને માટે મનોહર મોતીની માળા ભેટ આવી છે. તે અમને આપીને આપે આ કુબેરના તરફથી આપને મળેલી મણીની સોગટાંબાજી એ તમારા મિત્રને ભેટ તરીકે મોકલવા અહી લાવી મૂકાવી છે, એ તાજી વાત આપના ધ્યાનમાંથી તે વાત કેમ ખસી ગઇ. આપે અમને કહ્યું હતું કે હું પ્રાતઃકાળમાં જાગું તે સાથે મારી આગળ એ વસ્તુઓ અને એ લાવનાર મારા મિત્રના પ્રતિનિધિને રજુ કરજો. એ પ્રમાણે અમે તજવીજ કરી રાખી છે. લ્યો આ મોતીની માળા, અને આ લ્યો આ સોગટાં બાજી. આ તમારા મિત્રના પ્રતિનિધિ ઉભા છે, તેમને આપો. એ બંને વસ્તુ મેં મારા હાથમાં લીધી. મેં જોયું કે:—ખરેખર આતો હું સત્યજ પ્રત્યક્ષ અનુભવુંછું. સોટકાં બાજી એ રાજાના મંત્રીના હાથોહાથ મેં આપી. મોતીની માળા મારી પાસે મેં રાખી. વળી મેં વિચાર કીધો કે:—શું આવું સ્વપ્ન હોય ! મેં અહીં આ સર્વને કહ્યું:—આ બધું સત્ય છે ! જો એમ હોય તો રાજ્યના ઘણામાં ઘણા હુંશિઆર ચિતારાને આ ઘડી બોલાવો. મારા મોંઢામાંથી શબ્દ નિકળતાં તુરતજ કેટલાએક ચિત્રકૌશલ્ય ધરાવનાર પુરૂષોને મારી આગળ આવી રજુ થયેલા મેં જોયા. તેમાંથી એકને મેં કહ્યું:—આ વખતની તમામ સ્થિતિ જોનારને પ્રત્યક્ષ અનુભવ થાય એવી ચિત્રપટ ઉપર છબી તૈયાર કરો. તે આજનેઆજ અહીંને અહીં મારી સમક્ષ બનાવી આપો. મારા કહેવા પ્રમાણે એ છબી તેમણે તૈયાર કરી આપી. તે મેં મારી પાસે રાખી. એમ રાજ્ય વિહાર કરતાં સાંજ પડીને હું સુતો, નાના પ્રકારનાં નૃત્ય વાદ્ય ગીતો સાંભળતો અને જોતો પુષ્પ શય્યામાં સુતોસુતો હું ઉંઘી ગયો. હું જાગીને વળી જોઉછું તો ન એ રાજ્યવૈભવ, ન એ મનોહારી યુવતીઓ, અને ન એ ઉજ્વળ દીપકોની હાર વાળો રાજ્યભુવન, પણ તેથી ઉલટ સ્મશાન ભૂમિ પર

તૂટેલી ખાટમાં અર્ધરાત્રિના સંજોગમાં શયનમાંથી જાગૃત સ્થિતિમાં હું આવ્યોછું. એજ મેં દીઠું.

અહીં રાજભુવનને બદલે આકાશભુવન મારી નજરે પડ્યું. દીપક જ્યોતિયોની આનંદજનક દીપક શિખાને બદલે ભડભડ બળતી ચિતાઓ મેં જોઈ. અનેક સુંદરીયો તથા સ્વરૂપવાન દાસ દાસી અમાત્યોને બદલે ઘણી ભૂતાવળ મેં દીઠી. કોઇનું કદ મોટું, કોઇનું નાનું, કોઇનું શિર વગરનું ધડ, કોઇના ગળામાં માણસોના મુંડની માળા પહેરેલી, તો કોઇ માણસના શબનું ભક્ષણ કરતી યક્ષણીને મોઢે રૂધિરના ઓગરાલા નિગળતાં મેં જોયા. કોઈ મજ્જા માંસથી લિંપાએલી પિશાચિનીને માણસનાં હાડકાં કરડતી મેં દીઠી, કોઈ ભયંકર અવાજ કરતી આકાશમાં દોડતી તો કોઈ બળતી ચિતાની આજુબાજુ બેસીને બળતાં શબને ખોરી ખોરી તેમાંથી પાકેલો માંસનો ભાગ નખવડે ખોતરી ઉનો ઉનો ખાતાં મોઢેથી શીત શીત એવા ઉચ્ચાર કરતી ને માંસ ભક્ષણ કરતી મેં દીઠી, કેટલીક ભૂતાવળ એકના પાસેથી ચિતામાંથી નિકળી પડેલો શબનો છાતીનો ભાગ લઈ દોડતી, તેની પાછળ પડેલાં ઘણાં ભૂતોને મેં જોયાં. ચિતાઓમાં બળતી માણુસની ધાતુઓના રજકણો પવનમાં મળી જવાથી લીલો, પીળો, લાલ, ભુરો આદિ વર્ણના ભડકા જૂદે જૂદે સ્થળે થતા મારા દીઠામાં આવ્યા. કેટલીએક પોલા પીઠ ભાગવાળી ચૂડેલોને પણ મેં જોઈ. અહીં શિયાળો શાકુડીઓ અને બીજાં માંસાહારી જાનવરો ભૂતોના પરિહારમાં ભાગ પડાવતાં માણુસના શરીરનાં માંસ તથા હાડકાં કરડતાં ને ખાતાં મેં દીઠાં. વળી રાજભુવનમાં સંગીતના મધુર ધ્વનિ હું સાંભળતો સુઇયો હતો, તે જાગ્યો ત્યારે શિયાળના, ઘુવડના અને બીજાં નિશાચરોના કર્ણ કઠોર અવાજ મેં સાંભળ્યા. રાજભુવનમાં નૃત્ય કરતી રંભાઓને નિહાળી હું રંજન થતો હતો, તે અહીં ભૂતાવળને નૃત્ય કરતી રાચતી અને જુગુપ્સા ઉપજાવતી જોવા લાગ્યો. આ જોઇ કોનું હૃદય ઠેકાણે રહે? ગમે એવો માણુસ આ વસ્તી વગરની વેરાન સ્મશાન ભૂમિને નિહાળી વિરાગ પામી જાય વા ડરી જાય, પરંતુ હું મારી સર્વ સ્થિતિમાં પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને ધીર પ્રકૃતિ ધારણ કરીને વર્તનારો હતો. એટલે ડર ન પામતાં તૂટેલી ખાટમાંથી ઉઠીને દેવાલયમાં એ ખાટ લઇ જતો હતો. તો પેલા રાજપુત્રનું શબ એમનું એમ ચિતા ઉપર કાંઇ

પણ વિકૃતિ વગરનું મેં દીઠું. બળતી બીજી ચિતાઓના પ્રકાશથી એનું કલેવર જણાતું હતું. તેને જોતાં જાણે હવણાંજ નાહી ધોઇ પુષ્પમાળ પહેરીને જાણે સુખ શય્યાપર પોઢી નિરાંતે ઉંઘતો હોય એવો તે દેખાતો હતો. મેં એને જોઇને વિચાર કીધો કે એક રાત્રિ અને એક દિવસ અને આ બીજી બે પહોર રાત વિતી ગઇ, ત્યાંસુધી આનું શરીર ફૂલી જઇ બગડયું નથી, તો અવશ્ય એ મૂર્છિત અવસ્થામાં હોવો જોઇએ, એમ ધારી એ બાળકને ચિતા ઉપરથી ઉઠાવી લઇ શિવાલયમાં જઇ હું સુતો. હું સવાર થતાં એ બાળકને લઈ સરિતાની તીરે જ્યાં મારૂં વહાણ થંભાવી આવ્યો હતો ત્યાં ગયો. ત્યાં જઇ વહાણમાં એને લઇને વહાણ હંકારી નદીને પ્રવાહે ચલાવીને ઘણાએક ગામો વટાવીને ગયો તો એક ગામના પાદરે આ પુષ્કરણી સરીતાને કિનારે એક રજકની પુત્રી કપડાં ધોતી હતી તેના થડમાં થઇ મારૂં વહાણ પ્રસાર થતાં એણે આ બાળકને આવી સ્થિતિમાં જોઇ મને પૂછયું:—આ બાળકને શું થયું છે ? મેં જવાબ દીધો:—એને સાપે દંશ કરેલો છે, તેથી એ મૃત્યુ પામ્યા જેવી સ્થિતિએ પહોચ્યો છે. એ રજકની પુત્રીએ કહ્યું:—તમારૂં વહાણ અહીં થોભાવો, તો મારી માતાને હું બોલાવી લાવું. એ સાપના ઝેરનો ઉતાર વનસ્પતિથી કરે છે. એની નજરે પડેલાં કે પાસે આવેલાં સાપે ડંસેલાં મૃત્યુ પામેલાં પણ હજારો માણસો ઉઠી ઉઠીને જીવતાં થઈ ચાલતાં ગયાં છે, તેમ આ બાળકને પણ એ ખચિત જીવતો કરશે. મારા આનંદનો અહીં પાર રહ્યો નહિ. મે કહ્યું:—ભગિનિ, જા તું તારી માતાને બોલાવી લાવ, હું અહીં થોભું છું. તુરત તે પરિયટની પુત્રી પોતાને ઘેર જઈ એની માતાને બોલાવી લાવી. તેણે આવીને આ પુત્રને કાંઈ વનસ્પતિનો રસ આખે શરીરે લેપ કર્યો, એટલે તેના શરીરમાંથી વરાળ નિકળવા માંડી; વરાળરૂપે થઈ તમામ ઝેર બળીને ઉડી ગયું. તે વારે એ બાળક ઉઠીને બેઠો થયો. હું એને લઈ મારે ઘેર આવ્યો, અને તેને મારી ધર્મ પત્નીને સોંપી હું હમેશા આનંદમાં રહેવા લાગ્યો. એ (આ પાસે ઉભેલા બીજા તરૂણ પુરૂષ) આ બાળક ગઇ કાલે એ મારા વહાણના પાટીયાનો તળીઆનો ભાગ દુરસ્ત કરાવા સારૂ પાટીયાં ઉખેડતો હતો. તેમાંથી તેને હાથ આ એક માદળીયું આવ્યું. એ વખતે અમારા અતિથિ આ રાજકુમાર (શશિવર્મા) મારે ત્યાં મેમાન તરીકે આવી વસ્યા હતા તે-

મણે અને મેં એ માદળીયું મારા બાળક પાસેથી લીધું. તે માદળીયું હાથમાં આવતાં તેનો એક બાજુનો દાટો ઉઘડી ગયા જેવો જણાયાથી ફરીથી બેસાડવાના હેતુએ જૂદો કર્યો, તો તેમાં કાંઈ પત્ર શીલબંધ દીઠો. તેનો ભેદ એ મહાપુરૂષ કાંઈ સમજ્યા હોય તો એ જાણે, પણ હું તો કાંઈ સમજ્યો નહિ. મને એમણે કહ્યું:—તમે અને આ કુમાર મારી સાથે ચાલો તો આપણુ સર્વેનો અભ્યુદય થાય તેમજ પરમારથ હેતુ પાર પડે. મે કહ્યું:—ભલે હું આવીશ. બીજે દિવસ સવારમાં અમે ત્રણે જણ નિકળી આપની આ પવિત્ર ભૂમિનો સ્પર્શ કરીને આપના ચર્ણનો સ્પર્શ કરીને પવિત્ર થયા છીએ. તેમજ અમારા હેતુમાં ફળીભૂત થયા છીએ.

આ મારો બાળક તે (કુસુમસર) રાજાતો પુત્ર અને સરિતામાંથી મળેલો ઘટોદ્દ્ભવ પુત્ર તે આ રાજકુમાર એવું મારૂં અનુમાન છે. આ મારી રાજભુવનમાં લીધેલી છબી. એમાં એ કુમારની, મારી અને સર્વ રાજભુવનમાં વસનારી અંતઃપુરની સ્રીયોની, પરિજન વર્ગની તથા અમાત્યો આદિ સેવક વર્ગની છબીયો ઉતારી છે. વલી આ, એ રાજાના એ વખતના એક દિવસના મારા રાજ અનુભુવ નિમિત્તે એ સમયે દર્શેન્દ્રીય નગરના સુસ્વભાવ નામના મિત્ર રાજા તરફથી એ કુમારને માટે મોકલેલી મનોહર મુક્તમાળા—તે જુઓ.

રાજપુત્ર શશિવર્મા આનું આ વચન સાંભળી અતિ હર્ષયુકત થઇને આશ્રમના સામે જોઇ બોલ્યો:—શું મારી માતા મનોહર મુક્તમાળા અહીં આવી ! એમ આશ્ચર્ય ચકિત થઇ સામી દ્રષ્ટિ કરી તો ખરેજ કાકતાળીયન્યાય પ્રમાણે અહીં તે ખરૂંજ પડયું. આશ્રમના પ્રવેશક માર્ગમાં વિચરતી ચ્યાર અપૂર્વ સુંદરીઓ તથા એક પુરૂષ વિમાનમાંથી ઉતરીને આવતાં સર્વેએ દીઠાં. તેમાં એની માતા મનોહર મુક્તમાળા તથા બે દેવાંગનાઓ તથા એક ગુલાબદાન તથા આ રાજપુત્રનો મિત્ર વિભાવસુ એ સર્વ પોતાનાં પરિચયવાળાં સંબંધીઓને વેગળેથી એણે નિરખ્યાં. વિધિની અદ્દ્ભુત ગતિ રીતિને બલિહારીજ ! ત્યાં રાજપુત્ર એમની સામે જઇ મળી ભેટીને તેડી લાવ્યો. અહીં સુહૃદય રાજા બેઠા હતા તે પણ આ બનાવ જોઇને ચકિત થઈ અપૂર્વ આનંદ પામ્યો કે પોતાની પત્ની ઘણે વર્ષે સર્વ પ્રયાસ કર્યા છતાં ન મળી તે એકાએક આજ અનાયાસે પ્રાપ્ત થઈ.

એનું હૃદય પ્રેમથી ઉભરાઈ જવા લાગ્યું. મનોહર મુક્તમાળા પણ પોતાના પતિને નિરખી આનંદ પામતી આજનો દિવસ ધન્ય ધન્ય કહેવા લાગી. આવીને વૃદ્ધ મુનિયોને તેમજ પોતાના પતિને ચર્ણે નમી. આ રાજપુત્ર શશિવર્માને રાજાને ખોળે ધરીને તે કહેવા લાગી કેઃ—આ આપના દેહ થકી આપના પરમાણુરૂપ ઉત્પન્ન થયેલા આ આપના પુત્રને જોઈ વંશની કીર્તિના ઉજાસ પમાડનાર તરીકે માનીને આજનો દિવસ ધન્ય માનો.

આ સુંદરીઓ ઉભેલી જોઈ મુનિ વામકર્ણ બોલ્યા કેઃ—ભાગ્યવાન પુન્યવતી સુભાગિની મહિલાઓ, તમે આ પુત્રી સરિતસુલભાને જુવો. એ તમારી ઈષ્ટવધુના મુખનું અવલોકન કરીને સંતોષ પામો, પુત્રીયો ઉઠો. એમને તમે ચર્ણે નમીને શુભ આશિર્વાદ મેળવો. એ પ્રમાણે આજ્ઞા મળતાં યથાવિધિ સત્કાર કરીને સ્વજન માતા અને ઈષ્ટ જનોને તેઓ મળ્યાં, અને પછી બેઠાં.

અહીં ગવાક્ષ ઢીંમરનું વૃત્તાંત સાંભળીને માનસર રાજાનું જમણું અંગ ફરકવા લાગ્યું હતું. તેનું આ શુભ પરિણામ છે એવું બધા કલ્પી ચુકયા. આણે મહાત્મા મુનિયોને જે છબી નિવેદન કરી તેમાં આ ગવાક્ષની તથા આ કુમારેની તથા અંતઃપુરની સ્ત્રીયોની તમામ એ વખતની સ્થિતિનો ચિતાર પાડેલો હતો. તે જોતાંજ જાણે આ ઢીંમર વર્ણન કરી ગયો તે ઇતિહાસરૂપે નંધાયુ હોય એવું દિસી આવતું હતું. વળી રાજપુત્રી સરિતસુલભા પાસે જે આ રાજપુત્ર શશિવર્માનાં વસ્ત્ર આદિ અસબાબ હતો તે રાજપુત્રની આજ્ઞાલઇ અહીં આવવાને ઉઠી. અગ્નિહોત્રની વેદી આગળ ઉભી રહીને સ્ત્રી વર્ગમાં તે એકે એક ખુલ્લુ કરી બતાવતી હતી, તેમાં એક રેશમનો દોરો તથા એક ડબી તાડપત્રની બનાવેલી હતી. તે અગ્નિહોત્રમાં પડી ગઈ. પ્રજવળ અગ્નિમાં પડતાની સાથે તેમાંથી સુગંધમય ધુમાડો પ્રસર્યો એ ધુમાડે આખા આશ્રમમાં તેમજ તમામ વન પ્રદેશમાં એના અતિ સુગંધે કરીને સર્વને અતિ આલ્હાદ આપતાં સર્વનું ધ્યાન ખેંચ્યું. આવો અપૂર્વ સુગંધ તાજા ફૂલના મોટા જથામાં પણ હોતો નથી, તેમ આવો સુગંધ કયાંય અનુભવમાં કોઇએ લીધો નથી. વાહ વાહ એ પણ આજના આનંદી દિવસમાં દૈવની સુખ દેવાની વધારે અનુકુળતા ! એવું વૃદ્ધજનો કહેવા લાગ્યાઃ એટલામાં તો મોટા વેગથી ગતિમાન થતા વિમાનનો અ-

વાજ સર્વને સંભળાયો. જોતજોતામાં તો વિમાન આ આશ્રમમાંજ આવે છે એવું સર્વેએ દીઠું. આ આશ્રમમાં વિમાન થોભાવ્યું ને અંદરથી બે દિવ્ય કાન્તિમાન નાગકન્યાઓ ઉતરી આશ્રમમાં આવી રાજપુત્ર શશિવર્માની સન્મુખ તેઓ ઉભી. મહાજન આર્ય રાજેંદ્ર! આજ આ આપની ચરણાનુરજ અભિલાષીનું આપે સ્મરણ કર્યું છે, એથી આ દેવી કૃતાર્થ થયાં છે, એવું તે રસિકરાગની બોલી.

એક પછી એક આ પ્રમાણે અદ્ભુત બનાવ બનતો જોઇને અહીં તો આનંદની હેલી વરસી રહી છે, રાજપુત્રી સરિતસુલભા રાજપુત્રનો સામાન એમની માતા આદિ ઇષ્ટ જનોને બતાવી બાહાર મુનિઓની સમક્ષ લાવી સોગટાંબાજી આદિ રજુ કરેછે. એ જોઇને ગવાક્ષઢીંમર બોલ્યો કેઃ—હા એજ બાજી મારે હાથે દશેન્દ્રિય રાજાના પ્રતિનિધિને આપવામાં આવેલી છે. એજ શબ્દ પૂરો થતામાં તો ઉપર કહ્યું તેમ આ જગ્યાએ દશેંદ્રિય રાજાની પુત્રી શાન્તિપ્રભા અને તેની સહચરી રસિકરાગિની પેલા સુગંધમય ધુમ્રના યોગે તુરત આવી રજુ થયાં. તે બાજી જોઇને પોતાનું ઓળખાણુ આપી રસિકરાગિની કહેવા લાગીઃ—આ ઢીંમર કહે છે તેજ મહારાજાની પુત્રી અને આ આર્ય મહારાજ શશિવર્માની પત્ની, આ દેવી શાન્તિપ્રભા અહીં આવ્યાં છે. આ બાજી પણ એમની પાસે હતી તે આ મહાશયને આપી છે. એટલું બોલી તે મુનિને ચરણે નમી ઉપર બતાવ્યા પ્રમાણે ઢીંમરે આપેલું માદળીયું ખોલી તેમાંથી પત્ર કાઢી મુનિએ માનસર રાજાને આપ્યું અને વાંચ્યું, તો તેમાં એવું લખેલું હતું કે, માનસર રાજાની ચંપાકળી રાણીની કુક્ષે એક પુત્ર અને એક પુત્રી બંને સાથેજ જન્મીને ગૃહસ્થાશ્રમી આ રાજાના આલયનાં દ્વાર ખુલ્લાં કર્યાં છે. એમાં પુત્રનું નામ પુરૂરવા અને પુત્રીનું નામ સરિતસુલભા રાખ્યું છે, એવો લેખ નીકળ્યો. આથી તો સર્વની ખાત્રી થઇ કે આ ઘટોદ્ભવ રાજપુત્ર એજ માનસર રાજાનો પુત્ર છે. એ રાજપુત્ર પણ પોતાની કુળજાત પિછાનીને આનંદ પામી પોતાના પિતાને પગે લાગ્યો, તેમજ બેહેન સરિતસુલભાને મળીને આનંદ પામ્યો અને પોતાને ઠેકાણે ઢીંમરનો પુત્ર જાતુષપરવાને પોતાના પૂર્વ પિતાની રાજધાનીનો માલિક ગણ્યો. એની અને પોતાની માતાઓને અહીં તેડાવી મંગાવ્યાં. સર્વના હૃદય પ્રફુલ્લિત કર્યાં. આજથી એ રાજપુત્રને આ બંને રાજકુમારોએ પોતાનો મિત્ર ગણ્યો. તેમ એ રાજપુત્રે પણ માન્યું કે આ મારા મિત્રો છે. આ ઢીંમરને તથા તેની સ્ત્રીને એ જાતુપપરવાએ પોતાનાં ધર્મનાં માતાપિતા

સ્વીકારી જન્મના માતાપિતા જેટલો હક આપ્યો ને સુખી કર્યા. ઈશ્વરની અગાધ ગતિને કોણ કળી શકે છે! એક રાજાનો પુત્ર રંકને હાથ લાગે અને રંકને હાથથી અન્ય રાજાને હાથે જાય, વળી તે અન્ય રાજાનો પુત્ર મરણ પામેલો ગણી સ્મશાનમાં મૂકેલો ત્યાંથી તેના તેજ રંકને હાથે ચઢે અને તેના હાથે ઉદ્ધાર પામી પાછો પોતાના પિતાના રાજ્યપદને પામે, એવો બનાવ એવી ઈશ્વર ગતિ તો ઈશ્વરજ જાણે! તેનો ભેદ માણસો શી રીતે પામી શકે!

અહીં બે રાજાનાં કુટુંબ એક પછી એક અનાયાસે ભેગાં મળ્યાં. આવો મેળાપ એતો અપૂર્વ આનંદનો વિષય! આવો બનાવ બનવો એ તો કવચિતજ બને છે, અને એવું બનેલું જોઇને માણસો પ્રભુની અદ્‌ભૂત લીલાનો મહિમા વિસ્તારીને ગાય છે. આ બે રાજાઓ જુદા જુદા કુટુમ્બના છતાં સંબંધથી જોડાયા, એ પણ વિધિનું કૃત્યજ સમજવું.

અહીં બંને કુટુંબ મુનિના આશ્રમમાં એક બીજાને મળી ભેટીને સંતોષ જણાવતાં બેઠાં. એ વખતે મનોહરમુક્તમાળા ઉભી થઇ. આ બે પોતાની ઉપકારણી દેવકન્યાઓનું ઓળખાણ આપીને તે કેહેવા લાગી કે:—એમના ઉપકારને લીધેજ અમે સર્વ ઠેકાણે પૂજાયાં છીએ. આ બાળકનો અભ્યુદય પણ એમનાથીજ છે, અને આજનો સમાગમ પણ એમનાથી થયો છે. જ્યારે ભ્રાતા રાજ્યવલ્લભ જાવાબંદરથી હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે એમના મુખથી પુત્ર શશિવર્માના અદર્શનની માઠી વાત સાંભળીનેજ મારા હાથ પગ શિથિળ થઇ ગયા, કંઠે શોષ પડી ગયો, ને હું ગાંડા જેવી બની ગઇ. પણ ધીરજ રાખીને વિચાર કરતાં મને યાદ આવ્યું કે વગર આધારે હું સમસ્ત પૃથ્વીમાં રખડીશ તોપણ મને મારા સુપુત્રનું દર્શન થવું દુર્લભ છે તો આ વખતે મારી ઉપકારિણી બેહેનોની હું સહાય માગું. એવું ધારીને એમણે મને આપેલા ચૂર્ણનો મેં અગ્નિમાં નાખી ઉપયોગ કીધો. પોતાના આપેલા વચન પ્રમાણે આવીને તેઓ મારી પાસે ઉભાં. મને આશ્વાસન આપીને તેઓ કહેવા લાગ્યાં કે:—બેહેન કંઈ ચિન્તા કરશો નહિ. તમારો પુત્ર અને અમારો ભાણેજ શશિવર્મા કુશળ છે, તે હું તમોને મેળવીશ. એમ કહીને અમે વિમાનમાં બેસી અહીં આવ્યાં. આવીને ધારેલી અભિલાષા કરતાં અધિકાઅધિક મારા સર્વ મનોરથ ફળીભૂત થયા એમ કહી તે ઊભી રહી.

રાજપુત્ર શશિવર્મા ઉભો થઇ હવે પોતાનો ઇત્થંભૂત વૃત્તાંત આ મહાત્માઓની સમક્ષ કહી ગયો, અને આ ઢીંમરને અવાસે આવીને

તેનાથી જે માહિતી પામ્યો તે સર્વે કહી જઇને એ બોલ્યો કેઃ—આ દીમરને લઇ હું અહીં આવીને સુખ પામ્યો છું, એમ કહીને તે વિરામ પામ્યો. તે પછી સર્વેએ પોતપોતાના સંબંધી જે અનુભવ્યું હતું તે સર્વે કહી સંભળાવ્યું. ત્યાર પછી અહીં સર્વે વડીલોની સમક્ષ રાજપુત્રી સરિતસુલભા અને રાજપુત્ર શશિવર્માનું અને મુનિબાળા મૃગશિરા તથા માનસર રાજાનો પુત્ર પુરૂરવા (ઘટોદ્ભવ) નું વેદની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણની અને અગ્નિની શાખે વિધિપૂર્વક પાણીગ્રહણ કરાવ્યું. પછી માનસર રાજા અને ચંપાકળી રાણી અને પુત્ર પુરૂરવા તે તથા આ મુનિની પુત્રી મૃગશિરા આદિ સર્વએ પરિજન વર્ગ સુદ્ધાં આ બે વૃદ્ધ મુનિયોને ચરણે નમી પોતાને નગર જવાની આજ્ઞા માગી.

હસ્તિનાપુરપતિ સુહૃદય રાજા તેની રાણી મનોહરમુક્તમાળા તથા તે દેવ કન્યાઓ પ્રતાપવિજયા અને વિદ્યુતપ્રભા તથા તે રાણીને સહાય કરનાર રાજ્યવલ્લભ વૈશ્ય મહાજનનો પુત્ર વિભાવસુ તથા તેની પત્ની ગુલાબદાન અને આ રાજપુત્ર શશિવર્મા તથા તેની ધર્મ પત્ની શાન્તિપ્રભા તથા તેની પ્રિય સખી રસિકરાગિની તથા માનસર રાજાની પુત્રી સરિતસુલભા એ સર્વે અહીં આવી મળ્યાં છે તેમણે મુનિયોની કૃપા ઇચ્છીને હસ્તિનાપુર જવાની આજ્ઞા માગી.

આ બંને રાજકુટુંબોને બંને મહાત્માઓએ શુભ આશિર્વાદ સાથે પોતપોતાના રાજ્યનગર તરફ જવાને અનુમોદન આપ્યું. બંને રાજવંશીઓ મુનિઓની આજ્ઞા સંપાદન કરીને પોતપોતાને નગર આવી વસ્યાં.

સુહૃદય રાજાએ હસ્તિનાપુરમાં આવીને પોતાના રાજમાંના રાજ્ય હિતૈષી પુરૂષોને તેમજ માન્ય શાહુકારોને પોશાકો આપીને રાજી કીધા. અને પ્રજા વર્ગમાં ઘેર ઘેર આનંદ વર્તાવ્યો. અને એ રાજાએ પોતાની વૃદ્ધાવસ્થા થયેલી જાણીને બીજેજ દિવસે રાજપુત્ર શશિવર્માને રાજ્યાભિષેક કરવાનો પોતાનો વિચાર મંત્રીઓની સમક્ષ જાહેર કીધો. પોતાનો વિચાર પ્રસિદ્ધ કરવાનું કારણ જણાવતાં તે રાજા બોલ્યો કેઃ—

સવૈયો.

અંગ ગળી ગયે પંડ પળી ગયે દંત ચળી ગયે પંક્તિ થકી;
વપુવાન ફરી ગયે ભાન ટળી ગયે સાન ટળી બળી વ્યર્થ વકિ ૧.
ફૂતિ મંદ પડી મતિ મંદ પડી ગતિ મંદ પડી અતિ કંપ વધે;
અતિ કંપ થકી કર દંડ ગ્રહ્યો ભૃકુટીપર દૈ કર જોવું બધે. ૨.

રહ્યું જોવું પ્રતિક્ષણ વેષ વિલક્ષણ લક્ષણ લાખ કુઢંગ વસે;
એમ ઢંગ કળી મૃગનેણી છબી પળિ જાય વળી જઇ દૂર હસે. ૩.
વળી નેણ ગળે, વધું વેણ પળે નહિ એમ વદાય વધેજ અશુદ્ધિ;
વૃદ્ધપણું વરવું વસમું કરવું કેમ રોજ વધે દૂર બુદ્ધિ. ૪.
ચામ ચઢી ગઈ શ્યામ અડી ગઈ કેડ વળી ગઈ બેવડ ખુંધી;
લેવડ દેવડ બંધ પડી ગઈ તેવડ તોય કરેજ વળુંધી. ૫.
દામ તણી દરકાર કરી કર વસ્ત્ર જુનાં ધરી સાંધે સહી;
લઈ બાળ હિંદોળવા દોરી કરે પરિવાર મહીં જરી જંપ નહીં. ૬.
કરે કોપણ ખાંપણ ખોડ ઘણી પણ ડહાપણની દરકાર ખરી;
કદી બોલ્યું બધું બકવાદ ઠરે પણ છોડે નહિ જકવાદ કરી. ૭.
વળી ક્રોધ કરે પણ કાંઈ વળે નહિ હોય વિષાદ હયાતિ સુધી;
જુઓ વૃદ્ધપણું વરવું વસમું કરવું કેમ રોજ વધે દૂર બુદ્ધિ. ૮.
દાદ નહીં ફરિયાદ નહીં મરિયાદ નહીં મરી જાવું રહ્યું;
મરવાનું નિમિત્ત જુવે નિત્ય અંતક તોય જીવ્યાનું ગુમાન રહ્યું. ૯.
કહો માનિ ગુમાનિ જુવાનિ ગઈ ક્યમ નીચું નમી ભૂમિ ભાળી જવાની;
ભાળી રહ્યે જરી લાધી નહિ પણ આવી જરા જમપૂર જવાની. ૧૦.
જયમપૂર જવાની ભરી સરિતા વહિ જાય મદે ભરિ સાગરમાં;
ત્યમ પૂર જવાની ગઈ ગુજરી વહી જોઇ મદે ભવસાગરમાં. ૧૧.
પિતૃ થકી પરવારિ ગઈ (તે) નિજપુત્ર વિષે પ્રતિરૂપ લહી;
મન શાન્તિ કરી સદ્પુત્ર વિષે સદ્ભાવ ધરી ચિત વૃત્તિ રહી. ૧૨.
દક્ષજનો દિનરેણ નિરંતર હીત વિચાર કરે મનમાં;
વયના વ્યય ચાર વિભાગ કરી પુરૂષારથ ચાર સજે જનમાં. ૧૩.
જન ધર્મ સજી પછી અર્થ ભજી પછી કામ નિમિત્ત ક્રિયા સમજી;
સજી ત્રણ પદારથ યોગ યથારથ ને પછિ સ્વારથ સર્વ તજી. ૧૪.
પરમારથ પર્મ પદાર્થ ગણી વનમાં વસીને વિશરામ કરે;
ઘરબાર તજી ઘરનાર ત્યજી પરિવાર ત્યજી રૂદે રામ ધરે. ૧૫.
ગણિ એમ તદા યુવરાજ કરે દેઈ પાટ હવે તો નિવૃત્ત થવું;
વનમાં જઇને વિતરાગ થઈ હરિ નામ લઈ હરિ ધામ જવું. ૧૬.

ઉપર પ્રમાણે સામાન્યપણે વૃદ્ધાવસ્થાનું નિમિત્ત દર્શાવીને પોતાના પ્રધાનો તથા પ્રજાજન સમક્ષ સભામાં વિરાજતા પોતાના પુત્ર શશિવર્મા-ની શુક્લ પક્ષના ચંદ્રનીપેઠે ભરજુવાનીમાં ચઢતા લોહીથી ખિલતા

વદનથી મદનસમ દીપતા મુખની કાન્તિ નિહાળીને સુહૃદય રાજા યુવરાજ પ્રતિ ઉપદેશનાં વાક્યો આ પ્રમાણે બોલ્યા કેઃ—પુત્ર, તેં મહાત્માઓના સમાગમમાં રહીને તથા કુળવાન માતાના હાથથી ઉછરીને ઉત્તમ કેલવણી લીધી છે, તેથી તને સર્વ શુભગુણ સંપન્ન નિવડેલો જોઇને, તને રાજપાટનો અધિકાર સોંપવા મેં મારી ઇચ્છા જણાવી છે, તોપણ રાજ્યભાર વહન કરવાને જે યોગ્યતા ધારણ કરવી જરૂરની છે તે માટે મારે તને કહેવાનું એટલુંજ છે કે સચ્છાસ્ત્ર અને સત્પુરૂષની સંગતિ રાખવી એ કલ્પ વૃક્ષ રૂપ છે. સત્સંગતિ મનુષ્યની બુદ્ધિનું જડપણું હરીલે છે, વાણીમાં સત્યતાને સિંચે છે. માન વધારે છે,સર્વ પાપોથી તે અલગ રાખે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને સઘળી દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરેછે, એટલુંજ નહીં, પણ સર્વ અર્થ એનેજ અનુસરીને રહેલા છે તથા એ સંસારસાગર તરવાને નાવરૂપ થાય છે. જો સચ્છાસ્ત્ર અને સતસંગતિનો કેટલો બધો પ્રભાવ! આવી સોબતમાં વસનારા પુરૂષો સર્વ શુભગુણ સંપન્ન અને ઐક્યભાવ સંપાદન કરવાને શક્તિમાન કેમ ન થાય? થાયજ.

વળી પુત્ર તું બુદ્ધિમાન એવા વૃદ્ધ પુરૂષોનાં નીતિમાન વાક્યોનો સાદર પૂર્વક સ્વીકાર કરજે અને હમેશા તેઓનું માન રાખજે, તથા તેમની સોબતમાં વસજે. કેમકે જેમ શીતળ જળવાળા સરોવરને કિનારે ઉગેલા વૃક્ષોની છાયા પણ શીતળજ હોય છે તેમ વૃદ્ધોની સોબત હમેશા શાન્તિ આપનારીજ હોય છે. વળી મોહમયી સંપત્તિ રૂપ કામનીને ગ્રહણ કરનારા તથા કરાવનારા અધર્મરૂપચાલ ચાલનારા ખળ ધૂર્ત અને ચુગલખોરો તેમજ લાંચ અપાવનારા દુષ્ટ પુરૂષોથી હમેશાં અળગા રહેવાનું તું યોગ્ય સમજજે. કેમકે તેઓ મનુષ્યને સ્વધર્મથી ભ્રષ્ટ કરે છે. એવા પુરૂષોની સોબતથી નીતિ તથા ન્યાય પરાયણતા પર પાણી ફરે છે. ભાઇઓમાંથી બંધુ ભાવ જતો રહે છે. તેઓ પ્રજાપરનો પ્રેમ તજાવેછે. તે અસન્માર્ગે પ્રવર્તાવે છે તથા અનીતિનોજ બોધ કર્યા કરે છે. એવા લુચ્ચા, લબાડ, કપટી, ચાડીયા, નિંદાખોર, દુર્વ્યસની, દગાખોર, ખુશામતીયા, પાપી, અને આપમતલબીયા તેઓના હૃદયમાં દેશની દાઝ નથી. રાજ્ય ભક્તિનો ભાવ નથી, કૃતજ્ઞતાનો લેશ પણ ગુણ નથી. તેઓ હમેશાં નકામી વાતોના ગપાટામાં લાડી વાડી ને ગાડીની લતે લગાડી અવળે માર્ગે દોરવનારા છે. એવા માણસોની વાતોથી દોરવાઇને ઘણા રાજાઓ પ્રજાને પીડનારા નિવડ્યા છે. અવિદ્વાન, બહુબોલા, તોછડા, અનમ્ર, અવિવેકી, લાંચીયા

તથા હલકા પેટના સહાયકોનો બોધ ગ્રહણ કરીને જે રાજાઓ મંત્ર વિધાનમાં જોડાયા છે તેનું પરિણામ ઘણું માઠું આવેલું છે. આવા રાજાઓ પ્રજાની નજરમાં ઘણા હલકા દેખાયા છે, દુષ્ટ પંક્તિમાં ગણાયા છે, તથા પક્ષપાતી લેખાયા છે. માટે પુત્ર તારે તો પૂર્વે થયેલા ધર્માત્મા રાજાઓનાં ચરિત્રો વાંચીને તથા સાંભળીને તેમના વર્તનનું અનુકરણ કરવું. સત્ય વચન બોલનાર ગમે તો બાળક હોય તોપણ તે તારે માન્ય કરવું, અને અસત્ય વચન ગમે તો બ્રહ્મદેવ જેટલી ઉમરના વૃદ્ધ પુરૂષનું હોય તોપણ તે અમાન્યજ ગણવું. પુત્ર તું સદ્ગુણ સંપન્ન છે અને તેથી સઘળી પ્રજા તારા સદ્ગુણને લીધે તારા ઉપર બહુ પ્રેમ રાખે એ સ્વાભાવિક છે. હું તને આવતી કાલે યુવરાજની પદવી આપનાર છું. પુત્ર, તું સ્વાભાવિકપણે ગુણવાન હોવાથી તને કંઇ શિખામણ દેવાની કે ભલામણ કરવાની જરૂર રહી નથી. તોપણ સ્નેહની ખાતર અને વાત્સલ્ય મમતાની ફરજે ઉપરનાં વાક્યો મેં કહ્યાં છે, અને હજુ જે કહું છું તે પણ પિતૃધર્મના સ્નેહની ખાતરજ બોલાય છે. પુત્ર, તું જેટલી નીતિ રાખે છે તેથી પણ વધારે નીતિ રાખીને સર્વદા જીતેંદ્રિય રહેજે. જુગાર, સ્ત્રીઓનો પ્રસંગ, મૃગયાસક્ત થવું, મદ્યપાન, તથા ધર્મની ખરાબી કરવાની ટેવ, એ આદિ દુર્ગુણ ભરેલી સર્વે ટેવો સર્વથા તું છોડી દેજે. સઘળી પ્રજાને રાજી રાખજે. કેમકે જે રાજાને પ્રજા ઉપર પ્રીતિ હોય તથા પ્રજાની જે રાજા ઉપર પ્રીતિ હોય તે રાજા નિર્વિઘ્ને લાંબી મુદત સૂધી રાજ્ય ભોગવી શકે છે. જેવો રાજા હોય છે તેવી પ્રજા નિવડે છે. કેમકે પ્રજાનો ઘણો આધાર રાજા ઉપર રહેલો હોય છે. જો રાજા નીતિમાન હોય તો પ્રજા એની મેળેજ નીતિમાન થઇ જાય છે. અનીતિમાન રાજાને નિરંતર ભય ઉપજતોજ રહે છે તેના શત્રુઓ વધે છે અને બળનો ક્ષય થાય છે. જે રાજા નીતિને છોડી અનીતિને માર્ગે પ્રવર્તે છે તે પરિણામે દુઃખી થાયછે. અને તેવા સ્વચ્છંદી રાજાની સેવા કરવી એ અસિધારને પોતાની જીભે ચાટવા જેવું છે એવું તેના સુજ્ઞ કાર્યભારી આદિ સેવકો માને છે. એવા રાજાની સેવામાં ડાહ્યા પુરૂષો કદી રહી શકતા નથી. રાજાનું અસત્ આચરણ જોઇને તેઓ ચાલ્યા જાય છે, પરંતુ જો નીતિમાન રાજા હોય તો તેની સેવા તેઓથી સુખે કરી શકાય છે. જે રાજા નીતિવડે ચાલતો હોય અને બળવાન હોય તેને લક્ષ્મી ચારે તરફથી આવી મળે છે. જે રીતથી

સઘળો દેશ પ્રેરણા કર્યા વિના પણ રાજાનું હિત કરનાર થાય તેવી નીતિ રાજાએ પોતાના હિત સારૂ ધારણ કરવી જોઇએ. રાજાને સર્વ સિદ્ધિઓ પ્રજા રંજન કરવામાંજ રહી છે. વિદ્વાનનો એવો મતછે કે પૃથ્વી છે તે કામદુધા ગાય છે, માટે તેની પાસેથી જો રાજાએ મનવાંચ્છિત દૂધ મેળવવું હોય તો પ્રજા રૂપ વાછરડાંને તૃપ્ત કરવાં જોઇએ. રાજાએ પ્રજાના દુઃખથી દુઃખ પામવું, પ્રજાના સુખથી સુખ પામવું, અને નિરંતર પ્રજાનુંજ પ્રિય થાય તેવા વિચારથી યોજના કરતા રહેવું જોઇએ. એજ રાજાઓનું કૃતવ્ય છે.

આ પ્રમાણે પોતાનો વિચાર જણાવીને સુહૃદય રાજાએ પોતાના મંત્રિયોને રાજપુત્ર શશિવર્માને રાજ્યાભિષેક કરવા સંબંધી સર્વ સામગ્રી તૈયાર કરવાને આજ્ઞા આપી. અહીં શશિવર્માને સુહૃદય રાજાએ જે શિખામણ આપી તે સાંભળીને પિતાને પ્રણામ કરી વિનય પૂર્વક તેણે ઉત્તર આપ્યો કેઃ—પિતાજી, હું આપની આજ્ઞા કદી ઉલ્લંઘીશ નહિ, સદા આપની આજ્ઞા પ્રમાણે વર્તવાને તત્પર રહીશ. આપે મારા હિતાર્થે જે શિખામણ આપી છે તે હું અમૂલ્ય ગણું છું. પછી પિતાજીની આજ્ઞા લઇને શશિવર્મા મહેલમાં આવ્યો. માતા મનોહરમુક્તમાળા રેશમી વસ્ત્રો પહેરી મૌન ધરી પુત્રનું કાર્ય નિર્વિઘ્ન થવા માટે દેવ મંદિરમાં પૂજન કરતાં હતાં શાન્તિપ્રભા તથા સરિતસુલભા એ બંને માતાની પાસે બેઠાં હતાં. ત્યાં શશિવર્માએ આવી માતાને પ્રણામ કરીને અભિષેક વિષે વાત કરી. તે સાંભળી માતા બોલ્યાં કેઃ—પુત્ર, એ વાતની મને તારા અહીં આવતા પહેલાં વધામણી મળી ચૂકી છે. પુત્ર, ધન્ય ઘડી ધન્ય દિવસ, તારૂં કાર્ય નિર્વિઘ્ને સિદ્ધ થાઓ, એવો મારો શુભ આશિર્વાદ છે. આ પ્રમાણે માતા અને પુત્ર બંનેની વાતચિત થઇ. ત્યાર પછી રાત્રિએ ભોજન કરીને તે સુતાં અને રાજપુત્ર શશિવર્મા પણ પોતાની બંને પટરાણીઓ સહવર્તમાન રાજ્યમહાલયમાં પોતાના આનંદભવનમાં સુવાને ગયો. ત્યાં પોતાની પટરાણીઓ સાથે પોતાને રાજ્યાભિષેક કરવા સંબંધી વાતચિત કરતાં સર્વનાં હૃદય પ્રફુલ્લીત હતાં એ અરસામાં રાજ્યમાર્ગમાં સંગીત સાથ મધુરાગથી ગીત ગાતાં ગાતાં ચાલતાં બે સુંદર આકૃતિવાન ભવ્ય દેખાવ વાળાં યોગીરૂપ ધારણ કરેલાં સ્ત્રી પુરૂષને જોયાં. જે ગીત તેઓ ગાતાં હતાં તે તત્વદર્શી બોધથી ભરેલું અને ચાનક આપનારૂં હતું. સમય પોતાનું કામ કેવી રીતે સાધે છે તેનો ખ્યાલ તેમાં સારી રીતે અપાયલો હતો. એ ગીત

અહીં રહીને સર્વેએ ધ્યાન પૂર્વક સાંભળ્યું. અહો ! આ મહાજનો કોણ હશે ! તે એમને અહીં બોલાવી તેમનો સત્કાર કરી પુછીયે. એવું વિચારી એક અનુચરને આજ્ઞા કરીકે તેઓને બોલાવી લાવો. તે જઇ જુવે છે તો તેઓ ક્યાંઇ જણાયાં નહિ. તેથી તેણે આવીને ખબર કરી કે મહારાજ તેઓતો ક્યાં ગયાં તેનો પત્તો મળ્યો નહિ. રાજપુત્ર આદિ સર્વ આશ્ચર્ય પામ્યાં અને વિચારવા લાગ્યાં કે આ કોઇ દેવતો નહિ હોય ! એમનો હેતુ શો હશે, તે જાણ્યું હોત તો ઠીક. પણ એમનું ગીત ભવિષ્ય કથન વાળું છે. દૈવાધીન સર્વે જન છે. ઇશ્વર ઇચ્છા બળવાન છે. તે ગીત આ પ્રમાણે હતું.

समय.

ગઝલ.

"જમાના જોર જાલમ્ છે ન માલમ્ શું થવાનું છે;
[1] નજુમી કોણ એવો છે બતાવે શું થવાનું છે.
નતાલિમ્ બાજ તું જેવો નહીં [2] ઉસ્તાદ્ એ જેવો;
પછી શું પૂછવું [3] અંજામનું કે શું થવાનું છે.
અદેખી આંખડી અફ્સોસ કે મેળાપ ના સાંખે;
રડાવે જો ઘડી કેરે હસાવ્યે શું થવાનું છે.
હજારો હાય નાંખે છે, હજારો મોજમાં મસગુલ્;
હજારો સોચમાં છે કે અમારૂં શું થવાનું છે.
જણાશે સાફ્ કે ઇન્સાફ્માં આલમ્ મુઝાણી છે;
ભલે વીતે જમાના લાખ તોયે શું થવાનું છે.
ફ્રરે નિત્યે નહીં સ્થિરતા ભરોંસો શો અરે એનો;
ન જાણ્યું જાનકીનાથે પ્રભાતે શું થવાનું છે."

(મ પુ)

---

૧ જોશી. ૨ માલિક. ૩ પરિણામ.

સમાપ્ત.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઇ નામ નોધી આપનાર ગ્રહસ્થોનાં નામની યાદી.

કેટલી નકલ. નામ.

અમદાવાદ.

૨ રા.રા.શંભુપ્રસાદબેહેચરદાસ લસ્કરી
૨ રા. બા. રણછોડલાલ છોટાલાલ કે. સી. એસ. આઈ.
૧ રા. રા. શેઠ. સારાભાઈ મગનભાઈ.
૧ રા રા. શેઠ. મણીભાઇ પ્રેમાભાઈ
૧ રા રા. વ્રજલાલ સાકરલાલ વકીલ
૧ રા.રા.નરભેરામરૂગનાથદાસ વકીલ.
૧ રા.રા.પ્રાણશંકર નરોતમદાસવકીલ. ખેડા જીલ્લાના આ.પબ્લીક પ્રોસીટર.
૧ રા. રા. ત્રીકમલાલ દામોદરદાસ ત્રીવેદી. હાઇકોર્ટ વકીલ.
૧ રા. રા.શીવાભાઈ મોતીભાઈ બી. એ. એલ. બી. હાઈકોર્ટ પ્લીડર.
૧ રા. રા. શામરાવપ્રભુદાસ વીવીંગ માસ્તર શાપુરમીલ.
૧ રા. રા. જેશંગભાઈ મોતીલાલ શાહબુકસેલરએન્ડકમીશનએજન્ટ.
૧ રા. રા.દામોદરચુનીલાલશાપુરમીલ

ભાવનગર.

૧ રા. રા. કનૈયાલાલ ગીરધરલાલ આ. રે. કમીશનર. ભાવનગર.

વડોદરા.

૧ રા.રા.ગોવીદલાલગીરધરલાલવકીલ.

સોજીત્રા.

૧ રા.રા.ભોગીલાલ દાળજીગાંધી. એ. વ. સ્કુલ. હેડમાસ્તર સોજીત્રા.
૧ રા.રા. રતનલાલ ભોગીલાલ આ. માસ્તર.એ.વ. સ્કુલ. સોજીત્રા.
૧ રા.રા. ભાઈલાલ બાબરભાઈ આ. માસ્તર. એ. વ. સ્કુલ. સોજીત્રા.
૧ રા.રા. સંકરભાઈ શીવાભાઈપટેલ. આ.માસ્તર. એ.વ.સ્કુલ. સોજીત્રા.
૧ રા.રા. મોતીભાઈદ્વારકાંદાસ પટેલ. આ. માસ્તર.એ.વ.સ્કુલ. સોજીત્રા.

કેટલી નકલ. નામ.

૧ રા. રા. નરશીભાઈ ઈશ્વરભાઇ.
૧ રા. રા. ખુશાલભાઇ જેશંગભાઇ પટેલ. કસરતશાળાના માસ્તર.એ વ. સ્કુલ. સોજીત્રા.
૧ રા.રા.પુરશોતમદાસલલ્લુભાઈપટેલ
૧ રા. રા. ચુનીલાલ કશીભાઇપટેલ.
૧ રા.રા. છોટાભાઈમુળજીભાઈપટેલ.
૧ રા.રા. રામભાઈ મથુરભાઈ પટેલ.
૧ રા.રા.ચતુરભાઈ મુળજીભાઈપટેલ.

મુંબઈ.

૧ રા.રા.ભુલાભાઇ પ્રાગજીભાઈ પટેલ. મેનેજરલેકીવાવિજયકાલબાદેવીરોડ

સોપારા બંદર.

૧ રા.રા. મોતીભાઇ ડાહ્યાભાઈ શાહ.

સાવલી.

૧ રા. રા. કાળીદાસ જેઠાભાઇપટેલ. આ. માસ્તર. સાવલી.

વસો.

૨ રા.રા.અમીન. મોતીલાલમથુરદાસ.
૧ રા.રા.અમીનમુળજીભાઇ રણછોડભાઇ માધવ લાયબ્રેરી વસો.
૧ રા. રા. અમીન. બાઇલાલભાઇ નરશીભાઇ.
૧ રા. રા. ઉમેદભાઇ વાઘજીભાઇ.
૧ રા. રા. મુળજીભાઇ ધનજીભાઇ.
૧ રા.રા. જેઠાલાલ શંકરલાલ ભટ.
૧ રા. રા. નારણભાઇ વાઘજીભાઇ.
૧ રા. રા. મુળચંદ સુરચંદ શાહ.
૧ રા. રા. કીલાભાઇ વલવદાસ,
૧ રા. રા. છોટાભાઇ લલ્લુભાઇ.
૧ રા. રા. ભાઇલાલભાઇ સામળભાઇ.
૧ રા. રા. મોતીભાઇ નરશીભાઇ.
૧ રા. રા. મથુરભાઇ ગીરધરભાઈ.
૧ રા. રા. વલભભાઇ વાઘજીભાઇ.

કેટલી નકલ.	નામ.
૧	રા. રા. નરશીભાઇ લાલાજી વકીલ.

સરભાણ.

૧ રા. રા. છગનલાલ રાયચંદ શાહ.

વીરસદ.

૧ રા.રા.વીણુ. ઠાકોરલાલ દુરગારામ લો.હિ.સભા.એ.વ.સ્કુલહેડમાસ્તર.

૧ રા. રા. મોતીરામભાઇશંકર ભટ

૧ રા.રા. હરીલાલ ફરસરામ મુનશી. લો. હિ. સભા. એ. વ. સ્કુલ. પરસાંયન ટીચર.

નડીઆદ.

૧ રા.રા. પુરશોતમ કાશીભાઇ દેશાઇ

૧ રા. રા.મોતીભાઇ શંકરભાઇ પટેલ

૧ રા.રા. અંબાલાલ દ્વારકાંદાસપટેલ

૧ રા.રા. નરશીભાઇ દાદાભાઇ પટેલ

જંબુસર.

૧ રા.રા.દેશાઇ. મુળશંકર નાનાભાઈ

ડાકોર.

૧ રા. રા. માણેકલાલ છગનલાલ.

ધર્મજ.

૧ રા. રા. કીશોરભાઇ તળશીભાઇ.

૧ રા. રા. છોટાભાઇ લલ્લુભાઇ.

૧ રા. રા. અંબઈદાસ કાળીદાસ.

કરમસદ.

૧ રા. રા. ઉમેદભાઇ લખાભાઇ.

૧ રા. રા. છોટાભાઇ ચતુરભાઈ.

૧ રા. રા. ઇશ્વરભાઈ મોતીભાઇ.

૧ રા. રા. નાથાભાઈ બાબરભાઈ.

૧ રા. રા. જીવાભાઈ રેવાભાઇ.

કેટલી નકલ.	નામ.
૧	રા. રા. ચતુરભાઇ કીશાભાઇ.

દેવા.

૧ રા.રા. ડાહ્યાભાઇ વલવભાઇપટેલ. દેવા નિશાળના મહેતાજી.

૧ રા.રા. ઠક્કર. ડાહ્યાલાલવસ્તાલાલ.

પાટણ.

૧ રા. રા. છોટાભાઈ ભાઇલાલભાઇ અમીન. કલાભવન સુપ્રીટેન્ડેટ. પાટણ.

દ્વારકા.

૧ રા. રા. ગોવીંદજી જેશંકર શ્રી પ્રદ્યુમનજીના અધીકારી જામપરા

તારાપુર.

૧ રા. રા. ચુનીલાલ સામળભાઇ અમીન.

દશરથ.

૧ રા. રા. મોતીલાલ જેઠાલાલ. ગુ. સ્કુલ. ચો. આ. માસ્તર.

પેટલાદ.

૧ રા. રા. છોટાલાલ બાપુજી શાહ.

૧ રા. રા, પરભુલાલ સખીદાસ. વકીલ.

૧ રા. રા. રતનલાલ અચરતલાલ વકીલ.

પાદરા.

૧ રા. રા. દુલ્લવદાસ ભીમભાઇનો.કા.

ઇટોલા.

૧ રા. રા. મકનદાસ મથુરભાઇ.

ગીતિ.*

નામ તેજ હરિ ભજિને, અમર કર્યું વા સુગ્રંથમાં શોભ્યું;
કે સુણિ અરિ ઉર કંપ્યું, કે સુણિ અરથી જનોનું મન લોભ્યું. ૧